Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Chaudhary, Harendrakumar V., 2012, “ડો. કેશુભાઈ દેસાઈનું કથાસાહિત્ય : એક સમીક્ષાત્મક અભ્યાસ”, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/847

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત થયેલ

# શોધ મહાનિબંધ

✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧ ✧

# રમણલાલ જોશીનું : વિવેચનકાર્ય

THE CRITICAL OUTPUT OF RAMANLAL JOSHI

✧ ✧ ✧ ✧ ✧ ✧

✦ પ્રસ્તુતકર્તા ✦

**નયના વાડદોરિયા**

(એમ.એ. બી.એડ્.)

**રજિસ્ટ્રેશન નં. ૪૦૩૫**

✧ ✧ ✧ ✧ ✧

✦ માર્ગદર્શક ✦

**ડૉ. મનોજ જોશી**

પ્રોફેસર

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ - ૩૬૦ ૦૦૫

**ડિસેમ્બર, ૨૦૧૧**

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે **શ્રી નયના વાડદોરિયા**એ મારા માર્ગદર્શન અને સલાહસૂચન પ્રમાણે પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરેલ મહાનિબંધ **'રમણલાલ જોશીનું વિવેચનકાર્ય'** તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. તેમણે પ્રસ્તુત કરેલ આ મહાનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

સ્થળ : રાજકોટ
તારીખ :

**(ડૉ. મનોજ જોશી)**
માર્ગદર્શક
પ્રૉફેસર,
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ-૩૬૦૦૦૫.



# રમણલાલ જોશી

જન્મ : ૨૨-૦૫-૧૯૨૬ અવસાન : ૧૦-૦૯-૨૦૦૬

# આભારદર્શન

કૉલેજ કાળથી જ સંશોધન કરવાનો ખૂબ શોખ પરંતુ વિશાળ ફલક પર સંશોધન કરવાનો યોગ થયેલો નહીં. પીએચ.ડી.ની ડીગ્રી માટે 'રમણલાલ જોશીનું વિવેચનકાર્ય' વિશે મહાનિબંધ રજૂ કરું છું. સંશોધન કરવાનો મારો પ્રથમ અનુભવ અદ્‌ભુત રહ્યો. કૂવામાંના દેડકાને જાણે મહાસાગર ખેડવા મળ્યો. આ મહાનિબંધ માટે જે સાહિત્યનો વિશાળ સ્રોત, સર્જકોના અદ્‌ભુત કલા-સૌંદર્ય અને વિષયક્ષેત્રે જે વિવિધતાનો અનુભવ થયો તે મારા જીવનનો એક અનોખો અનુભવ રહ્યો. રમણલાલ જોશીની પારદર્શિ વિવેચન શૈલી, સંશોધન ક્ષેત્રની ઊંડી સૂઝ, સંપાદન ક્ષેત્રે રહેલી વિશાળતા અને પત્રકારત્વ ક્ષેત્રે જીવન પર્યંતના નિરંતર સફળ પ્રયત્નોએ મને સાહિત્ય પ્રત્યે જાગૃત કરી. તેમજ તેમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યું છે. એક નિડર અને સાચા વિવેચકના સાહિત્યએ જીવનમૂલ્યોની સાથે સાહિત્યનું યોગ્ય જ્ઞાન આપ્યું છે. રમણલાલ જોશીના વિવેચન-કાર્ય ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી.ની ડીગ્રી માટે સંશોધન કાર્ય શરૂ કરેલ, જે આજે સાકાર થયું છે, તેનો મને આનંદ છે.

મારા આ સંશોધનકાર્યમાં વિષય પસંદગીથી આરંભી આ નિબંધ રજૂ કરું છું. ત્યાં સુધી મને સતત દોરવણી અને પ્રેરણા આપનાર મારા માર્ગદર્શક ડૉ. મનોજ જોશી પ્રત્યે ઊંડી આભારની લાગણી અનુભવું છું. સાહિત્યને જેણે જીવનમાં પચાવ્યું છે. એવું નિખાલસ વ્યક્તિત્વ ધરાવનાર ડૉ. મનોજભાઈ જોશીએ સમગ્ર કાર્ય દરમ્યાન જે વિદ્વાતાપૂર્ણ માર્ગદર્શન આપ્યું છે. તેમાં કયાંય ઔપચારિકતા કે આડંબરનો અંશ માત્ર દેખાયો નથી. આવાં વિદ્વાન માર્ગદર્શક મને પ્રાપ્ત થયા તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રંથપાલ નિલેશભાઈ સોની કે જેઓએ અધ્યયન સામગ્રી

અંગે માર્ગદર્શન અને અધ્યયન સામગ્રી માટે સહાય કરી છે તેમનો પણ હું આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું.

રમણલાલ જોશીના સુપુત્ર ડૉ. ગંધર્વ જોશીએ વ્યક્તિગત રીતે અધ્યયન સામગ્રી અને રમણલાલ જોશીના વ્યક્તિગત તેમજ સાહિત્યિક જીવન વિશેની માહિતી પૂરી પાડવા બદલ તેમનો પણ હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. રમણલાલ જોશીના પુત્રવધૂ અને મારા પરમ-સહૃદયી મિત્ર ડૉ. મનીષા જોશીએ રમણલાલ જોશીના જીવન અને કવન વિશે તેમજ તેમના પરમમિત્ર સુન્દરમ્ અને ઉમાશંકર જોશીના સાહિત્યિક ખ્યાલો અને સંદર્ભો દ્વારા મારા સંશોધન નિબંધમાં જે સહાય કરી છે તે અવિસ્મરણીય છે, તેમના માટે પણ હું હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

મારા આ વિદ્યાકાર્યમાં કોઈને કોઈ રૂપે મદદરૂપ થનાર સૌ કુટુંબીજનો પ્રત્યે પણ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવાની તક લઉં છું.

**— નયના વાડદોરિયા**

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૦ | પ્રસ્તાવના | |
| પ્રકરણ-૧ | રમણલાલ જોશી : વ્યક્તિત્વ અને વાઙ્મય | ૧-૧૮ |
| પ્રકરણ-૨ | રમણલાલ જોશીનું વિવેચનકાર્ય | ૧૯-૧૧૪ |
| પ્રકરણ-૩ | રમણલાલ જોશીનું સંશોધનકાર્ય | ૧૧૫-૧૫૫ |
| પ્રકરણ-૪ | રમણલાલ જોશીનું સંપાદનકાર્ય | ૧૫૬-૧૮૯ |
| પ્રકરણ-૫ | રમણલાલ જોશીનું સાહિત્યિક પત્રકારત્વ | ૧૯૦-૨૫૦ |
| પ્રકરણ-૬ | રમણલાલ જોશીની વિવેચક, સંશોધક, સંપાદક અને સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રની વિશેષતાઓ અને મર્યાદાઓ | ૨૫૧-૨૮૮ |
| પ્રકરણ-૭ | ઉપસંહાર | ૨૮૯-૩૧૨ |
| ૦ | સંદર્ભસાહિત્ય સૂચિ | ૩૧૩-૩૨૦ |

## : પ્રસ્તાવના :

'રમણલાલ જોશીનું વિવેચનકાર્ય' મહાનિબંધને કુલ સાત પ્રકરણોમાં વિસ્તારપૂર્વક વિવેચનાત્મક અભિગમથી વિભાજિત કરવામાં આવ્યો છે. અહીં અર્વાચીન ગુજરાતી સાહિત્યના સીમાચિહ્નરૂપ સમર્થ વિવેચક, સંપાદક, સંશોધક, તંત્રી અને અધ્યાપક રમણલાલ જોશીની સાહિત્ય યાત્રાના વિશ્લેષણ દ્વારા એક વિચક્ષણ, સમભાવશી અને કૃતિનિષ્ઠ વિવેચકની કૃતિઓને અવલોકવાનો પ્રયાસ હાથ ધરાયો છે. પ્રશિષ્ટ રુચિના વિવેચક રમણલાલ જોશીના વૈવિધ્યપૂર્ણ અને વિશાળ સાહિત્યનો પરિચય મેળવવા તેમના જીવન અને કવન વિશે ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરીને તેમના અનેકવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રતિબિંબિત વિદ્વતાયુક્ત વિવેચનનો અહીં વિશેષ પરિચય કરવામાં આવ્યો છે. પાશ્ચાત્ય કાવ્યસિદ્ધાંતોની ઊંડી સમજ ધરાવતા રમણલાલ જોશીની પાંચ દાયકાની સ્મરણીય અને રમણીય વિવેચન યાત્રાની આલોચના કરવાનો પ્રયત્ન આ મહાનિબંધમાં છે. જેમણે મૃત્યુપર્યંત સાહિત્યને સથવારે પોતાનું જીવન ગાળ્યું છે. જેમણે પુસ્તકોની મૈત્રી જીવનભર સેવી છે, એવા રમણલાલ જોશીના વિવેચનમાં હંમેશા પારદર્શીપણું દેખાયું છે. તેઓ કોઈપણ સાહિત્ય સ્વરૂપો પર વિવેચન કરતાં હોય, તેમનું સંશોધનકાર્ય હોય, સંપાદનક્ષેત્રનું તેમનું યોગદાન હોય કે પછી તંત્રી તરીકે તેમની કલમે કશું નૂતન સર્જ્યું હોય તેમનું વિવેચક તરીકેનું કર્તવ્ય તેમણે સર્જક-સર્જનને સંભાળીને કર્યું છે. તેથી રમણલાલ જોશીને એક વિવેચક તરીકે સમજવા માટે તેમના સાહિત્ય ખેડાણના તમામ ક્ષેત્રોને સમજવા પણ એટલા જ જરૂરી છે અને તેથી જ અહીં રમણલાલ જોશીના જીવન અને તેના સાહિત્યિક યોગદાનને અવલોકવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

'રમણલાલ જોશી : વ્યક્તિત્વ અને વાઙ્મય'માં તેમના જીવનનો વિસ્તૃત પરિચય આપવામાં આવેલ છે. સાહિત્યકાર તરીકે રમણલાલ જોશીને સમજવા માટે વિવેચક

તરીકેનું અનોખું વ્યક્તિત્વ ધરાવનાર રમણલાલ જોશીના વ્યક્તિત્વ અને વાઙ્મયનો સર્વગ્રાહી ખ્યાલ મેળવવો આવશ્યક છે. સર્જક કે વિવેચકની કલમે લખાયેલા પ્રત્યેક શબ્દ પાછળ તેમનું વ્યક્તિત્વ રહેલું હોય છે. તેઓ પોતાના વિશાળ વાંચન, મનન અને જીવનના ઊંડા અવગાહનને કારણે જ્ઞાનસમૃદ્ધ હતા. તેમજ તેમનો પ્રિય વિષય ગુજરાતી હોવાના નાતે પણ તેઓ સાહિત્યસાથેની મૈત્રી જીવનના અંત સુધી સાચવી શકયા તેમજ સાહિત્ય ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપી શકયા.

વિવેચન ક્ષેત્રે વિશાળ પાયા પર કાર્ય કરનાર રમણલાલ જોશીને વિવેચનક્ષેત્રે મળેલી પ્રેરણા, પ્રોત્સાહન અને તેમની વિવેચન કૃતિઓ વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવેલ છે. અભ્યાસકાળ અને અભ્યાસ બાદ જેમણે જીવનનો મોટાભાગનો સમય સાહિત્યની સાધના કરી છે. 'યાત્રાની કવિતા' થી વિવેચન ક્ષેત્રે પગરવ માંડનાર રમણલાલ જોશીએ વિવેચનક્ષેત્રને જાણે પોતાના જીવનનો મહત્ત્વનો ભાગ બનાવી દીધેલ છે. છતાંય આ વિવેચકમાં દરેક કૃતિના વિવેચન વખતે કયાંય સર્જનની હાનિ કે અવગણના થતી જોવા મળતી નથી. વિવેચનક્ષેત્રે અનેકવિધ વિષયો અને નવલકથા, નાટક, કવિતા, વાર્તા, લેખો જેવા બહુવિધ સાહિત્ય સ્વરૂપો પર કામ કરનાર રમણલાલ જોશીના વિવેચન લેખોમાં પ્રસિદ્ધ સર્જકથી માંડીને સાહિત્ય જગતમાં પગરવ માંડતા નવા સર્જકોને પણ પોતાના વિવેચનક્ષેત્રે પ્રેરિત અને પ્રોત્સાહિત કર્યા છે. પુસ્તકો સાથેનો રમણલાલ જોશીનો ઘરોબો તેમના વિવેચનલેખોમાં આવતા સંદર્ભ સાહિત્ય દ્વારા પ્રતિપાદિત થાય છે. સર્જન ક્ષેત્રે ખૂબ ઓછું કામ કરતી વખતે 'સર્જક' અને 'કળા'ની ખૂબ માવજત કરી છે. સર્જાતા સાહિત્યના સંસર્ગમાં રહીને નિર્ભિક રીતે પોતાનો અભિપ્રાય પ્રગટ કરનાર વિવેચક રમણલાલ જોશીએ વિવેચન ગ્રંથમાં સાહિત્ય મીમાંસાને પુરસ્કારીને જે વિવચેન લેખો આપ્યાં છે. તે સાહિત્ય જગત માટે પ્રેરણારૂપ છે. તેમના પ્રત્યેક વિવેચનગ્રંથ કે વિવેચન

લેખોમાં વસ્તુથી માંડીને વ્યાકરણ સુધીના પ્રત્યેક પાસાઓને લઇને તેમનું ગુણદર્શન કે દોષદર્શન કરવામાં આવેલ છે. જેનો ઉદાહરણ સહિત પરિચય અહીં મળી જાય છે.

'રમણલાલ જોશીનું સંશોધનકાર્ય' માં તેઓએ ૧૯૬૩ માં ઉમાશંકર જોશી જેવા વિદ્વાન માર્ગદર્શક નીચે કરાયેલા પીએચ.ડી.નાં નિબંધને અવલોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રમણલાલ જોશીએ ગુજરાતી ભાષાના શિરમોર સમાન 'સરસ્વતી ચંદ્ર' ગ્રંથનું વિવેચન કર્યું છે. તે ગુજરાતી સાહિત્યના સંશોધનનો અમૂલ્ય વારસો બની રહ્યું છે. ખૂબ ઝીણવટભર્યો અભ્યાસ, વિશ્લેષણ, કુશળ દષ્ટિકોણ અને યોગ્ય શબ્દોના સથવારે રમણલાલ જોશીએ કરેલા સંશોધનકાર્યએ એક ઉત્તમ વિવેચકનો સાહિત્યજગતને પરિચય કરાવ્યો છે.

રમણલાલ જોશીની સુદીર્ઘ અધ્યયન પ્રવૃત્તિ સ્વસ્થ-સમતોલ પરિશીલન દષ્ટિ, સર્જકોની મૈત્રી, પુસ્તકો પ્રત્યેનો પ્રેમ અને અભ્યાસપત્રો, પ્રસ્તુત કરવાની સજ્જતા આ બધા પરિબળોએ રમણલાલ જોશીની સંપાદનકળાને લોકભોગ્ય બનવી છે. તેઓએ મધ્યકાલીન પંડિતયુગીન અને આધુનિક સાહિત્ય કૃતિઓનું સંપાદન-સંશોધન વિશાળ પાયા પર કર્યું છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'નું રમણલાલ જોશીનું સાત્યિ જગતને ખૂબ મહત્ત્વનું યોગદાન છે. સંપાદનગ્રંથોમાં રમણલાલ જોશીએ જે ધૈર્ય, ખંત અને સ્વસ્થતા અને ગહનતા દાખવી છે તેમાં તેમનું વિદ્વાન વિવેચક તરીકેનું પ્રતિબિંબ સ્પષ્ટ થાય છે.

સાહિત્ય મીમાંસા-સાહિત્ય વિવેચનને વધુ લોકભોગ્ય બનાવવા કટાર લેખનના કસબ થકી રમલાલ જોશીએ આપેલા સાહિત્યિક પત્રકારત્વ અંગે કરેલું યોગદાન નોંધનીય છે. તેઓએ પોતાની કટારમાં દેશ અને દુનિયાના સમસામાયિક સાહિત્ય પ્રવાહોને મૂલવ્યા છે. સાથે કૃતિલક્ષી આસ્વાદ અને અર્થગાંભીર્ય સાથેની વિવેચના પણ કરી. રમણલાલ જોશીના માનસસંતાન સમુ સાહિત્ય અંતે જીવનવિચારનું સામાયિક 'ઉદ્દેશ' તેમના સાહિત્યિક જીવનનું સૌથી મહત્ત્વનું યોગદાન રહ્યું છે. સાહિત્યિક સ્વરૂપોની વિવિધતા, સર્જકોની

વિશાળતાના અને સાહિત્યના વિદ્વત્તાયુક્ત 'ઉદ્દેશે' તેઓને સ્પર્ધાત્મક સમયમાં પણ ખૂબ પ્રસિદ્ધિ અપાવી છે. આમ, રમણલાલ જોશીએ જીવનપર્યંત જે સાહિત્યયાત્રાનું ખેડાણ કર્યું છે. તેમાં તેઓ સૌથી વિશેષ તટસ્થ વિવેચક તરીકે પ્રસિદ્ધ છે.

# પ્રકરણ-૧
# રમણલાલ જોશી : વ્યક્તિત્વ અને વાઙ્મય

**'પ્રભો પ્રાર્થું પ્રેમે મુજ જીવન વેરાન સરીખું**
**ગ્રહી બંસી તારી મધુર મંજુલ ગાન સિંચજે**
**મધુરાં ગીતો એ હૃદય મુજ ગાવા તલસશે**
**મીઠા એવા નાદે જીવન વન કુંજો લચી જશે.'**

પ્રખર વિદ્વાન-વિવેચક તરીકે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં નામના મેળવેલા ગુજરાતી સાહિત્યના અધ્યાપક, સાહિત્યિક કટારલેખક, સંશોધક, સંપાદક તરીકે જાણીતા તેમજ કુટુંબ વત્સલ અને કૃષ્ણપ્રેમના રંગે રંગાયેલા કવિ હૃદયમાંથી કયારેક 'પ્રાર્થના' કાવ્ય જેવું હૃદયંગમ કાવ્ય ટપકી પડ્યું છે અને જેમણે શબ્દની સાધના છેક જીવનપર્યંત કરી છે એવા ડૉ. રમણલાલ જોશીનો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના હિરાપુરા ગામમાં, મોસાળમાં તા.૨૨-૫-૧૯૨૬ના રોજ થયો હતો. માતાનું નામ મણિબહેન રણછોડલાલ દવે અને પિતાનું નામ જેઠાલાલ મિરાતરામ જોશી. તેઓ માતા-પિતાનું એકમાત્ર સંતાન હતા. દાદા શ્રી મિરાતરામ માહેશ્વર જોશી પણ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગર ગામમાં દેશી ભણાવવાની નિશાળ ચલાવતા હતા. તા.૮ જાન્યુઆરી ૧૯૨૭ના રોજ એમનું અવસાન થયું ત્યારે એ વખતની વિખ્યાત સમયપત્રિકા 'ભીમસેન'ના તા.૯ જાન્યુઆરી ૧૯૨૭ના અંકમાં નોંધ આવેલી કે 'મરનારની દેશી ભણાવવાની નિશાળ ઘણા સમયથી ચાલતી આવે છે. આ શાળામાં જે જે છોકરાઓ ભણી હોંશિયાર, હાજર જવાબી નીવડેલા, વખણાયેલા અને દેશી નામાવટીમાં પંકાય છે તેવા ભણાવનાર હવે થોડા રહ્યા છે...'[૧] ડૉ. રમણલાલ જોશીના પિતાશ્રી જેઠાલાલ જોશી પણ સરકારી શિક્ષણ ખાતામાં નોકરી કરતા

હતા તેમજ તેમણે તા.૧-૮-૧૯૨૮થી પ્રાથમિક ચાર ધોરણ સુધીની નાનકડી ગુજરાતી શાળા સરકારમાં રજિસ્ટર્ડ કરાવી આગળ ચલાવી હતી. પિતાશ્રી જેઠાલાલ જોશી ગુજરાતી ભાષા ભણાવવામાં નિષ્ણાત ગણાતા અને આ સાહિત્યનો વારસો એમને બાળપણથી જ મળેલો.

ડૉ. રમણલાલ જોશીનો ઉછેર બહુધા મોસાળમાં એટલે કે હિરપુરા ગામમાં થયેલો. મામાશ્રી ડાહ્યાલાલ દવે વિજાપુર તાલુકાના પુંધરા ગામે શિક્ષક હતા. તેઓ ત્યાં પણ જતા આવતા રહેતા તેથી નાનપણથી ઉછેરમાં પણ એક આદર્શ અને ઉત્તમ શિક્ષક બનવાના ઘણા ગુણો તેઓ કેળવી શકયા હતા. કુટુંબના વડીલો અને વૃદ્ધો કહેતા રમણ નાનો હતો ત્યારે પોતે ન બોલતો 'જીભ આવી ને પગ ન આવ્યા' અર્થાત્ તેઓ ચાલવા કરતાં બોલવાનું પહેલાં શિખેલા. આજીવન શબ્દના ઉપાસકનું શૈશવનું આ સ્મરણ સૂચક છે. પિતાશ્રીની પ્રાથમિક શાળામાં ચાર ધોરણ અને પછી બીજી શાળામાં સાત ધોરણ સુધી અભ્યાસ કર્યા પછી આગળનો અભ્યાસ કરાવવા માટે પિતાશ્રી એમને નજીકના શહેરમાં પાટણ મોકલવા તૈયાર થયેલા. એવામાં જાણ્યું કે પિલવાઈ શહેરમાં પણ આઠમું ધોરણ શરું થનાર છે. એમનાં માસીબા જીવીબેન પિલવાઈમાં મુખ્ય શિક્ષિકા હતાં. આગળના શિક્ષણ માટે છેવટે પિલવાઈ જવાનું નકકી થયું. પિલવાઈ એ વખતે યાત્રાધામ ગણાતું, અહીં એમને મહાન શિક્ષકો અને ઉત્તમ મિત્રો મળ્યા. આમ, ખરેખર ડૉ. રમણલાલ જોશીને દૈવ સંજોગે વારસો, ઉછેર અને વાતાવરણ શિક્ષણ અને સાહિત્ય જ મળ્યું; જેનાથી તેનું સાહિત્યિક વ્યક્તિત્વ ઉત્તમ રીતે ઘડાયું. આચાર્યશ્રી છગનભાઈ કા. પટેલ અંગ્રેજી ભાષા અને વ્યાકરણના નિષ્ણાત હતા. શ્રી અરવિંદ વિશે સૌપ્રથમ એમના મુખે સાંભળેલું. બીજા શિક્ષક તે શ્રી જાદવજી પ્રાગજી સવાણી. સવાણી સાહેબ રવિવારે 'ભગવદ્‌ગીતા'નો વર્ગ રાખતા એમાં એમની અચૂક હાજરી હોય. શ્રી તુલસીભાઈ પટેલ અને શ્રી રણજીતભાઈ પટેલ 'અનામી' જેવા શિક્ષકોનો

પ્રભાવ તેમની ઉપર પડ્યો. એમાનાં એક શ્રી રણજીત પટેલ 'અનામી' નોંધે છે.

'સને ૧૯૪૪માં એમ.એ. થઈને હું 'કડી કેળવણી મંડળ સંચાલિત' પિલવાઈની શેઠ શ્રી ગિરધરલાલ ચુનીલાલ હાઈસ્કૂલમાં ઉપાચાર્ય તરીકે નિમાયો ત્યારે શ્રી રમણલાલ જોશી મૅટ્રિકમાં ભણતા હતા. મૅટ્રિક વર્ગનો હું વર્ગશિક્ષક. પિલવાઈની કન્યાશાળામાં રમણભાઈના માસીબા જીવીબહેન હેડમિસ્ટ્રેસ. રમણભાઈ માસીના ઘરે રહીને પિલવાઈમાં ભણ્યા અને ૧૯૪૫માં સારા ગુણે મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા.'[૨]

'આજે ડૉ. રમણભાઈ રહ્યા નથી ત્યારે બાસઠ સાલ પૂર્વેની તેમની હૃદયદષ્ટિ મારી નજર સમક્ષ તરવરી રહી છે. ભૂરી ચડ્ડીને ધોળા ખમીસમાં સજ્જ એ ઘઉંવર્ણા, મધ્યમ કદની ચપળ કાયા એકધ્યાને વર્ગમાં નિયમિત હાજરી આપતા હતા. ભણવામાં તેઓ ખૂબ હોંશિયાર તો હતા જ પણ અન્ય વિષયોની તુલનાએ, સંસ્કૃત ભાષા-સાહિત્ય પરત્વેનો તેમનો લગાવ પ્રથમ નજરે સ્પષ્ટ દેખાઈ આવે તેવો હતો. તેઓ સંગીતપ્રેમી હતા અને અધ્યાત્મ પ્રત્યેનો તેમનો લગાવ તે કાળથી જ દેખાઈ આવતો હતો. પિલવાઈ ગામથી એકાદ માઈલ દૂર આવેલા શિવ-મંદિરમાં તેઓ ઘણીવાર જતા ને સંગીતના નિષ્ણાત-નિષ્ઠાવાન અધ્યાપક સ્વ. જાદવજી પી. સવાણી સાહેબના એ પ્રશંસકને પ્રિય-પટ્ટશિષ્ય જેવા બની ગયેલા. સવાણીજી ગીતાના વર્ગો ચલાવતા તેમાં પણ રમણભાઈ ખૂબ રસપૂર્વક જતા. સ્વ. સવાણીને આદર્શ અધ્યાપક તરીકેનો રાજ્ય તરફથી એવોર્ડ મળેલો. જ્યારે જ્યારે લખવા કે ભાષણ કરવાનો મોકો મળે ત્યારે રમણલાલ તેમના ત્રણ અધ્યાપકોના પ્રેમનો ભક્તિભાવપૂર્વક અચૂક ઉલ્લેખ કરતા. ચારિત્ર્ય ઘડતર માટે સ્વ. તુલસીદાસ પટેલનો, સંસ્કૃત-સંગીત માટે સ્વ. શ્રી મધવજી પી. સવાણીનો અને સાહિત્યની દીક્ષા આપનાર તરીકે (રણજીતભાઈ પટેલનો) હું માનું છું કે રમણભાઈના આદર્શ તેજસ્વી વિદ્યાર્થી-જીવનનું ઘડતર પિલવાઈમાં થયું જેમાં ઉપર્યુક્ત અધ્યાપકો ઉપરાંત એમનાં વિદુષી માસીનું યોગદાન પણ મહત્ત્વનું હતું.''[૩]

રમણલાલ જોશી પિલવાઈમાં જ્યારે અભ્યાસ કરતા હતા ત્યારે અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતી અને સંસ્કૃત એ એમનાં પ્રિય વિષયો- ગણિતમાં ખાસ રસ-રુચિ નહીં. એ વખતે તેમના પરમ મિત્ર નવનીત શાહ હતા કે જે કોંગ્રેસ સેવાદળના વડા હતા. સેવાદળ સમૂહ કાંતણ, ગ્રામસફાઈ, રામ રાજ્ય જેવી પત્રિકાઓનું સંપાદન અને વહેંચણી જેવાં કાર્યો કરતા. શ્રી નવનીત શાહ અધ્યાત્મના રંગે રંગાયેલા હતા અને એમના સંગનો રંગ રમણલાલ જોશીને પણ નાનપણથી લાગ્યો. નવનીતભાઈનું તળાવમાં ડૂબી જવાથી આકસ્મિક અવસાન થયેલું. પાછળથી તેમણે નોંધ્યું છે 'તેમ નવનીતમાં સ્વામી વિવેકાનંદ થવા જેવી શક્તિઓ હતી. એક પ્રસંગ એવો પણ નોંધાયેલો છે કે માસીબાને રાત્રે વાંચવા જવાનું બ્હાનું બતાવી નવનીત સાથે તેઓ પિલવાઈની ધર્મશાળામાં જઈ, પાસેના કૂવામાંથી પાણી ખેંચી, સ્નાનશુદ્ધ થઈ તળાવકાંઠે પદ્માસન લગાવી વહેલી પરોઢ સુધી ધ્યાન-જપ આદિ કરતા.'[૪]

રમણલાલ જોશી એવું માનતા હતા કે તેમને બુદ્ધિનું તત્ત્વ માતામાંથી અને લાગણીનું તત્ત્વ પિતામાંથી મળેલું. માતા પિતાશ્રીની શાળાની સૌ વહીવટી બાબતો, શિક્ષકોના પગાર, ઘરનું અને નિશાળનું અર્થતંત્ર વગેરે ચલાવતા. આ જ સમયગાળામાં એમનું મુબારકપુર ગામે, ચંદનબેન અને ચુનીલાલ કેશવલાલ પંડ્યાનાં દીકરી ભગવતીબેન સાથે લગ્ન થયેલું. તેમણે કહ્યું છે તેમ- 'તેઓ પિલવાઈ હતા ત્યારે સંદેશો આવેલો કે કન્યા પસંદ કરી છે અને મામા (શ્રી ડાહ્યાલાલ રણછોડલાલ દવે)ના ગામ હિરાપુરામાં ચાંલ્લો રાખ્યો છે. ઊંટ ઉપર બેસીને તેઓ પિલવાઈથી હિરપુરા ગયા.'[૫]

૧૯૪૫માં મૅટ્રિક પાસ કરી ૧૯૪૬ના અરસામાં તેઓ ખેડા જિલ્લાના કરમસદ ગામની સરદાર પટેલ માધ્યમિક શાળામાં ગુજરાતી વિષયના શિક્ષક તરીકે જોડાયા. પિતાશ્રી એમને ભણાવી ગણાવી વૈદ્ય બનાવવા ઈચ્છતા હતા. પણ એમની ઈચ્છા ભાષા શિક્ષક થવાની હતી. કરમસદની આ શાળામાં શ્રી શાંતિલાલ લાલજી જોશી અને શ્રી રતિલાલ

તુલજાશંકર ભટ્ટ એમના સાથી શિક્ષકો અને એ મૈત્રી દીર્ઘકાળ રહી. કરમસદની માધ્યમિક શાળામાં એકાદ વર્ષ નોકરી કરીને તેઓ વડોદરા આવ્યા અને ત્યાં કૉલેજ શિક્ષણ મેળવ્યું. ૧૯૫૦માં ગુજરાતી મુખ્ય તથા સંસ્કૃત ગૌણ વિષય સાથે દ્વિતીય વર્ગમાં બી.એ. (યુનિવર્સિટીમાં પ્રથમ) તથા ૧૯૫૪માં એ જ વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયા અને તે બદલ તેમને એચ.ડી.કાંટાવાળા અને પ્રોફેસર એ.કે.ત્રિવેદી ચંદ્રક એનાયત થયા.

આઝાદીની ચળવળનાં લક્ષ્ય પ્રાપ્તિનાં અંતિમ વર્ષોમાં કૉલેજ શિક્ષણ માટે જ્યારે ૧૯૪૭માં એ બરોડા આવ્યા અને કૉલેજનું શિક્ષણ વડોદરા કૉલેજમાં લીધેલું. એ વખતે મહારાજ સયાજીરાવ  યુનિવર્સિટી ન હતી. મુંબઈ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વખતે જૂના વડોદરા રાજ્યના પ્રજાજનો માટે બરોડા કૉલેજ મેગેઝિનનાં ગુજરાતી વિભાગનાં સફળ તંત્રી તરીકે કાર્ય કરેલું. રેફરન્સ બુક તરીકે આ વાર્ષિકનો મહિમા હતો. પણ એ વખતે એમને લાગેલું કે વર્ગવાર પણ મેગેઝિન કાઢવું જોઈએ તેથી રમણલાલ જોશી અને તેમના કેટલાક મિત્રોએ ઈન્ટર આર્ટસમાં ‘પલ્લવ’ નામે એક મેગેઝિન કાઢેલું. આ કાર્યમાં સહાધ્યાયી મિત્રો વિજયસિંહ ચાવડા, મગનભાઈ બારોટ, નટુભાઈ બારોટ, લક્ષ્મીદાસ પટેલ વગેરેનો સક્રિય સાથ રહેતો. રમણલાલ જોશીએ ‘પલ્લવ’ મેગેઝિનમાં પ્રથમ લેખ લખેલો તે ‘સરસ્વતીચંદ્ર’ વિશે હતો. સરસ્વતીચંદ્ર મહાનવલ વાંચ્યા બાદ તેનો પ્રચંડ પ્રભાવ રમણલાલ જોશી પર પડેલો અને એમણે લખેલો લેખ જે સરસ્વતીચંદ્રની લગ્ન-ભાવના વિશે હતો, એ કદાચ એમનો ગંભીર અભ્યાસ નિબંધ લખવાનો પ્રથમ પ્રયત્ન હતો. બીજા પણ કેટલાક વિવેચનાત્મક લેખો અને કાવ્યો એ મેગેઝિનમાં પ્રગટ થયેલા.

બરોડા કૉલેજમાં અભ્યાસકાળ દરમ્યાન શ્રી કિશનસિંહ ચાવડાના સુપુત્ર શ્રી વિજય ચાવડા તેમના ખાસ મિત્ર. પ્રો. હસિત બુચ એમનાથી એક વર્ષ સિનિયર હતા અને શ્રી આઈ.જી.પટેલ બે વર્ષ સિનિયર પ્રિન્સિપાલ શ્રી પી.સી.રોમાન્સ અંગ્રેજી સાહિત્ય ભણાવતા

હતા. રમણલાલ જોશી, શ્રી પી.સી.રોમાન્સનાં પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. શ્રી ચતુરભાઈ પટેલ ગુજરાતી વિભાગના અધ્યક્ષ હતા. તેમજ પ્રો. મંજુલાલ મજમુદાર ગુજરાતીના અધ્યાપક. સાહિત્ય પ્રત્યે અનેરો પક્ષપાત ધરાવનાર રમણલાલ જોશીએ 'ગુજરાતી સાહિત્ય મંડળના સેક્રેટરી' તરીકે અન્ય મિત્રોના સંગાથે બરોડા કૉલેજમાં સાહિત્ય વિષયક પ્રવત્તિઓ શરું કરેલી જ્યારે મિત્ર વિજય ચાવડાના ઘરે કિશનસિંહ ચાવડાને મળવા ઉમાશંકર જોશી આવેલા ત્યારે ઉમાશંકરને કૉલેજમાં વાર્તાલાપ આપવા નિમંત્ર્યા અને પછી 'મધુર સ્મરણ' નામે બરોડા કૉલેજના મેગેઝિનમાં એમણે લેખ લખેલો. જવાબમાં ઉમાશંકરનો એમને પ્રથમ પપત્ર મળ્યો. જેમાં એમણે કંઈક એવું લખેલું કે 'તમારા સ્મરણ અને લાગણીના પ્રતિભાવમાં વિવેચનનો તો શું ઢોળ ચડાવું? આ મંડળના ઉપક્રમે શ્રી ઝવેરચંદ મેઘાણી, બ.ક.ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વગેરેને પણ બોલાવી લાવેલા. આ પ્રસંગે શ્રી બ.ક.ઠાકોરના વ્યાખ્યાન પછી પ્રશ્નો પૂછવા હોય તે પૂછે, એવું કહેવાતાં જ એમણે એક અળવિતરો પ્રશ્ન પૂછી નાખ્યો. આપના મતે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ ઊર્મિકવિ કોણ? ઊર્મિકવિ તરીકે ન્હાનાલાલનું નામ સહજ આવે. પણ બ.ક.ઠાકોર તો ન્હાનાલાલના સખત ટીકાકાર જવાબમાં બ.ક.ઠાકોરે પોતાની લાકડી ટેબલ ઉપર પછાડી અને અધ્યક્ષ ચતુરભાઈ પટેલ સામે જોઈ કહ્યું: તમારા વિદ્યાર્થીઓને આટલું પણ ખબર નથી? અર્વાચીન સાહિત્યમાં શ્રેષ્ઠ ઊર્મિકવિ ગોવર્ધનરામ જ છે.'[૬]

જ્યારે રમણલાલ જોશી વડોદરામાં અભ્યાસ કરતા ત્યારે ન્યૂ રેસિડન્સિ હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતા અને તેઓ હૉસ્ટેલના રેકટર તરીકે પણ ત્યારે ફરજ બજાવી ચૂકેલા ને સંચાલનમાં પ્રિન્સિપાલ પી.સી.રોમાન્સ એમની મદદ લેતા. રેસિડન્સિનાં ૧૦ નંબરનાં રૂમમાં એ રહેતા એમણે જાણેલું કે શ્રી ક.મા.મુનશી પણ આજ હૉસ્ટેલમાં રહી ભણેલા. બધા રૂમોમાં ફરી મુનશી જે રૂમમાં એ રૂમ શોધી કાઢેલો એ રૂમની દીવાલ ઉપર તીક્ષ્ણ વસ્તુથી

ક.મા.મુનશી એમ કોતરેલું. ૧૯૪૭ના ઉનાળામાં વડોદરામાં યોજાયેલા શ્રી સુન્દરમ્‌ના વાર્તાલાપમાં એ ગયેલા અને પછી તા.૨૫-૧૨-૧૯૪૮નાં રોજ લખાયેલ સુન્દરમ્‌નો એમના ઉપરનો પ્રથમ પત્ર પણ એમને આ સરનામે જ મળેલો. એમણે જે કંઈ પણ લખ્યું હશે તેના જવાબમાં સુન્દરમ્ લખેલુ: 'તમારું અલ્પ આત્મપુરાણ મને ગમ્યું સાચા સંવેદનશીલ અને સત્યાભિમુખ આત્માનો એ નૈસર્ગિક ગણાય એવો વિકાસપટ છે.' પછી તો આ આદર પરસ્પરની મૈત્રીમાં પરિણમ્યો અને તેથી જ તો ૧૯૭૯માં પ્રગટ થયેલો પ્રથમ વિવેચન સંગ્રહ શ્રી સુન્દરમ્‌ને અર્પણ કરતાં એમણે લખ્યુ: 'અંતરે વિલસે કાવ્ય જેના સૌહાર્દ સ્નેહનું.'[૭]

રમણલાલ જોશીના સાહિત્યિક લેખનકાર્યનો આરંભ પણ પ્રથમ વર્ષ બી.એ.ના અભ્યાસકાળ દરમિયાન જ થયો હતો. આ સમય દરમિયાન 'સયાજી વિજય' સામયિકમાં એમના લેખો પ્રગટ થયા. રવિવારે રમણલાલ વસંતલાલ દેસાઈને મળવા એ બહુધા જતા કાકાસાહેબ કાલેલકર એમના પ્રિય લેખક એકવાર એમનું વ્યાખ્યાન સાંભળવા ગયા અને કોઈક એમનું પાકીટ તફડાવી ગયું. 'હરિવર મુજને હરિગયો' એમ ગાતા હૉસ્ટેલના રૂમમાં પાછા તો ફર્યા પણ એ પૉકેટમાં મહિનાના ખર્ચ માટે પિતાશ્રીએ મોકલાવેલા પૈસા ગુમાવ્યાનું દુ:ખ થયું અને એ વાત તેમણે પ્રિ. એ.આર.શાહને કરી. શાહ સાહેબને ટ્યુશન અપાવવા જ્યારે વાત કરી ત્યારે તેમણે પોતાની દીકરી શર્મિષ્ટાને જ ભણાવવા કહ્યું.

વિજયસિંહ ચાવડાની સાથોસાથ આ સમયના એમના મિત્રોમાં ચન્દ્રકાન્ત દેસાઈ, મગનભાઈ બારોટ, ઈશ્વરભાઈ પટેલ, રમણભાઈ બી. પટેલ, મોહનભાઈ શ. પટેલ, સુશીલાબેન ડાંગરવાળા, અનંતા પટેલ વગેરે હતા. જાણીતા અર્થશાસ્ત્રી જિતેન્દ્ર ધોળકિયા પણ તેમના સહાધ્યાયી કૉલેજમાં અભ્યાસકાળ દરમ્યાન સાહિત્યની સાથોસાથ અધ્યાત્મના રંગે રંગાયેલા એકવાર રજાઓનાં દિવસોમાં ગાડીના પાટે પાટે ચાલતા નારેશ્વર પહોંચેલા અને રંગઅવધૂતને મળેલા અને જેમ જેમ સુન્દરમ્ સાથે પાત્ર પરિચય વધતો ચાલ્યો. એથી

શ્રી મહર્ષિ અરવિંદનાં ઘણાં પુસ્તકો વાંચવાનું પણ આ સમયમાં બનેલું અને આજ અરસામાં ગંભીરતાપૂર્વક લેખન કાર્ય એમણે આરંભ્યું. સુન્દરમ્‌નો કાવ્યસંગ્રહ 'યાત્રા' પ્રકાશિત થયેલો. સુન્દરમ્‌ના ગુજરાત પ્રવાસ દરમ્યાન એમને નિરાંતે મળવાનું થયેલું. 'યાત્રા'ની કવિતા વિશે ચર્ચા કરી અને 'યાત્રાની કવિતા' એ નામે લેખ લખ્યો. ઉમાશંકરના 'સંસ્કૃતિ'ના ૧૯૪૭માં પ્રગટ થયેલા પ્રથમ અંકથી જ એ વાચક-ચાહક-ગ્રાહક ! રમણલાલ જોશી, બી.એ.ઓનર્સ, અમરધોળ બ્રાહ્મણશેરી, વડનગર (ઉત્તર ગુજરાત) એ સરનામેથી આ લેખ એમણે 'સંસ્કૃતિ માટે મોકલાવ્યો. ઉમાશંકરનો જવાબ મળ્યો 'લેખ સરસ થયો છે. આગામી ૧૯૫૩ના અંકમાં તમારો લેખ છાપું છું. વિવેચન ક્ષેત્રે તમારે કામ કરવું જોઈએ...'[૮]

આ સમય દરમ્યાન તેઓ કવિતા, ટૂંકીવાર્તા વગેરે સાહિત્યના બીજા સ્વરૂપોમાં પણ હાથ અજમાવતા 'પલ્લવ' નામના બરોડા કૉલેજના મેગેઝિનમાં એમણે છંદોબદ્ધ કવિતાઓ લખેલી 'પ્રૌઢ' નામે એક વાર્તા પણ લખેલી જે ગોકુલદાસ રાયચુરાના 'શારદા' માસિકના વિશેષાંકમાં છપાયેલી. અમદાવાદની એલ.ડી.આર્ટસ કૉલેજમાં એ વખતે શ્રી રા.વિ.પાઠક અને શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ જેવા સન્માન્ય અધ્યાપકો. એક વખત એમણે પોતાનાં થોડાંક કાવ્યોનું પોતે કરેલ વિવરણ સાથે એમને મોકલ્યું, એ બન્નેએ જવાબમાં એમને કંઈક એવું લખ્યું કે 'કાવ્યો વાંચ્યાં, તમારું વિવેચન જોતાં પણ એમ લાગે છે કે કવિતા કરતાં તમે વિવેચનક્ષેત્રે વધારે સારું કામ કરી શકશો.'

બી.એ. થયા પછી વડનગરના નવીન સર્વ વિદ્યાલય જે 'કુબેરવાડી' તરીકે પણ ઓળખાતી તેમાં કારકિર્દી શરું કરેલી, આ સમયના તેમના એક વિદ્યાર્થી બુદ્ધિધનભાઈ ત્રિવેદી નોંધે છે-

'રમણભાઈને મેં વડનગર નવીન સર્વવિદ્યાલય જે કુબેરવાડી તરીકે ઓળખાતું તેમાં ૧૯૫૨માં ગુજરાતીના ભાષાશિક્ષક તરીકે જોયેલા અને અનુભવેલા. છેલ્લે હતું તેવું જ પણ

પાતળું શરીર, શુદ્ધ ખાદીનો લેંઘો, ઝભ્ભો, ક્યારેક ખાદીનું ભૂખરું પેન્ટ, ક્યારેક ધોતિયું પહેરી કુબેરવાડીમાં આવતા, કવિતાઓ સુંદર શીખવે આખો વર્ગ, આખી સ્કૂલ તેમને વખાણે, મુગ્ધ થઈ જાય. એમાંય સુન્દરમ્‌નું રૂડકીનું કાવ્ય, કવિ કાન્તનું 'ચકવાકમિથુન', 'દૂરથી આવતો દેખી વ્હાલા... ઊભી બાળા બની બ્હાવરી બારીએ...' આ બધા જ કાવ્યો જાણે આજે પણ રમણભાઈ સાહેબ અમારી સમક્ષ મોટા અવાજે સમસંવેદનાથી શીખવતા હોય તેમ દેખાય છે. અંગ્રેજી તેમનું ઘણું સારું તેથી તે પણ શીખવે. કૉલેજનાં કાવ્યો વર્ડ્ઝવર્થનું 'ડેફોડીલ્સ' વગેરેની સ્મૃતિ નજરમાં તરવરે છે. એમની બોલવાની છટા, હાવભાવ, વર્ગશિક્ષણ જેટલા જ યાદ આવે છે. તેઓ વડનગર ટાઉનહૉલમાં કવિસભા પણ ચલાવતા ક્યારેક પોતાનાં કાવ્યો પણ વાંચે અને અમને સૌને લખવા પ્રેરે.'[૯]

આ પછી તેમણે બી.એડ્. કરેલું પણ એ તાલીમ દરમ્યાન તેમને ખૂબજ કંટાળો આવતો ભાવનગર યુનિવર્સિટીના એક વખતના કુલપતિ શ્રી ગૌરીભાઈ પ્ર. ભટ્ટ ૧૯૫૨માં વડોદરાની બી.એડ. કૉલેજમાં તેમના સહાધ્યાયી હતા. તેઓ કહેતા કે 'સાહિત્યપ્રેમી રમણભાઈને શિક્ષણક્ષેત્રનો કર્મકાંડ પસંદ પડતો નથી. અહીં આવી ભરાઈ પડ્યા જેવું લાગે છે.'[૧૦] જેમ તેમ એ અભ્યાસ પૂરો કર્યો અને આગળ એમ.એ.નો અભ્યાસ વિદ્યાનગર જઈને એમણે ડોલરરાય માંકડ પાસે કર્યો. ત્યારબાદ શ્રી ચતુરભાઈ પટેલ કે જે બરોડા કૉલેજમાં એમના પ્રોફેસર હતા, તેમણે વલ્લભ વિદ્યાનગરની પાસે કરમસદની સરદાર પટેલ માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે પુન: નોકરી અપાવી એ વખતના એમના વિદ્યાર્થી પ્રા. અરુણ જોષી કહે છે: 'હું ભણતો ત્યારે અમારી શાળામાં ગુજરાતી વિષયના તાજા જ ભણીને એક શિક્ષક આવેલા એમનાં વર્ગમાં ધોરણ-૯ની કક્ષામાં તેમણે સુન્દરમ્ અને ઉમાશંકર વિશે ખૂબ જ સુંદર રજૂઆત કરેલી અને અમે સહુએ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધેલા એ દશ્ય આજે પણ યાદ આવે છે. લગભગ સિત્તેરની વયે પહોંચેલા એ શાળાના વિદ્યાર્થીઓ

શ્રી નટુભાઈ પટેલ, શ્રી દિનેશ પટેલ વગેરે આજે પણ એ શિક્ષક સાહેબને યાદ કરે છે. આ શિક્ષક એટલે ડૉ. રમણલાલ જે. જોશી.'[૧૧]

કરમસદથી વલ્લભવિદ્યાનગર તેઓ શ્રી ડોલરરાય માંકડ પાસે એમ.એ.નો અભ્યાસ કરવા આવતા. ૧૯૫૪માં તેઓ એમ.એ.માં ઉચ્ચ દ્વિતીય વર્ગ સાથે, યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા. અમદાવાદની સર એલ.એ.શાહ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાયા. આ વખતે તેમના અધ્યાપકશ્રી નિરંજન ભગન, ધાંતિયા ઝજભાની વેશભૂષાથી પરિધાન થયેલા એમને એ વખતે કૉલેજમાં આચાર્યશ્રી એમ.એસ.પંડિતે પેન્ટ શર્ટમાં કૉલેજમાં આવવા કહેલું, એ પ્રસંગ એમણે નોંધેલો છે. 'શ્રી ડોલરરાય માંકડ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ થયેલા અને એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં અધ્યાપક તરીકે જોડાવા નિમંત્રણ આપેલું પણ રમણલાલ જોશીએ અમદાવાદમાં ઉમાશંકરના સાનિધ્યને પસંદ કરેલું અને એમની પાસે પીએચ.ડી. કરવાની ઈચ્છા પ્રદર્શીત કરેલી.'[૧૨]

૧૯૫૪થી ૧૯૫૯ સુધી સર એલ.એ.શાહ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું પરંતુ આ અરસામાં ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ શરું થતાં અહીં તેઓ ઉમાશંકર પાસે 'રિસર્ચ ફેલો' તરીકે ઈન્ટરવ્યુ વખતે એ વખતના વાઈસ ચાન્સેલર શ્રી હરસિદ્ધરાવ દિવેટિયાએ પૂછેલું કે 'લેકચરરની નોકરી છોડી રિસર્ચ ફેલો કેમ થવું છે?' તો તેમણે જવાબ આપેલો કે 'હજુ ભણાવતા પહેલાં ભણવાંની ઈચ્છા છે, અને બને તો ઉમાશંકર પાસે ભણવું છે.'[૧૩]

૧૯૫૯થી ૧૯૬૨માં ત્રણેક વર્ષ અમદાવાદની જી.એલ.એસ. આર્ટ્સ કૉલેજમાં એમણે કાર્ય કર્યું. ૧૯૬૨માં ઉમાશંકર જોશીના માર્ગદર્શન હેઠળ એમણે 'ગોવર્ધનરામ: એક અધ્યયન' વિષયના મહાનિબંધને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી મેળવી, એમનો આ મહાનિબંધ સાહિત્ય જગતમાં સર્વત્ર વખાણાયો અને એક આદર્શ

ઉદાહરણરૂપ કહેવાયો. એજ વર્ષે તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં વ્યાખ્યાતા તરીકે નિમણૂક પામ્યા. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી વ્યાખ્યાતા રહ્યા બાદ ૧૯૬૯માં તેઓ રીડર થયા તેમજ ૧૯૬૯માં તેઓ પ્રોફેસર થયા. પછી ભાષા ભવનના અધ્યક્ષ તરીકે જુલાઈ ૧૯૮૬નાં રોજ નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી પણ બે વર્ષ સુધી ગુજરાત યુનિવર્સિટીમાં 'કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ' ડિરેક્ટર પદે તથા ૧૯૮૮માં તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી એમિરિટ્સ પ્રોફેસર તરીકે તેઓ પસંદ થયેલા. આ દરમ્યાન યુનિવર્સિટીનાં સતામંડળોમાં જુદી જુદી યુનિવર્સિટીઓના બોર્ડ ઑફ સ્ટડીઝમાં એકેડેમિક કાઉન્સિલસમાં, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર્સની પસંદ કરવાની 'સર્ચકમિટિઝ'માં એમ વિવિધ રીતે શૈક્ષણિક ક્ષેત્રોમાં કાર્યરત રહ્યા. અધ્યાપક તરીકેની સજ્જતા અને તેમના વ્યક્તિત્વની સહજતાને કારણે રમણલાલ જોશી વ્યાપક વિદ્યાર્થી વર્ગમાં ચાહના મેળવી શકયા હતા. કિશોરસિંહ સોલંકી રમણલાલ જોશીના પ્રિય વિદ્યાર્થી હતા. વિદ્યાર્થીઓને કયારેય પણ સંદર્ભગ્રંથ કે સામયિકની જરૂર પડતી ત્યારે તેઓ વિદ્યાર્થીને પ્રેમપૂર્વક ખૂબ મદદ કરતા સર્વશ્રી લાભશંકર ઠાકર, કુમારપાળ દેસાઈ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, કિશોરસિંહ સોલંકી વગેરે જેવા એમના વિદ્યાર્થી રહી ચુકેલા સાહિત્યકારો તો આજેય એમને ખૂબ આદરપૂર્વક યાદ કરે છે.

૧૯૮૪ થી ૧૯૮૮ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ તરીકે કાર્ય કરેલું તેમજ ૧૯૮૬ થી ૧૯૮૭ ના સમયગાળામાં તેઓએ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે સક્રિય યોગદાન આપેલું. સાહિત્ય અકાદમી-દિલ્હી તરફથી પ્રકાશિત 'એનસાયકલોપીડિયા ઓફ ઈન્ડિયન લિટરેચર'ના પાંચ ભાગો માટે તેમણે ગુજરાતી ભાષાના કન્વિનર તરીકે કાર્ય કર્યું. તેમના 'વિવેચન પ્રક્રિયા' નામના ગ્રંથને સાહિત્ય અકાદમીનો એવોર્ડ (૧૯૮૪), 'અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ' (૧૯૯૧) અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર (૨૦૦૧)માં મળ્યો હતો.

નિરંતર સ્વધ્યાય પ્રાણવ પ્રકૃતિને કારણે તેઓ લેખનકાર્ય સાથે હંમેશા વ્યસ્ત રહ્યા. ફળસ્વરૂપે ૪૨ જેટલા વિવેચન, સંશોધન અને સંપાદનના પુસ્તકો એમની પાસેથી મળ્યા. ગોવર્ધનરામ એમના અધ્યયનનો વિષય માત્ર પીએચ.ડી.ની પદવી પૂરતો મર્યાદિત ન રહેતા લેખનકાર્યક્ષેત્રે તે રસનો વિષય બની ચૂક્યો. તેથી એ પછી પણ ગોવર્ધનરામ ત્રિપાઠી વિષયક એમના સ્વાધ્યાય લેખો સતત પ્રકાશિત થતા રહ્યા. તેમનો મહાનિબંધ 'ગોવર્ધનરામ: એક અધ્યયન' ૧૯૬૩માં પ્રગટ થયા બાદ ૧૯૭૮માં તેની સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ. ૧૯૭૯માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ આ ગ્રંથને અંગ્રેજીમાં 'ગોવર્ધનરામ' શીર્ષકથી પ્રગટ કર્યો. ૧૯૮૬માં તેમણે 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ' પ્રકટ કર્યું. ૧૯૮૬માં તેમણે 'ગોવર્ધન પ્રતિભા' ગ્રંથનું સંપાદન પ્રગટ કર્યું. તદ્ઉપરાંત કોઈને કોઈ વિવેચન લેખન-સંગ્રહમાં 'સરસ્વતીચંદ્ર' અને ગોવર્ધનરામ વિશેના એમના લેખો દૃષ્ટિગોચર થતા રહ્યા છે. એ એમની ગોવર્ધનરામ સાહિત્ય-પ્રીતિનું ઉજળું ઉદાહરણ છે.

શિક્ષણ અને સાહિત્યનું રૂધિર જેની નસોમાં સતત વહેતું રહેલું છે એવા પ્રસન્ન અને પારદર્શી રમણલાલ જોશી એક સ્પષ્ટ વિવેચકના ઉત્તમ ગુણો ધરાવનારા હતા. વિદ્યાર્થીઓને ભણાવતી વખતે પણ કશી જ આડીઅવળી વાતો કર્યા વિના તેઓ સીધા જ વિષય પર આવતા અને તેમનો બુલંદ અવાજ વર્ગના જ નહી પરંતુ વર્ગ બહારના વિદ્યાર્થીઓને પણ આકર્ષણ જન્માવનારો તેમજ વિષય સાથે જકડી રાખનારો હતો. કોઈપણ વિષયની વિશદ્ સ્પષ્ટ સરળ સમજ તેઓ સહજપણે આપતા.

સર્જનાત્મક સાહિત્યના સતત સમ્પર્કમાં રહેનારા અને એમની સમીક્ષા કરનારા ગણ્યા ગાંઠ્યા વિવેચકોમાં રમણલાલ જોશીનું નામ અગ્રેસર રહેશે. સર્જાતું સાહિત્ય બધું જ ગુણવત્તાવાળું ન પણ હોય પરંતુ એમાંથી પસાર થવું, એમાં નજર નાખવી અને જે કંઈ થોડું ઉત્તમ જણાય એને શોધી કાઢવાનું-પારખવાનું કાર્ય સતત કરતા રહેલા ડૉ. રમણલાલ જોશીનું

એ પ્રદાન ગુજરાતી વિવેચન અવલોકનના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન માન પામ્યું છે. તેઓ પ્રથમ વિવેચક હતા. કહો કે પૂર્ણ સમયના વિવેચક-એમનું આ કાર્ય તેમના મોટાભાગના વિવેચનસંગ્રહોમાં દષ્ટિગોચર થાય છે. 'અભીપ્સા' (૧૯૬૮-૧૯૭૮), 'પરિમાણ' (૧૯૬૯), 'શબ્દસેતુ' (૧૯૭૦), 'ભારતીય નવલકથા' ભાગ-૧ (૧૯૭૪), 'સમાન્તર' (૧૯૭૬) 'વિનિયોગ' (૧૯૭૭), 'ગુજરાતી સાહિત્ય સભાની કાર્યવાહી ૧૯૬૩' (૧૯૭૭) 'વિવેચનની પ્રક્રિયા' (૧૯૮૧), 'નિષ્પત્તિ' (૧૯૮૮), 'પરિવેશ' (૧૯૮૮), 'વિવેચનની આબોહવા' (૧૯૮૯), 'નિરૂપણ' (૧૯૯૯), 'ગ્રંથનો પંથ' (૧૯૯૯), 'ગ્રંથની કેડીએ' (૨૦૦૩) વગેરે એમના વિવેચનસંગ્રહો છે. તેમનો અભિગમ મહદઅંશે સર્વાશ્લેષી હોવાથી તેમનું વિવેચન એકાંગી કે આત્યંતિક બનાવમાંથી ઊગરી ગયું છે. તીવ્ર ગમા-અણગમામાંથી મુક્ત હોવાને લીધે તેઓ ભિન્ન ભિન્ન પ્રકારની કૃતિઓને જાણી શકે છે અને ઉચિત પરિપ્રેક્ષ્યમાં મૂલવી શકે છે. કોઈ એક પેઢી કે કોઈ એક સાહિત્યકાર પ્રત્યે તેમને પક્ષપાત નથી તેની ગવાહી તેમના વિવેચનસંગ્રહો પૂરી પાડે છે. આ સર્વ વિવેચનગ્રંથોમાં સાહિત્યના સમગ્રલક્ષી મૂલ્યાંકન, ધર્મ-અધ્યાત્મલક્ષી લેખો સાથે સ્વરૂપલક્ષી લેખો અને સમીક્ષા તથા સાહિત્યના પ્રવાહદર્શન વિષયક લેખો સચવાયા છે. એમાંથી એમની વિવેચક તરીકેની સ્પષ્ટ મુદ્રા ઉપસી આવે છે. ભારતીય અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોની સમજ અને તેનો વિનિયોગ, તુલનાત્મક દષ્ટિકોણથી અભ્યાસ, સ્વાધ્યાયના નિષ્કર્ષરૂપ, તારણો અને નીડર નિષ્પક્ષી વિધાનો અહીં ગ્રંથસ્થ સ્વાધ્યાયમૂલક અભ્યાસલેખોમાં જોવા મળે છે. રસદર્શન, મૂલ્યાંકન અને વિશ્લેષણ એ વિવેચક રમણલાલ જોશીના નિજી ગુણ વિશેષો છે. વિવેચન દરમિયાન તેઓ કૃતિવિશેષનું વિશ્લેષણાત્મક રસદર્શન કરાવતા રહે છે અને એમ કૃતિના આસ્વાદ્ય અંશોને ઉદઘાટિત કરી આપે છે.

'ભારતીય નવલકથા ભાગ-૧' (૧૯૭૪) ગ્રંથ જરા જુદી રીતે લખાયેલો છે. કેટલીક

ભારતીય ભાષાની થોડી મહત્ત્વની નવલકથાઓના પરિચય અને પ્રવાહદર્શન માટે તેમણે આસ્વાદલક્ષી અભિગમ કેન્દ્રમાં રાખ્યો છે. ગ્રંથાવલોકનની સમીક્ષાત્મક કામગીરી તેમણે 'જીવનપ્રકાશ' નામના માસિકમાં બી.એ. થયા પછી શરું કરેલી અને પછીના વર્ષોમાં લગભગ બે દાયકા સુધી 'જનસત્તા', 'લોકસત્તા' 'અક્ષરની આબોહવા'માં તેમજ ઈ.સ.૧૯૮૯થી ૧૯૯૭ સુધી 'રંગતરંગ'માં 'આ પુસ્તક તમે જોયું' એ એમના વિભાગમાં તેમજ 'જન્મભૂમિ', 'ફૂલછાબ', 'સમભાવ' જેવા સમાચારપત્રોમાં સોળે કળાએ ખિલી ઊઠેલી. તેમને માટે સર્જાતા સાહિત્યની નિકટ રહેવાનું કદાચ આવા સ્તંભલેખનને કારણે પણ શકય બનેલું.

સાહિત્ય સંશોધનક્ષેત્રે પણ તેમણે મહત્ત્વનું કાર્ય કર્યું. ઉમાશંકર જોશી સાથેનું 'અખેગીતા' (૧૯૬૭ બી.આ. ૧૯૭૮) પાઠ નોંધ ટીપ્પણ અને આરંભના અભ્યાસ લેખનને કારણે મહત્ત્વનું છે. તેમનું 'અખાનાં કાવ્યો' (૧૯૮૫ બી.આ. ૧૯૯૩) એ પણ મહત્ત્વનું સંશોધનાત્મક સંપાદન છે. આ ઉપરાંત શ્રી રામપ્રસાદ બક્ષી સાથે એમણે 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' (૧૯૭૧)નું સંશોધન સંપાદન કરેલું. 'અર્વાચીન સાહિત્યમાં સુન્દરમ્‌નાં કાવ્યો' (૧૯૯૩) અને 'સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ' (૧૯૮૯) (ચોથી આવૃત્તિ ૨૦૦૩) ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓનું સંપાદન, 'ફૂલ ઝરે ગુલમહોર' (૧૯૮૨ બીજી આવૃત્તિ ૧૯૯૧ ત્રીજી આવૃત્તિ ૧૯૯૫) પણ મહત્ત્વના છે. 'કાવ્યસંચય-૩' તેમણે જયંત પાઠક સાથે મળી તૈયાર કર્યો. જે ગુજરાતી સાહિત્યપરિષદ દ્વારા (૧૯૮૧માં બી.આ.૧૯૯૭) પ્રકાશિત થયેલો. 'કવિ દયારામનો અક્ષરદેહ' અને 'લીલાવતી જીવનકલા' નામે થયેલાં સંપાદનો પણ ધ્યાનપાત્ર છે. સુન્દરમ્‌ના 'ઈશ' ૧૯૯૫ અને લોકલીલા (૧૯૯૫)નાં સંપાદનો તેમણે શ્રી ભોળાભાઈ પટેલ સાથે કરેલાં છે.

તેમણે સાક્ષરોનાં રેખાચિત્રો પણ સતત લખ્યા છે. આ વિષયનો પ્રારંભનો ગ્રંથ 'સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન' (૧૯૬૬ બી.આ. ૧૯૯૫)

ઉત્તમ કક્ષાનું લેખન છે. એ પછી ‘શબ્દલોકના યાત્રીઓ’ ભાગ-૧ અને ભાગ-૨ (૧૯૮૩) તથા ‘અક્ષરના આરાધકો ભાગ ૧-૨, (૧૯૯૮-૯૯)માં તેમની પાસેથી સત્તાધિક સાક્ષરોનો પરિચય આપણને મળે છે. સર્જકના સમગ્રલક્ષી પ્રદાનની વિગતો, જીવનચરિત્ર વિષયક વિગતો અને સાહિત્યઘડતર પાછળનાં પરિબળો એમ વિવિધ બાબતોને કેન્દ્રમાં રાખીને તેમણે આ રેખાચિત્રો તૈયાર કર્યાં છે. તેમનું ‘આદિવચન’ (૧૯૯૫) પણ ધર્મ અને સાહિત્યના ચિંતનપ્રવાહના તંત્રીલેખોને કારણે નિબંધ સ્વરૂપના સાહિત્યમાં સમાવેશ પામે તેવું છે.

ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વના સર્જકોના વ્યક્તિત્વ અને વાઙ્મયને મૂલવતા ૪૮ જેટલા ગ્રંથ તેમણે વિવિધ વિદ્વાનો પાસે તૈયાર કરાવેલા. આ માટે ડૉ. રમણલાલ જોશીએ ૧૯૭૬ થી ગુજરાતી સર્જકોનો પરિચય આપતી ‘ગુજરાતી ગ્રંથકાર શ્રેણી’નું કાર્ય સંભાળ્યું હતું. તેમાં તેમણે મધ્યકાળના અને અર્વાચીન કાળના ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સર્જકો અને ચિંતકોને સમાવવા પ્રયાસ કર્યો છે. સંપાદન વિષયક્ષેત્રે તેમણે ગુજરાતી સારસ્વતોના જીવનનો ટૂંકો પરિચય, એમની કૃતિઓનો વિવેચનાત્મક ખ્યાલ, એમના સાહિત્યનું મૂલ્યાંકન-પુનઃમૂલ્યાંકન, એમના વિશેના અભ્યાસીઓના અભિપ્રાયોની સમીક્ષા, આપણા સાહિત્યમાં તેમનું સ્થાન, વિગતવાર સંદર્ભસૂચિ વગેરે લઘુગ્રંથોમાં નિરૂપણ કર્યું છે.

આ શ્રેણીમાં ગુલાબદાસ બ્રોકર, મનસુખલાલ ઝવેરી, ચી.ના.પટેલ, ર.ચી.શાહ, ચિમનલરાલ ત્રિવેદી, ધીરુભાઈ ઠાકર, ચન્દ્રકાન્ત મહેતા, સુમન શાહ, રઘુવીર ચૌધરી, મોહનભાઈ શ. પટેલ, કે.કા.શાસ્ત્રી, કે.બી.વ્યાસ, પ્રમોદકુમાર પટેલ, હરીન્દ્ર દવે, કનુભાઈ જાની, ચન્દ્રકાન્ત શેઠ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, દુષ્યંત પંડ્યા, કૃષ્ણવીર દીક્ષિત જેવા અનેક અભ્યાસીઓ પાસે લખાવવામાં સંપાદક સફળ રહ્યા છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે ‘ગુજરાતી ગ્રંથકાર શ્રેણી’ એ તેમનું મૂલ્યવાન પ્રદાન છે.

ઑગસ્ટ ૧૯૯૦થી રમણલાલે 'ઉદ્દેશ' નામનું સાહિત્ય અને જીવનવિચારનું માસિક શરું કર્યું. સર્જનાત્મક અને વિવેચનાત્મક લખાણો મેળવીને નિયમિતરૂપે એનું પ્રકાશન એ એની આગવી વિશેષતા છે. ગુરુ ઉમાશંકર જોશીએ તેમના જીવનકાળમાં જ 'સંસ્કૃતિ'નું પ્રકાશન સંકેલી લીધું પછી ગુજરાતી સાહિત્યિક સામાયિક ક્ષેત્રે જે શૂન્યાવકાશ સર્જાયો તે દૂર કરવાનો તેમનો આ પ્રયાસ પ્રશસ્ય છે. ગુજરાતમાં સાહિત્યિક શિષ્ટ સામયિક ચલાવવામાં જે પ્રકારની મુશ્કેલીઓ રહેલી છે તેનાથી રમણભાઈ પૂરેપૂરા પરિચિત, સભાન હતા જ. પરંતુ એ મુશ્કેલીઓનો મુકાબલો કરવાની ક્ષમતા પોતે ધરાવે છે. એવો અડગ આત્મવિશ્વાસ તેઓ ધરાવતા હતા. તેથી જ 'ઉદ્દેશ' શરું કરવાનું સાહસ તેમણે કર્યું અને જીવનના અંત સુધી એને સુપેરે ચલાવી સંપાદક અને પ્રકાશક તરીકેની પોતાની શક્તિઓનો સહુને પરિચય કરાવ્યો. આ 'ઉદ્દેશ' મેગેઝિન આજીવન તેમણે પૂરી નિષ્ઠાથી ચલાવ્યું.

દૂરદર્શનના પડદા પર પણ ઝળકી ઉઠેલા રમણલાલ જોશીએ શ્રી તુષાર ભટ્ટ સાથેની એક મુલાકાતમાં કહ્યું હતું: 'પ્રેમનું તત્ત્વ એ ભગવાન શ્રીકૃષ્ણનું તત્ત્વ છે અને પ્રેમ અનુભવ દ્વારા જ જીવનની ચરિતાર્થતાનો અનુભવ થાય છે. વિશ્વ એટલે 'શ્રીકૃષ્ણના એક પ્રેમી અને સંવેદનશીલ, સ્નેહાળ માણસ, અને તેઓ તેવાજ વિવેચક સાહિત્યકાર તરીકે ઓળખાય એવું તેઓ ઈચ્છતા' કૃષ્ણ પ્રત્યે અનેરો પ્રેમ-પક્ષપાત ધરાવનાર રમણલાલ જોશી તેમના લેખન ખંડમાં શ્રીકૃષ્ણની છબી રાખતા તેમજ વાસ્તવિક જીવનમાં તેમને કૃષ્ણનો સાક્ષાત્કાર પણ થયેલો. આવા કૃષ્ણપ્રેમના રંગે રંગાયેલા, સાહિત્ય અને જીવનવિચારનો વિશાળ 'ઉદ્દેશ' લઈને શબ્દોને સથવારે જેમણે જીવનની સફર જીવનપર્યંત કરી તેવા સંનિષ્ઠ વ્યક્તિ, વિવેચક, સંપાદક અને સંશોધક રમણલાલ જોશીએ ૧૦મી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ આ દુનિયામાંથી ક્ષર દેહ વિદાય લીધી અને એમ સાહિત્ય જગતમાંથી એક સહજ-સભર વ્યક્તિત્વનો વિલય થયો. તેઓ કેવું જીવ્યા એ સંદર્ભે તેમનું જ કાવ્ય 'જીવ્યો હું'ની કાવ્યપંક્તિ ટાંકવી અનિવાર્ય બને તેવ છે;

'કહેશે 'જીવ્યો કે જીવન બધું યે ફોગટ ગયું ?'
'જીવ્યો હા હું' એવું વદી શકું ધરી ધૈર્ય હૃદયે.'[૧૪]

## પાદટીપ

૧. www.uddesh.com

રમણલાલ જોશી : જીવનકાર્ય, પૃ. ૧

૨. ઉદ્દેશ : ૨૦૦૭ જાન્યુઆરી

ડૉ. રણજીત એમ. પટેલ, પૃ. ૧૨૩

૩. www.uddesh.com

રમણલાલ જોશી : જીવનકાર્ય, પૃ. ૧

૪. એજન, પૃ. ૨

૫. એજન, પૃ. ૩

૬. એજન, પૃ. ૩

૭. એજન, પૃ. ૩

૮. એજન, પૃ. ૩

૯. એજન, પૃ. ૩

૧૦. એજન, પૃ. ૩

૧૧. એજન, પૃ. ૪

૧૨. એજન, પૃ. ૪

૧૩. એજન, પૃ. ૪

૧૪. ઉદ્દેશ : ૨૦૦૭ જાન્યુઆરી

ડૉ. રણજીત એમ. પટેલ, પૃ. ૧૩૩

# પ્રકરણ-૨
# રમણલાલ જોશીનું વિવેચનકાર્ય

અર્વાચીન ગુજરાતી સાહિત્યવિવેચન આરંભથી જ પશ્ચિમની વિચારણા અને સંસ્કૃત કાવ્યશાસ્ત્ર- આ બન્ને ભિન્ન પરંપરાઓનો ખાસ્સો એવો પ્રભાવ ઝીલીને વિકસતું રહ્યું છે. અહીં આ પ્રકરણમાં રમણલાલ જોશીના પૂર્વેના સાહિત્ય વિવેચકોનો આછો પરિચય આપી, રમણલાલ જોશીના સાહિત્ય વિવેચનની ગતિવિધિને અવલોકવાનો પ્રયત્ન હાથ ધર્યો છે. ગુજરાતી વિવેચકોની વિવેચનવિચારણામાં મુખ્યત્વે સર્જક, કૃતિ, સર્જનપ્રક્રિયા, ભાવનપ્રક્રિયા, રસ, વિવિધ સાહિત્યસ્વરૂપો અને પ્રત્યક્ષ વિવેચન અંગે ચર્ચા થયેલી જાણાય છે. એ ઉપરાંત સૌંદર્યશાસ્ત્રમાં જેનો સમાવેશ કરી શકાય એવા પ્રશ્નો પર પણ આ વિવેચકોએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સમય જતાં આ જ મુદ્દાઓના વિવિધ સંદર્ભોને ધ્યાનમાં રાખીને વિગતે અને ઊંડાણપૂર્વક તપાસ એ પછીની પેઢીના વિવેચકોએ કરી છે.

રમણલાલે ઈ.સ.૧૮૫૮માં લખેલા 'કવિ અને કવિતા' નિબંધથી અર્વાચીન ગુજરાતી સાહિત્યવિવેચનનો આરંભ કર્યો. તેમાં તેમણે નોંધ્યું છે કે : 'વિવેચકના અધિકાર વિશે નર્મદ કહે છે- 'જેનામાં સ્વાભાવિક બુદ્ધિ પ્રાપ્ત કરેલી વિદ્યા અને સારું-નરસું સમજવાનું રસજ્ઞાન છે. તે ટીકા કરવાને યોગ્ય છે.'[૧] વિવેચક થવું સર્જકથી કઠિન છે. સર્જકે તો અનુભૂતિને કથ્ય સ્વરૂપે અભિવ્યક્ત કરશે. પરંતુ વિવેચકને તો ગુણદર્શન અને વાસ્તવદર્શનનાં ત્રાજવે તોળીને કામ પાર પાડવાનું હોય છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને ઉગમકાળે જેમ નર્મદ-દલપત જેવા સર્જકો મળ્યા તેમ નવલરામ જેવા વિવેચક મળ્યા તે સદ્ભાગ્ય મનાય. તેમણે સાહિત્યના માધ્યમ તરીકે ભાષાની વિશેષ ચર્ચા કરી છે. શબ્દના સૌંદર્ય કરતાં અર્થના સૌંદર્ય પર વધારે લક્ષ આપવું જોઈએ એવી તેમની વિચારણા છે. શૈલીમાં મનનું પ્રતિબિંબ પડે છે એવું માનતા નવલરામ કહે છે કે 'કૃતિમાં દોષ ટાળવા માટે શૈલીશાસ્ત્રની ખરી સમજ અને અભ્યાસપ્રયાસ

જરૂરી છે.' ભાષાના વિનિયોગ પરત્વે પણ કેટલાક ચોક્કસ માપદંડો તેમણે આપ્યા છે. નર્મદ, નવલરામ પછીના વિવેચકોએ સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરંપરા આત્મસાત કર્યા ઉપરાંત યુનિવર્સિટીની તાલીમ મેળવી હતી અને પરિણામે ત્યારથી ગુજરાતી વિવેચનનો નવો તબક્કો શરું થયો. આ સમયગાળામાં ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિભાઈ દ્વિવેદી, રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ દિવેટિયા, આનંદશંકર ધ્રુવ અને બળવંતરાય ઠાકોર જેવા વિવેચકોએ તથા કેશવ હ. ધ્રુવ અને ઉત્તમલાલ ત્રિવેદી જેવા અભ્યાસીઓની વિચારણાને કારણે નર્મદ-નવલરામથી શરું થયેલી. સૈદ્ધાંતિક વિવેચનાએ વ્યાપક ફલક પર વિસ્તરી એક સંગીન ભૂમિકા ધારણ કરી. સાક્ષરયુગમાં પૂર્વ અને પશ્ચિમની વિવેચનાનો યોગ્ય લાગ્યો એવો સમન્વય કરીને એ સમયના વિવેચકોએ સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કર્યું અને એ રીતે ગુજરાતી વિવેચના વધુ વ્યાપક ભૂમિકાએ આવીને ઊભી રહી. સાહિત્યના પ્રયોજનને કેન્દ્રમાં રાખતા ગોવર્ધનરામ ત્રિપાઠી પાસેથી આધ્યાત્મિક પરિભાષામાં કેટલુંક વિવેચન પ્રાપ્ત થયું જ્યારે પૂર્વ અને પશ્ચિમની વિવેચનપરંપરાઓને સામે રાખીને કવિતાના ઉદ્‌ભવથી લઈને એના પ્રયોજન સુધીનાં તમામ પાસાઓને રમણભાઈ નીલકંઠે તપાસ્યાં, નરસિંહરાવ દિવેટિયાએ સિદ્ધાંત ચર્ચા અંતર્ગત સંગીત અને કવિતાને સાંભળીને કાવ્યકેન્દ્રી રજૂઆત કરી. આનંદશંકર ધ્રુવે અદ્વૈતદર્શનને આધારે પૂર્વ પશ્ચિમની વિચારણાનો યોગ્ય સમન્વય કરી વિવેચનમાં પ્રવૃત્ત થયા. સાહિત્યના પ્રવાહો વિશેનાં એમનાં અવલોકનોમાં એમની બહુશ્રુત પ્રતિભાનો ખ્યાલ મળી રહે છે. બળવંતરાય ઠાકોર સાહિત્ય સાથે વિવિધ વિદ્યાશાખાઓને સાંકળીને જુદી જ રીતે વિવેચનપ્રવૃત્તિ સાથે જોડાયા. વિશેષત: પશ્ચિમની વિવેચનવિચારણાને અનુસરનાર બળવંતરાય કવિતાની વિભાવનાને આગવી રીતે ચર્ચે છે. શ્રી બ.ક.ઠાકોર વાસ્તવદર્શી વિવેચક છે. તેઓ ઉત્તમ કવિ અને ઉત્તમ વિવેચક છે. તેઓ કહે છે કે 'કવિતાનું વિવેચન અઘરું છે.' તેમના મતે કવિઓનું સ્થાયી મૂલ્યાંકન, મૌલિકતા, કલ્પનાપ્રભાવ અને વિચારબળ પ્રમાણે જ

થવું જોઈએ. વિવેચનની વિભાવના સ્પષ્ટ કરતી વખતે મૂખ્યત્વે તેમણે પ્રત્યક્ષ વિવેચનની કામગીરીને જ કેન્દ્રમાં રાખી છે. જો કે સિદ્ધાંતવિવેચનનો વિકાસ કેવા પ્રયત્નોથી કરી શકાય એની પણ ચર્ચા તેમણે કરી છે. હંમેશા વિવેચનમાં સમતુલા અને તટસ્થતાના ગુણો જળવાવા જોઈએ એવો આગ્રહ બળવંતરાય ઠાકોરે રાખ્યો છે.

ગાંધીયુગમાં ગાંધીજીના વિચારના પ્રભાવ હેઠળ આવી ગયેલા વિવેચનજગતમાં રામનારાયણ પાઠક, નગીનદાસ પારેખ અને ઉમાશંકર જોશીનું પ્રદાન મુખ્ય રહ્યું છે. એ જ અરસામાં ગાંધીવાદી  વિચારસરણીથી પ્રભાવિત થયા વિના વિજયરાય વૈદ્ય, વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રસિકલાલ પરીખ, ભૃગુરાય અંજારિયા, નવલરામ ત્રિવેદી, રામપ્રસાદ બક્ષી, ડોલરરાય માંકડ, જ્યોતીન્દ્ર દવે, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી, ગુલાબદાસ બ્રોકર, સુન્દરમ્, ચુનીલાલ મડિયા, જ્યોતિ દલાલ, અનંતરાય રાવળ અને અ.ના.પટેલ વિવેચનના ક્ષેત્રમાં પ્રવેશ્યા અને પોતાના વિચારોની માંડણી કરી. આ વિવેચકોના વિવેચન સિદ્ધાંતો પર પણ આગલી હરોળના વિવેચકોની જેમ જ પૂર્વ અને પશ્ચિમના વિવેચનજગતના વિચારકોની અસર થયેલી જોઈ શકાય છે. પ્રજાને કેન્દ્રમાં રાખીને ગાંધીજીએ પોતાનો સાહિત્યવિચાર વિકસાવ્યો અને ગુજરાતી સાહિત્યકારો અને વિવેચકોએ તેની આગવી છાપ ઝીલી. કનૈયાલાલ મુનશી અને રવીન્દ્રનાથ ટાગોરની વિવેચનવિચારણા તથા પશ્ચિમના વિવિધ વાદોએ પણ તત્કાલીન ગુજરાતી વિવેચનાને પ્રભાવિત કરી અને સિદ્ધાંત વિવેચન અને પ્રત્યક્ષ વિવેચનાનું કાર્યક્ષેત્ર વ્યાપક બનાવ્યું. કનૈયાલાલ મુનશીએ કલા અને નીતિનો પ્રશ્ન છેડ્યો. તેઓ કલાની સ્વાયત્તતાના હિમાયતી હતા. વિજયરાય વૈદ્યે સિદ્ધાંત વિવેચનની સરખામણીએ પ્રત્યક્ષ વિવેચનમાં વધુ રસ લીધો. વિશ્વનાથ ભટ્ટની જેમ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સિદ્ધાંત વિવેચનમાં પ્રદાન કર્યું. તેમની વિવેચનામાં પણ કેટલીક આગવી સૂઝથી રજૂ થયેલા વિવેચનવિચારો જોવા મળે છે જે મહત્ત્વના છે. સિદ્ધાંત અને પ્રત્યક્ષવિવેચન બંનેમાં સક્રિય

રામનારાયણ પાઠકે સંસ્કૃત અને પશ્ચિમના વિવેચન વિચારોને સાંકળીને જીવનના સંદર્ભે સાહિત્યવિષયક ચર્ચા હાથ ધરી લલિત કલાઓની તુલનાત્મક ચર્ચા તેમના વિવેચનનો એક મહત્ત્વનો ભાગ બને છે. ઉમાશંકર જોશી અને સુન્દરમ્ બહુમુખી સાહિત્યપ્રતિભા ધરાવનારા ગાંધીયુગના મહત્ત્વના વિવેચકો છે.

કલા અને સાહિત્યને જીવન સાથે સાંકળીને જોનારા ઉમાશંકર જોશી વિવિધ મુદ્દાઓને પોતાના સિદ્ધાંત વિવેચન દરમ્યાન ચર્ચે છે. દેશ-વિદેશની પ્રશિષ્ટ કૃતિઓ તથા પૂર્વ-પશ્ચિમની વિચારપરંપરાઓને આત્મસાત્ કરનારા ઉમાશંકર જોશીએ સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચન- બંને ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું. ઉમાશંકર જોશીની જેમ સુન્દરમે્ પણ સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનના ક્ષેત્રમાં આગવો ફાળો આપ્યો અને એ રીતે ગાંધીયુગમાં ગુજરાતી વિવેચનાના કેટલાક નવાં પરિણામો વિકસ્યાં. સાહિત્યને લગતા લગભગ તમામ પાસાઓની ચર્ચા આ વિવેચકોએ હાથ ધરી. સાક્ષરયુગ અને ગાંધીયુગ- આ બંને સમયગાળાના વિવેચકોએ વિવિધ કલાઓ અને વિદ્યાશાખાઓની તુલનાત્મક વિચારણા હાથ ધરવા ઉપરાંત વિવેચન-સૌંદર્યશાસ્ત્રના પાયાના મુદ્દાઓ અને વિવિધ સાહિત્યસ્વરૂપોની પૂર્વ-પશ્ચિમની વિવેચનાના સંદર્ભે ચર્ચા કરી ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં નાટ્યાચાર્ય તરીકે પ્રખ્યાત ચન્દ્રવદનનાં વિવેચનો મોટેભાગે નાટક વિશે જ છે. તેમણે પૂર્વ અને પશ્ચિમની નાટ્યસૃષ્ટિના વિભિન્ન રંગો તેમાં પૂરેલા છે. ક્યાંક (એકાંકી જેવા વિષયોમાં) તેઓ સંશોધનાત્મક પદ્ધતિ પણ અપનાવે છે. પરંતુ સંશોધનની ચોકસાઈ તેમનાં સ્વભાવમાં ન હોય તેવું ઘણીવાર લાગે છે.

જયંતી દલાલે કરેલું નાટક અને રંગભૂમિ વિશેનું વિવેચન એ ક્ષેત્રનું તેમનું મોટું પ્રદાન છે. 'કાયા લાકડાની માયા લુગડાની' આ ઉપરાંત 'રાઈનો પર્વત' વિશેનું વિવેચન 'સાપના ભારા' તથા 'એક ઉંદર અને જદુનાથ' ને અનુલક્ષીને કરેલી એબ્સર્ડ નાટક વિશેની ચર્ચા તેમની નાટ્યવિવેચક તરીકેની સજ્જતા દર્શાવે છે. વિવેચનક્ષેત્રે તેમનો બહોળો અનુભવ,

વિશાળ વાચન, ઊંડી સૂઝ અને અરૂઢ નિરીક્ષણો દર્શાવતું નિખાલસ મતદર્શન ધ્યાન ખેંચે છે. જ્યારે મડિયાએ વાર્તા અને નાટક જેવા સાહિત્ય સ્વરૂપો વિશે તેમ મહત્ત્વના ગ્રંથો વિશે વિવેચનલેખો આપ્યા છે. તેમાં પાશ્ચાત્ય પ્રવાહોનો પરિચય, અરૂઢ અભિગમથી કૃતિ કે મન્તવ્યની પરખને નિખાલસ તેમજ નિર્ભિક મતદર્શન ખાસ ધ્યાન ખેંચે છે. તેમના આ પ્રકારના લખાણો મોટેભાગે પત્રકારત્વની નીપજ છે. તેમાં સાહિત્યસંસ્થાઓ, પ્રવૃત્તિઓ અને પ્રવર્તમાન સ્થિતિ વિશે તેમણે કરેલાં નિરીક્ષણો તત્કાલીન પરિબળોના સંદર્ભમાં મૂલ્યવાન ગણાય.

નિરંજન ભગતના ગ્રંથસ્થ થયેલા લખાણમાં મુખ્યત્વે 'યંત્રવિજ્ઞાન અને મંત્ર કવિતા' છે. 'કવિ અને યુગધર્મમાં' તેમણે કવિનો ભાવક તેમજ યુગ સાથેનો સંબંધ વિગતે ચર્ચ્યો છે. તે દ્વારા તેમણે સર્જન-ભાવન-આસ્વાદની પ્રક્રિયાની યથાર્થ સમજ આપી છે. કવિની ભાષાનો તેમણે કલાદષ્ટિએ કરેલો પુરસ્કાર સમગ્ર વિષયના મર્મ સુધી લઈ જાય છે. આ ઉપરાંત તેમણે દયારામ ન્હાનાલાલ, બળવંતરાય, ઉમાશંકર, સુન્દરમ્ એ બધા વિશે તેમણે તાત્ત્વિક નહીં તેટલું ઈતિહાસલક્ષી વિવેચન કર્યું છે. 'ઉશનસે્' ત્રણેક વિવેચનસંગ્રહો આપ્યા છે. તેમણે પૂર્વગ્રહથી મુક્ત વિગતપૂર્ણ વિવેચનો આપ્યાં છે. વિષયનું વિશદ્ પ્રૌઢ અને ગંભીર નિરૂપણ કરી આપતી સ્વપ્રતીતિના રણકારવાળી સ્વચ્છ ગદ્યશૈલી તેની પાછળ કવિ અને અધ્યાપક ઉશનસ્‌ના વ્યક્તિત્વની મુદ્રા આ વિવેચનો પર ઉપસાવી આપે છે.

'વિશ્વમાનવ' માસિકમાં સુરેશ જોષીએ કરેલો આસ્વાદ વિવેચન જગતમાં વિશિષ્ટ વિશ્લેષણ રીતિને કારણે ઘણું પ્રખ્યાત બન્યું છે. કૃતિના અંગોપાંગની વ્યવસ્થા વિશેની તેમની સૂઝ ઊંડી અને માર્મિક છે. સુરેશ જોષીના કાવ્યવિવેચનોમાં અનુભવાતી સર્જનાત્મક છટા અને સુગંધનો પાસ પણ સમકાલીન કૃતિ વિવેચન પર વિશિષ્ટ અસર ઊભી કરે છે.

સુમન શાહે ભાષાવિજ્ઞાન પર આધારિત સંરચનાવાદનો વિચાર ૧૯૭૫-૭૬ દરમ્યાન

વિસ્તૃત વ્યાખ્યાનરૂપે રજૂ કરેલો. આ સંરચનાવાદી વિવેચનમાં ભાષાવિજ્ઞાન પૃથ્થકરણ કે અર્થ સૂચવનારી કોઈ ચોકક્સ પદ્ધતિ વિશે ખાસ સ્પષ્ટતા નથી, પણ એક એવું સર્વસાધારણ માળખું પૂરું પાડે છે.

'સાહિત્યવિચારનો બંધારણવાદી અભિગમ' એ લેખમાં પ્રો. હરિવલ્લભ ભાયાણીએ સંરચનાવાદી વિવેચનને લગતી સર્વ પાસાને આવરી લેતી મુદ્દાસર પણ વિશદ્ શૈલીમાં વિચારણા કરેલી છે. તેમના વિવેચનમાં શાસ્ત્રીય ચોકસાઈ વિશદ્ વિશ્લેષણ અને વિષયના તાત્ત્વિકને ઐતિહાસિક સંદર્ભમાં સંસ્થાપના કરતી મર્મદ્યોતક દૃષ્ટિ તથા સંક્ષિપ્ત પણ ધારદાર નિરૂપણ ધ્યાન ખેંચે છે. ભારતીય અને પાશ્ચાત્ય વિચારણાની આધુનિક સંદર્ભમાં તુલના કરીને કલા અને સાહિત્યની પરીક્ષા માટે તેઓ નવા વસ્તુલક્ષી માપદંડોની હિમાયત કરે છે. 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' તથા 'વીણા અને અન્વીણા' એ બે સંગ્રહોમાં વિવેચક નગીનદાસ પારેખના સુદીર્ઘ સ્વાધ્યાયના ઉત્તમ ફળરૂપ વિવેચનાત્મક લખાણો છે. પાશ્ચાત્ય કલામીમાંસા અને ભારતીય રસમીમાંસાનો નગીનદાસના જેટલા ઊંડાણ અને ઝીણવટથી અદ્યતન વિધાનોમાંથી ભાગ્યે જ કોઈએ અભ્યાસ કર્યો હશે. આધુનિકોમાંથી જેમનામાં સંસ્કૃત કાવ્યશાસ્ત્રનું પરિશિલન જોવા મળે છે તેવા બે લેખકો એટલે જયંત કોઠારી અને પ્રમોદકુમાર પટેલ, જયન્ત કોઠારીએ ભારતીય કાવ્યસિદ્ધાન્તની થોડીક પણ દ્યોતક ચર્ચા કરેલી છે. ગાંધીયુગની તેમજ આધુનિક યુગની કેટલીક સાહિત્યિક સમસ્યાઓનો વિચાર કરેલો છે. પ્રમોદકુમાર પટેલે પણ 'વૃત્તિમય ભાવાભાસ' જેવા પંડિતયુગના પ્રશ્ન પર વિસ્તૃત લેખ લખીને મણિલાલ, રમણભાઈ અને આનંદશંકરના દૃષ્ટિબિંદુ તપાસીને વિષયની પુનર્વિચારણા કરી છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ભાષાભિમુખ અભિગમથી કરેલું વિવેચન ઉલ્લેખપાત્ર છે. ભાષા અને છંદની ભાવોપકારકતા હૃદયતા અને સમગ્ર રચનામાં સાર્થકતા કેવી સધાય છે તેને પૃથ્થકરણાત્મક ઢબે ચકાસવાનો તેમનો પ્રયત્ન અવશ્ય ધ્યાનપાત્ર છે. ઉપરોક્ત વિવેચકોના ઈતિહાસની સીમા ચિહ્નોમાં ત્યારબાદ પ્રવેશ થાય છે. ડૉ. રમણલાલ

જોશીએ એમના આયખાના પાંચેક દાયકા સુધી સાતત્યપૂર્ણ શબ્દસાધના કરી છે અને તેની ફલશ્રુતિ રૂપે ગુજરાતી સાહિત્યને વીસેક જેટલા વિવેચન ગ્રંથો મળે છે. આ વિવેચનગ્રંથો અને તેમની વિવેચક તરીકેની કુશળતા સક્ષમતા અને નિપુણતા અહીં વિસ્તારપૂર્વક વર્ણવવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

‘ભલે શક્તિ સ્વલ્પ કિરણકિરણે તેજજલતી,
ધરું તારે પાયે, મુજ જીવનસાર્થકય ગણતો;
પછી પાછી દેતો, મુજ જીવન એકેક કરણે,
ઝગી રેતી દૈવી, અરપું જનતાના ચરણમાં.’[૨]

‘અધ્યાપક રમણલાલ માત્ર સાહિત્યને વરેલા જીવ હતા અને સાહિત્યમાં પણ એમનું પ્રિય વિદ્યાસ્વરૂપ સાહિત્યવિવેચન હતું.’[૩]

રમણલાલ જોશીએ એમના આયુષ્યના પાંચેક દાયકા સુધી સાદ્યંત શબ્દની ઉપાસના કરી છે અને તેના ફળસ્વરૂપે ગુજરાતી સાહિત્યને એમની પાસેથી બેતાળસ જેટલા વિવેચન, સંશોધન અને સંપાદનના પુસ્તકો સાંપડ્યા છે અને એમના આ પ્રકારના શબ્દકર્મમાંથી એમનું સાહિત્યિક વ્યક્તિત્વ સરસ રીતે પ્રગટ્યું છે. વિવેચક સાહિત્યમાં એક પ્રશિષ્ટ અને વિદ્વાન વિવેચક તરીકે તેમણે ગુજરાતી વિવિચન સાહિત્યના ઈતિહાસમાં આગવી છાપ ઊભી કરી છે.

‘યાત્રાની કવિતા’ થી એમની વિવેચનયાત્રા શરું થઈ. સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહ વિશે લખાયેલો આ લેખ ઉમાશંકર જોશી ‘સંસ્કૃતિ’માં પ્રગટ કરે છે અને ત્યારથી તેમને વિવેચન કરવાનું પ્રોત્સાહન અને પ્રેરણાબળ મળી રહે છે. તેમણે પણ ઘણીવાર એ વસ્તુનો સ્વીકાર કર્યો છે કે તેમના જીવનમાં ઉમાશંકર જોશી અને તેમનું સામાયિક ‘સંસ્કૃતિ’નો અવિસ્મરણીય ફાળો છે. પછી તો એમનું વિવેચનકાર્ય જોરશોરથી આગળ વધે છે અને એમની પાસેથી ગુણવત્તા યુક્ત વિવેચનગ્રંથો મળે છે.

'અભીપ્સા' (૧૯૬૮) એ રમણલાલ જોશીનો પ્રથમ વિવેચનસંગ્રહ છે. જેમાં ધર્મ અને ધર્મ-વિષયક સાહિત્યના લેખો સંગ્રહાયા છે. આ પુસ્તકને ગુજરાત સરકારનું પારિતોષિક પણ મળ્યું છે. ત્યારબાદ તેમની વિવેચનપ્રવૃત્તિના પરિણામરૂપે આપણને 'પરિમાણ' (૧૯૬૯) 'શબ્દસેતુ' (૧૯૭૦) 'પ્રત્યય' (૧૯૭૦), 'ભારતીય નવલકથા' ભાગ-૧ (૧૯૭૪), 'સમાન્તર' (૧૯૭૬), 'વિનિયોગ' (૧૯૭૭), 'ગુજરાત સાહિત્ય સભા કાર્યવાહી (૧૯૬૩) (૧૯૭૭) 'વિવેચનની પ્રક્રિયા' (૧૯૮૧) 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ' (૧૯૮૬), 'નિષ્પત્તિ' (૧૯૮૮), 'પરિવેશ' (૧૯૮૮), 'વિવેચનની આબોહવા' (૧૯૮૯) 'ગોવર્ધનરામ' (તમિલ ભાષામાં) (૧૯૯૦) 'સ્નેહરશ્મિ'- (પરિચય પુસ્તિકા ૭૬૨) (૧૯૯૦) 'સુન્દરમ્'- (પરિચય પુસ્તિકા- ૯૦૨) (૧૯૯૬), નિરૂપણ (૧૯૯૯) 'ગ્રંથનો પંથ' (૧૯૯૯) 'ગ્રંથની કેડીએ' (૨૦૦૩) તેમજ સાહિત્ય અકાદમી, દિલ્હીની 'ભારતીય સાહિત્યના નિર્માતા' શ્રેણી અંતર્ગત તેમણે 'ગોવર્ધનરામ' (૧૯૭૯) વિશે અંગ્રેજી, હિન્દી, કન્નડ અને તમિલ ભાષામાં પણ લઘુનિબંધ આપ્યો છે. જે પછીથી અનુવાદિત થયો છે. તદ્ઉપરાંત એમનો Variations on a theme: Essays on Gujarati Leterature (૧૯૯૩) શીર્ષકથી અંગ્રેજી ગ્રંથ પણ પ્રકાશિત થયો છે. અહીં તેમના ઉપરોક્ત વિવેચનગ્રંથોને અવલોકવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

'અભીપ્સા'માં લેખકે ધર્મ-વિષયક કેટલાક સાહિત્યના લેખો પ્રગટ કર્યા છે. જેમાં ઓગણચાલીસ (૩૯) જેટલા લેખોનો સમાવેશ થયો છે. 'ષડ્દર્શન', 'ભક્તિ', 'નવધાભક્તિ', 'આધ્યાત્મિક કવિતા' 'ઈશાવાસ્યવૃત્તિ', 'શ્રી અરવિંદની પ્રેરણા', 'સાધનામય જીવનની કથા' 'હિમાલયની પત્રયાત્રા', 'માનવધર્મના ઉદ્ગાતાગુરુનાનક', 'ભારતીય સંસ્કૃતિના સંદેશાવાહક', 'શ્રીમદ્- એક આર્ષદ્રષ્ટા' 'શ્રી અરવિંદનો દેહત્યાગ', 'સાધના અને આનંદ'... જેવા શીર્ષકો દ્વારા તેમના સાહિત્યના વિશાળ વાચન અધ્યાપનના વિષયનો પરિચય મળી રહે છે.

'ષડદર્શન'માં લેખકે (૧) ન્યાય (૨) વૈશેષિક (૩) સાંખ્ય (૪) યોગ (૫) પૂર્વમીમાંસા અને (૬) ઉત્તરમીમાંસા અથવા વેદાંત- ષડ્દર્શનની વાત કરી છે. એ દ્વારા લક્ષ્ય પ્રાપ્તિ-મોક્ષપ્રાપ્તિ તેમજ શરીર અને આત્મા અંગેની વાત કરવામાં આવી છે, તો 'સાધનચતુષ્ટય'માં લેખકે વર્ણાશ્રમધર્મથી લોકોને ભડકવાની જરૂર નથી એવું કહેતાં સ્પષ્ટ કર્યું છે કે વર્ણાશ્રમધર્મને સાચા સ્વરૂપમાં સમજવાથી જીવન મોકળું, સ્વ-આશ્રયી અને તેજસ્વી થાય છે. અહીં લેખકે (૧) વૈરાગ્ય (૨) વિવેક (૩) ષટ્સંપત્તિ, (૪) મુમુક્ષતા જેવી ચાર બાબતોને વિસ્તારપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેઓ કહે છે કે વેદાંતાદિ શાસ્ત્રો વૈરાગ્ય ઉપર વિશેષ ભાર મૂકે છે. ગીતા, સાંખ્યશાસ્ત્ર, પતંજલિના યોગસૂત્રો વગેરેમાં પણ લેખકે એનો મહિમા થયેલો જણાવ્યો છે. 'નવધાભક્તિ' માં લેખકે કહ્યું છે-'ભક્તિ એ તો હૃદયની ભાષા છે, આત્માની નવોન્મેષશાલિની કલા છે.' (અભીપ્સા પૃ.૩૭) જેમાં લેખકે ધર્મ, ભક્તિ અને હૃદયની ભાષાને- કાવ્યાત્મકતાને વિશેષ મહત્ત્વ આપ્યું છે, અને તેમના 'અભીપ્સા' પુસ્તકના લેખકોમાં આ આધ્યાત્મિક ચિંતન પ્રત્યેક લેખોમાં રજૂ થયું છે.

'આધ્યાત્મિક કવિતા' માં લેખકે નર્મદ દલપતથી આરંભી નિરંજન- રાજેન્દ્ર સુધીના કવિઓમાં પરમતત્ત્વ પ્રત્યેની અભીપ્સાના ઉદ્ગારો વિશે લેખકે નોંધ કરતાં કહ્યું છે કે- 'પ્રાચીન સમયમાં ધર્મ આપણું ધારકબળ હતો, આજે ધર્મની આખી વિભાવના પલટાઈ ગઈ છે એની સઘળીપ્રવૃત્તિઓનું પ્રેરકબળ અને ટકાવી રાખનારું શ્રદ્ધાબળ વ્યાપક ધર્મભાવનામાં હતું. આજે એ રહ્યું નથી. મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો વિચ્છેદ, મનુષ્ય અને સમાજ વચ્ચેનો વિચ્છેદ ટાળવો અને મનુષ્યને કોઈ સર્વોપરી સત્તાની સાથે અનુસંધિત કરવો એવું કોઈ અવેજી સાધન ઊભું થયું નથી. એટલે હવે પછીની આધ્યાત્મિક કવિતાનું સ્વરૂપ કેવું હો તે જોવું રહ્યું.'[૪]

અહીં લેખકે પ્રાચીનકાળમાં ધર્મનું મહત્ત્વ અને અત્યારે થતા ધર્મના નામે ધતિંગનો

પરિચય આપતા 'ધર્મ' વિશેનો લોકોનો ખ્યાલ દિવસેને દિવસે કેટલો ખોખલો બનતો જાય છે તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. લોકોને સાચો રાહ અંગુલિનિર્દેશ કરનાર ધર્મને લોકોએ યુદ્ધ અને વ્યાપારનું કેન્દ્ર બનાવી દીધો છે ત્યારે તેની અસર સાહિત્ય જગત પર કેવી થશે એ ખરેખર ચિંતાજનક પ્રશ્ન છે.

'આધ્યાત્મિક સમાજ'માં લેખક તારણ મેળવતાં કહ્યું છે કે અહીં ખરેખર સમગ્ર સમાજને આધ્યાત્મિક બનાવી દેવાની વાત નથી. પરંતુ લેખકે અહીં દરેક આત્મા અન્યને આત્મા તરીકે જુએ તેમજ જગતની દરેક પ્રજા પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે અને દરેકે પોતાના માનવસમુદાયમાં આ દિવ્યતાને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ એવું કહે છે. વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિના માર્ગે વિકાસ સાધવાનો છે અને એ વિકાસ દ્વારા પરસ્પરને સહાય કરવાની છે, એવી વિશાળ ભાવનાને લેખકે આવકારી છે.

'ગોવર્ધનરામના કેટલાક આચારસૂત્રોમાં' તેમનાં કેટલાક સૂત્રોમાં વ્યવહારિક ડહાપણ માર્મિક રૂપે મૂકાયેલું જોવા મળે છે. અહીં લેખકની જીવનને જોવાની આગવી રીતનો પરિચય થાય છે તેમજ તેમના વ્યવહાર જીવનના અનુભવોના નિષ્કર્ષરૂપે તેમણે કેટલાક વ્યવહારિક સત્યો સાચવ્યાં હોય એવું લાગે છે. આમ આ આચારસૂત્રો જીવનસાધનામાં પ્રેરકદ્યોતક નીવડે એવાં છે. લેખક કહે છે કે ગોવર્ધનરામ જીવનભરના સાધક હતા અને વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક અને નૈતિક-ધાર્મિક વર્તનની વિગતે વિગત પર આત્મચિકિત્સક વૃત્તિથી નજર રાખનારા હતા. એનો એક પુરાવો આ આચારસૂત્રોની પુસ્તિકા ઉપરથી મળે છે. 'અધ્યાત્મિક વિચારણા', 'આત્મ વિચારણા' પરમાત્મા અને મોક્ષવિચારણા અને અધ્યાત્મસાધના વિષયક આ વ્યાખ્યાનોમાં લેખક કહે છે. ઐતિહાસિક અને તાત્ત્વિક એમ ઉભય દૃષ્ટિએ વિચાર થયો છે અને એમ કરતી વેળા આ વિષયના વિદ્વાન લેખક અને

માન્યતાઓ અને અભિપ્રાયોમાંથી સત્ય સારવે છે. લેખક કહે છે કે ગાંધીયુગના આ દર્શનાચાર્યે અધ્યાત્મ જિજ્ઞાસુંઓની એક સુંદર સેવા કરી છે.

'સંસાર અને ધર્મ' શ્રી કીશોરલાલ મશરુંવાળાનું પુસ્તક છે. જેમાં તેઓએ સમગ્ર જીવનના સંદર્ભમાં જીવનના પ્રશ્નોની ચર્ચા કરી છે. તેમાં અહીં લેખક સત્ય શોધનના રસથીજ સંચાલિત થયા હોઈ, જેથી આડીઅવળી લપછીક આળપંપાળ એમના લખાણમાં જોવા મળતી નથી. પરિણામે તેમનું લખાણ કૃતિને સ્પર્શે છે. વધુ જીવંતતાનો અનુભવ કરાવે છે, માનવજીવનની નવીન પદ્ધતિએ ગોઠવણી કરવા પ્રવૃત્ત બનાવે છે. લેખકે આગળ કહ્યું છે કે 'શ્રી મશરુંવાળાને મન તત્ત્વજ્ઞાન એ બૌદ્ધિક વિલાસ નથી, સમષ્ટિહિત જેમાં અનુસ્યૂત હોય એવા તેજસ્વી જીવનની રચના કરવા માટેનું સાધન છે. એટલે તે જીવન સમગ્રમાં એને કેમ સક્રિય કરી શકાય એનો વ્યવહારું માર્ગયોજના આપે છે.''[૫]

અહીં લેખકે કહ્યું છે કે આપણી તત્ત્વજ્ઞાન વિષયક વિચારણામાં મશરુંવાળાનો મોટામાં મોટો ફાળો હોય તો એ કે સામાજિક જીવનની સ્વરુપતાને તેમણે સ્થિર પાયા પર મૂકી આપી છે. અહીં લેખકનું પ્રતિપાદન યથાયોગ્ય છે. કારણ કે માનવજીવનના ઉત્કર્ષનો વિચાર સમાજને અળગા રાખીને થઈ જ ન શકે તે તેમણે પ્રતિપાદિત કર્યું લેખક કહે છે કે ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને મશરુંવાળાએ રાજકીય, સામાજિક, સઘળાક્ષેત્રોમાં વ્યાપક કર્યો છે. 'વસુધા'નાં ભક્તિકાવ્યો'માં લેખકને સુન્દરમ્‌ના અધ્યાત્મિક વિકાસના દર્શન થયા છે. લેખકને કવિમાં એકલી અભીપ્સા જ નહી, પરંતુ સમર્પણનો ભાવ પણ દેખાયો છે. 'હિમાલયની પત્રયાત્રા' શ્રી કિશનસિંહ ચાવડાની આ પત્રલેખમાળામાં પ્રકૃતિ, કલાપ્રેમી શ્રેયાર્થીની આંતરયાત્રાનો આલેખ મળે છે. રમણલાલ જોશીના જ શબ્દોમાં જોઈએ તો 'શ્રી ચાવડા રમણીયશૈલીના ગદ્યકાર છે. મોં ભાંગી જાય એવી મીઠાઈ જેવી એમની શબ્દાવલી કયારેક અરુચિકર પણ નીવડે છે. ઉપરાઉપરી આવતાં કલ્પનાચિત્રો ગૂંચવાય છે ત્યારે એનું

સાતત્ય ખંડિત થાય છે. ભવ્યતા કે સુંદરતાની કક્ષા ઉપર એકધારા ટકી રહેવું આ શૈલી માટે મુશ્કેલ બને છે અને એ સરી પડે છે શબ્દોના ખખડાટમાં અને વાગ્મિતામાં'[૬]

અહીં રમણલાલ જોશી વિવેચક તરીકે પારદર્શિ રહ્યા છે. તેમણે પક્ષપાત કે પક્ષા-પક્ષીમાં પડ્યા વિના સાહિત્યને સૈદ્ધાંતિક રીતે હંમેશા ન્યાય આપ્યો છે.

'શ્રીમદ્ રાજચન્દ્રઃ આત્મવિદ્યાના ઉદ્‌ગાતા' માં લેખકે જણાવ્યું છે કે અર્વાચીન સમયમાં પશ્ચિમના સુધારાની આંધળી દોટ સામે ગુજરાતના ધાર્મિક જીવનને નવો વળાંક મળ્યો, ગુજરાતી પ્રજાને ધર્મનું સારતત્ત્વ સપડાવવામાં તેમણે કરેલા ગંજાવર કાર્યનો ખ્યાલ આપે છે. તેમજ શાસ્ત્રનું તત્ત્વ- એનો મર્મ તારવી લઈ આત્મવિદ્યાનું તેમણે તર્કસંગત અને અનુભવસિદ્ધ પ્રતિપાદક આપ્યું છે. 'મનની કેળવણી' 'તૈતરિય' ઉપનિષદમાં અન્તમયકોષ, પ્રાણમયકોષ, મનોમયકોષ અને આનંદમયકોષનું વર્ણન આવે છે. આપણી કેળવણીમાં પણ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કેળવણીનો આદર્શ રજૂ કરવામાં આવે છે. પરંતુ લેખક કહે છે કે આપણા જીવન વ્યવહારમાં મન જ મોટો ભાગ ભજવતું હોય છે. લેખકે અહીં મનને સ્વસ્થ, શાંત અને સુંદર બનાવવાની ભલામણ કરતાં કહ્યું છે કે 'માનવના જીવનનું ધ્યેય આધ્યાત્મિક હો યા આધિભૌતિક હો, પરંતુ એક સારા 'માણસ' બનવા માટે પણ તેણે પોતાના મનને શાંત સુંદર રાખવું જોઈએ. તંદુરસ્ત સામાજિક જીવન જીવવા માટે એ અગત્યનું છે, એટલું જ નહિ પણ અનિવાર્ય છે.' અહીં લેખકે ગીતાના ગ્રંથની સાથે મૂલવતા કહ્યું છે કે શ્રીકૃષ્ણે પોતાની અષ્ટપ્રકૃતિમાં 'મન'ની ગણના કરી છે અને છઠ્ઠી ઈન્દ્રિય તરીકે પણ 'મન' ને તેમણે ગણાવ્યું છે. **'मनः षष्ठानीन्द्रियाणी'**

અહીં વિવેચકનું જીવન પ્રત્યેનું ચિંતન, જીવન શૈલી તેમજ આત્મચિંતનની લાગણીનું દર્શન થાય છે. તેમની વિવેચકવૃત્તિમાં કાવ્યત્મકતા અને હૃદયના કાવ્યમયભાવો તેમના લખાણમાં અવારનવાર ડોકિયાં કરતા હોવા છતાં, તેમના વિવેચનમાં રહેલી પારદર્શિતા અને

સ્પષ્ટતા ક્યાંય છીછરી ઉતરતી નથી કે પક્ષપાતયુક્ત લાગતી નથી. સાહિત્યપ્રત્યેનો તેમનો આદર્શ તેમના લેખોમાં હંમેશા સચવાયો છે એટલું જ નહીં એ આદર્શને ઝીલવા એમણે તેમના ઘણા લેખમાં કેટલાક સર્જકોને પણ સાહિત્યના સૈદ્ધાંતિક આદર્શ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. એ તેમના સાહિત્ય જ્ઞાનની નિપુણતા દર્શાવે છે.

'પરિમાણ' વિવેચન પુસ્તકમાં વ્યાખ્યાનો, વ્યાખ્યાનનિબંધો, વાર્તાલાપો, અવલોકનો, પ્રસ્તાવનાઓ વગેરે લેખો ગ્રંથસ્થ થયા છે. ૩૮ જેટલા વિવેચન લેખોને બે વિભાગમાં વહેંચીએ તો કેટલાક લેખો સાહિત્ય વિચારણાના લેખો છે. જ્યારે કેટલાક સાહિત્ય વિવેચનના લેખો છે. પ્રથમ વિભાગની વિશેષતા સમકાલીન જીવનના સંદર્ભમાં સાહિત્યના મહત્ત્વના મૂળભૂત પ્રશ્નોને કોઈપણ પ્રકારના રાગદ્વેષ, ઉહા-અપોહ કે વાદવિવાદથી ખરડયા મરડયા વિના સર્વગ્રાહી દૃષ્ટિથી અને અન્ય વિવેચકે મુખ્યત્વે પાશ્ચાત્ય સાહિત્યના અભિપ્રાય સિદ્ધાંત આદિની પુષ્ટિથી સમજવા-સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. બીજા વિભાગમાં કવિતા, કવિતા સંચય, નાટક, નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ, પ્રવાસ, આત્મકથા, જીવનચરિત્ર એમ લગભગ બધા જ સાહિત્યસ્વરૂપો પર લેખકે વિવેચન કર્યું છે. અરે વિવેચનનું પણ વિવેચન કર્યું છે. પહેલી નજરે તરત જ ધ્યાનમાં આવે એમ છે કે આ સૌ સાહિત્યસ્વરૂપોમાં જૂજ અપવાદો સિવાય જેમની શાહી પણ સુકાઈ ન હોય એવી કૃતિઓ પર લેખકે વિવેચન કર્યું છે. એટલે કે સર્જાતા સાહિત્ય પરનું વિવેચન એ આ સંગ્રહની વિશેષતા છે.

'વિવેચનની ઉપયોગીતા-લેખકને' વિશેના વિવેચન લેખમાં સાહિત્યસૃષ્ટિમાં વિવેચકે સર્જક, ભાવક અને વિવેચકનું મહત્ત્વ બતાવતા કહ્યું છે. 'સમાજનો બીજો કોઈ વર્ગ ન કરી શકે એ કામ સર્જક કરી શકે છે.'[૭] વિવેચક રમણલાલ જોશીના આ શબ્દોએ સર્જકની પીઠ માત્ર થાબડી છે એવું નથી પરંતુ ખરેખર સર્જકની કદર કરી છે એટલું જ નહી. પરંતુ તેમની પ્રતિષ્ઠા વધારી છે. લેખક કહે છે કે વિવેચક અનુભવોની આકારવિહીનતાને આકારબદ્ધ કરે

છે. વહી જતી ક્ષણોને તે કલારૂપે અમરતા બક્ષે છે. 'ક્ષણિક' ને 'સનાતન'માં ફેરવે છે અને ખરેખર આ રીતે સૌંદર્યના સર્જન દ્વારા સમાજની એક ઉત્કૃષ્ટ આધ્યાત્મિક જરૂરિયાતોને સંતોષવાનું કાર્ય કરે છે. વિવેચન સર્જકને ક્યાં મદદ કરે છે? એ બાબતે રમણલાલ જોશી કહે છે કે 'ખરેખર વિવેચકનું કાર્ય સર્જકને પોતાની યાત્રામાં સૂચનો ચેતવણીઓ અને સાવચેતીઓ વિવેચનમાંથી મળી શકે છે.'

સર્જક અને વિવેચકના ખ્યાલો સ્પષ્ટ કરતા રમણલાલ જોશી કહે છે કે 'કાંઈક આવા લેખકોને પોતાની કૃતિઓ પરના વિવેચનોથી નુકશાન થયાના દાખલા જાણીતા છે. પણ એને માટે બીજા કારણો પણ જવાબદાર હોય. સાચું વિવેચન નથી કરતું નુકશાન કે નથી રૂંધતું વિકાસ, ઘણીવાર એમ કહેવાય છે કે તેઓ પોતે માર્ગ શોધતા હોય છે. કલાકૃતિને પામવાનો માર્ગ ઘણો અટપટો અને સતત જાગૃતિ માંગી લે એવો છે. વિવેચકે તટસ્થતાપૂર્વક વિવેચન કરવું જોઈએ એમ આપણે કહીએ છીએ તો એમ પણ કહી શકીએ કે સર્જકોએ પોતાની કૃતિઓ પરનાં વિવેચનો બને તેટલી તટસ્થતાથી વાંચવાં જોઈએ. વિવેચનનિબંધની પોતાની રચના અને વિવેચકનો અભિગમ એ બંનેવાનાં તપાસવાં જોઈએ અને સંભવ છે કે વિવેચક કંઈક શોધી રહ્યો છે એની પ્રતીતિ થાય.'[૮]

આથી કહી શકાય કે સર્જનકલા અને વિવેચનશાસ્ત્ર એ પરસ્પર મૈત્રીસંબંધથી ગૂંથાયેલા છે. 'સાહિત્ય અને જીવન', 'સાહિત્યવિવેચન અને જીવનમૂલ્યોનો સંબંધ', 'સાહિત્યમાં પરંપરા અને પ્રયોગો', 'સાહિત્યપ્રીતિની અભિવ્યક્તિ' વગેરે તેમના સાહિત્ય વિષયક લેખો છે. સાહિત્યની ચર્ચા કરતાં રમણલાલ જોશીએ પ્લેટોના વાક્ય 'સાહિત્ય માણસની અંદર રહેલા કૃતિતત્ત્વને પાંગળું કરનારું છે, ગેરમાર્ગે દોરનારું છે' નો જવાબ આપતાં કહ્યું છે.

'સમાજધુરીણો, સમાજહિતચિંતકો જમાને જમાને સાહિત્યની બાબતમાં કાગારોળ કરી મૂકતા જણાય છે. તે દરેક સાહિત્યની પ્રભાવક શક્તિ પિછાને છે પણ સાહિત્ય તેમનું

કામ કરી આપે તેવી અપેક્ષા તેમને હોય છે. ધર્મવાળાઓ, રાજકારણવાળાઓ સુધારકો પોતાનું દળણું સાહિત્ય પાસે દળાવવા ઈચ્છે છે. સૌ ઉપયોગીતાવાદીઓ સાહિત્ય ઉપર કોઈને કોઈ પ્રયોજન લાદવા રહેલાં છે. પણ સાહિત્ય પોતાની ચાલ છોડતું નથી.'[૯]

'સાહિત્યમાં પરંપરા અને પ્રયોગો'માં વિવેચકે સાહિત્યમાં અવનવા અખતરા કરવા કરતાં સર્જક પરંપરાને અનુસરીને પોતાની સર્જનશક્તિ ખીલવે એ વધુ આવશ્યક છે એવું રમણલાલ જોશીએ પ્રતિપાદન કર્યું છે.

'કાકાસાહેબનું સાહિત્યવિવેચન' એ શ્રેષ્ઠ વિવેચન લેખ છે જેમાં કાકાસાહેબના વિવેચન કાર્ય માટે લેખકે 'વિશિષ્ટ' શબ્દ વાપરીને તેના વિવેચન કાર્યના ખૂબ ગુણગાન ગાવા કહ્યું છે કે 'સાહિત્યની સુગંધ વિવેચનમાંથી મહેંકી ન ઊઠે તો વિવેચન ઊણું ઊતર્યું ગણાય. સાહિત્યવિવેચન, મૂલ્યાંકન, અર્થઘટન, તોલન કે વિશ્લેષણ-સંયોજન કરે, પણ અંતે એ સાહિત્યની કક્ષા સુધી પહોંચે એમાં જ એની ચરિતાર્થતા છે.'[૧૦]

ગેરડના મત મુજબ લેખક કહે છે કે સાહિત્ય વિવેચનનું મુખ્ય કાર્ય તે આનંદ આપવાનું છે અને એને માટે વિવેચકમાં ત્રણ ગુણોની અપેક્ષા રાખે છે.

૧. વિવેચકનો માહિતીફલક વિસ્તૃત હોવો જોઈએ.

૨. વિવેચન પદ્ધતિમાં વિવિધતા હોવી જોઈએ.

૩. એના વ્યક્તિત્વની પ્રબળ અસરથી વિવેચન અંકિત થવું જોઈએ.

લેખકને આ ત્રણ ગુણો પૈકી છેલ્લા બે ગુણો કાકાસાહેબમાં સુપેરે દષ્ટિગોચર થયા છે, એવું પ્રતિપાદન કરતાં વિવેચકને તેમના વિવેચનમાં ચિંતનશીલતા સાહિત્ય સંદર્ભોની યથાસ્થાને ગોઠવણ તેમજ તેની માર્મિકતાની, તેના સાહિત્યિક આનંદની વિવેચકે ગણના કરી છે. કાકાસાહેબની કલા પ્રત્યેનો લગાવ અને ઉત્કૃષ્ટતાની લેખકે સરાહના કરતા તેમનો કલા પ્રત્યેનો આદર્શ બતાવતાં કહ્યું છે કે 'તાદાત્મ્ય અને તાટસ્થ્ય એ બંને પરસ્પર વિરોધી લાગતી

ઉત્કટ વૃત્તિઓનું સંપૂર્ણ મિલન થવું જોઈએ.' અને 'આ જ એક સર્વોચ્ચ રસસિદ્ધ છે.'[૧૧]

'કવિતા', 'કાવ્યમાં શબ્દ', 'ઊર્મિકાવ્યો', 'કાવ્યશિલ્પ', 'ભારતીય કવિતા ૧૯૫૩', 'કવિતા ૧૯૫૫' 'કવિતા ૧૯૫૬' વગેરે તેમના કવિતા અંગેના વિવેચનલેખો છે. 'કવિતા'માં લેખકે કાવ્યસર્જનની પ્રેરણાથી લઈને 'કાવ્ય-પુદ્‌ગલત, કાવ્યમાં છંદ તેમજ ભાવકલ્પન' અને શબ્દશક્તિ જેવી બાબતોની ચર્ચા કરી છે, તો બીજી બાજુ કવિતાનું સૂક્ષ્મભાવદર્શન કરવાનું પણ લેખક ચૂક્યા નથી તેમણે કવિતાની ભાવ અને સમસંવેદના વિશે પણ વાત કરી છે. કાવ્યની વ્યાખ્યા કરતાં લેખક કહે છે કે 'કાવ્યનું આકારગત સૌંદર્ય સપ્રમાણતા, સંવાદિતા અને અખંડિતતાથી સિદ્ધ થતું હોય છે.'[૧૨]

'કાવ્યમાં શબ્દ' એ ડૉ. હરિવલ્લભ ભાયાણીનું 'સૈદ્ધાંતિક વિવેચનનું પુસ્તક છે. ડૉ. ભાયાણીએ 'આકૃતિ', 'ઈમેજ', 'સિમ્બોલ', 'મિથ', 'ઔચિત્ય', 'સૌન્દર્ય' લય આદિના ચોકકસ વિભાગો સ્પષ્ટ કરીને વિવેચનક્ષેત્રમાં એક મહત્ત્વનું કાર્ય કર્યું છે. જેમાં વિવેચકનો સર્વત્ર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સત્યશોધનનો રસ દેખાય છે. 'ઊર્મિકાવ્યો' એ તા.૨ જૂન ૧૯૫૮ના રોજ 'ઓલ ઈન્ડિયા' રેડિયો પર બોલાયેલું નીચે દર્શાવ્યા મુજબનું નરસિંહ મહેતાનું કાવ્ય છે.

'જાગીને જોંઉ તો જગત દીસે નહિ
ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'

અહીં વિવેચકે કાવ્ય ગદ્ય અને પદ્યમાં બન્નેમાં હોય એવું સ્પષ્ટ કરતાં સંસ્કૃત વાક્ય પણ ટાંક્યું છે. 'કાવ્ય ગદ્ય પદ્ય યા' તેમજ ઊર્મિકાવ્યો ગેય અને અગેય બન્ને હોઈ શકે. એની લેખકે ચર્ચા કરી છે. આ સિવાય અર્વાચીન કવિઓમાં ઉમાશંકર જોશી, સુન્દરમ્, સ્નેહરશ્મિ, શ્રીધરાણી, બેટાઈ, બાદરાયણ, મનસુખલાલ ઝવેરી આદિ કવિઓનાં ગીતોની

ચર્ચા કરી છે. 'કવિતા ૧૯૫૫' અને 'કવિતા ૧૯૫૬' એ સુરેશદલાલની સંપાદિત કૃતિ છે. સુરેશ દલાલે અહીં કવિતા અને કલાને 'દેવી' કહીને કહ્યું છે કે દીર્ઘ, અવિરત શ્રદ્ધાન, નિર્મલ, પરમભક્તિ વડે જ તેઓ રીઝે તો રીઝે જેના ઉપર જેટલી રીઝે તેટલું તેનું અહોભાગ્ય. આમ લેખકે તેમની કવિતા પ્રત્યેની તેમની પ્રીતિ અને જનતાને આકર્ષવાની કવિની કાવ્યાત્મકવૃત્તિની સર્વથા ગાથા ગાઈ છે. 'કાન્તના નાટકો' અને 'રોબર્ટ શરવૂડ: અગ્રણી અમેરિકન નાટકકાર' વિશે પણ વિવેચન કર્યું છે, તેમજ 'સુકુમાર સંવેદનાની ફાંસી', 'વિવર્ત', 'ઈશિતા' જેવી નવલકથાઓનું વિવેચન કરતાં એક પારદર્શી વિવેચકનો ઉત્તમ પરિચય આપ્યો છે. જેમાં તેમની શૈલી, શબ્દો અને વિષયવસ્તુની ચર્ચા કરતાં સુંદર બાબતોની સરાહના કરી છે તો અણછાજતી કે અછડતી બાબતો વિશે સ્પષ્ટવકતા બનીને અંગુલિનિર્દેશ કર્યો છે. 'અશ્રુઘર' રાવજી પટેલની નવલકથાને વિવેચકે ગામડું, ગામડાના પ્રશ્નો, કુરિવાજો, વહેમો જેવી બાબતો પ્રત્યે કયાંક પરંપરાગત નવલકથાઓની હરોળમાં મૂકી છે તો સૂક્ષ્મનિરીક્ષણ કરતાં તેમના બદલાયેલા અભિગમ વિશે વિવેચક તેમણે વાપરેલી કવિતાની તરકીબોના વખાણ કરે છે તેમજ તેમણે પ્રયોજેલાં પ્રતીકો અને કલ્પનોની પણ વિવેચકે નોંધ લીધી છે. રમણલાલ જોશીએ 'બળવંતરાય: વાર્તાકાર', 'મનોવિશ્લેષણાત્મક વાર્તા', મોહનલાલ પટેલનો 'હાવા તુમ ધીરે બહો!' રઘુવીર ચૌધરીનો પ્રથમ વાર્તાસંગ્રહ 'આકસ્મિક સ્પર્શ' જેવાં વાર્તાવિષયક વિવેચનો આપ્યાં છે. બળવંતરાયની વાર્તાઓના વિવેચનમાં તેમણે તેમની પહેલાંના અને પછીના વાર્તાસાહિત્યની ચર્ચા કરીને વાર્તા વિશે કહ્યું છે. 'બળવંતરાયને વાર્તાની સૂઝ છે તેટલું કૌશલ નથી. પરિણામે આખો સંગ્રહ એક આશાની લાગણી જન્માવે છે. સંતૃપ્તિ નહી.' (પરિમાણ પૃ.૧૭૯) લેખકની વર્ણન શક્તિ, તેમની પાત્રસૃષ્ટિતા વખાણ કરતાં લેખક કહે છે કે વાર્તાક્ષેત્રે પ્રો. ઠાકોરને ભલે સિદ્ધિ ન સાંપડી હોય, પણ એમના જેવાઓની સાધના એ પણ મહત્ત્વની બીના છે. વાર્તાસાહિત્યમાં પોતાના પગરવ પાડનાર શ્રી કેતન

મુનશીનો 'સ્વપ્નનો ભંગાર' ૨૪ વાર્તાઓનો સંગ્રહ છે. જેનું વિવેચન કરતાં લેખકે તેને પ્રેરણા કે પ્રોત્સાહન આપવાને બદલે પારદર્શી સત્યતા વાપરે છે. તેમજ તેની વાર્ણન શક્તિના વિવેચકે અહીં વખાણ કર્યાં છે. 'આકસ્મિક સ્પર્શ'ની ચર્ચા કરતાં તેમણે રઘુવીર ચૌધરી વિશે જે કહ્યું છે તે એના જ શબ્દોમાં જોઈએ.

'શ્રી રઘુવીરમાં વાર્તા કહેવાની હથોટી છે. પરિસ્થિતિને અજવાળવાની શક્તિ છે અને વિવિધ સ્થિત્યન્તરોમાં સંવાદ રચી એક સમગ્ર છાપ ઊભી કરવાની ફાવટ છે. 'તમ્મર' વાર્તામાં એનું સુગમ પરિણામ જોઈ શકાય છે.'[૧૩] તેઓ કહે છે તેમની પાસે કુશળ કથનરીતિ છે, નિરૂપણની સૂક્ષ્મતા છે, ગદ્યશૈલી છે, સુરેખચિત્રો ઉપસાવવાની આવડત અને પાત્રોના મનોભાવોનો માર્મિક પરિચય છે પણ એ બધી સજ્જતાનું પરિણામ સુશ્લિષ્ટ એકત્વરૂપે નિર્દેશેલી કેટલીક વાર્તાઓમાં થાય છે. 'નવલા દર્શન' એ સ્વામી આનંદનો સામયિકોમાં પ્રગટ થતા લેખોનો સંગ્રહ છે. વિવેચકના મતે સ્વામી આનંદને લલિત નિબંધનો આકાર ખૂબ અનુકૂળ છે. ખાસ કરીને બોલચાલની ભાષાભંગિઓ, ઘરાળું શબ્દપ્રયોગો અને અસરકારક ઉક્તિ વૈચિત્ર્યને કારણે એમનું ગદ્ય એક નવી જ છટાનો અને તાજગીનો અનુભવ કરાવતું. જે લઢણો એમના ગદ્યની વિશિષ્ટતા રૂપ હતી અને વૈયક્તિક મુદ્રા ઉપસાવવામાં ફાળો આપતી હતી એનો કાંઈક અતિરેક થતો હોય એવી છાપ પડે છે. 'જીવનપ્રદીપ' માં કાકાસાહેબના પુસ્તકનું વિવેચન કરતા રમણલાલ જોશી આધ્યાત્મિક પગદંડી પર રસપૂર્વક પ્રવાસ કરતા હોય એવું લાગે છે. તેમણે ભગવદ્‌ગીતાની કાલેલકરે કરી આપેલી વ્યાખ્યાની વિવેચનમાં નોંધ લીધી છે કે 'મહાત્મ્યકારની ભાષામાં કહીએ તો ભારતીય જીવનનું તેલ મહાભારત છે અને એ તેલ લઈને સળગાવેલી જ્ઞાનપ્રદીપ તે ભગવદ્‌ગીતા છે.' લેખકના કેટલાંક શબ્દો અને પંક્તિઓ રમણલાલ જોશીને એવા સ્પર્શી ગયા છે જે તેમણે પોતાના વિવેચનમાં અવતરણો ટાંક્યાં છે કે 'ગીતા એ મારે મન કોઈ ગ્રંથ નથી પણ જીવતી વ્યક્તિ

છે. તટસ્થ વ્યક્તિ પણ નથી પણ મારો કબજો લઈ મને દોરનાર અને છતાં મને બધી રીતે સ્વતંત્ર રાખનાર મંગલમૂર્તિ વ્યક્તિ છે.'- કાકા કાલેલકર[૧૪]

રમણલાલ જોશીના જ શબ્દોમાં તેમનું અવલોકન જોઈએ તો 'ગીતા માટેનો તેમનો પ્રેમ જુદાં જુદાં વર્ણનોમાં દેખાય છે. કવચિત્ તે ગીતાને 'પરમ ક્રાંતિકારક ગ્રંથ' ગણે છે. કોઈવાર 'પ્રેરણારૂપ ગુરુગ્રંથ' તરીકે વર્ણવે છે. ગીતા તેમને 'ઉચ્ચકોટિની કલાકૃતિ' લાગે છે તો એ એક 'વીરગીત, સંગ્રામગીત કે વિજયગીત છે. એમ કહે છે. છેવટે તેઓ ગીતાને રાષ્ટ્રમાતા તરીકે જુએ છે.'[૧૫]

'પરિમાણ'માં રમણલાલ જોશીએ 'યરવડા અનુભવ', 'દિલ્હીમાં ગાંધીજી', 'ખરી કેળવણી' વગેરે ગાંધીજી વિષયક વિવેચન લેખો આપ્યા છે. 'યરવડા અનુભવ' પુસ્તકને વિવેચકે 'વિશિષ્ટ' પુસ્તક તરીકે બિરદાવ્યું છે અને પ્રેરણાત્મપુસ્તકની સૌ ભારતવાસીઓને જેલયાત્રાના આ દસ્તાવેજી અહેવાલનો પરિચય કરવાનું સૂચવ્યું છે. વિવેચક કહે છે કે ગાંધીજી જેવા 'આતમની ઝૂઝ' વાળા સાધક પણ કેવા તો સ્વાધ્યાય પરાયણ હતા તે અનેકવિધ કાર્યો પ્રવૃત્તિઓ, મુલાકાતો ઉપરાંત પણ તેમણે કરેલા વાચનની જે યાદી આપી છે તે પરથી જોવા મળે છે. એમાં ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર' કે ન્હાનાલાલનું 'જયાજયંત' કે પ્રો. ઠાકોરનું 'ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન' પણ વધારે અગત્યનું તો તેમણે 'ચોપન વર્ષના વૃદ્ધ હોવા છતાં ચોવીસ વર્ષના તરૂણ જેટલા ઉત્સાહપૂર્વક અભ્યાસ માંડ્યો તે છે.' 'દિલ્હીમાં ગાંધીજી'માં શ્રી મનુબહેનની આ કૃતિ વિશે લખતાં લેખકને આ પુસ્તકમાં ગાંધીજીના વિવિધ પાસાવાળા વ્યક્તિત્વની જે છબી અહીં ઝીલાઈ છે તે ખૂબ સ્પર્શી ગઈ છે. લેખિકાની શૈલી એકંદરે વિશદ્ અને ઋજુ લાગી છે. ચિત્રાત્મકતામાં સહજતા દેખાય છે. 'ખરી કેળવણી'માં તેમના કેળવણી વિષયક વિચારો વિશે આલોચના કરતાં રમણલાલ જોશી કહે છે-

'કેળવણીનો આદર્શ' અને વિદ્યાર્થી જીવનના પ્રશ્નો' એ બે વિભાગમાં રાષ્ટ્રીય શિક્ષણ,

શિક્ષણનું માધ્યમ, શારીરિકશિક્ષણ, છાત્રાલયો, બ્રહ્મચર્ય, લોકશિક્ષણ, શારીરિક શિક્ષા, વિદ્યાર્થીઓનો કાર્યપ્રદેશ અને ફરજો નવરાશની કેળવણી, ધંધાદારી માર્ગદર્શન એમ અનેક વિષયો પર ગાંધીજીના વિચારો આ પુસ્તકમાં જોવા મળે છે.'[૧૬]

સમગ્ર પુસ્તક વિશે પોતાનું મંતવ્ય આપતાં નિરંજન ભગતે આ પુસ્તકમાં અંતિમ પૃષ્ઠ પર જે લખ્યું છે તે એમના પોતાના શબ્દોમાં-

'કાકા સાહેબનું સાહિત્ય વિવેચન અને બળવંતરાય: વાર્તાકાર' એ આ સંગ્રહના ઉત્તમોત્તમ વિવેચનલેખો છે.

એક અચ્છા વિવેચકને સૂઝે એવાં અને એટલાં પરિમાણોના સંદર્ભમાં વિચાર, કૃતિ કે કર્તા વિશે લેખકે અહીં વસ્તુથી માંડીને વ્યાકરણ લગીના સ્તરોએ ગુણદર્શન અને દોષદર્શન કરાવ્યું છે. એમને કોઈપણ અંતિમ નિર્ણય આપવાના આભરખા નથી; એ એક આદર્શ અધ્યાપકના ગૌરવને છાજે એવા નિ:સ્પૃહી અને તટસ્થ છે.' - નિરંજન ભગત

'પ્રત્યય વિવેચન સંગ્રહમાં આશરે ૨૬ જેટલા વિવેચન લેખોનો સમાવેશ થયેલો છે. જેમાં ઉમાશંકર જોશી, સુન્દરમ્, બ.ક.ઠાકોર, સુંદરજી બેટાઈ, ન્હાનાલાલ જેવા જાણીતા અને મોટાગજાના સાહિત્યકારોની કૃતિઓ વિશે થયેલા વિવેચનલેખોનો સંગ્રહ થયો છે. નવલકથા, વાર્તા, નાટક, કવિતા, વિવેચન પુસ્તકો તેમજ માનસશાસ્ત્ર વિષયક પુસ્તકોનો સમાવેશ થયો છે. 'ગો.મા.ત્રિ. વિશે બ.ક.ઠાકોર' માં ગોવર્ધનરામ વિશે જે સંગીત, મુલગામી અને સમુદ્ર વિવેચન થયું છે અને તેમની મહાનવલ 'સરસ્વતીચંદ્ર' અને અન્ય કૃતિઓનું તલસ્પર્શી પરીક્ષણ તેમના અક્ષરદેહને યથાર્થ પરિપ્રેક્ષ્યમાં વિલોકવાની દૃષ્ટિ આપે છે. એમાં બળવંતરાયનું સારું એવું યોગદાન છે. આવી બળવંતરાયની ઉત્તમ સરાહના કરનાર રમણલાલ જોશીએ પણ ગો.મા.ત્રિ.ના ઘણાં લેખો અને તેમની નવલકથાના પાત્રો પર વિવેચના કરીને આ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કર્યું છે. અહીં ગોવર્ધનરામની 'સ્ક્રેપબુકમાંથી અને તેમની ખાનગી

ડાયરીમાંથી તેમના વિષયક કેટલીક બાબતો આલેખાયેલી જોવા મળે છે. 'મુખપૃષ્ઠ'માં મથાળા નીચે આલેખાયેલું સરસ્વતીચંદ્રના પ્રકરણની નોંધ આપીને લેખકે અહીં નાની નાની બાબતોને આલેખી છે. ગોવર્ધનરામ વિશે ચિકિત્સક દષ્ટિએ પ્રગટ થયેલું આ પ્રથમ વિવેચન પુસ્તક છે. જેનું નામ છે. 'સરસ્વતીચંદ્રનું અવલોકન' આ ગ્રંથ સળંગ પ્રકરણબદ્ધ ન હોવા છતાં તેમાં ગોવર્ધનરામના જીવન વિશે, તેમની સારસ્વતપ્રતિભા વિશે તેમજ 'સરસ્વતીચંદ્ર' અને 'લીલાવતી જીવનકલા' વિશે મૂલ્યવાન વિવેચના આપણને મળે છે. જીવનદષ્ટિ ઘડવામાં ભાગ ભજવતા પરિબળોને તેમણે ઐતિહાસિક તેમજ જીવનવિષયક વિનિયોગ દ્વારા દર્શાવ્યું છે. જેમાં ગોવર્ધનરામની મર્યાદાઓ તેમણે સ્પષ્ટ કરી છે અને તેની ટીકા મૂલ્યવાળી છે. એ બાબતનો વિવેચક રમણલાલ જોશીનો સ્વીકાર યોગ્ય છે.

'કેટલાંક કાવ્યો ભા.-૨', 'એક રસદર્શન' 'રાસકુંજ', 'વ્યંજના'- હૃદય- ઉત્સવની કવિતા 'વૃંદાવનની કવિતા' 'ગુજરાત પ્રશસ્તિનાં કાવ્યો' 'ઉષાનું કાવ્ય' વગેરે તેમના કાવ્ય પરના વિવેચનલેખો છે. રમણલાલ જોશી કહે છે. 'કેટલાંક કાવ્યો'માં ન્હાનાલાલની કવિતાના વિષયવૈવિધ્યની સમૃદ્ધિ છે. એમાં જિજ્ઞાસુંની મૂંઝવણના, પ્રભુકલાના આ સૌન્દર્યના, પુણ્યપ્રણયની પ્રશસ્યભાવનાના અભિનવમંગલ લગ્નના, આર્યોચિત સંસ્કારિતાના આદર્શગૃહિણીની કર્તવ્યભાવનાના, હૃદયરસાયન પ્રાર્થનાના ને દર્શનનાં કાવ્યો છે. લેખકને આ કાવ્યોમાં શ્રાવણના સરવડા જેવા ગીતોની ઝરમર દેખાય છે. નખશિખ છંદોબદ્ધ આરસના ચોસલા જેવાં કાવ્યો, રસોન્મુખ ભાવકને આપણી કવિતાની સમૃદ્ધિ બતાવતાં ડોલનશૈલીનાં કાવ્યો છે, પ્રભુના પયંગબર સમા બાળકોના કિલકિલાટનાં કાવ્યો છે, ગરવી ગુજરાતના ગરબાઓની પણ લેખકે અહીં સરાહના કરી છે. રમણલાલ જોશીને ન્હાનાલાલના કાવ્યોની ઉત્તમ અને હૃદયસ્પર્શી કાવ્ય પંક્તિ જાણે કાવ્યસંગ્રહના ઉપવનમાંથી ચૂંટેલા સુંદર ફૂલ જેવી, એટલું જ નહિ સુગંધથી મધમધતા ફૂલો હોય તેવું લાગે છે. ન્હાનાલાલની

કવિતાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતા વિવેચક તેમની કવિતામાંથી હૃયંગમ ગીતો અને કવિતાઓ શોધી કાઢે છે, એટલું જ નહિ સુંદર પ્રાર્થના પણ કરે છે.

'પ્રભો । અન્તર્યામી જીવન જીવના દીનશરણા ।
પિતા! માતા! બન્ધુ! અનુપમ સખા! હિત કરણાં
પ્રભા, કીર્તિ, ક્રાન્તિ, ધન વિભવ-સર્વસ્વ જનના!
નમું છું વન્દુ છું, વિમલમુખ સ્વામી જગતના.'

રમણલાલ જોશીએ ન્હાનાલાલનાં ગીતોમાં રહેલા ભાવ અને લય તેમજ અર્થનું સાયુજ્ય કેટલું ધ્યાનાકર્ષક છે તેની ચર્ચા કરી છે તો ક્યારેક 'ઝીણા ઝરમર વરસે મેહ' દ્વારા નવોઢાના સ્વપ્ન સંસારની વાતો કરી છે. ગુજરાતી ભાષાના સુકુમારતાની પરાકાષ્ઠા સમા 'માફ કરજે બાલા'ની વાત  કરી છે. તે ઉપરાંત ચિત્રાત્મક કાવ્યોમાં 'યૌવના અને સૌભાગ્યવતી' જેવાં કાવ્યોની ચર્ચા કરી છે. 'વિલાસની શોભા' જેવાં કાવ્યોમાં સ્ત્રી જીવનની ત્રણ વિવિધ પરિસ્થિતિ જેવી કે કુમારિકા, સૌભાગ્યવતી ને વિધવાનાં રૂપોની ચર્ચા કરી છે. વિવેચકે ન્હાનાલાલનાં કેટલાંક કાવ્યોનું અવલોકન કરતાં તેમાંથી માનવીની અલ્પતા, ક્ષુદ્રતા ને અમંગલતા લોકોને કેવા સાલતા હોય છે. તેની વાત કરતાં એ પણ સૂચવ્યું છે અને કંઈક બૃહદ, કંઈક વિરાટ, કંઈક સુંદરને પામવાની એની સુષુપ્તિ ઈચ્છા હોય છે. પણ જો વ્યક્તિ આ દિશામાં પુરુષાર્થ કરે તો તેનું સર્જન દુનિયાને આપ્યા વિના રહી શકતો નથી એવી વિવેચકની વિચારસરણીમાં આબેહૂબ સાર્થકય રહેલું છે.

''વ્યંજના'- હૃદય- ઉત્સવની કવિતા'' માં 'વ્યંજના' એ સુંદરજી બેટાઈનો પાંચમો કાવ્યસંગ્રહ છે. રમણલાલ જોશીનાં અવલોકને તેમના કાવ્યસર્જનનું સાતત્ય અને સ્તર જાળવ્યું છે અને તેનું અર્પણ આપણી કવિતાધારામાં વિશિષ્ટ કોટિનું છે. 'વ્યંજના' ની કવિતામાં લેખકને ગતિશીલતાનું દર્શન થાય છે. જીવનના કરુણ કટુ અનુભવોમાંથી સંવાદ સિદ્ધ કરતી

હૃદયના ઉત્સવની કવિતા તરીકે વિવેચકે બિરદાવી છે. 'નિર્મિત' વિવેચનલેખમાં લેખકે શ્રીચન્દ્રશંકર ભટ્ટની કવિતામાંથી સૌંદર્યલક્ષિતાની ગાથા ગાય છે. વિવેચકે કવિહૃદયના નૈરાશ્ય વિસ્મય, વેદના, વિનોદ, આદિ ભાવોને તેના કાવ્યોમાંથી વીણી કાઢ્યા છે.વિવેચક કવિતા 'ખેડવું' જેવા શબ્દ (ક્રિયાપદ) પર થયેલા કાર્યના વખાણ કરે છે. 'ગુજરાત પ્રશસ્તિનાં કાવ્યો'માં લેખક કહે છે. 'વિજ્ઞાની ફિલસૂફ કે ઈતિહાસકાર જે કરી શકતો નથી તે કવિ કરી શકે છે. વસ્તુઓનું હાર્દ પ્રકટ કરે છે. એનું વ્યક્તિત્વ પ્રગટ કરે છે, એના આત્માની શ્રીનું દર્શન કરાવે છે.'[૧૭]

અહીં ગુજરાતની જાહોજલાલી, યશગાથા કે સમૃદ્ધિ, સમૃદ્ધ સાગરકિનારો, વેપાર-વાણિજ્ય કલાકારીગી વગેરે વિષય ઈતિહાસકારોએ લીધેલી નોંધનો લેખકે ઉલ્લેખ કર્યો છે-

'દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ
કસુમ્બી પ્રેમશૌર્ય અંકિત
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને
પ્રેમ ભક્તિની રીત-'[૧૮]

કવિ નર્મદનું આ પ્રસિદ્ધ કાવ્ય છે. 'જય જય ગરવી ગુજરાત' દલપતરામનું 'રળિયામણી ગુજરાત જોવા જોગ', નવલરામનું 'મારી ભરત ભૂમિ', 'રૂપાળી રઢિયાળી યશાળા', 'સુશીલનું પ્રભાત અને લલિતનું', 'જય મંગલપ્રિય જન્મભૂમિનું ગજાવિયે' એ કાવ્યોમાં વિવેચકને અતિશયોક્તિનાં દર્શન થાય છે. મલબારીનું 'ગુજરાતનું ભાવિ ગૌરવ' ઉદ્‌બોધન પ્રધાન કાવ્ય છે. ગુજરાતને લેખકે 'ભિન્ન ભિન્ન જાતિનું પિયર' કહ્યું છે. કારણ કે ગુર્જરો પોતે પણ બહારથી આવેલી પ્રજા છે, તેમજ અનેક પ્રદેશના લોકોને ગુજરાતે સાચવ્યા છે. દરેકે દરેકને ગુજરાતે અંતરથી આવકાર્યા છે. ગુજરાતની પ્રજામાં એક વ્યાપક ઉદારતા

જોવા મળે છે. વ્યવહારિક ડહાપણ પણ વિકસ્યું છે તો બીજી બાજુ એવી પ્રાદેશિક અસ્મિતા ગૌરવહીન બની છે એવું વિવેચકનું નિરીક્ષણ અને જ્ઞાન ઘણા અંશે યોગ્ય છે. અહીં રમણલાલ જોશીએ ગુજરાત બહારના કવિઓની પણ ગુજરાત પ્રત્યેના ગૌરવની ભાવનાની ગાથા અવલોકી છે. ગુજરાતની બહારના કવિઓ જેવા કે મલબારી અને ખબરદાર જેવા પારસી કવિઓએ પણ ગુજરાતી કાવ્યક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું છે. ખબરદારનું 'ગુણવંતી ગુજરાત' ગુજરાત પ્રશસ્તિનો એક વિશિષ્ટ નમૂનો છે. તો કયારેક અતિશયોક્તિ ભરી પંક્તિઓ તારવી કાઢવાનું લેખક ચૂક્યા નથી-

'મીઠી મનોહર વાડી આ,
ત્હારી નંદનવન શી અમોલ,
રસફૂલડા વીણતાં વીણતાં ત્યાં,
કરિયે નિત્ય કલોલ!'[૧૯]

લેખક કહે છે કે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસતી સાહસિક અને ઉદ્યમી પ્રજાએ જ્યાં જ્યાં પ્રસ્થાન કર્યું છે ત્યાં ત્યાં ગુજરાત ખડું કર્યું છે. જેનું ગાન ખબરદારે 'સદાકાળ ગુજરાત' માં કર્યું છે.

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી,
ત્યાં ત્યાં ગુર્જરતી મહોલ્લાત'[૨૦]

'સૌરાષ્ટ્ર' કાવ્યમાં બોટાદકરે સૌરાષ્ટ્રનું કોઈ વ્યક્તિત્વ ન અનુભવવાતું હોવા છતાં માત્ર એવું અતિશયોક્તિ ભર્યું ગુણગાન કર્યું છે ત્યારે લેખકે બહુજ પારદર્શી પણું સૂચવ્યું છે

કે 'ઈતિહાસ અને પુરાણોની વિગતોની મદદથી સૌરાષ્ટ્ર પ્રદેશ કેટલો મહાન અને ભવ્ય છે. એટલું કહી દેવાનો જ તેમનો ઉપક્રમ લાગે છે.'[૨૧]

બોટાદકરનું 'સૌરાષ્ટ્ર સુંદરી' કાવ્યમાં પણ સૌરાષ્ટ્રની નારીનું સુરેખચિત્ર આપવાને બદલે કવિએ જે સંસ્કૃત પ્રચુર શૈલીમાં વર્ણન કર્યું છે. તેમાં પણ કવિની અતિશયોક્તિએ ખરેખર માઝા મૂકી છે. એ આ કાવ્યના શબ્દો જ બતાવે છે.

'અતિથીભી પૂજન પૂણ્યવતી,
પથિકાગમ પાવન સાધાવતી;
જલભોજન દાન પ્રવાહવતી,
શ્રમવારણ ભવ્ય વિવેકની,
સુરનારી શી સોરઠ-સુંદરીએ;
ભૂવિ ભારતભૂષણ ભાગ્યવતી,
નરલોક વિષે ઈતસ્ત્ર નથી.'[૨૨]

જ્યારે બીજી બાજુ મનસુખલાલ ઝવેરીનું કાવ્ય રમણલાલ જોશીએ તુલનાત્મક સંદર્ભે મૂકયું છે તે જોવા જેવું છે જેમાં ખરેખર સૌરાષ્ટ્રનું સુભગ વર્ણન આપ્યું છે.

'નીલી સાડી સરસ, ફૂલની
ભાતવાળી, રૂપાળી,
ને મુકતાની રૂમઝૂમ થતી
મેખલા અબ્ધિ કેરી;
હૈયે ઝીણી સરિત જળની
સરેના મૌકિતકોતા
હારોવાળી લલિત,
અતિશે સ્હોય સૌરાષ્ટ્ર નારી.'[૨૩]

વિવેચન ક્ષેત્રે પક્ષપાતથી પર અને ખરેખર સત્યને કલમ દ્વારા પોતાના વિવેચનમાં આલેખતી વખતે કવિહૃદયની સાક્ષીએ કામ કરનાર રમણલાલ જોશીનું વિવેચનકાર્ય ઉત્તમ કક્ષાનું કાર્ય સાહિત્યના ઈતિહાસમાં બની શકે તેવી સક્ષમતા ધરાવનારું છે.

'ઉષાનું કાવ્ય'માં કવિ ન્હાનાલાલની ગદ્યમાં લખાયેલા કાવ્યની તારીફ કરી છે. 'શાકુન્તલ'ના સમશ્લોકી અનુવાદમાં રમણલાલ જોશી કહે છે કે ઉમાશંકર જોશીના આ પહેલા 'શાકુન્તલ'માં અનુવાદક્ષેત્રે ખખ્ખરની જડબેસલાક, ઝવેરીલાલ યાજ્ઞિકનો ગદ્યાળું, બળવંતરાયનો ઋણ, મગનભાઈ પટેલનો અસુભગ, ન્હાનાલાલનો કવચિત્ નાટકીય અનુવાદ જોવા મળે છે. શ્રી ઉમાશંકરે પણ કાલિદાસના સઘળા વિવેચકોના અભિપ્રાયોને પાશ્વભૂમિકામાં રાખી પોતાની આગવી રીતે 'શાકુન્તલ' પર મુખ્યત્વે ગેટે, રવીન્દ્રનાથની સમાલોચના તંતુને કૃતિના રહસ્યઉકેલમાં આગળ લંબાવ્યો છે.

'ધૂમકેતુનો વ્યાપક સાહિત્ય વિચાર' લેખમાં સ્વ. ધૂમકેતુનાં 'જીવનચક્ર' 'સર્જન અને ચિંતન', 'વાતાયન', 'સંસ્કારરેખા' જેવાં પુસ્તકોમાંથી તેમના સાહિત્યવિષયક લખાણોને જુદા તારવી તેમાં કેટલાંક અગ્રંથસ્થ લખાણો ઉમેરીને 'ધૂમકેતુ'ની 'સાહિત્યવિચારણા' પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

'સાહિત્ય પ્રત્યે એક વિધેયાત્મક અભિમુખતા કેળવવામાં સાહિત્યવિશેની સમજણ વધારે દૃઢાવવામાં અને સાહિત્યરસિકોની રુચિ ઘડવામાં આવાં લખાણો નિ:શંક ઉપયોગી નીવડે.'[૨૪]

લેખકના અભિપ્રાય મુજબ ધૂમકેતુ સાહિત્યક્ષેત્રે એક અગ્રાણી વાર્તાકાર હતા અને આ નવીન છોડને સાહિત્યક્ષેત્રમાં દૃઢમૂલ કરવામાં તેમણે ઐતિહાસિક ફાળો આપેલો છે. તેમને ઘણા વિષયોમાં રસ હતો. ભારતીય અને પાશ્ચાત્ય જીવનચિંતકોનો અભ્યાસ હતો. સાહિત્ય પ્રશ્નોની પર્યેષણા કરનાર પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સાહિત્યશાસ્ત્રીઓનાં લખાણોનો પણ તેમને પરિચય હતો. તેમણે લલિત નિબંધનો સાહિત્યપ્રકાર વિશેષ અનુકૂળ આવે છે અને એટલે

આ સંગ્રહમાં પણ આચાર્ય આનંદશંકર ધ્રુવ, કવિશ્રી ન્હાનાલાલ, સાક્ષર કેશવ ધ્રુવ અને મેઘાણી વિષેના લઘુલેખો લલિત નિબંધના ઢાળામાં ઢળે છે અને પૂરતા સંતર્પક નીવડે છે, રમણલાલ જોશીએ ધૂમકેતુના સાહિત્યવિષયક લખાણોને પાંચ વિભાગમાં વિભાજિત કર્યાં છે. પ્રતિભા, કવિતા, સર્જન અને વિવેચન વગેરે.

'અવલોકના' ૧૯૬૫માં આ વિવેચનસંગ્રહ પ્રગટ કરનાર આપણા જાણીતા સર્જક શ્રી સુન્દરમ હતા. આ વિવેચનસંગ્રહ પ્રગટ થયો ત્યારે એના ફ્લેપ પરના લખાણમાં લેખકે 'સુચારું વ્યક્તિત્વનો આસ્વાદ' એવો શબ્દ વાપરેલો એ ઉપરથી એક મિત્રે લેખકને પૂછેલું ''સર્જનાત્મક સાહિત્યકૃતિ વિષે 'વ્યક્તિત્વનો આસ્વાદ' એવો શબ્દ યોગ્ય ગણાય, પણ વિવેચન વિશે આ યોગ્ય છે?''[૨૫] લેખકે આ મતલબનો જવાબ આપેલો.

'સર્જક કૃતિમાં છેવટને પક્ષે આસ્વાદ્ય છે, કળાકારનું વ્યક્તિત્વ. ક્રોચે જેને 'ઈમ્પિરિકલ પર્સનાલિટિ' કહે છે. તે નહિ પણ કળાકારનું કળાકાર તરીકેનું વ્યક્તિત્વ જ આસ્વાદ્ય છે. કળા તરીકે મુલવતી વખતે એમાં પદે પદે કળાકારની હાજરી વરતાય છે કે નહિ એ જ મુખ્ય સવાલ છે. વિવેચનમાં જરા જુદી રીતે પણ વિવેચકના વ્યક્તિત્વનો આસ્વાદ મળે છે. જુદી જુદી કલાગત અવસ્થિતિઓના પ્રતિભાવો આપતી વિવેચક શક્તિ દ્વારા વિવેચકનો મિજાજ એની પ્રસન્નતા, એનો ખોફ, એના છણકા, એની નારાજી, નાપસંદગી વિરૂપતા પ્રત્યેની ચીડ-એ એક મુખ્ય આસ્વાદ્ય વસ્તુ છે. વ્યક્તિત્વના આસ્વાદ દ્વારા મારી આ વિવક્ષા છે.'[૨૬]

'અવલોકના'ના કેટલાક વિવેચન લેખોમાં એના લેખકનો ઊંડો અભ્યાસ, નિર્મલ સંવેદનશક્તિ, સાહિત્યિક પ્રવાહોની ઝીણી માર્મિક સમજ, બૌદ્ધિક સજ્જતા અને પ્રાસાહિત ગદ્યશૈલી જોવા મળે છે.

'બે નવલકથાઓ' વિવેચનલેખમાં લેખકે શ્રીકૃષ્ણપ્રસાદ ભટ્ટની 'સમય સમયના રંગ' અને 'દિલના દાન' આ બંને નવલકથાની આલોચના કરી છે. પ્રસ્તાવનામાં રમણલાલ

જોશીએ તેમની અન્ય વિષયોની નવલકથાઓ જેવી કે ઐતિહાસિક સામાજિક અને રાજકીય નવલકથાના લેખક તરીકે ઉલ્લેખ કર્યો છે. 'સમય સમયના રંગ' એ ધાર્મિક ગણી શકાય તેવી નવલકથામાં તંત્રમાર્ગની ચમત્કારિક સાધના અને એક કુટુંબમાં કેવો દાવાનળ સળગાવે છે. એનો કરૂણ ચિતાર તેમણે આપ્યો છે અને છેવટે એ માર્ગનો સાધક પોતે જ અધ:પતનને પામે છે. ભાષા એકંદરે શિષ્ટ છે. છતાં પાત્રો પોતાના સંસ્કારો અને કેળવણીને અનુરૂપ ભાષા બોલે તે યોગ્ય ગણાય. 'દિલના દાન' નવલકથામાં આર્યસંસ્કૃતિના ઉચ્ચ આદર્શો ભાવનાઓ અને પ્રાચીન રિવાજોમાં રહેલી સામાજિક અભ્યુદયની શકયતાઓનું નિરૂપણ કરે છે તેમજ તેમાં લેખકે તત્કાલીન સમાજના પ્રશ્નોને પણ સાંભળી લીધા છે અને એના ઉકેલ પણ સૂચવ્યા છે.

'શેકસપિયરની નવલકથાઓ'માં શેકસપિયરની ચોથી જન્મશતાબ્દી પ્રસંગે દેશની વિવિધ ભાષાઓમાં આ મહાન નાટ્યકારની બહુમુખી પ્રતિભાનાં જુદાં જુદાં પાસાં અંગે સારું એવું વિવેચન થયેલું છે. 'નરસિંહરાવની રોજનીશી'માં લેખકને સત્યપ્રિયતા, સાહિત્યભક્તિ, ચિંતનશીલતા, સંસ્કારપ્રિયતા, વિનોદ, ટેક, આત્મગૌરવ, ઈશ્વરનિષ્ઠા વગેરે ઉમદાગુણો રોજનીશીના પાને પાને વર્તાય છે. લેખકે નરસિંહરાવ માટે 'ગુજરાતી સાહિત્યના ભીષ્મ પિતામહ' શબ્દ વાપર્યો છે. નરસિંહરાવ પહેલા સફળ ઊર્મિકવિ, રમણીય શૈલીના ગદ્યકાર, વ્યુત્પન્ન ભાષાશાસ્ત્રી, સમર્થ વિવેચક, રસિક સંગીતજ્ઞ અને વિદ્યાવ્યાસંગી વિચારક હતા, તેમ કહીને વિવેચકે તેમનું યોગ્ય મૂલ્યાંકન કર્યું હોય તેવું લાગે છે. 'સ્વભાવ દર્શન' એ શ્રી હર્ષિદા પંડિતનું માનસશાસ્ત્ર વિષયક પુસ્તક છે. જેમાં લેખકે લેખિકાની માનવસેવા ભાવનાના માર્મિક પાસાની વાત કરી છે. 'પી.ઈ.એન. અને એનાં ભારતીય લેખક સંમેલનો' વિવેચન લેખમાં લેખકે પી.ઈ.એન. એ લેખકોની આંતરરાષ્ટ્રીય સંસ્થાની જાણકારી આપી છે. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના શ્રીમતી ડાઉસન સ્કોટે ૧૯૧૧માં લંડનમાં કરી હતી. ૧૯૩૩માં આંતરરાષ્ટ્રીય પી.ઈ.એન.ના મંત્રી હર્મન આઉલ્ડ અને શ્રીમતી સોફિયા વાડિયા લંડનમાં મળ્યા અને

ભારતમાં પી.ઈ.એન.નું કેન્દ્ર સ્થાપવા અંગે તેમની વચ્ચે વાતચીત થઈ. શ્રીમતી સોફિયા વાડિયાએ ભારતમાં આવી કાર્ય શરું કર્યું ને રવીન્દ્રનાથ ટાગોરે આ વિચાર વધાવી લીધો અને પી.ઈ.એન.ના પ્રમુખ બનવાનું સ્વીકાર્યુ. શ્રીમતી સરોજીની નાયડુ, રામાનંદ ચેટર્જી અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ઉપપ્રમુખો તરીકે ચૂંટાયા, જવાહરલાલ નહેરુએ પણ એમાં ખૂબ રસ લીધો અને સાહિત્યિક ચર્ચાની બેઠકો વિષયક માહિતીથી ભરપૂર વિવેચન લેખમાં ઘણું જ જાણવા જેવું અને માણવા જેવું છે. 'વડનગર' વિવેચન લેખમાં રમણલાલ જોશીનો વડનગર પ્રત્યેનો પ્રેમ ઊભરી આવતો હોય તેવું સ્પષ્ટ દેખાય છે. વડનગરના વિવિધ નામો, તેના ઐતિહાસિક ધામો, સરોવરો અને સૌંદર્યધામો વિષયક ચર્ચા કરી છે. તો 'બાર બાર વર્ષે શેમળા ખોદાવ્યું..' લોકગીતમાં એક સતીના બલિદાનની દંતકથા પણ મૂકી છે.

'સમાન્તર' એ ૧૯૭૬માં પ્રકાશિત થયેલો રમણલાલ જોશીનો મહત્ત્વનો વિવેચનસંગ્રહ છે. જેમાં આશરે ૨૫ જેટલા વિવેચન લેખોનો સમાવેશ થયો છે. આનંદશંકર ધ્રુવે ૧૯૦૯માં 'સુદર્શન ગદ્યાવલિ'ની પ્રસ્તાવના લખવા પ્રસંગે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના ગુજરાતી સાહિત્યનું વિહંગાવલોકન કરતાં લખ્યું જેના પર રમણલાલ જોશીએ કરેલા વિવેચન અનુસાર 'ગોવર્ધનરામના જીવનદર્શનમાં 'જીવન' અને 'દર્શન' શબ્દનો અર્થ જે બતાવ્યો છે તે શીર્ષકની યથાર્થતા પૂરવાર કરે છે. દરેક બાબતને અક્ષરશ: નિહાળવી અને સૂક્ષ્મ રીતે તેના અર્થને વિશાળ ફલક પર સમજાવવાનું રમણલાલનું કાર્ય ઘણું જ ઉત્તમ કક્ષાનું છે. વિવેચક નોંધે છે કે 'ગોવર્ધનરામના કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રિમાર્ગનો સમન્વય થયેલો હોવા છતાં તેમનો ઝોક વેદાંત પ્રત્યેજ સવિશેષ રહેલો છે. ગોવર્ધનરામની વૈયક્તિક જીવન સાધના અને પરલક્ષી સાહિત્યસર્જનનો પ્રભાવ પ્રતીક કરતા કહે છે. 'આ પ્રવૃત્તિમય સંન્યાસ Practical Asceticism વિચાર જ શબ્દાન્તરે એમના એવા બીજા સૈદ્ધાંતિક નિરૂપણોમાં પણ રહેલો છે. અહીં ગોવર્ધનરામ નૈષ્કર્મ્યનો જોરદાર વિરોધ કરે છે. અધ્યાત્મમૂલક કર્મપ્રણવતામાં

જીવનસાર્થક્ય જુએ છે. ધર્મના બાહ્યરૂપ ઉપર તેમને પક્ષપાત નથી. સાચી આધ્યાત્મિક કુટુંબ સમાજ, દેશ પ્રત્યેની સક્રિય કર્તવ્યભાવના રૂપે જ પ્રગટ થાય એવો એમનો દૃઢ પ્રત્યય છે.'[૨૭]

અહીં રમણલાલ જોશીને ગોવર્ધનરામની દેશવત્સલતા અને આધ્યાત્મિકતા વિશેનો એમણે મેળવેલો તાગ સાર્થક થયેલો જણાય છે. ગોવર્ધનરામની દેશ સેવા અને અધ્યાત્મ સેવાને પારખવાની વિવેચકની દૃષ્ટિ તેમના વિવેચન સાહિત્યમાં ગોવર્ધનરામનું મનોદર્શન ઊભું કરી શકવા સક્ષમ છે. અહીં વ્યક્તિગત જીવન સાથે તેમના સાહિત્યિક જીવનનો પણ પ્રભાવ પ્રતીત થતો જોવા મળે છે. જીવનમાં કર્મ અને મર્મની ચર્ચા કરતાં વિવેચકને તેમની કલા પ્રત્યે પણ આગવો પક્ષપાત રહ્યો છે. જીવનની અને તત્ત્વચિંતનની જે વાતો ગોવર્ધનરામમાં પડી છે એ વાતોને જ્યારે રમણલાલ જોશીએ શબ્દદેહે પોતાના વિવેચનકાર્યમાં મૂકી છે ત્યારે કોઈપણ તત્ત્વચિંતકને કે સાહિત્યિક જીવન-મનન-ચિંતનને ચાહનાર વ્યક્તિને ગમી જાય તેવી છે.

'ગોવર્ધનરામની માનસયાત્રા' એ રમણલાલ જોશીનો ખૂબજ મહત્ત્વનો વિવેચન લેખ છે. અહીં તેમણે ગોવર્ધનરામને સમજવા તેમની સ્ક્રેપબુકનો સહારો લીધો છે. ગોવર્ધનરામે સ્ક્રેપબુક લખવાની શરૂઆત પોતે મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત આરંભી એ અરસામાં એટલે કે ૧૮૮૫ના જાન્યુઆરીથી કરી હતી અને છેક તેમના અવસાન સુધી એટલે કે ત્રીજી નવેમ્બર ૧૯૦૬ સુધી લખી હતી. બળવંતરાય ઠાકોર અને ઉત્તમલાલ ત્રિવેદીએ પણ આ સ્ક્રેપબુકનો સહારો લીધેલો ત્યારબાદ ઘણા લાંબા સમય સુધી આ સ્ક્રેપબુક અદશ્ય રહેલી પરંતુ જ્યારે રમણલાલ જોશી પોતાનો સંશોધન નિબંધ લખી રહ્યા હતા ત્યારે તેમણે તે સ્વ. કાન્તિલાલ પંડ્યા અને સન્મુખલાલ પંડ્યા પાસેથી મેળવીને એનો અભ્યાસ કરેલો અને કેટલીક નોંધો પણ તેમણે અહીં આ લેખમાં મૂકી છે. જેમાં મુખ્યત્વે આ સ્ક્રેપબુકમાં તેમના વ્યક્તિગત સ્વભાવ, અંગત પ્રશ્નો, સન્યસ્ત અને યોગ વિષયક માહિતી, કૌટુંબિક વિશ્લેષણ, કુટુંબ

સંસ્થા પ્રત્યેની તેમની મમતા અને સહાનુભૂતિ અહીં વ્યક્ત થઈ છે. તે ઉપરાંત ધાર્મિક ફિલસૂફીના પ્રશ્નો, ચિત્તઆનંદ અને બ્રહ્મ, સંકલ્પબળ, સત્ય, રજસ અને તમસ્, પુનરજન્મવાદ, જ્યોતિષશાસ્ત્ર, મૂર્તિપૂજા વગેરે વિષયક નોંધો થયેલી છે. 'સરસ્વતીચંદ્ર' વિશે પણ સૂક્ષ્મચર્ચા થયેલી છે. ગોવર્ધનરામના વિષય વૈવિધ્યને સૂક્ષ્મ દષ્ટિએ જોતા રમણલાલ જોશીએ તેમની એક એક બાબતો પણ ધ્યાન દોર્યું છે અને આટલા વિશાળ વિષયવૈવિધ્યમાં તેમનું વૈરાગ્ય અને સાહિત્ય સાધનાની અગ્રિમતાને શોધી કાઢે છે. તેમના સંસારજીવન વિશેની સતર્કતા વિશે લખતાં રમણલાલ જોશીએ તેમની 'જીવન જંજાલ તરફની અરુચિ' ને પણ વ્યક્ત કરી છે. જેમાં વિવેચકની દષ્ટિનું શુદ્ધ પારદર્શી વલણ પણ સ્પષ્ટ થાય છે. તો કેટલીક વાર 'કુટુંબ સંસ્થા' જેવો વપરાયેલો શબ્દ ઔપચારિકતા બતાવતો હોય તેવું પણ લાગે છે. 'ચંદ્રાવલી'માં 'સરસ્વતીચંદ્ર'ના સ્ત્રી પાત્રોનું વર્ગીકરણ કરતાં બળવંતરાય ઠાકોર 'ચંદ્રાવલી'ના કરેલા વર્ગીકરણનું રમણલાલ જોશીએ કરેલું વિવેચન શબ્દ: ચંદ્રાવલીના માનસ વ્યક્તિત્વનો ચિતાર આપતું જણાય છે. રમણલાલ જોશીએ 'પ્રવૃત્તિમય સંન્યાસ' જે શબ્દ વાપરેલો છે તે યોગ્ય છે. 'ગુજરાતી ગ્રંથના નવા વળાંકો'માં વિવેચક કહે છે કે ગદ્ય કવિના નિકષ વદન્તિ-ગદ્ય તો કવિઓ માટે પણ કસોટી રૂપ કહેવાય. આમાં ગદ્યનું ગૌરવ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે આપણે ભાષાને બે વિભાગોમાં વિભજિત કરતા હોઈએ છીએ. ગદ્ય અને પદ્ય વિચાર સંક્રાન્તિના માધ્યમ તરીકે ભાષાનો વિવિધ રીતે ઉપયોગ કરીએ છીએ પણ બધી વખતે એમાં કોઈ રમણીયતા, કોઈ બૌદ્ધિક વ્યવસ્થા, નિરૂપણની નવીનતા, સમપ્રમાણતા કે સંવાદિતા આવતાં હોતાં નથી. શબ્દો બોલાય છે, લખાય છે, પોતાની વાત બીજાને પહોંચાડવાનો મર્યાદિત ઉદ્દેશ સિદ્ધ થાય છે, પણ એની કોઈ કાયમી અસર થતી નથી. વિવેચક કહે છે કે ગદ્ય એ તો સાહિત્યનો ઈલાકો છે, કવિતા વાંચવાથી આપણને જે રસાનંદ મળે તે ગદ્યમાં પણ મળી શકે, પછી કવિતા ભલેને ગદ્યમાં લખાઈ હોય.

મહત્ત્વની વસ્તુ તો કાવ્યત્વ છે. એટલે વિરોધ પદ્ય અને ગદ્ય વચ્ચે છે, કવિતા અને ગદ્ય વચ્ચે નથી. તેથીજ સંસ્કૃત અલંકારિકોએ ગવ્ય ગદ્ય અને પદ્ય ઉભયમાં સંભવી શકે એમ કહ્યું છે. પદ્ય હોય એટલે કવિતા હોય જ એમ કહી શકાય નહીં અને ગદ્યના માધ્યમ દ્વારા કવિતા સિદ્ધ થઈ શકે. ગદ્યમાં પણ શાસ્ત્રીય, વૈચારિક પ્રતિપાદન કરનારુ ગંભીર ગદ્ય અને અવનવી રમણીય છટાઓવાળું સૌન્દર્યલક્ષી ગદ્ય હોય છે. સાહિત્યની દૃષ્ટિએ ગુજરાતી ગદ્યનો વિચાર કરતાં આ બન્ને પ્રકારના ગદ્યનો આપણો વારસો સમૃદ્ધ ગણી શકાય એવો છે. માનવ-આત્માની ગંભીરતા અને સુષમાને પ્રગટ કરતા આવા વિવિધ કોટિનું વિવેચન મૂલક ગદ્ય રમણલાલ જોશીના વિવેચનાત્મક ચિરંજીવ ગદ્યની વિશિષ્ટતા છે. ગદ્ય અને પદ્યના ઐકય અને રસાસ્વાદમાં સમાનતા ધરાવનારા સાહિત્યના આ બંને અંગોને લેખે સાહિત્યરૂપી કલ્પનાના આકાશમાં ઉડનાર ‘પંખીની બે પાંખો’ કહી છે. વિવેચકે અંગ્રેજી સાહિત્યને ગુજરાતી ગદ્યનું ‘ઉદ્‌ગમબિંદુ’ કહ્યું છે તેમજ ખ્રિસ્તી મિશનરીઓને કારણે એમને પ્રેરણાબળ સાંપડયું છે. નર્મદ-દલપતથી આરંભાયેલું આ ગદ્ય આજ સુધી તેની અવિરત ગતિએ ચાલતું રહેલું છે. નર્મદના પ્રારંભથી અર્વાચીન યુગના જયંતી દલાલ, ચંદ્રવદન મહેતા, સ્વામી આનંદ, કિશનસિંહ ચાવડા, ફાધર વાલેસ જેવા મોટાભાગના લેખકોના ગદ્યની સમૃદ્ધિની ઝાંખી કરાવી છે. આ લેખમાં રમણલાલ જોશીએ નવલરામના પારદર્શક ગદ્ય, દુર્ગારામના ઉદ્‌બોધક ગદ્ય, મણિલાલના સુકિતક બુદ્ધિ વૈભવવાળું ગદ્ય ગોવર્ધનરામનું સંસ્કૃત તત્સમ્ અને તળપદા શબ્દપ્રયોગો, ભાષાભંગીઓ તેમજ રૂઢ શબ્દપ્રયોગોવાળું ગદ્ય, આનંદશંકરનું પ્રસન્નમધુર, ઉત્તમલાલ ત્રિવેદીનું પ્રવાહી અને પહેલદાર, કેશવ હ. ધ્રુવનું સ્વચ્છ અને શાસ્ત્રીય ગદ્ય કાન્ત અને કલાપી જેવા કવિઓનું શિષ્ટ અને મધુરતાથી મંડિત ગદ્ય, બળવંતરાય ઠાકોરનું સ્વકીય વ્યક્તિત્વની મુદ્રા ઉપસી આવતું ગદ્ય વગેરે વિષયક વાત કરે છે. તેમજ આ તમામ ગદ્યકારોમાંથી ઉત્તમગદ્યકાર ગણી શકાય તેવા, વિદ્વાન વાચકો

દ્વારા અંકાયેલા ગદ્યકારોનાં નામની યાદી જોવી હોય તો તેવા ઉત્તમગદ્યકારોમાં સમાવી શકાય તેવા છેઃ નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, વાડીલાલ શાહ, મોહનભાઈ ગાંધી, દતાત્રેય કાલેલકર કિશોરલાલ મશરુવાળા અને અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી, ગાંધીજીના સાહિત્યથી ગદ્યમાં આવેલા નવા વળાંકો વિશે ચર્ચા કરતા ગાંધીજી ગદ્યમાં રહેલી ક્ષતિઓ બતાવતા લેખકે તેમના ગદ્યની વિશેષતાઓ પણ આવરી લીધી છે. અંગ્રેજી શબ્દો અને વાક્યોથી ગુજરાતી ગદ્ય ઘણીવાર પાંગળું પૂરવાર થયું છે, એવું રમણલાલ જોશીની વિવેચન દૃષ્ટિએ કરેલું વિધાન ખરેખર સ્પષ્ટ અને અણિશુદ્ધ છે.

'કવિ વિવેચક બળવંતરાય', 'કવિની ક્ષણોઃ કૌતુકની અને વિષાદની', 'નવોન્મેષઃ ગત દાયકાની કવિતા' 'કવિ વિવેચક સેસિલ ડે લુઈ' જેવા કવિતા અને કવિ વિષયક વિવેચન લેખો છે. 'કવિ વિવેચકઃ બળવંતરાય'માં તેમની સાંઠ વર્ષની કવિતાયાત્રા દરમ્યાન પણ એમનું કાવ્યસર્જન પ્રમાણમાં ઘણું ઓછું છે. એવું કહીને વિવેચકે તેમના વિષયવૈવિધ્યની તારીફ પણ કરી છે. આમ વિવેચકે તેમની વિષય અને નિરૂપણરીતિનાં વૈવિધ્યને બિરદાવ્યું છે. તેમના કાવ્યોમાંથી વસ્તુ નિરૂપણની મૂર્તતા અને પદબંધની સઘન સુશ્લિષ્ઠતા અને બલિષ્ઠતાનું ગૌરવ કરીને કાવ્યને અર્પેલી વિશિષ્ટતા યથાયોગ્ય છે. તેમના વિવેચનમાં ઐતિહાસિક સંદર્ભના ઉલ્લેખ બાબતે રમણલાલ જોશીએ બળવંતરાય ઠાકોર પર કરેલો હળવો કટાક્ષ પણ તટસ્થ્યવાળો અને યથાયોગ્ય હોય તેવું લાગે છે. 'કવિની ક્ષણોઃ કૌતુકની અને વિષાદની' માં રમણલાલ જોશીએ સુંદરજી બેટાઈની કવિતા વિશે નોંધ્યું છે કે-

'જીવનનાં સનાતન મૂલ્યો અને માંગલ્ય માટે તેમને પક્ષપાત છે, ક્યારેક કવિતામાં એ મુખરિત પણ બને છે. એનો અર્થ એવો નથી કે સાંપ્રત તરફ તેમણે પીઠ ફેરવી છે. પ્રકૃતિ સૌંદર્યને માણવાની મનુષ્યની મૂળભૂત ઝંખનાની સામે વર્તમાનનું વરવાપણું ટકરાય છે, ત્યારે જન્મતી વેદનાને તેમણે અનેક કાવ્યોમાં અભિવ્યક્ત કરી છે.'[૨૮]

લેખકની કલમે આલેખાયેલી પ્રકૃતિની સુંદરતા સાથે વાસ્તવિક જીવનની કડવાશ પણ તેમણે સુંદર રીતે ચર્ચી છે. 'નવેન્મેષ: ગત દાયકાની કવિતામાં' છેલ્લા દસ-પંદર વર્ષમાં કવિતામાં આવેલા નવાં વળાંકો વિશેની ચર્ચા કરી છે. 'સત્યશોધક વિવેચક' માં શ્રી નગીનદાસે રવીન્દ્રનાથ ટાગોરની કૃતિઓની આલોચના કરતાં વિવેચક કહે છે કે અનુવાદ ક્ષેત્રે તેમણે સૂક્ષ્મદર્શીતા અપનાવી છે અને દરેક શબ્દ/અર્થ પ્રત્યે કાળજીપૂર્વક કાર્ય કર્યું છે. ગુજરાતી 'ઈડિયમ' નો તેમનો નિકટનો પરિચય અનુવાદને સજીવ બનાવે છે. કાકાસાહેબના શબ્દોમાં 'સંસ્કૃતિના એલચી'ની કામગીરી તેમણે પૂરા તાટસ્થ્યથી બજાવી છે. વિવેચકના શબ્દોમાં જોઈએ તો 'જીવનમૂલ્યો અને જીવનમાંગલ્યના તેમજ વ્યાપક પ્રજાહિતના જાગૃત ચિંતક હોવા છતાં સામાન્યત: તેમનું વિવેચન કેવળ સાહિત્યિક દષ્ટિબિંદુથી જ થયેલું છે. એમ આપણે બેશક કહી શકીએ.'[૨૯]

લેખક કહે છે કે નગીનભાઈના વ્યક્તિત્વ ઘડતરમાં શાંતિનિકેતન અને ગૂજરાત વિદ્યાપીઠનો હિસ્સો મહત્ત્વનો છે. એમની શૈલી ઉપર પણ એમની અસર વરતાઈ છે. વસ્તુલક્ષી દષ્ટિકોણ, પૂર્વ પક્ષની પ્રામાણિક રજૂઆત, અશેષ નિરૂપણ, વિશદ્તા અને ચોકસાઈ એમના વિવેચન વિષયક લખાણોના ગુણવિશેષ છે. नामूलं लिख्यते किच्चित् જાણે તેમનું લેખનસૂત્ર છે. વિવેચક કહે છે કે 'નગીનદાસ કશું નિરાધાર ન લખે, કશી આડીઅવળી લપછપમાં ન પડે.' અહીં લેખકે કેટલાંક નિબંધો અવલોકવાનો સુંદર પ્રયાસ કર્યો છે. 'તાજી માદક સુગંધ' એ રાવજી પટેલની કવિતામાં લેખકે ગામડાનું જીવંત દ્રશ્ય નિહાળ્યું છે. વિવેચક આ પરિસ્થિતિને મૂલવતાં જણાવે છે કે-

'જડ ચેતન સઘળું આત્મૌપમ્ય દષ્ટિએ કવિ ચેતનામાં એકાકાર થતું લાગે છે. લીલાંછમ ખેતરો, ડબ ડબ ચૂતી છાપરી, રસ્તા પરના રોડો, રેલ્લાં, ગાયોનાં ધણ અને ગલુડિયાં, કૂણું કૂણુ ઘાસ, વૃક્ષો ડુંડાં, ઓસરીમાં રમતાં ભૂલકાંઓ, આંબો અને પીપળો,

મોર અને ચકલીઓ, સુપડા વતી અનાજ ઝાટકતી ગામડાની સ્ત્રીઓ સમગ્ર પ્રાદેશિક વાતાવરણનો લય કવિએ પોતાની શિરાઓમાં  ઝીલ્યો છે. એની પ્રતીતિ તો પાને પાને થાય છે.'[૩૦]

અહીં વિવેચકે રાવજી પટેલની કવિતાઓ વિશે વાત કરતાં તેના સમકાલીન કવિઓમાં રાવજીની કવિતા ધરતીની કવિતા 'કૃષીકકવિ'ની કવિતા તરીકે મૂલવી છે. 'શિલ્પ કંડારવાનું સ્વપ્ન'માં મુખ્ય અનુભૂતિ પ્રેમની છે. જીવનપથ પર અનેક કાંટા ઝાંખરાનો અનુભવ કરનાર કવિ અંતે પ્રેમમાં ઉગારો શોધે છે. અહીં વિવેચકે કવિના કવિત્વ ભાવોનું વર્ણન કરતાં પ્રેમની વેદના કરતાં જીવનની વેદનાને બળવત્તર બનાવી છે. તેમની કવિતામાં ગામડાની પ્રકૃતિ તેના સ્વાભાવિક રૂપમાં આલેખાય છે. માત્ર ઉપમાઓ કે પદાવલિમાં જ નહિ પણ ગામડાના ખેતરો, સીમ, વનશ્રી અને ઋતુપરિવર્તનની છટાઓને લેખકે આબેહૂબ ઝીલી છે.

'ઈશ્વર વૈકુંઠમાંથી' જો નીચે ઊતરે તો જાર ટોવા બેસાડી દેવાનું તો ભાનુપ્રસાદ જ કરી શકે.'[૩૧]

બોલચાલની વ્યવહાર ભાષા-ભંગિમાઓનો તેમણે છૂટથી ઉપયોગ કર્યો છે. 'ગંગાનાહ્યા', 'ખાસડે મારી', 'બેટમજી', 'અંચઈ' જેવા વીરતાપૂર્વક કરેલા શબ્દપ્રયોગોની વિવેચકે અહીં નોંધ લીધી છે.

સાહિત્ય વિષયક વાત કરતાં લેખકે 'સ્વાતંત્ર્યોત્તર સમાલોચનાઓ'માં સાહિત્ય વિવેચનમાં ત્રણ વ્યક્તિઓ વિશે જણાવતાં કહ્યું છે કે પ્રથમ-અવલોકનકાર બીજો વિવેચક અને ત્રીજોસાહિત્યતત્વ વિચારક મીમાંસક. વિવેચકે કહ્યું છે કે અવલોકનકારને મન તેમના પુસ્તકો એ ચીજવસ્તુઓ છે. વિવેચક પુસ્તકોને સાહિત્યિક રીતભાત કે સાહિત્યિક કાર્ય તરીકે જુએ છે. મીમાંસકને અમુકતમુક કૃતિમાં રસ હોવા કરતાં અમૂર્ત વિચારણામાં વિશેષ રસ છે. અહીં અવલોકનકાર વિવેચક અને મીમાંસકને સાહિત્યને જોવાનો જુદો જુદો દષ્ટિકોણ બતાવતા સાહિત્ય માટે સ્વાતંત્ર્યપૂર્વેની અને સ્વાતંત્ર્યોતરની રચનાઓની સમીક્ષા કરી છે.

'સાહિત્યનો ઈતિહાસ એક નોંધ' લેખમાં વિવેચક સાહિત્યના ઈતિહાસને બીજા ઈતિહાસો કરતાં જુદો દર્શાવે છે. તેમજ સાહિત્યના ઈતિહાસમાં લેખકની વિશિષ્ટ સજ્જતાની અપેક્ષા રાખે છે. સાહિત્યના ઈતિહાસમાં લેખકના મતે સૌન્દર્યનું સત્ય શોધવાનું હોય છે તેમજ લેખકમાં ઐતિહાસિક સંદર્ભમાં સાહિત્યકૃતિઓને જોવાની આવડત હોય કે સાહિત્યકૃતિઓનું ભાવન કરવાની શક્તિ હોય તેમજ સાહિત્યકૃતિઓને તટસ્થ રીતે સ્વીકૃતિ આપે તેમજ એકજ ગોત્રની કૃતિઓને તેના યોગ્ય ક્રમમાં ગોઠવવું, સાહિત્યસ્વરૂપની વિકાસની રેખાઓને ઉપસાવતા જવું વગેરે બાબતોનું ધ્યાન રાખવું પડે છે. વિવેચકના શબ્દોમાં જોઈએ તો-

'માત્ર વિગતોના ગંજ ખડકે જવાથી સાહિત્યનો ઈતિહાસ તૈયાર ન થાય. આકાર વગરના અને ખડબચડા વિગતોના ઢગલામાંથી સાહિત્યના ઈતિહાસકારે ઘાટીલી આકૃતિ નિપજાવવાની છે. પ્રાપ્ય વિગતોને વૈજ્ઞાનિક રીતે તપાસવી, એમાંથી સંયોજનો ઊભાં કરવાં અને એ સંયોજનોને દષ્ટિબિંદુની એકવાકયતામાં ગૂંથીલેવાં એમાં એની કુશળતા રહી છે.'[૩૧]

'સાહિત્યમાં આધુનિકતા'માં લેખકે આધુનિક સાહિત્ય અને સાહિત્યકારોના ખૂબ વખાણ કર્યાં છે.

'સંસ્કૃતિ: સંસ્કારવર્ધનનું સામયિક' માં તંત્રી ઉમાશંકર જોશીના સામયિકની અસર અને કાર્ય વિશે વાત કરતાં લેખક કહે છે- ''સંસ્કૃતિ' દ્વારા સમગ્ર ગુજરાતના સંસ્કારઘડતરનું કાર્ય શરું થયું. તેમના વિષય વૈવિધ્ય જેવા કે કલાઓ, ધર્મ, સમાજકારણ, અર્થશાસ્ત્રી, વિજ્ઞાન, સાહિત્યમાં- કવિતા, વાર્તા, નાટક, નિબંધ, પ્રવાસવર્ણન, સંસ્મરણો, વિવેચન વગેરેનો સમાવેશ થયો છે. ગુજરાત જીવનમાં 'સંસ્કૃતિ'ને લેખકે મહત્ત્વનું સ્થાન આપ્યું છે.'[૩૨]

'વિનિયોગ' એ ૧૯૭૭માં બહાર પડેલો લેખકનો વિવેચન સંગ્રહ છે. જેમાં કવિના નવલકથા વિવેચન-સંપાદન અને અન્ય કેટલાક વિવેચનલેખોનો સમાવેશ થયો છે. લગભગ ૩૬ જેટલા વિવેચન લેખો આ ગ્રંથમાં સમાવિષ્ટ થયા છે.

'વન્ય રૂપો અને શિષ્ટ લય'માં ઉશનસ્‌ની તૃણપ્રીતિ પ્રતીતિનું પ્રતિબિંબ ઝીલ્યું છે. વિવેચકે નોંધ્યું છે કે 'ઉશનસ્‌માં સુન્દરમ્‌નું  અનુસંધાન પામી શકાય છે. ઉમાશંકર અને સુન્દરમ્‌ની કવિતામાં 'ઉલ્લાણ ઊર્મિ' વિશેષતા રૂપ દેખાઈ ઉશનસ્‌માં પણ એ જ છે. વિવેચક નોંધે છે કે તીવ્ર અને સઘન રાગાવેગ એ ઉશનસ્‌ની કવિતાનો વિશેષ છે અને વિશેષ રૂપ લેખકે તેમના પ્રેમ કાવ્યોમાં અનુભવ્યું છે.

'અને હું આક્રોશી ઊઠું:'કવણ છો પ્રિય પ્રિય!'

તમોને ચાહું- તે અંસવન વિના ના કૈ પરિચય ગુજરાતી પ્રેમકાવ્યોમાં સ્પર્શના ચિત્રો કવિ કાન્ત પછી કોઈએ વધુ આપ્યાં હોય તો તે ઉશનસે્.' એવું કહેનાર આપણા રમણલાલ જોશીએ ઉશનસ્‌ની કવિતામાં વન્યરૂપો અને શિષ્ટલયનો સંવાદ બળવત્તર બનતો હોવાથી લેખકે જે શીર્ષક આપ્યું છે તે યથાર્થ છે. 'મારા નામને દરવાજે' માં 'નવી પેઢીના કવિઓમાં લાભશંકર ઠાકરને અભિવ્યક્તિના કંજૂસ કહ્યા છે. લાભશંકરની સર્જનાત્મકતા વિશે લેખક કહે છે કે 'તેમની પાસે આગવી ભાષા શક્તિ છે, તાજગીભર્યા કલ્પનો છે, કાવ્યાત્મક ક્ષણોની સૂઝ છે અને છતાં બધું સંયોજીત થઈ કાવ્યાનુંભૂતિના કેન્દ્રમાં ભાવકને લઈ જઈ શકતું નથી. કદાચ કવિની સંવેદનશીલતામાં જેટલો વ્યાપ છે તેટલું ઊંડાણ નથી, પરિણામે ઘણીખરી રચનાઓ બેઠેલા હાથની પ્રતીતિ કરાવે છે. નવોન્મેષશાલિની પ્રતિભાશક્તિની એટલી હદે નહી, કેટલીક રચનાઓ આહ્‌લાદક નીવડી છે.'[૩૩]

'અથવા' માં મોહમ્મદ શેખની અછાંદસ કવિતાએ આરંભકાળમાં તેમની શૈલીની નવીનતાએ મુગ્ધોને આકર્ષ્યા અને અડિખમ રસરુચિવિદગ્ધોને કાંઈક અકળાવ્યા પણ ખરા. એવું વિવેચકનું અવલોકન છે. તેઓ કહે છે કે- 'તેના કાવ્યોમાં ચિત્રાત્મકતા છે, કાવ્યાત્મકતાવાળા રેખાંકનો છે, શબ્દમાધ્યમવાળા રેખાંકનો નથી. અહીં સૌથી ધ્યાનાકર્ષક લેખકની તેમની ઈન્દ્રિયગ્રાહ્યતાની ટેકનિકની વિવિધતા લાગે છે. ભાષા સાથે તેમણે સારું કામ

પાર પાડ્યું છે. શબ્દ પસંદગીમાં એમને કશો છોછ નથી' વિવેચકે તેમની આ અછાંદસ રચનાઓમાં લયાન્વિતતાનો અભ્યાસ કયાંય જોયો નથી.

'ઓગણીસસો ત્રેસઠની ગુજરાતી કવિતા'માં વિવેચકને સમાજાભિમુખતાનો રંગ ઝાંખો અને સૌંદર્યાભિમુખતાનું વલણ બળત્તર બનતું જોયું છે. 'વિસ્મય'માં જયંત પાઠકની એક સારા ગીતકના કવિ તરીકે મૂલવણી કરી છે. 'નાન્દી'માં લેખકે પુજારામ રાવળ કવિત્વ શૈલીનાં અને સર્જનક્ષેત્રમાં તેમના યોગદાનની સરાહના કરતાં કહ્યું છે કે જીવનધ્યેયની અને સમજણની એકાગ્રતાને કારણે તેમજ કવિ-કવિત્વની પારદર્શકતાને કારણે આ કાવ્યો સૌ કાવ્યપ્રેમીઓને અને વિશેષે ઊર્ધ્વપંથના યાત્રીઓને રોચક અને પ્રેરક નીવડે છે. ગુજરાતી ભાષામાં અધ્યાત્મ અનુભવને કલાભિવ્યક્તિ આપવાનો પુરુષાર્થ ખેડનારાઓમાં પુજારામનું પણ સ્થાન છે. 'પ્રિયકાન્ત: ફૂલોના કવિ' માં રમણલાલ જોશીએ 'પ્રિયકાન્તને ફૂલોના કવિ કહીને તેમાં ફૂલોના ગુણોને આકારિત કર્યો છે. ત્રીસેક વર્ષની તેમની કાવ્યસાધનામાં તેમણે કવિતાક્ષેત્રે સારું યોગદાન આપ્યું છે. તેઓએ કોઈપણ પ્રકારના વાદમાં લપટાયા-ખરડાયા વિના જે સુશ્લિષ્ટ છંદોબદ્ધ કાવ્યો આપ્યાં અને પ્રખ્યાત થયા લેખકે તેમના માટે વાપરેલા શબ્દ 'કવિતાવાદી' યથાર્થ છે. પ્રિયકાન્ત માટે ઉમાશંકરનો સાહજિક ઉદ્‌ગાર 'પ્રિયકાન્તની કવિતા ગુર્જર સરસ્વતીના કંકણ સમી રણકતી હતી'[૩૪] એમની કવિતામાં પુષ્પની કુમાશ, એમના ભાવોનું માર્દવ, એમના વ્યક્તિત્વની સૌરભ સર્વત્ર વ્યાપેલી છે અને એટલે જ રમણલાલ જોશી એ તેમના માટે 'પ્રિયકાન્ત એટલે ફૂલોની મહેફિલ' એવું કહ્યું છે.

'એકકેય એવું ફૂલ ખીલ્યું છે નહીં,
કે જે મને હો ના ગમ્યું
જેટલાં જોયાં મને તો એ બધાં એવાં જચ્યા
કે જે નથી જોયા થતું, ક્યારે હવે હું જોઉં...'

નવલકથા ક્ષેત્રમાં વિવેચકનાં કેટલાંક વિવેચનો ખૂબ પ્રખ્યાત છે. જેને આલેખવાનો અહીં ઓછો પ્રયત્ન થયો છે. 'વેણુવત્સલા' રઘુવીર ચૌધરીની નવલકથાને વિવેચકે તેમની આ બીજી શ્રેષ્ઠ નવલકથા તરીકે મૂલવી છે. આ નવલકથામાં લેખકે કોઈ રીતિનું અનુકરણ કરવાને બદલે પોતીકી શૈલી વિકસાવી સાહિત્યિક નવલકથા વાંચવાનો આનંદ 'વેણુ વત્સલા' આપે છે એ તેની જેવી તેવી સિદ્ધિ નથી.' 'સુખ નામનો પ્રદેશ' હરીન્દ્ર દવેની નવલકથામાં સુખ શોધનાર દરેક વ્યક્તિ માટે લેખકે જવાબ આપ્યો છે. 'અનુકૂળ એટલે સુખ અને પ્રતિકૂળ એટલે દુઃખ. સત્તા, ધન-વૈભવ કે છેવટે આધ્યાત્મિક ઐશ્વર્ય પણ માણસને ચિરંતન સુખનો અનુભવ કરાવી શકતા નથી. સુખના અતિરેકમાં પણ દુઃખની કાંઈક ઘેરી છાયા પડેલી છે. મનુષ્યજીવનના આ સનાતન પ્રશ્નની સાથે સમકાલીન ઘટનાઓ ગૂંથી લઈ વિવિધ તરંગ લીલાઓના આલેખન દ્વારા સુખ નામના પ્રદેશની મનુષ્યની શોધનું એક આહ્લાદક ચિત્ર અહીં આપ્યું છે.[૩૫] 'સોક્રેટીસ' વિશે વિવેચક નોંધે છે કે 'સોક્રેટીસ' દસ્તાવેજી મહત્ત્વ ધરાવે છે અને છતાં એ તવારીખી બનાવમાંથી ઊગરી ગઈ છે. 'વિવેચન અને સંપાદન' ક્ષેત્રે લેખનું અવલોકન વિશાળ પાયા પર થયેલું છે. તેમણે 'અપરિચિત અઅપરિચિત બ' એવા વિવિધ વિષયની પસંદગી કરી છે. અહીં વિવિધ જાણીતા કવિઓના 'કાવ્યવિવેક' વિશેનું ભાષ્ય રજૂ થયું છે. રમણલાલ જોશીની કવિઓને અવલોકવાની અને આલેખવાની કાવ્યદષ્ટિ- શૈલી નિહાળવા જેવી છે. 'લાભશંકર અતીતમાં રમે છે. સ્મૃતિ સ્મરણોમાં રાચે છે. વર્તમાન નકકરતામાંથી વારેઘડી ભૂતકાળના તરંગમાં પહોંચી જાય છે. આસપાસની કઠોરતા અને રુક્ષતાથી કંટાળી ભીતર સંચરેલી એની નાનકડી સૃષ્ટિના વાતાવરણમાં તર રહે છે.[૩૬] 'વિશ્વ કવિતાનો મધુપુટ' 'એ 'સંસ્કૃતિ' ને પચ્ચીસ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે દેશ-પરદેશની કવિતાનો અનુવાદ અને આસ્વાદ આપતો ત્રણસો કવિતાનો એક એક અનોખો અંક પ્રગટ થયો હતો, તેમનું લેખકે કરેલું અવલોકન છે. જેમાં તેણે ઉમાશંકર જોશીના

અવતરણો ટાંકતા કહ્યું છે. 'શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું છે. 'સંસ્કાર સામયિકના તંત્રીએ પોતાના સામયિકને એક સ્વચ્છ ઓટલા જેવું રાખવું જોઈએ, જ્યાં હરકોઈ સજજન આવીને પોતાના મનમાં જે વાત ભરી હોય તે વ્યક્ત કરવાની તક પામે.'[૩૭]

'કાવ્યાયનમાં' અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, ગ્રીક, ડચ, સ્વીડિશ, નોર્વેજિયન, ફિનિશ, આઈસલેન્ડક, આફ્રિકન, હિબ્રુ, ટાર્કિશ, જાપાની, ચીની અને કોરિયન જેવી પરદેશી ભાષાઓની અને બંગાળી અસમિયા, ઓરિયા, હિંદી, પંજાબી, સિંધી, કાશ્મીરી, મરાઠી, કન્નડ, તમિલ, તેલુગુ, ઉર્દૂ એ ભારતીય ભાષાઓની કવિતાઓના અનુવાદો અને આસ્વાદો પ્રગટ થયા છે. અનુવાદો કરતા આસ્વાદ એ આ ગ્રંથની એક વિશિષ્ટતા છે. 'કાવ્યાયન' એ આ કાવ્ય તરફનું અયન-પ્રયાણ છે. કાવ્યને પામવાની વિવિધ અભ્યાસીઓની મથામણનો સરસ આલેખ મળે છે. દરેક લેખકે પોતાની આગવી રીતે કાવ્યને ખોલી આપવાનો પ્રયત્ન કર્યો છે. આસ્વાદની વિવિધ પદ્ધતિઓ અપનાવાઈ છે.

'સ્વ. ઉત્તમલાલ ત્રિવેદીની સારસ્વત-સેવા'માં નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખીય વ્યાખ્યાનમાં આચાર્ય આનંદશંકર ધ્રુવે ઉત્તમલાલ ત્રિવેદીની સાહિત્ય સેવા વિશે જે લખ્યું હતું તેની વિવેચકે કરેલી સમીક્ષા અહીં રજૂ થઈ છે. 'જે વાચન-જ્ઞાન વિચારનો ખજાનો એ પુરુષમાં ભર્યો હતો, એમાંથી થોડું જ બહાર આવ્યું છે. એમની સંસ્કારી કલમ જ્યારે જ્યારે ચાલી છે ત્યારે ત્યારે પુખ્ત વિચારથી ચાલી છે.'[૩૮] અહીં લેખકે ઉત્તમલાલ ત્રિવેદીનો વિશેષ પરિચય કરાવ્યો છે. ઉત્તમલાલ ત્રિવેદી એક પ્રબળ ધર્મવૃત્તિ હતા. ધાર્મિક ગુણોના સંગ્રહ ઉપર તેમના લખાણોમાં યોગ્ય વજન મૂકાતાં દેખાય છે. પોતાની સંસ્કૃતિને સાચવીને પશ્ચિમી સંસ્કૃતિમાંથી અનુકરણ કરવા જેવી બાબતો વિશે તેમણે સ્પષ્ટતા કરી છે.

ઉત્તમલાલની ગદ્યશૈલીમાં સ્વસ્થતા એ મુખ્ય ગુણ છે. તેમજ અવતરણોનું બાહુલ્ય એ ઉત્તમલાલના લખાણોની એક લાક્ષણિકતા છે. તેમણે અંગ્રેજી શબ્દોનો કે વાક્યનો વિપુલ

ઉપયોગ કર્યો છે. પરંતુ તેના પર્યાય પણ સાથે જ આપ્યા છે.

ગુજરાત સાહિત્ય સભા દ્વારા દર વર્ષે પ્રગટ થતા પુસ્તકોની સમીક્ષા તૈયાર કરાવી પ્રગટ કરે છે. આ એની એક મુખ્ય પ્રવૃત્તિ છે. ૧૯૬૩ ગુજરાત સાહિત્ય સભાનું કાર્ય રમણલાલ જોશીના શિરે આવેલું જેમાં ૧૯૬૩માં પ્રકાશિત થયેલા કવિતા, નાટક, નવલકથા, નિબંધ, આત્મચરિત્ર-જીવનચરિત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર-કેળવણી, ધર્મ-વિજ્ઞાન, પ્રકીર્ણ, સાહિત્ય વિવેચન, સમીક્ષિત પુસ્તકોની યાદી વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૬૩ના સમયગાળાની કવિતાનું અવલોકન કરતાં લેખકે નોંધ્યું છે કે- આ સમયગાળાની કવિતાનો સમગ્ર પ્રવાહ જોતાં નવી સમાજાભિમુખતાનો રંગ ઓછો દેખાય છે અને મોટેભાગે સૌંદર્યાભિમુખતાનું વલણ જયંત પાઠક, પુજારામ જેવા કવિઓમાં વિશેષ જોવા મળે છે. જયંત પાઠકની કવિતામાં ઉમાશંકર, સુન્દરમ્, કાન્ત અને કાલિદાસની ઘેરી છાપ પડેલી છે. તેમની ૧૯૬૩માં સાહિત્ય સભામાં પ્રગટ થયેલા નાટકોની અહીં સમીક્ષા કરવામાં આવી છે. જેમાં ‘ઢોલિયા સાગ સીસમના’ રમણભાઈ પટેલનું ‘ભારત કુરુક્ષેત્ર’ તેમજ પ્રબોધ જોષીનું ‘પત્તાની જોડ’ અને ‘કદમ મિલાકે ચલો’ જેવા નાટકો ભારતીય એકાત્મકતા સિદ્ધ કરવામાં મહત્ત્વના પૂરવાર થયા છે. ‘નિબંધ’માં કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની ૨૪ નિબંધિકાઓનો શ્રી સુરેશ હ. જોશીએ કરેલો અનુવાદ ટ્રાન્સલેશન ટ્રસ્ટે પ્રસિદ્ધ કર્યો છે. રવીન્દ્રનાથ ઠાકુરની જન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે આપણા દેશની સાહિત્ય અકાદમીએ દેશની જુદી જુદી ભાષાઓમાં રવીન્દ્રનાથના સાહિત્યને સુલભ કર્યું છે. ગુજરાતીમાં તેનો અનુવાદ શ્રી નગીનદાસ પારેખે કર્યો છે. ‘આત્મચરિત્ર-જીવનચરિત્ર’માં ભાઈ મણિલાલ છોટાલાલ પારેખની ‘એક ભાગવતની આત્મકથા’ એક ધર્મજિજ્ઞાસું ભકતહૃદયનાં સંસ્મરણોની રસપ્રદ, બોધક અને પ્રેરક કથા છે. ‘સમાજશાસ્ત્ર-અર્થશાસ્ત્ર-કેળવણી’માં શાંતિલાલ હીરાલાલ શાહનું ‘સમાજશિક્ષણ’ વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારીનું હિંદમાં અંગ્રેજી રાજ્યના અમલ પછી દેશના

આર્થિક પ્રશ્નોની વિચારણા કરતું પુસ્તક 'દોઢ સદીનો આર્થિક ઈતિહાસ'નો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેળવણીને લગતી અન્ય કૃતિઓ પણ અહીં સમાવિષ્ટ છે. 'ધર્મ-તત્ત્વજ્ઞાન'માં ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક વિષયોનો સમાવેશ થયો છે. 'પ્રકીર્ણ'માં અન્ય સાહિત્યનો સમાવેશ થયો છે. ૧૯૬૩માં 'ગોવર્ધનરામ એક અધ્યયન' એ રમણલાલ જોશીના મહાનિબંધનો માં ગુજરાત સાહિત્યસભાની અગત્યની સાહિત્યકૃતિ તરીકે સમાવિષ્ટ છે.

'સમાન્તર' ૧૯૭૬માં પ્રગટ થયા પછી લખાયેલા લેખો અને વ્યાખ્યાનોમાંથી કેટલાક લેખો અને વ્યાખ્યાનો 'વિવેચનની પ્રક્રિયા'માં સંગ્રહિત થયા છે. અહી કુલ ૯ પાઠમાં લગભગ ૩૪ જેટલા વિવેચન લેખોનો સમાવેશ થયો છે. જેમાં લેખકે 'વિવેચનની પ્રક્રિયા'માં વિવેચકે વિવેચન વિશે પ્રયોજેલા શબ્દો, વિવેચનકારના શબ્દની સિદ્ધિ, પ્રયોજન, વિવેચનની પ્રવૃત્તિ અને આ પ્રવૃત્તિ સમાજ અને વ્યાખ્યાન સાહિત્યને કેટલા અંશે ઉપકારક છે વગેરે બાબતોની નોંધ કરી છે. વિવેચનની ઉપયોગીતા વિશે ઘણા વાદ-વિવાદ થયા બાદ લોગાન પિયર્સ તેના પુસ્તકના આરંભમાંજ લખે છે. 'સાહિત્યના મહાન તાત્પર્યદર્શકો તરફ હું એટલો અહેસાનમંદ છું કે ભાગ્યે જ વિવેચકોને વખોડવાના કાર્યમાં સામેલ થઈ શકું. વિવેચકોએ મને કાન અને આંખ આપ્યા છે, તેઓએ મને શીખવ્યું છે- સૌંદર્યને ઉત્તમ રીતે પ્રશંસવાનું, અને કેવી રીતે તથા કયાં એને શોધવું તે વિવેચનના સાથ વિના કેટલા બધા સાહિત્યયાત્રીઓ રસસ્થાનો મૂકી જાય, મહાન કૃતિઓના વાચકો જો આ કૃતિઓ વિશેનું વિવેચન વાંચવાની પણ ના પાડે તો કેટલાં બધાં સૌંદર્યસ્થાનોથી તે અસ્પૃષ્ટ રહે.'[૩૯]

લેખક કહે છે કે વિવેચક ખરી રીતે તો કલાકૃતિ વિશેની સમજણને પૃથક્ કરી જોતો હોય છે. રિચાડ્ઝે સારા વિવેચકનાં ત્રણ લક્ષણોની અહીં નોંધ કરી છે.

૧. વિવેચક જે કલાકૃતિનું મૂલ્યાંકન કરતો હોય એની સાથે પ્રસ્તુત એવી મન:સ્થિતિનો અનુભવ કરવાની તેની કુશળતા.

૨. અનુભવના ઉપરચોટિયા લક્ષણોની બાબતમાં તેમને એકબીજાથી જુદા તારવવાની શક્તિ.

૩. મૂલ્યોનું નક્કર મૂલ્યાંકન કરવાની શક્તિ.'[૪૦]

'આધુનિક વિવેચન' માં લેખકે જણાવ્યું છે કે આધુનિક વિવેચનની વિશિષ્ટતા જૂના ઓજારોને પણ નવી રીતે પ્રયોજવામાં રહેલી છે. શૈલીવિજ્ઞાનનો મહિમા સ્થપાતા કૃતિના ભાષાકર્મને ભાષાશાસ્ત્રીય સજ્જતાપૂર્વક જોવાનું વલણ બળવત્તર બને છે. વિવેચક કહે છે કે આધુનિક વિવેચનમાં કળા વિષેની સભાનતા વધી-કળા વિષયક દૃષ્ટિબિંદુનો આગ્રહ વધ્યો, પાશ્ચાત્ય જ નહીં પણ યુરોપીય સાહિત્યનો પ્રભાવ અભિનિવેશપૂર્વક ઝીલાવા માંડ્યો, કૃતિની વસ્તુગત તપાસનું મૂલ્ય વધુને વધુ સ્વીકારાતું આવ્યું, રચના-નિબંધને નિકટતાથી જોવાનું બન્યું. ચીલાચાલુ રસદર્શનને બદલે કૃતિના અંતરંગનો આસ્વાદ આપવાનું વધારે ને વધારે આવકારાતું જણાય છે. આધુનિક વિવેચનની કેટલીક મર્યાદાઓ બાબતે પણ લેખકે કહ્યું છે કે આધુનિક વિવેચનમાં વિવેચનકાર પાસે નિશ્ચિત પરિપ્રેક્ષ્યનો અભાવ, 'કલ્પન', 'પ્રતીક', 'લય', 'સંદર્ભ', 'ભાવગત', 'અભિગમ' આદિ શબ્દોનો ધૂંધળો ઉપયોગ, અંગ્રેજી શબ્દોનો વિપુલ ઉપયોગ, સૈધ્ધાંતિક ભૂમિકાની સંદિગ્ધતા, સામાજિક કે અંગત સંબંધોના મૂલ્યાંકન પર આરોપણ વગેરે બાબતો જોવા મળે છે. 'ગુજરાતી વિવેચન સાહિત્ય: ૧૯૭૮-૭૯'ના વિવેચન લેખોના સંગ્રહોમાં સૌપ્રથમ શ્રી સુન્દરમ્ આપણું ધ્યાન ખેંચે છે. શ્રી સુન્દરમ્ના 'વિચાર સંપુટ'ના ત્રણ ગદ્યગ્રંથો ૧૯૭૮માં પ્રગટ થયા છે. 'સાહિત્યચિંતન', 'સમર્ચના' 'સાવિદ્યા', વિવેચક તરીકે સુન્દરમ્ની સહૃદયતા, રસિકતા, સાહિત્યપ્રીતિ, સમગ્ર પરિવેશની જાણકારી અને એક બૃહદ સંદર્ભમાં સાહિત્યપદાર્થનું યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિનું દર્શન થાય છે. ઉશનસ્ના વિવેચનગ્રંથ 'મૂલ્યાંકનો' તપાસતાં વિવેચકે લખ્યું છે કે ગુજરાતી કવિતાને તેમણે ભાષા, છંદ, લય, અલંકાર વગેરે દૃષ્ટિએ તપાસી છે એમની તપાસ સર્વગ્રાહી

અને સૂક્ષ્મ છે. પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ, પ્રિયકાન્ત મણિયાર, સુરેશ જોષી, નલિન રાવળ આદિની કવિતા ઉપર લેખક વિહંગાવલોકન કર્યું છે. શ્રી પ્રમોદકુમાર પટેલના 'શબ્દલોક' વિશે નોંધ્યું છે કે તે સુરેખ અભ્યાસ આસ્વાદના નમૂના રૂપ છે. નવી પેઢીના વિવેચકોમાં સઘન અભ્યાસ, સંવેદનશીલ પ્રતિભાવ શક્તિ, સાહિત્યની સૈદ્ધાન્તિક ભૂમિકાની સમજ અને અત્ર-તત્ર સાહિત્યની વિચારણાની જાણકારી લેખકના મતે પ્રમોદકુમારને પહેલી હરોળમાં સ્થાપિત કરે છે. શ્રી ભોળાભાઈ પટેલના 'કલિપુરુષ'નો અર્થ રમણલાલ જોષીએ 'સૌથી મોટો વિવેચક' એવો આપ્યો છે.

આજ સમયગાળામાં રમણલાલ જોશીના સંપાદન હેઠળ 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં ૧૩ લઘુગ્રંથ પ્રગટ થયા હતા. ૧૯૭૮-૭૯ના વિવેચન સાહિત્યમાં એકંદરે નવી વિવેચક પ્રતિભાનું થયેલું આગમન સાહિત્યક્ષેત્રે ઉજ્જવળ ભાવિના એંધાણરૂપ છે. 'પ્રમાણભૂત પાત્રપરિચય'માં સરસ્વતીચન્દ્ર માટે તેનો પરિચય આપતા અનેક લેખકોનો રમણલાલ જોશીએ ઉલ્લેખ કર્યો છે. તેમજ રસિકલાલ પરીખે 'સરસ્વતીચંદ્ર'નો વ્યક્તિ પરિચય કરાવ્યો છે. તેની તુલના ગોવર્ધનરામ સાથે કરતા કરતા પોતાના દષ્ટિકોણથી જે વિવેચન કર્યું છે- જે તાગ કાઢ્યો છે. તેમાં તટસ્થતા અને પારદર્શિતાના દર્શન થાય છે. 'ન્હાનાલાલ: વિવેચક'માં તૈયાર મૂલ્યાંકન આપવાનું વલણ, વિહંગાવલોકન, દીર્ઘસૂત્રિતા જેવા ગુણોના દર્શન થાય છે. ન્હાનાલાલના પૂર્વગ્રહો અને પક્ષવાદી માન્યતાઓ તેમને વિવેચક તરીકે આત્યંતિક બનવા પ્રેરે છે. વિવેચનની જુદી જુદી શૈલીઓની ચર્ચા તેમણે કરી છે. ડૉ. જહૉનસનની પૃથક્કરણ પ્રધાન અને અઢારમી સદીના બાબાવાકયં પ્રમાણમની શૈલીનો ઉલ્લેખ કરે છે. સમભાવ, મર્મરતા, ઉદારતા, વિશાળ જ્ઞાનસંપતિ, બહુશ્રુતપણું ઊંડી આલોચના જેવા ગુણો તેમના લખાણોમાં જોવા મળે છે. તેમના લખાણોમાં રમણલાલ જોશીને સૌથી ધ્યાનાકર્ષક બાબત તેમના લેખોમાં પ્રગટ થતો સાહિત્ય પ્રત્યેનો સ્વાભાવિક ઉમળકો છે. 'આઠમા દાયકાની

કવિતામાં પ્રયોગશીલ વલણો'માં રમણલાલ જોશીએ છેલ્લા કેટલાંક વર્ષમાં દુનિયાભરના કવિઓની કવિતામાં જે હતાશા, ભગ્નાશપણું અને નિ:સહાયતા જોવા મળે છે, તેની નોંધ લીધી છે. આ હતાશા છેલ્લા દશકાના ગણનાપાત્ર ગુજરાતી કવિઓની રચનામાં દેખાય છે. સાંપ્રત ચેતનાને વાચા આપનારા કવિઓને અછાંદસ કવિતાનું માધ્યમ ખૂબ અનુકૂળ આવેલું છે એવું વિવેચકનું અવલોકન યથાર્થ છે. 'છેલ્લા દાયકાની ગુજરાતી નવલકથા: એક દૃષ્ટિપાત'માં વિવેચક કહે છે કે 'છેલ્લા દાયકામાં કળાનો નવોન્મેષ દાખવતી કૃતિઓ આપણને મળી નથી એ હકીકતનો સ્વીકાર કર્યે જ છૂટકો. આ સમયગાળાની નવલકથામાં આપણા 'મહાભારત', 'રામાયણ' અને 'ભાગવત'નો વળી પાછો આધાર લેવાનું વલણ બળવતર બન્યું છે. 'વિવેચન-પ્રક્રિયા, સમકાલીન સાહિત્ય અને ગોવર્ધનરામ' લેખમાં વિવેચકે સમકાલીનતા અને આધુનિકતા વચ્ચેનો ભેદ દર્શાવતાં કહ્યું છે કે-'વિશ્વપરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન આવ્યું. વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનની ગંજાવર અસર માનવજાતિના જીવન ઉપર વરતાવા લાગી. કવિ કે સર્જક બ્રહ્માંડનું અંગત અર્થઘટન આપે છે. વિજ્ઞાન એ કરી શકતુ નથી. યંત્રવિજ્ઞાનની અસરથી મનુષ્ય માટે સ્વતંત્રતા રહેતી નથી. આની અસરો માત્ર ભૌતિક જ નથી, પણ મનોવૈજ્ઞાનિક અને નૈતિક અસરો પણ છે.

સાહિત્ય વિવેચના સિદ્ધાંતોનો વિશ્વસંદર્ભ ચોક્કસાઈપૂર્વક આપતું અને સાહિત્યવિવેચનની પ્રક્રિયામાં ઊંચા નિશાન નિરાડંબર પણ તાકતું એવું આ પુસ્તક 'વિવેચનની પ્રક્રિયા' ડૉ. રમણલાલ જોશીની સ્વસ્થ સરળ અને આનંદમૂલક દૃષ્ટિની નીપજ છે. એવું કહેનાર સિતાંશુ યશશ્ચન્દ્ર એ 'મુખ્ય બાબત તો કલાકૃતિને પામવાની છે.'- એ સરળ-દૃઢ વાક્ય એમની વિવેચનાનું ધ્રુવપદ ગણ્યું છે. ગોવર્ધનરામ ત્રિપાઠીએ વિવેચનને 'આનંદની ઉજાણી' રૂપે વર્ણવ્યુ હતું. એની નોંધ અહીં ગોવર્ધન સાહિત્યના આ અગ્રણી વિવેચકે લીધી છે. કલા અને કલાકારના સાન્નિધ્યમાં એમને થતો સહજ આનંદ એ કૃતિમર્મગામી છતાં બૃહદસંદર્ભશક્તિ એવા આ વિવેચનગ્રંથનું ધબકતું હૃદય છે.

'ભારતીય નવલકથા:૧' એ રમણલાલ જોશીનો વિવિધ ભાષાની નવલકથા પર થયેલા વિવેચન લેખોનો સંગ્રહ છે. જેમાં કુલ છ પ્રકરણો છે. જેમાં તેઓએ ભારતીય, બંગાળી, અસમીયા, ઓડિયા, મરાઠી, તેલુગુ જેવી નવલકથાઓ પર પોતાનું વિવેચન કાર્ય કર્યું છે. નવલકથા પર વિવેચનકાર્ય કરવું એ પ્રમાણમાં ઘણું મુશ્કેલ કાર્ય છે તેમજ આધુનિક સમયમાં નવલકથાનો જે વિકાસ થયો છે તેને લક્ષમાં લેતા એનાં વિભિન્ન પ્રવાહોને સમાવી લે એવી નવલકથાની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. છતાંય ટુંકમાં વ્યાખ્યા કરતાં વિવેચકે નોંધ્યું છે. 'નવલકથા એ માનવજીવનને પ્રતિબિંબિત કરતી અને વાચકોને રસાનંદ આપતી ગદ્યમાં રચાયેલી કથા છે.'[૪૧]

પુસ્તકના નિવેદનમાં એમણે લખ્યું છે કે સાહિત્યના રસાસ્વાદની શ્રેણીમાં 'ભારતીય નવલકથા:૧' પ્રગટ કરતાં એમને ખૂબ ખુશી થયેલી ગ્રંથનિર્માણ બોર્ડ આ શ્રેણીમાં જુદાં જુદાં સાહિત્ય સ્વરૂપોમાંથી નવલકથા વિશે નવલકથાનું સ્વરૂપ, પાશ્ચાત્ય નવલકથા, ભારતીય નવલકથા અને ગુજરાતી નવલકથા- એમ ચાર પુસ્તકોની યોજના કરેલી એમાંથી ગુજરાતી નવલકથાનું પુસ્તક પ્રગટ થયું છે. જેમાં ભારતની આ વિવિધ ભાષાઓની નવલકથાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય વિભિન્ન ભાષાઓની કૃતિઓ લેખકને શરૂઆતમાં ઘણી મુશ્કેલી ઊભી કરી, નિરાશા જન્મી પરંતુ ત્યારબાદ તેમને સુલભ બનવા માંડેલા અધિકૃત અનુવાદો, સાહિત્ય સંસ્થાઓ તરફથી પ્રગટ થયેલા અંગ્રેજી-હિન્દી ગ્રંથો અને 'ઈન્ડીયન લિટરેચર', 'પી.ઈ.એન.' જેવાં સામયિકોએ માર્ગ મોકળો કરી આપ્યો. ભારતીય નવલકથાની વાત કરતાં વિવેચક જાણાવે છે કે, ૧૮૮૭માં ગોવર્ધનરામ ત્રિપાઠી 'સરસ્વતીચન્દ્ર' નો પ્રથમ ભાગ લઈ આવે છે એ ગુજરાતી સાહિત્યની જ નહિ પણ ભારતીય સાહિત્યની એક અસાધારણ ઘટના છે. જ્યારે ગુજરાતી ગદ્યનો જ પૂર્ણ વિકાસ ન થયો હતો, એ પરિસ્થિતિમાં ગદ્યના વિવિધ આરોહ-અવરોહ પ્રગટ કરતી આ નવલકથા એ યોગ્ય રીતે જ

ગુજરાતીનો ગૌરવગ્રંથ લેખાય છે. બંગાળીમાં ૧૮૨૩માં પ્રથમનાથ શર્માની 'નવબાબુવિલાસ' નામની રચના પ્રગટ થઈ કેટલાકના મતે એ બંગાળીની પહેલી નવલકથા છે. આ નવલકથાનો હેતુ સમાજ સુધારણાનો છે. પરંતુ સમગ્ર મૂલ્યાંકન કરતા આ નવલકથામાં બોધપ્રધાનતા અને સસ્તુ મનોરંજન પિરસાયું છે. પણ બંગાળી નવલકથાના પિતા તો બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય ગણવામાં આવે છે. રવીન્દ્રનાથ ટાગોરની નવલકથાઓમાં 'ગોરા' સર્વશ્રેષ્ઠ છે. બંગાળી સાહિત્યના ઈતિહાસમાં ડૉ. સુકુમાર સેને 'ગોરા' ને આધુનિક 'મહાભારત' તરીકે ઓળખાવી છે. અસમીયા ભાષામાં નવલકથાનો આરંભ પશ્ચિમના સંપર્કને અને વિશેષ તો ખ્રિસ્તી મિશનરીઓને આભારી છે. ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા સ્થાપિત 'અરુણોદય' માસિક કવિતાની જેમ નવલકથાના વિકાસમાં પણ એક ઉદ્‌ભાવક પરિબળ બનીને આવે છે, અલબત્ત તેમનો મૂળ આશય તો ખ્રિસ્તી ધર્મના પ્રચાર-પ્રસારનો જ રહ્યો છે. ઓડિયા નવલકથામાં મહત્ત્વનું પ્રદાન કરનાર પ્રતિભાશાળી સર્જક ગોપીનાથ મહાન્તી છે. તેમણે પોતીકી શૈલીએ નવલકથાઓ લખી છે. પોતાને જે સાચું લાગે તે નિર્ભિકપણે રજૂ કરીને તેમણે વસ્તુ અને રીતિ પરત્વે નવો ચીલો પાડ્યો, મરાઠી નવલકથાનો ઉદ્‌ભવ સો વર્ષ કરતાંય જૂનો છે. ઈ.સ.૧૯૫૧માં શ્રી વામન મલ્હાર જોશી એમની પ્રથમ નવલકથા 'રાગિણી' લઈ આવે છે. જેમાં નીતિ વિષયક ચર્ચાઓ, સ્ત્રીઓનું સ્થાન અને કુટુંબજીવનનો સમાવેશ થાય છે. તેલુગુમાં કેટલીક જાસૂસી અને સામાજિક નવલકથાઓ લખાઈ છે તેવું રમણલાલ જોષીએ 'ભારતીય નવલકથા'માં નોંધ્યું છે- 'ગોવર્ધનરામ' રમણલાલ જોશીના મનગમતા લેખક હોય એવું તેમના વિવેચનગ્રંથો વાંચતા અવારનવાર લાગ્યા કરે છે. વિવિધભાષામાં લખાયેલા આ પુસ્તકમાં ગોવર્ધનરામનાં સમયના સંસ્કારવારસાનો પરિચય આપ્યો છે. તેમજ તેમનો વ્યક્તિગત પરિચય કરાવતા તેમણે કહ્યું છે કે 'वह गुजरात की सांस्कृतिक परम्परा के बीजकोष है।' રમણલાલ જોશીએ નોંધ્યું છે કે- 'સાંસ્કૃતિક સુધારા તરફ ખાસ ધ્યાન દોર્યુ છે. એમણે તેમની

નવલકથામાં પ્રેમ, કર્મ, વિવાહ, વગેરે માટે જે વિચાર વ્યક્ત કર્યો છે. તેમાં તેઓ રૂઢિચુસ્ત નહીં પરંતુ પશ્ચિમના બુદ્ધિવાદી તેમજ પૂર્વની આધ્યાત્મિકતાનો સમન્વય છે.' રમણલાલ જોશીના શબ્દોમાં કહીએ તો- 'गोवर्धन ने भारतीय विचारों, परंपराओ, रीति-रिवाजो में जो कुछ श्रेष्ठ है, उसे पश्चिम के उत्कृष्ठ विचारो; आदर्शो और जीवन पद्धतिसे समन्वित किया और इसी समन्वय की उन्होने कलात्मक अभिव्यक्ति की । રમણલાલ જોશીના મતે યુવાનવયે તેમણે આ પુસ્તક લખ્યું હોવા છતાં તેમાં પરિપકવતાનો પરિચય આપ્યો છે તેમજ તેની શૈલી ગંભીર વિચાર-સરણી ધરાવે છે. 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામમાં' કુલ ચૌદ પ્રકરણો આપવામાં આવેલાં છે. જેમાં તેમણે તેમના સમયના વાતાવરણ અને પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. ગોવર્ધનરામમાં કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રિમાર્ગનો સમન્વય થયેલો હોવા છતાં તેમનો ઝોક વેદાંત પ્રત્યે જ સવિશેષ રહેલો દેખાય છે. ગોવર્ધનરામ નૈષ્કર્મ્યનો જોરદાર વિરોધ કરે છે. તેમજ અધ્યાત્મમૂલક કર્મપ્રવણતામાં જીવનસાર્થકય જુએ છે. ધર્મના વાઘરૂપ, ઉપર તેમને પક્ષપાત નથી. પરંતુ તેઓ માને છે કે સાચી આધ્યાત્મિકતા કુટુંબ, સમાજ અને દેશની કર્તવ્યભાવનામાંજ છે અને એટલે જ સંન્યાસના વિચારોમાં વારંવાર ગૂંચવાતા ગોવર્ધનરામ અંતે 'Sannyasa at Home is the only sulution'નો માર્ગ અપનાવે છે.

ગોવર્ધનરામમાં સ્વાર્થ નહી પણ પરમાર્થનાં દર્શન થયાં છે. વિવેચકે તેથી નોંધ્યું છે તેઓ હંમેશા સમાજ હિત માટે વિચારતા અને કાર્ય કરતા તેમની આ ભાવના વિવેચકના જ શબ્દોમાં જોઈએ તો તેઓ કહે છે કે 'જયારે મનુષ્ય પોતાની જાત માટે જ કર્મ કરવાનું ઈચ્છે છે અને એ પ્રમાણે કરે છે ત્યારે તે છેવટે દુ:ખ પામે છે. જીવન દુ:ખથી ભરેલું છે, પણ એમાં સાચી શાંતિ પરમાર્થે જીવવામાંથી મળે છે.'[૪૨]

'સ્નેહમુદ્રા' પ્રકરણનું અવલોકન કરતાં લેખક કહે છે કે- 'તે એક કળાકૃતિ તરીકે પૂરેપૂરી સફળ નીવડી નથી તેમ છતાં કોઈપણ સહૃદય વાચકને પકડી રાખી શકે એવાં

રસસ્થાનો એમાં અવશ્ય છે. સળંગ કાવ્યકૃતિ આપવાનો ગોવર્ધનરામનો આ પ્રથમ પ્રયાસ એવું રોચક પરિણામ તો અચૂક નીપજાવી શકયો છે. ગોવર્ધનરામની કવિ તરીકેની શક્તિ પ્રકૃતિવર્ણનમાં ઊંચુ કાવ્યત્વ સિદ્ધ કરે છે. સુભગ પ્રકૃતિચિત્રો આલેખવાનું ગોવર્ધનરામની કલમને જાણે સહજસિદ્ધ છે. એવું લેખકનું અવલોકન યથાર્થ છે. 'લીલાવતી જીવનકલા'માં લેખકે લીલાવતીનાં જીવનદર્શનમાંથી એક પિતા લેખકમાંથી તેમની પુત્રી લીલાવતીનાં ગુણોના વર્ણનમાંથી જે ગુણો રમણલાલ જોશીએ તારવ્યા છે. તે આ પુસ્તકમાં ચારેતરફ પ્રદર્શિત થયેલા છે. 'વિવેચન'માં વિવેચકે ગોવર્ધનરામને વિવેચન વિચારધારામાં વિશિષ્ટ એટલા માટે કહ્યા છે કે જીવનવિવેચનના એક ભાગરૂપે તે સાહિત્યવિવેચન કરે છે તેમજ સાહિત્ય પ્રશ્નોને વિશાળ જીવન સંદર્ભોમાં તપાસે છે. સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક પરિબળોના પ્રકાશમાં વિવેચ્ય વસ્તુની ચિકિત્સા કરે છે. આ રીતે તેના ઉદાહરણોમાં વિવેચનનો વિનિયોગ જીવનના વિવિધ પાસાને અજવાળવામાં થતો દેખાય છે. વિવેચક કહે છે કે આ જાતનું વિવેચન પોતાની ક્ષેત્રમર્યાદાને વિસ્તારતું દેખાય છે.

'પરિવેશ'માં વિવેચન લેખો સંગ્રહિત થયા છે. 'પરિવેશ'ના વિવેચન લેખો 'ગ્રંથ', 'બુદ્ધપ્રકાશ', 'શબ્દસૃષ્ટિ', 'નિરીક્ષક', 'પરબ', 'ઉદ્ગાર', 'સંધાન' અને 'જનસત્તા' માં પ્રગટ થયા હતા. અહીં વિવેચકે સર્જન અને વિવેચન વિશે પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું છે કે 'સાહિત્યના અભ્યાસને સંવેદનશીલતાની કેળવણી કહીએ તો એ કેળવણીની પ્રક્રિયામાં વિવેચનની અનિવાર્યતા સમજી શકાય એમ છે. સાહિત્યપદાર્થ સાથે કામ પાડનારને એક તરફ સર્જન અને બીજી તરફ વિવેચન આ બન્ને વચ્ચેના સંબંધો વિશે વિચારવાનું આવવાનું.' ('પરિવેશ' પૃ.૨,૩) તો બીજી તરફ વિવેચક સર્જનને પામવામાં વિવેચન ઊણુ ઉતર્યાની ફરિયાદ વિશે જણાવતાં કહ્યું છે- 'સર્જન અને વિવેચન હંમેશા સામસામા ચોરસામાં હોય એવો અફર નિયમ નથી.'[૪૩]

'સર્જન અને વિવેચન એક રીતે અન્યોન્યાશ્રયી છે.'[૪૪]

રમણલાલ જોશીના ઘણા લેખોના અંતે હજુય ખૂબ સારું લખે, કે પ્રભુ તેમને વિવેચન લેખો ગ્રંથસ્થ કરે એવી સદ્બુદ્ધિ આપે એવી ભગવાનને પ્રાર્થના કરે છે. એ વાંચતા એવું સ્પષ્ટ જાણાય છે કે વિવેચકને ખાસ કરીને વિવેચન સાહિત્યની વિશાળતા અને ગુણવત્તા વધારવામાં ખૂબ રસ છે. રમણલાલ જોશીએ નવલકથાઓ, વાર્તાઓ અને કાવ્યોને પોતાના વિવેચનક્ષેત્રમાં વિકસાવ્યાં છે. અહીં 'કવિતા: પૃથ્વી પર રોપેલો સ્વર્ગીય પારિજાતનો છોડ !' નામના વિવેચન લેખમાં શીર્ષકની નાવીન્યતા અને અર્થસભરતા દેખાય છે. હેમંત દેસાઈએ 'અભ્યાસ' માસિકમાં કવિતા વિશે એક લેખમાળા લખેલી એ બધી સામગ્રીને મઠારીને અને બીજું નવું એમાં ઉમેરીને તેમણે આ પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં કવિતાનું સ્વરૂપ ભાવનાની પ્રક્રિયા, શબ્દશક્તિ, કવિતા અને સંગીતનો સંબંધ કવિતામાં લય અને છંદ, મુકત પદ્ય અને અછાંદસ કાવ્યમાં કલ્પન અને પ્રતીકનું કાર્ય વગેરે વિષયોની ચર્ચા કરી છે. લેખકે આ પુસ્તકની વિશેષતા બતાવતા કવિની વિવિધ કાવ્યોના નમૂના લઈ તેની તાત્ત્વિક ચર્ચા કરવાની બાબતની તારીફ કરી છે. 'સાંપ્રત ગુજરાતી કવિતાનો આસ્વાદ' માં વિવેચક કહે છે કે- 'સમકાલીન સાહિત્ય વિશે પીઢ વિવેચકે કશું બોલતા નથી અને પ્રૌઢ વિવેચકો ગાંધીયુગથી આગળ જતા નથી. 'મણિલાલનું આત્મવૃતાંત' પંડિતયુગના મહાનસાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃતાંત એંશી વર્ષ બાદ પ્રગટ થયું છે. ગુજરાતી સાહિત્યની આ એક વિરલ ઘટના લેખકે ગણી છે. તે ખરેખર યોગ્ય છે. 'શબ્દાતીત' એ ભગવતીકુમાર શર્માનો નિબંધ સંગ્રહ છે. વિવેચક તરીકેની સૂઝ તેનું અવલોકનનું સ્પષ્ટ પ્રતિબિંબ અહીં તેમના શબ્દોમાં જ દેખાય આવે છે.

'આપણી પાસે રૂપાળી ભાષાની ફોજ હોય પણ એમાં મૂકવાના રસાળ ફળ નહીં હોય તો સાહિત્યનું શું થશે એવો પ્રશ્ન અત્યારના છાપાળવા લખાણો જોઈને ઉદ્ભવે

'શબ્દાતીત' એમાં સુખદ અપવાદ છે અને અમુક અંશે દિશાસૂચક પણ છે એ ઓછું આશ્વાસક છે?'[૪૫]

'પરિવેશ'ના પાછળના પૂંઠા પર શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી એ જે શબ્દો ટાંકયા છે તે અહીં નોંધવા જેવા છે-

'ડૉ. રમણલાલ જોશી આપણા આ જમાનાના પ્રથમ કક્ષાના વિવેચક છે. એમની સફળતાનું રહસ્ય જ્ઞાનસમૃદ્ધિ, જીવનદષ્ટિ, ઉદ્યોગ અને સાવધાનીમાંજ નથી, એમની ઊંડી અને શુદ્ધ, સંવેદનક્ષમતામાં છે. વિવેચક ઉતમોતમ કવિ કે વાર્તાકારના લોકાત્તર કલ્પના કે સંવેદનને પહોંચી શકવો જોઈએ. આ અનિવાર્ય અને પ્રશંસનીય શક્તિ ડૉ. રમણલાલ જોશીમાં છે. એમણે સાહિત્ય પરામર્શનું અભિનંદનીય કાર્ય કર્યું છે.'

'નિષ્પતિ' એ લગભગ ૫૪ જેટલા વિવેચન લેખોનો સંગ્રહ છે. જેમાં કેટલાક વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરી તેમજ અન્ય ઘણા જ વિવિધ પ્રકારના સાહિત્યિક વિષયોનો અને સ્વરૂપોનો સમાવેશ થયો છે. રમણલાલ જોશીએ ગુજરાતી સાહિત્યના ઓછા ફેલાવા બાબતે ચિંતા વ્યક્ત કરતાં ઉમાશંકર જોશીને પૂછેલા પ્રશ્નના ઉત્તર રૂપે જાણ્યું કે ગુજરાતી ભાષાના પુસ્તકોનું ભાષાંતર અન્ય ભાષાઓમાં બહુ ઓછું થયું છે. 'લોકો સાહિત્યથી વિમુખ શા માટે થતા જાય છે' એનો ગુલાબદાસ બ્રોકરે આપેલો જવાબ રમણલાલ જોશીનાજ શબ્દોમાં નોંધીએ તો 'આજે વાંચનસંખ્યા ખૂબ વધી છે. લોકોને વાંચવા તો જોઈએ છે, પણ જે સારું સાહિત્ય સર્જાય છે તે તેમને સમજાતું નથી. એથી તેઓ એમને સમજાય તેવા વાચન તરફ ઢળે છે. કમભાગ્યે એ કૃતિઓમાં સારું સાહિત્ય નથી હોતું. આમ આપણી પ્રજા સાહિત્યથી કાંઈક વિમુખ થતી જાય છે, એ અત્યારની પરિસ્થિતિની એક વિષમ બાજુ છે.' [૪૬]

તેમજ અહીં લેખકે વાંચન પ્રત્યેની સજાગતા દાખવી છે અને ઉચ્ચગુણવત્તાવાળા શિષ્ટ સાહિત્યને વાંચવાનો આગ્રહ રાખ્યો છે. વિવેચકે માત્ર બોધપ્રધાન અને ધાર્મિક વિષયો

પરના વાચન અને લખાણ બાબતે વિષયવર્તુળ વધારવા માટે અંગુલિનિર્દેશ કર્યો છે. તેઓએ વાચન પરત્વે બેદરકાર રહેવાની મનાઈ કરી છે. કારણ કે વાંચન આપણને આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી આપણને બે ડગલાં આગળ લઈ જાય, આપણા પ્રજાજીવનને ઊંચે ઉઠાવે એક સ્વસ્થ-તંદુરસ્ત પ્રજા તરીકે આપણું વ્યક્તિત્વ ખીલે, આનંદ વિનોદની સાથે આપણને પ્રેરણા આપે, જગતની વિવિધ પ્રજાઓના સમાજમાં આપણે ગૌરવભેર ઊભા રહી શકીએ એવું પાથેય આપે એવા સાહિત્યનો વ્યાપક ફેલાવો થાય અને પ્રજા એ તરફ વળે એવા માર્ગો કારગત નીવડે એમ કરવું જોઈએ. એવી લેખકે સલાહ આપી છે. પુસ્તકોના પ્રકાશને બાબતે, સરકારી સહાય બાબતે તેમજ પુસ્તક ખરીદી માટેની લોકજાગૃતિ બાબતે રમણલાલ જોશી ચિંતા અને સતર્કતાની લાગણી વ્યક્ત કરી છે. 'ગુજરાતમાં ગ્રંથાવલોકન પ્રવૃત્તિ'માં પુસ્તક વાંચન પ્રત્યેની જાગૃતિ બતાવતા વિવેચકે કહ્યું છે કે- 'સાચા માર્ગદર્શનને અભાવે વાચકો શું વાંચવું અને શું ન વાંચવું એ વિષે મૂંઝાતા હોય છે.

પુસ્તકનું સાચું મૂલ્ય તેમની સમક્ષ પ્રગટ થાય તો કેટલા બધા સમય શક્તિ અને ધનના વ્યયમાંથી તે ઉગરી જાય. વાચકોની રુચિને ઘડવી એ અવલોકનકારનો ધર્મ છે. એમ કહીને એક સાચા વિવેચકનો પથ નિર્દેશ કર્યો છે.

'વિવેચનની આબોહવા' એ સાહિત્ય અને વિવેચનના પણ વિવેચનનો રસપ્રદ અને સરલ રીતિશૈલીનો ગ્રંથ છે. આ ગ્રંથ એ વિવેચનલેખોનું પોટલું નથી; એક વિશિષ્ટ અને સુખદ છાપ પાડનારો, નાનામોટા લેખોનો સંચય છે. એમાં આ યુગના વહેણો, કૃતિઓ, સર્જકો, લક્ષણો, પ્રયોગો, સંદર્ભો વગેરેનો સમાવેશ થાય છે. ડૉ. રમણલાલ જોશીના આ ઉદ્યમની ભૂમિકા કલ્પનાનિષ્ઠ અનુભવની છે. પોતાની સ્વસ્થ સંવેદનશીલ વિવેચનગતિમાં નાના મોક્ષનો પ્રશ્ન તેમને નડતો નથી; કોઈ 'વાદ' ની બાધા લાગતી નથી. નવીન કવિ કે ગઝલકારને, વાર્તાકારને કે વિવેચકને ગુણજ્ઞતાથી તેઓ ઓળખાવે છે. અભિવ્યક્તિ અને

આધુનિકતા વગેરેના સંપ્રત્યો લેખક સમજાવે છે, પણ તેનો પાસ તેમને ક્યાંય લાગ્યો નથી. 'વિવેચનની આબોહવા'માં તો ગુજરાતી સાહિત્યના વિવેચની પરિસ્થિતિનો ચિતાર આપતાં જણાવે છે કે-

'પ્રવર્તમાન ગુજરાતી સાહિત્ય, વિવેચનાત્મક સાહિત્યનું, આજે અમુક અંશે બંધિયાર થઈ ગયું જણાય છે. વિવેચનના ધોરણોને દઢાવવા-બઢાવવા સંખ્યાબંધ વિવેચકો આજે ધૈર્યપૂર્વક મથી રહ્યા છે.'[૪૭]

અહીં લેખક વિવેચકોના કર્તવ્ય અંગે વિવેચનની વ્યાખ્યા કરી રહ્યા છે ત્યારે વિવેચકની અગણિતતાની પણ એમાણે નોંધ લીધી છે તેમજ ગુજરાતી વિવેચન સાહિત્યની સાહિત્યિક પરિસ્થિતિ બતાવતાં તેઓ જણાવે છે કે 'આવા તણાવમાંથી વિવેચનની એક નવી આબોહવા અવશ્ય ઊભી થશે. નવા વિવેચકોને આ પરિસ્થિતિ આહવાનરૂપ છે અને મને કહેતાં આનંદ થાય છે કે અત્યારનું ચિત્ર ગુજરાતીના સંદર્ભમાં નિરાશાજનક નથીજ'.[૪૮]

'નર્મદનું ગદ્ય' માં લેખકે નર્મદના ગદ્યનાં વખાણ કર્યાં છે તેમજ લેખકને નર્મદની નવલકથામાં ગોવર્ધનરામના વિચારો પ્રગટ થયેલા દેખાય છે.

'કવિ-વિવેચક મનસુખલાલ ઝવેરી'માં વિવેચક મનસુખલાલ ઝવેરી માટે 'આખાબોલા' જેવા શબ્દનો પ્રયોગ કર્યો છે. તેમજ વિવેચકે મનસુખભાઈને એ જમાનાના એમની પેઢીના વિવેચકોમાં એક શક્તિશાળી વિવેચક તરીકે નિર્દેશ્યા છે, તો 'સ્નેહરશ્મિના' વિવેચનકાર્યને તપાસતા તેમાં લેખકને સાહિત્યમાં જીવનમૂલ્યોની માવજત થતી દેખાય છે.

આ ઉપરાંત રમણલાલ જોશીએ સુન્દરમ્ અને સ્નેહરશ્મિની પરિચય પુસ્તિકા પણ લખી છે. 'સુન્દરમ્ એટલે સુન્દરમ્' એમ અનવ્યય અલંકારનો ઉપયોગ કર્યા સિવાય એમને વિશે શી વાત થઈ શકે? એવો લેખક પ્રશ્ન કરે છે. રમણલાલ જોશી સુન્દરમ્ માટે 'મૈત્રીનું કાવ્ય' એવો શબ્દપ્રયોગ કરે છે. રમણલાલ જોશીએ સુન્દરમ્‌ની કવિતાઓના ઉદાહરણો અને

કાવ્યોસંગ્રહની જે નોંધ લીધી છે. તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે અહીં વિવેચકમાં કવિ હૃદય અને કયાંયક તો વિવેચકનાં ગોપી હૃદયનાં પણ દર્શન થાય છે. સુન્દરમ્‌ના કાવ્યોમાંથી તેમણે આધ્યાત્મિક કાવ્યો, પ્રકૃતિ કાવ્યો, જીવન ચિંતનના કાવ્યોનો કેટલાંક ઉદાહરણો ટાંક્યા જેમાં કૃષ્ણ વિશેના કાવ્યો પ્રત્યેનો લેખકનો પક્ષપાત દેખાયા વિના રહેતો નથી. રમણલાલ જોશીએ સુન્દરમ્‌ને કાવ્યોનું ચયન કરતાં કરતાં જીવનનું જે ચિંતન શોધી કાઢ્યું છે. જે છેવટે મનુષ્ય હૃદયમાં અહર્નિશ ચાલતા શ્રેય-પ્રેયના ગજગ્રાહને જઈને સ્પર્શે છે. તેમના 'યાત્રા' કાવ્યાસંગ્રહની વિશેષતા એ સાહિત્યસર્જનમાં અર્વાચીન કાળના કવિઓમાં કોઈ નવીજ હવા લઈને આવતો કાવ્યસંગ્રહ છે. 'યાત્રા' કાવ્યસંગ્રહનું અવલોકન કરતાં વિવેચકને દેખાયેલો અવગુણ એ વિવિધતાનો અભાવ છે. પરંતુ આ અવગુણનો તેમની લેખકે કરેલી કાવ્યની યશોગાથા પાછળ કયાંય દેખાય તેમ નથી. સુન્દરમ્‌ની કવિતામાં લેખકને હાસ્ય-કટાક્ષ ગંભીર અધ્યાત્મચિંતન અને સમાજજીવનનું દર્શન થાય છે. તેમની કવિતામાં રહેલું વાસ્તવવાદી વલણ ત્રીસ ચાલીસના ગાળામાં પ્રબળ થતું બતાવ્યું છે. તેમની કવિતાની માફક તેમની વાર્તાઓમાં પણ લેખકને શ્રી અરવિંદનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. લેખકે સુન્દરમ્‌માં રહેલી એક વાર્તાકારની ઔચિત્યસૂઝ અને પ્રમાણભાનને બિરદાવ્યાં છે.

તેમની વાર્તાઓમાં પ્રણયભાવ, આંતરિક વિસંવાદોમાં રહેલા તથ્ય તેમજ કથાવસ્તુના પ્રવાહનું યોગ્ય વહન સ્પષ્ટ બતાવ્યું છે. વિવેચનક્ષેત્રે પણ સુન્દરમ્‌ના કાર્યને બિરદાવતાં રમણલાલ જોશીએ સુન્દરમ્‌ને 'મોટા ગજાના વિવેચક' કહ્યા છે. વિવેચક તરીકેના તેના ગુણોની તારીફ કરતાં વિવેચક તેમની સહૃદયના સૂક્ષ્મ વિવેચકદષ્ટિ અને સ્વરૂપ સમતોલ મૂલ્યાંકન જેવા ગુણોની ગાથા કરી છે. વિવેચક તરીકેનો સુન્દરમ્‌નો પરિચય આપતા લેખકની ભાષાશૈલી જોવા માટે તેમના જ શબ્દો જોઈએ તો: 'વિવેચક તરીકે સુન્દરમ્‌ની સહૃદયતા, રસિકતા, સાહિત્યપ્રીતિ, સમગ્ર પરિવેશની જાણકારી અને એક બૃહદ સંદર્ભમાં સાહિત્યપદાર્થનું

યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિનું દર્શન થાય છે. એમાં સ્થળે સ્થળે આવતા અંગત સંસ્મરણો વિષયનિરૂપણમાં એક ઝીણી ભાત ઉપસાવે છે અને એમના નિબંધ વાંચતા સાહિત્યના વાંચનનો આસ્વાદ મળે છે. આ બધા લખાણોમાં સુન્દરમ્ કેવા તો મોટા ગજાના ગદ્યકાર હતા તેની પ્રતીતિ થાય છે. આવી ધોધમાર પ્રવાહિતા અને વિશદ્તા આપણું ધ્યાન ખેંચે છે. ક્યારેક એના ગદ્યમાં સંમાર્જનનો અભાવ વર્તાય, પણ એનું સારું ઓધવતી શૈલીવાળી દે છે. પ્રશિષ્ટ ચિત્રાત્મક અને પ્રવાહી ગદ્યના સર્જક તરીકે સુન્દરમ્‌ની જે છબિ ઉપસે છે તે આકર્ષક નીવડે છે. વિવેચનાત્મક નિબંધો પણ અંગત નિબંધના ઢાળામાં ઢળતા જણાય છે. વિવેચક તરીકે સુન્દરમ્‌ના વ્યક્તિત્વના સ્પન્દ ચાલું અનુભવાયા કરે છે. આ વ્યક્તિત્વ અનાક્રમક, સૌમ્ય અને છતાં પ્રભાવક છે.'[૪૯]

સુન્દરમ્‌ની માફક સ્નેહરશ્મિ પર પણ રમણલાલ જોશીએ પરિચય પુસ્તિકા આપી છે. ગાંધીયુગના કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટકકાર, આત્મકથાકાર તેમજ વિવેચક તરીકે પ્રખ્યાત સ્નેહરશ્મિ એક કેળવણીકાર તરીકે પણ વિશેષ પ્રસિદ્ધિ પામ્યા છે. અહીં લેખકે સુન્દરમ્‌ના જીવન અને કવનનો પરિચય આપ્યો છે. તેમજ તેના જીવનમાં બનેલી અનેક ઘટનાઓને પણ તેમણે મૂકી છે. ૧૯૩૦માં સવિનયભંગની લડતમાં 'સત્યાગ્રહ પત્રિકા'નું સંપાદન કરવા માટે નવ મહિનાની જેલની સજા થઈ. કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમાયા ત્યારે પણ તેમને બે વર્ષનો જેલવાસ ભોગવ્યો, આ બધામાં સાહિત્યિકતા એ તેનો આગવો ગુણ છે. તેઓ ઝીણાભાઈ દેસાઈ કરતા 'સ્નેહરશ્મિ' નામથી વધુ પ્રખ્યાત છે. વિવેચકે નોંધ્યું છે કે 'ગાંધીયુગના કવિઓમાં સુન્દરમ્ ઉમાશંકર પછી તરત 'સ્નેહરશ્મિ'નું નામ લેવાતું. ગાંધીયુગની ભાવનાઓ, આદર્શો અને કપરી સામાજિક વાસ્તવિકતાને તેમણે વાચા આપી છે, પણ છેવટે તો 'સ્નેહરશ્મિ'ને લેખકે 'જીવનમાંગલ્યના કવિ' કહ્યા છે.' સ્નેહરશ્મિની કવિતામાંથી વિવેચકે તેમના દીનદલિતો પ્રત્યેનો સમભાવ અને ગાંધીજીવન દર્શનથી પ્રેરાયેલી સ્વાતંત્ર્ય,

પ્રેમ-અહિંસા, સંસ્કૃતિપ્રેમ, આદિ ભાવનાઓ સ્નેહરશ્મિની કવિતામાં કલાત્મક અભિવ્યક્તિ પામ્યા છે. રવીન્દ્રનાથની સૌન્દર્યભાવનાનો તંતુ પણ આરંભથી જ એમની કવિતામાં દેખાય છે. વિવેચક કહે છે કે પ્રશિષ્ટ પરંપરાના કવિ હોવા છતાં નવાં વહેણોને સમજવા માટે તે સદા તત્પર રહ્યા છે. લેખકે સ્નેહરશ્મિની કવિતામાંથી શ્રીકૃષ્ણવિષયક કવિતાઓના કેટલાંક ઉદાહરણો પણ અહીં ટાંકયાં છે. સ્નેહરશ્મિનો કવિ તરીકેનો પરિચય આપતા લેખક કહે છે કે 'સ્નેહરશ્મિ માર્દવ અને માધુર્યના કવિ છે. કોઈને કોઈ મંગલ ભાવના એમના કાવ્યોમાં ફૂલની, ફોરમની જેમ મંદ મંદ ફોરે છે.'[૫૦]

સ્નેહરશ્મિની વાર્તાકાર તરીકે મૂલવણી કરતાં વિવેચકે નોંધ્યું છે કે-'વાર્તાકાર તરીકે સ્નેહરશ્મિનું મુખ્ય ઓજાર એ વકતવ્યને ઊર્મિ-રસિક સ્વરૂપે અભિવ્યક્ત કરવાની કુશળતામાં રહ્યું છે. સાહિત્યમાં જીવનમૂલ્યોની માવજતનો તેમણે આગ્રહ રાખ્યો છે કે રાષ્ટ્રીય એકાત્મકતા જાળવવામાં સાહિત્યે પોતાનું સક્રિય યોગદાન આપવાનું કાર્ય કર્યું છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તો તે મૂલ્યાંકન કરે જ છે પણ તાત્ત્વિક, સ્વરૂપગતા ચર્ચામાં કરતાં 'સ્નેહરશ્મિ' સાહિત્યકારની સામાજિક પ્રતિબદ્ધતા વિશે પ્રસંગોપાત કહેતા રહ્યા છે. વિવેચક તેમને પ્રશિષ્ટતાના આગ્રહી કહ્યા છે. રમણલાલ જોશીએ 'સ્નેહરશ્મિ'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરતાં કહ્યું છે કે ''સાહિત્યકૃતિઓ, સર્જકો અને સાહિત્યિક પ્રવાહોનો તેમણે આપેલો પ્રતિસાદ એ સંવેદનશીલ હૃદયનો રાગદ્વેષમુક્ત નિર્મલ પ્રતિસાદ છે. સરસ્વતીના મંદિરમાં અનેક સાદ અને પ્રતિસાદ ગોરંભાતા રહે છે, એમાં 'સ્નેહરશ્મિ' એ પાડેલો આ એક પ્રતિસાદ એમાં સૌમ્ય, તરલ, સ્નેહસિક્ત કંપનીને કારણે સહૃદયોની સ્મૃતિમાં અનુરાણોને જગાડયા કરશે.''[૫૧]

સ્નેહરશ્મિની કવિતાના નિરૂપણમાં જીવન અને કલાપ્રત્યેનો સૌંદર્યલક્ષી અભિગમ જોનાર રમણલાલ જોશીએ તેને 'આશાવાદી કવિ' કહ્યા છે. 'ગ્રંથની કેડીએ' એ ૭૪ વિવેચન લેખોના સંગ્રહનું પુસ્તક છે. જેમાં સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં લખાયેલા લેખોના વિવેચન

લેખોનો સમાવેશ થાય છે. ગુજરાતી સાહિત્યના પ્રશિષ્ટ અને સમર્થક વિવેચક એવા રમણલાલ જોશીને પુસ્તકો સાથે ઘરોબો હોય તેવું લાગે છે. વાંચન તેના વ્યક્તિત્વની આસપાસ ગૂંથાયેલું છે અને વિષય અને રસનું વૈવિધ્ય જાણે તેના વિવેચનની સુંદરતા હોય તેવું લાગે છે. પોતે વાંચેલા પુસ્તકોનો આનંદ અન્યને વહેંચવાનું પણ તેઓ પસંદ કરે છે. એમની આ પ્રકારની પ્રકૃતિ અને પ્રવૃત્તિને કારણે એમની પાસેથી સંખ્યાબંધ પુસ્તકોનાં અવલોકનો મળે છે. 'ગ્રંથનો પંથ' અને 'ગ્રંથની કેડીએ' એમના અવલોકનોનાજ સ્વતંત્ર સંગ્રહ છે. નવાં નવાં પુસ્તકો અને નવાં નવાં વિષયોને તેમણે આવકાર્યા છે, એ જ તો બતાવે છે તેમનો પુસ્તકો પ્રત્યેનો અનુરાગ તેઓ પ્રત્યેક પુસ્તકને ઉમળકાભેર આવકારે છે, પછી સાહિત્યનું પુસ્તક હોય કે સંગીત, ઈતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે સંસ્કૃતિ ચિંતનનું પુસ્તક હોય, નવા લેખકનું હોય કે, વિદ્વાન વિવેચક-લેખકનું હોય લેખકે આ બધાંજ પુસ્તકોને જોવાના દૃષ્ટિકોણમાં કયાંય ભેદ રાખ્યો હોય તેવું દેખાતું નથી. વિવિચનમાં વિવેચક સર્જકના ગુણ અને દોષો જોવાનું કાર્ય કરે છે એ તદ્દન ખોટું છે પરંતુ રમણલાલ જોશીના મતે વિવેચન એ યથાર્થદર્શનનો દૃષ્ટિકોણ એ વિવેચકનો મહત્ત્વનો ગુણ બનાવે છે ત્યારે એક પારદર્શી અને તટસ્થ વિવેચકના ગુણોનો પરિચય મળી રહે છે. રમણલાલ જોશી, પુસ્તક સહૃદયતાપૂર્વકના વાચનને કારણે પોતાને પ્રાપ્ત થયેલા આનંદની વહેચણી કરે છે અને પુસ્તકો વિશેના પોતાના પારદર્શી-સ્પષ્ટ પ્રતિભાવો પણ આવે છે. 'રોજ રોજ સંખ્યાબંધ પુસ્તકો-પુસ્તિકાઓ પ્રગટ થાય છે. કશી રોકટોક વગર ધોળા કાગળ પર કાળું છપાયે જાય છે, પણ એમાં કેટલું સત્ત્વશીલ, સ્વયં સ્ફૂરણા પ્રેરિત એ પ્રશ્ન છે. એમાં પ્રસિદ્ધિની ખેવના પણ કારણભૂત છે. તેમ છતાં પુસ્તકોના ગંજમાંથી થોડા તો આપણે તરત ઊંચકી લઈએ એવા અવશ્ય નીકળે'[૫૨]

આમ લખીને વિવેચકે સાહિત્ય જગતમાં ઉગતા પાકમાં રહેલી ગુણવત્તા તરફ અંગુલી ચીંધીને ઉચ્ચ ગુણવત્તાવાળા સાહિત્યને સન્માન્યું છે. ગ્રંથનું અવલોકન કરતી વેળાએ આમ,

રમણલાલ જોશી ગુણવિશેષને કે રસસ્થાનોને ઉદ્‌ઘાટિત કરી આપે છે એ બધામાંથી એમનું અનુરાગી વલણ પ્રગટે  છે. અલબત્ત અવલોકનકાર ગુણદર્શી બનીને અવલોકન કરે છે. એ સાથે જ સૌમ્યતાથી ગ્રંથની મર્યાદાઓ પણ ચીંધી બતાવે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓ કૃતિની સીમાઓનો નિર્દેશ પણ કરે છે. 'ગુજરાતની અસ્મિતા' ના પ્રકાશનની ખૂબ તારીફ કર્યાં બાદ એ ગ્રંથના વિવિધ વિભાગોમાં વિગતદોષ દર્શાવે છે અને સાહિત્યવિભાગ સંદર્ભે સ્પષ્ટ પણ નોંધે છે કે, 'સાહિત્યકારો વિશેની માહિતી લેખકે 'જ્યોર્તિધરો' અને 'આપણા શિલ્પીઓ' એ મથાળા હેઠળ આપી છે પણ આ બે વચ્ચે તેમણે ખાસ વિવેક કર્યો નથી. 'જ્યોર્તિધરો'માં સમકાલીન સાહિત્યના કેટલાક લેખકો તેમણે લીધા છે એ જરા વિચિત્ર લાગે તેવા છે. દરેક લેખો અને લેખકોમાં કયાં શું ખૂટે છે અને ક્યાં શું હોવું જોઈએ એવી સૂક્ષ્મદષ્ટિથી અવલોકન કરનાર રમણલાલ જોશીએ પારદર્શી વિવેચકનો ધર્મ બજાવ્યો હોય તેવું લાગે છે.

'ભજ ગોવિંદમ્'ના અનુવાદક મનસુખલાલ સાવલિયાએ આ અનુવાદ આપીને ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષાઓની સેવા કરી છે અને સેતુ બન્યા છે એની નોંધ લીધા બાદ વિવેચક રમણલાલ જોશી અનુવાદ સંદર્ભે પોતાની આ પ્રકારની કોમેન્ટ્સ પણ આપે છે. 'પ્રસ્તુત પુસ્તકમાં કુલ ૩૧ શ્લોકો આપવામાં આવ્યા છે. મૂળ ૧૨ શ્લોકોમાંથી ૩૧ શ્લોકો કઈ રીતે થયા એનો ખુલાસો સંપાદક આપવો જોઈતો હતો. તેમણે કઈ હસ્તપ્રત ઉપરથી આ સંપાદન કર્યું છે તેની વિગત 'નિવેદન'માં નોંધવી જરૂરી હતી. ધ્રુવપંક્તિ આ પ્રમાણે છે:

**'ભજગોવિંદમ્ ભજગોવિંદમ્**
**ગોવિંદમ્ ભજ મુઢમતે**

એનો અનુવાદ આ પ્રમાણે છે:

**ભજગોવિંદમ્ ભજગોવિંદમ્**

**ભજગોવિંદમ્ મતિહીણા.'**[૫૩]

મને લાગે છે કે 'મૂઢમતે' નો અનુવાદ 'મતિહીણા' કરવાને બદલે 'મૂઢમતે' કે 'મૂઢમતિ' જ રાખ્યો હોત તો સારું હતું. કારણ કે શંકરાચાર્યને મૂઢમતિ- જેની બુદ્ધિ મૂઢ થઈ ગઈ છે, બહેર મારી ગઈ છે એમ કહેવું છે, જ્યારે 'મતિહીણા'માં 'બુદ્ધિ વગરના' એવો અર્થ થાય છે. ઉપરાંત બોલવામાં પણ મતિહીણા બરાબર બંધ બેસતું નથી, બીજી પંક્તિમાં શંકરાચાર્ય 'ભજ ગોવિંદમ્'નો વ્યુતક્રમ કરે છે- 'ગોવિંદમ્ ભજ'- 'ગોવિંદને ભજ' કે આવો અનુવાદ કદાચ વધારે યોગ્ય થાત.

રમણલાલ જોશી સ્વસ્થપણે પુસ્તક વિશેના પોતાનાં નિરીક્ષણો નોંધતી વખતે કેટલીકવાર પુસ્તકની સીમાઓનો સીધેસીધો નિર્દેશ કરે છે, તો કયારેક વળી અપ્રગટપણે મર્યાદાઓ બતાવી જાણે છે, અવલોકનકાર રમણલાલ જોશી આમ ગ્રંથના ગુણાત્મક પાસાને અજવાળીને સહજભાવે એની મર્યાદાઓ પણ દર્શાવી દે છે. જો કે, કેટલીક વખત એમના અવલોકનોમાં પ્રશસ્તિનું પલ્લું નમી ગયું હોવાની છાપ પણ પડે છે. લેખક સાહિત્યિક આબોહવા અને આંદોલનોથી સુપરિચિત છે. પરિણામે એમના અવલોકનોમાં પણ યથાવકાશ સાહિત્યિક સ્થિતિ-ગતિના નિર્દેશો સહજ રીતે જ આવે છે. કેટલાક વાર્તાસંગ્રહોના અવલોકનો કરતી વખતે તેઓ ગુજરાતી વાર્તાની ગતિવિધિ વિશે યથોચિત અભિપ્રાય આપે છે. જેમકે સુમંત રાવળના વાર્તાસંગ્રહ 'લઘનાલય' વિશે વાત કરતી વખતે તેઓ નોંધે છે. સુરેશ જોશીનો 'લટનાલોપ'ના સિદ્ધાંતોની પ્રતિક્રિયા રૂપે વાર્તામાંથી ઘટનાનો લોત તો ઠીક, વાર્તાનો લોપ થઈ ગયો. 'ગુજરાતી વાર્તા મેદસ્વી બની ગઈ હતી ત્યારે તેમણે યોગ્ય રીતે જ આંતરઘટનાનો મહિમા કર્યો, પણ એનું વિચિત્ર રીએકશન આવ્યું.' આ ઉપરાંત ઘણાં વાર્તાકારોની વાર્તાઓના અવલોકનમાં આવું દશ્ય નિરૂપાયું છે. ટૂંકા ટૂંકા વાકયો અને બોલચાલની શૈલીએ રમણલાલ

જોશીના અવલોકનોની એક નોંધપાત્ર ખાસિયત છે. તેઓ અવલોકનના આરંભે કયારેક સીધા પુસ્તકમાં પ્રવેશે છે, તો કયારેક લેખકના સાહિત્યિક પ્રદાનની નોંધ લે છે. કયારેક સીધો ગ્રંથ-પરિચય આપવાને બદલે ગ્રંથકારનો પરિચય આપીને અવલોકનકાર પર્યાપ્ત ભૂમિકા રચે છે, જેમકે ડૉ. ઈશ્વર પરમારના 'સર્જકની શિક્ષકગાથા' નું અવલોકન કરતાં પહેલાં તેઓ લેખકનો પ્રાથમિક પરિચય આપે છે.

ગ્રંથનો વિશેષ અને ગ્રંથકારનો ઈષિત્ પરિચય આપતાં રમણલાલ જોશીનાં રસળતી શૈલીએ થયેલા આ અવલોકનો, અવલોકનમાં અપેક્ષિત પ્રત્યાયનક્ષમતાનો ગુણ પણ ધરાવે છે. પુસ્તકના અવલોકનો પ્રત્યાયનક્ષમ હોવાને કારણે એ વાચકને પુસ્તક સુધી પહોંચાડવામાં અને પુસ્તકમાં પ્રવેશ આપવામાં ઉપકારક ભૂમિકા ભજવે છે. અવલોકનકાર એમ, વાચકનો પુસ્તક સાથે નાતો જોડવાનો પોતાનો આશય પણ પાર પાડી શકે છે.

અવલોકનકારની નજર આગળ નિરપેક્ષ કલાસિદ્ધાંતોની તુલનાએ કૃતિગત કલાતત્ત્વો વધારે રહેતાં હોય છે જેથી એમને માટે કૃતિનું સૂક્ષ્મ વિવેચન નહિ પરંતુ વિશદ્ ચિત્રણ વિશેષ મહત્ત્વનું બને છે. અવલોકનમાં પ્રવૃત્તિ રમણલાલ જોશી આ વાત સારી રીતે જાણે છે. એટલે રમણલાલ જોશીના ગ્રંથાવલોકનમાં જે-તે કૃતિના અંતસ્તત્ત્વની તલસ્પર્શી ચર્ચા કે આલોચના થતી નથી, પરિણામે અવલોકનકાર વિવેચક તરીકે પ્રગટ થતા નથી. વળી, 'રંગતરંગ'ના પાને છપાયેલાં આ અવલોકનો સાહિત્યના વિદગ્ધો માટે નહિ પરંતુ સરેરાશ ભાવકો માટે લખાયેલાં છે. 'આ પુસ્તક તમે જોયું ?' એવા પ્રશ્નાર્થ સાથે અવલોકનકારને આખરે તો સામાન્ય વિવેચકોને પુસ્તકો પ્રતિ અભિમુખ કરવા છે અને પુસ્તકોથી પરિચિત કરાવવા છે. પુસ્તકોની સર્વગ્રાહી અને તલાવગાહી વિવેચના કરવાનું એમને અભીષ્ટ પણ નથી, પોતે ક્યાં અને કોના માટે લખે છે કે શું અને શા માટે લખે છે એ વિશે રમણલાલ જોશી પૂરા સભાન છે. પોતાને પરિષ્કૃત સાહિત્યરુચિના સજ્જ ભાવકો માટે જ નથી લખવું

કે પછી પ્રશિષ્ટ સર્જકોની કૃતિઓનું જ અવલોકન નથી કરવું એ વિશે તેઓ પૂરા સજાગ છે. એક ગ્રંથાવલોકન દરમિયાન એમની એ અંગેની સંપ્રજ્ઞતાનો અંદાજ આવે છે. તેઓ લખે છે, 'આ પુસ્તક તમે જોયું ?' એ વિભાગમાં માત્ર પ્રસિદ્ધ લેખકોની કૃતિઓનો જ પરિચય અપાતો નથી. લેખક લખે તે લેખ નહિ, પણ લેખ લખે તે લેખક. નામાંકિત લેખકોના સામાન્ય કૃતિઓ આપવાનો હક અબધિત છે તેમ બહુ જાણીતા નહી એવા સાહિત્યક્ષેત્રમાં નવાસવા પ્રવેશ પામેલા નવોદિત લેખકોના હાથે પણ કશુંક અસામાન્ય સર્જાય એમ બને. એથી જ શ્રી ચન્દ્રકાન્ત વાગડિયાના પ્રથમ વાર્તાસંગ્રહમાં જે શકયતાઓ જોવા મળી એને કારણે તેમને શકયતા-સભર વાર્તાકાર તરીકે આવકારવાનું મન થયું.'

'વિવેચન-પ્રક્રિયા, સમકાલીન સાહિત્ય અને ગોવર્ધનરામ'માં સમકાલીનતા અને આધુનિકતા વચ્ચેનો ભેદ દર્શાવતાં વિવેચક કહે છે, 'વિશ્વપરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન આવ્યું. વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનની ગંજાવર અસર માનવજાતિના જીવન ઉપર વરતાવા લાગી. કવિ કે સર્જક બ્રહ્માંડનું અંગત અર્થઘટન આપે છે. વિજ્ઞાન એ કરી શકતું નથી. યંત્રવિજ્ઞાનની અસરથી મનુષ્યને માટે સ્વતંત્રતા રહેતી નથી. આની અસરો માત્ર ભૌતિક જ નથી. પણ મનોવૈજ્ઞાનિક અને નૈતિક અસરો પણ છે.'

વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનના જમાનામાં સાહિત્ય એ શ્રેષ્ઠ અને સહજ નીપજ બતાવનારા આપણા પ્રસિદ્ધ વિવેચક રમણલાલ જોશીએ મનુષ્યની છીનવાઈ જતી સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરી છે એટલું જ નહીં પરંતુ માણસ પર થતી મનોવૈજ્ઞાનિક અસર બાબતે પણ ચિંતા સેવી છે અને 'નૈતિક મૂલ્યો'ની વાત આવે એટલે 'ઉદ્દેશ'ના પરિપ્રેક્ષ્યમાં રમણલાલ જોશીનું જીવનવિચારનું અને સાહિત્યનું ચિંતન પ્રગટ કરતું આબેહૂબ વ્યક્તિત્વ ભાવક અને સર્જકના મનમાં ખડું થયાં વિના રહેતું નથી. વિશાળ ગજાનો વિવેચક 'કવિતાને ચાહે' 'પાત્રો ને પ્રેમ કરે' સર્જકને પત્રો લખી લખીને તેના સર્જનનો પ્રસાદ માગે એવા વિવેચક 'કવિ ન્હાનાલાલ'

ને ઉદ્દેશીને કહ્યું છે, જ્યારે કવિ ન્હાનાલાલની જન્મ શતાબ્દી મહોત્સવ યોજાયેલો. (ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય સાહિત્ય સંસ્થાઓએ મળીને) આ મહોત્સવની વ્યાખ્યાન શ્રેણીમાં તા-૧ માર્ચના રોજ રમણલાલ જોશીએ આપેલા વ્યાખ્યાનના થોડા શબ્દો:

'વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું છે તેમ પ્રજાહૃદયને સુકોમળ અને ભાવનાપરાયણ કરવાનું કામ તેમણે કર્યું છે. આ દૃષ્ટિએ ન્હાનાલાલનું કામ એક જંગમ વિદ્યાપીઠ જેવું છે. આપણા પ્રાચીન સંતો એને ભક્તકવિઓના અનુસંધાન સમું છે અને તે તેમણે કર્યું. 'નોનકન્ફાર્મિસ્ટ'ની રીતે, એ એની વિશેષતા છે.'[૫૪]

જેમાં કવિ ન્હાનાલાલનો પરિચય આપીને પિતા દલપતરામમાંથી કવિએ જે કંઈ રહ્યું છે, એનો સતત ઋણસ્વીકાર પોતે કરતા રહેલા છે. એવું જાણાવ્યું છે તેમજ નરસિંહરાવ પછી ઊર્મિકવિતાનો સ્વીકાર કરનાર-સર્જનાર કવિ ન્હાનાલાલને શ્રેષ્ઠ ઊર્મિકવિ તરીકે બિરદાવીને વિવેચક રમણલાલ જોશીએ 'ઊર્મિકવિતા' પ્રત્યેનો સહજ પ્રેમ વ્યક્ત કર્યો છે અને કવિ ન્હાનાલાલની કવિતાને 'વૃત્તબદ્ધ કવિતા' કહીને બિરદાવી છે. ૧૯૩૮માં કવિશ્રી પૂજાલાલનો કાવ્યસંગ્રહ 'પારિજાત' પ્રકટ થયો અને વિવેચકોએ તેને ઉમળકાભેર આવકાર્યો 'પારિજાત'નું સ્થાન શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ઉમાશંકર અને સુન્દરમ્‌ની સાથોસાથ દર્શાવતાં કહેલું કે 'વિલક્ષણ છતાં તેમના જેટલું જ સમૃદ્ધ વ્યક્તિત્વ અને ઉચ્ચકવિજનનાં તેમના જેટલાં જ સૂક્ષ્મ સુકુમાર લાગણી અને તેજદાર કલ્પના શ્રી પૂજાલાલના છે.'[૫૫]

'સુકુમાર લાગણી' ઓ કવિતામાં જોનાર અવલોકનકાર રમણલાલ જોશીએ ડાબા હૃદય અને જમણા હૃદય સમા ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ને કવિત્વ શક્તિના શિરમોર તરીકે લેખ્યા છે, તો પૂજાલાલની કવિતામાં રહેલી 'કલ્પના' ને તેઓ જ્યારે આલેખે છે ત્યારે એક વિવેચકમાં રહેલું કવિહૃદય કંઈક કલ્પનામાં રાચી જતું લાગે છે. જયંત પાઠકની કવિતાને રમણલાલ જોશીએ 'વેદનાની વેલના રૂપાળા ફૂલો' કહીને બિરદાવી છે. 'વેદના' શબ્દ

પીડનારો છે. જ્યારે 'ફૂલો' તો સૌંદર્યનું પ્રતીક છે. 'વેદનાની વેલ' અને તેને લાગેલા 'રૂપાળા ફૂલ' જેવા શબ્દપ્રયોગ કરનાર વિવેચક રમણલાલ જોશીએ કવિની સર્જન સમયની વેદના અને આ વેદનામાંથી કવિના માનસ સંતાન સમા કાવ્યરૂપી ફૂલનો જન્મ થતો હોય એવી કલ્પના કરનાર અવલોકનકારને જોઈએ ત્યારે વિવેચકમાં હૃદયમાં બેઠેલી કવિતા જ જાણે બોલે છે. તેઓએ જયંત પાઠકની 'અનુયાયી' કાવ્યસંગ્રહની પ્રસ્તાવના લખતા, તેમાં જયંત પાઠકને 'સતત વિકસતા રહેલા કવિ' તરીકે નિરૂપ્યા છે. અવલોકનકારના મત મુજબ જયંત પાઠક પોતાની અનુભૂતિને અવનવા આકારોમાં શબ્દબદ્ધ કરે છે. આ કે તે કાવ્યરીતિનો તેમને પક્ષપાત કે છોછ નથી. 'વેદનાની વેલનાં રૂપાળાં ફૂલો' કહેવાનો અર્થ અવલોકનકારે બતાવતા કહ્યું છે કે 'જયંત પાઠકની કવિતામાં વિષાદ-વેદનાનો ભાવ ઘૂંટાયા કરતો હોવા છતાં તે આપણને રૂપાળા કાવ્યપુષ્પોની જ ભેટ ધરે છે. તો જગદીશ જોશીની કવિતા 'વમળનાં વન' વિશે જણાવતાં તેને 'ગ્રામસંસ્કૃતિની સાચકલી મુગ્ધતા' કહે છે. રમેશ પારેખનો કાવ્ય સંગ્રહ 'ખડિંગ'ની પ્રસ્તાવનાં લખતા તેઓ તેને 'ખડિંગ ખડિંગ અવાજ' કહીને હાસ્યકટાક્ષનો રમેશ પારેખે કવિતામાં કરેલો પ્રયોગ, તે અંગે દાખવેલું ગાંભિર્ય વગેરે બાબતો અંગે ખાસ નોંધ લીધી છે. 'અર્વાચીન કન્નડ કવિતા' માં અવલોકનકારે કન્નડ સાહિત્યના કવિઓની ચર્ચા કરી છે. તેઓ એક સેમિનારમાં મસૂર ગયેલા અને ત્યારે વળતાં બેંગ્લોરમાં કન્નડ સાહિત્યકારોને મળવાનું બન્યું એ વખતે કન્નડ સાહિત્ય વિશે કવિઓ વિશે ચર્ચા કરેલી અને જણાવ્યું છે કે, 'આધુનિક કન્નડ કવિતાનો મિજાજ વત્તેઓછે અંશે અન્ય ભારતીય ભાષાઓની કવિતામાં પણ દેખાય છે.'

કવિતા વિશે કવિહૃદય બનીને વિવેચન કરનાર રમણલાલ જોશીએ તેમના 'વિવેચનની પ્રક્રિયા'માં છેલ્લા દાયકાની ગુજરાતી નવલકથા: 'એક દષ્ટિપાત' કરતા ઉચ્ચકોટિની સાહિત્યકૃતિઓ તરફ દષ્ટિ કરતાં સાહિત્યમાં શ્રેષ્ઠ સ્થાન પામનારી નવલકથાઓમાં મુનશીની

'કૃષ્ણાવતાર', હરીન્દ્ર દવેની 'માધવ કયાંય નથી' શિવકુમાર જોશીની 'અયનાંશુ' ભગવતીકુમારની 'વ્યક્તમધ્ય' પન્નાલાલની 'કંકુ' મધુરાય કૃત 'કામિની' વગેરેનો ઉલ્લેખ કર્યો છે. અહીં અવલોકનકારને 'છાયા'માં પોતાનું સ્તર સાચવી રાખતા પિનાકીન દવેના દર્શન થયા છે, ધીરેન્દ્ર મહેતાની 'વલય'માં પરિસ્થિતિના વળાંકો સંબંધોના વર્તુળને ખંડિત કરતા બતાવ્યા છે, મફત ઓઝાની 'ઘૂઘવતા સાગરના મૌન'માં કથા કહેવાની ફાવટ રચનાની ભૌમિતિક તરાહ, કાવ્યભાસી અભિવ્યક્તિ છટાઓ, વગેરે નિરૂપિત થયેલા દેખાય છે. પન્નાલાલ પટેલની નવલકથામાં નિરૂપિત ગ્રામ્યજીવન અને ગ્રામ્ય સંસ્કૃતિનું નિરૂપણ છે તો રઘુવીર ચૌધરીની નવલકથામાં માનવજીવનની કરૂણતાનું આલેખન થયેલું દેખાય છે. તેઓના મતે આધુનિક જીવનરીતિને હળવાશથી નિરૂપતી પરિચિત વાતાવરણમાં અપરિચિત પ્રશ્નને ઉઠાવ આપતી ચિનું મોદીની 'ભાવચક્ર' સંદર્ભો અને શૈલીની દૃષ્ટિએ સાહિત્યિક આબોહવા ઊભી કરતી નવલકથા છે તેમજ દર્શકની 'સોક્રેટીસ' એ દશકાની મહત્ત્વની નવલકથા છે. છેલ્લા દશકાની નવલકથામાં અવલોકનકારને 'મહાભારત', 'રામાયણ' અને 'ભાગવત'નો આધાર લેવાનું વલણ બળવત્તર બનેલું દેખાયું છે.

રમણલાલ જોશીના આત્મીય એવા સુન્દરમ્‌ની વાર્તાઓ વિશે તેઓ લખતા 'સુન્દરમ્‌ની વાર્તાઓ: સુગંધ અને સંવાદ' શીર્ષક આપીને સુન્દરમ્‌ની 'તારિણી' વાર્તાસંગ્રહની પ્રસ્તાવના આપતાં જાણાવ્યું છે કે, 'સુન્દરમ્ કવિ તરીકે વધારે પ્રસિદ્ધ છે. પરંતુ તેમની સર્જકતા વાર્તાપ્રકારમાં પણ અનવધ રૂપનિર્માણ દ્વારા ચિરસ્થાયી અસર મૂકી જાય છે.' ત્રીસ-ચાલીસના ગાળામાં તેમણે આપેલી વાર્તાઓનું વિવેચન કરતાં તેઓ કહે છે કે 'ત્રીસ-ચાલીસના ગાળાની આ વાર્તાઓ તે જમાનાના પ્રશ્નોને ચોકકસ રૂપ આપતી હોવા છતાં સુન્દરમ્‌ને મનુષ્ય સ્વભાવમાં પડેલી ચિરસ્થાયી બાબતોમાંજ વિશેષ રસ છે, અને એનું એક કલાકારની હેસિયતથી આલેખન કરવાની ફાવટ છે. તેથી આ વાર્તાઓ કે તે વિચારધારાની વાહક બનવામાંથી ઉગરી ગઈ છે.'[૫૬]

તો વાર્તાક્ષેત્રે રશ્મિન્ પટેલની સંપાદિત કૃતિ 'વાર્તાલોચન'નું અવલોકન કરતાં 'બ્લાઈન્ડ વર્મ'માં ગરોળીનું પ્રતીક એવું શીર્ષક આપવા પાછળનો હેતુ વાર્તામાં ગરોળીનો ઉલ્લેખ છ વાર થયો હોવાથી ગરોળીને વાર્તાનું પ્રતીક બતાવ્યું છે. વાર્તામાં વસ્તુ કે જીવ-જંતુનો ઉપયોગ કેટલી વાર થયો છે? એ વસ્તુની નોંધ લઈને, કેવી રીતે અને શા માટે ઉપયોગ થયો છે વગેરે બાબતોને સમજીને ગરોળીને પ્રતીક બનાવનાર રમણલાલ જોશીએ ગરોળીને 'બ્લાઈન્ડ વર્મ' કહે છે.

અવલોકનકારના મત મુજબ ખરી રીતે જોતાં તો 'વર્મ' જીવડું જ બ્લાઈન્ડ' અંધ છે. મનુષ્યનું કેવી અકળ રીતે અસંપ્રજ્ઞાત પણે અનિષ્ટ તરફ ગતિ કરે છે તે પ્રતીક અને સંદર્ભો દ્વારા દર્શાવતી આ વાર્તા છેલ્લા દશકાની નોંધપાત્ર વાર્તાઓમાંની એક છે.

શ્રી બહાદુરશાહ પંડિતના લઘુનિબંધ સંગ્રહ 'માનવ થાઉં તો ઘણું'ની પ્રસ્તાવના લખતાં તેઓએ તેને 'રોચક બોધાત્મકતા' શીર્ષક આપીને તેમના નિબંધ સંગ્રહોમાં વ્યક્તિત્વ ઘડતરના વિવિધ ગુણોની ચર્ચા કરી છે. ચારિત્ર્યગુણો જેવા કે જિજ્ઞાસા, ધીરજ, આત્મશ્રદ્ધા, પ્રભુશ્રદ્ધા, ક્ષમાવૃત્તિ, નિયમિતતા, શિસ્તપાલન, વિવેક, કર્તવ્યપાલન પરિશ્રમનું મહત્ત્વ, સ્વસ્થતા, સ્વમાન, સહકારની ભાવના, સમયસૂચકતા, સંવાદિતા, સેવાવૃત્તિ, સહકારની ભાવના, સમયસૂચકતા, સંવાદિતા, સેવાવૃત્તિ, પરોપકાર, અભય, અભિમાન, અકર્મણ્યતા વગેરે આ શબ્દો ચૂંટીને વ્યક્તિત્વ ઘડતર- ચારિત્ર્ય ઘડતરની માળા બનાવવાનું કાર્ય કરનાર રમણલાલ જોશીએ તેમના વિષય વૈવિધ્ય અને દૃષ્ટાંતો તેમજ ઉદાહરણો આપવાની આગવી સાહિત્યકલાને લેખકે આવકારી છે.

રમણલાલ જોશીના વિવેચનલેખોમાં શીર્ષકની વિવિધતા જોવા મળે છે. જેમકે 'વિવેચનની આબોહવા'માં 'છબીઓની છબીઓ', 'સોરઠ તારાં વહેતાં પાણી', 'આપણે લોકો સંબંધાવા જતાં', 'અરમાનોના અવસાનની કરુણા', 'લઘુકથા એટલે સુદામાના તાંદુલ',

'નિરાળું એ કશુંક', 'મહોરાં નહિ પણ ચહેરા', 'સ્વાધ્યાય-યજ્ઞનું સુકુલ', 'અ-મૃત તત્ત્વની અભીપ્સાનું ગાન', 'અમર આશાનું બુલંદગાન', 'અમૃત જીવનના માર્ગનું રાવ્ય', 'સૌંદર્ય લોકની ઝંખનાનું ગીત'. જેવા વિવિધરંગી શીર્ષકો આપ્યા છે.

'નર્મદનું ગદ્ય'માં નર્મદના ગદ્યને 'એક કવિનું ગદ્ય' કહ્યું છે. તેમાણે નર્મદના કાવ્યોમાં થયેલી વિચારોની માંડણી અલંકારોનો આશ્રય લે છે તેની નોંધ લીધી છે. અવલોકનકારના મતાનુસાર નર્મદે ગદ્યમાં 'રસિક અને જોર આપનાર શબ્દ' વાપરવા અનુરોધ કરેલો, તેમજ તેમના ગદ્યમાં સંસ્કૃત ફારસી અને તળપદા શબ્દો કશા સંકોચ વગર પ્રયોજ્યા છે. તો કેટલીકવાર તેમના ગદ્યમાં ચાલું વપરાતા અંગ્રેજી શબ્દોના પણ પ્રયોગો થયેલો જોવા મળે છે. દલીલોની માંડણી ખૂબ સારી રીતે કરી શકે છે, એ બાબતની વિવેચક રમણલાલ જોશીએ ખાસ નોંધ લીધી છે. તેમજ કવિતા પ્રવાહમાં થોડુ ખૂંચે તેવું લાગતી બાબત એ છે કે તેના ગદ્યમાં પુનરુકિત થયેલી જોવા મળે છે. તેમજ શબ્દ કે શબ્દઝૂમખાનું આવર્તન તેને સહજ છે. વિવેચકે નર્મદની કવિતાનો અભ્યાસ કરી તેમની જુદી જુદી કવિતાઓની વિવેચકે નીતિમત્તા વિશે પણ ચર્ચા કરી છે. જેમાં ગીત કવિતા, વીરકવિતા અને નાટક આવા જુદા જુદા ત્રણ વિભાગો પાડ્યા છે.

'નરસિંહરાવનું વિવેચનકાર્ય' તપાસતાં રમણલાલ જોશીએ તેમના વિવેચનને ગુણવત્તાવાળું અને માતબર કહ્યું છે. તેઓએ નરસિંહરાવના સાહિત્યની તત્ત્વચર્ચા કરતાં પ્રવાહદર્શનના, પ્રસ્તાવનાના અને અવલોકનના લેખો લખ્યા છે. ખાસ કરીને નરસિંહરાવે તેમના લખેલા મુખ્ય ત્રણ લેખકો ન્હાનાલાલ, ખબરદાર અને મુનશી વિશે વિશેષ લખ્યું છે. જેની રમણલાલ જોશીએ નોંધ લીધી છે અને તેઓએ જણાવ્યું છે કે 'સાહિત્યનું કાર્ય એક તરફ પ્રજાજીવનનું પ્રતિબિંબ પાડવાનું છે તેમ પ્રજાજીવનને ઊંચે લઈ જવાનું પણ છે. શુદ્ધ સાહિત્યનો રાજકીય સંચાલનમાં, વિનિયોગ કર્યાથી એ સાહિત્યની સુંદરતાને હાનિ પહોંચે છે.'[૫૭]

રમણલાલ જોશીએ નરસિંહરાવના વિવેચન સંદર્ભે કાકાસાહેબના અવતરણો ટાંકયા છે કે 'નરસિંહરાવ સાહિત્ય વિવેચનમાં હંમેશા સજ્જ એવા ઉત્સાહી મલ્લ હતા.' અને એવા વિદ્વાન વિવેચક નરસિંહરાવ માટે અવલોકનકાર રમણલાલ જોશીએ તેમના વિવેચનને 'ચર્ચાપત્રી' કહ્યું છે, તેમજ રસિકલાલ છો. પરીખના વિવેચન લેખ 'અપૂર્વતાની અવિરત શોધ'માં અવલોકનકારને તમામ સાહિત્ય-સ્વરૂપોની ક્ષમતાપૂર્વકના લખાણમાં તેમનો પક્ષપાત સ્વાભાવિક પક્ષપાત કવિતા અને નાટકમાં દેખાયો છે. 'સરસ્વતીચંદ્રનો મહિમા- તેની પાત્ર સૃષ્ટિમાં' એ રસિકલાલ પરીખનો પ્રકરણબદ્ધ ગ્રંથ છે. જેમાં સરસ્વતીચંદ્રનો મહિમા વર્ણવ્યો છે. રમણલાલ જોશીએ રસિકલાલ પરીખનું વિવેચન કાર્ય જોતાં સારાંશરૂપે કહ્યું છે કે 'ગુજરાતી વિવેચન સાહિત્યની દોઢસોએક વર્ષની સંપ્રાપ્તિમાં એમનું વિવેચનકાર્ય એમના સાક્ષરત્વના એક લાક્ષણિક ઉન્મેષ તરીકે ચિરસ્થાયી મૂલ્યનું લેખાશે ?'[૫૮]

'સ્નેહરશ્મિનું વિવેચનકાર્ય'માં રમણલાલ જોશીએ કાવ્યલેખન અને તેમના 'હાઈકુ' કાવ્યસૃષ્ટિની ચર્ચા કરતાં તેમના વિવેચનકાર્ય વિશે જે નોંધ્યું છે તે એમના જ શબ્દોમાં જોઈએ તો, 'ઘણીવાર 'સ્નેહરશ્મિ'નાં વિવેચનાત્મક લખાણોમાં સર્જનાત્મક અભિગમો એવા સંમિશ્રિત થઈ ગયા હોય છે કે એ બન્નેનો એક આગવો ગુમ્ફ રચાય છે અને એના સમગ્ર વિવેચનની એક આગવી મુદ્રા ઊભી થાય છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તો તે મૂલ્યાંકન કરે જ છે પણ તાત્ત્વિક સ્વરૂપગત ચર્ચામાં એમનો રસ ઓછો નથી.'[૫૯]

'સહૃદયમાં ઓગળી જતી ઐતિહાસિકતા'માં વિવેચકે સર્જકના વિચારધન વિવેચનની ઐતિહાસિકતાનું જે વિગલન કર્યું છે અને સાદ્યન્ત સહૃદયતાની મંદમંદ ફોરમ રેલાવી છે. તેની નોંધ લીધી છે. 'આધુનિકતા અને નવ્ય વિવેચનમાં' વિવેચનની અનેકવિધ નૂતન તરાહો આલેખી છે. તો 'આધુનિક સાહિત્યમાં માનવસંદર્ભમાં 'વિવેચકે યંત્રવિજ્ઞાનને કારણે માનવજીવન રીતિમાં આવેલા પરિવર્તન વિષયક ચર્ચા કરી છે. 'સોરઠ તારાં વહેતાં પાણી'

જેવા લેખમાં થયેલા વિવિધ કાઠિયાવાડી કોમો પ્રત્યે અવલોકનકારે ધ્યાન દોર્યું છે. 'ઐતિહાસિક વ્યાપારોની સૃષ્ટિ'માં એકસો પાંત્રીસ પાનાની આ લઘુકથામાં અવલોકનકારે ડગલે ને પગલે મનુષ્યની દુન્યવી સ્વપ્ન અને આ સ્વપ્નજાળસમા સાંમ્પ્રત જીવનમાં કેવા રોળાઈ જાય છે તે એ મનુષ્યની ભ્રમણા દ્વારા લેખકે જે રીતે નિરૂપણ કર્યું છે તેની અવલોકનકારે નોંધ લીધી છે અને લેખકની અવલોકન દષ્ટિ અને સાહિત્યની સૂઝ અંગે પણ અંગુલિનિર્દેશ કર્યો છે. તેમજ 'સુન્દરમ્‌ની કવિતા'માં કેટલીક કવિઓ વિષયક ચર્ચા છે. તેમની કવિતામાં લેખકને નિર્મલતા, ચિંતનની પ્રૌઢિ અને ભવ્યતાનાં દર્શન થયાં છે. રમણલાલ જોશીએ સુન્દરમની કવિતા પ્રત્યેનો અહોભાવ રજૂ કરતાં તેમની કવિતામાં રહેલા ભાવ અને ચિંતનના રસાયણ તરફ રસિકોનું ધ્યાન ખેંચ્યું છે. 'ચહેરાઓની ખોજમાં' ઉશનસ્‌ના આ કવિતાસંગ્રહની કવિતાનું અવલોકન કરતાં તેમની કવિતાને 'સાચા મનુષ્યપ્રેમની કવિતા' કહી છે, 'પ્રાન્તર'ની કવિતા જ્યોત્સના ય. ત્રિવેદીના 'પ્રાન્તર' કાવ્યસંગ્રહની સફર કરનાર અવલોકનકારને તેની કવિતામાં 'અરુણિમાનો ઉઘાડ' દેખાયો છે, 'ગઝલ એ જ અચરજ', પાલનપુરીનાં ગઝલસંગ્રહ 'અચરજની પ્રસ્તાવનામાં અવલોકનકારે ગઝલ પ્રત્યેની દિલચસ્પીનાં વખાણ કર્યાં છે. આમ પ્રશિષ્ટ વિવેચક જ્યારે સાહિત્યજગતની સફર કરતા કવિતાના કિનારે પહોંચે છે ત્યારે કવિતાના ભાવમાં ડૂબીને જે દષ્ટિએ કવિતાનું અવલોકન કરે છે, એજ વિવેચકની વિશિષ્ટતાનું દર્શન કરાવે છે. અહીં રમણલાલ જોશીએ ઘણાં કાવ્યસંગ્રહોની પ્રસ્તાવના લખતી વખતે તેમજ કવિતાનું વિવેચન કરતી વખતે કવિ અને કવિતા વિશેનું આપેલું પોતાનું મંતવ્ય માત્ર વિવેચક નહીં, પરંતુ રસીક ભાવક અને સહજ સર્જક તરીકેનું પ્રતિબિંબ પોતાના વિવેચનકાર્યમાં ઉપસાવી શકે છે, તેમના કવિતાલક્ષી વિવેચનમાં કવિતાને કિનારે ઊભા રહીને કવિતામય બની ગયા પછીની જે તટસ્થતા જોવા મળે છે, તે જ વિદ્વાન વિવેચકની ગહન છાપ આપણી સમક્ષ મૂકી જાય છે.

'થેંક્યૂ મિસ્ટર અનિલ બર્વે' એ મરાઠી નવલકથાકાર બર્વેની નવલકથાનો ગુજરાતી

અનુવાદ છે. જેનું અવલોકન કરતાં મરાઠી નવલકથાઓ વિશે જણાવતા રમણલાલ જોશીએ સર્જકની સર્જક પ્રતિભાને પણ બિરદાવી છે. 'સ્વાધ્યાય-યજ્ઞનું સુફલ' આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિતના ગ્રંથ 'યજુર્વેદ શતપથ ભાષાભાષ્ય-દ્વિતીય વિભાગ'ની પ્રસ્તાવનામાં વેદો વિષયક જણાવ્યું છે. જેમાં વેદોના ચિંતન-મનનથી એના પરિશિલનથી પરિપકવ થયેલ પ્રજ્ઞાનો પ્રસાદ વેદભાષા ભાષ્ય ગ્રંથમાળામાં દષ્ટિગોચર થાય છે. 'થોડા નિરીક્ષણો'માં આપણા દેશની બંધારણ માન્ય ચૌદ ભાષાઓના સાહિત્યમાં અત્યારે કેવી ગતિવિધિ છે એ વિશે પ્રત્યેક ભાષાના સાહિત્યના જાણકાર પાસે એકેક લેખ તૈયાર કરાવીને આ સંગ્રહમાં મૂકવામાં આવ્યો છે. પ્રત્યેક ભાષાની ભૂમિકા, સાહિત્યનો ક્રમિક વિકાસ અને આધુનિકપ્રવાહો વિશેની ચર્ચા, એ રીતે થયેલ લેખોનું ક્રમબધ્ધ આયોજન એ લેખકની વિશેષતા દર્શાવાઈ છે. 'ક્રોચેનો અભિવ્યક્તિવાદ: એકનોંધ' માં ક્રોચેના સૈધ્ધાંતિક અને વ્યવહારુ ઉત્તમ પ્રકારના વિવેચન દ્વારા ક્રોચે માત્ર ઈટાલીમાં જ નહિ સમગ્ર યુરોપમાં એક પ્રભાવક બળ બની ગયા અને 'અભિવ્યક્તિવાદ'ના પ્રણેતા અને આચાર્ય તરીકે પ્રતિષ્ઠા પામ્યા.

'ખરેખર સર્જનકલા અને વિવેચન શાસ્ત્ર એ પરસ્પર મૈત્રી સંબંધથી ગૂંથાયેલા છે.' શેકસપિયર ઉપરના પોતાના પ્રસિધ્ધ સ્વાધ્યાય નિબંધમાં વિવેચકની ઉપયોગીતા બતાવતા એલ.પી.સ્મિથે નોંધ્યું છે-

'સાહિત્યના મહાન તાત્પર્યદર્શકો, મને એટલો બધો ૠણભાવ છે કે વિવેચકોને વખોડવાના કામમાં હું ભાગ્યે જ સામેલ થઈ શકું, વિવેચકોએ મને કાન આપ્યા છે, તેઓએ મને ચક્ષુ આપ્યા છે, તેઓએ મને શીખવ્યું છે- વાસ્તવિક રીતે તો આપણે સૌને શીખવ્યું છે- સૌંદર્યને ઉત્તમ રીતે કેમ પ્રશંસવું અને કેવી રીતે ને ક્યાં એને શોધવું તે કેટલા બધા રસસ્થાનો માર્ગદર્શન વિનાના સાહિત્યયાત્રીઓ ચૂકી જાય છે, અને મહાનકૃતિઓના વાચકોએ એ કૃતિઓ વિષેનાં પુસ્તકો વાંચવાની ના પાડે તો કેટલું બધું સૌંદર્યને ગુમાવો'.[૬૦]

અહીં વિવેચક સાચા વિવેચનધર્મ પ્રત્યે કેટલા જાગૃત છે અને અન્ય વિવેચકોને પણ પોતાનો વિવેચનધર્મ- વિવેચન કર્તવ્ય બજાવતી વખતે કોઈપણ સાહિત્ય ભાવક વિહોણું ન બની રહે તેવો હકારાત્મક દષ્ટિકોણ દાખવ્યો છે, એટલું જ નહીં વિવેચકો માટે યોગ્ય અને વિદ્વતાયુક્ત અવતરણો પણ ટાંકયા છે, જેનો આગળ પૃ. ૬૦ પર ઉલ્લેખ કરેલ છે.

'મૂલ્યોના પરિક્ષાણની બાબતમાં સાહિત્ય વિવેચકની દષ્ટિ નિર્મલ ન હોય તો સાહિત્યકૃતિનો તે પૂરો આસ્વાદ ન લઈ શકે અને પોતાના વાચકોને પણ એ ભાગ્યેજ સહાયરૂપ નીવડી શકે' એવું કહેનાર રમણલાલ જોશીએ વિવેચકમાં રહેલી સર્જન-સહજ સાહિત્યપ્રીતિના દર્શન કરાવ્યા છે. તેઓના મત મુજબ સઘળી વિદ્યાઓના નિસ્યંદરૂપ સાહિત્ય વિદ્યાના પરીક્ષણમાં વિવેચકની પાસે સવિશેષ સજ્જતાની જરૂર રહે છે. ઈતિહાસ, ધર્મ, ભાષાવિજ્ઞાન (ખાસ કરીને શબ્દાર્થશાસ્ત્ર), ભૌતિકશાસ્ત્રો અને આજના જમાનાના સૌથી વિશેષ સામાજિક શાસ્ત્રોની તાલીમની આવશ્યકતા જણાવી છે.

કાકાસાહેબ કાલેલકર વિશે પોતાનો વિવેચક-પ્રતિભાવ આપતાં તેઓ જણાવે છે કે 'કલાકૃતિઓના વિવેચનમાં કાકાસાહેબ પોતાનો આનંદ જ પ્રકટ થવા દે છે. તેમની સત્યની શોધ જાણે કે સૌંદર્યપ્રાપ્તિમાં પરિતૃપ્ત પામે છે. કળાકૃતિનો સંદેશ શો હશે એ બતાવવું તેમને હંમેશા રુચતું નથી. કલાકૃતિનો સંદેશ કલાકૃતિ પોતે જ છે.'[૬૧]

વિશિષ્ટ વિવેચકનું વિવેચન કરનાર પ્રશિષ્ટ રુચિના વિવેચક રમણલાલ જોશી જ્યારે તેમના વિવેચન ગ્રંથોનું અવલોકન કરે છે ત્યારે કેટલાંક વિવેચકના વિદ્વતાયુક્ત લક્ષણો સ્પષ્ટ કરીને કાકાસાહેબના વિવેચનને બિરદાવે છે. જેમકે,

- ચિંતનશીલતા એ તેમના વિવેચનોનું એક વિશિષ્ટ લક્ષણ છે, પણ એ ચિંતનશીલતા એ તેમની પ્રકૃતિનો એક ભાગ હોય એ રીતે દેખાય છે...
- સાહિત્યસંદર્ભો પણ યથાસ્થાને આવે છે અને તેમનાં વિવેચનોને આનંદદાયક બનાવે છે.

- ○ કાકાસાહેબની માર્મિકતા પણ તેમના વિવેચનોની રસિકતા વધારે છે.
- ○ કાકાસાહેબ સાહિત્યને જીવનના સાધન તરીકે જ સ્વીકારે છે.

રમણલાલ જોશી કાકાસાહેબની નવલકથાને ‘એક દુર્દાન્ત સામાજિક શક્તિ’ કહીને બિરદાવે છે. તેઓના મત મુજબ ‘શાસ્ત્રો જીવનનું આકલન કરે છે પણ પૃથ્થકરણ કર્યા વગર શાસ્ત્રોનું ભેજું ચાલતું જ નથી. અખંડ જીવનનો એક સામટો જો કોઈ વિચાર કરતું હોય તો એ કાંતો કવિ કરે છે અથવા નવલકથાકાર તેમના વિવેચન ઉપર તેમના વ્યક્તિત્વની પ્રબળ છાપ પડેલી છે. ગુજરાતી વિવેચન સાહિત્યમાં કાકાસાહેબના વિવેચન લેખો હંમેશા આસ્વાદ્ય રહેશે, એવી તાજગી અને નવીનતા છે તેમજ સત્યને સહજ મૂકવાની એમની આગવી ભાષાશૈલીને રમણલાલ જોશીએ બિરદાવી છે એટલું જ નહિ સાહિત્ય જગતમાં તેમના કેળવણી વિષયક લેખો પણ ખૂબ જાણીતા છે.

‘ધૃતિયુક્ત ઠરેલ વિવેચન’ એ શ્રી સુંદરજી બેટાઈનો વિવેચનલેખ છે. જેનું વિવેચન કરતાં રમણલાલ જોશીએ તેમની વિવેચનશૈલીમાં કયાંય આત્યંતિકતા દેખાતી નથી, તેમજ તેમની વિવેચનશૈલી કયારેય પણ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષમાં રાચતી નથી એવું કહીને તેમની વિવેચક દૃષ્ટિ ‘વલણોનો બરાબર તોલ કરે છે’ એમ કહીને વિવેચક તરીકેની તટસ્થતા અને પારદર્શિતાની નોંધ લીધી છે તેમજ તેના વિવેચનોમાં કયાંય અતિ ઉત્સાહ કે આવેગ પણ પ્રવેશેલો જોવા મળતો નથી. એ સૈદ્ધાંતિક વિવેચનનું ઉત્કૃષ્ટ પાસું છે. તેમના મતાનુસાર શ્રી બેટાઈની લેખનશૈલી ઘડાયેલી છે. શૈલીનો વળોટ પણ તેમને સિદ્ધ છે. તેમની શૈલીની એક લાક્ષણિકતા એ સમાસ બાહુલ્ય છે. કયારેક એમનો અતિરેક કલેશકર પણ નીવડે એવું કહીને સુંદરજી બેટાઈના વિવેચનમાં ખૂટતી બાબતને કે તેની મર્યાદાને સુંદર રીતે રમણલાલ જોશીએ બતાવી છે.

‘સહૃદયના નિર્મલ પ્રતિભાવો’ વિવેચનમાં અવલોકનકારે લેખકના કવિતા, વાર્તા અને

નાટકનાં 'પુરોવચનો' અને 'વિવેચનો' વિષયક નોંધ ટાંકી છે. જેમાં તેઓએ રામનારાયણ પાઠક, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોશી આદિની કૃતિઓનો પૂર્ણ સમભાવથી પરિચય કરાવ્યો છે. તેમની સમગ્ર પ્રવાહને આકલન કરવાની પદ્ધતિ તેમજ મર્યાદાઓને પણ લેખકે મધુર રીતે આલેખી છે. 'સાહિત્યપ્રીતિની અભિવ્યક્તિ'માં પ્રસિદ્ધ વાર્તાકાર-એકાંકીકાર શ્રી ગુલાબદાસ બ્રોકરનો વિવેચક તરીકેનો પરિચય કરાવ્યો છે તેમજ વિવેચક તરીકે ગુલાબદાસ બ્રોકરે સાહિત્યશાસ્ત્રના પ્રશ્નોનો ઉહાપોહ પૂરા ગાંભીર્યથી કર્યો છે તેની નોંધ લીધી છે. તેના વિવેચનલેખોમાં અને અવલોકનોમાં એક સમભાવશીલ અભ્યાસીન સાહિત્યપ્રીતિનું દર્શન થાય છે.

'સમન્વિત વિવેચન'માં હસિત બુચના વિવેચન લેખોનો પરિચય અપાયો છે. જેમાં છૂટાછવાયા વિવેચનલેખો સંગ્રહિત થયા છે. તેમણે ભાલણ, અખો, બારમાસી કાવ્યો, રૂપસુંદર કથા આદિ વિશે વિવેચન લેખો આપ્યા છે. જેમાં મધ્યકાલીન, નર્મદ-દલપતકાલીન, પંડિતયુગ, ગાંધીયુગ અને આધુનિક સાહિત્ય વિશે આ સંગ્રહમાં લેખો મળે છે. કવિતા અને પદ્યનાટકના પ્રકારની અને કવિતા, નાટક, નવલકથા, વાર્તા જેવા પ્રકારની કૃતિઓની પણ તેમણે ચર્ચા કરી છે. 'સ્વાતંત્ર્યોતર ગુજરાતી સાહિત્યના પ્રવાહો'માં રમણલાલ જોશીએ વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજના તા.૧૭ ફેબ્રુ.૬૯ના રોજ યુનિવર્સિટીમાં આપેલું વ્યાખ્યાન છે. જેવો ગાંધીજીની સીધી અસર હેઠળ આવ્યા હતા અને જેમણે પોતાની રચનાઓમાં ગાંધી પ્રબોધ્યા આદર્શોને વિવિધ રીતે ગાયા હતા એવા કવિઓમાં શ્રી ઉમાશંકર જોશીની કવિતા વિશે રમણલાલ જોશીએ પોતાની ભાવોર્મિઓ વહેતી મૂકી છે. દેશના ભાગલા પછી થયેલી અંધાધુંધી, અસ્થિરતા, અસલામતીને અથડામણોમાંની ભીંસમાંથી પસાર થતા દેશ પ્રત્યે સમસંવેદના અનુભવતા ઉમાશંકરની કાવ્યપંક્તિઓ ટાંકવા જેવી છે.

'હજાર હસવા કહું, હૃદયમાં ખુશાલી નથી,

મુખો નિખરતો હું, મુક્તિ તણી કયાંય લાલી નથી

નથી ચમક નેત્રમાં, વિમલ દિવ્યસ્વાતંત્ર્યની,

નક ઝમક કંઠમાં પરમ મુક્તિના મંત્રની.'

રમણલાલ જોશીના મત મુજબ સ્વાતંત્ર્યોતર સાહિત્યના બધા પ્રકારોમાં પ્રતીકનું મહત્ત્વ વધ્યું છે. તેમના જ શબ્દોમાં ગુજરાતી સાહિત્યની સમાજને આવશ્યકતા વિશે તેઓ જાગૃત છે એટલું જ નહી પરંતુ 'અક્ષરના આરાધકો' પુસ્તકમાં તેમણે ઘણાં સાહિત્યકારોને સાહિત્યના વિષયક અને ગુણવત્તા બાબતે ભલામણ પણ કરી છે, તો કેટલીકવાર 'ઉત્કૃષ્ટસાહિત્યનો અભાવ' અંગે ચિંતા પણ દર્શાવી છે. શ્રેષ્ઠ પુસ્તકોની પસંદગી અંગે તેમજ સાહિત્ય જગતના ચાહકો અંગે રમણલાલ જોશીએ સતત જાગૃતતા અને સતર્કતા બતાવી છે. તેઓના મતાનુસાર 'આપણી ઉછરતી લોકશાહીને ટકી રહેવાનું અને જગતની મહાપ્રજાઓમાં ગૌરવભેર ઊભવાનું બલ ભારતના આ પશ્ચિમ ભાગમાં ગુજરાતી લેખકોની શબ્દ સાધનામાંથી મળી રહેશે. કારણ કે સાહિત્ય આદિ કલાઓજ આપણું પરમ આશાસ્થાન છે.'[૬૨]

'નવલાં દર્શન' એ સ્વામી આનંદના સામયિકોમાં પ્રગટ થયેલો લેખોનો સંગ્રહ છે. જેમાં ભાષાકીય વિશેષતાની તેમજ મર્યાદાની રમણલાલ જોશીએ ચર્ચા કરી છે. ખાસ કરીને બોલચાલની ભાષાભંગિઓ, ઘરેલું શબ્દપ્રયોગો અને અસરકારક ઉક્તિ વૈચિત્ર્યને કારણે એમનું ગદ્ય એક નવીજ છટાનો અને તાજગીનો અનુભવ કરાવનારનું છે. તેમની લઢણો એમના ગદ્યની વિશિષ્ટતા રૂપ હતી એનો કોઈક અતિરેક થતો હોય એવી છાપ પડે છે. સ્વામી આનંદને લલિતનિબંધનો આકાર ખૂબ અનુકૂળ છે. 'નવલા દર્શન' આમ તો લેખકના નાશક, ધૂળિયા, મરોલી, અમદાવાદ અને સૌરાષ્ટ્રનાં પ્રવાસનાં બયાન અંગેનો છે. ધૂળિયામાં વિનોબાજીના સૌથી નાનાભાઈ શ્રી શિવાજીરાવ ભાવેને અને સણોસરામાં શ્રીનાનાભાઈ ભટ્ટને

મળીને લેખકને આ બંને વ્યક્તિઓના કાર્ય અને વ્યક્તિત્વથી જે આનંદ થયો એને વ્યક્ત કર્યો છે. 'રજૂઆત' લેખમાં નાનાભાઈની સાથે વેદ ઉપનિષદો, અવતારવાદ, વર્ણવ્યવસ્થા આદિ વિશે જે ચર્ચાઓ થયેલી એની નોંધ આપેલ છે. રમણલાલ જોશીને સ્વામી આનંદનું આ સાહિત્યિક ચિંતન, આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન, સ્પર્શી ગયું છે. સુન્દરમ્‌ના સાંનિધ્યમાં શ્રી અરવિંદ અને માતાજીના પ્રભાવના કિરણોનો જોણે સ્પર્શ કર્યો છે. એવા રમણલાલ જોશીએ અહીં વેદો-ઉપનિષદોની વાતોમાં તલ્લીનતા, રસમયતા દાખવી હોવા છતાં વિવેચક તરીકેની તટસ્થતા એવી ને એવી અકબંધ રહેલી જોવા મળે છે. હરીન્દ્ર દવેના 'આસવ' અને 'મૌન' પછી નો ત્રીજે કાવ્યસંગ્રહ 'સૂર્યોપનિષદ' કવિતામાં જીવન અને મૃત્યુ એક સાથે ઊભા રાખીને તેઓની 'અજાણી' અને 'અલગ' વાતોમાં રહેલું જીવનનું તત્ત્વજ્ઞાન પ્રદર્શિત કર્યું છે. 'વિવાણા' એ ડૉ. દિલાવરસિંહ જાડેજાનો વિવેચનસંગ્રહ છે. રમણલાલ જોશીના મતાનુસાર 'વિવાણા એટલે તાત્પર્ય' 'કથાસાહિત્યનું વિવેચન' એ શ્રી ભારતીબહેન દલાલનો પીએચ.ડી.નો થીસિસ છે. 'કરણઘેલો', 'સરસ્વતીચંદ્ર', 'ગુજરાતનો નાથ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'અસ્તિ', 'ચહેરા', 'અમૃતા' અને અશ્રુઘર' આ આઠ નવલકથાઓના વિવેચનોનો તે તે વિવેચકોના શબ્દોમાં કયાંક વિસ્તૃત તો ક્યાંક ટૂંકાણમાં સાર આપનાર આ વિવેચનકારને (શ્રી ભારતીબહેન દલાલને) પોતાના વિવેચનકાર્યમાં ઊણા ઉતરતા બતાવ્યા છે.

'કવિ બોટાદકર અને 'કવિશ્રી બોટાદકર અધ્યયનગ્રંથ'માં રમણલાલ જોશીના મતાનુસાર કવિ કર્મનો કીમિયો જે કર્મ કરી શકે છે તે ઈતિહાસકાર કે વિજ્ઞાની કે ફિલસૂફ કરી શકતો નથી. બોટાદકર આ સૃષ્ટિ અને સૃષ્ટિના પદાર્થોને કવિની દૃષ્ટિએ નિહાળે છે અને તેનું અંતરંગ સૌંદર્ય પ્રગટ કરી આપે છે. જે મૂલ્ય, જે ભાવના તે સાકાર કરવા ઈચ્છતા હતા તે તેમણે કવિતા દ્વારા પણ એના કાવ્યો એ રીતે સદ્ અને શુભ તત્ત્વની અવેજી જેવા છે. બોટાદકરે મુખ્યત્વે ગૃહ અને કુટુંબના ભાવો જ ગાયા છે. કવિતાનાં વિષયક્ષેત્રની અમુક અંશે

મર્યાદા પણ બતાવી છે. પરંતુ કવિતામાં રહેલી કવિની અકાગ્રતાનો ફાળો વિશેષ મહત્ત્વનો દર્શાવ્યો છે. એમના કાવ્યસંગ્રહોના આરંભે સત્યપ્રણયને વંદનાના શ્લોકો મૂકાયેલા છે. ગુજરાતને વર્ષો સુધી સાત્વિક ભાવનાઓની રસલહાણ કરનાર સત્યપ્રણયના આ ગાયક કવિની શતાબ્દી નિમિત્તે પ્રકટ થયેલો આ ગ્રંથ બોટાદકરની કવિતાના વિવિધ પાસા સમજવામાં ઉપયોગી નીવડે તેવો છે.

'વિવેચક વિજયરાય' વિવેચન લેખમાં રમણલાલ જોશીએ તેમના વિવેચન ઉપરાંત નિબંધ, નિબંધિકાઓ વિશે પણ ચર્ચા કરી છે. એ રીતે સર્જન-વિવેચન ઉભયક્ષેત્રમાં વિહરતી તેની કલમને પ્રોત્સાહિત કરી છે. 'નાજુક સવારી', 'પ્રભાતના રંગ', 'પહેલું પાનું' 'ઉડતા પાન' કે 'ખુશ્કી અને તરી' જેવાં તેમનાં પુસ્તકોમાં રહેલા વિજયરાયના સર્જનાત્મક ગદ્યને આવકાર્યું છે. વિજયરાય વિશે અન્ય વિવેચકોનું દૃષ્ટાંત ટાંકતા રમણલાલ જોશીએ નોંધ્યું છે કે 'વિશ્વનાથ ભટ્ટે પોતાના વિવેચનગ્રંથ 'વિવેચનમુકુર' વિજયરાયને અર્પણ કરતાં તેમને 'ગુજરાતમાં આધુનિક વિવેચનકલાના આદ્ય દૃષ્ટા' તરીકે ઓળખાવ્યા હતા. અવલોકનકાર રમણલાલ જોશીના મતે વિવેચક તરીકે વિજયરાયનું કાર્ય ગાંધીયુગમાં થયું હોવા છતાં તેમનું વિવેચક તરીકેનું વ્યક્તિત્વ પંડિતયુગની મુદ્રાવાળું વિશેષ લાગતું તેઓ સતત પ્રયોગશીલ વિવેચક રહ્યા અને સાહિત્ય વિવેચનમાં વૈચારિક આબોહવા ઊભી કરી શકયા. 'સાવિત્રી' એ ૧૨ પર્વમાં કવિ શ્રી પૂજાલાલે લખેલું મહાકાવ્ય છે. 'સાવિત્રી'ની મૂળકથા 'મહાભારત'ના આરણ્યક પર્વમાં ૨૪૮માં અધ્યાયથી શરું થાય છે. શ્રી અરવિંદે પોતાનું દર્શન ગદ્યમાં 'Life Divine' કે Essays on the Gita જેવા ગદ્ય ગ્રંથોમાં આપ્યું તે કવિતારૂપે 'સાવિત્રી'માં પ્રગટ થયેલું છે. રમણલાલ જોશીના મતાનુસાર આ આધ્યાત્મિક મહાકાવ્ય ભારતીય સંસ્કૃતિનો એક ઉચ્ચ આવિષ્કાર ગણાયું છે. 'સાવિત્રી'ના વિવેચન સંદર્ભે રમણલાલ જોશીએ પુજાલાલના ટાંકેલા અવતરણોમાં વિવેચકની આધ્યાત્મિક આત્મીયતાના દર્શન થાય છે. જેમકે 'મહાકાવ્યની

નારાયણી નૌકામાં બેસાડીને શ્રી અરવિંદ આપણને મૃત્યુના હૃદયમાં રહેલા અમૃતના પારાવારની મુસાફરીએ લઈ જાય છે અને દેવોના અમૃતોનું શુભ પ્રભાવલીન કરાવી, અજરામર જ્યોતિર્મય જીવન પૃથ્વીના પિંડને પરમોદારતાથી સમર્પે છે... મૃત્યુના મહાલયમાં અમૃતનો આસ્વાદ-આનંદ અનુભવવાની ચિદંબરી ચાવી આપણા હાથમાં મૂકે છે.' રમણલાલ જોશીએ તેના આધ્યાત્મિક વ્યક્તિત્વનું ઉજળું પ્રતિબિંબ જીલતા જણાવ્યું છે કે પૂજાલાલે આ મહાકાવ્યને કોઈપણ જાતની આર્થિક નફાની ગણતરી વગર કેવળ નિ:સ્વાર્થ ભાવે પ્રભુ પ્રિત્યર્થે પ્રગટ કરેલ છે. અવલોકનકારને પુજાલાલની આ આધ્યાત્મિક મનોવૃત્તિ સ્પર્શી જાય છે તો આવોજ આધ્યાત્મિક-પુરાણકથા પર આધારિત ઈશ્વર પેટલીકરનો વિવેચન લેખ રસપ્રદ છે. જેમાં પુરાણકથાઓનું સાંપ્રતના સંદર્ભમાં જે અર્થઘટન આપ્યું છે તે વિચારપ્રેરક અને વિચારપોષક છે અહીં 'રામાયણ' અને 'મહાભારત' આ બંને કથાઓનો ટૂંકો કથાસાર આપીએ કથાઓની પાછળ રહેલા જીવનદર્શનને સ્ફૂટ કરે છે. તેમજ ભારતીય સમાજના પ્રશ્નોને ઐતિહાસિક ભૂમિકામાં જુએ છે અને એની સાથે જ સમકાલીન ઘટનાઓનો ઉલ્લેખ કરી કથા-અંતર્ગત બોધ આપણને અવગત થાય એ રીતે તારવે છે.

રમણલાલ જોશીની શીર્ષકની પસંદગીમાં રહેલું વૈવિધ્ય અને અર્થમય ગૂઢતા ધ્યાનાકર્ષક છે. 'થોડાં આંસુ: થોડાં ફૂલ' શ્રી જયશંકરભાઈ 'સુંદરી'ની આત્મકથામાં ગુજરાતી રંગભૂમિનો દોઢસો વર્ષનો ઈતિહાસ આલેખાયેલો છે. રંગભૂમિના સારામાઠા થયેલા અનુભવો શીર્ષકને સાર્થક કરે છે. 'થોડાં આંસુ: થોડાં ફૂલ!'માં આંસુ અને ફૂલ બન્નેનો તેમણે સસ્મિત વદને સ્વીકાર કર્યો છે. આંસુની વાત કરતા તે હતાશ થતા નથી અને ફૂલોની વાત કરતાં તે ફૂલાઈ જતા નથી. લેખકનાં વ્યક્તિત્વમાં રહેલી તટસ્થતા અને સ્વસ્થતા પર કૌટુંબિક, ધાર્મિક સંસ્કાર અને જીવનકલાની સૂઝનું પ્રતિબિંબ પડે છે. તેમની વિશેષતા અને વિશેષ સિદ્ધિ દર્શાવતાં અવલોકનકાર જણાવે છે કે, રણજીતરામ સુવર્ણચન્દ્રક ગુજરાતી સાહિત્ય પરિષદના

કલા વિભાગનું પ્રમુખપદ, ગુજરાત સરકાર તરફથી સન્માન અને ભારત સરકારે આપેલો પદ્મભૂષણનો ઈલકાબ- આ બધું લોકહૃદયમાં તેમના ચિરંજીવ સ્થાનનું દ્યોતક છે.

'પ્રત્યય' વિવેચનગ્રંથના 'સાત્વિક સારસ્વત પ્રતિભા' લેખમાં રમણલાલ જોશી જ્યારે પીલવાઈમાં હાઈસ્કૂલનું શિક્ષણ લઈ રહ્યા હતા ત્યારે તેમના ગુજરાતી શિક્ષકે એમને ગુજરાતી વિષય પ્રત્યે ભારે લગની લગાડી અને તેથી તેમણે ત્યાં સાર્વજનિક પુસ્તકાલયની બધી ચોપડીઓ વાંચી લેવાનો સંકલ્પ કરેલો પરંતુ તે વખતે તેમને સુન્દરમ્‌ના કાવ્યોનો પરિચય થયેલો પરંતુ કાવ્યસંગ્રહ વાંચવા નહીં  મળેલો તેથી તેમણે એન.એમ.ત્રિપાઠીની કંપનીમાંથી 'વસુધા', 'નિશીથ' અને 'ગુજરાત એન્ડ ઈટ્સ લિટરેચર' પુસ્તકો મંગાવેલા 'વસુધા'ના કાવ્યો રસપૂર્વક વાંચ્યા ત્યારે તે સમયે સુન્દરમ્ સાથે એક આંતર સંબંધ બંધાઈ ગયેલો પરંતુ સુન્દરમ્‌ના સ્વજન બનવાનું સદ્‌ભાગ્ય સાંપડશે એવી લેખકે કલ્પના પણ નહિ કરેલી અને આ જ સમયે સુન્દરમ્ પોંડિચેરી જતા રહ્યા. એ સમયે તેમની ખૂબ ટીકા થઈ કે જેનાથી સાહિત્યને મોટી ખોટ ઊભી થશે પરંતુ રમણલાલ જોશી એ માટે પોતાનો યોગ્ય અભિપ્રાય આપતાં કહ્યું છે. 'એમના આ ખોફ પાછળ તેમની સાહિત્ય પ્રત્યેની મુગ્ધપ્રીતિ હતી. પણ મને એમ લાગેલુ કે માણસ સત્ય શોધવા માટે કોઈપણ વસ્તુને છોડી દે એ તો ઉલટું સત્કારવા યોગ્ય લેખાય, જીવન એ એક મોટી વિભૂતિ છે અને એની સાર્થકતા ચરિતાર્થના શોધવા માટે માણસ નીકળી પડે એથી રૂડું બીજું શું હોઈ શકે ?'[૬૩]

સુન્દરમ્ જેવા વિદ્વાન અને દીર્ઘદ્રષ્ટા સાહિત્યકારને સમજવામાં સાહિત્ય જગત જ્યારે અધૂરાં નીવડે છે ત્યારે રમણલાલ જોશીની હકારાત્મક દૃષ્ટિ તેના આધ્યાત્મિક અંતરનો અવાજ બનીને પત્ર દ્વારા સુન્દરમ્‌ના સાનિધ્યમાં પહોંચી જાય છે. આ સમયે લોકોએ આ બાબત પ્રત્યે કરેલી ટીકા ટિપ્પણથી રમણલાલ જોશીને ઘણો ઉદ્વેગ થયો. એમણે સુન્દરમ્‌ને પોંડિચેરીમાં કરેલા પ્રયાણની સરાહના કરતા એમને અભિનંદન આપતો પત્ર લખ્યો અને સુન્દરમ્ એમને 'દક્ષિણા'માં લેખકનું નામ આપ્યા વગર નિર્દેશ કર્યો કે પોતે ગુજરાત છોડી

યોગસાધના અર્થે પોંડિચેરી વસવા ગયા ત્યારે તેમને અભિનંદન આપતો એક જ પત્ર ગુજરાતમાંથી મળ્યો હતો! અને ત્યારપછી તો આ બન્ને વચ્ચે સારો એવો પત્રવ્યવહાર થતો રહેતો હતો. રમણલાલ જોશીએ સુન્દરમ્‌ના પત્રનો કરેલો ઉલ્લેખ ખરેખર યોગ્ય છે. કારણ કે આ પૂર્ણપત્રમાંથી કોઈપણ શબ્દ કે વસ્તુ કાપી ન શકાય એવું જીવનનું સત્ય સ્પષ્ટ કર્યું છે. ખરેખર જીવનનું સાર્થકય અને કાર્યનિષ્ઠા શ્રી અરવિંદ આશ્રમમાં પૂર્ણ કરવા પાછળનો ઉદ્દેશ યથાયોગ્ય સાબિત થયો છે. સત્યાગ્રહની લડતમાં પણ સુન્દરમ્ સક્રિય ભાગ લીધેલો અને કારાવાસની સજા પણ ભોગવેલી અને આ જેલનિવાસ દરમ્યાન તેમણે આત્મખોજ આરંભી. જ્યારે એમના મનમાં પ્રશ્ન ઉઠેલો કે જીવનની સાર્થકતા શામાં છે ? જીવનમાં સાચી શાંતિ અને આનંદ શા માટે મળે? આ પ્રશ્નો તેમણે અરવિંદ સમક્ષ મૂકયા અને તેનો જવાબ તરત જ મળ્યો કે 'ભગવાનનો મોરચો એ જ આધ્યાત્મિક મોરચો છે' આ આધ્યાત્મિક અનુભૂતિનો સ્પર્શ જેણે પામ્યો છે, જેને સુન્દરમ્‌નું સાંનિધ્ય અને આધ્યાત્મિક વ્યક્તિત્વ સ્પર્શી ગયું છે, એવા રમણલાલ જોશીએ સુન્દરમ્‌ના વ્યક્તિત્વની સરાહના કરતાં કહ્યું છેઃ-

'સુન્દરમ્‌માં કવિ અને ઊર્ધ્વસ્થિત અધ્યાત્મયાત્રી એકબીજામાં ભળી ગયા છે. દિવ્યતાના અવતરણની અભિપ્સા અને માનવતાપ્રેમી અભિગમ આ બંને ચીજો પૃથ્થક ન રહેતાં એકત્વનો પટ રચે છે અને શું કવિઓ, શું વાર્તાકારો, નવલકથાકારો, શિક્ષકો કે વેપારીઓ, નોકરિયાતો કે સ્વતંત્ર વ્યવસાયવાળા અનેક વર્ગના અને સ્તરના વિવિધ બૌદ્ધિક ભૂમિકાના માણસોને તેમણે એકસૂત્રે સાંકળી લીધા છે.'[૬૪]

'સુન્દરમ્ એટલે માધુર્ય અને સુદઢતાનો સુયોગ' એવું કહેનાર રમણલાલ જોશીને સુન્દરમનું સાહિત્ય સ્પર્શી ગયું છે. વિવેચક કવિતામાં સૌન્દર્યને માણી શકે, કવિતાનું સૌન્દર્ય વિવેચકને સ્પર્શી જાય તેવા સુન્દરમ્‌ના સાહિત્યની રમણલાલ જોશીએ સરાહના કરી છે. તેમનું સુન્દરમ્‌ના કાવ્યમાંથી અતિપ્રિય કાવ્ય છે.

'હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની

ને જે અસુન્દર રહી તેહ સર્વને

મૂકું કરી સુંદર ચાહી ચાહી'

'અવલોકના'માં બળવંતરાય ઠાકોર, ઈન્દુલાલ ગાંધી, રામનારાયણ પાઠક, રમણલાલ દેસાઈ, સ્નેહરશ્મિ, મેઘાણી, ગોવિંદ, ગિરિન, પ્રજારામ, પિનાકીન ઠાકોર આદિની કવિતાશક્તિ વિશે તેમણે પૂરી જાણકારી અને માર્મિકતાથી લખ્યું છે. અવલોકનકારે તેમના ઊંડા અભ્યાસ, નિર્મલ, સંવેદનશક્તિ, સાહિત્યિક પ્રવાહોની ઝીણી માર્મિક સમજ, બૌદ્ધિક સજ્જતા અને પ્રસાદિક ગદ્યશૈલીની નોંધ લીધી છે. જેમાં 'ધૂમકેતુની વાર્તાઓ, પન્નાલાલની 'મળેલા જીવ' અને 'ભાંગ્યાના ભેરું' જેવી નવલકથાઓ, મેઘાણીની કૃતિઓ વિષે વેધક પ્રતિભાવો આ પુસ્તકમાં મળે છે. તે ઉપરાંત સંખ્યાબંધ નાના મોટા લેખકોની નવલિકાઓ, નવલકથાઓ, જ્ઞાનપ્રસારક કે માહિતીપ્રધાન કૃતિઓ વિષેનાં લખાણો કે નોંધો સુધ્ધા તેમણે આ પુસ્તકમાં આપ્યા છે. પ્રવેશકો, વ્યાખ્યાનો, અભ્યાસલેખો અને અવલોકનોનો આ સંગ્રહ શ્રી સુન્દરમ્‌ની વિવેચનશક્તિનો એક આનંદદાયી પરિચય કરાવનારા છે. તેમજ આપણી વિવેચનની પરંપરામાં એક મહત્ત્વના અર્પણરૂપ છે. આપણા દેશની એક મુખ્ય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમી તરફથી ૧૯૬૮નો અકાદમી એવોર્ડ ગુજરાતી ભાષામાં કવિશ્રી સુન્દરમ્ જેવા સારસ્વત વિવેચનગ્રંથ 'અવલોકના' ને મળેલ છે. ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કરનાર સુન્દરમ્‌ને રમણલાલ જોશીએ અગ્રગણ્ય ગણ્યા છે.

'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'માં શ્રી વાડીલાલ ડગલીના સંપાદન હેઠળ જુદા જુદા વિષયોના જાણકારો પાસેથી તૈયાર કરાવેલી બે પુસ્તિકાઓ દર મહિનાની ૨૫મી તારીખે પ્રગટ થતી હતી. ૩૨થી૩૬ પાનાની આ નાનકડી પુસ્તિકાઓમાં એ વિષય અંગેની પ્રાથમિક જાણકારી આપવામાં આવે છે.

'વર્તમાનપત્ર કેવી રીતે તૈયાર થાય છે?' (રવિશંકર મહેતા), 'લગ્ન: છૂટાછેડા: વારસો' (ગટુભાઈ) 'બાળકોને વાર્તા કેવી રીતે કહીશું ?' (મુળશંકર ભટ્ટ) 'સાચી જોડણી અઘરી નથી' (યશવંત દોશી) 'નાટક ભજવતાં પહેલા' (ચુનીલાલ મડિયા) 'વીજળીની કથા' (હર્ષદરાય ભટ્ટ) 'સંતતિ નિયમનની સરળ રીતો', (ડૉ. અનસૂયા અમીન) 'સિનેમા કેવી રીતે ઊતરે છે? (રામુ ઠક્કર) 'સંગીત સાંભળવાનો આનંદ (વિનાયક પુરોહિત) વાયદાનો વેપાર' (બાપાલાલ દોશી) 'અનુવાદની કળા' (નગીનદાસ પારેખ) 'ભૂદાનનો મર્મ' (મહેન્દ્ર દેસાઈ) 'સભાસંચાલન (ડી.કે.કુંટે) 'અંગ્રેજી જશે તો શું થશે?' (ઝીણાભાઈ દેસાઈ) 'તેલ અને લુણે જ' (ભાઈલાલ પટેલ) 'આ બધી યોજનાઓ શા માટે ?' (વાડીલાલ ડગલી) 'લોકશાહી જ શા માટે ?' (ઉષા મહેતા) વગેરે પરિચય પુસ્તિકાનો પરિચય કરાવ્યો છે. રમણલાલ જોશીએ આ 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'ના અભ્યાસ દ્વારા અનેકવિધ વિષયો, વ્યક્તિઓ અને અનેકવિધ લેખનશૈલીનો પરિચય પામ્યા છે, તેમજ તેમના વિવેચન લેખોમાં વૈવિધ્યપૂર્ણ સાહિત્ય પીરસવાનો સાર્થક પ્રયત્ન કરી શકયા છે.

'મારો ચીનનો પ્રવાસ' માં ૧૯૫૨ના ઓકટોબરમાં ચીનમાં ભરાયેલ શાંતિ પરિષદમાં ૩૮ દેશોના ૪૩૮ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી, એમાં ભારતના ૫૬ પ્રતિનિધિઓમાં શ્રી રવિશંકર મહારાજ પણ ગુજરાત પ્રાંતિક શાંતિ સમિતિ તરફથી ગયા હતા. મહારાજ જેવા સામાન્ય લોકસેવકે દેશદાઝથી પ્રેરાઈને ગુણગ્રાહી દષ્ટિએ ચીનમાં જે કાંઈ જોયું તેનું સરળ સુંદર શૈલીમાં અહીં વર્ણન થયું છે. લેખકે ચીનમાં ત્યાંના લોકો, વ્યવહાર, સંસ્કૃતિ રીતરિવાજો, વ્યવસાય અને લોકોની વૃત્તિઓને પણ તેમણે તપાસી આ સિવાય તેમણે ત્યાંની સહકારી મંડળીઓ, ખેતી, વેપારી કોર્ટો શિક્ષણ સંસ્થાઓ, સિનેમાઓ વગેરેનો અભ્યાસ કર્યો છે. જેનું અવલોકન કરતાં રમણલાલ જોશીના સાહિત્યમાં અનેકવિધ રંગો અને સાહિત્યસ્વરૂપોની રસલ્હાણ તેમજ અનેકવિધ વિષયો અંગેની જાણકારી મળે છે.

'સમાન્તરમાં' આપેલ અનેકવિધ વિવેચન લેખોમાં શીર્ષકની, સાહિત્યસ્વરૂપોની અને સર્જકોની શ્રેણીમાં વિવિધરંગીનતા જોવા મળે છે. 'વર્તુળો અને વળાંકોની નવલકથા' માનવમનનો ચકરાવો, 'તાજી માદક સુગંધ', 'અસ્તિત્વ', 'હજું રણકતો ચર્ચબેલ' જેવા અનેકવિધ શીર્ષકો હેઠળ પોતાની વિવેચન ક્ષમતાને બિરદાવી છે. 'વર્તુળો અને વળાંકોની નવલકથા'માં પરિસ્થિતિ વળાંકો સંબંધોનાં વર્તુળને કેવું ખંડિત કરે છે તે તેમણે આ કૃતિમાં બતાવ્યું છે. રમણલાલ જોશીના મતાનુસાર લેખકની નવલકથામાં કશી નવીનતા દેખાતી નથી. સમગ્રકથા, પાત્રો, પરિસ્થિતિ અને સમયસંજોગો જોતા એ બહુ પરંપરાગત જણાય પણ આ કથાની વિશેષતા એ છે કે કથાવસ્તુની જે માવજત કરી છે. તેની વિવેચકે ખરેખર કદર કરી છે તો 'માનવ-મનનો ચકરાવો' એ મફત ઓઝાની લઘુનવલમાં અવલોકનકારને કથાની ગૂંથણી સરળ જણાય છે. પરંતુ ગણતરીનાં પાત્રોના મનોભાવોની સંકીર્ણતા ધારદાર રીતે ઉઠાવ પામતા દર્શાવ્યા છે. જેમાં એકબાજુ વ્યક્તિઓના જીવનપ્રસંગો ઉલ્લેખાતા હોય એમ લાગે પણ એની પછવાડે રહેલી મનુષ્યની વૃત્તિઓ, સંવેગો, રાગાવેગો અને મૂર્ખામીભર્યા પગલામાંથી જન્મતા કઢંગાપણાને લેખકે વાચા આપી છે. પરિસ્થિતિની ગંભીરતા મોટેભાગે માર્મિક તો કોઈવાર ચબરાકીભર્યા ઉદ્‌ગારો કે ન્હાનાલાલીય ઉદ્‌બોધનથી દર્શાવ્યું છે. ઓગણીસસો સિતેરનું ગુજરાતી સાહિત્ય તા.૩૧ ડિસેમ્બર ૧૯૭૦ના રોજ આકાશવાણી પર થોડાંક ઉમેરણો સાથે આપેલું વકતવ્ય છે. જેમાં કાવ્ય, નાટક, નવલકથા, ટૂંકીવાર્તા, જીવનકથા, આત્મકથા, વિવેચન આદિ તેમજ કેળવણી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે સાહિત્યની વાત કરવામાં આવી છે. આ સમય દરમ્યાન સાહિત્ય જગતમાં થયેલા સર્જન, વિવેચન કે પુનર્મુદ્રણો વિશે વાત કરવામાં આવેલ છે. 'એડમન્ડ વિલ્સન- પ્રતીકવાદના પરામર્શક'માં અડમન્ડ વિસ્લસન જેઓ પ્રસિદ્ધ અમેરિકન વિવેચક અને વિચારક હતા. વિસ્સન પત્રકારી વિવેચક તરીકે આલેખાયા છે. ૧૯૬૬માં સાહિત્યનો નેશનલ મેડલ અને

૧૯૬૮માં માનવવિદ્યાઓના ક્ષેત્રમાં મૂલ્યવાન અર્પણ કરવા બદલ એસ્પન એવોર્ડ અર્પીને અમેરિકન પ્રજાએ તેનું બહુમાન કર્યું છે. એવા ઍડમન્ડ વિલ્સન અને પાશ્ચાત્ય લેખક અને કવિ ટોમસ હાર્ડીની નવલકથા અને કવિતા વિષયક વિવેચન કાર્ય કરનાર રમણલાલ જોશીના વિવેચનમાં વિદેશી સાહિત્યકારોના સાહિત્ય સ્વરૂપો, શૈલી, ભાવ અને લેખન અનેકવિધ અસરો જોવા મળે છે. ટોમસ હાર્ડીએ નવલકથાકાર જેટલા જ મોટા કવિ પણ છે. તેમની જાનપદી નવલકથાઓને રમણલાલ જોશીએ  અંગ્રેજી કવિતાનું 'આભરણ' કહ્યું છે. તેમની કવિતામાં નિરૂપાયેલા આકાશ, વૃક્ષો, પુષ્પો અને પાણીનાં વિવિધ સૌન્દર્યોની નોંધ લીધી છે. પરંતુ તેમનો પ્રેમ મનુષ્ય અને અન્ય પ્રાણીસૃષ્ટિ સુધી વિસ્તર્યો છે. જિંદગીના છેલ્લા ભાગમાં તે તારાખચિત આકાશની, રહસ્યમયતાને ઉકેલવા મથે છે. જેમાં વિવેચકનું કવિ હૃદય કવિતાના પ્રવાહ સાથે ઓગળતું જણાય છે. પ્રકૃતિના વિવિધ સ્વરૂપના સૌન્દર્યનું કવિએ કરેલું વર્ણન તેમજ સંવેદનશીલ મનુષ્યનું- વિશેષે કવિનું આ વિશિષ્ટ ઉત્તરદાયિત્વ એ જીવનનું આશ્વાસન અને મૃત્યુની ભયાનકતાને ઓગાળી દેનારું છે. કવિએ કાવ્યમાં કરેલા 'કલ્પનો'ના પ્રયોગોની પણ રમણલાલ જોશીએ નોંધ લીધી છે.

'ભારતીય નવલકથા: ૧૭માં વિવેચનકાર રમણલાલ જોશીએ 'ભારતીય નવલકથા: આરંભ'માં ભારતીય નવલકથાના ઉદ્‌ગમ સ્થાન વિશે જણાવ્યું છે તેમના અભિપ્રાય પ્રમાણે નવલકથાનું માધ્યમ ગદ્ય એ જ અંગ્રેજોના આગમન પછી વિકસ્યું છે. એનો પ્રારંભ બંગાળથી થયો. બ્રિટિશ અધિકારીઓએ તાલીમ આપવા સ્થપાયેલી ફોર્ટ વિલિયમ કૉલેજમાં કેરી નામે એક ખ્રિસ્તી મિશનરી ૧૮૦૧માં બંગાળીના અધ્યાપક તરીકે નિમાયા. કેરી માટે પ્રશ્ન એ હતો કે વર્ગોમાં વાપરી શકાય એવી પાઠ્યપુસ્તકની સામગ્રી કયાંથી ભેગી કરવી ? આ જરૂરિયાત પૂર્ણ કરવા એમણે એક પંડિતોનું જૂથ ભેગું કર્યું અને એને દોરવણી નીચે આ પંડિતોને બંગાળી ભાષામાં નિબંધો, ટૂંકીવાર્તા અને સંવાદો તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું.

તેમણે સંસ્કૃત ભાષામાંથી મુખ્યત્વે ભાષાંતરો અને રૂપાંતર તૈયાર કર્યા; પણ એ સાથે 'પ્રતાપાદિત્ય ચરિત્ર' (૧૮૦૧) નામનો મૌલિક ગ્રંથ પણ તૈયાર થયો. કેટલાક એને બંગાળની પ્રથમ ઐતિહાસિક નવલકથા પણ ગણવા પ્રેરાયા છે. આ રીતે ભારતીય નવલકથાનો આરંભ થયો, એવું રમણલાલ જોશીએ જણાવ્યું છે તેમજ ભારતીય નવલકથાના વિકાસના પરિબળો વિશે જણાવતા તેઓ કહે છે 'બધી ભારતીય ભાષાઓમાં સૌ પહેલાં રોમાન્સ લખાય તેમજ ગુજરાતીમાં ૧૮૬૬માં પ્રગટ થયેલી 'કરણઘેલો'માં રોમાન્સનાં તત્ત્વો સવિશેષ છે. સ્કોટ, બિટન અને ગોલ્ડસ્મિથનો પ્રભાવ પણ વ્યાપક રીતે જુદી જુદી નવલકથાઓ ઉપર પડયો છે.

'અસમીયા નવલકથા'નો અભ્યાસ કરતાં વિવેચક રમણલાલ જોશીએ જાણ્યું કે અસમીયા ભાષામાં નવલકથાનો આરંભ પશ્ચિમના સંપર્કને અને વિશેષ તો ખ્રિસ્તી મિશનરીઓને આભારી છે. ખ્રિસ્તી  મિશનરીઓ દ્વારા સ્થાપિત 'અરુણોદય' માસિક કવિતાની જેમ નવલકથાના વિકાસમાં પણ એક ઉદ્‌ભાવક પરિબળ બનીને આવે છે, અલબત તેમનો મૂળ આશય તો ખ્રિસ્તી ધર્મના પ્રચાર પ્રસારનો રહ્યો છે. ૧૮૭૭માં પ્રગટ થયેલી 'કામિનીકાંતર ચરિત્ર' અસમીયાની પહેલી નવલકથા ઠરે છે અને એ.કે.ગર્ની પ્રથમ નવલકથાકાર તેમ છતાં, આ નવલકથાકારનો આશય ખ્રિસ્તી ધર્મનો ફેલાવો અને ભારતીય ધર્મ પ્રત્યેની અવગણના કરવાનો હોવાથી અસમિયા વિવેચકો તેમને પ્રથમ નવલકથાકારનું નામ આપતાં અચકાય છે. તેને બદલે હેમચંદ્ર બહુવાને સાહિત્યના ઈતિહાસકારો અસમીયા ભાષાના પ્રથમ નવલકથાકાર ગણાય છે. અસમીયા નવલકથા કરતાં મરાઠી નવલકથા તરફ લોકોનું આકર્ષણ વધ્યું હતું તેવું રમણલાલ જોશી જણાવે છે. કારણ કે આ નવલકથાનો ઉદ્‌ભવ સો વર્ષ કરતાંય જૂનો છે. જેમાં મરાઠીની પ્રથમ નવલકથા 'યમુના પર્યટણ'માં મરાઠી ભાષાની ભાષાશૈલી પણ વખાણવાલાયક નીવડી છે તેમજ તેમની ૧૯૫૧માં શ્રી વામન મલ્હાર જોશીની પ્રથમ

નવલકથા 'રાગિણી'માં નીતિવિષયક ચર્ચાએ, સ્ત્રીઓનું સ્થાન અને કુટુંબજીવનનો સમાવેશ થયો છે. આ ઉપરાંત મરાઠી નવલકથાની પ્રસિદ્ધિ પાછળનું મુખ્ય કારણ ૧૯૨૬ના અરસામાં મરાઠી નવલકથાને બે પ્રતિભાશાળી નવલકથાકારો સાંપડે છે. ના.સી.ફડકે અને વિ.સ.ખાંડેકર, પ્રો. ફડકે 'કલાને ખાતર કલા' ના પુરસ્કર્તા બને છે, તેમજ ખાંડેરકરની 'ક્રૌંચવધ' અને 'ઉલ્કા' જેવી મરાઠી નવલકથાઓને નવલકથાના ઈતિહાસના સીમાચિહ્નો જેવી ગણવામાં આવી છે તેમજ આ ઉપરાંત રમણલાલ જોશીએ 'પયાતિ', 'નવસંસાર', 'ગારંબીચા બાપુ', 'શિતૂ', 'બનગરવાડી', 'સ્વામી', 'ચક્ર' જેવી નવલકથાઓને મરાઠી સાહિત્યની પ્રતિનિધિ નવલકથાઓ ગણી છે. 'તેલુગુ નવલકથા' વિષયક વિવેચનમાં દક્ષિણ ભારતની ભાષાઓમાં નવલકથાનો આરંભ કરવાનું શ્રેય તેલુગુ ભાષાને ફાળે જાય છે એમ કહે છે. તેલુગુમાં ઢગલાબંધ નવલકથાઓ લખાઈ છે. સને ૧૮૭૮માં શ્રી કન્દુકૂરિ પન્તુલુએ 'રાજશેખર ચરિત્ર નામે ગદ્યગ્રન્થ પ્રકાશિત કર્યો આને મૌલિક નવલકથા માનીને શ્રી પન્તુજીએ પોતાની રચનાને પ્રથમ નવલકથાના રૂપમાં આગળ કરી, જે પોતાની વિશેષતાને કારણે અંગ્રેજીમાં અનુવાદિત થઈ. આ નવલકથાનું બીજું નામ છે. 'વિવેક ચંદ્રિકા' સમાજ સુધારણાની દૃષ્ટિએ 'રાજશેખર ચરિત્ર' પહેલી તેલુગુ સામાજિક નવલકથા આલેખાય છે. તેલુગુમાં કેટલીક જાસૂસી નવલકથાઓ અને સામાજિક નવલકથાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

'પરિવેશ'માં રમણલાલ જોશીએ 'નવલકથા અને ટૂંકી વાર્તાનું વિવેચન કયે માર્ગે?' માં વિવિધ વિવેચનપદ્ધતિઓ વચ્ચે સંવાદ સાધી કૃતિને આત્મસાત્ કરવામાં વિવેચકને સહાયરૂપ થવું જોઈએ એવું સૂચવતાં તેઓ જણાવે છે કે સાચી પ્રયોગશીલ રચનાઓને પોંખવા અને કૃતક પ્રયોગશીલ કે દરિદ્ર રચનાઓને જુદી તારવી આપવા પોતાની શુદ્ધિબુદ્ધિથી જ સદૈવ પ્રયત્નશીલ છે એવો વિવેચક જ આજને તબક્કે આ લોકપ્રિય પ્રકારોના વિવેચન દ્વારા વાચકોનો સાચો મિત્ર બની શકશે. મિત્રની દૃષ્ટિથી કૃતિનું પરિક્ષણ કરવું એથી વધુ

ઊંચો ધર્મ વિવેચકને માટે બીજો કયો હોઈ શકે ? 'થોડી નવલકથાઓ'માં લેખકે વિવિધ નવલકથાઓનો સમાવેશ કર્યો છે. જેને અવલોકવાનો રમણલાલ જોશીનો પ્રયાસ વિવેચક દૃષ્ટિએ નવલકથાની શૈલી, વિષય, રસ અને બંધારણ તપાસતા ઘણું જ રસપ્રદ અને પ્રશંસનીય રહ્યું છે. અહીં ચિંતામણી ત્ર્યંબક ખાનોલકર જે મરાઠીના પ્રસિદ્ધ નવલકથાકાર છે. તેમની 'કોંડુરા' નવલકથાનો ડૉ. જયા મહેતાએ કરેલો અનુવાદ છે, ત્યારબાદ તેમની જ નવલકથા 'ચાની' ગુજરાતી અનુવાદ પણ ડૉ. જયા મહેતાએ કરેલો છે. 'રાધા-કૃષ્ણ' એ શ્રી સુનિલ ગંગોપાધ્યાયની બંગાળી કૃતિ છે. જેના ગુજરાતી અનુવાદ શ્રી અનિલાબહેન દલાલે કરેલો છે. 'અધિપુરુષ' એ ડૉ. પિનાકીન દવેની પ્રગટ થયેલી છેલ્લી નવલકથા છે. જેમાં લેખકે તેમની ભાષાશૈલીના ખૂબ વખાણ કર્યાં છે. ત્યારબાદ 'સ્વપ્નતીર્થ' એ રાધેશ્યામ શર્માની નવલકથા છે. 'સ્વપ્નતીર્થ'માં એનું આધુનિક પુરાકલ્પન છે. લેખકે તેમનો અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે ગુજરાતી નવલકથામાં પુરાકલ્પનનું સર્જન અ-પૂર્વ છે.

'ઊર્ધ્વમૂલ' નવલકથાનું શીર્ષક ભગવદ્‌ગીતામાંથી મળ્યું છે. કૃતિમાં એના અનેક સંદર્ભો અવલોકન કરતાં રમણલાલ જોશીને મળ્યાં છે. તેઓએ એ સમયની ઢગલાબંધ નવલકથાઓમાંથી 'દરિયે લાગ્યો દવ' જેવી નવલકથાને તેની વસ્તુનવીનતાને કારણે અને તેની કથનશૈલીને કારણે ધ્યાનકર્ષક ગણી છે. તેમજ દિનકર જોશીની 'સાચા મોતીનો ચારો' નવલકથાની પણ રમણલાલ જોશીએ પ્રશંસા કરી છે.

'પ્રયોગશીલ વાર્તાઓનો સંગ્રહ' ટૂંકીવાર્તાનું સંપાદન સુમન શાહે કરેલુ છે. તેમણે માત્ર ૨૧ વાર્તાઓ અને પ્રત્યેક વાર્તાને અંતે ટૂંકી નોંધ લખીને સંપાદન કર્મ પૂરું થયું ગણ્યું છે. અવલોકનકાર તરીકે રમણલાલ જોશીએ જણાવ્યું છે કે 'મૂંઝવણ થાય એવી પરિસ્થિતિ છે, પણ આવી પરિસ્થિતિ શ્રી સુમન શાહ સિવાય કોણ સર્જી શકે ?'

'થોડા નવા કાવ્યસંગ્રહો' લેખકમાં કેટલાક નૂતન કાવ્યસંગ્રહોની સફર કરતા સર્જક અને કૃતિ વિશેની વિશેષતાઓ મર્યાદાઓ અને સર્જનનો સહજભાવ કે પરિસ્થિતિ વિશે નિરૂપણ કરવાનો વિવેચકે પ્રયત્ન કર્યો છે. 'નૈવેદ્ય' એ કવિશ્રી પ્રજારામ રાવળનો કાવ્યસંગ્રહ છે. જેમાં પ્રકીર્ણ વિષયોના કાવ્યો છે તેમજ સર્વત્ર 'પ્રેમનું ગાન' છે. 'ફિલાડોલ્ફિઆ' એ પન્નાબહેન નાયકનો કાવ્યસંગ્રહ છે. જેણે અમેરિકામાં ફિલાડેલ્ફિયામાં રહીને ભારતીય સંસ્કૃતિને પોતાના સર્જનથી ધબકતી કરી છે. તેમના કાવ્યોમાં ભારત પ્રત્યેના પ્રેમની ઉત્કટતા છે. 'તલાશ' એ બિપિન પરીખનો કાવ્યસંગ્રહ છે. રમણલાલ જોશીએ તેનું અવલોકન કરતા તેમાં વર્ણવાયેલી આપણા સાંપ્રત જીવનની સઘળી નીતિરીતિ હાડમારીઓ, કૌટુંબિક જીવનની કુરુપતાઓ, સામાજિક જીવનની ભીંસમાં અત્યારના આપણા જીવનને તેમણે હિંમતપૂર્વક અને કશો છોછ કે ભય રાખ્યા છે, જેની નોંધ લીધી છે. તેઓ જણાવે છે કે 'તલાશ'માં સૌને પોતપોતાનું પ્રતિબિંબ જોવા મળશે અને પ્રતિબિંબ પાડનારા સર્જકની આંતરિક એકલતા અને મૂંઝવણ ફિલ થશે. તેમજ શોભિત દેસાઈની અભિવ્યક્તિ છટાઓમાં વિવેચકને નવીનતા દેખાય છે તેમજ ભાષાની સરલતા અને વિશદ્ અભિવ્યક્તિના દર્શન થાય છે.

'અવબોધ' ઉપેન્દ્ર પંડ્યાનો વિવેચનાત્મક લેખોનો સંગ્રહ છે. જેમાં લેખકો ઉપેન્દ્ર પંડ્યાને ગોવર્ધનરામ અને 'સરસ્વતીચંદ્ર' ના પક્ષપાતી કહ્યા છે તો બીજી તરફ તેની શિષ્ટ ગદ્યશૈલીનાં વખાણ કર્યાં છે. તેમજ સ્વચ્છ ગદ્ય અને આ પુસ્તકની વિશેષતા પણ બતાવી છે. ઘણાં લેખોનાં અંતે તેમણે તે હજુય ખૂબ સારું લખે કે પ્રભુ તેમને વિવેચન લેખો ગ્રંથસ્થ કરે એવી સદ્બુદ્ધિ આપે એવી ભગવાનને પ્રાર્થના કરે છે. એ વાંચતા એવું લાગે છે કે રમણલાલ જોશીને ખાસ કરીને વિવેચન સાહિત્યની વિશાળતા વધારવામાં અને ગુણવત્તા વધારવામાં ખૂબ રસ છે. 'નિબંધ: સ્વરૂપ અને વિકાસ' એ ડૉ. પ્રવીણ દરજીએ તૈયાર કરેલો મહાનિબંધ છે. લેખકે આ પીએચ.ડી.ના નિબંધમાં બતાવેલી સતર્કતા વિશે વાત કરી છે અને

એ અંગે રમણલાલ જોશી ડૉ. પ્રવીણ દરજીની વિષય બાબતે ખૂબ પ્રશંસા કરતા કહે છે, ‘એકંદરે વિષયની વિગતવાર રજૂઆત, એના અંગોપાંગની સૂઝ, વ્યવસ્થિત નિરૂપણ અને સંનિષ્ઠ અભ્યાસને કારણે છેલ્લા સો-સવાસો વર્ષના વિકસેલા નિબંધ સાહિત્યનો તાત્ત્વિક અને ઐતિહાસિક દષ્ટિએ આલેખ આપતો આ મહાનિબંધ અભ્યાસીઓને અવશ્ય ગમશે.’[૬૫]

બ.ક.ઠાકોરનાં વ્યક્તિત્વ અને સર્જન વિશે રમણલાલ જોશી કહે છે કે ‘બ.ક.ઠાકોરના બાહ્ય દેખાવમાં નાળિયેરના કાચલા જેવી સખ્તાઈ હતી પણ અંતરમાં કોપરાનું માધુર્ય હતું: ‘ઝવેરચંદ મેઘાણીની જીવનકથા’ ઝવેરચંદ મેઘાણીથી લેખક મૂળ પ્રભાવિત થયેલા રમણલાલ જોશી જયારે વડોદરા કૉલેજમાં તેમને બોલાવી લાવેલા અને તેણે જે હલકથી ‘કોઈનો લાડકવાયો’ ગાયું તે તો જીવનનું એક સંભારણું બની ગયું. તેમના જ શબ્દોમાં એ સંવેદના જોઈએ તો લખ્યું છે. ‘વડોદરા કૉલેજના વિશાળ સભાખંડમાં એ દિવસે જે હાથરૂમાલ પલળી ગયેલો તે આજે પણ સૂકાયો નથી!’[૬૬]

‘ગુર્જર અસ્મિતાના ઉદ્‌ગાતા’માં રમણલાલ જોશીએ ગુજરાતની વિવિધ જાતો ગુજરાતના ઈતિહાસની સામગ્રી, સુરતનું સાંસ્કૃતિક મહત્ત્વ, ગોવર્ધનરામના કાર્યનું મૂલ્ય, ગુજરાતની રંગભૂમિ, લોકસાહિત્ય વ. વિશેના તેમનાં લખાણો અને નોંધોમાં રણજીતરામની અભ્યાસ પરાયણતા, ઉદ્યમ, ઉત્સાહ અને કાંઈક કરી નાખવાની તમન્નાનું દર્શન થાય છે. મુનશીએ રણજીતરામને ગુજરાતની ‘રાષ્ટ્રીય અસ્મિતાનો અવતાર’ કહેલા તે યથાર્થ છે. ‘પન્નાલાલ પટેલ: ગુજરાતી સાહિત્યની એક ઘટના’ વિવેચકે પન્નાલાલને ‘ઉભયના લેખક’ કહ્યા છે. કેમકે જેવી માતબર સર્જકશક્તિવાળા સાહિત્યકારો અને ભારતીય ભાષાઓમાં પણ વિરલ ગણાય. પન્નાલાલે ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો એ પ્રસંગે પણ વિવેચક રમણલાલ જોશી પન્નાલાલે લાંબા સમય સુધી ભાષાની સેવા કરે એવી અભિપ્સા વ્યક્ત કરી છે.

'ભારતીય નવલકથા'માં ભારતીય નવલકથાનો એક ઐતિહાસિક અભિગમ જણાવતાં રમણલાલ જોશી જણાવે છે કે 'નવલકથા એ કલા નહીં, પણ સર્જનાત્મક નમજાય માધ્યમ છે,' તેમજ 'નવલકથા એ માનવ જીવનને પ્રતિબિંબિત કરતી અને વાચકોને રસાનંદ આપતી ગદ્યમાં રચાયેલી કથા છે.' નવલકથાના પાશ્ચાત્ય સાહિત્યમાંથી થયેલો ઉદ્‌ભવ એ નક્કર હકીકત છે. પશ્ચિમના સંપર્કમાં મૂકાયા પછી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં તે આપણી ભૂમિમાં રોપાય છે. સામાજિક, પ્રાદેશિક, ચેતનાપ્રવાહ અને આધુનિક નવલકથાઓ વિશે વિવેચકે વિસ્તૃત પરિચય કરાવ્યો છે. સામાજિક નવલકથાઓ વિશે વિવેચન કરતાં તેઓ જણાવે છે કે 'નવલકથાની કાચી સામગ્રીને કલાના વાસ્તવરૂપે પલટી આપવામાં રહેલી ઉન્નતાને કારણે કલાદષ્ટિએ સંતર્પક પરિણામ નીપજી શક્યું નહી અને એથી સામાજિક નવલકથાઓના વિપુલ ગંજમાં શુદ્ધ કલાકૃતિઓની સંખ્યા તો અલ્પ જ રહી. સમાજની તત્કાલીન સમસ્યાઓને મૂલ્ય માત્ર દસ્તાવેજ પૂરતું મર્યાદિત રહ્યું.'[૬૭]

આમ તેઓના મત મુજબ પરિસ્થિતિમાં પણ કલા સંસિદ્ધ કરવાનું વલણ કેટલાક નવલકથાકારો દાખવે છે અને આ દષ્ટિએ અમુક ચોક્કસ સ્તર જાળવી રાખતી કૃતિઓ કાલિન્દીચરણ પાણિગ્રાહી, ગોપીનાથ મહાન્તી, પન્નાલાલ કે રેણુ જેવા નવલકથાકારોની કલમમાંથી મળે છે. આધુનિક નવલકથાઓ વિશે રમણલાલ જોશીનું માનવું છે કે, આજના નવલકથાકારોમાં વર્તમાનની ભીષણતા અને પ્રજાની યાતનાઓ આલેખવાનું વલણ બળવત્તર બન્યું છે. વિમલ મિત્ર તેમની નવલકથાઓમાં સમાજના થઈ પડેલા નેતાઓના ભ્રષ્ટાચારને ખુલ્લા પાડે છે, ધનિકોના અને રાજપુરુષોના દંભને તીક્ષ્ણતાથી રજૂ કરે છે. રમણલાલ જોશીના કહેવા મુજબ બજારું માંગને સંતોષવા માટે ઢગલાબંધ પ્રગટ થતી સામાન્ય સેકસી કે જાસૂસી નવલકથાઓનું સાહિત્યિક દષ્ટિએ કોઈ મૂલ્ય નથી. ઐતિહાસિક નવલકથાઓ ધીમે ધીમે લુપ્ત થતી જાય છે. આમ નવલકથાની ગુણવત્તા અને સમાજની વાચન ભૂખ અનુસારની

વિષય પસંદગી બાબતે પણ રમણલાલ જોશીએ જાગૃત વિવેચકધર્મ બજાવ્યો છે. ‘સમાજશાસ્ત્ર- અર્થશાસ્ત્ર- કેળવણી’માં શાંતિલાલ હીરાલાલ શાહનું ‘સમાજશિક્ષણ’ વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારીનું હિંદમાં અંગ્રેજી રાજ્યના અમલ પછી દેશના આર્થિક પ્રશ્નોની વિચારણા કરતું પુસ્તક ‘દોઢ સદીનો આર્થિક ઈતિહાસ’નો સમાવેશ થાય છે. મૂળશંકર મો. ભટ્ટનું કેળવણીને લગતું ‘શિક્ષકની નિષ્ઠા અને દષ્ટિ’નો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેળવણીને લગતી બીજી કૃતિ ‘શાન્તિના પાયા’, ‘સર્વોદય શિક્ષણ’ એ મનુભાઈ પંચોળીની કૃતિ છે. જેમાં સમગ્ર માનવજાતિની કેળવણીની વાત છે. આમ સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને કેળવણી જેવી પાયાની બાબતોને લઈને રમણલાલ જોશીએ નવલકથાક્ષેત્રે વિવેચનકાર્ય પાર પાડ્યું છે, તો શ્રીકૃષ્ણ જેના રોમેરોમમાં રમતા હોય, સુન્દરમ્‌માં જેનું સાનિધ્ય હોય તેવા રમણલાલ જોશીએ ‘ધર્મ-તત્ત્વજ્ઞાન’ વિષયો પર પણ પોતાની વિવેચક દષ્ટિ ફેંકી છે. ‘આપણો ધર્મ એ આનંદશંકર ધ્રુવના પુસ્તકમાં મહાભારતના સુક્તિ રત્નોનું સમાલોચન આપ્યું છે તો ‘અધ્યાત્મ દર્શન’ એ વિનોબાજીની ગુજરાત યાત્રાનાં પ્રવચનોની પુસ્તકમાળાનો ત્રીજો મણકો છે. જેમાંનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન વિવેચકને સ્પર્શી જાય છે.

કર્તાલક્ષી લેખો અહીં ઘણાં છે. સુન્દરમ્‌ની વાર્તાઓ વિશેનો લેખ ઉત્તરકાલીન સુન્દરમ્‌ની વાર્તાકલાનો સંક્ષિપ્ત પરિચય છે. આવો પરિચય આમ તો સર્વસાધારણ વિધાનોથી ભરચક ભરાયેલો હોય પણ વિવેચકે સમગ્ર લેખમાં મોટાભાગની વાર્તાઓની અલગ અલગ કૃતિપરક છણાવટ કરી છે, ને વાર્તાકલાની સમ્મુખ આપણને મૂકી દીધા છે. ‘નિશ્ચિતપૃષ્ઠમર્યાદામાં’ ‘આટલા ટૂંકાણમાં’ લખવું તે એમને માટે સાચે જ ‘એક સારી વાર્તા’ લખવા જેવું સાહસ હતું! એ સાહસમાં એક સર્જકની સજ્જતાથી તેઓ હેમખેમ પાર ઉતર્યા છે. એમ લાગ્યા વિના રહેશે નહિ. ન્હાનાલાલ અને ગોવર્ધનરામની સંસારમીમાંસા અને તેના ઉકેલ આદિ અભિગમોની સંગીન તુલના, ન્હાનાલાલની વૃત્તબ્રહ્મ કવિતા અને ન્હાનાલાલનું

વિવેચન એમ ઠીકઠીક વિષય-વૈવિધ્ય છે- એ લેખો ન્હાનાલાલના સાહિત્યિક કર્તુત્વને સમજવામાં કિંમતી પૂરવાર થાય તેવા છે, છતાં સ્વાભાવિકપણે જ એમાં ભરપૂર ન્હાનાલાલને સમગ્રતયા મૂલવી શકાયા નથી. ન્હાનાલાલની વિશેષતા તેઓ રંગદર્શી શૈલી પદ્ધતિના કવિ હતા. એમની ડોલનશૈલી વિશે પણ આપણા સાહિત્યમાં ઘણી ચર્ચાઓ થઈ છે. પરંતુ એમની છંદોબદ્ધ કાવ્યસૃષ્ટિની નોંધ લેવી ઘટે. રમણલાલ જોશીના વિવેચનકાર્ય પર વિવેચન કરનાર સુમનશાહ નોંધે છે કે ‘સાહિત્યકલા કે કાવ્યને વિશેની સર્વસાધારણપણે સ્થિર થયેલી ભૂમિકા પરથી, નીવડેલા ધોરણો કે પૂરવાર થઈ ચૂકેલા માપદંડો વડે, વર્ણ્ય વિષયને તપાસતા આ વિવેચકે અહીં આઠમા દાયકાની કવિતા અને છેલ્લા દાયકાની નવલકથામાં પ્રગટેલા કેટલાક વલણોની નોંધ લીધી છે.’ તેમજ પ્રયોગશીલતા આધુનિક તત્ત્વો વડે રચાતા વિચ્છેદોને લક્ષણસ્વરૂપ લેખ્યા પછી પણ તેમાણે પોતાની વાતને આવી આવશ્યક પાળ બાંધી હોય છે.

રમાણલાલ જોશીના વિવેચન સંદર્ભે વિવેચન લખતાં ૧૯૮૧માં પરબનાં એક લેખમાં સુમન શાહે નોંધ્યું છે.

‘એમની આ વિવેચનાત્મક વર્તણૂક પરમ્પરાગતો અને આધુનિકો વચ્ચેના મિલનનું તેઓ કેવું તો આગવું ‘મિટિંગપોઈન્ટ’ બનવા ઝંખે છે, તેનો ઈશારો કરી જાય છે. બીજો સારગ્રાહી લેખ સમકાલીન- આધુનિક પ્રત્યક્ષ વિવેચનસંગ્રહોનું પ્રત્યક્ષ વિવેચન છે, જ્યારે આ પહેલો ‘આધુનિક વિવેચન’ વિશેનો લેખ આધુનિક સિદ્ધાન્તનું પોતીકા સિદ્ધાંતો વડે મૂલ્યાંકન કરતો પ્રત્યક્ષ વિવેચનનો નમૂનો છે. પરિણામે, આધુનિકોના સિદ્ધાન્ત-વિવેચનનું માત્ર સિદ્ધાન્તની ભૂમિકાએ નિરીક્ષાણ-પરીક્ષાણ કરતો લેખ રમણલાલ જોશી પાસેથી મળવાની કોઈ આધુનિકને અહીં અપેક્ષા જાગે તો તે સ્વાભાવિક લેખાશે. કઈ સૈદ્ધાન્તિકતાઓને વિશે પરમ્પરા આધુનિકતામાં પોતાનો વિચ્છેદ, પોતાનું પરિવર્તન, પોતાનો કાયાકલ્પ કે છેલ્લે પોતાનું પર્યવસાન અનુભવે છે તે દર્શાવી આપવું એ આજની આવશ્યકતા પણ છે- ‘મંત્રસ્ય

ચક્ષુષા સમીક્ષામહે' એ ધ્યાનમન્ત્રને એ દિશામાં પણ ચરિતાર્થ કરી જ શકાય ને ? આવા વિવેચક સંગે, આવા પુરુષાર્થ વડે તો અવશ્ય. અહીં રમણલાલ જોશીની સમગ્ર વિવેચન યાત્રાની સફર કરતાં તેમનાં 'વિવેચન પ્રક્રિયા' લેખમાં તેમના ઉત્કૃષ્ટ વિવેચનાત્મક પુરુષાર્થને પ્રમાણવા માટેની એમાં ભૂમિકા છે, તો બીજી તરફ નવલરામથી શરું થયેલી વિવેચન-પરમ્પરામાં ઉમેરણ સમો એમાં એક વૈયક્તિક ઉપ્રેક પણ છે. સુમન શાહના મતાનુસાર જીવન, સાહિત્ય અને સંસ્કૃતિને વ્યાપક સંદર્ભોમાં રાખી, કલાના સર્વસામાન્ય અને સર્વમાન્ય ધોરણોની પીઠિકાએથી કૃતિઓનું નિરીક્ષણ-પરીક્ષણ કરતી આ પરમ્પરાને 'વિવેચના એટલે છેવટે તો વિવેક' એવી કોઈ નિસ્યન્દની સમાજના બિન્દુએ પામી શકાય, સ્થિર કરી શકાય. એ જ સમજ આ લેખમાં પ્રકાશિત થઈ છે. એ સમજને તેઓએ 'ગુણાનુરાગિતા' તેમના માત્ર આ છેલ્લા વિવેચનપુસ્તક 'વિવેચનની પ્રક્રિયા' ને જ મુખ્ય સામગ્રી બનાવી તેમની એ આત્મશ્રદ્ધાના સ્વરૂપને અહીં ટૂંકમાં પ્રકાશિત કરવાનો ઉપક્રમ છે. એ આત્મશ્રદ્ધા એમના વિવેચનાત્મક વિચારઆચારનું ધારક બળ છે, તો તેનું પરિણામ પણ છે. આ લખનારને એ આચાર-વિચારની વર્ણના પણ અહીં અપેક્ષિત છે.

'અભીપ્સા'થી 'વિનિયોગ' સુધીના આ અગાઉના છયે વિવેચન સંચયોમાં જે ઉડીને આંખે વળગે તેવી વાત છે, તે એ કે રમણલાલે સિદ્ધાન્ત-વિવેચન બહું થોડું અને જવલ્લે જ કર્યું છે.' વિવેચન ઉપરાંત હંમેશની જેમ કવિતા અને કથાસાહિત્ય એમના મુખ્ય વિષયો રહ્યા છે. એ વિષયોમાં તેમણે કૃતિલક્ષી, કર્તૃલક્ષી અને વલણો કે પ્રવાહોની રૂપરેખા બાંધતી ઈતિહાસલક્ષી જેવી ત્રિવિધ દૃષ્ટિની વિવેચનાનું વૈવિધ્ય રચ્યું છે.

અઢાર જેટલાં વર્ષની આ પ્રત્યક્ષ વિવેચનાનો અધઝાઝેરો ભાગ સમકાલીન કે આધુનિક સાહિત્ય રોકે છે એ વિગત આ વૈવિધ્યમાં અવનવા રંગો પૂરે છે, અને લેખકની ઉક્તિ સર્વલક્ષિતાનો આવશ્યક પરિચય કરાવે છે. રમણલાલે કેટકેટલી કૃતિઓ અને કર્તાઓને આ

પ્રવૃત્તિમાં આવરી લીધા છે. સમ્યક્ અર્થમાં સમ્પાદિત કીધાં છે.' 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' ના ગુજરાતી ભાષાનાં એક-અપૂર્વ સમ્પાદક તરીકે તેમણે અત્યાર સુધીમાં ૨૭ જેટલા ગ્રંથકારોનું સમ્પાદન કર્યું છે એ તેમની આગવી સમ્પાદન-પ્રવૃત્તિનાં મૂળ, તેમની વિવેચનામાં પડેલી આ ગર્ભિત સમ્પાદન વૃત્તિમા છે. જેનું વિસ્તારથી વર્ણન 'રમણલાલ જોશીનું સંપાદનકાર્ય'માં કરવામાં આવ્યું છે.

## પાદટીપ

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ગ્રંથ-૩, પૃ. ૭૯

૨. રમણલાલ જોશી, ઉદ્દેશ : ૨૦૦૭, જાન્યુઆરી, પૃ. ૧૩૩

૩. એજન, પૃ. ૧૪૬

૪. રમણલાલ જોશી, 'અભીપ્સા', પૃ. ૫૫

૫. એજન, પૃ. ૮૪

૬. એજન, પૃ. ૧૪૨

૭. રમણલાલ જોશી, 'પરિમાણ', પૃ. ૧૭

૮. એજન, પૃ. ૧૯

૯. એજન, પૃ. ૪

૧૦. એજન, પૃ. ૩૨

૧૧. એજન, પૃ. ૫૭

૧૨. એજન, પૃ. ૧૦

૧૩. એજન, પૃ. ૧૯૫

૧૫. એજન, પૃ. ૨૦૮

૧૬. એજન, પૃ. ૨૦૯

૧૭. એજન, પૃ. ૨૨૭

૧૮. રમણલાલ જોશી 'પ્રત્યય', પૃ. ૬૦

૧૯. એજન, પૃ. ૧૮

૨૦. એજન, પૃ. ૬૫

૨૧. એજન, પૃ. ૬૬

૨૨. એજન, પૃ. ૬૭

૨૩. એજન, પૃ. ૬૮

૨૪. એજન, પૃ. ૬૮,૬૯

૨૫. એજન, પૃ. ૧૨૫

૨૬. એજન, પૃ. ૧૧૮

૨૭. એજન, પૃ. ૧૧૮

૨૮. રમણલાલ જોશી, 'સમાન્તર', પૃ. ૪

૨૯. એજન, પૃ. ૫૫

૩૦. એજન, પૃ. ૧૦૨

૩૧. એજન, પૃ. ૭૮

૩૨. એજન, પૃ. ૧૧૭,૧૧૮

૩૩. રમણલાલ જોશી 'વિનિયોગ', પૃ. ૩૩

૩૪. એજન, પૃ. ૬૮

૩૫. એજન, પૃ. ૯૫

૩૬. એજન, પૃ. ૧૧૫

૩૭. એજન, પૃ. ૧૪૫

૩૮. એજન, પૃ. ૧૫૩

૩૯. રમણલાલ જોશી, 'વિવેચનની પ્રક્રિયા', પૃ. ૪

૪૦. એજન, પૃ. ૧૨

૪૧. રમણલાલ જોશી, 'ભારતીય નવલકથા-૧' પૃ.૧

૪૨. રમણલાલ જોશી, 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ', પૃ. ૧૦

૪૩. રમણલાલ જોશી, 'પરિવેશ', પૃ. ૩

૪૪. એજન, પૃ. ૩

૪૫. એજન, પૃ. ૮

૪૬. એજન, પૃ. ૧૭૩

૪૭. રમણલાલ જોશી, 'નિષ્પતિ', પૃ. ૨૩

૪૮. એજન, પૃ. ૮

૪૯. રમણલાલ જોશી, 'સુન્દરમ્' (પરિચય પુસ્તિકા, ૯૦૨), પૃ. ૩૧

૫૦. રમણલાલ જોશી, 'સ્નેહરશ્મિ' (પરિચય પુસ્તિકા, ૭૬૨), પૃ. ૧૬

૫૧. એજન, પૃ. ૫૧

૫૨. રમણલાલ જોશી, 'ગ્રંથની કેડીએ', પૃ. ૧૨૩

૫૩. નીતિન વડગામા, 'સંગત', પૃ. ૯૦

૫૪. રમણલાલ જોશી, 'વિવેચનની પ્રક્રિયા પૃ. ૬૧

૫૫. એજન, પૃ. ૧૦૦

૫૬. એજન, પૃ. ૧૯૦

૫૭. રમણલાલ જોશી, 'વિવેચનની આબોહવા', પૃ. ૪૧

૫૮. એજન, પૃ. ૫૮

૫૯. એજન, પૃ. ૭૦

૬૦. રમણલાલ જોશી, 'પરિમાણ', પૃ. ૨૦

૬૧. એજન, પૃ. ૪૨

૬૨. એજન, પૃ. ૧૦૮

૬૩. રમણલાલ જોશી, 'પ્રત્યય', પૃ. ૨૦

૬૪. એજન, પૃ. ૨૫

૬૫. રમણલાલ જોશી 'પરિવેશ', પૃ. ૧૬૦

૬૬. એજન, પૃ. ૧૯૯

૬૭. રમણલાલ જોશી, 'ભારતીય નવલકથા-૧', પૃ. ૧૦

# પ્રકરણ-૩
# રમણલાલ જોશીનું સંશોધનકાર્ય

ગુજરાતી સાહિત્યમાં સંશોધનક્ષેત્રે સૌપ્રથમ મણિલાલનું સાહિત્ય નોંધપાત્ર બન્યું છે, જ્યાંથી સંશોધન કાર્યની પદ્ધતિસર શરુંઆત થઈ છે એવું કહેવામાં પણ કશું અજુગતું નથી. પાટણના જૈન ગ્રંથભંડારોની સંપૂર્ણ તપાસ કરીને તેમાંની હસ્તપ્રતો વગેરે વિશે હેવાલ રજૂ કરવાનું કામ મણિલાલને વડોદરા રાજ્યે સોંપેલું, ત્યાં આઠ મહિના રહીને ત્યાંના જૈન ગ્રંથભંડારોની તપાસ કરીને છપાવવા યોગ્ય હસ્તલિખિત પુસ્તકોની વર્ગીકૃત સૂચિ સહિત એક નિવેદન પેશ કર્યું હતું. જેનું પુસ્તક ૧૮૯૬માં વડોદરામાં તે વખતના વડોદરા રાજ્ય તરફથી 'प्रसिद्धजैनपुस्तकमंदिरस्थहस्तलिखित ग्रंथानांक्रम पदर्शकपत्रम' એવા લાંબાલચ નામે પ્રસિદ્ધ થયેલું હતું. આમ ભંડારોમાં રહેલી ઉત્તમ સારસ્વત સંપત્તિનો પ્રથમ પરિચય કરાવવાનું માન મણિલાલને ફાળે જાય છે. ત્યારબાદ હર્ષદરાય ધ્રુવ તેમના પ્રકાંડ પાંડિત્યના સુફળરૂપે સાંપડેલા સંશોધનોના સંશોધક તરીકે સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધિ પામ્યા છે. ૧૯૧૬માં ભાલણની 'કાદંબરી'ના પૂર્વભાગની સંશોધિત આવૃત્તિ તેમણે પ્રગટ કરી. સંસ્કૃત સાહિત્યકૃતિઓ, સાહિત્યકારો અને કેટલાંક નાટક વિશે તેમણે રજૂ કરેલાં તારણો નોંધ માગી લે છે. ખાસ કરીને કાલિદાસ, અમરું, ભાસ, જયદેવ જેવા કવિઓની બાબતમાં તેમણે રજૂ કરેલાં મંતવ્યોએ સંસ્કૃત વિવેચકોને પાછળથી ઘણી પ્રવૃત્તિઓ માટેનું અને સંશોધન માટેનું કાર્યક્ષેત્ર પૂરું પાડ્યું છે. તેમણે સાહિત્યનું સંશોધન ભાષાવિષયક સંશોધન તેમજ પિંગળવિષયક સંશોધનકાર્ય કર્યું છે.

ઈશ્વરલાલ રતિલાલ દવેએ એમના સંશોધક મૂલક પુસ્તકો પૈકી 'કવિ ન્હાનાલાલનાં ભાવપ્રધાન નાટકો: એક અધ્યયન' એ એમના પીએચ.ડી.ના સંશોધન અભ્યાસની નીપજ છે. તેમાં આરંભે ભાવપ્રધાન નાટ્ય સ્વરૂપની ચર્ચા થઈ છે. તેમજ ભાવપ્રધાન નાટકની

પદ્યનાટક તેમજ અન્ય નાટ્યપ્રકારો સાથે તુલના કરીને તેની લાક્ષણિકતા-વિશેષતાઓ તારવી આપી છે. 'દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓ: એમની સૌરાષ્ટ્રી ભાષા' સાહિત્યપરંપરા અને સંસ્કારપ્રણાલી' એ જાત તપાસ ક્ષેત્રકાર્યના આધારે થયેલું શાસ્ત્રીય અને નિષ્કર્ષભર્યુ સંશોધન છે.

કેશવરામ કાશીરામે પોતાની કારકિર્દી સાથે લખેલા કેટલાક સંશોધનલેખો અને પુસ્તકોને ધ્યાનમાં લઈને ગુજરાતી ભાષાના વિદ્વાન આનંદશંકર ધ્રુવે માત્ર મેટ્રિક સુધી જ અભ્યાસ કર્યો હોવા છતાં ૧૯૩૬માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી/ગુજરાત વિદ્યાસભામાં સંશોધક તરીકે જોડાવાનું નિમંત્રણ આપે છે. તેઓના ઉત્તમકાર્ય બદલ તેમને ૧૯૫૨માં રણજીતરામ ચંદ્રક પ્રાપ્ત થાય છે, તેમજ 'વિદ્યાવાચસ્પતિ'ની પદવી પણ એનાયત થાય છે. તેમણે ૧૯૨૪ થી આરંભીને ૧૭૧૬ સુધીના કવિઓ વિશે સંશોધન મૂલક માહિતીપ્રદ કવિચરિત્રાંકન પણ કરેલ છે.

'ગુજરાતી સાહિત્યક્ષેત્રે ચાર દાયકા સુધી સંશોધનકાર્યમાં રત રહીને હરિવલ્લભ ભાયાણીએ ખાસ્સું પ્રદાન કર્યું છે. તેમણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી લોકસાહિત્ય વિષયે બહુધા સંશોધનદૃષ્ટિ દાખવી છે. તેમ છતાં પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં પણ એમની નજર પહોંચી છે અને એમ થતાં એમનું સંશોધનકાર્ય માત્ર ગુજરાતી ભાષાસાહિત્ય પૂરતું મર્યાદિત ન રહેતાં ભારત તેમજ ભારત બહાર વિદેશોમાં પણ પહોંચ્યું છે અને પ્રસિદ્ધિ પણ પામ્યું છે. એમનાં સંશોધનગ્રંથમાં 'સ્વાધ્યાય', 'અનુસંધાન', 'કૃષ્ણકાવ્ય અને નરસિંહ સ્વાધ્યાય' 'લોકકથાના મૂળ અને કુળ, 'લોકસાહિત્ય: સંપાદન અને સંશોધન' 'હસ્તપ્રતોને આધારે પાઠ સંપાદન, 'શોધખોળની પગદંડી પર' મહત્ત્વના છે. સંશોધક તરીકે તેઓ બહુધા પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યાકાલીન ગુજરાતી સાહિત્યની લિખિત તેમજ કંઠસ્થ પરંપરાને નજર સમક્ષ રાખીને અર્થઘટન મૂલક નવા મુદ્દાઓ ચર્ચે છે. વળી એમના સંશોધન અભ્યાસો વૈજ્ઞાનિક તાટસ્થ્યપૂર્ણ અને તર્કબદ્ધ રહેવાને કારણે સંશોધિત વિષય-વિષયાંગ

હસ્તકમલવત બની રહે છે.’[૧]

૧૯૬૩માં ‘ગોવર્ધનરામ: એક અધ્યયન’ મહાનિબંધ પ્રગટ થયેલો. ૧૯૭૮માં તેની સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ અને ત્યારબાદ બીજી અને ત્રીજી આવૃત્તિ પણ પ્રગટ થઈ. વિવેચનની સમાંતરે રમણલાલ જોશી સંશોધનની પ્રવૃત્તિ સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. પરિણામો તેમની પાસેથી આપણને ‘ગોવર્ધનરામ: એક અધ્યયન’ જેવો સત્વસમૃધ્ધ સંશોધનગ્રંથ સુલભ બને છે. ગોવર્ધનરામ ત્રિપાઠીના વાઙ્મયવિશ્વના અધિકારી અને ઊંડા અભ્યાસી તરીકેની રમણલાલ જોશીની ઓળખ સર્વવિદિત છે. ગોવર્ધનરામના જીવન અને કવનને આત્સાસાત્ કરીને સર્વગ્રાહી દષ્ટીએ એનું મૂલ્યાંકન કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું છે. ગોવર્ધનરામ વિશે સૂક્ષ્મ વિશ્લેષણ કરનાર રમણલાલને વિદ્યાર્થીકાળથી જ ગોવર્ધનરામ પ્રત્યે પક્ષપાત હતો. કૉલેજના મેગેઝિન ‘પલ્લવ’માં એમણે સૌપ્રથમ ‘સરસ્વતીચંદ્ર’ વિશે અભ્યાસનિબંધ લખેલો. એ અંગે એમણે નોંધ્યું છે કે ‘પલ્લવ’માં જે લેખ લખેલો તે ‘સરસ્વતીચંદ્ર’ વિશે હતો. એ વખતે ‘સરસ્વતીચંદ્ર’ મહાનવલ વાંચેલી અને ખૂબ ગમી ગયેલી. મારો આ લેખ એ કદાચ ગંભીર અભ્યાસનિબંધ લખવાનો પ્રથમ પ્રયત્ન હતો. બીજા પણ વિવેચનાત્મક લેખો પ્રગટ થયા પણ અભ્યાસકાળમાં પણ મે પહેલો લેખ પણ ‘સરસ્વતીચંદ્ર’ વિશે લખેલો એનું આશ્ચર્ય અનુભવાય છે.’

વિદ્યાર્થી અવસ્થામાં ગોવર્ધનરામની સાહિત્યસૃષ્ટિમાં થયેલો રમણલાલ જોશીનો પ્રવેશ દિનપ્રતિદિન સૂક્ષ્મવિશ્લેષણનો મહાન વિષય બની ગયો. એમ.એ. થયા પછી પીએચ.ડી.ના સંશોધન માટે પણ તેમણે ગોવર્ધનરામના જીવન-કવન-ચિંતનને અભ્યાસ વિષય બનાવ્યો. ‘સરસ્વતીચંદ્ર’ જેવી ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ નવલકથાના સર્જકનું મૂલ્યાંકન કરવાની બળવત્તર મહત્ત્વકાંક્ષા સેવનાર રમણલાલ જોશીને સદ્ભાગ્યે ઉમાશંકર જોશી જેવા શ્રેષ્ઠ માર્ગદર્શકનો મિલાપ થયો. પારદર્શી વિવેચકને વિદ્વાન વિભૂતિને થયેલા સંયોગને કારણે

'ગોવર્ધનરામ: એક અધ્યયન' એવા મહાનિબંધ આપણને પ્રાપ્તિ થાય છે.

'ગોવર્ધનરામ: એક અધ્યયન' મહાનિબંધને લેખકે મુખ્ય પાંચ ખંડોમાં વિભાજિત કર્યો છે. ખંડ-૧માં પ્રાક્કથન એટલે કે પ્રસ્તાવના મૂકવામાં આવી છે તો ખંડ-૨માં સ્નેહજીવન ખંડ-૩ અને ૪માં સાક્ષરજીવન ૧, એક અને સાક્ષરજીવન ૨. ના વિભાગની વ્યવસ્થા કરી છે તેમજ ખંડ-૫માં અધ્યાત્મજીવનનો સમાવેશ થયો છે.

પ્રથમ પ્રકરણમાં હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યના કારણે થયેલા આર્થિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે થયેલા પરિવર્તનો વિશે લખતાં રમણલાલ જોશીએ આપણા સમાજની પરંપરાગત માન્યતાથી ભરપૂર માનસિકતાની વાત કરી છે. અંગ્રેજો દ્વારા પશ્ચિમના પરિચયમાં મૂકતાંવેત આપણે ત્યાં નવજાગૃતિ આવી. રમણલાલ જોશીએ નોંધ્યું છે કે 'રાજારામ મોહનરાયથી ન્યાયમૂર્તિ રાનડે સુધીના 'સર્વાંગી સુધારાવાદીઓ' ની પ્રવૃત્તિઓએ પશ્ચિમના વિચારોને અહીં સ્થિર થવામાં મદદ કરી. રાજા રામમોહનરાય આદિનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે પાશ્ચાત્ય ભૌતિક વિદ્યાઓ અને પૌરસ્ત્ય તત્ત્વજ્ઞાન બન્નેને જીવનક્રમમાં અગત્યનું સ્થાન છે. આ નવો સુધારક વર્ગ દેશભક્તિની ભાવનાથી પ્રેરિત હતો અને પૂર્વ તથા પશ્ચિમનું જે કાંઈ ઉત્તમ છે. એનો સમન્વય સાધવા મથતો હતો. તેની ઈતિહાસદષ્ટિ સજગ હતી. વિશ્વના વિચારબળોના પરિચયથી તેનામાં એવી શ્રદ્ધા પ્રકટી હતી કે અંગ્રેજી કેળવણી મારફતે જ હિંદુસ્તાનનો ઉત્કર્ષ થઈ શકે.'[૨]

કેળવણી વિષયક સમયની પરિસ્થિતિ નોંધતાં તેમણે લખ્યું છે કે ૧૮૧૩ થી ૧૮૩૩ સુધીનાં વીસ વરસ દરમ્યાન હિન્દુસ્તાનમાં કેળવણીવિષયક નીતિમાં ઘણો ઉહાપોહ થયો હતો. જેમાં મુખ્યત્વે ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

૧. સાહિત્યમાં સુધારો અને પુનર્જીવન લાવવું.

૨. હિન્દુસ્તાનના વિદ્વાન દેશીઓને પ્રોત્સાહન આપવું.

૩.  હિન્દુસ્તાનમાંના બ્રિટિશ સંસ્થાનોના રહેવાસીઓમાં શાસ્ત્રોનું જ્ઞાન દાખલ કરવું અને તેનો ફેલાવો કરવો. આ સમય દરમ્યાન રાજારામ મોહનરાયે કરેલા કાર્યની લેખકે અહીં નોંધ લીધી છે. રાજારામ મોહનરાય સંસ્કૃત અને અરબી બન્ને ભાષાના વિદ્વાન હતા. તેમણે વેદાંતસૂત્રોના શાંકરભાષ્યનો બંગાળીમાં અનુવાદ કર્યો તેમજ ઈશ, કેન, કઠ, મુંડક અને માંડુકય ઉપનિષદોના બંગાળી અનુવાદ કર્યાં અને તેની પ્રસ્તાવનાઓ લખી, પોતાને ખર્ચે બધાને મફત વહેચવાનું શરું કર્યું અને પરિણામે ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં આ નવો સુધારકવર્ગ અસ્તિત્વમાં આવ્યો. જેના પ્રતિનિધિ રાજા રામમોહનરાય હતા. આ પરિવર્તન બુદ્ધિપૂર્વકનું અને યોગ્ય હતું, આમાં કોઈ ઢાળ તરફ ઢળી જવાનાં લક્ષણો કયાંય દેખાયાં નથી. આધુનિક કેળવણી બાબતે નોંધ લેતાં રમણલાલ જોશીએ લખ્યું છે. ‘આધુનિક કેળવણીના પગરણ મંડાયાં તેમાં મહત્ત્વનો ફાળો આપનાર મેકોલોનું દર્શન ગમે તે હો, પણ રાજારામ મોહનરાય આદિ પાશ્ચાત્ય વિજ્ઞાનાભિમુખ શિક્ષણ અને પૌર્વાત્સ્ય વેદાંતવારસાનો સમન્વય કરવા માગતા હતા.’ (પૃ.૫) જૂના રીતરિવાજો, કર્મકાંડો અને કેટલીક પરંપરાગત રૂઢિ-રીતિરિવાજો સામે ક્રાન્તિ કરનાર રાજારામ મોહનરાયના કાર્યોમાં રમણલાલ જોશી નોંધે છે કે-‘કેટલાકને ખ્રિસ્તી ધર્મમાં લોકોને પરિવર્તિત કરવાનો હેતુ દેખાય છે. પરંતુ ખરેખર કેળવણીની એક નવી દિશા તેમણે લોકો સમક્ષ ખુલ્લી મૂકી છે. એવું કહી શકાય. લોકોમાં સાચી સમજાણ પેદા કરી, લોકોમાં એકત્વ સ્થાપવાનું તેમજ ઉજ્જવળ ભવિષ્ય નિર્માણ કરવામાં મહત્ત્વનું પ્રદાન રાજારામ મોહનરાયે આપ્યુ.

યુનિવર્સિટીઓની સ્થાપના બાદ એમાંથી જે સ્નાતકો બહાર આવવા માંડ્યા તેમના હૃદયમાં વિદ્યોપાસનાની પ્રબળ જ્યોત દેખાઈ સંસ્કૃત, અંગ્રેજી અને પાશ્ચાત્ય સાહિત્યના શાસ્ત્રોનો વિશાળ ફાયદો મળેલો અને આ બધાને લીધે તેમની માનસસૃષ્ટિમાં કોક અજબ ભાવનાભર્યા સ્વપ્નો સ્ફૂરવા લાગ્યા. ગોવર્ધનરામનો જન્મ થયો. એજ વખતે કેટલાક સુધારાની

ભરતીનો સમય થઈ ચૂકયો હતો તેમજ બૌદ્ધિક અભિગમ અને વિજ્ઞાનનિષ્ઠા-સ્વીકારવાની સાથે સાથે અત્રત્ય ધર્મપરંપરામાં રહેલાં મૂળિયામાંથી જ પ્રજાજીવનને પોષણ મેળવવું એ દિશાએ શિક્ષિતોના વિચાર વળવા માંડે એવું વાતાવરણ જામતું જતું હતું. ગોવર્ધનરામના સમય વિશે જણાવતાં રમણલાલ જોશી કહે છે કે 'ગોવર્ધનરામના સમયની સુધારા વિષયક પરિસ્થિતિ એવી હતી કે તેમને સુધારાવાદી કહેવાનો તો અવસર નથી પણ તેમના મહાન સમકાલીન મણિલાલ નભુભાઈ દ્વિવેદીની જેમ ગોવર્ધનરામ પુન: સ્થાપનાવાદી પણ થયા નથી. પશ્ચિમની બુદ્ધિપૂત વિજ્ઞાનદષ્ટિ અને સબળ કર્મયોગ તેમજ અત્રત્ય અધ્યાત્મ પરંપરામાંથી બળ મેળવતું સમાજસત્ત્વ એ બન્ને પ્રત્યે આદર સેવનારી સમન્વયદષ્ટિ ગોવર્ધનરામમાં સોળે કળાએ ખીલી ઊઠતી જોવા મળે છે.'[૩]

પરંપરાગત રીતે જોતા મહાનિબંધના પ્રથમ પ્રકરણમાં સાહિત્યના ઈતિહાસને તપાસવામાં આવતો હોય છે, પરંતુ અહીં રમણલાલ જોશીએ શિક્ષણની પરિસ્થિતિથી, પરંપરાગત સમાજ વ્યવસ્થા, લોકોની માનસિકતા, રિવાજો વગેરેમાં આવતા જતાં પરિવર્તનો અને સાહિત્યમાં થતા ફેરફારોની સમયાંતરે થતી પ્રગતિની વાત કરી છે. ગોવર્ધનરામના જન્મ પહેલાંની સાહિત્યિક પરિસ્થિતિનો તેમણે કરેલો ઉલ્લેખ ખરેખર કોઈપણ સંશોધન માટે પ્રેરણાસ્રોત બની રહે તેવો છે. પ્રથમ પ્રકરણમાં રમણલાલ જોશીએ ગોવર્ધનરામના પુસ્તકોની યાદી આપી છે. જેમાં આશરે ૧૧૨ પુસ્તકોનો સમાવેશ થયો છે. જેમાં વિવિધ સાહિત્ય સ્વરૂપો અને વિષયોનો સમાવેશ થયો છે.

### ૦ સ્નેહજીવન

પ્રકરણ:૨ 'સ્નેહજીવન' માં રમણલાલ જોશીએ 'જીવનકથા-૧', 'વિધિકુષ્ઠિતમ્', 'હૃદયરુદિતશતકમ્' અને 'સ્નેહમુદ્રા'નો સમાવેશ થયો છે. રમણલાલ જોશીના શબ્દોમાં ગોવર્ધનરામ ત્રિપાઠી વિશેનું કથન:

'હરકોઈ સાચા કળાકારની જેમ ગોવર્ધનરામનું સહાનુભૂતિનું ક્ષેત્ર અપૂર્વ વિસ્તર્યું હતું પોતાની સહાનુભૂતિના દઢ આશ્લેષમાં સારાય વિશ્વને તેમણે જાણે લીધું હતું ! આ જ અધ્યાત્મજીવન, ગોવર્ધનરામને મન અધ્યાત્મજીવન સ્નેહજીવન અને સાક્ષરજીવનથી જુદું ન હતું.'[૪] રમણલાલ જોશીએ ગોવર્ધનરામ ત્રિપાઠીના જીવનને આ ત્રણ ભાગમાં વિભાજિત કર્યું છે તે બહુસ્વાભાવિક વિભાજિત થતું જોવા મળે છે અને આ દરેકમાં લેખકે તેની જીવનસાધનાના રંગોનું પ્રાધાન્ય પણ જોયું છે. તેથી લેખકે વ્યવસ્થા ખાતર કરેલા આ ત્રણેય વિભાગો એટલે સ્નેહજીવન, સાક્ષરજીવન અને અધ્યાત્મજીવનની અખંડ ધારવાહી સાધના છે. એવું લેખક જોઈ શકયા છે એ તેમનો આ મહાનિબંધ વાંચતાં સનાતન સત્ય પૂરવાર થાય છે. બીજા પ્રકરણમાં ગોવર્ધનરામની 'જીવનકથા-૧' માં રમણલાલે ગોવર્ધનરામના દાદા અને પિતાનો વ્યવસાયિક, સ્વભાવ, લોકો સાથેનો વ્યવહાર, કૌટુંબિક સભ્યો સાથેનો વ્યવહાર વગેરેનો પરિચય આપ્યો છે. તેમની માતા શિવકાશીનો પણ લેખકે વ્યવહાર કુશળ સન્નારી તરીકેનો પરિચય આપ્યો છે. ગોવર્ધનરામને લેખકે સદ્ભાગી બાળક તરીકે જેટલા મૂલવ્યા છે, તે ઓછું છે. કારણ કે તેમના માતા-પિતાનો લેખકે જે પરિચય આપ્યો છે, તેમાં શિવકાશીની સાહસિકતા બુદ્ધિચાતુર્ય, દીર્ઘદષ્ટિ જોઈને કોઈપણને 'મા' બનાવી લેવાનું મન થઈ જાય! પિતાની વ્યવસાયિક વ્યવહારકુશળતા અણઘડને સંપૂર્ણ રીતે ઘડે તેવી છે. એટલું જ નહીં કુશળ વેપારી બનાવે તેવી છે. આ કુટુંબમાં જન્મ લેનાર ગોવર્ધનરામનો જ્યારે જન્મ થયો, એ પહેલાં તેમના માતૃશ્રી અંબાજી દર્શન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરે છે. બધાની મનાઈ છતાં, તેઓ જાય છે અને સહીસલામત પાછા આવે છે. અહીં લેખકે શિવકાશીની જે શૂરવીરતા વર્ણવી છે તે ખરેખર લેખકની વિદ્વતાનાં દર્શન કરાવે છે. રમણલાલ જોશીએ કહ્યું છે કે ગોવર્ધનરામને હૃદયનો વારસો પિતા તરફથી અને બુદ્ધિનો વારસો માતા તરફથી મળ્યો.

નાનપણથી ગોવર્ધનરામને કથા સાંભળવાનો ઘણો શોખ. પોતાના માતૃશ્રી સાથે તે

માણભટ્ટની કથાઓ સાંભળવા જતા. લેખકે જણાવ્યું છે કે જ્યારે નાનપણમાં તેમને મનસુખરામે મહાભારતની કોઈ એક વાત કહેવાનું કીધું ત્યારે બાળક ગોવર્ધન નળદમયંતીની વાત એવી સુંદર રીતે કરી બતાવી કે મનસુખરામ તે સાંભળી તાજુબ થઈ ગયા. મનસુખરામ ત્રિપાઠીની ગોવર્ધનરામના વ્યક્તિત્વમાં પ્રબળ અસર જોવા મળે છે. મનસુખરામ સાથે વાતચીત કરવાથી ગોવર્ધનરામ અનુભવ, જ્ઞાન અને ડહાપણ નાનપણમાંજ મેળવી શકયા. ૧૮૬૫થી ૧૮૬૮ સુધી ગોવર્ધનરામ નડિયાદ રહ્યા એ દરમ્યાન તેમના જીવનમાં બનેલી બે અગત્યની ઘટનાની રમણલાલ જોશીએ અહીં નોંધ લીધી છે. એક તેમના લગ્ન અને બીજું તેમની કારકિર્દી નાનપણથીજ તેઓ ભક્તિભાવવાળા હતા. પરંપરાગત રીતરિવાજો અને માન્યતાઓથી પર હતા. પરિવર્તનને તેમાણે હંમેશા સ્વીકાર્યું છે. રમણલાલ જોશીએ આ સંદર્ભ ગોવર્ધનરામના જ અવતરણો ટાંકયા છે: ‘ઘરડાઓનાથી તમારા વિચારો ભલે જુદા હોય, પણ તે વિચારો એમને જણાવો ત્યારે દલીલ દાખલા આપીને બહુ ડહાપણભરી રીતે સમજાવજો, એ લોકો જે કહે તે બહુ માનથી સાંભળજો. નિષ્પક્ષપાતથી એનો વિચાર કરજો અને સત્યતાથી તથા નમ્રતાથી એમને ગળે તમારી ઉતારજો- આવું કરશો તો તમે માન પામશો અને આપણા જનસમુદાયને પણ નક્કી લાભ થશે.’[૫]

૧૮૭૪ સુધીનું ગોવર્ધનરામનું જીવન સુખી હતું. ૧૮૭૪ બાદ તેમના જીવનમાં દુ:ખના વાદળો ઘેરાઈ વળે છે. પત્ની હરિલક્ષ્મીનું સુવાવડમાં મરણ અને શ્રીકૃષ્ણ વાસુદેવની પેઢી તૂટી પડી આટલું ઓછું હોય તેમ બી.એ.ની પરીક્ષામાં નાપાસ થયા. રમણલાલ જોશીએ ગોવર્ધનરામના કૌટુંબિકજીવન પરિસ્થિતિ સાથે તેની માનસિક પરિસ્થિતિ અને શારીરિક સક્ષમતા અંગે પણ વાત કરતાં જણાવ્યું છે કે બી.એ. પાસ થયા પછી તેમને ‘બ્રેઈન ફિવર’- ‘મગજનો તાવ’ થયો ઘણીબધી ચિંતાઓ અને અને તનાવને કારણે તેમને આ રોગ લાગું પડયો અને આરોગની અસરને કારણે તેમનું માથું નબળું પડી ગયું હતું. બી.એ. થયાબાદ

તેણે સમાજ માટે યોગદાન આપી શકાય તેવી ઘણી પ્રવૃત્તિઓ શરું કરી. ગોવર્ધનરામનું બીજું લગ્ન લલિતાગૌરી સાથે થયેલું. ૧૮૭૭નું વર્ષ એ ગોવર્ધનરામના જીવનમાં મહત્ત્વનું વર્ષ છે. રમણલાલ જોશીએ આ વર્ષમાં ગોવર્ધનરામની વિદ્યાકીય પ્રવૃત્તિનો ઠીકઠીક ફાલ ઉતરે છે. એ જ સમય દરમ્યાન ગોવર્ધનરામના પરમમિત્રનું અવસાન થાય છે. તેમની પોતાની માંદગી પણ અવારનવાર પજવે છે અને હરિલક્ષ્મીના મૃત્યુથી વ્યાપેલો બાહ્ય વિષાદ 'સ્નેહમુદ્રા' ની માગણી કરાવે છે. ત્યારબાદ દિન પ્રતિદિન શારીરિક નિર્બળતા, આર્થિક ભીંસ અને સામાજિક સંકળામણનો તેમણે સામનો કરવો પડ્યો.

પ્રકરણ-૩માં રમણલાલ જોશીએ નોંધ્યું છે કે ગોવર્ધનરામના પ્રથમ પત્ની હરિલક્ષ્મીનું ૧૮૭૪માં અવસાન થયું. પત્નીના મૃત્યુની અસર નીચે 'વિધિકુષ્ઠિતમ્', 'હૃદયરુદિતશકમ્' અને 'સ્નેહમુદ્રા' ની રચના થઈ. 'વિધિકુંઠિતમ્' એ સંસ્કૃતમાં લખાયેલી વાર્તા છે. લેખકના અવતરણો નોંધીએ તો, 'આ વાર્તામાં શરદઋતુના વર્ણનમાં દીર્ઘસમાસયુક્ત બાણભટ્ટની શૈલીનું સ્મરણ થાય છે. વિધિકુંઠિત અને મદનશલાકાની પ્રણયચેષ્ટાઓનાં વર્ણનો સંસ્કૃત સાહિત્યનાં એ જાતનાં વર્ણનોને અનુસરનારા છે. ગોવર્ધનરામની આ પ્રારંભિક કૃતિમાં વ્યાકરણ અને વાક્યરચનાની દૃષ્ટિએ પણ કયાંક દોષો રહી ગયા છે.'[૬]

રમણલાલ જોશીએ આ સંદર્ભે કરેલ મૂલ્યાંકન અને સરખામણી તેમને સંસ્કૃત સાહિત્યના વિશાળ જ્ઞાનની પરખ કરાવે છે. એક વિવેચક તરીકેની ભૂમિકા ભજવવામાં કયાંય ઊણા ઉતરતા જણાયા નથી. તેઓ લખે છે કે ગોવર્ધનરામ પોતે વિધુર થયા પછી કૉલેજમાં ઈનામ માટે લખવાનું થાય છે ત્યારે અંગત શોકને બિનંગત કથાનું રૂપ આપવા પ્રયાસ કરે છે. આ પછીના બે પ્રયત્નોમાં સંસ્કૃત રચના 'હૃદયરુદિતશતકમ્'માં તેમણે હૃદયને વહેવા દીધું છે અને આત્મલક્ષી કાવ્યની કૃતિ રચી છે, પણ ગુજરાતી રચના 'સ્નેહમુદ્રા'માં ફરી પરોક્ષકથન સુધી સ્વાનુભૂતિને ઊર્ધ્વીકૃત કરી છે.

ગોવર્ધનરામે પોતાની પત્નીની પાછળ નિવાપાંજલિ રૂપે સંસ્કૃતમાં 'હૃયયરુદિતશતકમ્' રચ્યું. પત્નીના મૃત્યુની અસર નીચે ગોવર્ધનરામ જેમ સંસ્કૃત રચનાઓ કરે છે તેમ અંગ્રેજીમાં પણ તેમનો શોકાવેગ વહેવા લાગે છે. લેખકે રણજિતરામે આપેલા શોકસંતપ્ત ચિત્તના ઉદ્‌ગારનો નમૂનો આપતા એટલે કહ્યું કે કવિ એટલે સુધી કહી બેસે છે કે વિશ્વ અર્થ વિનાનું છે. એના નિયામકે કાં તો પોતાના રસ્તા બદલવા જોઈએ કાં તો તેમને રસ્તો બતાવવો જોઈએ પણ અંતે કવિ મૂંગે મોંએ બધું સહન કર્યાં વગર છૂટકો નથી એમ જોઈ વિશ્વક્રમને અવશ્યપણે સ્વીકારે છે:

"of the world I have seen,
And much that is nonsense,
of its name I am tired,
In its stuff in to sense !
Its pleasures are moist
But with tears of woe;
And the Souls that rejoice
Do hail but their foe.
Weeping is their lot
More normal than smiling,
The Creator deserves
Less thanks than peviling ?
I do not blaspheme
For I speak but the truth;

For that I'll be thanked

If God be some ruth.

Let Him, if He feels

The Sting of my say,

Improve His way,

My knowledge is may truth

And His self is the Giver;

His self is to blame

If my turuth be an error.''૭

લેખકે આ કૃતિમાં વર્ણવાયેલા શૃંગાર માટે 'સ્થૂળ' શબ્દ વાપર્યો છે તેમજ નાયિકા સાથેની રતિક્રિડાઓમાં સંસ્મરણોને કેન્દ્રમાં રાખી નાયિકાનું રૂપ વર્ણન કર્યું છે અને એના મરણથી પોતાને થયેલા આઘાતની વાત અવારનવાર- પુનરુક્તિથી રજૂ કરવામાં આવી છે. લેખક કહે છે કે એકંદરે આખી કૃતિ જોતાં, પત્નીના મૃત્યુથી પતિના હૃદયને લાગેલા આઘાતના પ્રાથમિક વર્ણનથી એ બહુ આગળ જતી જણાતી નથી. કવિ પોતાની અંગત લાગણીઓમાં એવા ડૂબી ગયા છે કે એ લાગણીઓ રૂપે જ રહે છે. રસ સુધી પહોંચતી જ નથી.

### ○ 'સ્નેહમુદ્રા'

'સ્નેહમુદ્રા' કાવ્ય હરિલક્ષ્મીના મૃત્યુ બાદ અંગત શોકમાંથી પ્રસવ્યું છે. 'સ્નેહમુદ્રા' એ ગોવર્ધનરામની સર્જનશક્તિનો ગુજરાતીમાં પ્રથમ આવિર્ભાવ છે. 'સ્નેહમુદ્રા'માં ગોવર્ધનરામે જે સ્નેહમીમાંસા રજૂ કરી છે તેમાં મુખ્યત્વે બે શબ્દોની લેખકે નોંધ લીધી છે. એક શબ્દ તે 'મદન' અને બીજો શબ્દ તે 'રતિ'. સ્થૂલ દેહોપભોગથી જે પ્રેમ આગળ જતો નથી તે

'મદન' છે પરંતુ જે પ્રેમ એથી આગળ વધી સૂક્ષ્મ માનસસ્નેહ થઈ જાય છે તે 'રતિ' છે. લેખકે અહીં ગોવર્ધનરામના માનસજીવનને અખિલાઈથી જોવાનો પ્રયત્ન કર્યો છે. રમણલાલ જોશીએ ગોવર્ધનરામના શબ્દોમાં આપેલા ઉપરોક્ત શબ્દો અર્થ સમજવા જેવા છે 'સ્નેહ અને મદન એ કેવળ ભિન્ન વિકાર છે, કારણ સ્નેહનો દેહ માનસિક છે. પરંતુ સ્ત્રીપુરુષના સ્નેહનો પ્રવાહ પોતાના મૂળ આગળ જ મદદના પ્રવાહને પોતાનામાં ભળેલો અનુભવે છે.'[૮] આ ઉપરાંત 'સ્નેહમુદ્રા' માં સ્નેહજીવનના મુખ્ય પદાર્થો આલેખતાં કવિને માટે સમાજદશા ઉપરાંત અનેક વિષયો પરનું ચિંતન પ્રસ્તુત બને છે. આમેય કથાગૂંથણીને તો લેખકની ચિંતનશીલતાનો પાસ લાગેલો હોય તેવું રમણલાલ જોશી કહે છે. લેખકની દૃષ્ટિએ અહીં હૃદયભૂતની સમક્ષ અનેક પ્રકૃતિતત્ત્વોને બોલતાં આલેખ્યાં છે એમાં ચિંતનને સારો એવો અવકાશ મળ્યો છે. હૃદયભૂતને પ્રકૃતિતત્વોએ કરેલાં ઉદ્‌બોધનોમાં ગોવર્ધનરામની વાણીનું બળ પ્રગટ થયું છે તેમ છતાં કેટલાક ઉદ્‌બોધનો અને એના ઉપરની કર્તાની ટિપ્પણી કૃતિને ચિંતનભારથી લચી પડતી કરી મૂકે છે. સિંહ, વનસમૃદ્ધિ અને પર્વતની ઉક્તિઓ નોખા અંશ તરીકે પણ પ્રેરક નીવડે એવી છે. લેખકને પોતાને પણ 'સ્નેહમુદ્રા' માંથી અવારનવાર બળ મળ્યું છે. એવું રમણલાલે નોંધ્યું છે. સમગ્રકૃતિ વિશે લેખકનો અભિપ્રાય તેનાજ શબ્દોમાં જોઈએ તો:

'આ કૃતિમાં વિચારનો અંશ આગળ પડતો છે. કાવ્યની દૃષ્ટિએ આખી કૃતિની સફળતા કેટલી? કાવ્યતત્ત્વ એ એક એવું રસાયણ છે જેમાં ઘણી વસ્તુઓ આવી શકે તેમ છતાં કાવ્યતત્ત્વના પાસમાત્રથી એનો પુટ લાગવા માત્રથી એ સૌ ઘટકતત્ત્વો નિજનિજની આગવી વ્યક્તિતાને અતિક્રમી તદ્‌રૂપતા પામતાં હોય છે. કાવ્યકૃતિના કોઈ અંશને જે અખંડ રચના છે. એનાથી ભિન્ન કરીને, ખાસ કરીને એ રચનાની તાત્ત્વિક ચર્ચા કરતી વેળા, જોવો એ કાવ્યના સમગ્ર દર્શનમાં ઉપકારક ન નીવડે. આ કૃતિમાં જે સ્ફટિકો છે તે કાવ્યતત્ત્વમાં

ઓગળી બધે એકરસ થતાં હોય એમ પ્રતીત થતું નથી. પ્રકૃતિસત્વોનાં ઉદ્‌બોધનોનો એક આખો વિભાગ કૃતિ સાથે પૂરો સમરસ થઈ જતો નથી. પાત્રોની લાગણીઓ- ખાસ કરીને નાયક-નાયિકાની જે રીતે પલટા લે છે તે કૃતિમાં એક જાતના ઊર્મિમાદ્યનો અનુભવ કરાવે છે. આ રચનામાં સમાજ, ગૃહ અને ધર્મ વિષેના ખાસ કરીને દામ્પત્ય વિષેના જે જે પ્રશ્નો લેખકને છેડવા છે તે પ્રશ્નોની લેખક માવજત કરે છે. તેમ છતાં તે તે પ્રશ્નો વિષે લેખક તે જે જે તારણો હાથ લાગ્યા કરે છે. આથી 'સ્નેહમુદ્રા' એક ઘાટીલી કાવ્યરચના તો થઈ શકી નથી જ, પણ પરિણામે કળામીમાંસક ક્રોંચે જેને 'અનસકસેસફૂલ એકસપ્રેશન' 'અસફળ સહજોપલબ્ધિ- અભિવ્યક્તિ'- કહે છે. કાંઈ એવી રચના બની આવી છે.[૯]

આમ 'સ્નેહમુદ્રા' ને લેખકે કળાકૃતિની દષ્ટિએ ભલે પૂરી પૂરી સફળ નીવડેલી દર્શાવી નથી. પરંતુ એ સ્પષ્ટ ચોકકસ થાય છે કે સહૃદય વાચકને પકડી રાખી શકે એવા રસસ્થાનો એમાં સારા પ્રમાણમાં છે.

## ૦ જીવનકથા-૨ (૧૮૮૪-૧૮૯૮)

રમણલાલ જોશીએ ગોવર્ધનરામ માટે વાપરેલો શબ્દ 'પ્રવૃત્તિમય સંન્યાસી' યથા યોગ્ય છે. ગોવર્ધનરામના જીવનના બે સંકલ્પ:

૧. 'એલ.એલ.બી.ની પરીક્ષા પાસ કરી, મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો, અને કદી કોઈની નોકરી કરવી નહી.'

૨. 'લગભગ ચાળીસમે વર્ષે ધંધામાંથી નિવૃત્ત થઈ, બાકીની જિંદગી સાહિત્યની સેવામાં અને સાહિત્ય દ્વારા જનસમાજની સેવામાં ગુજારવી.

આ બંને સંકલ્પોમાં રમણલાલ જોશીએ ગોવર્ધનરામની પ્રકૃતિને કારણભૂત ગણતાં કહ્યું છે કે તેઓ સ્વતંત્ર મિજાજના હતા. અને તેવા લોકોને સ્વાભાવિક રીતે જ નોકરી બહુ રુચે નહી. ભાવનગર નિવાસ દરમ્યાન તેમણે જીવનમાં ઘણા ઘણા કપરા અનુભવોમાંથી

પસાર થવું પડ્યું અને એજ વખતે તેમના માનસમાં 'સરસ્વતીચંદ્ર' આકારિત થતી હતી. એવું લેખકે અહીં નોંધ્યું છે. તેઓ ભાવનગરમાં પોતાના વકીલાતના વ્યવસાયમાં જે કમાયા તેનાથી ઘણું વધારે તેઓ મુંબઈ જઈને મેળવી શકયા, તેમનું વાંચન એટલું બધું હતું કે જ્ઞાનનો એક પણ પ્રદેશ તેમને ત્યાજય ન હતો; અને તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ તેમની રગમાં જ હતી. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર' નવલકથાના ત્રણ ભાગ લખ્યા એ દરમ્યાન તેમજ સામાજિક સ્થિતિ, માનસિક સ્થિતિ અને આર્થિક સ્થિતિને રમણલાલે ખૂબ સ્વાભાવિક અને સાહજિક રીતે વર્ણવી છે. ગોવર્ધનરામે લીધેલા સંકલ્પ પ્રમાણે જ્યારે તેઓ નિવૃત્તિ લેવાનું વિચારે છે ત્યારે કૌટુંબિક જીવનમાં અને આર્થિક જીવનમાં ઘણી ગડમથલ આવતી હોવાથી તે સ્વસ્થપણે વિચારી શકતા નથી કે તેણે શું કરવું? ગોવર્ધનરામની આ દ્વિધાયુક્ત પરિસ્થિતિને રમણલાલ જોશીએ ઉદાહરણ સાથે ખૂબ સૂક્ષ્મ રીતે વર્ણવી છે. ગોવર્ધનરામની પોતાની તમન્ના તેમના જ શબ્દોમાં 'મને ફકત નિવૃત્ત થવાની જરા આરામથી લંબાવવાની મુકતપણે દમ લેવાની, વાંચવાની અને લખવાની, પુનઃ સ્વાસ્થ્ય મેળવી લેવાની, ભૂતકાળ અને વર્તમાનથી સંતુષ્ટ રહેવાની, મારી દુન્વયી જાતના ભાવી વિષે વિચારવાનું બંધ કરવાની અને મારા કુટુંબનાં માણસો પ્રત્યે અને મારા આત્મા પ્રત્યેની મારી મહાન ફરજો અદા કરવાની ઈચ્છા છે.'[૧૦]

નિવૃત્તિ લેવામાં એમને ખૂબ મનોમંથન અને મુશ્કેલીઓ થાય છે. નિવૃત્તિના નિર્ણય ઉપર આવતાં ગોવર્ધનરામનું ભક્તહૃદય પ્રાર્થનાભાવમાં સ્થિત થાય છેઃ- '(નડિયાદ, સવારના ૧૦,૧૨મી સપ્ટે. ૧૮૯૮) હું હમણાં જ એ નિર્ણય ઉપર આવ્યો કે ઓકટોબરની રજાઓમાં મારે નિવૃત્તિ ગ્રહણ કરવી જ. દબાવેલાં આંસુ પ્રભાવમય શાંતા, અભિભૂત કરે એવી નમ્રતા અને સમાધાનવૃત્તિ સાથે હું એમ કહું છું. એને વિશે દુનિયા શું કહેશે? કોઈ એની પ્રશંસા કરશે, પણ સૌ હિતેચ્છુંઓ એને માટે અફસોસ કરશે અને એને પંડિતાઈભરી મૂર્ખતા અથવા ફિલસૂફીભર્યું ગાંડપણ કહેશે અને મારા નાનકડા ભંડોળનાં ભયંકર પરિણામો લાવીને નિર્દય

કુદરત પણ મને કદાચ સજા કરે અને છતાં તે (પ્રભુની) મહાન ઈચ્છા મારા હૃદયને આ મહાન અને ભયાનક કૂદકો મારવા પ્રેરે છે. મહાન પ્રભુ! મારી દઢતા તારામાંથી આવે છે અને મૂર્ખાઈનું જોખમ એ મારું છે. નાથ, આ ગરીબ જીવને... ક્ષમા કરજો.'[૧૧] ને આખરે મનોમન વશ વર્તીને કાચી વયે નિવૃત્તિનું ગંજાવર પગલું ભર્યું, ગોવર્ધનરામે ઠંડે કોઠે પૂરી ગણતરીઓ કરીને યથાશકય તૈયારીનો સમય પોતાને આપીને પિતાનું દેવું, કુટુંબ પ્રત્યેની ફરજ વગેરે અદા કરીને પોતાની ભાવના મુજબના 'વ્યવહારું સંન્યાસ' ને મૂર્ત કરતા હોય તેમ નિવૃત્તિના સંકલ્પને અમલમાં મૂકયો. તેમાંય તેમના કાકા મનઃસુખરામે અનુમતિ આપી દીધી એથી ગોવર્ધનરામનું હૃદય સહજ ઉલ્લાસ અનુભવવા લાગ્યું અજ્ઞાત ભાવિની ચિંતા કર્યા વગર અને વર્તમાનના સંતોષ સાથે ગોવર્ધનરામે પોતાના જીવનનું આ એક મહાન સ્વપ્ન સિદ્ધ કરવા બુધવાર તા.૧૯ ઓકટોબરના રોજ રમણલાલ જોશી લખે છે કે તેમણે હંમેશ માટે મુંબઈ છોડયું.

## ૦ 'સરસ્વતીચંદ્ર'

ગોવર્ધનરામના સાક્ષરજીવનની સિદ્ધિરૂપ ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ ૧૮૮૭માં પ્રકટ થયો. બીજો ભાગ ૧૮૯૨માં, ત્રીજો ભાગ ૧૮૯૮માં અને છેલ્લો ચોથા ભાગ ૧૯૦૧માં પ્રકટ થયો. રમણલાલ જોશીએ નોંધ્યું છે કે આમ, આ મહાનવલ પંદર વર્ષના ગાળામાં કટકે કટકે પ્રસિદ્ધ થઈ. ચોથા ભાગના અંતમાં કર્તાએ વાચકને ઉદ્દેશીને કહ્યું કે 'પ્રિય વાંચનાર! પંદર વર્ષે આપણા સમાગમ હવે સમાપ્ત થાય છે.'[૧૨] આ કૃતિ લેખકે ઓગણીસ વર્ષે પૂરી કરેલી. રમણલાલ જોશીએ આ નવલકથાનું મૂલ્યાંકન કરતાં એનું પાત્રવિધન, એનો સંદેશ, આપણાં ગૃહ, કુટુંબ, રાજ્ય, સમાજ, ધર્મ આદિ વિષે કર્તાની મીમાંસા, આ કૃતિનો આકાર, એની ભાષાશૈલી, આપરા સાહિત્યમાં એનું સ્થાન વગેરે દૃષ્ટિબિંદુઓથી એનું અનુશીલન કરવું આવશ્યક છે. 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગનું મૂલ્યાંકન કરતા લેખકે પહેલા

ભાગમાં બુદ્ધિધનતા કારભારનું ચિત્ર મૂકયું છે, બીજા ભાગમાં ગુણસુંદરીના કુટુંબજાળનું વર્ણન કર્યું છે, ત્રીજા ભાગમાં રત્નનગરીના રાજ્યતંત્રનો ચિતાર આપ્યો છે અને છેલ્લા ચોથા ભાગમાં સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય આલેખી પૂર્ણાહુતિ કરી છે. પ્રકરણ-૫માં રમણલાલ જોશીએ નવલકથા સાહિત્ય સ્વરૂપની મુદ્દાસર મૂલવણી કરી છે. કથાવસ્તુમાં વિશાળ નવલકથાની વિષય વસ્તુને આલેખવાના પ્રયત્નમાં તેઓ ઉત્તમ નવલકથા-વિવેચક તરીકેની વિદ્વતા અર્પી શકયા છે. લેખકને મતે પહેલા ભાગમાં બુદ્ધિધનનું કુટુંબમંડળ આલેખીને તો બીજા ભાગમાં ગુણસુંદરીનું કુટુંબજાળ તારેતાર આલેખીને એક સંકુલ અને આદર્શમય ચિત્ર આપવા લેખકે પ્રયાસ કર્યો છે. એ જ રીતે પહેલા ભાગમાં ધર્મનું કાંઈ રૂઢાચારવાળું સ્વરૂપ રાજેશ્વરના મંદિરમાં તો સુંદરગિરિના સાધુઓમાં એનું વધારે સમુત્ક્રાન્ત સ્વરૂપ જોવા મળે છે. કુટુંબ, રાજ્ય અને ધર્મ સમાજનો કેવો પરિપોષ કરે છે તેનું પહેલા ત્રણ ભાગોમાં યથાપ્રસંગે લેખકે દર્શન કરાવ્યા બાદ ચોથા ભાગમાં સંપૂર્ણ આકલનપૂર્વકનું ચિત્ર આપવાં પ્રયાસ કર્યો છે. પહેલા ભાગના કથાતંતુને લંબાવતાં જીવનસમગ્રતા વિવિધ પ્રશ્નો, એ પ્રશ્નોની સંકુલતા અને એ પ્રશ્નોના ઉકેલો બતાવવામાં લેખકે ગોવર્ધનરામનું આદર્શવાદી માનસ ભાગ ભજવતુ બતાવ્યું છે. જેને કારણે નવલકથાની સપ્રમાણતા પૂરેપૂરી જળવાઈ શકી નથી. પ્રો. ઠાકોરનું નિરીક્ષણ નોંધવા જેવા છે:

‘નવલકથા નવલકથાપણું આ ભાગથી જ ત્યજતી જાય છે. છબીઓ પાડતી પાડતી પીંછી અટકી જાય છે, આંખ સન્મુખ સૃષ્ટિ જોતી જોતી બીજું જ કંઈ જોઈ રહે છે, અને પીંછી એ દર્શન (વીઝન) ચીતરવાને મથે છે... આ બિંદુથી કર્તા નવલના ભૂલોકમાંથી પુરાણના ભૂવલોક તરફ વધારે તણાય છે અને બને છે. એમ કે સજીવન પાત્રોનાં સુખદુ:ખ, રાગદ્વેષ, ભોગત્યાગ આદિનાં ચિત્રોને ઠેકાણે યા તેમની સાથે સાથે, એમના ગ્રંથસંદર્ભમાં પ્લેટોના સંવાદોનું અથવા ફિલસૂફ, રાજપુરુષ, પક્ષવાદી, નિબંધલેખક, ટીકાકાર એવા એવાના

વાદપ્રતિવાદ અને વ્યાખ્યાનોનું, કે પત્રકારની કટારોના જેવી થીગડિયા, ઉપલકિયા વાક્યમાલાઓનું પણ સ્મરણ કરાવે, એવું એવું ઘણુંયે આવી જાય છે.'[૧૩]

તો બીજી તરફ રમણલાલ જોશીએ 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં રહેલી તેમની પાત્રસમૃદ્ધિ વિષયક વિશેષતા બતાવતાં કહ્યું છે. 'લેખકની વાસ્તવિક ચિત્રણની શક્તિ પૂરી ખીલેલી જેમાં જોવા મળે છે તે 'પત્રોનું પોટલું' ખોલીને તેમજ મલ્લમહાભવન અને સરસ્વતીચંદ્ર- કુમુદનાં સિદ્ધલોકના દર્શન આલેખીને, કુસુમની તપશ્ચર્યા અને સુંદરગિરિના સાધુઓની સાત્વિક જીવનપ્રભાનો પરિચય કરાવીને ગ્રંથના અંતભાગમાં મુખ્ય પાત્રોનું મિલન, સરસ્વતીચંદ્ર- કુસુમનું લગ્ન અને કલ્યાણગ્રામની યોજનાનો પ્રારંભ નિરૂપીને અને કુમુદને હાથે બુદ્ધિધન અને દેવીના બાળકનો ઉછેર સૂચવીને લેખકે બધી જ અતીત પ્રસંગોની રેખાઓ તેમજ ભાવિની ઉજજવળ આભાનું અંતે કુશળતાપૂર્વક સંકલન કર્યું છે.'[૧૪]

નવલકથાની પાત્રસૃષ્ટિ અંગે પણ રમણલાલ જોશીના માનસમાં જાત-ભાતના સવાલો ઊભા થાય છે, 'સરસ્વતીચંદ્ર'નું પાત્ર લેખક પોતાના પરથી તો નહિ નિપજાવ્યું હોય એ પ્રશ્ન પણ રજૂ થાય છે. સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગનો પ્રસંગ એ ગોવર્ધનરામના જીવનના ગૃહત્યાગ કરવાના પ્રયાસ ઉપરથી તો નહિ યોજાયો હોય એવો પ્રશ્ન પણ રજૂ થાય છે. લેખકે નોંધ્યું છે કે દયારામ ગિહમલ સાથેના પત્રવ્યવહારમાં ગોવર્ધનરામે કુમુદ-કુસુમને પોતાની માનસપુત્રીઓ તરીકે વર્ણવી હતી તો સરસ્વતીચંદ્ર ગોવર્ધનરામનો માનસપુત્ર તો નહિ? વગેરે પ્રશ્નો વિવેચકના મનમાં ઉપલબ્ધ થાય છે. 'સરસ્વતીચંદ્ર' માં જે મુખ્ય પાત્રો છે એની અસર વાચકહૃદય પર થાય જ છે. વિવેચકે કહ્યું છે કે આપણી રોજબરોજની જીવનસૃષ્ટિ કરતાં એ પાત્રો આપણને વધારે વાસ્તવિક જણાય છે. સરસ્વતીચંદ્ર કે કુમુદ, કુસુમ કે ગુણસુંદરી, ચંદ્રકાન્ત કે તરંગશંકર કોઈને આપણે ક્ષણવાર વીસરી શકીએ એમ નથી. આ પાત્રો વિષે લેખક રજેરજ જાણે છે. એથી જ તો એ પાત્રોને સજીવ કરી શકયા છે એ

વાતમાં ગજબ તથ્ય છે! તેમજ પાત્રો નિરૂપતી વખતે વાસ્તવદર્શન અને ભાવનામયતા એ બંને વસ્તુઓ પર ગોવર્ધનરામની એક સરખી પકડ છે. માનવની અંદર રહેલા હરિતને અને કુત્સિતને તે પીછાણે છે. જૂના નવા જમાનામાં વાસ્તવિક અને ભાવનારંગી પાત્રો ગોવર્ધનરામે ચિતર્યાં છે તે પહેલા ભાગની તેમની પ્રસ્તાવનામાં કરેલી એક મુખ્ય પ્રતિજ્ઞાને અનુરૂપ જ છે. રમણલાલ જોશીના શબ્દોમાં જોઈએ તો- 'સરસ્વતીચંદ્ર અને કુમુદનાં પાત્રોનું આલેખન એ રીતે થયું છે કે તેઓ ઉચ્ચ ગુણોથી સમ્પન્ન હોવા છતાં માનવસહજ નિર્બળતાઓ પણ કયારેક તેમનામાં ડોકિયાં કરતી નિરુપાઈ છે. આ રીતે જીવનસંઘર્ષમાં ટકી રહેવાના પ્રસંગો ઉભા થતા બતાવાયા છે. આ એ પાત્રોનાં નિરૂપણ અંગેની વિશેષતા છે.'[૧૫] પાત્રનિરૂપણની બાબતમાં રમણલાલ જોશીએ ગોવર્ધનરામની વિદ્વતાને ધન્યતા બક્ષી છે. ગોવર્ધનરામ જે રીતે પોતાના પાત્રોના માનસને અનેક વૃત્તિ ઝંઝાવાતોમાં અટવાતાં, સંઘર્ષ અનુભવતા અને અંતે એમાંથી બહાર નીકળતા ચિતરે છે એમાં એમની પાત્રનિરૂપણકળાની કસોટી જોવા મળે છે.

લેખકને 'સરસ્વતીચંદ્ર'ના અંત અંગે ત્રણ બાબતો અંગે વિચારે છે.

૧. કુમુદનું ફરીથી લગ્ન સરસ્વતીચંદ્ર સાથે કેમ થયું નહિ?

૨. કુસુમ સરસ્વતીચંદ્ર સાથે લગ્ન કરવા શા માટે તૈયાર થઈ ?

૩. કુસુમ સરસ્વતીચંદ્ર સાથે લગ્ન કરવા તૈયાર થાય તો પણ કુમુદ સાથે માનસસ્નેહ ધરાવનાર સરસ્વતીચંદ્ર કુસુમ સાથેના લગ્ન માટે શા માટે સંમત થાય છે?

આ અંગે રમણલાલ જોશીએ વિવિધ વિદ્વાનોના અભિપ્રાયો મેળવ્યા છે.

દયારામ ગિહુમલ સાથેના પત્રવ્યવહારમાં વિવેચકનો અભિપ્રાય: 'પ્રકરણ ૫ માં મોટી બહેન નાની બહેનના હૃદયના તારને સ્પર્શ કરે છે, તેને આંદોલન કરાવે છે, હલાવે છે, પણ જે આંદોલનની કદર એ બન્ને બહેનોના અંત:કરણમાંથી જે શબ્દ નીકળે છે તે ધ્યાનમાં ન રાખીએ તો બૂઝી શકાય તેમ નથી, બહેન તરીકે એકબીજાના પ્રશ્ન તથા લાગણી પરસ્પર

હૃદયના ગૂંચળાં પેઠે વીંટળાઈ જાય છે, અને બેમાં વધારે ડાહી, અનુભવી અને દુ:ખી બહેન પાસે પોતાનો નિર્ણય કબૂલ કરાવે છે, અને તે નિર્ણયનો પાયો શુદ્ધ પ્રેમ, ડહાપણ અને સંસારના ખરેખરા ઉચ્ચ ભાવ પર રચાયેલો છે. એમ પણ તેની પાસે સ્વીકારાવે છે. કુસુમ પોતાની બહેનને ચાહનારને ચાહતી હતી ખરી યા ચાહી શકે ખરી? આ વાતનો નિશ્ચય શુદ્ધ પ્રેમના જ્ઞાતા એટલે સાધુઓએ જ કરવો એવું ઠરાવ્યું છે.'[૧૬]

આ પત્રવ્યવહાર અંગે આનંદશંકરે લખેલું કે 'અમે તો માનીએ છીએ કે એ પત્રવ્યવહારમાં રા. ગોવર્ધનરામે પોતાના બચાવમાં ગમે તે દલીલ કરી હોય તે સાથે પણ આપણે સંબંધ નથી, કારણ કે કવિ પોતાની કૃતિ જગત આગળ મૂકે પછી એના ઉપર કવિનો હક રહેતો નથી, જગત એ કૃતિને નિહાળવાને અને એને (?) એનો અર્થ કરવાને સ્વતંત્ર છે અત્યારે એ પત્રવ્યવહાર અમારી પાસે નથી, પણ સ્મરણ આવે છે કે અમે જ્યારે એ વાંચેલો ત્યારે અમને થયેલું કે સાદા રસના પ્રશ્ન ઉપર અહીં મગજ અને શાહી કાગળનું વધારે પડતું ખર્ચ થયું છે.'[૧૭]

રમણભાઈ નીલકંઠનો અભિપ્રાય:

'કુમુદસુંદરીનું લગ્ન સરસ્વતીચંદ્ર સાથે થઈ શકયું નહિ એ વાંચનારને વસમું અને ગૂંચવણભરેલું લાગે છે. સરસ્વતીચંદ્ર માટે નહિ પણ કુમુદસુંદરી માટે સમભાવ થવાથી આવી વૃત્તિ થાય છે.'[૧૮]

આનંદશંકર ધ્રુવ કહે છે:

'સરસ્વતીચંદ્ર છેવટે કુસુમને પરાણી જાય છે એથી ઘણાં રસિક હૃદયોને ધક્કો લાગ્યો છે અને અમે પણ એ સંબંધમાં રા.ગોવર્ધનરામની કૃતિને નિર્દોષ માનીએ એમ નથી.'[૧૯]

આમ સરસ્વતીચંદ્ર અને કુસુમના લગ્નની ઘટના નવલકથા માટે યોગ્ય કે અયોગ્ય, એ બાબતે ઘણાં બધા તત્ત્વચિંતકોએ- સાહિત્યસર્જકોએ પોતાનો અભિપ્રાય આપેલો છે જેને

ઉદાહરણ સહિત લેખક અહીં મૂકયા છે. કોઈપણ સર્જક કૃતિનો સંદેશ એ કૃતિ પોતે જ છે. એ કૃતિમાં વ્યક્ત થયેલ જીવનદર્શન એ કોઈ આગવા ભાગરૂપે જોવાનું નથી, પરંતુ લેખકના મત મુજબ કૃતિમાંના બધાં દ્રવ્યો સમરસ થઈ કલાકૃતિ રૂપે ફોરે છે એજ છેલ્લે છેલ્લે મહત્ત્વનું છે. અહીં પ્રગટ થયેલું ‘સરસ્વતીચંદ્ર’ નું જીવનદર્શન વ્યાપક લોકાપેક્ષણ ખાસ તરી આવે છે. સંક્રાંતિકાળમાં આપણાં ગૃહ, રાજ્ય, ધર્મના સમગ્ર પ્રવાહોનું આકલન કરતી એક સમધારણ જીવનદષ્ટિનો આનંદદાયક પરિચય થાય છે. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે; ‘સરસ્વતીચંદ્ર’ ની રચનામાં ભૌમિતિક તરેહ કે સપ્રમાણતા નથી, અને મુખ્ય પાત્રોની કથા સુખાન્ત કે દુ:ખાન્ત છે એમ પણ ચોકકસ કહી શકાતું નથી, એ પણ મને ગોવર્ધનરામના જીવનદર્શનની ખાસ ખૂબીલાગે છે. જ્યાં પ્રસન્ન થઈએ છીએ ત્યાં પ્રસન્નતા પણ નિર્ભેળ નથી; જીવનમાં હોય છે તેમ કયાંક કશો ખટકો રહી જાય છે. કુસુમ, કુમુદ અને સરસ્વતીચંદ્રનું નવું જીવન મંગલ છે, પાવન છે, હું એને મંગલ ને પાવન ગણું છું, પણ એ સંપૂર્ણ સુખી નથી, એ એક સમાધાન છે, એક તપ છે.’[૨૦]

લેખકના મતે ગોવર્ધનરામને જીવનનું એવું વૈવિધ્યભર્યું અને સર્વગ્રાહી દર્શન છે કે માનવજીવન જેવી જ વ્યથામય ગૂઢતા અને અંતે માંગલ્યમાં અવશ્યભાવિ પરિણમન અંગેની શ્રદ્ધા જોવા મળે છે. કલાકાર તરીકે ગોવર્ધનરામની દષ્ટિમાં તેમને વેધક, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિગતને ન ચૂકનારી, વ્યાપક અને અખંડ ગ્રાહિણીના દર્શન થાય છે. ગોવર્ધનરામની જીવનદષ્ટિનો ખ્યાલ આનંદશંકર ધ્રુવના શબ્દો કરતાં વધારે માર્મિક રીતે ભાગ્યે જ આપી શકાય:- ‘સરસ્વતીચંદ્ર’ એ અર્વાચીન સમયના હિન્દુસ્તાનના સાંસારિક, રાજકીય, ધાર્મિક વગેરે મહાપ્રશ્નોની ચર્ચાનો ‘આકારગ્રંથ’ છે. હાલની તરેહની પ્રસ્તાવનાને બદલે પ્રાચીન રીતિની એની પ્રસ્તાવના લખાઈ હોત તો તે કદાચ આ પ્રમાણે લખાત:- ‘કલિકાલમાં જ્યારે ભરતખંડના મનુષ્યોની બુદ્ધિનો હ્રાસ થયો અને મહાભારતનું રહસ્ય સમજી શકાયું નહીં ત્યારે

વ્યાસજીએ પોતે દયા લાવીને મનુષ્યોને દેશકલાનુંસાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચતુર્વિધ પુરુષાર્થ સમજાવવા માટે પ્રાકૃત ભાષામાં આ 'સરસ્વતીચંદ્ર' પુરાણ રચ્યું.'[૨૧]

રમણલાલ જોશીના મતે ગોવર્ધનરામ ઉપર પાશ્ચાત્ય વિશ્વાપરંપરાની ગાઢ અસર જોવા મળે છે. પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય જીવનપદ્ધતિના સંદેશોને સારગ્રાહી સમન્વય દૃષ્ટિએ સારવી લઈ પોતાના વિશિષ્ટ જીવનદર્શનમાં સમરસ કરવા એ ગોવર્ધનરામનો એક ચિંતક તરીકેનો પુરુષાર્થ સુભગ પરિણામ રૂપે વિલસતો 'સરસ્વતીચંદ્ર'માં જોવા મળે છે. આ રીતે લેખકે પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય જીવનરીતિઓના ઉત્તમ અંશો જેમાં યુગવત્ રહ્યા છે. એવું ગોવર્ધનરામનું તટસ્થ, વ્યાપક, સમુદાર અને સમધારણ જીવનદર્શન 'સરસ્વતીચંદ્ર' એ કલાકૃતિમાં પમર્યા કરતું બતાવ્યું છે. લેખકે અહીં કવચિત્ આ પ્રકારની જીવનસમીક્ષા રજૂ કરી દેવાના કંઈક આગળ પડતા ખ્યાલને લીધે કૃતિમાં કંઈક ક્ષતિઓ દાખલ થતી બતાવી છે.

ગોવર્ધનરામની ગદ્યશૈલીની ચર્ચા કરતાં લેખકે તેમની વર્ણનશક્તિ ચિત્ર ઉપજાવવાની શક્તિ, સંવાદો યોજવાની શક્તિ આદિની ચર્ચા સહેજે પ્રસ્તુત થાય. વિવિધ ભાષાભંગિઓ પણ વિચારવાની રહે જેમાં લેખકે યોજેલા રૂઢ શબ્દપ્રયોગો કે યથા જરૂરિયાત ઉપજાવેલા નવા શબ્દો, કહેવતો વગેરેનો પરિચય આવશ્યક બને છે. ગોવર્ધનરામ કથા કહેવાની નિસર્ગદત્ત શક્તિના અનેક રૂપે આ નવલકથામાં લેખકને દર્શન થયા છે. રમણલાલ જોશીએ નોંધ્યું છે કે ગોવર્ધનરામ કેવળ સૃષ્ટિવર્ણન કે પ્રસંગવર્ણન ઉત્તમ રીતે કરી શકતા હોવા છતાં એટલી જ બાબતમાં રચતા નથી, પણ વિવિધ પાત્રોમાં આંતરિક મંથનો નિરૂપવામાં તેમને મુખ્યરસ છે. આ ઉપરાંત પ્રથમ પ્રકરણમાં સરસ્વતીચંદ્ર- કુમુદનાં હૃદયમંથનનું જે સુરેખ આલેખન ગોવર્ધનરામે કર્યું છે તે અલબત્ત તેમની સર્જનશક્તિનો ઉત્તમોત્તમ પરિચય કરાવવા ઉપરાંત આ પ્રકારના સૂક્ષ્મ માનસિક સંઘર્ષને નિરૂપતા જગતસાહિત્યનાં વર્ણનોમાં નિ:સંકોચ સ્થાન પ્રાપ્ત કરવાને અધિકારી છે એવું લેખક કહે છે. તેમણે ગોવર્ધનરામને 'પંડિયુગનું ફરજંદ'

કહ્યા છે. તેમના જ શબ્દોમાં ગોવર્ધનરામ લેખનશૈલી વિશે જોઈએ તો: 'ગોવર્ધનરામની લેખનશૈલી એકંદરે આલંકારિક છે. ગોવર્ધનરામ અલંકારયુક્ત જ બોલી શકે છે; એ સિવાય વાત કરવી એમને ફાવતી નથી. ગોવર્ધનરામની આ અલંકારપ્રચુર ગદ્યશૈલી ક્યારેક ખૂબ અસરકારક તો ક્યારેક નર્યા પાંડિત્યપ્રદર્શનરૂપ પણ બની જતી લાગે છે. આ મહાનવલમાં આવતાં ઢગલાબંધ અવતરણોથી પણ તેમની બહુશ્રુતતાને અવકાશ મળે છે. ગોવર્ધનરામે જે અવતરણો આપ્યાં છે તે ઘણી વાર તો તદ્દન બંધબેસતા અને વકતવ્યને શોભારૂપ ગણી શકાય એવાં છે. કિટસ, કાઉપર, ગોલ્ડસ્મિથ, વર્ડ્ઝવર્થ, પોપમાંથી તો કવચિત્ કાલિદાસ, ભવભૂતિ, ભારવિમાંથી તો કોઈવાર નરસિંહ મહેતા, નિષ્કુળાનંદ, દેવાનંદ કે પ્રેમાનંદમાંથી પણ તે અવતરણો આપે છે. કોઈવાર સુરદાસના કોઈ પદનો કે ભર્તૃહરિના કોઈ શ્લોકનો પણ ઉલ્લેખ કરે છે. નર્મદમાંથી તો અવતરણ આપે જ પણ પોતાથી નાનેરા નવોદિત કવિ નરસિંહરાવમાંથી પણ તે અવતરણ આવે છે. વિક્રમોવંશીય, રઘુવંશ, ચણ્ડકૌશિક, મેઘદૂત, ઉત્તરરામચરિત, ગીતગોવિંદ, શાકુન્તલ, ભામિનીવિલાસ વગેરેમાંથી પણ અવતરણો આપ્યા કરે છે.'[૨૨]

ગોવર્ધનરામે વાપરેલી કહેવતો, રૂઢિપ્રયોગો અને અંગ્રેજી શબ્દોનો ઉપયોગ વગેરેની લાંબી યાદીઓ પણ રમણલાલ જોશીએ અહીં આપી છે.

લેખકના મતે આ પ્રકારની નવલકથાઓ સંક્રાન્તિકાળમાં સ્ફુરતા સમકાલીન સમાજના એક ભાગનું દર્શન કરાવે છે. સર્વકાળમાં હોય એવું માનવીય સત્ય આ પ્રકારની નવલકથાઓ બતાવતી નહી હોવાથી મહાનવલોથી એ ફકત ગુણવત્તામાં જ જુદી પડતી નથી પરંતુ પ્રકારમાં પણ જુદી પડે છે. અમુક ચોકકસ સમયગાળામાં સંક્રાન્તિકાળના સમાજનાં એકદર્શન કરાવે છે. એટલું જ, અને એ કારણે એનાં પાત્રો પણ તત્કાલીન સમાજનાં પ્રતિનિધિ રૂપ જ હોય છે. સાર્વભૌમ સત્યોનું પ્રકટીકરણ એ નહિ કરતી હોવાને કારણે એ કૃતિઓની અસર

પણ અમુક સમય સુધી જ ટકે છે.

'સરસ્વતીચંદ્ર' ને ગૌરવગ્રંથ દર્શાવતા રમણલાલ જોશીએ તેનું અવલોકન કરતા કેટલીક જુદી તરી આવતી બાબતો નોંધી છે તેમાં સમાવેશ થાય છે. કૃતિનું વર્ણન, આજન્મ વાર્તાકારની પ્રતીતિ કરાવતી રસાળ કથનશૈલી, કલ્પનાવૈભવ, પાત્રોના આંતરસંઘર્ષનું કલામય નિરૂપણ, ભવ્ય ગૌરાન્વિત શૈલીવાળું સૌષ્ઠવયુક્ત ગદ્ય, ભાષાની તાજગી અને નાવીન્ય એ ઉપરાંત અસાધારણ સમર્થ પ્રણયમીમાંસા ગૃહ, રાજ્ય, ધર્મ, આદિની વિચારણામાં પ્રગટ થતું સભર અને વ્યાપક જીવનદર્શન, દેશોધ્ધારની ભાવનાથી સ્થાને અને અસ્થાને, વાર્તાના કળાદેહને કવચિત ઉપેક્ષીને પણ કરેલા અનેક સૂચનોમાં છતું થતું લેખકનું દેશહિતચિંતકનું દ્દષ્ટિબિંદુ, પાત્રોનો માનવવિશ્લેષણમાં પ્રતીત થતું લોકાવેક્ષણ- આ બધાને કારણે કૃતિ એક ગૌરવગ્રંથ બની છે.

## ૦ જીવનકથા-૩ (૧૮૯૯-૧૯૦૭)

અહીં આ પ્રકરણમાં ગોવર્ધનરામનાં નિવૃત્તિકાળને આલેખવાનો રમણલાલ જોશીનો પ્રયાસ છે. લેખકે ગોવર્ધનરામના જીવનના દરેક પ્રસંગો, હિસાબ-કિતાબ, સંબંધો અને સ્વભાવ બાબતે ઘાણું જીણવટપૂર્વક મૂલ્યાંકન કર્યું છે. ક્ષયરોગથી પીડાતી તેમની દીકરી લીલાવતી પ્રત્યેની ગોવર્ધનરામની એક પિતા તરીકેની ફરજ તેમણે તન-મન-ધનથી નિભાવી છે, અને આખરે લીલાવતીના મૃત્યુની કરુણ ઘટના ગોવર્ધનરામને ખૂબ આઘાત પહોંચાડનારી છે. દીકરીના મૃત્યુ બાદ જ્યારે તેમણે 'લીલાવતી જીવનકલા' પુસ્તક લખ્યું ત્યારે તે લખતી વખતે તેઓ તેમના ગુણો સંભારી સંભારીને ખૂબ રડતા, ઈ.સ.૧૯૦૪માં ગોવર્ધનરામે સામયિકોમાં છૂટક લેખો અને કાવ્યો એ અંગે લખ્યાં.

એમ.એ.ની પરીક્ષાના કામ અંગે ગોવર્ધનરામ જ્યારે મુંબઈ ગયા હતા અને ત્યાં પરીક્ષા કામ ઉપરાંત 'હિન્દુ યુનિયન કલબ'માં 'રાજકીય વિષયોમાં સાત્વિક વૃત્તિ' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. એ ભાષણ પૂર્વેનાં કેટલાંક સંસ્મરણોની લેખકે અહીં નોંધ લીધી છે. ભાષણ આપવાને આગલા દિવસે ભાષણના વિષય પર ચર્ચા ચલાવી હતી અને પોતાના ભાષણમાં વિસ્તારથી સિદ્ધ કર્યું તેમ અમને પણ કહ્યું હતું કે વ્યક્તિ અને સમષ્ટિ સર્વેની ઉન્નતિ માત્ર સાત્વિક વૃત્તિથી જ છે અને તે સાત્વિક વૃત્તિ માત્ર શિક્ષણ અને સંસ્કારથી બંધાય છે એ શિક્ષણ અને સંસ્કાર સંબંધે ચર્ચા ચલાવતાં એમણે અંગ્રેજોના મુત્સદ્દીપણા વિષે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો હતો.

ગોવર્ધનરામની શારીરિક સ્થિતિ દિવસે દિવસે કથળતી ગઈ. શરીરને ખૂબ કષ્ટ પડવા લાગ્યું. વિવેચક-સંશોધકે નોંધ્યું છે કે એમની ઈચ્છા અનુસાર તથા હિંદુઓની એક શુભ રૂઢિ અનુસાર એમની શય્યા પાસે આ સમયે વેદાન્તસ્તોત્ર, દક્ષિણામૂર્તિસ્તોત્ર, શ્રીમદ ભગવદ્‌ગીતા વગેરેના પવિત્ર શ્લોકોના પાઠ ચાલી રહ્યા હતા. આવી સ્થિતિમાં ત્રણ દિવસ નીકળી ગયા કાન્તિલાલ પંડ્યાના શબ્દો નોંધતા રમણલાલ જોશીએ નોંધ્યું છે. 'તા.૪થી ને શુક્રવારનું પ્રભાત થયું. જેમાનું બધુંયે તેલ બળીને ગયું છે એવો દીવો હોલવાઈ જતાં પહેલાં, જેમ ધીમે ધીમે નાનો નાનો થઈ છેવટે ફરીથી એકવાર મોટો થઈ, જાણે એક પૂર્ણ પ્રકાશ નાખી, પછી પાછો પૂરેપૂરો હોલવાઈ જાય છે, તેમ ગોવર્ધનરામના જીવનરૂપી દીપનું થયું. 'આટલું લખાયું છે, ખરી અણીનો સમય ગયો છે, તો હવે કદાચ મટશે.' એમ સ્નેહી હૃદયમાં, પ્રાત:કાળના સૂર્યની સાથે આશા પ્રકટી, પણ આ મોંઘી આશા વ્યર્થ હતી. જેમ દિવસ ચડતો ગયો તેમ ચેતન ક્ષીણ થવા લાગ્યું. નાડી ધીમી થવા લાગી. બપોરના અઢી વાગ્યા, અને ગોવર્ધનરામનો પુણ્યઆત્મા, અનેક કલ્યાણકાર્યોમાં સાધનરૂપ, પણ હવે અનેક વ્યાધિથી પીડિત, એવા દેહને ત્યજી ચાલતો થયો!'[૨૩]

ગોવર્ધનરામનું અવસાન થતા દેશપરદેશના છાપાએ તેમને ભાવભરી અંજલિઓ આપી, 'ધી ઈન્ડિયન સ્પેકટેટરે લખ્યું કે ગોવર્ધનરામ જવલ્લે જ જોવા મળે એવી ઊંચી કક્ષાના ફિલસૂફ અને સાહિત્ય સર્જક હતા અને પોતાના ઈલાકાની બહાર તે ભાગ્યે જ જાણીતા હોવા છતાં જાહેરજનતાને અવારનવાર જેનો લાભ મળતો હતો તે એમના સ્વસ્થ અને ગંભીર ચિંતનો દ્વારા ગોવર્ધનરામની જનતા પર વ્યાપક અસર પડતી.'[૨૪] 'ગુજરાતી' એ ૧૩ જાન્યુઆરી ૧૯૦૭ની અંગ્રેજી નોંધમાં કહ્યું કે 'એક વ્યક્તિ તરીકે ગોવર્ધનરામના ચારિત્ર્યની ભારોભાર સાદાઈ, તેમના ઉદાત્ત હૃદયની સાચી ઉષ્મા, તેમના મનનું ખુલ્લાપણું અને તેમની સહૃદયતા, તેમની નમ્રતા, તેમના જીવનની નિષ્કલંક પવિત્રતા આદિને લઈને જે કોઈ તેમના નિકટના સંપર્કમાં આવતું તેને તેમના પર પ્રેમ થતો. શિક્ષિત વર્ગે એમના જવાથી યુનિવર્સિટી શિક્ષણની એક ઉત્તમ પેદાશ રૂપ વ્યક્તિ ગુમાવી છે અને ગુજરાતી સાહિત્યે એનું એક સૌથી વિશેષ તેજોમય આભરણ ગુમાવ્યું છે.'[૨૫]

'મોડર્ન રિવ્યું' એ લખ્યું કે ગોવર્ધનરામના મૃત્યુથી હિન્દુસ્તાને એના સૌથી મહાન સાહિત્યકારોમાંના એક અને એથીય વિશેષ અર્વાચીન સમયના સૌથી ગંભીર વિચારક ગુમાવ્યો છે.'[૨૬]

આનંદશંકર ધ્રુવે 'વસંત'માં ગોવર્ધનરામના સ્વર્ગવાસ વિશે લખતાં કહ્યું, 'ગુર્જરસાક્ષરશિરોમણિ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના વિદેહ થયાની વાત સાંભળી સમસ્ત ગુજરાત શોક પામ્યું છે. એ અનુપમ ગુણનિધાન તરફ સહુ કોઈ-પ્રાચીના અને નવીનો, સ્ત્રીઓ અને પુરુષો, યુવાનો અને વૃદ્ધો, સામાન્ય વાચકજન અને વિદ્વાન લેખકમંડળ પ્રેમ અને પૂજ્યભાવની દૃષ્ટિથી જોતું, અને એમના પવિત્ર આત્માની શીળી છાયા નીચે ગૂર્જરગિરા અનેક રીતે, ભાષા અને વિચાર ઉભય અંગમાં, પોષાતી... ગોવર્ધનભાઈએ આખું જીવન જીવનનો બહુ ગંભીર અર્થ કરીને ગાળ્યું હતું. છતાં જીવનની આનંદી મીઠાશ એમના હૃદયને

અને કલ્પના શક્તિને અજ્ઞાત ન હતી. 'સરસ્વતીચંદ્ર'માં જીવનનું માધુર્ય જેવું સમજવામાં આવ્યું છે તેવું હિંદુસ્તાન તો શું બલ્કે આખા જગતના થોડા જ ગ્રંથોમાં સમજાયેલું જાણાશે- એમ કહીએ તો અતિશિયોક્તિ નથી પણ જીવનની ગંભીરતાના વિચારે રા. ગોવર્ધનભાઈના હૃદય ઉપર એવી ઊંડી અસર કરી હતી, કે દિનપ્રતિદિન ઊર્ધ્વપ્રયાણ કરતા એમના આત્માએ દેહરૂપી મૃપિંડને અવગણવા માંડ્યો. અને એને પરિણામે એ મહાન પુરુષનો ભૌતિક દેહ એમના બાલ્ય, બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમની પ્રિયભૂમિ અને એમના ભાવનાગુરુ તેલંગ અને રાનડેની અવસાન શય્યા અને સંસ્મરણોથી પવિત્ર અને આકર્ષક થયેલી એવી મુંબઈ નગરીમાં, સમુદ્ર કાંઠે અગ્નિનારાયણને શરણે થયો અને વિભૂતિરૂપ બની અનંત-મહોદધિમાં ભળી ગયો!'[૨૭]

ગોવર્ધનરામના અવસાન બાદ કેટલાંક સામયિકોએ તેમની સ્મૃતિમાં વિશેષાંકો પણ પ્રગટ કર્યાં હતા.

## ૦ 'સાક્ષરજીવન' આદિ સુદીર્ઘ રચનાઓ

### ૧. સાક્ષરજીવન

રમણલાલ જોશીએ સાક્ષરજીવનના સર્વસામાન્ય સ્વરૂપ અંગે ગોવર્ધનરામની વિચારણા નોંધતાં કહ્યું છે કે 'સાક્ષરજીવનનું પ્રથમ લક્ષણ સર્વત્ર એ જોવામાં આવેલું છે કે દ્રવ્યની ચિંતા જગતને કરવી પડે છે તે સાક્ષર જીવન ગાળનારને કરવી ન પડે.' [૨૮] સાક્ષરજીવન જીવવા ઈચ્છનારે જાતે સાધનો ઊભા કરવાનાં છે. આ જમાનામાં પણ સાક્ષર જીવન જીવી શકાય છે. લેખક સાક્ષરજીવનના ઊત્તમ અધિકારીઓના બે વિભાગ પાડે છે. એક વર્ગ એવા સાક્ષરોનો છે જે રાજકીય, સાંસારિક અને અન્ય વ્યવહારકાર્યોમાં ગૂંથાયેલો હોવા છતાં 'સરસ્વતીદેવીની પ્રતિષ્ઠા' કરે છે, જ્યારે બીજો વર્ગ એવો છે જે 'તે દેવીના ચરણ પારક નિવૃત્તિ પામી સ્વસ્થ રહી એવી વીણા અને એનું ગાન' હૃદયમાં ઉતારે છે. આ વર્ગ અન્નપૂર્ણાના પ્રસાદથી તૃપ્ત રહી અન્ય પ્રવૃત્તિઓથી નિવૃત્ત થાય છે. પહેલા પ્રકારના સાક્ષરને

લેખક સરસ્વતીના વાહન મયૂરની ઉપમા આપે છે અને બીજા પ્રકારના આ વીરને 'વીણા ધારિણી દેવીના ગાનનું સાતિત્ત્વ' કરનાર કહે છે. આ બન્ને વર્ગના આક્ષરો 'અન્યોન્યાશ્રય આપી અને અન્યોન્યાશ્રય પામી, સંગત રહી, વિધાતાની પ્રિય પુત્રીની શ્રેયકરિણી યોજનાઓનો નિર્વાહ' કરી શકે એમ લેખક કહે છે. આવું સાક્ષરજીવન એ કોઈ સહેલું તો ન જ હોય. સાક્ષરજીવનને માથે પણ ભય છે. 'જ્યાં મનુષ્યની વસ્તી ન હોય તેવે સ્થાને તપ કરનારા તપસ્વીને અપ્સરાઓથી જે ભય છે તેવું જ આ ભય છે. તેમાં કવિઓને માથે તે સવિશેષ છે. જ્ઞાનીજનો પણ તે ભયથી મુક્ત નથી તે ગોથેના 'Faust'માં સૂચવ્યું છે.' 'સાક્ષરજીવન' ની ભાષા વિષે લખતાં પ્રો. બળવંતરાય ઠાકોરે યોગ્ય રીતે જ આ પુસ્તક પરના 'પ્રવેશક'ની શરુંઆતમાં કહ્યું હતું કે મગનલાલ હરગોવિંદદાસ કાંટાવાળા આદિ 'સરલ ગુજરાતીની હિમાયત કરે છે ત્યારે ઘાણું ખરું 'કાન ફાડુ' જડબાતોડ શબ્દો સામે અને સંસ્કૃતમય શૈલી સામે ફરિયાદ કરે છે.'[૨૯] એ બાબતે રમણલાલ જોશીનું કહેવું છે કે કોઈ ગ્રંથની ભાષા અઘરી છે એમ ગણવા પાછળ તે ગ્રંથ અંગેની વાચકની પાત્રતા પણ કેટલે અંશે કારણભૂત છે એ પણ વિચારવા જેવું છે; મતલબ કે આવા વિષયોમાં સુગમતા અને રસનો ઘાણો આધાર વાંચનારની પોતાની પાત્રતા ઉપર છે. આવા વિષયોના લેખકોમાં કોઈ મુકાબલે સરલ અને કોઈ અઘરો ગણવાને કારણે આપે છે એ ખાણું, પરંતુ જે વાચનારે પ્રયાસ કરેલ એ વિષયમાં ચંચુપાત કરવાની જ શક્તિ મેળવી નથી હોતી, તેને તો એ ઉપરના સરલ અઘરા સર્વગ્રંથો 'તૂમડીમાં કાંકરા' જેવા છે એવું વિવેચક કહે છે.

આ સિવાય ગોવર્ધનરામના ચરિત્રવિષયક લખાણોમાં પ્રસ્તાવના રૂપ લેખ 'સ્વ સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃતાંત' અને પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલ 'લીલાવતી જીવનકલા' અને 'કવિ દયારામનો અક્ષરદેહ' આગળ પડતાં છે. આ ઉપરાંત પોતાની સંક્ષિપ્ત વંશકથા 'માધવરામસ્મરિકા'નો અને પોતાના મનોમંથનોની પાછળથી પ્રગટ થયેલ અંગ્રેજી

નિત્યનોંધ 'સ્ક્રેપબુકસ'નો પણ આ સાથે જ વિચાર કરવાનું લેખકને યોગ્ય લાગ્યું છે. આ સિવાય 'સતીચૂની' જનશ્રુતિ બની ચૂકેલ ભરૂચની એક સન્નારીની જીવનકથા ગોવર્ધનરામે અંગ્રેજીમાં લખેલી પણ રમણલાલ જોશીને એનું સ્વરૂપ વૈજ્ઞાનિક હકીકતનું હોય એમ લાગતું નથી એટલે એનો પરિચય એમણે અહીં વિશેષ આપ્યો નથી. 'માધવરામસ્મારિકા' માંના નખચિત્રો અને નવલકથાના અંતકાળના ચિત્રમાં નવલકથાકાર ગોવર્ધનરામની વર્ણનશક્તિની છટા પૂરબહારમાં જોઈ શકાય છે, તેમ છતાં લેખકને એમના ચરિત્રવિષયક લખાણોમાં કથાપ્રવાહ ઉપર ધ્યાનકેન્દ્રિત કરવાના વલણ કરતાં ચરિત્રવિષયક વ્યક્તિના આંતર સ્વરૂપને નિરૂપવાનું વલણ દેખાય છે. ખાસ કરીને 'લીલાવતી જીવનકલા' અને 'કવિ દયારામનો અક્ષરદેહ'માં 'કવિ દયારામનો અક્ષરદેહ'માં ગોવર્ધનરામ દયારામનું ક્ષરજીવન આપવા પ્રવૃત્ત થયા નથી પણ દયારામના 'અક્ષરદેહ' ઉપર જ વિશેષે તેમણે નજર ઠેરવી હોય તેવું લાગે છે. 'લીલાવતી જીવનકલા'માં રમણલાલ જોશીને લીલાવતીની જીવનકથાને બદલે લીલાવતીના ઉચ્ચ સદ્‌ગુણો અને તેની સૂક્ષ્મ આત્મશ્રી વર્ણવવાનો જ ગોવર્ધનરામનો ઉપક્રમ છે એવું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ ગોવર્ધનરામે પોતાના ચરિત્રનાયક કે ચરિત્રનાયિકાના સૂક્ષ્મદેહને જ વિશેષ નજરમાં રાખતા હોઈ સૂક્ષ્મદેહનું આલેખન કરતાં જણાય છે. લેખકે નોંધ્યું છે કે 'સ્ક્રેપ બુકસ' એ પોતાના જીવનની સ્થૂળ હકીકતો કરતાં ગહનતમ અનુભૂતિઓ અને મંથનોને જ વિષય કરે તો એમાં કશું અસ્વાભાવિક નથી કર્તાએ કદી પ્રસિદ્ધિ પામે એમ પણ ઈચ્છયું ન હતું; એ પોતાના સૂક્ષ્મજીવન અંગેની પોતાની સાથેની વાતચીત છે. નવલરામ અંગેનો લેખ પ્રસ્તાવના રૂપે નિર્માયો ન હોત તો રીતસરના જીવનચરિત્ર જેવો કદાચ થાત.

'દયારામનો અક્ષરદેહ'માં લેખક જણાવે છે કે ગોવર્ધનરામ આ પુસ્તકમાં દયારામના અક્ષરદેહની ચર્ચા કરે છે. સ્થૂળ દેહની વિગતો વિશે કાંઈ લખવું એ એમનો ઉપક્રમ જ ન હતો. પણ તેમણે એ ઉપક્રમ ન રાખ્યો એટલે દયારામને તે સમજયા જ નથી અથવા તો

દયારામના સ્થૂળ જીવન વિષે તેમને વિરુદ્ધમાં જ કહેવાનું હતું એ જાતનું વલણ લેખકને બરોબર લાગતું નથી. દયારામ વિષેના એક બીજા પુસ્તકના લેખકો પ્રસ્તાવના કહે છે, ‘સ્વ. ગોવર્ધનરામભાઈએ દયારામભાઈને થતા અન્યાયમાંથી કંઈક અંશે બચાવી લેવા માટે દયારામભાઈના અક્ષરદેહ વિષેનો પોતાનો નિબંધ લખ્યો અને તેમાં તેમના સ્થૂળ જીવન અને અક્ષરદેહને છૂટાં પાડ્યાં અને જણાવ્યું કે તેમનું સ્થૂલ જીવન ગમે તેવું હોય તો પણ તેમનો અક્ષરદેહ ખરેખર સુંદર છે. ગોવર્ધરામભાઈનો મત પણ તે કવિચરિત્રને શુદ્રરૂપે પિછાણી શકયો નહીં. મહાપુરુષોનાં જીવન અને કવન ઉત્તરધ્રુવ અને દક્ષિણ ધ્રુવની માફક એકબીજાથી નિરાળા હોતા નથી.’[30] તેથી લેખકને એવું સ્પષ્ટ થાય છે કે આ લોકો ગોવર્ધનરામના આશયને યથાર્થ સ્વરૂપે સમજી શકયા નથી પણ એટલાથી સંતોષ માનીને એ અટકયા નથી. દયારામના અક્ષરદેહને સન્માની શકનાર પણ એમના ક્ષરજીવનને સ્પષ્ટપણે ઉત્તમ કહેવાની તક ન લેનાર ગોવર્ધનરામને તો પણ સાક્ષર કેટલે અંશે ગણવા એ પ્રશ્ન લેખકો પુસ્તકમાં પ્રસ્તુત કરે છે જે નોંધવા જેવો છે. ‘સાક્ષર લેખકને પ્રથમ તો વિદ્યાનો અતિવ્યાસંગ થવો જોઈએ, તેણે સદ્‌ભાવથી સર્વ સાહિત્યને અવલોકવું જોઈએ, તથા પર્યટણરૂપી અનુભવથી તે ગ્રંથસ્થ જ્ઞાનને વિકસાવવું જોઈએ. તેનામાં પ્રૌઢ વિચારો અને ઉદાત્ત ભાવો સુંદર અને સરકારી ભાષામાં ઉતારવા જેવી કલા આવવી જોઈએ. ગોવર્ધનરામભાઈનામાં એ કલા ઊતરી હતી, પણ તેમાં જે પ્રસાદાદિ ગુણો જોઈએ તેનો કવચિત્ અભાવ હતો. આથી તે કલા ઉત્તમ સ્વરૂપમાં ગોવર્ધનભાઈની કૃતિઓમાં જણાઈ નહિ, તો પણ તેઓ સાક્ષર તો હતા, પણ દયારામભાઈ તો પોતાના વિચારો સુંદર રીતે ઉતારી શકયા છે એટલું જ નહિ પણ પ્રસાદાદિ ગુણો તેમાં લાવી શકયા છે.’[31] પણ એ વાત આગળ કરવાથી લેખક જણાવે છે કે ગોવર્ધનરામે કરેલા દયારામના મૂલ્યાંકનમાં શો ફેર પડે તે સ્પષ્ટ થતું નથી.

‘માધવરામસ્મરિકા’ ગોવર્ધનરામના પિતા માધવરામનું અવસાન થતાં ગોવર્ધનરામે

અને તેનો ભાઈ નરહરિરામે પોતાના સદ્ગત પિતાના સ્મરણાર્થે લખી છે. 'સ્ક્રેપ બુકસ' એ તેમની બધીજ કૃતિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એવું લેખકને લાગે છે. તેમના મત મુજબ જીવ, જગત અને ઈશ્વર એ તત્ત્વજ્ઞાનના ત્રણ પાયાના પદાર્થ અંગે ગોવર્ધનરામની સ્ક્રેપબુકોમાં માતબર કહી શકાય એવી વિચારણા પડેલી છે. તેમજ ધાર્મિક ફિલસુફીના કેટલાંક પ્રશ્નો, અંતરઆત્મા, સ્વતંત્ર-કલ્પનાશક્તિ, પૂર્વ નિશ્ચિત માનસિક વલણ, પ્રાત: સંધ્યા, સદ્ગુણ અને દુર્ગુણ, ચિત્, આનંદ અને બ્રહ્મ, ચિત્ સંચિત અને નિર્ગુણ, સત્વ, રજસ્ ને તમસ્, સંકલ્પબળ વગેરે વિષે તેમના વિચારો જોવા મળે છે. 'ઉત્સર્ગસિદ્ધિના સિદ્ધાંતના નિરૂપણને લેખકે સ્ક્રેપબુકનો મહત્ત્વનો અંશ ગણ્યો છે.'

## ○ સર્જક રચનાઓ, લેખો-વ્યાખ્યાનનિબંધો આદિ પ્રકીર્ણ કૃતિઓ

કાવ્યગ્રંથ 'સ્નેહમુદ્રા' અને નવલકથા 'સરસ્વતીચંદ્ર' માંનાં સુપરિચિત કાવ્યો ઉપરાંત ગોવર્ધનરામે થોડાંક પરચૂરણ કાવ્યો પણ લખ્યાં છે. તેમની કવિતાઓનું મૂલ્યાંકન કરતાં રમણલાલ જોશીના શબ્દો જોઈએ તો: 'ગોવર્ધનરામની એકંદરે કવિતાસિદ્ધિની દૃષ્ટિએ જોતાં ઉપરની બધી પ્રકીર્ણ કાવ્યકૃતિઓ તેમનાં 'સ્નેહમુદ્રા' અને 'સરસ્વતીચંદ્ર' અંતર્ગત કાવ્યોમાં મળેલી સફળતામાં કોઈ વિશેષ ઉમેરારૂપ નથી. ગોવર્ધનરામના કવિ તરીકેના મૂલ્યાંકનમાં જે કોઈ એમનાં આ પદ્યો ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરશે તે એમને અન્યાય કરશે પદ્યની દ્વારા પણ એમનું કવિત્વ બેશક પ્રગટ થાય છે અને એનો પરમ આસ્વાદ્ય પરિચય 'સરસ્વતીચંદ્ર' ગદ્યગ્રંથોનાં પદ્યોમાં થાય છે. બલકે એમ કહી શકાય કે ગોવર્ધનરામની કવિવિશક્તિને પદ્યનું વાહન સિદ્ધ ન હોય તો 'સરસ્વતીચંદ્ર' એ મહાગ્રંથની કુલ સમૃદ્ધિમાં એટલી ઊણપ રહેત કારણ કે 'સરસ્વતીચંદ્ર'ના સમગ્ર આકર્ષણમાં તદંતર્ગત પદ્યોનો ફાળો નાનોસૂનો નથી.'[૩૨] આ ઉપરાંત તેમનું 'ક્ષેમરાજ અને સાધ્વી' નાટકમાં ગોવર્ધનરામને નિષ્ફળતા પ્રાપ્ત થઈ હોય

એવું લેખક જાણાવે છે. આ ઉપરાંત 'ચૂની સતી: હિંદુ જીવનની કથા' નામની વાર્તા પણ લેખકે આપી છે.

'ગુજરાતના પ્રશિષ્ટ કવિઓ અને સમાજ અને નીતિ રીતિ પર તેમની અસર' આ નિબંધમાં ગોવર્ધનરામે આપણા જૂના કવિઓની કવિતાની રૂપરેખા આંકવાનો જે પ્રયાસ કર્યો છે તે મહત્ત્વનો છે. રમણલાલ જોશીની દૃષ્ટિએ નરસિંહ, મીરા, દયારામ જેવા કવિઓનાં કાવ્યોને મૂલવતાં ગોવર્ધનરામે અન્યત્ર યોજેલો શબ્દ વાપરીએ તો, 'ગ્રંથપરીક્ષક'ના ઉત્તમ ગુણો તેમનામાં જોવા મળે છે. તદુપરાંત તેમની રસિકતા, વિષયની મજબૂત પકડ અને અર્થઘટનની શક્તિ આ નિબંધને આકર્ષક બનાવે છે. 'ગુજરાતી કવિતાનું ભવિષ્ય' નિબંધમાં ગોવર્ધનરામ કહે છે કે 'જ્યાં સુધી સૌ કોઈ કાવ્યપ્રવૃત્તિમાં લોહી ન રેડે, બરાબર સક્રિય ન થાય ત્યાં સુધી રાષ્ટ્રને ઊંચી કવિતા મળે નહિ. કેવળ આપણે કવિતાને ઊંચી પ્રતીતિ કહીએ એટલા માત્રથી તે ઊંચી થઈ જતી નથી. લોકોને 'આત્મલક્ષી' કવિતા ગમે છે એમ પણ એમાંથી ન નીકળે. પ્રજા સુધી તો એ કવિતા પહોંચી નહિ અને પ્રાચીન કવિઓ તો કવિતાને અડકે પણ નહિ. 'પરલક્ષી કવિતા ઓબ્જેક્ટીવ પોએટ્રી આ ભયમાંથી મુક્ત છે અને એ કવિતા જ કાવ્ય વિષયક નવોત્થાન લાવી શકે છે.'[૩૩] "shall we live After Dath ?" માં લેખકે તત્ત્વજ્ઞાનનો એક મહાન પ્રશ્ન છેડ્યો છે અને ગંભીરતાથી એને ચર્ચવા ઈચ્છતા પણ લાગે છે, પરંતુ કોઈ માર્મિક દલીલ નિપજાવવાને બદલે સાદૃશ્યમૂલક દલીલમાં એમની વિચારણા ઊતરી પડે છે તો Some Questions of Religious Philosophyમાં લેખક દર્શાવે છે કે સ્ત્રીપુરુષ પૃથ્વી ઉપર પ્રગટ્યાં એ પૂર્વે બુદ્ધિશક્તિ જે એમનામાં પ્રગટી છે તે આ પૃથ્વીમાં 'પ્રચ્છન્ન પડેલી અને તકની રાહ જોતી અસ્તિત્વમાં હતી, જેમ ગ્રહ અને ગ્રહ વચ્ચેના શૂન્ય અંતરાલમાં ગુરુત્વાકર્ષણની શક્તિ સભર પડેલી છે. દૂરાતિદૂરના ગ્રહો અને તારાઓ અને ત્યાંની જીવનસૃષ્ટિમાં પણ એ જ પરમશક્તિ હોવી જોઈએ અને તે સૃષ્ટિઓના

પ્રાણધારીઓ સાથે આપણે જોડાયેલા છીએ કેમકે એમનામાં અને આપણામાં એકજ શક્તિ સંચારિત થઈ રહેલી છે. અખિલ સૃષ્ટિમાં નિવસતો ફિલસૂફી માન્ય ઈશ્વર, એટલે કહેવાતા 'પદાર્થ' અને 'ચિત્ત'ના નિરંતર પરિવર્તન પામતા આકારો સર્જ્યા કરતી, સંવેદના અને ચેતનાની જાલ ગૂંથ્યા કરતી સર્વવ્યાપી આત્મસંચાલિત પ્રસન્ન શક્તિ, આ પદાર્થ અને ચિત્ત (મેટર એન્ડ માઈન્ડ) એ દિવસ રાત જેવું એકબીજા વિના ટકી ન શકતું યુગલ છે. આ સાપેક્ષ વસ્તુને ઠેકાણે નિરપેક્ષ કેવલમાં નિષ્પન્ન કરતાં કેવલ વિશ્વશક્તિ જેમાં તમામ સાપેક્ષ પદાર્થો અનુસ્યૂત અને જેમાંથી તેઓ વિકસે છે અને અંતે જેમાં શમે છે તે જ લાધે છે. લેખક રહે છે જેમ ગુરુત્વાકર્ષણ શક્તિના કિરણો જીવતા સુંદર છોડમાં પ્રગટી ઊઠે છે તેમ જ આ પરાશક્તિનાં કિરણો ઉષ્મા, તેજ, ગતિ, પ્રાણ અને મન-વિજ્ઞાન રૂપની ભવ્ય રંગીન આભાસો ધારણ કરે છે.

'હિંદુસ્તાનના દેશીઓની કેળવણી વિષયક પ્રગતિ પર બાળલગ્નની રૂઢિની અસર વિષે' એકવીસ વર્ષના યુવાન લેખકે આ સહેજ લાંબા નિબંધમાં બાળલગ્નના પ્રશ્નની વિગતે છણાવટ કરી છે. જેમાં લેખકે રૂસો અને કાર્લાઈલમાંથી અવતરણો આપ્યાં છે. આ રિવાજના અનિષ્ટ પરિણામો તે નિર્દેશ છે. બાળલગ્નની રૂઢિ અને એની વિશેષતાઓ વિશે પ્રાથમિક મોજણી કરવી અને કેળવણી પર એનાથી શી અસર થાય છે એ બતાવવાનો આશય લેખકે રાખ્યો છે. સાચી કેળવણીના અભાવને કારણે આ રૂઢિ જોર પકડે છે અને આ રૂઢિને કારણે કેળવણી થંભી જાય છે. સમગ્ર પ્રજાજીવન ઉપર એની માઠી અસરો થાય છે. લેખકે આ અસરકારક રીતે વર્ણવી છે.

ગોવર્ધનરામનો આ નિબંધ તરૂણવયે લખાયો હોવા છતાં એ ઉંમરે લેખકે જનસમૂહના નિરીક્ષણપૂર્વક આપણા સમાજજીવનના આ મહત્ત્વના પ્રશ્ન પરત્વે વ્યાપક અને તલસ્પર્શી વિચારણા રજૂ કરી છે તે નોંધપાત્ર છે. લેખકના મત અનુસાર માહિતી પણ તેમણે ઠીક ઠીક

રજૂ કરી છે. પોતાના વિષયના પ્રમાણમાં પોતાની શક્તિની મર્યાદાથી લેખક સભાન છે અને સ્વાભાવિક નમ્રતાપૂર્વક તે જણાવી દીધા બાદ નિબંધની યોજના પ્રમાણે એક પછી એક મુદ્દાઓ લઈને તે છણાવટ કરે છે. કોઈ કોઈ જગ્યાએ પુનરુકિત થઈ છે પણ પોતાના મુદ્દાને સુસ્પષ્ટ કરવા તરફ લેખકનું વલણ હોવાથી એમ બન્યું લાગે છે. આ અતિ ભયાનક કુરૂઢિ સામે તો લેખકનો પુણ્યપ્રકોપ સંયમિત શૈલીમાં વ્યક્ત થયો છે અને વિદ્યાભ્યાસ કરતા પતિનું કરૂણ ચિત્ર રજૂ કરતાં એમાં વિનોદ પણ ભળે છે. ગોવર્ધનરામે આ નિબંધ લખ્યા પછી ઉતરવયે 'ઈષ્ટ એન્ટ વેસ્ટ' જેવા સામયિકોમાં અને અંગ્રેજી 'સ્ક્રેપબુકો' વગેરેમાં અંગ્રેજીમાં લખ્યું, પણ તેમના બધા અંગ્રેજી લખાણોમાં આ પ્રારંભની કૃતિ એના ટૂંકા ટૂંકા વાકયોમાં રાચતી સરળતા અને એક પ્રકારના આર્જવને લઈને નોંધપાત્ર રોચકતા ધરાવે છે. હિંદુધર્મના અર્થતંત્રનો પાયોમાં આપણા અર્થતંત્રની ઊણપો દર્શાવતાં લેખક જણાવે છે કે 'દેશમાં જે પૈસાદારો છે તેમને પોતાના પૈસાનો કેમ ઉપયોગ કરવો તેની ખબર નથી અને જે લોકો ઉદ્યોગી છે તેમને પોતાની શક્તિ કયાં વાપરવી એ શોધ્યું જડતું નથી. જે લોકોની પાસે કળાની શક્તિ છે. તેમની પાસે નથી મૂડી કે નથી પોતે બનાવેલી ચીજોનું બજાર પણ. આપણા રાજ્યકર્તાઓ પંક્તિભેદ કરે છે. પોતાના વેપારીઓ અને સંસ્થાનવાદીઓને દરેક બાબતમાં પહેલી પસંદગી આપે છે. તેઓ કમાય છે અહીં અને ખર્ચે છે ઈંગ્લેન્ડમાં, મુસલમાન બાદશાહો એ આપણી સંપત્તિ લીધી ખરી પણ વાપરી અહીં જ. પરિણામે દેશનું ધન દેશમાં જ રહ્યું. અંગ્રેજ રાષ્ટ્ર આપણી આર્થિક વ્યવસ્થાનો પાયો છે. તેઓને પોતાની ફરજ અદા કરવાનો અને હિંદુસ્તાનનાં હિતોને સંરક્ષવાનો લેખક અનુરોધ કરે છે.'[૩૪] આ ઉપરાંત રમણલાલ જોશીએ ગોવર્ધનરામના અન્ય લેખો જેવા કે 'સાર્વભૌમત્વ અને હિંદુ રાજ્યનો આદર્શ: 'અંગ્રેજો અને હિંદીઓ વચ્ચેનું અંતર' સ્વતંત્ર અને વિશેષ એવા ક્રિમિનલ લૉનું તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન 'હિંદુસ્તાનમાં ધર્માન્તર કરેલાઓ અને ધર્માન્તર નહિ કરેલાઓ

વચ્ચે કાયદાઓનો સંઘર્ષ' 'સુરતની આગેવાન કોમોની લાયકાત અને ફરજો, હિન્દુઓનો ગરીબાઈનો આદર્શ, હિન્દુ ધર્મના અર્થતંત્રનો પાયો, 'સાર્વભૌમત્વ અને હિંદુ રાજ્યનો આદર્શ', 'ધાર્મિક ફિલસૂફીના કેટલાક પ્રશ્નો, 'વેદની પૌરાણિક કથાઓ પર પાર્શ્વ પ્રકાશ', 'પ્રાચીન હિન્દમાં ઉચ્ચ બ્રાહ્મણધર્મ' જેવા અનેક લેખો અને ભાષણોનો અહીં સમાવેશ કર્યો છે તે દરેક લેખના અંતે લેખકે પોતાનું મંતવ્ય આપતા ગોવર્ધનરામની ભાષા, જ્ઞાન અને લેખનશૈલી અને વિષયવસ્તુ પર પ્રકાશ પાડ્યો છે. ગોવર્ધનરામના લખાણોમાં લેખકને તેની વિશેષતાઓ જ વધારે દેખાય છે. તેમના વિષયવૈવિધ્ય અને ભાષાકીય કૌશલ્યની લેખકે અહીં ખૂબ સરાહના કરી છે.

## ૦ ખંડ-૫ : અધ્યાત્મ જીવન

'અધ્યાત્મ જીવન અથવા અમર જીવનનો શ્રુતિબોધ' એ પુસ્તક ગોવર્ધનરામે ૧૯૦૨-૦૩ દરમ્યાન લખ્યું હતું. પરંતુ તે એ પૂરું કરી શક્યા ન હતા. આ અંગેનું કારણ આપતાં પુસ્તકની ટૂંકી અંગ્રેજી પ્રસ્તાવનામાં તે લખે છે: '૧૯૦૨-૦૩માં મારા ઉપનિષદ્‌વિષયક અધ્યયનના આરંભોને પદ્ધતિપૂર્વકના બનાવવા માટે અને તપાસણીઓના ક્ષેત્રોનો અવકાશ માપવા એક અજમાયશી નિબંધરૂપે આ લખાયું હતું. એ કર્યા પછી અને આ નિબંધમાં જેનું પ્રદર્શન કરવામાં આવ્યું છે તે દોરવણીઓ, પ્રકાશો અને સ્ખલનોનો ખ્યાલ આપ્યા પછી અને વળી ગુજરાતીમાં લખાયેલી આ જાતની વસ્તુઓ ગુજરાત અથવા ગુજરાત બહાર પણ સમજાશે નહિં અથવા ઉપયોગી થશે નહિં એવા તારણ પર આવવાથી મેં આ નિબંધ લખવો જોડી દીધો હતો અને જે પદ્ધતિ ભૂલભરેલી પકડાઈ હતી (શોધાઈ હતી) અને ઉપરના અનુભવો પછી જે પ્રાપ્ત થઈ હતી તે પદ્ધતિના સાચા વિનિયોગના પગથિયારૂપે મેં સંસ્કૃત ધ્વનિપ્રક્રિયા શાસ્ત્ર અને યોગાવાસિષ્ઠનો અભ્યાસ શરું કર્યો. હું જેને સંગીન અને ઉપયોગી

માનું છું તે, જાહેર માટે એટલે કે શિક્ષિત ભારત માટે લખવાનો મારો ઉપક્રમ છે.'[૩૫] આ ઉપરથી રમણલાલ જોશી જણાવે છે કે ગોવર્ધનરામથી પુસ્તકનો જેટલો ભાગ લખાયેલો છે એટલા પરથી પણ પુસ્તકના સ્વરૂપનો અને લેખકના મહાકાંક્ષી પ્રયત્નનો ખ્યાલ આવે છે. આ સંપૂર્ણ ગ્રંથના ચાર પ્રકરણોના નામ આ પ્રમાણે છે: (૧) ઉપોદ્‌ઘાત્ અને ઉપક્રમદર્શન (૨) પંચામૃત, (૩) પ્રાણ અને (૪) પંચદશાઓનું દર્શન. આ બધા જ પ્રકરણોનું મૂલ્યાંકન કરતાં રમણલાલ જોશીએ નોંધ્યું છે કે ગોવર્ધનરામની સ્ક્રેપબુકોમાં અવારનવાર જે ધર્મચર્ચા જોવા મળે છે. એમાં વિશેષ એક સાધકની ખોજવૃત્તિ રહી છે. ગોવર્ધનરામને મન તત્ત્વજ્ઞાન એ જીવન જીવવાનું વ્યાકરણ છે અને નહિ કે કોઈ કેવળ પુસ્તકપરાયણ માનસનો વિલાસ. ૧૮૯૧ની નોંધોમાં તત્ત્વજ્ઞાનના અનેક પ્રશ્નો ઉપર તે વિચાર કરે છે. 'પંચદશી' પર તેમને ખાસ પક્ષપાત હોય એમ લાગે છે.

'ગોવર્ધનરામને મન અધ્યાત્મસાધના એ, એથી પણ આગળ વધી, દેશસેવાના એક ભાગ રૂપે હતી તે ખાસ નોંધપાત્ર છે. તેમણે શરીરસ્વાસ્થ્યને કારણે પ્રાણાયામ વગેરે યોગક્રિયાઓ કરવા માંડેલી અને પછી તો તે યોગસાધનામાં ઠીક આગળ વધ્યા હતા. અનાહતનાદ અને બીજી સિદ્ધિઓ પણ તેમને સાંપડવા માંડી હતી. તેમના સૂક્ષ્મ યોગાનુભવની કથાના આછા ઉલ્લેખો 'અધ્યાત્મજીવન' લખાયા પછીની તેમની સ્ક્રેપબુક નોંધોમાં મળે છે.'[૩૬] લેખકના મતે મનુષ્યમાં રહેલી પ્રાણશક્તિ એ એની કિંમતી સંપત્તિ છે, એ સંપત્તિને બુદ્ધિતત્ત્વના વિવેક દ્વારા સુમાર્ગે નિયોજવાથી આત્મોકર્ષના ધ્યેયમાં ગતિ આવે છે. પ્રાણ, શક્તિ, શક્તિના બે સ્વરૂપો, વસ્તુસ્થશક્તિ અને સ્વયંભૂશક્તિ, બીજશક્તિ અને સમર્કશક્તિ, શક્તિની સંક્રાન્તિ આદિ બાબતો સમજાવતાં પૌરસ્ત્ય દર્શનની સાથે પાશ્ચાત્ય વિદ્વાનોના મતો અને પરિભાષાનો પણ ગોવર્ધનરામ ઉપયોગ કરે છે. શ્રુતિદર્શન અનુસાર ભૂપાધિપતિ પ્રાણના આંતરપ્રાણ અને બાહ્ય પ્રાણ અથવા રયિ એવા બે પ્રકારોની સાથે જ પાશ્ચાત્ય દર્શનમાં

વસ્તુ, શક્તિ, પરમાણ્વાદિક, આકાશ, સ્વયંભુશક્તિ, વસ્તુસ્થશક્તિ, બીજશક્તિ અને સમર્કશક્તિ તેઓ કોઠો દોરીને ખૂબ ઝીણવટપૂર્વક દર્શાવે છે.

આ વિષય અંગે પાશ્ચાત્ય વિચારસરણી અને પરિભાષાનો પણ છૂટથી ઉપયોગ કરવા પાછળ લેખકનું શું દષ્ટિબિંદુ રહ્યું છે તે જાણવું જરૂરી છે તે કહે છે, 'પાશ્ચાત્ય દષ્ટિએ દષ્ટ કરેલાં દષ્ટાંતો દ્વારા શ્રુતિનો અર્થ આ યુગને સુગમ કરવો એટલું જ આ લેખને ઈષ્ટ છે. પાશ્ચાત્ય શાસ્ત્ર અને શ્રુતિ વચ્ચેના મતભેદનો ન્યાય કોઈ ભાવિ યુગ તોળશે અને એ તુલામાં શ્રુતિના ઉચ્ચાર જ પ્રતિપાદિત થશે, એવી તોળશે અને એ તુલામાં શ્રુતિના ઉચ્ચાજ પ્રતિપાદિત થશે, એમ શ્રુતિની પોતાની શક્તિમાં આ લેખકને શ્રદ્ધા છે. આપણે માટે એટલી વાત બસ છે કે જે બાહ્ય અને આંતરપ્રાણને શ્રુતિ પ્રતિપાદિત કરે છે, તેને પાશ્ચાત્ય શાસ્ત્ર પણ સિદ્ધ ગણે છે.'[૩૭] પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો દ્વૈત સુધી જ આવ્યા છે. જ્યારે આપણું તત્ત્વજ્ઞાન તો અદ્વૈત સુધી પહોંચે છે એવી વાતમાં લેખકને શ્રદ્ધા નથી, દુનિયાની સઘળી તત્ત્વચર્ચાઓ એક યા બીજી રીતે 'અદ્વૈત' સુધી આવી જ છે એવી નિષ્પક્ષ અને સ્વસ્થ વિચારસરણી આ લેખકની છે.

## ૦ ઉપસંહાર

'ગોવર્ધનરામના મનીષી-જીવનને સ્નેહજીવન સાક્ષરજીવન અને અધ્યાત્મજીવન જેવા વિવિધ ખંડોમાં અવલોકતી વેળા જાણાય છે કે આ ત્રિવિધ જીવન એ વસ્તુતઃ એકરૂપ-એકરસ હતું. ગોવર્ધનરામમાં અધ્યાત્મ-અભીપ્સા આરંભથી જ બીજરૂપે રહેલી વરતાય છે. પ્રથમ ગાઢ સ્નેહજીવન વિષયક અનુભવમાંથી જ એમનું સાક્ષરજીવન કેટલું કોળી ઉઠેલું જોઈ શકાય છે અને એ સ્નેહજીવન-સાક્ષરજીવનમાં અધ્યાત્મજીવનનો પરિસ્પંદ વરતાતો હતો જ પણ તે ઉત્તરાવસ્થામાં આગવા અને એકમાત્ર રંગરૂપે પ્રગટી ઉઠેલા જોવા મળે છે અને

નડિયાદમાં નિવૃત્તિજીવન ગાળતા ગોવર્ધનરામ લેખો અને વ્યાખ્યાન નિબંધો લખે છે. જરૂર પણ તેમનો ચાલું રસ તે ધર્મગ્રંથોનું, નોંધો-સૂચિઓ વગેરે બનાવવા દ્વારા પરિશીલન કરવું એ રહે છે. એટલે કે સાક્ષર જીવન એ તેમના અધ્યાત્મજીવનનું અવાન્તર સ્વરૂપ બની ગયેલું પ્રતીત થાય છે. ગોવર્ધનરામનું સ્નેહજીવન, ગોવર્ધનરામનું સાક્ષરજીવન અને ગોવર્ધનરામનું અધ્યાત્મજીવન તે તેમની વ્યક્તિપ્રતિભાના જ્યોતિના ત્રિશિખ પણ એકમેય જ્વલનરૂપ છે.'[૩૮] આ ઉપરોક્ત ઉદાહરણ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે રમણલાલ જોશીએ પોતાની વિશિષ્ટ ભાષાશૈલીના આવરણમાં ગોવર્ધનરામ જોશીના સમગ્ર જીવનને આટોપીને સુંદર રીતે, સંક્ષિપ્ત રીતે આલેખવાનો જ પ્રયાસ કર્યો છે તે ખરેખર ખૂબ જ ઉત્તમ કોટિનો પ્રયાસ છે. રમણલાલ જોશીના મતે ગોવર્ધનરામના 'દ્રષ્ટા' સ્વરૂપનો ખ્યાલ તેમની નવલકથા 'સરસ્વતીચંદ્ર'માંથી તેમજ અન્ય લખાણોમાંથી મળે છે. 'અધ્યાત્મજીવન અથવા અમરજીવનનો શ્રુતિબોધ' એ અપૂર્ણ નિબંધમાં એમ કહીએ તો યથાર્થ નથી કે, ગોવર્ધનરામ શ્રી અરવિંદના પૂર્ણયોગદર્શન પૂર્વે એ દિશામાં પોતાની વિચારણા પ્રેરતા જોવા મળે છે. લેખકના મતે ગુજરાતમાં પાકેલા અર્વાચીન હિંદના એક મનીષી ગોવર્ધનરામને અધ્યાત્મજીવન તે હંમેશા સક્રિય સાધનારૂપ રહ્યું. અધ્યાત્મજીવન એ એમના સ્નેહજીવનનું એક જ સમુત્ક્રાંત સ્વરૂપ હતું અને ગ્રંથમણિ 'સરસ્વતીચંદ્ર' આદિ દ્વારા સ્ફૂરતું તેમનું સાક્ષરજીવન એ એમના આયુષ્યકાળ પછી પણ ટકી રહેવા નિર્માયેલી એમના આધ્યાત્મજીવનની ગુજરાતી ભાષાને મળેલી અમર પ્રસાદી છે. ગોવર્ધનરામ ત્રિપાઠીના વાઙ્‌મયવિશ્વના અધિકારી અને ઊંડા અભ્યાસી તરીકેની રમણલાલ જોશીની ઓળખ સર્વવિદિત છે. ગોવર્ધનરામના જીવન અને કવનને આત્મસાત્ કરીને સર્વગ્રાહી દ્દષ્ટિએ એનું મૂલ્યાંકન-સંશોધન કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું છે. ગોવર્ધનરામ વિશે પછીથી સૂક્ષ્મ સ્વાધ્યાય કરનાર રમણલાલને વિદ્યાર્થીકાળથી જ ગોવર્ધનરામનું આકર્ષણ રહેલું હતું. વિદ્યાર્થી અવસ્થામાં ગોવર્ધનરામની સાહિત્યસૃષ્ટિમાં થયેલો

રમણલાલ જોશીનો પ્રવેશ પછી તો જાણે કે પક્ષપાતમાં પરિણમ્યો અને ઉત્તરોત્તર ગોવર્ધનરામ વિશેનો એમનો અભ્યાસ બળવત્તર બનતો ગયો.

પ્રસ્તુત સંશોધનગ્રંથ અંતર્ગત ત્રાણેક તબક્કે અપાયેલી 'જીવનકથા'માં સંશોધક રમણલાલે ગોવર્ધનરામના જન્મથી માંડીને એમની પારિવારિક પશ્ચાદ્‌ભૂ, એમનો ઉછેર અને અભ્યાસ, એમના સંકલ્પો અને સંઘર્ષો એમની પ્રવૃત્તિ, વકીલાતની વ્યવસાયિક પ્રવૃત્તિ, એમાંથી એમણે લીધેલી નિવૃત્તિ અને એમની જીવનદષ્ટિ, એમની શબ્દનિષ્ઠા અને એમના શબ્દકર્મની ઉપલબ્ધી તેમજ એમની માંદગીની જાણોથી લઈને એમના મૃત્યુ સુધીની મહત્ત્વપૂર્ણ બાબતો પર પ્રકાશ પાડ્યો છે અને એ રીતે રમણલાલ જોશીએ ગોવર્ધનરામની સમૃદ્ધ આંતરબાહ્ય વ્યક્તિતાને સુંદર રીતે ઉપસાવી આપી છે. ગોવર્ધનરામની અને ગુજરાતી નવલકથા સાહિત્યની પણ એક 'શકવર્તી' કૃતિ 'સરસ્વતીચંદ્ર' વિશે રમણલાલ જોશી પાસેથી અહીં સૂક્ષ્મ, સઘન અને સર્વેશ્લેષી સ્વાધ્યાય સાંપડે એ સ્વાભાવિક છે. સંશોધક જેને 'ગોવર્ધનરામના સાક્ષરજીવનની સિદ્ધિરૂપ ગ્રંથ' ગણે છે એવી આ બૃહન્નવલ કે મહાનવલનું તેઓએ ઝીણવટભર્યું પરીક્ષણ કર્યું છે.

'ગોવર્ધનરામ: એક અધ્યયન' આખરે તો સંશોધક રમણલાલ જોશીની ઊંડી અધ્યયનવૃત્તિ અને સંશોધનશક્તિનો સુખદ પરિચય કરાવે છે. આ ગ્રંથ દ્વારા સંશોધકે ગોવર્ધનરામની પ્રતિભાનું સંપર્ક ચિત્ર આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. એમની સંશોધનશક્તિસૂઝ અને અભ્યાસનિષ્ઠાના સુફળરૂપે સાંપડેલો આ ગ્રંથ ગોવર્ધનરામ વિશેનો એક શ્રદ્ધેય સંદર્ભગ્રંથ પણ બની રહ્યો છે. ગોવર્ધનરામ વિશે સાંગોપાંગ થયેલા આ સ્વાધ્યાયને સ્વાભાવિક રીતે જ, સર્વશ્રી વિજયરાય વૈદ્ય, નગીનદાસ પારેખ, કાકાસાહેબ કાલેલકર, અંબાલાલ પુરાણી, ચુનીલાલ મડિયા વગેરે જેવા અનેક સારસ્વતોએ આવકાર્યો છે. વિષ્ણુપ્રધાન ત્રિવેદીએ 'નમૂનેદાર ગ્રંથ' કહીને નવાજ્યો છે. 'ગોવર્ધનરામ એક અધ્યયન'ના

પાછળનાં પૃષ્ઠ પર 'અધ્યયનનું સુફળ' અંતર્ગત વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદીના અવતરણો 'અધ્યાપક રમણલાલ જોષીનો ગોવર્ધનરામ ઉપરનો આ અધ્યયન-નિબંધ આ પ્રકારના મહાનિબંધોમાં ઉત્તમ કક્ષામાં મૂકાય એવો થયો છે. એક તો અભ્યાસ, વિષય-વ્યવસ્થા, વિવરણ તથા મૂલ્યાંકન માટેનો અવકાશ આપે એવો આ વિષય છે અને શ્રી જોષીએ ઉત્સાહ ખંત, ચીવટ, ધીરજ અને મર્મગામી દૃષ્ટિથી વિષયનો સાંગોપાંગ અભ્યાસ કર્યો છે. ગોવર્ધનરામની પ્રગટ અને અપ્રગટ બધી કૃતિઓ તેમણે કાળજીથી વિલોકી છે એમના જીવન અંગેની તેમજ એમની કૃતિઓના વિવેચનની સામગ્રી તેમણે તપાસી છે. આ અભ્યાસ અંતે મળેલી વિગતોનો ઉપયોગ કરવામાં તેમણે સૂક્ષ્મ વિવેક દાખવ્યો છે. સાહિત્યકારનો ઉત્સાહ અને વૈજ્ઞાનિકની સમતા બેઉ ગુણો જાળવી, ઠાવકી શૈલીમાં સમગ્ર નિબંધ લખાયો છે. સમકાલિન પરિસ્થિતિ, ગોવર્ધનરામનું જીવનવૃતાંત અને કૃતિઓનાં વિવેચન એ ત્રણેની સમુચિત ગોઠવણી ગ્રંથનું એક આકર્ષક લક્ષણ છે. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી આ બાબત નોંધે છે કે-

'ગોવર્ધનરામ એક અધ્યયન' નમૂનેદાર ગ્રંથ છે અને તેની રચના માટે ડૉ. રમણલાલ જોષીને અભિનંદન ઘટે છે.'

## પાદટીપ

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ-૬, પૃ. ૫૨૪, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

૨. રમણલાલ જોશી, 'ગોવર્ધનરામ એક અધ્યયન', પૃ. ૩

૩. એજન, પૃ. ૧૨

૪. એજન, પૃ. ૨૨

૫. એજન, પૃ. ૪૭

૬. એજન, પૃ. ૧૪

૭. એજન, પૃ. ૭૬

૮. એજન, પૃ. ૧૨

૯. એજન, પૃ. ૧૧૧,૧૧૨

૧૦. એજન, પૃ. ૧૭૦

૧૧. એજન, પૃ. ૧૭૩

૧૨. એજન, પૃ. ૧૮૦

૧૩. એજન, પૃ. ૨૦૫

૧૫. એજન, પૃ. ૨૦૭

૧૬. એજન, પૃ. ૨૧૯

૧૭. એજન, પૃ. ૨૨૧

૧૮. એજન, પૃ. ૨૨૨

૧૯. એજન, પૃ. ૨૨૩

૨૦. એજન, પૃ. ૨૩૯

૨૧. એજન, પૃ. ૨૩૯

૨૨. એજન, પૃ. ૨૪૦

૨૩. એજન, પૃ. ૨૬૫

૨૪. એજન, પૃ. ૩૨૩

૨૫. એજન, પૃ. ૩૨૬

૨૬. એજન, પૃ. ૩૨૭

૨૭. એજન, પૃ. ૩૨૭

૨૮. એજન, પૃ. ૩૩૪

૨૯. એજન, પૃ. ૩૫૧

૩૦. એજન, પૃ. ૩૮૫

૩૧. એજન, પૃ. ૩૮૭

૩૨. એજન, પૃ. ૪૦૧

૩૩. એજન, પૃ. ૪૮૭

૩૪. એજન, પૃ. ૫૫૧

૩૫. એજન, પૃ. ૫૫૬

૩૬. એજન, પૃ. ૫૭૦

૩૭. એજન, પૃ. ૫૭૩

૩૮. એજન, પૃ. ૫૭૯

# પ્રકરણ-૪
# રમણલાલ જોશીનું સંપાદનકાર્ય

સ્વકીય સાહિત્ય પ્રતિભાનું વરદાન પામેલા ડૉ. રમણલાલ જોશીને એમની સુદીર્ઘ અધ્યયન પ્રવૃત્તિને કારણે પોતાની શક્તિઓને સોળે કળાએ ખીલવવાનો અવસર મળ્યો. સ્વસ્થ-સમતોલ પરિશીલનદષ્ટિ, નિષ્ઠા, પરિસંવાદો, સાહિત્યસંમેલનો, ભારતીય સાહિત્ય સંમેલનોમાં ઉપસ્થિત અને અભ્યાસપત્રો પ્રસ્તુત કરવાની સજ્જતા- આ બધા પરિબળોએ ડૉ. રમણલાલ જોશીને સંપાદન પ્રવૃત્તિમાં સતત સક્રિય રાખ્યા છે. એટલું જ નહિ, પરંતુ વર્તમાનપત્રોની સાહિત્યિક કટારોએ તેમને સાંપ્રત સાહિત્યના વિભિન્ન પ્રવાહોનું અવલોકન મૂલ્યાંકન કરવાની જાણે કે તક આપી છે. આમ તો વિદ્યાર્થી અવસ્થાથી જ રમણલાલ જોશીમાં સંપાદનની વૃત્તિ અને શક્તિ પડેલાં હતાં. વડોદરાના અભ્યાસકાળ દરમિયાન તેઓ કૉલેજ. મેગેઝિનનું સંપાદન કરતા હતા. પછીથી એમની કારકિર્દીના આરંભના ગાળામાં ‘સંસ્કૃતિ’ના સંપાદનમાં એના તંત્રી ઉમાશંકરને પણ એમણે યત્કિંચિત્ સહયોગ આપેલો અને એ રીતે એમને સંપાદનની અંગેની સહજ તાલીમ પણ મળેલી. પછીથી તેઓ કેટલાંક પુસ્તકોનાં સંપાદનો કરે છે અને પોતાની સંપાદન સૂઝનો પરિચય કરાવે છે.

રમણલાલ જોશીએ ૧૯૬૬માં ‘શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્ય શ્રેણી અંતર્ગત ‘સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરાનું જીવનવૃત્તાંત’ અને ‘કવિજીવન’ નું સંપાદન કરેલું. આ સંગ્રહમાં ગોવર્ધનરામે લખેલું નવલરામનું ચરિત્ર અને નવલરામે લખેલું નર્મદનું ચરિત્ર આપવામાં આવ્યું છે. એ ઉપરાંત ‘કવિ નર્મદાશંકરની કવિતા’ અને ‘નર્મકવિતાની પ્રસ્તાવના’ એ બે લેખો ‘કવિજીવન’ ના પૂરક તરીકે સામેલ કર્યાં છે. આ સંપાદિત કૃતિમાં લેખક કહે છે, બન્નેના ચરિત્ર નાયકની સ્વભાવગત લાક્ષણિકતાઓ, ભાવનાઓ, આદર્શો, આંતરિક મૂઝવણો અને મુસીબતો પરિસ્થિતિના ઝંઝાવાતમાંથી જન્મતા સંઘર્ષ આદિનું આલેખન જહેમત અને

કુશળતાપૂર્વક થયું છે. લેખકને બન્નેની નિરૂપાણપદ્ધતિમાં અમુક સામ્ય પણ દેખાયું છે. નવલરામના 'કવિજીવન' ની અસર ગોવર્ધનરામે લખેલા નવલરામના ચરિત્ર ઉપર હોવાનો સંભવ રમણલાલ જોશીને દેખાયો છે, તેમજ નિરૂપણની દૃષ્ટિએ બંનેની આગળ વિશિષ્ટતા પણ છે. લેખકને ગોવર્ધનરામની શૈલીમાં ગદ્યની એક પ્રૌઢી છે, સ્વસ્થતા છે અને ગૌરવ છે બંને માહિતી અને વિગતોની દૃષ્ટિએ શાસ્ત્રીય ચોકસાઈ જાળવે છે. રમણલાલના મતે બન્ને ચરિત્રનાયક પ્રત્યે સદ્‌ભાવ છે અને છતાં સંપાદકને તેમાં વિવેકી તાટસ્થ્ય પણ દેખાયું છે. સંપાદક કહે છે નવલરામ પોતાના ચરિત્રનાયકના અતિનિકટ સંપર્કમાં આવેલા છે છતાં મૂલ્યાંકનમાં પૂરતું પરલક્ષીપણું દાખવે છે. જ્યારે ગોવર્ધનરામને નવલરામનો મેળાપ અડધો કલાક જ થયો હોય છતાં તેમનાં અક્ષરદેહ સાથેનો પરિચય ઘણો ઘનિષ્ઠ હતો તે તેમની ચિત્રરેખા પરથી જાણાય છે.

લેખકની લેખનશૈલીના વખાણ કરતાં સંપાદક નોંધે છે. 'નાયકનું ચિત્ર સુંદર દોરવામાં એના જીવન કે સ્વભાવની ખાસિયતો વિશે પૂરતી વાકેફગારી અને લભ્ય વિગતો પ્રત્યેની વફાદારી એ આ જાતનાં લખાણોમાં તદ્દ્ન અનિવાર્ય છે. નાયકના આંતર જીવનના દસ્તાવેજ રૂપ જે વિશાળ લખાણો હતા એનો લેખકે પૂરા સમભાવથી પરિચય કર્યો છે અને એ વિગતો ઉપરાંત નાયકના સ્થૂળ જીવન અંગે તેમને જે કાંઈ માહિતી ઉપલબ્ધ થઈ એ બે નો વિનિયોગ કરીને નાયકના જીવનને એક કડીબદ્ધ રીતે આલેખતા રહેવા સાથે અને સૂક્ષ્મદેહ પર તેમાણે સતત નજર રાખતા રહીને એનું એક હૃદયગમ ચિત્ર ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. ગ્રંથપરીક્ષામાં ગુણદર્શનને તેમાણે પ્રધાનતા આપી છે, દોષ દર્શન પણ વાચકોની ગુણ વિષેની સમજણ પાકી કરે અને એ દૃષ્ટિએ ઉપકારક થઈ રહે છે.

'આ ચરિત્રમાં નર્મદના જીવનની તડકીછાંયડી, એના સુખદુ:ખના પ્રસંગો, એના સ્વભાવની વિશિષ્ટતાઓ, એની ખુમારી, એનું ધૈર્ય, એનો જુસ્સો, એનો ટેક, એની વિરલ

દેશદાઝ-સઘળું યથાવત્ ચિત્રિત થયું છે, એટલું જ નહિ, એ ચિત્ર શ્રદ્ધેય પણ નીવડ્યું છે.'[૧]

લેખકના મત અનુસાર નર્મદની કવિતા, એની ગ્રંથરચનાઓ એની શૈલી આદિ વિષે નવલરામે કરેલા નિરીક્ષણો પાકટ રસવૃત્તિનાં નિર્દેશક છે. નવલરામનું આ ચરિત્ર એની લાઘવયુક્ત પ્રૌઢ ગદ્યશૈલીને કારણે, એમાંનાં કેટલાંક સુરેખચિત્રોને કારણે તેમજ એમાંનાં કેટલાક સુરેખ ચિત્રોને કારણે શાસ્ત્રીય ચોકસાઈવાળી વિગતો અને એના વિવેકી વિનિયોગને કારણે હંમેશા આસ્વાદ્ય રહેશે. લેખકના જ શબ્દોમાં જોઈએ તો: 'અર્વાચીન ગુજરાતી ગ્રંથકારોના ગ્રંથોની પરીક્ષા સાથે નવલરામનું નામ વધારે જોડાયેલું છે, અને એમની કીર્તિ એ જ નીસરણી ઉપર થઈને વધારે ચડી છે. આ પરીક્ષાની કળા નવલરામે કેમ વધારે, કેવી રીતે યોજી, વગેરે વિષયોની કથા સિવાય એમની જીવકથા અપૂર્ણ રહે.'[૨]

રમાણલાલ જોશીના મત અનુસાર ગ્રંથ લખવો એ વધારે કઠણ કામ છે કે ગ્રંથની પરીક્ષા કરવી એ વધારે કઠણ કામ છે એ પ્રશ્નનું નિરાકરણ કરવું હોય, અને ગ્રંથપરીક્ષા એટલે ગ્રંથના દોષ બતાવી આપવા એટલું જ હોય તો તે ગ્રંથપરીક્ષાનું કામ ઘણું સહેલું છે એ ઉત્તરમાં ઘણી સત્યતા છે. 'કવિ નર્મદાશંકરની કવિતા' માં કવિ નર્મદાશંકરને રમણલાલ જોશીએ પ્રેમાનંદની હરોળમાં બેસાડ્યા છે. લેખકને નર્મકવિતાની ભાષા જૂની ગુજરાતીના અભ્યાસીને તથા એથી ઊલટી લાગે છે. સાધારણ લોકો તો બરાબર સમજતા નથી, કેમકે એમાં કેટલાંક અપ્રસિદ્ધ અને અપૂર્ણાર્થિકસૂચક શબ્દો આપેલા છે જેમાં લેખકને વાક્યરચના કિલષ્ટ થઈ ગયેલી જણાય છે, તેઓ જણાવે છે કે તેમાં ફારસી અને સંસ્કૃત શબ્દો સામસામા ઘૂરકતા ઊભેલા માલૂમ પડે છે. વિષયને નહી શોભે એવા બોલ પણ વચ્ચેમાં વચ્ચે કોઈ ઠેકાણે આવીને રસભંગ કરે છે. પરંતુ આ ભાષાકીય ક્ષતિઓ એમના શરુંઆતના લખાણની છે. પાછળથી તેમની ભાષા ઘણી સુધરી ગઈ હતી અને 'હિંદુસ્તાનની પડતી'

તથા આશરે તે વખતે તે પછીની લખાયેલી સઘળી કવિતાની ભાષા ક્લિષ્ટ નથી પણ પાણીના રેલાની પેઠે વહેતી છે.- સતત પરિવર્તિત થતી રહેતી છે.

બીજી બાજુ લેખકે ગદ્યલેખક તરીકે તેમની પારાવાર પ્રશંસા કરતાં કહ્યું છે કે ‘ગદ્યનો લખનાર તો એ એકો ગણાય જ ને એની બોલવાની ભાષા વિશે મારો તો એક જ અભિપ્રાય છે કે આ સમયના કુલીન વિદ્વાન ગુજરાતીએ કેમ બોલવું જોઈએ તેનો એ નમૂનો છે, અથવા એટલું  તો ખરું જ કે એના જેવો બોલનાર ગુજરાતમાં હાલ તો નથી જ’[૩]

અહીં લેખકે તેમની ભાષામાં રહેલ શુદ્ધિ, રસિકતા અને મર્મની સાથે ભાષાની સરળતાની વાત કરી છે.

‘અખેગીતા’ એ ઉમાશંકર જોશી અને રમણલાલ જોશીનું સહિયારું સંપાદન છે. જુદી જુદી હસ્તપ્રતો ઉપરથી તૈયાર કરેલી અને મૂળનું બને તેટલું યથાતથ પ્રતિબિંબ પાડતી ‘અખેગીતા’ની શાસ્ત્રીય વાચનાની જરૂર આપણે ત્યાં હતી એવી સંપાદકની અભિપ્સાને અહીં ચરિતાર્થ થતી જોઈ શકાય છે. ‘અખેગીતા’માં તેની ભાષા અને પરંપરાની દૃષ્ટિએ આ પ્રત જૂની છે. ‘અખેગીતા’ હસ્તપ્રતના આરંભમાં ક્યારેક ‘अथ अखंगीता महामोक्ष दायिनी भविद्या किरव्यते’- એવા શબ્દો જોવા મળે છે. છેલ્લા કડવામાં ‘અખેગીતા’માં ચરણે ચરણે આત્મવિદ્યા (અખેગીતા ૪૦.૮) છે એમ કવિએ સ્પષ્ટ કર્યું છે. ‘જીવ બ્રહ્મમાંહે ભળ્યાનો અખેગીતામાં ભેદ છે.’ (૩૫.૯) એમ પણ કહેવામાં આવ્યું છે તો, અખેગીતામાં જીવભાવ કુટે અને બ્રહ્મભાવ વિલસે, અદ્વૈતાનુભવ દૃઢ થાય એનું રહસ્ય બતાવવાનો ઉપક્રમ છે. અર્થાત્ આત્મવિદ્યા- બ્રહ્મવિદ્યા એ અખેગીતાનો વિષય છે. લેખકના મત અનુસાર બ્રહ્મભાવ પામવાના ઉપાય અખાએ વારંવાર ચર્ચ્યા છે. પ્રારંભમાં જ વિરહવ્યાકુળતાનું એ મહત્ત્વ કરે છે. બ્રહ્મભાવ પામેલી વ્યક્તિઓનું વર્ણન અખો ઉલ્લાસિત ચિત્તે કરે છે. અધ્યાત્મસાધનોનો ખ્યાલ છેવટે તો અધ્યાત્મ જીવન વ્યક્તિ કેવી હોય તેના વર્ણન દ્વારા વધુ સચોટ રીતે આપી

શકાય છે. લેખકે 'અખેગીતા' ને ગુજરાતી જ્ઞાનાશ્રયી કવિતાધારાના સંદર્ભમાં પણ જોઈ, એના પુરોગામી નરસિંહની સંસ્કૃત શ્લોક કડવા, પદમાં ચાલતી 'જ્ઞાનગીતા' ની તુલના કરી છે. ભગવદ્‌ગીતાની પેઠે 'અખેગીતા'માં કાવ્ય અને તત્ત્વજ્ઞાનનું આસ્વાદ્ય સંમિશ્રણ થયેલું છે. 'અખેગીતા' એ ગુજરાતી તત્ત્વજ્ઞાન કવિતાનું એક ઉચ્ચ શિખર છે.

'કહે અખો: સહુ કો સુખો,
જો આણો જીવના અંતને;
હીંડો પરમાનંદ પામવા,
જો સેવી હરિ-ગુરુ-સંતને'

અહીં અખો કહે છે જો ઈશ્વરને પામવા હોય તો હરિ-ગુરુ સંતનું સ્મરણ કરો. સંશોધક સંપાદકે કવિ તરીકેની વિશેષતા બતાવતાં કહ્યું છે કે તેના કડવાની દરેક છેલ્લી પંક્તિમાં હરિ-ગુરુ સંત શબ્દ મૂકીને આપણને તેના ખ્યાલ પ્રમાણે તો આધ્યાત્મિક માર્ગ બતાવે છે તેના મત અનુસાર મનુષ્ય જ્યાં સુધી પોતાને ન ઓળખે આત્મતત્ત્વને ન પિછાને ત્યાં સુધી બીજી ધાર્મિક વિધિ પરંપરા એને સાથી શાંતિ કુશળતા સંપડાવી શકે નહિ. કવિએ પોતાના આખ્યાનમાં વાપરેલા કેટલાક શબ્દોના અહી અર્થ સ્પષ્ટ કર્યા છે.

'પરમાત્મા સાક્ષાત્કારના અભિનવ આનંદનું આ ઉલ્લાસ-ગાન છે. અગોચર હતું તે હવે ગોચર બન્યું, એનો આનંદ અખો ગાય છે પણ તે પોતે તો એની જાણે કે સ્તુતિ જ કરે છે! જેની આગળ મન અને વાણી થંભી જાય એવા પરમાર્થિક અનુભવને અખાએ ગંભીર લય-હિલ્લોલમાં ઉતાર્યો છે. અનાયાસ શબ્દ પસંદગી ઉચિત સ્વરવ્યંજનની સંકલના દ્વારા એ અનુભવનને વ્યક્ત કર્યો છે.'[૪]

'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' એ રામપ્રસાદ બક્ષી અને રમણલાલ જોશીનું સહિયારું સંપાદન છે. 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ'ની પ્રસ્તાવનામાં રમણલાલ જોશીએ જે

ઉદાહરણ ટાંકયું છે તે નોંધવા જેવું છે. નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખીય વ્યાખ્યાનમાં આચાર્ય આનંદશંકર ધ્રુવે ઉત્તમલાલ ત્રિવેદીની સાહિત્ય સેવા વિશે લખ્યું હતું કે, ‘ઉત્તમલાલ કેશવલાલની સાહિત્યસેવા માટે હું શું કહું ? ગુજરાતે એ સાક્ષરનું સ્વરૂપ પૂરેપુરું જાણ્યું જ નથી- જાણવાનો પ્રસંગ જ આવ્યો નથી. જે વાચન-જ્ઞાન-વિચારનો ખજાનો એ પુરુષમાં ભર્યો હતો, એમાંથી થોડું થોડું જ બહાર આવ્યું છે. પણ એમની સંસ્કારી કલમ જ્યારે જ્યારે ચાલી છે ત્યારે ત્યારે પુખ્ત વિચારથી ભરેલી ચાલી છે.’[૫]

અહીં પ્રસ્તાવનામાં રમણલાલ જોશીએ સ્વ. ઉત્તમલાલનો જીવન અને કવનનો પરિચય આવ્યો છે. એ અહીં નોંધવા જેવો છે. ‘મુંબઈમાં રહ્યાં રહ્યાં અનેક સંસ્થાઓમાં તેમણે સક્રિય રસ લીધો હતો. કેળવણી પરિષદ, સાહિત્ય નાગરમંડળ જેવી સંસ્થાઓ સાથે તે સંકળાયેલા હતા. ફાર્બસ ગુજરાતી સભાના મંત્રી તરીકે પણ થોડા સમય તેમણે પોતાની સેવા આપી હતી. જાહેરજીવનમાં ઉત્તમલાલનું સ્થાન ઊંચુ હતું. રાજકારણ વિષયક લેખો અને મુદ્દાસર ચર્ચાપત્રો લખીને જ તે બેસી રહ્યા ન હતા, પણ રાજકારણમાં સક્રિય રસ પણ તેમણે લીધો હતો, લોકમાન્ય ટીળકના ‘ગીતારહસ્ય’નું તેમણે ગુજરાતીમાં ભાષાંતર કરેલું અને ટિળકના પરિચયમાં પણ આવેલા.’ (પ્રસ્તાવના)

રમણલાલ જોશીએ નોંધ્યું છે કે ગુજરાતી સાક્ષરોમાં, ગોવર્ધનરામ, નરસિંહરાવ અને કેશવ હર્ષદધ્રુવ સાથે તેમને ધનિષ્ઠ સંબંધ હતો. મુંબઈને તે પોતાનું કાર્યક્ષેત્ર બનાવવા ગોવર્ધનરામ પાસે ઘણીવાર તે સલાહ લેવા જતાં એ સિવાય ગોવર્ધનરામની પ્રસિદ્ધ સ્ક્રેપબુકમાં ઉત્તમલાલ વિશેનો માત્ર એક ઉલ્લેખ મળે છે. ઉત્તમલાલની શિષ્ટ શૈલી ઉચ્ચ વાક્પ્રભાવ અને ઊંડી વિચારશક્તિનું દર્શન થાય છે, એટલું જ નહિ પણ સામાજિક, રાજકીય અને બીજા સાર્વજનિક પ્રશ્ન વિષેના તેમના સિદ્ધાંતો, તેમની ભાવનાઓ અને તેમના આદર્શોનું પણ ચિત્ર દૃષ્ટિગોચર થાય છે. લેખકે ઉત્તમલાલના હૃદયની ઉદારતા, વિચારોની ઉદાત્તતા,

વિદ્વતાની ગહનતા, વિવેકબુદ્ધિની તીવ્રતા, જીવનની શુદ્ધતા, વ્યવહારના વિષયોની તુલનાની યથાર્થતા, મનની ગંભીરતા, સંકલ્પોની સ્થિરતા અને દઢતા વિચારોના કોલાહલ વચ્ચેની તેમની સ્વસ્થતા વગેરેની નોંધ લીધી છે અને તેથી જ તો ગુજરાતી ગદ્યકારોમાં તેમનું સ્થાન અને તેમની સાહિત્ય સેવા દીર્ઘઘાટ સુધી સ્મરણીય રહેશે એવું કહ્યું છે.

રમણલાલ જોશીના મતે ઉત્તમલાલ ત્રિવેદી એક સંનિષ્ઠ અભ્યાસી અને વિચારક હતા. તેમનું વિવેચનકાર્ય સાહિત્યક્ષેત્રે પૂરતું સિમિત રહ્યું નથી, પણ રાજકારણ, સાંસ્કૃતિક પ્રવાહો અને અર્થકારણ-સમાજકારણ સુધી વિસ્તર્યું છે. તેમનું વિવેચન વિચારકના દષ્ટિબિંદુથી થયેલું છે. તેમના વિચારકપણાનો એમના વિવેચનને મબલક લાભ મળ્યો છે, તો તેમના ચિંતનાત્મક લખાણોમાં સાહિત્યની સુષમા સહજરૂપે પ્રવેશેલી છે. 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' ગ્રંથમાં લેખકે ઉત્તમલાલનાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં લખાણોમાંથી મહત્ત્વના લખાણો સંગ્રહિત કર્યાં છે. આ લેખોનું વિભાગીકરણ સાહિત્યવિષયક, શિક્ષણવિષયક, સમાજવિષયક, અર્થકારણ-રાજકારણવિષયક, વ્યક્તિઓ અને નેતાઓનાં સંસ્મરણો અને મૂલ્યાંકન વિષેના વિવિધ કોન્ફરન્સના અહેવાલો અને પ્રતિભાવ આપતા લેખો- એ રીતે કર્યું છે અને પ્રત્યેક વિભાગમાં લેખોની ગોઠવણીમાં પ્રસિદ્ધિના કાલાનુક્રમને લેખક અનુસર્યા છે. સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખોમાં જોડણી પરત્વે અરાજકતા હતી. તેથી જોડણી લેખકે ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશની રાખી છે તેમ છતાં ઉત્તમલાલની ગદ્યલઢણો બિલકુલ બદલી નથી તે જેમની તેમ રાખી છે. એ સમયના ગુજરાતી ગદ્યના વિકાસના એક સ્થિત્યંતરનો ખ્યાલ આપવા સાથે લેખકના ગદ્યનું પોત અને પ્રતિભા સમજવામાં એથી મદદ મળે તેમ છે. જરૂર જણાય ત્યાં લેખકે કંડિકાઓ ટાંકી છે, પણ સામાન્ય રીતે લેખકના ગદ્યની એક લાક્ષણિકતા તે લાંબા પરિચ્છેદો અને દીર્ઘ સમાસયુક્ત લખાવટની છે, લેખકના મત અનુસાર ઉત્તમલાલના સાહિત્યવિવેચન વિષયક નિબંધોમાં ખાસ ધ્યાન ખેંચે છે. ગોવર્ધનરામ અને

એમની કૃતિઓ વિશેના નિબંધો, ચિંતનની પ્રૌઢિ વિચારોની સ્પષ્ટતા વ્યાપક સંદર્ભ યોજના, સ્વકીય દષ્ટિબિંદુ, ઝીણી માર્મિક વિશ્લેષણશક્તિ અને કૃષિના હાર્દમાં પ્રવેશવાની સહજ કુશલતાથી આ લેખો વિશિષ્ટતા ધારણ કરે છે. ઉત્તમલાલમાં રમણલાલ જોશીને પ્રબલ ધમવૃતિનાં દર્શન થયાં છે. ધાર્મિક ગુણોના સંગ્રહ ઉપર તેમનાં લખાણોમાં યોગ્ય વજન મૂકાતું દેખાયું છે. રમણલાલ જોશીના શબ્દોમાં જોઈએ તો: 'પશ્ચિમની સંસ્કૃતિમાંથી આપણે શું શું લેવા જેવું છે તે એ પૂરતા નિખાલસપણે બતાવે છે, પણ એમનો ઝોક આપણી પોતાની સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોને આત્મસાત્ કરવાનો ઉદ્‌બોધવાનો છે. તે વખતનો આપણો પ્રાણપ્રશ્ન તે આત્મસ્થાપનાનો હતો. સાચી ભારતીયતાની ખોજ એ આપણા ચિંતકોની મુખ્ય પ્રવૃત્તિ હતી. ઉત્તમલાલ જેવા ધાર્મિક મનોવૃત્તિવાળા લેખકમાં પણ એ વસ્તુ દષ્ટિગોચર થાય છે.'[૬]

એક દેશવત્સલ, સાત્વિક અને વિદ્યાવ્યાસંગી મુદ્દિત-આશયી સારસ્વતના ગંભીર ચિંતનના પરિપાક સમા લખાણો ગુજરાતી ગદ્યના અભ્યાસીને સાહિત્ય, શિક્ષણ, સમાજકારણ-અર્થકારણ અને રાજકારણના એ જમાનાના પ્રવાહોને સમજવામાં અત્યંત ઉપયોગી નીવડશે એવું રમણલાલ જોશીએ દર્શાવ્યું છે.

'ફૂલ ઝરે ગુલમહોર' ગુલાબદાસ બ્રોકરની ૧૮ વાર્તાઓનું રમણલાલ જોશીએ કરેલું ઉત્તમ સંપાદન છે. ગુલાબદાસને વિવેચકો અને સામાન્ય સાહિત્ય રસિકો એક સરખા સ્વરૂપે જુવે તેવા વાર્તાકાર છે એવું સંપાદક જણાવે છે. તેઓ જણાવે છે કે આ સંગ્રહમાંથી પસાર થનારને એક બલિષ્ઠ સ્વકીય અવાજ સાંભળ્યાનો આનંદ થશે. આ અવાજ એક જન્મજાત વાર્તાકારનો છે, જેને માટે વાર્તાએ શ્વાસોચ્છ્વાસ સમી છે. કથનકલા એની રગમાં છે. એની દ્વારા આપણે કયારેક ચૂકી જઈએ એવું સમાજદર્શન તે કરાવે છે તો ભાવનાલોક પ્રત્યે તે અભિમુખ પણ કરે છે. વાસ્તવ અને આદર્શનું જેવું રસાયણ ગુલાબદાસની વાર્તાઓમાં થાય

છે તેવું ગુજરાતી વાર્તાકારોમાં વારંવાર પ્રતીત થતું નથી. લેખકે ગુલાબદાસ બ્રોકરને વાર્તાકારોની આપણી પરંપરામાં રા.વિ.પાઠક, ધૂમકેતુ, ઉમાશંકર, સુન્દરમ્, જયંતી દલાલ, પન્નાલાલ વગેરે ઉત્તમવાર્તાકારોની હરોળમાં બેસનાર વાર્તાકાર તરીકે મૂલવ્યાં છે. લેખકને તેમની ભાષા અને અભિવ્યક્તિ છટાઓ સાહજિક અને ચોટદાર લાગી છે. આ વાર્તાકારને શહેરીજીવનનો નિકટનો પરિચય છે. તેમની વાર્તાઓનું વસ્તુ અને પાત્રો નગરજીવનમાંથી આવે છે. છતાં એ પાત્રો એકમેકથી જુદાં પડે છે તેવું સંપાદક કહે છે. બ્રોકરની વાર્તાઓ મનોવિશ્લેષણાત્મક છે, એમના આ ગુણની લગભગ બધા વિવેચકોએ તારીફ કરી છે. વાર્તાકાર મનુષ્યને એટલો ચાહે છે કે એના મનમાં પણ એક પછી એક એમની આગળ ખુલી જાય છે. આને કારણે તે વાર્તાની મુમેન્ટ ઑફ ક્રાઈસીસ- કટોકટીની ક્ષણ બરાબર પકડી શકે છે. એમની વાર્તાઓની ડિઝાઈન આ વસ્તુ પર આધારિત છે. એમાંથી જ વાર્તાની એક ચોકકસ છાપ જન્મે છે અને એક અસર ઊભી થાય છે. લેખકે ગુલાબદાસને સતત વિકસતા અને જુદી જુદી ટેકનિકના પ્રયોગો કરનાર વાર્તાકાર તરીકે મૂલવ્યા છે. તેઓ જણાવે છે કે વાર્તાકાર તરીકે ગુલાબદાસ નિ:શેષ નિરૂપણના આગ્રહી છે, પણ એને કારણે વાર્તાની ધ્વનિમયતાને આંચ આવતી નથી. વર્તમાનમાંથી ભૂતકાળમાં જવાની રીતિ એ ગુલાબદાસની એક ખાસિયત છે. ભાષાની દષ્ટિએ ગુલાબદાસની વાર્તાઓ જોવા જેવી છે. કયાંય વિશદ્‌તાનો અભાવ નહી જણાય. એમની એક ખાસ લાક્ષણિકતા તો સંવાદો યોજવાની એમની કુશળતા છે. ખરેખર તો સંવાદ એ વાર્તાકારની કસોટી ગણાય. બ્રોકરને એમાં ફાવટ પણ છે. 'ધૂમ્રસેર' પરથી નાટક રચાયું એ એની નાટ્યાત્મકતાને કારણે એમની વાર્તાઓનો આ નાટ્યગુણ વાર્તા પરથી નાટક સર્જવાની સારી શકયતાઓ પ્રકટ કરે છે. 'પ્રેમપદાર્થ' એ વાર્તાને લક્ષમાં લેતાં લેખક કહે છે. 'ગુલાબદાસ અવિરત પ્રેમતત્ત્વનું જ નિરૂપણ કરતા રહ્યા છે. માતા અને બાળકનો સંબંધ વ્યક્તિનો અન્ય વ્યક્તિઓ સાથેનો સંબંધ, મિત્રોનો સંબંધ એમ વિવિધ માનવીય

સંબંધોનું તે નિરૂપણ કરે છે પણ વળી વળીને આવી ઊભા રહે છે. સ્ત્રી-પુરુષ સંબંધોના પ્રશ્ન ઉપર, અહીં તે વાસ્તવનું યથાતથ્ય નિરૂપણ કરે છે પણ બક્ષે છે તો છે સામાજિક સ્વસ્થતા. પારસ્પરિક સંવાદિતા અને જીવનોત્કર્ષની ભાવનાનું મૂલ્ય કરવાનું તે ચૂકયા નથી. તે સૂગવાળા નથી, એનો અર્થ અમર્યાદ સંબંધોના નિરૂપણના પક્ષપાતી છે. એવો થતો નથી. કેટલાકે એમની વાર્તાઓમાં આવતા જાતીયતાના નિરૂપણની ટીકા કરી છે, પણ એમાં સાહિત્યેતર દૃષ્ટિ જ પ્રભાવક બની હોઈ એની શી ચર્ચા કરવી.'[૭]

આમ સમગ્ર વાર્તાઓનું મૂલ્યાંકન કરતાં સંપાદકે નોંધ્યું છે કે, કુશળ પ્રસંગ-સંકલના સરળ કથનરીતિ, સુરેખ પાત્ર-ચિત્રણ માનવમનનાં ઊંડાણોનો તાગ લેવાની વૃત્તિશક્તિ અને સ્વકીય દૃષ્ટિકોણ એ બધાને લઈને શ્રી ગુલાબદાસ બ્રોકરની વાર્તાસૃષ્ટિ આગવું આકર્ષણ જન્માવે છે. એના ભાવજગતમાં પ્રવેશવું એટલે કે જેનું ચોકકસ નામ ન પાડી શકાય એવા ભાવના સૌંદર્યનો સંસ્પર્શ પામવો.

'ઈશ' એ ડૉ. રમણલાલ જોશી અને ડૉ. ભોળાભાઈ પટેલનું સહિયારું સંપાદન છે. કવિવર સુન્દરમ્‌ને 'ધ્રુવપદ અહીં' ની પ્રતીતિ થઈ પછી જે અધ્યાત્મ કવિતા એમના દ્વારા રચાઈ એનું એક સોપાન તે 'ઈશ' એવું રમણલાલ જોશીએ નોંધ્યું છે, તો ભોળાભાઈ પટેલે પણ સુન્દરમ્‌ની કવિતા સફર કરતા જણાવ્યું છે કે, લય એ સુન્દરમ્‌ની પ્રતિભાનું અછતું ન રહેતું લક્ષણ છે. સમર્પણ દ્વારા સિદ્ધ થતું અધ્યાત્મ સંવેદન એ 'ઈશ'ની છંદોબદ્ધ ગેય રચનાઓનો મુખ્ય સ્વર છે. અછાંદસ યુગની વાચાળતાના સંદર્ભે આ છંદોલય વિષે વિવેચકો જ નહીં કવિઓ પણ સભાન થાય એ શકય છે. 'ઈશ' એ ૧૧૨ કાવ્યોની સંપાદિત કૃતિ છે. આ કૃતિના કાવ્યોનો વિષય આધ્યાત્મિક છે.

'હે કૃષ્ણ હે કૃષ્ણ
અધિ દેવ દેવ! રટી રટી ધરા

દિશા દિશાઓ; જત તમ્ર અંતરો સહુ!

એ મધ્યરાત્રી- ઘનઘોર છાયી,

અંધાર કારાગૃહનો અભેદ્ય,

પૃથ્વી પરે ત્યાં પ્રગટ્યા તમે પ્રભો!'[૮]

(ઈશ ૩-૩૭ રાત્રિ ૨૬-૮-૭૮ ગોકુલાષ્ટમી)

તો 'સોડમાં શ્યામ' જેવાં કાવ્યમાં જીવનનું ઊંડું તત્ત્વજ્ઞાન રજૂ કર્યું છે.

'તમે રે પોઢાડી આંખ, તમે જ જગાડણહાર;

તમે ચાંદા ચમકાવ્યા તારલા ટમકાવણહાર;

આવી રૂડી લીલા મૂકી કિયા રે મુલક ધામ

જોવા હજી વાકી ?- મારે ભેદ મટાડો.'

અહીં કવિ સુન્દરમ્‌ની ભક્તિગાનની કવિતાઓમાં રમણલાલ જોશીને જીવનના ગહન તત્ત્વજ્ઞાનનું દર્શન થાય છે.

'લોકલીલા' એ રમણલાલ જોશી અને ભોળાભાઈ પટેલનું સહિયારું સંપાદન છે જેમાં કૃષ્ણ અને સુદામાના પ્રવાસ પર સુન્દરમે્ કરેલી રચના છે. જેમાં રમણલાલ જોશી નોંધ્યું છે કે 'સુન્દરમ્‌ની કવિતામાં પેશનનું તત્ત્વ છે તે લગભગ અપૂર્વ કહી શકાય તેવું છે. એમની કવિતા એથી હૃદયસ્પર્શી બને છે. પોતે જે ભાવો ગાય છે તે તેમણે પોતાની નસોમાં ઝીલ્યા હોવાની પ્રતીતિ થાય છે. તેમની કવિતામાં કશી કરામત કે બૌદ્ધિક ગોઠવણી જોવા નહિ મળે. આ કૃતિમાં પ્રેમાનંદના ઢાળોનો ઉપયોગ કરી આપણા સમાજજીવનનાં મુખ્ય મુખ્ય અંગોને રજૂ કરવાનો પ્રયત્ન થયો છે. સામાન્ય રીતે સુન્દરમ્ પરંપરાગત પ્રશિષ્ટ કાવ્ય રીતિનો પુરસ્કાર કરનાર સર્જક છે એવું લેખક કહે છે. તેઓ કથયિતવ્ય માટે પ્રાચીન કવિઓના ઢાળોનો ઉપયોગ કરવાનું તેમને સૂઝયું અને એ તેમણે ક્ષમતાપૂર્વક કર્યું છે એમ કહી શકાય.

વસ્તુ પણ પ્રેમાનંદના ‘સુદામાચરિત્ર’ ઉપરથી લીધું છે. ‘કૃષ્ણ-સુદામાનો પ્રવાસ’ મુખ્ય શીર્ષક ‘લોકલીલા’ પણ સૂચક છે. એવું પ્રતિપાદિત કરનાર રમણલાલ જોશીએ લોકલીલાનું નિરીક્ષણ કરતાં જણાવ્યું છે કે ‘લીલા’ શબ્દ પણ અહીં અભિપ્રાય જણાય છે. એમાં કોક ગૂઢ નિયતિની લીલા રહેલી છે. વેશ બદલીને બંને મિત્રો યાત્રા આરંભે છે. યાત્રાનું વર્ણન, એના અનુભવો અને બંનેના પ્રતિભાવ એ આ કૃતિનો પ્રધાન અંશ છે. સ્થળોની પસંદગીમાં લેખકને વૈવિધ્ય દેખાયું છે. એ સ્થળોની મુલાકાતમાં જનજીવનની જે હાલત દેખાય છે. ગામડાનાં રીતરિવાજોનું જે પ્રાબલ્ય છે એનું તાદૃશ અને અસરકારક ચિત્ર અહીં રજૂ થયું છે. લેખકે સુન્દરમ્‌ના લોકજીવનનાં નિરીક્ષણ અને તેમના લોકમાનસના ખ્યાલ અંગે તેમના ખૂબ વખાણ કર્યાં છે. તેમની સર્જનાત્મકતાને એમાં સારો અવકાશ સાંપડયો છે. ખાસ કરીને તેમણે જે ચિત્રો આલેખ્યાં છે તે એમની આપણને પરિચિત ચિત્રનિર્માણ શક્તિના એક વધુ પુરાવારૂપ છે એવું સંપાદક જણાવે છે. તેમની બોલચાલની ભાષાભંગિઓ, કહેવતો અને રૂઢિપ્રયોગોનો ઉપયોગ વકતવ્યને સરળ-સુંદર અને અસરકારક બનાવે છે. એમની હાસ્ય કટાક્ષની શક્તિને પણ અહીં અવકાશ ચાખ્યો છે. રમણલાલ જોશી જણાવે છે કે ‘સુન્દરમ્‌ની બધી જ કવિતાઓમાં આ ‘લોકલીલા’ નોખી ભાત પાડે છે. સુન્દરમ્‌ની કવિતા એટલે કવિતા દેવીના કાનનું કર્ણફૂલ. એની આ એક પાંખડી સુન્દરમ્‌ની કવિતાના ચાહકોને સંતર્પક નીવડશે.

‘અખાના કાવ્યો’માં રમણલાલ જોશીએ અખાની કૃતિઓમાં જ્ઞાનવૈરાગ્યનું નિરૂપણ અને અખાના જીવનમાં બનેલી ઘટનાઓથી તેને થયેલા સંસાર વૈરાગ્ય વિશેનું વર્ણન કર્યું છે. તેઓ જણાવે છે કે મધ્યકાલીન સાહિત્યમાં અખાનું કવિ તરીકેનું અર્પણ સમગ્ર ભારતીય સાહિત્યના અનુલક્ષમાં મુલવતાં શ્રી ઉમાશંકરે ટાંકેલા અવતરણો નોંધવા જેવાં છે. ‘અખો એક આપણો એવો મધ્યકાલીન કવિ છે, જે ગુજરાતી સાહિત્યમાં જ નહિ પણ આખા

દેશની સાહિત્યપરંપરામાં મહત્ત્વના સ્થાનનો અધિકારી છે.'[૮] મધ્યકાલમાં આપણી વિવિધ ભાષાઓમાં જે સાહિત્ય પ્રસર્યું તે બધાની પાછળ એક જ જાતની પ્રેરણા કામ કરી રહી હતી એમ કહેનાર આપણા લેખક શ્રી રમણલાલ જોશીએ 'અધ્યાત્મ' જેવા શબ્દ પર વિશેષ ભાર મૂકયો છે. તેઓ જણાવે છે કે 'દેશની સંસ્કૃતિ આત્મધારણા માટે- પોતાની જાતને ટકાવી રાખવા માટે- મથતી હતી. તેમાં એને તત્ત્વજ્ઞાનના ઊંડા અવલોકનનો કાંઈક કઠણ માર્ગ લેવાનું ભાગ્યે જ પોષાય, ભક્તિનો એણે આશ્રય લીધો.' અખાના અધ્યાત્મ અવાજને રમણલાલ જોશીએ કબીરના 'બ્રહ્મલલકાર' સાથે સરખાવ્યો છે. તો કયારેક તેને પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા કરતો પણ દર્શાવ્યો છે. ઉપનિષદો- ષડ્દર્શનના અને બીજાં શાસ્ત્રો કે ધર્મગ્રંથોના ઉલ્લેખો એની કવિતામાં આવે છે. લેખક કહે છે એણે શાસ્ત્રો જોયા પણ હશે. તેમ છતાં અખો પંડિતકવિ નથી, જ્ઞાની કવિ છે. ખપ પૂરતાં શાસ્ત્ર વચનોનો તે ઉપયોગ કરે છે પણ મુખ્યત્વે તો એને પોતાની વાત કરવાની છે. એનો અનુભવ જેટલો સચ્ચાઈભર્યો છે એટલો જ સઘન પણ છે. એ અનુભવમાં એની શ્રદ્ધા અત્યંત ઊંડી છે. એવું લેખકે નોંધ્યું છે. લેખકના મતાનુસાર અખો સાંપ્રદાયિકતામાં બંધાયો નથી. અખો પુરોગામીઓ અને સમકાલીનોમાંથી ખપ પૂરતું લે છે, પણ એકંદરે એનો અવાજ તેનો પોતાનો જ છે. અખાની કવિત્વશૈલી પોતાકી છે. અખાની કાવ્યકૃતિ વિશે સંપાદકના જ શબ્દો જોઈએ તો: 'આત્માનુભવનો આનંદ વર્ણવતી અખાની કવિતા સમગ્ર ગુજરાતી કવિતામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એની વાણીમાં એક જાતનું વિરલ ઓજસ છે. ઉમાશંકરે કહ્યું છે તેમ તેણે તત્ત્વજ્ઞાનને શિખરે પલાંઠી લગાવી છે. તત્ત્વજ્ઞાન અને કવિતાનું જેવું રસાયણ નરસિંહ અને અખા જેવા કવિઓમાં થયું છે તેવું આપણા સાહિત્યમાં વારંવાર જોવા મળતું નથી.'[૯]

'સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ' એ રમણલાલ જોશીની શ્રેષ્ઠ સંપાદિત કૃતિ છે. સંપાદક અને સર્જક ઉભયની 'પ્રતિનિધિત્વ'ની શોધનું પરિણામ છે. આ સંપાદિત કૃતિમાં

કુલ ૧૫ વાર્તાઓનો સમાવેશ થયો છે. આમ તો સુન્દરમ્‌ની વાર્તાઓનો સમગ્ર સંગ્રહ આપણા એક અગ્રણી વાર્તાકારની સર્જકતાના કાંઈક પ્રતિનિધિરૂપ પરિચયમાં મૂકી આપે તેવા છે. રમણલાલ જોશીએ વાર્તાકાર સુન્દરમ્ વિશે નોંધેલા અવતરણો જોઈએ તો 'શ્રી સુન્દરમ્ પોતાના વકતવ્યને નિ:શેષ નિરૂપવાનો આગ્રહ રાખનારા સર્જક હોઈ તેમની વાર્તાઓમાં કયારેક પસાર થઈ જાય છે. પરિણામે વાર્તાઓનો બંધ કાંઈક ઢીલો પડી જતો પણ લાગશે, તેમ છતાં એ વાર્તાઓનું ભાષાકર્મ, મનુષ્યસ્વભાવની માર્મિક સૂઝ અને પ્રવાહી કથનરીતિ સુન્દરમ્‌ની વાર્તાઓનો એક વાચકવર્ગ ઊભો કરે છે અને એમને પકડી રાખે છે.'[૧૦] રમણલાલ જોશીએ સુન્દરમ્‌ને વાર્તાની 'અટપટી કલા' થી સભાન દર્શાવ્યા છે.

'કવિ દયારામનો અક્ષરદેહ'માં ગોવર્ધનરામ દયારામના સ્થૂલદેહ અંગેની ચર્ચા કરવા પ્રવૃત્ત થતા નથી. પણ સૂક્ષ્મદેહનું અવલોકન કરવા પ્રયાસ કરે છે, એ વાત તેમણે શીર્ષકમાં જ સ્પષ્ટ કરી છે. લેખક કહે છે કે 'દયારામ જેવા કવિએ કેવળ સાંપ્રદાયિકતાથી ભિન્ન રીતે કલાનિર્મિતિ દ્વારા વૈષ્ણવભક્તિને પ્રજાજીવનમાં પ્રતિષ્ઠિત કરી એ તેમનું જીવનકાર્ય દયારામનાં સ્થૂલ જીવનના દોષોમાં તણાઈ ન જાય એ માટે ગોવર્ધનરામની દયારામના અક્ષરદેહ ઉપર પોતાની વિવેચનપ્રતિભાને કેન્દ્રિત કરે છે અને એ કવિપ્રતિભાનું આંતરદર્શન કરાવે છે તે આજે પણ અનુત્તમ છે.' લેખક જણાવે છે કે આ પુસ્તકમાં ગોવર્ધનરામ દયારામના અક્ષરદેહની ચર્ચા કરી છે પણ તેમણે એ ઉપક્રમ ન રાખ્યો એટલે દયારામને તે સમજ્યા જ નથી અથવા તો દયારામના સ્થૂળ જીવન વિશેના તેમને વિરુદ્ધમાં જ કહેવાનું હતું એ જાતનું વલણ યોગ્ય લાગતું નથી, ભક્તિના નીચલા પગથિયા ઉપર ચડનારને એ આવરણ અને વિક્ષેપ નડે છે અને ઉપરનાં પગથિયાં ઉપર પહોંચ્યા પછી તે પ્રેમરસના શુદ્ધ પ્રકાશને અનુભવે છે. એવી કવિની ભાવનાને સમજવાનો પ્રયત્ન કરવા સંપાદક જણાવે છે. 'કથાઓ અને દૃષ્ટાંતો 'કવિની ઈશ્વર ભાવના', 'રાધાકૃષ્ણમાં કવિના રસવિષય', 'ભક્તિપ્રકરણ',

'નવધા ભક્તિ' અને યોગવિષયક વિષયોની ચર્ચા કરી છે તેમજ 'પ્રેમયોગ અને તેની પરિભાષા', 'પ્રેમ સમાધી અને સિંહાવલોકન', 'કવિનો શૃંગાર રસ' જેવા વિષયોમાં લેખકે કવિની પ્રેમ વિષયક ચર્ચા કરી છે તેમજ રમણલાલ જોશીએ વિવેચકોને આહ્‌વાન કરતાં જણાવ્યું છે: 'આ દેશમાં તેમ અન્ય દેશોમાં ભકત કવિઓના કેટલાક વર્ગની આ સ્થિતિ સાહજિક જણાઈ છે તો તેમના પરમાત્મિક ગુલાબની સુગન્ધ સુરક્ષિત સંગ્રહિત કરી એ વ્યક્તિઓનો દોષ કાઢી તેમણે આપેલા રત્ન ફેંકી દેવા નહીં એમાંજ અક્ષરના વ્યાપારીઓની ચતુરાઈ છે.'[૧૧]

સંપાદકે કવિની પ્રશંસા કરીને રસિકજનોને જણાવ્યું છે કે 'ભક્તોની પ્રેમભક્તિ અને કાવ્યકૃતિઓમાં વ્યક્ત થયેલી કવિઓની પ્રેમભક્તિમાં સૂક્ષ્મભેદ છે. એ ભક્તિ કાવ્યસ્વરૂપે મૂર્ત થતી હોય છે. સાકાર થતી હોય છે.'[૧૨]

અહીં સંપાદકે દયારામના સ્થૂળ જીવન અને સૂક્ષ્મ જીવન વચ્ચેનો ભેદ અને દષ્ટિકોણ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ કેવો સૂક્ષ્મ રીતે આપણી સમક્ષ મૂકયા છે. રમણલાલ જોશીએ શરુંઆતમાં લેખક દયારામના સ્થૂળદેહની ચર્ચાનો સમાસ આ લખાણમાં કેમ કર્યો નથી એ વિશે લખતાં જણાવે છે કે જેમ આપણે કાલિદાસ, બાણ, બાયરન આદિનાં લખાણો તેમનું જીવન તપાસ્યા વિના સ્વીકારી શકીએ છીએ તેમ અર્વાચીન ગ્રંથકારોનાં સ્વીકારવાં જોઈએ. "The man wan't pray to God if it is the devid that asks him to do it-"

ઈશ્વરની આ પ્રાર્થના કરવાની સૂચના શેતાને કરી એટલા જ માટે આ માણસ ઈશ્વરની પ્રાર્થના કરતો નથી.' એ અંગ્રેજી વાક્ય લેખક કહે છે તેમ 'સમર્થ ગ્રંથકારો સ્થૂલ જીવનની નીતિમાં શિથિલ હોય તેટલા જ કારણથી તેમના ગ્રંથોના ઉત્તમ અંશોની અવજ્ઞા કરનારને' લાગું પાડવાનો પ્રસંગ છે. રમણલાલ જોશીએ લેખકની આ પુસ્તકમાં 'દયારામનું

સ્થૂલજીવન દૂષિત હતું કે નહીં તે વિષયે ઉક્તિ કારણોને લીધે કેવળ તટસ્થતા અને ઉદાસીનતા રાખી એના ભવ્ય મનોહર અક્ષરદેહને' જોવા પ્રયાસ કરે છે. એ બાબતની સરાહના કરી છે. કોઈપણ લેખકના સ્થૂલજીવનની હકીકતો ગમે તેવી હોય તો પણ એના લખાણમાં ઉચ્ચતા હોઈ શકે છે, જે લક્ષમાં ન લેવી એ વાચકપક્ષે આત્મઘાત ગણાય. એવું લેખક બહુ સ્પષ્ટ રીતે માને છે, અને એ એક ઉચ્ચકોટીના સર્જકની વિશાળતાને રજૂ કરનાર છે. આમ, સંપાદકે દયારામની કવિતામાં પૌરાણાદિક કથાઓનો વિસ્તાર, દેવરહસ્ય, સજીવ ભક્તિનિરૂપણ, સાંસારિક ઉપમા આદિ અલંકારોથી અલંકૃત શૃંગાર નિરૂપણ વિષયક ચર્ચા અહીં કરી છે. સંપાદકે 'દયારામનો અક્ષરદેહ'ની પ્રસ્તાવનામાં બહુ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે 'દયારામના અક્ષરદેહને સન્માની શકનાર પણ એમના ક્ષર જીવનને સ્પષ્ટપણે ઉત્તમ કહેવાની તક ન લેનાર ગોવર્ધનરામને, તો પછી, સાક્ષર કેટલે અંશે ગણવા એ પ્રશ્ન લેખકો પુસ્તકમાં પ્રસ્તુત કરે છે. લેખકના મતાનુસાર સાક્ષર લેખકને પ્રથમ તો વિદ્યાનો અતિવ્યાસંગ થવો જોઈએ. તેણે સદ્‌ભાવથી સર્વ સાહિત્યને અવલોકવું જોઈએ તથા પર્યટણરૂપી અનુભવથી તે ગ્રંથરૂપ જ્ઞાનને વિકસાવવું જોઈએ. તેનામાં પ્રૌઢ વિચારો અને ઉદાત્ત ભાવો સુંદર અને સંસ્કારી ભાષામાં ઉતારવા જેવી કલા આવવી જોઈએ. લેખક જણાવે છે કે ગોવર્ધનભાઈનામાં એ કલા ઉતરી હતી, પણ તેમાં જે પ્રસાદાદી ગુણો જોઈએ તેનો કવચિત્ અભાવ હતો.

ગોવર્ધનરામના આજીવન અભ્યાસી રહેલા રમણલાલ જોશી પાસેથી ગોવર્ધનરામની સવાશતાબ્દી નિમિત્તે 'ગોવર્ધનપ્રતિભા' (૧૯૮૩) રૂપે એક સમૃદ્ધ સંપાદન સાંપડે છે. આ સંપાદનમાં સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોશી, રમણલાલ જોશી, રામપ્રસાદ બક્ષી, સુન્દરમ્, યશવંત શુકલ, અનંતરાય રાવળ, 'દર્શક' મનસુખલાલ ઝવેરી, ઉપેન્દ્ર છ. પંડ્યા, ધીરેન્દ્ર મહેતા, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ, સુમન શાહ વગેરે જેવા વિદ્વાન સાહિત્યકારોના સત્તાવીસ જેટલા અભ્યાસલેખો એક સાથે સુલભ બને છે. ગોવર્ધનરામના

વ્યક્તિત્વ અને સાહિત્યને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી મૂલવતા આ લેખો ગોવર્ધનરામના અભ્યાસીઓને અત્યંત ઉપયોગી બની રહે છે તેવા છે. મોટાભાગના લેખો ગોવર્ધનરામના પર્યાય સમી 'સરસ્વતીચંદ્ર' નવલકથાને કેન્દ્ર કરીને લખાયા હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ બધામાંથી'સરસ્વતીચંદ્ર'માં પ્રગટ થતાં સર્જકના ચિંતન-મનન, સંસારચિત્રણ અને વસ્તુસંકલન, નિરૂપણરીતિ, વર્ણનશૈલી, મનોવૈજ્ઞાનિક નિરૂપણ અને આધુનિક અભિગમ જેવાં અનેક પાસાઓ પર પર્યાપ્ત પ્રકાશ પડે છે.

'લીલાવતી જીવનકલા' એ પણ રમણલાલ જોશી શ્રેષ્ઠ સંપાદિત કૃતિ છે. ગોવર્ધનરામની જ્યેષ્ઠ પુત્રી લીલાવતી ૧૯૦૨ના જાન્યુઆરીની આઠમીએ ગુજરી ગઈ અને ત્યારબાદ આ આઘાતજનક વેદનાને વાચા આપતા ગોવર્ધનરામે ૧૯૦૩માં 'લીલાવતી જીવનકલા' લખવા માંડી અને ૧૯૦૫માં એ પ્રગટ કરી. લીલાવતીના ઉચ્ચ સદ્‌ગુણોનું ચિત્ર દોરવું એ આ પુસ્તક લખવા પાછળ લેખકનો આશય રહ્યો હોય એવું રમણલાલ જોશીને જણાય છે. આ પુસ્તકમાં લીલાવતીનાં આંતરચિત્રને ઉપસાવવા લેખક પ્રવૃત્ત થયા છે. આ પુસ્તક ચીલાચાલું જીવનકથાની ધાટીનું નથી તે અહીં સ્પષ્ટ થાય છે. પુસ્તકની લેખનશૈલી, નિરૂપણરીતિ સંપાદકને સ્પર્શી જાય તેવી છે. આ ઉપરાંત લેખક કહે છે કે અહીં ગો.મા. ત્રિપાઠીએ તેમની પુત્રીના સૂક્ષ્મદેહને નજર સમક્ષ રાખીને આ રચના કરી હોય તેવું લાગે છે. આ 'આત્મજયોતિ'નું લીલાવતીના સૂક્ષ્મદેહના જ્યોતિનું જે ચિત્ર આ પુસ્તકમાં રજૂ થયું છે તે હૃદયસ્પર્શી છે. એટલું લેખકને પ્રબોધક પણ છે. આ ઉપરાંત રમણલાલ જોશીએ 'શ્રી નારાયણ'' કવચનું સંપાદન કર્યું છે. જેમાં શ્રી ગણેશકવચ, શ્રી સૂર્યકવચ, શ્રી નારાયણ કવચ, શ્રી દેવી કવચ અને શ્રી શિવ કવચ એ પાંચ કવચો એના મૂળ શ્લોક, અન્વય, અર્થ અને ટિપ્પણ સાથે આપવામાં આવ્યાં છે. તેમજ આરંભે 'આપણું કવચ- સાહિત્ય' નામે કવચસાહિત્યનો પરિચય આપતો લેખ મૂકવામાં આવ્યો છે.

રમણલાલ જોશીના સંપાદન હેઠળ 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' અંતર્ગત ૪૮ જેટલા લઘુગ્રંથો પ્રગટ થયા છે. ૧૯૭૬માં શરું થયેલી આ 'શ્રેણી'માં પ્રિયકાન્ત મણિયાર, ડૉ. પ્રબોધ પંડિત, જયંત ખત્રી, ન્હાનાલાલ, રાજેન્દ્ર શાહ, નર્મદ, પ્રજ્ઞાચક્ષુ, પં. સુખલાલજી, મીરા, દયારામ, શામળ, રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ, અખો, કનૈયાલાલ મુનશી, ગાંધીજી, સમયસુંદર, નાકર, નંદશંકર, રામનારાયણ વિ. પાઠક, કૃષ્ણલાલ શ્રીધરાણી, દલપતરામ, મણિલાલ નભુભાઈ, રમણલાલ વ. દેસાઈ, કીશોરલાલ મશરુંવાળા, કાકા કાલેલકર, નિરંજન ભગત, પ્રહલાદ પારેખ, જયંતિ દલાલ, ચંદ્રવદન ચી. મહેતા, ભીમ અને કેશવદાસ કાયસ્થ, પદ્મનાભ, ખબરદાર, નવલરામ, પન્નાલાલ પટેલ, ગુલાબદાસ બ્રોકર, ઈશ્વર પેટલીકર, સ્વામી આનંદ, ઉમાશંકર જોશી, કલાપી, ચુનીલાલ મડિયા, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, સુરેશ જોષી, મનસુખલાલ ઝવેરી, કાન્ત, સુન્દરજી બેટાઈ, બાલમુકુન્દ દવે, ઉશનસ્ વગેરે જેવા મધ્યકાલીન, અર્વાચીન અને આધુનિક સાહિત્યકારો વિશેના લેખોનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત તેઓએ ગઈ પેઢીના વિદ્વાનોથી માંડીને દર્શના ધોળકિયા સુધીના આજના લેખકો પાસે આ લેખો તૈયાર કરાવ્યા છે. રમણલાલ જોશી સંપાદિત આ બધા લઘુગ્રંથો એ મૂલ્યવાન વિદ્યાકાર્ય તરીકે સારો એવો આવકાર પામ્યા છે. રમણલાલ જોશી મોટા ગજાના સંપાદક છે. સંપાદક એટલે જે મળે તેને આવકારી લેવાની વાત નથી, પરંતુ સંપાદક વિશાળ વાંચન, ઊંડી સૂઝ, સાહિત્યિક સૂઝ, પારદર્શકતા જેવા વિશિષ્ટ ગુણો ધરાવનાર વ્યક્તિ હોય છે. રમણલાલ જોશીમાં આ તમામ ગુણોનાં દર્શન થાય છે. તેમની 'ગ્રંથકાર શ્રેણી'માં એવા વિશિષ્ટ અને વિદ્વાનો સર્જકોનો આપણને પરિચય થાય છે કે જેઓ બહુવિધ વિદ્વતા ધરાવનારા છે. જેમકે કનૈયાલાલ મુનશી ઘણાં ક્ષેત્રોમાં કાર્યાન્વિત થઈ શકયા તેમજ ઘણી મહાન સિદ્ધિઓ હાંસલ કરેલ છે. દેશની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય માર્ગદર્શન આપ્યું મુનશીની પ્રતિભા સાહિત્યકાર અને પત્રકાર તરીકે, રાજપુરુષ તરીકે, કુશળ વહીવટકર્તા ને

બાહોશ વકીલ તરીકે પંકાતા હતા. અર્વાચીન ભારતના સંસ્કારપુરુષોમાં તેમનું નિશ્ચિત સ્થાન છે.

પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમજ ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિ દ્વારા નવા યુગનો ઉદય કરનાર મુનશીએ સાહિત્ય સર્જનની સાથે જેને પ્રત્યક્ષ અને જીવાનુભૂત સંબંધ કશો જ ન હોય એવી સંસ્થાઓ પણ મુનશીએ ઊભી કરી. નવલકથાના ઈતિહાસમાં ગોવર્ધનરામના ઉત્તરાધિકારી થવાનું સદ્‌ભાગ્ય પણ તેમને સાંપડ્યું હતું. રમણલાલ જોશીએ મુનશીનાં સર્જનસાહિત્યને સંપાદનમાં સાંકળ્યું, કારણ કે ગુજરાતી અસ્મિતાનો મંત્ર તેમણે ઘેર-ઘેર ગૂંજતો કર્યો. તેમની એ અસ્મિતા અને તેમણે પ્રચલિત કરેલો શબ્દ વાપરીને કહીએ તો 'ગુજરાતી' ના એ આર્યતાનો એક બળવાન ઘટક હતો. જીવનભર મુનશીની પ્રતિભા આર્ય સંસ્કૃતિના યશોગાન ગાવામાં સક્રિય રહી પન્નાલાલ પટેલ પર થયેલું સંપાદન કાર્ય પણ દાદ માગી લે તેવું છે. પન્નાલાલ આપણા સાહિત્ય જગતની એક અનોખી ઘટના છે. એમની મનોઘટનાને, બલકે એમના વ્યક્તિત્વને યથાર્થરૂપે પામવાના પ્રયત્નમાં આપણે એમની પશ્ચાદ્‌ભૂમિકા પર દૃષ્ટિ કરવી રહી. વર્તમાનના ઉપલા થરને વીંધી કંઈક અતીતમાં ઉતરવાનું રહે છે. પરાપૂર્વથી ચાલી આવેલા ખેતીના વ્યવસાયમાં રોકાયેલું ધરતી, ખેતી અને પ્રકૃતિનું તળ, ગામડાનું વાતાવરણ અને તે તો પન્નાલાલના લોહીમાં ભળી ગયેલું હોય તેમ લાગે છે. લોકજીવનની ભૂમિકાને અણિશુદ્ધ સાચવી લેતી એમની વાર્તાઓ સ્વાભાવિક રીતે જ લોકસાહિત્યના ઉપાસકને ગમી ગઈ. પન્નાલાલના સર્જનનું સંપાદન કરવું એ તો એક લ્હાવો છે. એમની સર્જનશક્તિનો આરંભથી જ સ્વીકાર થયો. આપણા ઘણાખરા અગ્રણી વિદ્વાનો અને વિવેચકોએ એમની કળાની એક યા બીજી રીતે કદર કરી જ છે, તેમજ ગુજરાતી પ્રજાએ એમને હૃદયપૂર્વક સન્માન્યા તેથી જ તો આપણી સાહિત્યની વિશિષ્ટ સેવા બદલ ગુજરાત વિધાનસભા તરફથી ૧૯૫૦ના વર્ષનો શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને એનાયત

કરવામાં આવ્યો. લેખકના મતાનુસાર પોતાના કથાસર્જનની કેફિયત આપવાના પ્રસંગો આવ્યા ત્યારે પોતાના સાહિત્ય પાછળ એક અથવા બીજી રીતે કોઈકવાર 'અગમનિગમ'ના અવતરણરૂપે તો કોઈક વાર કરુણામયી સરસ્વતીની કૃપા રૂપે કોઈક અગમ્ય શક્તિ કામ કરી રહી હોવાનો તેમણે નિર્દેશ કર્યો છે. સત્ય હકીકત તો એ છે કે મહાન સર્જનોનું નિર્માણ કંઈ બૌદ્ધિક પ્રયત્નથી થતું નથી કેવળ સંકલ્પ કરવાથી એ શકય બનતું નથી. સાચી સર્જકતા બૌદ્ધિક સંપ્રજ્ઞતાથી પર છે. મહાન સાહિત્યને એ રીતે બૌદ્ધિક ખુલાસાઓથી સમજાવી શકાય. લેખકના મતાનુસાર પોતાના અનુભવમાં માણસની જે મૂર્તિ પ્રત્યક્ષ થઈ તેને પોતાની નવલકથાઓના કેન્દ્રમાં રાખી છે, તો સામાજિક નવલકથાના ક્ષેત્રમાં વળી નવી જ શૈલી અને નવીજ પરિપાટી ઊભી કરી આપી છે. તેમની સરળ સાહજિક લાગતી ભાષામાં અનાયાસ જ કેવા તો રમણીય ઉન્મેષો જન્મ્યા છે. પ્રસંગની સાથોસાથ મુખ્ય કે ગૌણપાત્રોની ઓળખ, સંવાદરૂપ કે સ્વગતોક્તિરૂપ ઉક્તિઓ કે પ્રકૃતિની કે પરિવેશની વિગતો એકબીજામાં ઓતપ્રોત બની રહે કે બોલચાલના લહેકાઓ અને કાકુઓની સાહજિક યુક્તિ સાથે અભિવ્યક્તિ વિસ્તરે છે. આ રીતે આપણી ભાષાના સૌથી જીવંત પ્રયોગો એમાં ગૂંથાતા આવે છે. બાહ્ય વાસ્તવિકતા અને કથનશૈલી કેવી રીતે અને કેટલે અંશે ઝીલે છે. ખાસ તો કથાની સૃષ્ટિને કેટલે અંશે શ્રદ્ધેય બનાવે છે તે જાતના પ્રશ્નો પર વેધક પ્રકાશ પાડે છે. લોકબોલીનાં તત્ત્વોને આત્મસાત કરીને વિકસેલી તેમની આગવી કથનશૈલી, હૃદયજીવનના પ્રવાહો આલેખવામાં રહેલી ઊંડીસૂઝ, સ્થળકાળ, દશ્યપટ કે પરિસ્થિતિના વર્ણનમાં ચમત્કૃતિ ભરેલી વિગતો, તેમની પારદર્શિતા વગેરે ગુણો-બાબતો રમણલાલ જોશીને સ્પર્શી ગઈ અને જયંત ગાડીત દ્વારા લિખિત ન્હાનાલાલના જીવન-કવનનું સંપાદન કરવાનું કાર્ય તેમણે હાથ ધર્યું. પરિણામે ગુજરાતી 'ગ્રંથકાર શ્રેણી'માં આગવું સ્થાન ઉપસાવતી કવિ ન્હાનાલાલની રમણલાલ દ્વારા રચિત સંપાદિત કૃતિ ઉત્કૃષ્ટ કક્ષાની છે.

ચન્દ્રકાન્ત ટોપીવાળાનાં શબ્દોમાં જોઈએ તો 'સુરેશ જોષી એટલે ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીના ઉત્તરાર્ધની વિશિષ્ટ સાહિત્યિક પ્રતિભા! તેમણે ગુજરાતી સાહિત્યક્ષેત્રે એક શૂન્યાવકાશ સર્જ્યો છે. એમનું કામ કરી શકે એવી પ્રતિભા સાહિત્યની ક્ષિતિજ પર હવે તો પ્રગટે ત્યારે 'પ્રતિભા' શબ્દ આપણે કેટલી ઓછી વ્યક્તિઓ માટે યોજી શકીએ! આધુનિકોના આદ્ય યુરોપીય સાહિત્યનું ગુજરાતી સાહિત્યને પ્રદાન કરાવનાર સુરેશ જોશી લેખકના મતે વાસ્તવિકતાના અન્વયો પરિવર્તિત કરાવનાર તેમજ પરિચિત ભૂમિતિને બદલાવીને સંકુચિત પરિપ્રેક્ષ્યની કુરૂપતા અને અરુચિકરતાને ફગાવીને નવી નવી શકયતાઓ ચીંધતા સર્જકોને સેવવાનું કાર્ય જેને હૃદયગમ હતું. રમણલાલ જોશીએ ગ્રંથકાર શ્રેણીના ૪૩મા પુસ્તકને સંપાદક કરીને સાહિત્યજગત રસિકજનોની નૂતન ભેટ આપી છે. કાવ્યના સ્વરૂપ પરત્વેના પક્ષપાતને કારણે કાવ્યસ્વરૂપને અન્ય સાહિત્ય સ્વરૂપોમાં પ્રસરાવવામાં કાવ્ય સ્વરૂપ પરત્વેનું એમનું ધ્યાન વિકેન્દ્રીત થયું. પ્રણયનિમિત્તનાં રોમેટીક તત્ત્વો અને આધુનિક સંવેદનાને સાંકળવાનો પુરુષાર્થ પણ વર્તાય છે એમના ઉદ્‌ગારોમાં પ્રગટતી અથાક તાજગી અને કોઈકવારમાં વિવિધ ભંગીઓ સાથે પુનરાવૃત થતી આસક્તિનો આસ્વાદ આપે છે. આત્મનિર્ભરતા તરફ, સ્વનિર્દેર્શિતા તરફ વળેલી કવિતાની વિભાવનાઓએ અન્ય સ્વરૂપોની વિભાવનાઓ પર મોટો પ્રભાવ પાડ્યો તેમની કવિતાનું સ્વરૂપ અન્ય સાહિત્ય સ્વરૂપો માટે આદર્શ બન્યું હોય એમ રમણલાલને લાગે છે. કવિતાના સ્વરૂપને અને તેની વિભાવનાને અખત્યાર કરતાં એમના નિબંધ અને ટૂંકીવાર્તાના સ્વરૂપો અંગેની પરિસ્થિતિ વધુ નોંધપાત્ર બની છે. રમણલાલ જોશીએ ગ્રંથકાર શ્રેણીમાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપો, સમય, શૈલી, કથાવસ્તુ, પાત્રો, વાતાવરણ, વર્ણન, રસ-રુચિ વગેરેનું આલેખન કર્યું છે. સુરેશ જોષીની લેખનશૈલીની આગવી ઓળખ જાણે કે લેખકને સ્પર્શી ગઈ છે. તેમણે તેમના સંપાદનના દરેક ગ્રંથના સર્જક અને તેના લેખનની વિષય-પસંદગીની બાબતથી જ તો રમણલાલ

જોશીની સાહિત્યપ્રત્યેની વિશાળ સૂઝ અને વિદ્વત્તાનું દર્શન કરી શકાય છે. સુરેશ જોશીના ઘણાખરા નિબંધો વર્તમાનપત્રોની કોલમરૂપે લખાયેલા છે. તેમાં કેટલાંક પ્રાસંગિક છે. કેટલાક કલ્પનોની ભરમાર છે અને કેટલાકમાં પુનરાવૃત્તિઓ સારા પ્રમાણમાં છે. આવું સ્પષ્ટ કહેનાર રમણલાલ જોશીના પારદર્શી પણાનો આપણેને અહીં પરિચય થાય છે. સાહિત્યના વિશાળ ફલક પર પથરાયેલા ઢગલાબંધ પુસ્તકોમાંથી સર્જકના સાહિત્યિક રસ-રુચિને અનુરૂપ લેખો અને સર્જનકૃતિની પસંદગી કરવી એ ખૂબ મહેનત માગી લે તેવું કામ છે અને તેમાંથી તેને આરપારથી જોઈને નિ:સંશય બની સ્પષ્ટપણે તેનું મૂલ્યાંકન કરી પારદર્શી રીતે કહી દેવું એ કોઈ નાનીસૂની વાત તો નથી જ! ટૂંકીવાર્તાની સ્થગિત સ્થિતિની સામે તેમની વિચારણા અને તેમના વાર્તાનમૂનાઓ એક મોટા પ્રત્યાઘાતરૂપે આવ્યા. સુરેશ જોષીનું આ વિધાન એમને માટે પ્રેરક બન્યુ. 'ટૂંકી વાર્તા ભલે ટૂંકી રહી, એમાં મહાકાવ્યનો વ્યાપ હોવો જોઈએ.' લેખકના મતાનુંસાર સુરેશ જોષીએ સાહિત્યક્ષેત્ર પર જબરો પ્રભાવ પાડ્યો છે. સર્જન, વિવેચન અને બંને ઉપર એની અસર પડી. સાહિત્યના માપદંડો અંગે સભાનતા વધી. સાહિત્યનું વહેણ બદલનાર સાહિત્યકાર પોતે મોટો સર્જક ન પણ હોય, પરંતુ એમની બાબતમાં એવું નથી. ટૂંકીવાર્તા, લઘુનવલ અને નિબંધમાં તેમનું કાર્ય માતબર કહી શકાય તેવું છે. સ્વભાવે તેઓ કવિ હતા, તેમની હાસ્યસ્થ કવિતાને ગદ્યમાં પૂરો અવકાશ મળ્યો છે. એમના કથાપ્રયોગો અંતે નિબંધની ધરી પર ચાક લઈને સ્થિર થઈ જતા જોવાય છે. કથાનકના કુતૂહલને સ્થાને આકારના કુતૂહલને આગળ ધરતી વાર્તા કેવળ પ્રસંગનું વહન કરનાર નિષ્ક્રિય ખોખું નથી પણ ઘટનાબળ, ભાષાબળ અને ભાવબળને સક્રિય કરી ભાવકને પણ એમાં સામેલ કરતું એક જીવંત પુદગલ છે. એવું સતત વાર્તાના નમૂનાઓથી અને વિવેચનથી એમણે સમર્પિત કર્યું છે. પૂરી સિદ્ધાન્ત નિષ્ઠાથી પ્રતિકાર કરી પ્રેરણાની સામે પ્રક્રિયા અંગેના વાલેરી-આદર્શનું પ્રસ્થાપન કરે છે. સર્જક માત્રને સ્વકીય કિંચિત પ્રગટ

કરવાનો જન્મસિદ્ધ હક છે એવું તારસ્વરે ઉચ્ચારે છે. તેઓ વાસ્તવિકતાનો વ્યવસ્થિત અર્થ આપે છે. પોતે વાસ્તવિકતા અને યથાર્થને અલગ કરે છે તેમજ વાસ્તવિકતાને પાછળ મૂકીને સત્યને કપોળકલ્પિતના ક્ષેત્રમાંથી પણ શોધી લાવવાના દુ:સાહસને ચીંધે છે. સર્જકની શક્તિના મૌલિક આવિષ્કારને અવકાશ મળેલો છે, એ વાતને સમર્પિત કરી છે. લેખકના મતાનુંસાર સર્જન જ્યારે બીબાઢાળ અનુકરણોમાં રાચવા માંડયું ત્યારે તે સુરેશ જોષી અકળાઈ ઉઠ્યા. કવિતા પરત્વે તેમણે કુંઠિત સાહસ જોઈ નવા સર્જકોને આગળ જવાનો માર્ગ ચીંધ્યો. વિવેચનમાં પણ કૃતિના વસ્તુ ઉપર ભાર મૂકાતો એને બદલે તેમણે આકૃતિનો મહિમા કર્યો. પરંતુ આકૃતિવાદ, સંરચનાવાદ, સંરચનાવાદોત્તર વિચારણા અને દાર્શનિક પીઠિકાનો મહિમા થયો ત્યારે પણ આ બધા અભિગમોથી સ્પષ્ટ રજૂઆત તો તેમણે કરી, પરંતુ એ કર્યા પછી પણ જેઓ રહ્યા તો રસપક્ષે જ પાયાના સંપ્રત્યયો સ્પષ્ટ કર્યા. આધુનિક યુગની સંપ્રજ્ઞતાના સંદર્ભમાં કલાકૃતિને તપાસવા ઉપર ભાર મુકયો, સંજ્ઞાઓના ચોકકસ સંકેતો નકકી કરવાની અનિવાર્યતા સમજાવી. માત્ર કળાકૃતિના વસ્તુનું વિવરણ કરવાની વિવેચન થઈ ગયાનો સંતોષ લેનારાઓને તેમણે બેચેન કરી મૂકયા. સુરેશ જોષી જેવી સજ્જતાવાળા સાહિત્યકાર વિશે ચંદ્રકાન્ત ટોપીવાળાના હાથે જે લેખન કાર્ય થયું, તેવા ઉત્તમ સંપાદનને 'ગ્રંથકાર શ્રેણી'માં સમાવી લેવાનું કાર્ય રમણલાલ જોશીથી કેવી રીતે ચૂકી જવાય.

ગુજરાતી સર્જકો અને વિચારશીલ પુરુષો, ભારતીય સર્જકો અને વિશ્વના ઘણા સર્જકો સાથે જેમને ગાઢ મૈત્રી છે એવા ચુનીલાલ મડિયા વિશે લેખક બળવંત જાનીએ પોતાની કલમ ચલાવીને ચુનીલાલ મડિયાને એક ઉત્તમ સર્જક તરીકે બિરદાવ્યા તેનું સંપાદન કરવાનું કાર્ય રમણલાલ જોશીએ કરીને 'ગ્રંથકાર શ્રેણી' ને બિરદાવી છે. ચુનીલાલ મડિયા વિશેના વિચારો આ સંપાદન શ્રેણીમાં રજૂ કરતાં સંપાદક જણાવે છે કે તેઓ કોઈ વિચારધારા કે વાદમાં તણાયા વગર તટસ્થ રહીને પોતાને અભિપ્રેત એવું પોતાનું મૌલિક સર્જન એમણે

આપ્યું છે. તેઓ જેવું વિચારતા તેવું જ ઉચ્ચારતા અને જેવું ઉચ્ચારતા તેવું જ આચરતા હતા. આમ, વિચાર, ઉચ્ચાર અને આચારની એક વિરલ સંવાદિતા તેમના જીવનમાં જોઈ શકાય છે. યુદ્ધ સમયના બિહામણાં દશ્યો યોજીને એક વાતાવરણનું નિર્માણ કર્યું છે. સોમનાથ ધ્વંસની કથાને અનુષંગે ઈતિહાસના માધ્યમથી તર્કબદ્ધ રીતે માનવીય એકતા-અખંડિતતાને જાળવી રાખનાર પરિબળ રૂપે ધર્મ અને એના પ્રભાવનું નિરૂપણ કર્યું છે. વાસ્તવમૂલક નવલકથાઓએ આપણે કથળેલી રાજકીય-સામાજિક પરિસ્થિતિની આલોચના કરી છે. કટાક્ષયુક્ત નવલકથાઓ અને ભારતની એકતા અખંડિતતાના પરિબળને કલાત્મક રીતે આલેખતી ઈતિહાસમૂલક નવલકથાઓનું નિરૂપણ કર્યું છે. જનસંપર્ક, રસ-રુચિના તેમના ક્ષેત્રો કેટલા વિશાળ અને વ્યાપક હતા, તેમની પાસે કેટકેટલા પ્રકારનું જ્ઞાન અને માહિતી હતાં.

તેનો ખ્યાલ તેમના સર્જન વિવેચન પરથી આવે છે તેમજ અંગ્રેજીને બદલે શુદ્ધ ગુજરાતી શબ્દપ્રયોગનો પ્રચાર થાય અને કટાક્ષનું તત્ત્વ, છંદ વિનિયોગ, ચિત્રાત્મકતા દશ્યાત્મક અને સૌરાષ્ટ્રની બોલીના શબ્દો દ્વારા ભાવને સચોટ રીતે નિરૂપે છે. બહુશ્રુત વ્યક્તિત્વ, સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને જગતના વ્યાપક અનુભવમાંથી મહત્ત્વની ઘટનાઓને ઊંડી સૂઝથી અભિવ્યક્તિ અર્પવાની આવડત નજરે પડે છે. મડિયાની સામાજિક નવલકથામાં આપણી શરાફી પેઢીઓની નીતિરીતિનું તેમાણે આપેલું ચિત્રાણ આજે પણ એટલું જ રોચક નીવડે છે પોતે જેને પોતાની ખોવાયેલી દુનિયા તરીકે ઓળખાવતા તેમાં સૌરાષ્ટ્રના હૂબહૂ ચિત્રો આલેખાયાં છે. કટાક્ષ અને નર્મમર્મની ધાર આપણા સમકાલીન જીવનના કઢંગાપણાને પ્રગટ કરે છે તેમની ટૂંકી વાર્તાઓમાં ગ્રામજીવન અને શહેરી જીવનના તાણાવાણાનું ગ્રંથન કલાત્મકતા ધારણ કરે છે. આવા ચુનીલાલ મડિયા લેખકની દષ્ટિએ તેનો અક્ષરદેહ માનવજીવનની શ્રદ્ધાનો જે સૂર રેલાવી રહ્યા છે. તે ચિરકાળ પ્રેરક બની રહે તેવા હેતુથી રમણલાલ જોશીએ સંપાદનની ‘ગ્રંથકાર શ્રેણી’માં તેમને સમાવી લીધા છે.

ગુજરાતી 'ગ્રંથકાર શ્રેણી'નું ૩૫મું સંપાદન એટલે મણિલાલ હ. પટેલની કલમે લખાયેલું 'ઈશ્વર પેટલીકર'નું સર્જન, નવરાશના સમયમાં વાર્તા લખવાનો શોખ જાગેલો પણ સમજાણ વિકસેલી નહી. સાહિત્ય પ્રભાવના ઉત્સાહમાં આવી જઈને 'કપટીના કારસ્તાન' ચોપડી લખીને છપાવી. મણિલાલ હ. પટેલે નોંધ્યું છે કે- 'લેખક થવાની હોંશમાં રૂપિયા ગુમાવ્યા પછી સમજાયું કે લેખક આમ ન થવાય. લાંબી વાર્તાને બદલે ટૂંકીવાર્તા લખતા થયા. તેઓ કહે છે કે જીવનની વાસ્તવિકતા અને સાહિત્યની વાસ્તવિકતામાં ફેર છે. સ્થૂળ ઘટનારસના આલેખનનો માર્ગ સસ્તો અને લપસણો છે તેમની પ્રારંભિક કૃતિઓ જ એમને ગાજતા કર્યા. ત્યારબાદ તો તેઓ આજીવન કલાને સહારે રહ્યા ને વ્યવસાયને દીપાવ્યો. માનવતા એમનો ગુણ હતો. વિસ્તરવું એમનો સ્વભાવ અને વિકસવું એમની નેમ રહ્યાં છે એ તો સ્નેહ સદ્‌ભાવ અને સાચના સાક્ષી રહ્યા છે. વિવાદોને સુલઝાવવામાં એમાણે પોતાની શક્તિને ક્રિયાશીલ રાખી છે.

આજે જ્યારે માનવ મૂલ્યોની પતનલીલા દેખાય છે. બર્બરતા અને અંધાધૂંધીના અંધકાર ભણી પ્રજા ધકેલાઈ રહી છે. રાજકારણનો છૂટો દોર મળ્યો છે ત્યારે પેટલીકર જેવા પ્રહરીની જરૂર સમાજને છે. એમના મતે જે સાહિત્યમાં ચિંતન ન હોય તે ચિરંતન બનતું નથી. શુદ્ધ સાહિત્ય એટલે ચિંતનસભર સાહિત્ય, પેટલીકરની ગતિ સાહિત્યથી જીવનભણી રહી છે. પેટલીકરે બે ડઝનથી પણ વધારે નવલકથાઓ આપી છે. કથાનો વેગ કૃતિઓના આસ્વાદમાં રહેલો છે. તેમણે ગામડાની પ્રાદેશિક ભાષા, તળપદી બોલીમાં તળપદા જીવનને સાહિત્યમાં ઢાળવાનું કાર્ય કર્યુ છે. પાત્રની ઉક્તિઓ એના આંતર વ્યક્તિત્વને ઉજાગર કરે છે તેમની કૃતિમાં નારીત્વનું અપમાન ન થાય તે જોવાયું છે. સ્ત્રીત્વના લક્ષણ કયાંય વિકૃત થતા નથી. મુલાયમ લાગણીને છેક સુધી ભીતરમાં કે બહાર વહેતી બતાવી છે. જે ભારતીય નારીના આદર્શ સુધી અજાણતાં જ લઈ શકે છે. સંપાદકે પસંદ કરેલા ઈશ્વર પેટલીકરનું સર્જન 'ગ્રંથકાર શ્રેણી'ના હારમાળાનું તેજસ્વી મણિ બની રહ્યું છે.

વાર્તાકાર, નવલકથાકારનાં યશોગાન કરાવનાર સંપાદક રમણલાલ જોશીએ કેટલાક મોટાગજાના કવિઓ વિશે પણ સંપાદન કરવાનું કાર્ય કરી, ઉત્કૃષ્ટ સંપાદક તરીકે નામના યશસ્વી મેળવી છે. કવિ 'કાન્ત' અને કવિ 'ન્હાનાલાલ' વિશે પણ તેમણે સંપાદન કરી 'ગ્રંથકાર શ્રેણી'ને બિરદાવી છે. ગુજરાતના મહાન ઊર્મિકવિ ન્હાનાલાલને ગુજરાતી 'ગ્રંથકાર શ્રેણી'નું અમૂલ્ય રત્ન કહી શકાય. કવિ કાન્તે પોતાનાથી એક દશકો નાના કવિ ન્હાનાલાલના ગુજરાતી સાહિત્યના પ્રવેશને કવિની જ એક પંક્તિ: 'ઉગ્યો પ્રફૂલ્લ અમીવર્ષ ચંદ્રરાજ' થી વધાવ્યો હતો. અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ અધિવેશ મળેલું ત્યારે કાન્તે 'આપણું નવું કાવ્ય સાહિત્ય' નિબંધ વાંચેલો, એ પછી વિવેચકો અને અભ્યાસીઓ સતત આ સુખદ પ્રસંગનું સ્મરણ કરતા રહ્યા છે. વિવેચનની કેટલીક તરાહો સમય જતાં પોતાની અર્થવત્તા ગુમાવી બેસતી હોય છે. પણ કાન્તની આ ઉક્તિ એટલી જ તાજી અને સ્વીકાર્ય છે. આ સ્વાગત ઉક્તિનું સૌંદર્ય એવું ને એવું જ અકબંધ જળવાઈ રહ્યું છે, જ્યારે ન્હાનાલાલની જીવનદષ્ટિ સનાતન કરતાં સુધારક વલણવાળી વધારે છે છતાં ઉચ્છેદ નહીં પણ સમતુલાવાળી છે. લેખકના મતાનુસાર ન્હાનાલાલ વિચારક ખરા પણ ચિંતનશીલ કે મંથનશીલ પ્રકૃતિ કવિમાં નહીં, તેમનામાં ચિંતનશીલતા કરતાં આવેગાત્મક પ્રકૃતિ વિશેષ દેખાય છે. પરંતુ બાહ્ય ટીકાઓથી અંતર્મુખ બનવાને બદલે પોતાના મનમાં નિશ્ચિત બનતા ખ્યાલોથી ચલિત થયા વગર ઉપેક્ષા-ટીકા તરફ લક્ષ્ય વગર અબુધ રીતે જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાનું કાર્ય ચાલું રાખ્યું. સાહિત્યના લગભગ બધાં સ્વરૂપોમાં ફરી વળવું એ એમના સર્જનનું આગવું લક્ષણ છે. ભાવનું વૈવિધ્ય, શબ્દોનું માધુર્ય, વ્યંજનાસભરતા, ચિત્રાત્મકતા એ દરેક દષ્ટિએ તપાસીએ તો અર્વાચીન ગુજરાતી કવિતામાં ન્હાનાલાલની કક્ષાએ બેસી શકે એવો બીજો કોઈ ગીતકવિ થયો નથી તેમના ગીતોનો લય, ગીતની હીંચ, ઢાળના કાવ્યપોષક સંગીતને પામવાની અજબ સૂઝ તેમના કાનમાં હતી. ગુજરાત અને સૌરાષ્ટ્રના તળપદા

જીવનમાં પ્રચલિત અનેક પ્રાચીન ઢાળોને કવિએ પોતાના ગીતોમાં પુનર્જીવિત કર્યાં છે. જીવનના વાસ્તવથી વિમુખ બની ભાવનામાં રાચવું, કલ્પનાની મધુર સૃષ્ટિ ખડી કરી એમાં માણ્યું એનું નિરૂપણ કર્યું છે. પ્રચાર, પ્રશસ્તિ અને બોદ્ધનું તત્ત્વ કવિતા વ્યક્તિત્વમાં એટલું આગળ ધસી આવે છે કે વિચાર તત્ત્વને કળારૂપ આપવાની સ્વસ્થતા કે સંયમ કવિમાં રહેતા નથી. વર્ણન ઉદ્‌બોધન, વિશ્લેષણ, ચિંતન એમ એમના ગદ્યની તરેહો એમના સાહિત્યમાં અનુભવવા મળે છે. મહાકવિની અભિલાષા સેવનાર કવિ છેવટે સમર્થ ઊર્મિકવિ હતા એ વાત ગુજરાતી વિવેચને સ્વીકારી છે અને એ રીતે તેઓ ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ સ્થાનના અધિકારી પણ બન્યા છે અને તેથી જ રમણલાલ જોશીએ ગુજરાતી સાહિત્યમાં તેનું ચિરંજીવ-સ્થાન સદાકાળ માટે જળવાઈ રહે, આવા સાહિત્યના રત્નોથી ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ કાયમ ઉજળો રહે, એવા હેતુથી તેમની ‘ગ્રંથકાર શ્રેણી’માં તેમનો સમાવેશ કરીને સાહિત્યને અને સમાજને ઉત્તમ યોગદાન આપ્યું છે. રમણલાલ જોશીના મતે કવિ કાન્તે એ ગુજરાતી ‘ખંડકાવ્યો’ના વિધાયક બન્યા છે અને તેમણે સુશ્લિષ્ટ રચનાઓ આપી છે. તેમણે પ્રમાણમાં ઓછું લખ્યું છે પણ જે લખ્યું તે અત્યંત સત્વશીલ અને પ્રત્યેક શબ્દ તેમના વિશિષ્ટ વ્યક્તિત્વની મુદ્રાથી અંકિત છે તેમણે કવિતા, નાટક, શિક્ષણ, ચિંતન, પત્રલેખન, વિવેચન સંશોધન વગેરે પ્રકારોમાં કામ કર્યું હોવા છતાં તેમને કવિ તરીકે જ ઓળખાવાયા છે. કવિ કાન્તના સર્જન સમયનો સમયગાળો સાહિત્યિક દૃષ્ટિએ ઉત્તમ પૂરવાર થયો. કવિ કાન્તની માંગ સત્યપ્રાપ્તિની છે પણ તેમના સત્યનું રૂપ, ભક્ત કે જ્ઞાનીનું નહિ પણ સ્નેહીનું છે આ સ્નેહની પરિભાષા પણ કાન્તની પોતીકી, આગવી છે. કાન્તને વેદના ઋષિઓનું દર્શન પણ એક જિજ્ઞાસું તરીકે તેમ આકર્ષી શક્યું છે. બુદ્ધની કરૂણાને સમન્વયવાદી વલણ ઉચિત જાણાયું છે. થિયોસોફીના રહસ્યવાદે પણ તેમને આકર્ષ્યા છે, તો ઈસ્લામનો પ્રભાવ પણ તેમના પર પડ્યો છે. મુગ્ધાવસ્થામાં રચાયેલી તેમની રચનાઓની સ્વાભાવિક

કચાશોમાંથી તેઓ તરત જ બહાર નીકળીને કાવ્યક્ષેત્રે ઝડપથી આરોહણ કરી શકયા છે, તેમની પ્રતીતિ તેમના કાવ્યોમાં જોવા મળે છે તેમની કાવ્યસાધના બેશક ખૂબજ ઊંચી ભૂમિકાએ પહોંચે છે. તેમના મિત્રમંડળ, એમના સામાજિક વ્યવહારો, એમનું હળવું-મળવું કંઈક અંશે સીમિત પણ રહ્યા હશે જેને કારણે સમાજના સહવાસને સંદર્ભ તેમને પૂરેપૂરા ન સાંપડવાનું સંભવિત છે. કવિતામાં પડેલા હીરને પછીના યુગની પહેલી પેઢી વધારે આદરપૂર્વક આત્મસાત્ કરી શકી. તેમના પ્રયોગમાં નિરૂપણરીતિને વિચારતી આધુનિક મુદ્રા અંકિત થતી જોવા મળે છે. સક્રિયતા તેમાં ઉત્કટ રીતે અનુભવાય છે. વિધિવક્રતા કરુણનું ભારણ બનતી નથી. સામાન્ય રીતે તેમનું જ્ઞાન મનુષ્યને સુખદાયક બને, માર્ગદર્શક બને, એમના જીવનમાં પ્રકાશ પાથરે તેવું છે. આવા અદ્વિતીય કવિ ચિરસ્મરણીય કવિને સંપાદક રમણલાલ જોશી એ દર્શના ધોળકિયાના હસ્તે 'ગ્રંથકાર શ્રેણી'માં મૂકીને સાહિત્યરસિકોને કાવ્યની ભૂખ ભાંગી છે.

ગાંધીયુગની પરંપરાનું પંડિતયુગ સાથે એક અનુસંધાન એટલે મનસુખલાલ ઝવેરી. લેખક દુષ્યંત પંડ્યાની કલમે લખાયેલ મનસુખલાલ ઝવેરીના સર્જનને રમણલાલ જોશીએ 'ગ્રંથકાર શ્રેણી'માં સમાવીને સાચા અર્થમાં ગુજરાતી સાહિત્યને બિરદાવ્યું છે. અનુભૂતિઓનાં ઊંડાણો તરફ અંગુલિનિર્દેશ કરવામાં અને એમ કરીને કાવ્યમાં રસ ઉત્પન્ન કરવામાં તેઓ પૂરા સફળ થયા છે.

કાકાસાહેબ કાલેલકરને રમણલાલ જોશીએ 'ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા' કહ્યા છે. લેખકના મત અનુસાર સામવેદની ઋચાઓનું ગાન કરનારને સતત-જીવનભર સમજાવી આપણી પ્રજાને અભિમુખ કરનાર કાકાસાહેબ સંસ્કૃતિના ઉદ્‌ગાતા છે. ભારતીય સંસ્કૃતિનો સંદેશો તેમણે આપણને સમજાવ્યો એટલું જ નહી પણ એની સાથે એવી એકરૂપતા સાધી કે એમનું સમગ્ર જીવન પ્રતીક સમું બની રહ્યું. રમણલાલ જોશીના શબ્દોમાં જોઈએ તો: 'કાકાસાહેબને એક શબ્દમાં વર્ણવવા હોય તો 'વિભૂતિ' કહી શકાય. આ અભિધાનથી ઓળખાવી શકાય એવા જાજા માણસો આપણી પાસે નથી, અને કાકાસાહેબ માટે બીજો શબ્દ જડતો નથી.

અર્વાચીન ભારતમાં પ્રગટેલા મનીષીઓમાં તેમની ગણના થાય.'[૧૩] રમણલાલ જોશીએ કેળવણીકાર કાકાસાહેબ કાલેલકરના ગુજરાતના સંસ્કારજીવન પરના પ્રભાવની વિશેષતા અંગે ઘણી ચર્ચા કરી છે તેમજ તેમણે મુખ્યત્વે કેળવણી અને સાહિત્યમાં કામ કર્યું, તેમના લખાણો અને સંભાષણોએ ગુજરાતી લેખકો ઉપર જાદુઈ અસર કરી, અનેક લેખકોના ઘડતરમાં તેમનો ફાળો છે. કાકાસાહેબની માતૃભાષા મરાઠી હોવા છતાં ગુજરાતી પર તેમણે મેળવેલા અદ્‌ભુત પ્રભુત્વનો ચરિતાર્થ કરતાં રમણલાલ જોશીએ નોંધ્યું છે કે 'કાકાસાહેબ લેખક તરીકે સહેજે પરાયા લાગતા નથી. ગાંધીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપેલું.'[૧૪] 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં ચન્દ્રકાન્ત મહેતાએ લખેલા કાકા કાલેલકરના સર્જનનું રમણલાલ જોશીએ સંપાદન કરીને ગુજરાતી સાહિત્ય સંપાદનના વારસાને વધારે સુશોભિત કર્યો છે. કાકા કાલેલકર વિશે રમણલાલ જોશીએ લખેલા એમના જ શબ્દો નોંધવા જેવા છે: 'એક ઉત્તમ સર્જન નિબંધકાર, આત્મકથા લેખક, પ્રવાસવર્ણનકાર, કેળવણીકાર અને ચિંતક તરીકેનું તેમનું કાર્ય ઊંચી કોટીનું છે. આ બધામાં તેમની સૌન્દર્યાભિમુખ કવિદૃષ્ટિ રહેલી છે. એમની પ્રતિભા ગદ્યમાં કાવ્ય સર્જે છે. કાકાસાહેબને ઉમાશંકરે યોગ્ય રીતે જ 'કવિ' તરીકે ઓળખાવ્યા છે. લલિતનિબંધનો પ્રકાર હંમેશા તેમના નામ સાથે જોડાયેલો રહેશે. બાલસહજ કૌતુકથી તેમણે પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપોનું સૌન્દર્ય છતું કર્યું છે, તેમણે તડકાનું અને કાદવનું કાવ્ય બતાવ્યું છે, તારાઓના સૌન્દર્યને પ્રગટ કર્યું છે, નદી અને ઝરણાની શોભા વર્ણવી છે. પ્રકૃતિ અને મનુષ્ય ઉભયના સૌન્દર્યને તે પ્રમાણે છે. કાકાસાહેબ સમગ્ર સૃષ્ટિના પ્રેમી કવિ છે. તેમની શૈલી પણ સંસ્કૃત સાહિત્યના પ્રગાઢ પરિશીલનથી પરિષ્કૃત થયેલી છે. લોકબોલીના શબ્દો અને રૂઢિપ્રયોગોને પણ તે ક્ષમતાપૂર્વક પ્રયોજે છે. ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષાનો તેમણે કરેલો પ્રયોગ છેલ્લી અડધી સદીના ગુજરાતી ગદ્યમાં વિરલ કહી શકાય એવો છે. આ આલંકારિક ગદ્યમાં સરલતાનું સ્વાભાવિક સૌન્દર્ય છે. કાકાસાહેબની ગુજરાતી તે કોઈ

બિનગુજરાતીની ગુજરાતી છે. એવો દૂરનોય વહેમ ન પડે એવી એ જીવંત ભાષા છે. આવા સમન્વય અને સંવાદિતાના સાધક, કાકાસાહેબ ભારતીય સંસ્કૃતિનાં ઉદ્‌ગાતા તરીકે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં ચિરસ્મરણીય સ્થાન પ્રાપ્ત કરનાર છે, રમણલાલ જોશી 'ગુ.ગ્રંથકાર શ્રેણીમાં કાલેલકરનો સમાવેશ કરીને ઉત્કૃષ્ટ સંપાદક તરીકેની સમાજને સેવા આપી છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ની સત્તાવીસમી પુસ્તિકા ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે પ્રહલાદ પારેખ પર તૈયાર કરેલી રમણલાલ જોશીએ સંપાદન શ્રેણીમાં પ્રહલાદ પારેખની ભક્તિનો સમાવેશ કરીને તેમની સૌરભપ્રીતિને બિરદાવી છે.

'પ્રિયકાન્તઃ ફૂલોના કવિ' વિષયક સંપાદનની પ્રથમ પુસ્તિકા નલિન રાવલે લખેલી સાહિત્ય જગતમાં ફૂલોના પ્રતીક સમા પ્રિયકાન્ત મણિયારની ફૂલ વિષયક કવિતાનું રમણલાલ જોશીએ લીધેલું ઉદાહરણ હૃસયસ્પર્શી છે:

'ફૂલનો બોજો કદી કો ડાળને હોતો નથી,
જાણીબુજીને હું હવે આ આંસુને લ્હોતો નથી.'[૧૫]

લેખકે પ્રિયકાન્તને પુષ્પ જેવા હળવાફૂલ કહ્યા છે. કેમકે તેમની કવિતામાં પુષ્પની કુમાશ, એમના ભાવોનું માર્દવ, એમના વ્યક્તિત્વની સૌરભ સર્વત્ર વ્યાપેલી છે. પ્રિયકાન્ત એટલે ફૂલોની મહેફિલ એવું જ એમની કવિતામાં આવતી પ્રાણીસૃષ્ટિ અને રંગોનું છે. પાશ્ચાત્ય નવ્ય વિવેચના સાહિત્યકૃતિના મર્મને પકડવામાં એના રહસ્યને પામવામાં મનોવિજ્ઞાનને, સામાજિક શાસ્ત્રો અને ખાસતો ભાષાવિજ્ઞાનને કામે લગાડે છે. એ દષ્ટિએ સંપાદક પ્રિયકાન્તની કવિતા અભ્યાસ કરવા જેવી લાગે છે. પૃથ્વીના સૌંદર્યની મૃગ્ધતાની-કવિસહજ મુગ્ધતાથી-પ્રિયકાન્ત અનુભવે છે. આ વિવિધ ઋતુઓ, ઋતુપરિવર્તનો, સવાર-સાંજ અને રાત્રિ, બપોરનો તડકો, જલદર્શનો, પર્વતો અને નદીઓ અને સૌથી વિશેષ વૃક્ષોપુષ્પોની વિવિધ કલાભંગિઓ કવિહૃદયમાં એક વિસ્મયનો ભાવ જગાડે છે. આ 'વિસ્મય'નું પૃથ્વીલોકના

'આનંદ'નું જતન કરતા પ્રિયકાન્ત મણિયારને 'ગ્રંથકાર શ્રેણી' માં સમાવીને ફૂલોથી જાણે 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'નું સ્વાગત કર્યું હોય એવું લાગે છે. રમણલાલ જોશી મોટા ગજાના વિવેચક, સંશોધક અને સંપાદક હોવા છતાં તેની દૃષ્ટિ, શોધ અને હૃદયભાવોની અભિવ્યક્તિમાં કાવ્યની ઋજુતા, મૃદુતા અને પ્રકૃતિ તેમજ પ્રેમના વિષય પરત્વેના પક્ષપાતના દર્શન થાય છે. અહીં પ્રિયકાન્ત મણિયારને પણ ફૂલો તરફ પક્ષપાત દર્શાવતા બતાવ્યા છે. રમણલાલ જોશીએ નોંધ્યું છે કે પ્રિયકાન્તને પણ મોગરો, ગુલાબ અને કેસુડાં વિશેષ ગમે છે. ગુજરાતી કવિતામાં કવિઓએ ફૂલોને લાડ લડાવ્યાં છે, પણ પ્રિયકાન્તનું ફૂલો સાથેનું તાદાત્મય અનન્ય છે. લેખકે પુષ્પ અને પ્રિયકાન્તે સમાનાર્થી થઈ જતા બતાવ્યા છે. તેઓ જણાવે છે કે, 'ફૂલ એટલે પ્રિયકાન્ત' અને પ્રિયકાન્ત એટલે ફૂલ, એટલે જ પ્રિયકાન્તની પુષ્પપ્રીતિ એવો શબ્દપ્રયોગ કરવાને બદલે હું પ્રિયકાન્તને ફૂલોના કવિ તરીકે ઓળખાવવાનું વધુ પસંદ કરું.'[૧૬]

સુકુમાર મધુર ભાવોના ગાયક કવિ બાલમુકુન્દ દવે ને 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણીના' ૪૭મા ભાગમાં સમાવી લેનાર સંપાદક રમણલાલ જોશીએ સંપાદક તરીકેની વિશિષ્ટ ગુણવત્તા, વિષય વૈવિધ્ય અને સર્જનની ઉત્કૃષ્ટતાના ઉત્તમ ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. સંપાદનો ઢગલાબંધ થયા છે પરંતુ સૂઝબૂઝયુક્ત સંપાદન ઘણું ઓછું છે. તેમાંય 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં ૪૮ જેટલાં પુસ્તકોનું સંપાદન કરીને ઘણાબધા કવિઓ અને લેખકોને સમાવી લઈને રમણલાલ જોશીએ સાહિત્યરસિકોને રસના વિવિધ વિષયો પીરસ્યા છે. ગાંધીયુગના કવિઓમાં પ્રથમ હરોળનું સ્થાન પામી શકનાર કવિ બાલમુકુન્દ દવે ઓછું લખતા પણ જે કંઈ લખતા તે ટકોરાબંધ લખતા એવું કહેનાર સંપાદક રમણલાલ જોશીએ નોંધ્યું છે કે: 'બાલમુકુન્દ સરિતાની તર્જની ઝાલીને કવિતાની કેડીએ વિહર્યા. તેમના પ્રાણય, પ્રકૃતિ અને ભક્તિવિષયક કાવ્યોમાં બાલમુકુન્દનો નિજી અવાજ સંભળાય છે. તેમનાં કેટલાક સુંદર લયહિલ્લોલવાળાં ગીતો લોકજીભે રમતા થયાં છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' વિશે યોગેશ જોશીએ ઉદ્દેશ (જાન્યુઆરી

૨૦૦૭) માં નોંધ્યું છે. 'ગુજરાતી સર્જકો અને એમના સર્જનનો સઘન પરિચય કરાવતી ગ્રંથશ્રેણીનું સંપાદન તરત યાદ આવે- અલગ અલગ સંનિષ્ઠ અભ્યાસીઓ દ્વારા લખાયેલા અડતાલીસ ગ્રંથો આ શ્રેણી અંતર્ગત પ્રગટ થયા છે. મોટા ઉપાડે આવું કામ શરું કરવું એ અઘરું નથી, પણ આવું કામ ગુણવત્તા જાળવીને ચાલુ રાખવું એ સહેલું નથી.'[૧૭]

રમણલાલ જોશીએ મધ્યકાલીન પંડિતયુગીન અને આધુનિક સાહિત્યકૃતિઓનું સંપાદન વિશાળફલક પર કરેલું છે. કેટલાંક સંપાદનો તેમણે અન્ય લેખકો સાથે રહીને કર્યાં છે તો કેટલાંક સંપાદનો સ્વકીય સંપાદનો છે. સંપાદકમાં આવશ્યક એવા ગુણો, કૃતિની ગુણવત્તા, એની ચિરકાલીન રસવત્તા પામવાની સહૃદયતા, ચયનશક્તિ, એનું સમગ્ર ગુજરાતી સાહિત્યમાં સ્થાન પામવાની સૂઝ- વગેરે એમનામાં સહજ રીતે પ્રતીત થાય છે. આથી ગુજરાતી સાહિત્યમાંથી સંઘરવા-સાચવવા જેવી કૃતિઓ એમના હાથે ઉત્તમ રીતે સંપાદિત થઈ છે. પ્રાપ્ત લેખો કે કાવ્યોનું સંપાદન તો નિરાંતે બેસીને કરી શકાય, પણ રમણલાલ જોશીએ તો ગોવર્ધન સેવા શતાબ્દી પ્રસંગે નડિયાદના 'લોકલહરી પ્રકાશન' સંસ્થા દ્વારા, ગુજરાતના નવ-વિવેચકો પાસેથી લેખો નિમંત્રણથી લખાવીને સંપાદન કરવાનું કાર્ય સોંપાયું ! આ કામ ઘણું અઘરું હોવા છતાં રમણલાલ જોશીએ તેમના જેવા ધીરગંભીર અને સક્રિય વિદ્વાને તત્કાલીન વિદ્યમાન એવા વિષ્ણુપ્રસાદ ત્રિવેદીથી માંડીને નવ્ય વિવેચકો મફત ઓઝા, સુમન શાહ તથા ચન્દ્રકાન્ત ટોપીવાળા જેવા વિદ્વાનો પાસેથી લેખો મેળવીને સંપાદન ગ્રંથ 'ગોવર્ધન પ્રતિભા' પૂરો કરેલો! આ ઉપરથી જોઈ શકાય છે કે સંપાદકમાં જ ધૈર્ય, સ્વસ્થતા અને ખંત હોવા જોઈએ તે તેમનામાં સહેજે જાણાય છે. સાર્વત્રિક મૈત્રી સંબંધી એમને ઉપકારક થયો છે. શ્રેષ્ઠ સંપાદક તરીકે રમણલાલ જોશીને બિરદાવતાં ભાનુપ્રસાદ પંડ્યાએ નોંધ્યું છે 'સંપાદક પાસે પહેલી અપેક્ષા કૃતિસંપાદનમાં એના ઐતિહાસિક સ્થાનનિર્ણયની હોય છે. એ બાબતમાં કશું 'ઉભડક' કે 'ગોળગોળ' ન ચાલે. સંપાદક તરીકે રમણભાઈએ શિસ્ત બરાબર દાખવી છે.'[૧૮]

'સામાન્યતઃ સંપાદક કોઈપણ લેખક-સર્જકની કૃતિ પસંદગીમાં પોતાના રસરુચિ અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં કૃતિની આસ્વાદ્યતા અને ગુણવત્તા લક્ષમાં રાખતા હોય છે પણ તે લેખકને પોતાના ચયન અંગે પૂછતા નથી હોતા. પરંતુ રમણલાલ જોશી કવિ સુન્દરમ્‌ના સતત સંપર્કમાં રહેલા હોવાથી સુન્દરમ્‌ના સર્જનને ખૂબ સારી રીતે પસંદગીપૂર્વક સંપાદિત કરી શકયા છે. લેખક જેવા સંપાદક એ સહાય વિદ્વાન અને બહુશ્રુત સાહિત્યકાર હોવાથી અહીં સુન્દરમ્‌ની પ્રત્યેક કૃતિને તેમણે માણી હોવાથી પ્રતીતિ એમણે પ્રારંભથી તેમની કેફિયત દ્વારા આપણને કરાવી છે. સુન્દરમ્‌ની વાર્તાઓમાં પરિસ્થિતિ, ચરિત્રનું આંતરમંથન અને નિરૂપણમાં કેટલીકવાર આધુનિક રસરુચિને પ્રિય લાગે એવું ઘણું છે.'[૧૯]

આમ રમણલાલ જોશીના સંપાદનકાર્યમાંથી એક સંપાદક તરીકેની એમની સૂઝ અને રાજનીતિનો સહજ અનુભવ થાય છે. તેઓ સાહિત્યના વિભિન્ન યુગો અને પ્રવાહો સાથે નાતો ધરાવે છે. પરિણામે એમની પાસેથી મધ્યકાલીન કવિ અખાકૃત 'અખેગીતા' અને 'અખાનાં કાવ્યો'નું સંપાદન મળે છે. પંડિતયુગીન સાક્ષર ઉત્તમલાલ ત્રિવેદી અને ગોવર્ધનરામના સાહિત્યવિષયક સંપાદનો મળ્યા છે તો ગુલાબદાસ બ્રોકર અને સુન્દરમ્ જેવા ગાંધીયુગના સર્જકોની કૃતિઓનાં સંપાદનો પણ એમણે આપ્યાં છે. સર્જકસહજ સંવેદનશીલતા અને સહૃદયતા રમણલાલ જોશીને ઉત્તમ સાહિત્યકૃતિનું સંપાદન કરવા પ્રેરે છે, તો કૃતિની ઉત્તમતાને પારખવાની એમની દૃષ્ટિ અને ચયનશક્તિ એ સંપાદનોને નક્કર ભૂમિકા પૂરી પાડે છે.

# પાદટીપ

૧. સં. રમણલાલ જોશી, 'સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવન વૃત્તાંત', પૃ. ૧૭

૨. એજન, પૃ. ૭૧

૩. એજન, પૃ. ૧૫૩

૪. એજન, પૃ. ૧૩૨

૫. સુન્દરમ્, 'સાહિત્ય વિચાર', પૃ. ૪૫

૬. સં. રમણલાલ જોશી અને રામપ્રદાસ બક્ષી, 'ઉત્તમલાલની ગદ્યરિદ્ધિ', પૃ. ૧૪

૭. સં. રમણલાલ જોશી, 'ફૂલ ઝરે ગુલમહોર', પૃ. ૧૪

૮. સં. રમણલાલ જોશી, 'અખાના કાવ્યો', પૃ. ૧૨

૯. એજન, પૃ. ૯

૧૦. સં. રમણલાલ જોશી, 'સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ', પૃ. ૧૨

૧૧. સં. રમણલાલ જોશી, 'કવિ દયારામનો અક્ષરદેહ', પૃ. ૬૭

૧૨. એજન, પૃ. ૩

૧૩. સં. રમણલાલ જોશી, 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી : ૨૫ કાકા કાલેલકર પાછળનું મૃખપૃષ્ઠ'

૧૫. એજન, પૃ. પાછળનું મુખપૃષ્ઠ

૧૬. સં. રમણલાલ જોશી, 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી-૧', પ્રિયકાન્ત મણિયાર, પૃ. ૧૨

૧૭. એજન, પૃ. પાછળનું મુખપૃષ્ઠ

૧૮. યોગેશ જોશી, 'ઉદ્દેશ્ય', જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૨૫

૧૯. ભાનુપ્રસાદ પંડ્યા, 'ઉદ્દેશ્ય', જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૨૯

# પ્રકરણ-૫
# રમણલાલ જોશીનું સાહિત્યિક પત્રકારત્વ

સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે વિશાળ ફલક પર કાર્ય કરનાર રમણલાલ જોશીનું યોગદાન પણ નાનુસૂનું નથી. ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વના ઈતિહાસમાં પણ તેમનું સીમાચિહ્નરૂપ સ્થાન છે. જુદા જુદા ઘણાં વર્તમાનપત્રોમાં તેમજ સામાયિકોમાં તેમણે વર્ષો સુધી પોતાની કલમ ચલાવી છે. કટારલેખનને નિમિત્તે એમણે ગ્રંથાવલોકનની નોંધપાત્ર કામગીરી કરી છે. પારદર્શી પત્રકાર તરીકેનું કર્તવ્ય બજાવનાર રમણલાલ જોશીએ સાંપ્રત સાહિત્યિક ગતિવિધિનો પરિચય કરાવ્યો છે, તેમજ સાહિત્યની સાચા અર્થમાં સેવા કરી છે.

સાહિત્યિક પત્રકારત્વની શરુંઆત તેમણે રાણપુરથી પ્રગટ થતા 'જીવનપ્રકાશ'માં 'કિતાબ અને કસોટી' વિભાગ અંતર્ગત કટારલેખનથી કરી. 'જીવનપ્રકાશ'ના તંત્રી મોહનલાલ દવેએ રમણલાલ જોશીને આ કાર્ય સોંપેલું. આ લેખો તૈયાર કરવા માટે તેમણે ઘણા ગ્રંથોનું નિયમિત અવલોકન કરેલું. ત્યારબાદ ૧૯૭૪થી કેટલાંક વર્તમાનપત્રોમાં અને સામયિકોમાં એમને સતત સાહિત્યની કોલમ લખવાનું થયું. ડિસેમ્બર ૧૯૭૪ થી ૨૦૦૬ સુધી રમણલાલ 'જનસત્તા-લોકસત્તા દૈનિકમાં 'અક્ષરની આબોહવા' મથાળા હેઠળ લખ્યું હતું અને એજ સમય દરમ્યાન ૧૯૭૫થી ૧૯૮૫ના દાયકા દરમિયાન એ જ દૈનિકમાં તેઓ 'શબ્દ-પ્રતિશબ્દ' શીર્ષકથી પણ લખતા રહેલા. સરજાતા સાહિત્યની નિસબત સમજના બહોળા સમૂહ સાથે પ્રત્યાનની પણ છે. સર્જકની મદદ આવીને આ કાર્ય વિવેચક ઉપાડી લે છે ત્યારે સર્જકનો શબ્દ વધુ વ્યાપક બને છે. ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વમાં 'અક્ષરની આબોહવા' રેલાવનાર સાક્ષરવર્ય રમણલાલ જોશીએ વીર કવિનર્મદના 'દાંડિયો'થી લઈને કવિવર ઉમાશંકર જોશીના 'સંસ્કૃતિ' સામયિકની પરંપરા 'ઉદ્દેશ' સાથે આગળ ધપાવી. સાહિત્યના શબ્દને-સરજાતા ગુજરાતી તેમજ સમકાલીન સાહિત્યને વિવેચનાત્મક-પરિચાયક-આસ્વાદ્ય તરાહમાં

પત્રકારત્વના-કટારલેખનના માધ્યમ વડે બળવત્તર બનાવીને ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વને રમણલાલ જોશીએ નવી દિશા આપી. ડિસેમ્બર, ૧૯૯૦માં ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના ઉપક્રમે 'જનસત્તા-લોકસત્તા'ના સ્થાપક તંત્રી રમણલાલ શેઠની સ્મૃતિમાં આયોજિત વ્યાખ્યાનમાળામાં રમણલાલ જોશી વ્યાખ્યાન આપવા ગયેલા તેમના વ્યાખ્યાનનો વિષય હતો- 'ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ: પરંપરા અને પ્રશ્નો' વ્યાખ્યાન બાદ પત્રકારત્વ વિષયક ઘણા લેખકો સાથે એમની ચર્ચાઓ થઈ. એ સમયે 'ગુજરાત સમાચાર' માં પત્રકાર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ દેસાઈએ નોંધ્યું છે-'વ્યાખ્યાનના અંતે હું એમને મળ્યો એ અમારી પ્રથમ મુલાકાત. બીજી વાર મળવાનું નક્કી કરીને અમે છૂટા પડ્યા, એમણે શરું કરેલા નવા સામયિક 'ઉદ્દેશ' (સ્થાપના ઓગસ્ટ, ૧૯૯૦)ની ખાસ્સી ચર્ચા હતી. ઉ.જો.ના 'સંસ્કૃતિ'ની ઢબ-છબ સાથેના 'ઉદ્દેશ'ને શરુંથી જ ઉમળકાભર્યો પ્રતિસાદ સાંપડ્યો, આજે ૧૭ વર્ષે પણ 'ઉદ્દેશ' પ્રાણવાન-વિચારવાન સાહિત્ય-વિવેચનનું લોકભોગ્ય સામયિક બની રહ્યું છે.'[૧]

રમણલાલ જોશીના સાહિત્યિક પત્રકારત્વ વિશે જોઈએ તો સિત્તેર-એંસીના દસકથી જુદા-જુદા દૈનિક પત્રો તથા સામયિકો દ્વારા તેમણે સાહિત્યનું પ્રદાન કર્યું છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસી માટે એમના વિવેચન સંગ્રહો-આલેખનો ઈત્યાદિના અભ્યાસ-સંદર્ભ વિનાનું અધ્યયન અધૂરું જ બની રહે એવું ને એટલું વ્યાપક ફલક પર એમનું કાર્યપ્રદાન છે. દૈનિક સમાચારપત્રોમાં ઝવેરચંદ મેઘાણીની 'જન્મભૂમિ' થી નોખી છતાં એ તરાહમાં રમણલાલ જોશીએ તા.૨૨મી ડિસેમ્બર, ૧૯૭૭ થી 'જનસત્તા-લોકસત્તા' માં અક્ષરની આબોહવામાં શીર્ષક હેઠળ સાપ્તાહિક કટારલેખનનો આરંભ કર્યો જે એમણે છેક ૨૦૦૬ સુધી લગાતાર ૨૮ વર્ષ સંભાળી. આ ગાળામાં એમણે 'શબ્દ-પ્રતિશબ્દ' શીર્ષક હેઠળ પણ કટારલેખન કર્યું. (આ કટાર ૧૯૭૫ થી ૧૯૮૫ સુધી એમણે નિભાવી) એમની કટાર ભારે

લોકપ્રિય રહી. ખાસ કરીને સમસામયિક સાહિત્યસર્જનને અનુલક્ષીને રજૂ થતા વિચારલેખ સાહિત્ય સમુદાયમાં આવકારદાયક બની રહેતા, ઉદાહરણ તરીકે જોઈએ તો 'દોઢસો વર્ષ પહેલાંની અને આજની સ્થિતિમાં તત્ત્વત: કોઈ ફરક પડયો છે ખરો?' (૧૯૮૩)

'ભારતભરમાં ગુજરાતી પ્રજા 'વણિક' તરીકે જ ઓળખાય છે' (૧૯૮૩), 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ૭૫ વર્ષ' (૧૯૮૫), ૧૯૮૦ થી ૧૯૮૩ના ચાર વર્ષ દરમિયાન 'ફૂલછાબ'માં દર રવિવારે પ્રગટ થયેલી કટાર 'શબ્દલોકના યાત્રીઓ' એ એમને ખૂબ ખ્યાતિ અપાવી. ગુજરાતી સાહિત્યના સારસ્વત સર્જકોના પોતાની નિરાળી શૈલીએ પરિચયાત્મક આલેખનો અને તે તે સર્જકના સમગ્ર સાહિત્યપ્રદાનની આછી રૂપરેખા પણ આ કટારમાં તેઓ આપતા. એક રીતે તો આ વ્યક્તિચિત્રો 'ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ' ની ગરજ સારે એવાં બની રહ્યાં. રમણલાલ જોશીએ 'વેરાનમાં અમીછાંટણાં' નામની કટાર મુંબઈના 'જન્મભૂમિપ્રવાસી' દૈનિકમાં ૧૯૮૩ થી ૧૯૮૮ સુધી ચલાવી. એમની આ કટારને પણ ભારે લોકપ્રિયતા સાંપડી. દરમિયાન સાહિત્યકાર-પત્રકાર ભૂપત વડોદરિયાના તંત્રીપદે શરું થયેલા 'સમભાવ' દૈનિકમાં રમણલાલ જોશીએ તા.૨૬મી નવેમ્બર, ૧૯૮૮થી 'વેરાનમાં અમીછાંટણા' કટાર શરું કરી એ સાથે 'જન્મભૂમિ-પ્રવાસી'માં એમણે કટારલેખન બંધ કર્યું. આમ ૧૯૯૭ થી ત્રણેક વર્ષ સુધી તેઓ 'જન્મભૂમિ'માં 'સાહિત્યસંવેદના' કૉલમરૂપે લખતા રહેલા તેઓ સહાદત હસન મન્ટો, મહાશ્વેતાદેવી વિશે વાત કરતાં, તો અખો અને રાવજીને પણ લેખમાં સમાવતા. મિલ્ટન અને હેમિંગ્વે પણ એમના લેખનો વિષય બનતા. અર્ધા શતક ઉપરાંતની વ્યવસાયિક દરમિયાન એમણે સાહિત્યને આનુષંગિક દસ હજારથી વધુ વિદ્વતાપૂર્ણ, સાર-સંદર્ભો સાથેના લેખો લખ્યા છે. જેમાંના બહુજ ઓછા લેખો પુસ્તક સ્વરૂપ પામ્યા છે. એમના બધા લેખોમાંથી ચયન કરીને વિવિધ રીતે વર્ગીકૃત કર્યાં બાદ પુસ્તક-શ્રેણી ગુજરાતી સાહિત્યને ઉપલબ્ધ થાય તો એ ગુજરાતી સાહિત્યની અને અભ્યાસીઓની બહેતર

સેવા લેખાય તેમ છે. સાહિત્ય મીમાંસા-સાહિત્ય વિવેચનાને વધુ લોકભોગ્ય બનાવવા કટારલેખનના કસબ થકી રમણલાલ જોશીએ આપેલું સાહિત્યિક પત્રકારત્વનું પ્રદાન ધ્યાનાકર્ષક છે. એમણે પોતાની કટારમાં દેશ અને દુનિયાના સમસામયિક સાહિત્ય પ્રવાહોને પણ મૂલવ્યા, સાથે સાથે કૃતલક્ષી આસ્વાદ અને અર્થગાંભીર્ય સાથેની વિવેચના પણ કરી. એમની રજૂઆતની શૈલી પણ નિરાળી હતી.

રમણલાલ જોશીએ સાહિત્યિક પત્રકારત્વમાં કટારલેખનના શીર્ષક આપવામાં પણ કમાલની કલા બતાવી છે: 'કેસેટયુગમાં પ્રવેશતી ગુજરાતી કવિતા' (જન્મભૂમિ તા.૨૩-૮-૧૯૮૩) 'મહાભારત: ભારતીય સંસ્કૃતિનો પર્યાય' (સમભાવ- તા.૨૪-૪-૧૯૯૦), 'વિજયરાય વૈદ્યનો સાહિત્યિક પત્રકારત્વમાં ફાળો' (સમભાવ તા.૧૯-૩-૧૯૯૪), 'મિલ્ટનનું મહાકાવ્ય 'પેરેડાઈઝ લૉસ્ટ' ગુજરાતી ભાષામાં' (સમભવ તા.૨૮-૫-૧૯૯૪), 'સર્જકને વિવેચકની ઉપયોગિતા શી?, બન્નેનો તાત્ત્વિક સંબંધ શો?' (સમભાવ તા.૨૯-૧૦-૨૦0૧) એમણે 'રંગતરંગ'માં ૧૯૯૦-૯૧થી છેક ૧૯૯૭ સુધી 'આ પુસ્તક તમે જોયું?' શીર્ષક હેઠળ નવા પ્રગટ થયેલા પુસ્તકના પરિચયાત્મક આલેખનને રજૂ કરતી કટાર પણ નિભાવી હતી. આ લેખના સંકલનરૂપે બે પુસ્તક 'ગ્રંથનો પંથ' અને 'ગ્રંથની કેડીએ' પ્રગટ થયાં છે. એમના લેખોમાં શ્રી અરવિંદ અને માતાજી, સુંદરમ્, ઉમાશંકર જોષી, ભગવાન શ્રીકૃષ્ણ, અકાદમી પ્રવૃત્તિ પુસ્તક પરિચય, ગ્રંથ પ્રસાર, નરસિંહ-મીરાંના પદો, સાહિત્યમાં અનુવાદ પ્રવૃત્તિ, હિન્દી, મરાઠી, બંગાળી, અંગ્રેજી સાહિત્યના પ્રવર્તમાન પ્રવાહો ઈત્યાદિ વિષયો અવશ્ય જોવા મળે. રમણલાલ જોશી માનતા હતા કે, 'સાહિત્યિક પત્રકારત્વ માટે લેખકોની સર્જનાત્મક-વિવેચનાત્મક શક્તિની કસોટી કરે એવું માધ્યમ પ્રજા પાસે હોવું જ જોઈએ.' અને તે તેમણે ચરિતાર્થ કરવાના પ્રયત્નોમાં સાબિત પૂરવાર કર્યું. 'ગ્રંથનો પંથ' પુસ્તકના પાછળના પૂંઠા પર લખેલા રમણલાલના શબ્દો છે, વિવેચક હંમેશા બે વ્યક્તિઓ સાથે વાત

કરી રહ્યાં હોય છે. કલાકારની સાથે, વાચકની સાથે પણ એ પહેલાં તે પોતાની સાથે વાત કરતો હોય છે. ભલા જીવ! આ તું શું કરી રહ્યો છે? આ કાર્ય તને કોણે સોંપ્યું ? પોતાની મેળે આ સ્વીકાર્યું છે તો તારી જ વાત કરને, કે આ કૃતિએ સંવેદનતંત્ર ઉપર શું કર્યું? સર્જકકૃતિના પરિચય પહેલાં તું જ હતો તે જ રહ્યો કે અધિક સમૃદ્ધ થયો છે? તારી ચેતના પર આ કૃતિના અનુભવ સાથે શું અંકિત થયું?- જો આવું આવું કાંઈક તમને થયું હશે તો જ એ વાત કરવા જેવી પણ બનશે.' અહીં સાચા અર્થમાં સાહિત્યિક પત્રકારત્વનો આપણને પરિચય થાય છે. તેઓ પુસ્તકોને ચાહે છે, પુસ્તકો પ્રત્યે તેમને પારાવાર પ્રેમ પ્રગટે છે. રમણલાલ જોશી ગુજરાતી ભાષાના એક સમર્થ વિવેચક તરીકે જેટલા પ્રસિદ્ધિ મેળવી શકયા છે, એટલી જ પ્રસિદ્ધિ 'પુસ્તકપ્રેમી' તરીકે પણ પામી શકયા છે. વિવિધ ક્ષેત્રનાં-વિષયોનાં પુસ્તકોનો સહવાસ કરવો તેમને ગમે. પોતે વાંચેલા પુસ્તકનો આનંદ અન્યને વહેંચવાનું પણ તેમને ગમે એમની આ પ્રકારની પ્રકૃતિ અને પ્રવૃત્તિને પરિણામે એમની પાસેથી સંખ્યાબંધ પુસ્તકોના અવલોકનો જોવા મળે છે. પુસ્તકનો પરિચય આપતી વખતે પણ તેમણે ખૂબ તાટસ્થ્ય દાખવ્યું છે. સાચા અર્થમાં સાહિત્યને છાજે તેવી ભાષામાં-શબ્દોમાં લેખકે પુસ્તકોની અને લેખકની સરાહના કરી છે. 'મુક્તકમંજરી' તેના લેખક છે. હરિવલ્લભ ભાયાણી, ભાયાણી સાહેબનો પરિચય આપતાં વિવેચકના શબ્દો: 'ડૉ. હરિવલ્લભ ભાયાણી આપણા એક સન્માન્ય સાક્ષર, સંસ્કૃત, જૂની ગુજરાતી, પ્રાકૃત અને અપભ્રંશનાં વિદ્વાન, આધુનિક વિવેચનાત્મક સંપ્રત્યયો સજાવનાર વિવેચક અને ભારત-પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી છે. મોટા વિદ્યાકીય કામોમાં ગળાડૂબ હોય ત્યારે પણ સંસ્કૃત, પ્રાકૃત અપભ્રંશનાં મુકતકોનો પદ્યાનુવાદ અને ગાથાઓનો અનુવાદ કરતા રહે છે.'[૨]

'કૃષ્ણં વન્દે જગદ્‌ગુરુમ્' એ દિનકર જોષીના પુસ્તકનો પરિચય આપતાં તેઓ જણાવે છે કે 'દિનકર જોશીનો વ્યક્તિગત કૃષ્ણ પ્રત્યેનો પક્ષપાત બતાવ્યો છે. દિનકર જોશીનાં ઘણાં

પુસ્તકો પ્રગટ થયાં છે. પરંતુ રમણલાલ જોશી અહીં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ છૂપો રાખી શકયા નથી. શ્રી કૃષ્ણ વિશેનાં અન્ય લેખકોનાં ઘણાં પુસ્તકોનાં નામનો ઉલ્લેખ પણ તેઓએ કર્યો છે. જેમકે દિનકર જોશીનું 'કૃષ્ણમ્ વન્દે જગદ્ગુરુમ્', હરિન્દ્ર દવેનું 'શ્રીકૃષ્ણ અને માનવસંબંધો' વગેરે કૃષ્ણ વિષયક પુસ્તકોને પસંદ કરીને લેખકે પોતાનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ-પક્ષપાત પ્રદર્શિત કર્યો છે. પુસ્તક પસંદગીના ક્ષેત્રે રમણલાલ જોશીનો પસંદગી પરત્વેનો દષ્ટિકોણ ખૂબ વિશાળ છે. આધુનિક યુગના ઉદય પામતા કવિઓ કે સાહિત્યકારોની વાત કરતાં રમણલાલ જોશીએ મોટા ગજાના કવિઓના પુસ્તકોનો પરિચય પણ કરાવ્યો છે, સાહિત્યનું પુસ્તક હોય કે સંગીત, ઈતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે સંસ્કૃતિ ચિંતનનું પુસ્તક હોય, પછી તે નવોદિત લેખકનું પુસ્તક હોય કે સિદ્ધહસ્ત સર્જકનું પુસ્તક હોય- અવલોકનકાર એ બધાનો એક સરખો સત્કાર કરે છે. પુસ્તક સર્જનાત્મક સાહિત્યનું હોય કે વિવેચન-સંશોધનનું હોય, સંપાદન હોય કે પછી અનુવાદ હોય- બધા પ્રકારનાં પુસ્તકોનો અવલોકનકાર સમાદર કરે છે. એટલે જ તો એમની અવલોકન સૃષ્ટિમાં આટલી વિષય વૈવિધ્યની વિશાળતા જોવા મળે છે. 'સૂકા દુકાળની ભીતી વાતો' (દિલીપ રાણપુરા) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' (મનુભાઈ પંચોળી), ગુજરાતની અસ્મિતા (રજની વ્યાસ), પત્રકારત્વના સિદ્ધાંતો (ડૉ. યાસીન દલાલ), 'મારી બા' (લાભશંકર ઠાકુર) 'ચરિત્રનો દેશ' (સ્વામી આનંદ), 'કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્' (દિનકર જોષી) 'કાનૂની ક્ષેત્રે નારી' (બકુલ જોષીપુરા) 'લાગણીના ફૂલ' (દિલીપ રાણપુરા) 'ધવલ આલોક', ધવલ અંધકાર' (પ્રીતિ સેનગુપ્તા) જેવાં વિવિધ વિષયો પર લેખકે પોતાની કલમ ચલાવીને લોકોમાં સાહિત્ય પ્રત્યે રુચિ જગાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે, આ તેમની સાહિત્ય જગતની ખૂબ મોટી સેવા છે. કેટલીકવાર સમાજમાં અલભ્ય પુસ્તકોનો ઊંડાણપૂર્વક પરિચય આપીને લેખકે લોકોને સાહિત્યાભિમુખ કર્યાં છે, તો કેટલીકવાર માહિતીપ્રદ પુસ્તકો દ્વારા અપ્રાપ્ય માહિતીથી માહિતગાર કર્યાં છે, જેમકે 'ધર્મસિંધુ'

પુસ્તકનાં સંપાદક- અનુવાદક છે, શાસ્ત્રી કાનજી વાલજી ત્રિપાઠી. મૂળ સંસ્કૃત ગ્રંથમાં કાળના નિર્ણયો, નિત્યનૈમિત્તિક કર્મો, શ્રાદ્ધાધિકાર, શ્રાદ્ધની પદ્ધતિ, અંત્યેષ્ટિસંસ્કાર, પ્રાયશ્ચિત, સર્વદાનનો વિધિ, દેવપ્રતિષ્ઠા અને શાસ્ત્રોકત કર્મકાંડ આપવામાં આવેલ છે, આ ગ્રંથ ઘણાં વર્ષોથી અપ્રાપ્ય હતો, આ ગ્રંથ કર્મકાંડી બ્રાહ્મણો અને જયોતિષીઓ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ હતો. વિવિધ શાસ્ત્રોનું અવગાહન અને સંસ્કૃત ઉપરનું પ્રભુત્વ આદર જન્માવે એવું છે. ‘પત્રકારત્વના સિદ્ધાંતો’ અને ‘અસરકારક જનસંપર્ક’ જેવાં પુસ્તકોનો પરિચય આપીને રમણલાલ જોશીએ લોકજાગૃતિનું અને સાહિત્યના સાચા સિદ્ધાંતોનું સાહિત્યરસિકોને જ્ઞાન કરાવ્યું છે. જનસંપર્કની આધારશિલા નૈતિક મૂલ્યોની જાળવણી છે. આ કામગીરી સાંભળનારની એક તરફ પોતાની સંસ્થા પ્રત્યે ફરજ છે, એ જ રીતે વિશાળ પ્રજાવર્ગ પ્રત્યે પણ છે. આ બંનેનું સંતુલન કરનાર જ સંસ્થા અને જનસમુદાયને ઉપયોગી નીવડી શકે. લેખકના જ શબ્દોમાં જોઈએ તો; ‘જનસંપર્ક અધિકારીની આચારસંહિતાનું વિચરણ કરતાં લેખકે કહ્યું છે કે જ્યારે સંસ્થાનું હિત અને લોકોનું હિત એ બે વચ્ચે સંઘર્ષજન્ય પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આત્માના અવાજને સર્વોપરી ગણાવો. આ બાબત અત્યંત મહત્ત્વની છે અને જનસંપર્કને પત્રકારત્વની ગરિમા અર્પે છે.’[૩]

રમણલાલ જોશીનાં પુસ્તક પરીક્ષણ વખતે તેની પારદર્શિ વિવેચક દષ્ટિનો ખ્યાલ મેળવવો હોય તો ‘કિશોર જાદવની શ્રેષ્ઠ વાર્તાઓ’માં વાર્તાકાર વિશેના તેમનાં મંતવ્યમાં દેખાય છે. સત્યવસ્તુ રજૂ કરવામાં તેઓ સંચોક અનુભવતા નથી. તેઓ કિશોર જાદવ વિશે લખે છે, ‘શ્રી કિશોર જાદવ એક સર્જક તરીકે થોડા ચર્ચાસ્પદ લેખક ગણાય, એમની વાર્તાઓ, સમજાતી નથી, ઘણું બધું દૂર્બોધ રહેવા પામે છે, વાચક ઉપર તે ઘણું બધું છોડી દે છે, માનવમનનાં ઊંડાણોમાં તે એવું શારકામ કરે છે કે એટલે સુધી વાચક જઈ શકતો નથી. સબકોન્સિયસ અને અનકોન્સિયસ નાં ભીતરી પડો તે એવાં ઉકેલે છે કે કેવળ

આંતરસૃષ્ટિ જ રહેવા પામે અને વાસ્તવ જાણે કે તિરોહિત થઈ જાય છે.'[૪]

જ્યારે બીજી બાજુ લેખક કિશોર જાદવની એક વાર્તાકાર તરીકેની વિશેષતાને પણ બહુ સારી રીતે વ્યક્ત કરતાં કહે છે-'કિશોર જાદવ એક પ્રયોગશીલ વાર્તાકાર છે અને એ પ્રયોગો ફેશનપરસ્તીની રીતે કરતા નથી, પણ પોતાની આંતરિક સર્જનાત્મક જરૂરિયાતને વશ વર્તીને કરે છે, જ્યારે સાહિત્યમાં જળ બંધિયાર બની જાય છે ત્યારે કોઈ કોઈ સર્જકો એને વહેતા કરવાનો સર્જન-પુરુષાર્થ કરે છે. શ્રી જાદવની કૃતિઓને એ રૂપે જોવામાં આવે તો એમના સર્જક કર્મને પામવાનું આસન બને.'[૫]

'પુસ્તકપ્રેમી' રમણલાલ જોશીની માત્ર સાહિત્યની કદર કરી શકયા કે મૂલવી શકયા એવું નથી સર્જકોનો પરિચય પણ તેમણે આબેહૂબ આપ્યો છે, 'ઈટાલિયન ફિલસૂફ અને કળામીમાંસક ક્રોચે તો અનુવાદ એ અશકય જ છે એમ માનતા હતા. ઉમાશંકર જોશીએ અનુવાદની સમસ્યાઓ વિશે લખતાં આ કામ કેવું મુશ્કેલ છે એ દૃષ્ટાન્તો સહિત બનાવેલું. મૂળાનુસારી શ્રદ્ધેય અનુવાદો ભારે જહેમત માંગી લે છે. સાહિત્ય પ્રત્યેના અનર્ગલ પ્રેમ વગર એ થાય નહિ. કાકાસાહેબ કાલેલકરે અનુવાદકને સંસ્કૃતિનો એલચી કહ્યો છે, એનું સ્મરણ થાય છે. આપણી પાસે આવા લગનીવાળા જૂજ અનુવાદકો છે. શ્રી મનસુખલાલ સાવલિયાની ગણના એમાં થાય છે.'[૬]

વ્યક્તિનો પરિચય આપવાની રમણલાલ જોશીની રીત અનોખી છે. શબ્દો દ્વારા વ્યક્તિનું આબેહૂબ ચિત્ર ઊભુ કરવાની ક્ષમતા તેઓ ધરાવે છે. જેમકે 'સહેજ શ્યામ, ચશ્મામાં ડોકાતી આંખોમાં વિષાદની છાયા, વિશ્રમ્ભ કથા માંડી હોય એવી વાતચીતની આત્મીયતાભરી ઢબછબ, સપાટી પર અલપ ઝલપ ફરકી જઈ અંદર પુરાઈ જતી આત્મશ્રીનો તાગ જલદી ન મેળવી શકો, પણ એમનાં બે ત્રણ વાક્યો સાંભળતામાં તો એમના વ્યક્તિત્વની તીક્ષ્ણતા, વેધકતા અને માર્મિકતાનો અણસાર મળે ખરો. આ રાધેશ્યામ શર્મા.'[૭] આમ

રમણલાલ જોશી વ્યક્તિને શબ્દોથી આબેહૂબ ચિત્રિત કરી શકે છે. રમણલાલ જોશીનું પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન જોતાં ખ્યાલ આવે છે કે પત્રકારત્વ વિષય પ્રત્યે તેઓ ખૂબ લગાવ ધરાવે છે તેથી જ તો તેણે 'પત્રકારત્વ: સિદ્ધાંત અને અધ્યયન' ડૉ. ચન્દ્રકાન્ત મહેતાના પુસ્તકનો પરિચય આપ્યો છે, આ પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલું છે. તેઓ પુસ્તકનો પરિચય આપતાં જણાવે છે કે આ પુસ્તકમાં પત્રકારત્વના સિદ્ધાંતોની વિશદ્ સમજ આપવામાં આવી છે. પત્રકારની આચારસંહિતા, પત્રો ઉપરાંત રેડિયો અને ટેલિવિઝન જેવાં માધ્યમોની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી છે. પત્રકારત્વ એટલે શું? પત્રકારત્વના વિકાસની ઝલક પત્રકારની સજજતા, સમૂહમાધ્યમો અને અખબારી સ્વાતંત્ર્ય વિશે પોતાના અધ્યયન અને અનુભવના પ્રકાશમાં થયેલી રજૂઆત ધ્યાનાર્હ છે. સમાચારપત્રો, વિવેકબુદ્ધિ, જાગૃતિ, સચ્ચાઈ, ઈમાનદારી અને નિર્મળ દૃષ્ટિથી પરિવર્તનની આબોહવા સર્જી શકે એમ કહી ડૉ. ચન્દ્રકાન્તે પત્રકારોનાં દસ ધર્મસૂત્રો આપ્યાં છે, જેને રમણલાલ જોશીએ પત્રકારત્વ ક્ષેત્રે દિશાસૂચક નીવડતાં બતાવ્યાં છે. આ પુસ્તકની વિશેષતા બતાવતાં રમણલાલ જોશી જણાવે છે કે, પત્રકારત્વના નાનામાં નાના ઘટકોની પણ તેમણે સરળ ભાષામાં સમજૂતી આપી છે. તેમાં અખબારો વિશે ચોકકસ માહિતી પણ પરિશિષ્ટ રૂપે આપી છે તે ઉપયોગી નીવડશે.'[૯] રમણલાલ જોશીના મતે પત્રકારત્વ ક્ષેત્રે કારકીર્દી બનાવનાર કોઈપણને આ પુસ્તક ઉપયોગી થાય તેવું છે. એ વાત સંપૂર્ણપણે તથ્ય ધરાવે છે. પત્રકારત્વના ક્ષેત્રેથી ઊર્મિઓના ક્ષેત્રે અવલોકન સરી જાય ત્યારે પણ લેખક પારદર્શિ રહીને સર્જક અને સાહિત્યને પોતાની કલમે કોઈપણ છોછ વગર સહજ રીતે ચિત્રિ શકે એવા નિર્ભય અને સત્યદર્શી રમણલાલ જોશી ભલે વિશાળ ગજાના વિવેચક રહ્યા પણ માનવીય લાગણીઓને એમણે ફૂલની માફક પંપાળી છે, સાહિત્યને શોભાવે એવા ભાવોની તેમણે કદર કરી છે, એવું તેમના અવલોકન પરથી આપણે અવારનવાર જોઈ શકીએ છીએ. તેમને કેટલાક સાહિત્યકારોનો

પરિચય પણ તેમની સાહિત્યકલાને લીધે જ થયો. જેમકે શ્રી હરીશ નાગ્રેચાનો પરિચય તેમની વાર્તાકિલા દ્વારા જ થયો. 'ઉદ્દેશ' માસિકના માર્ચ' ૯૩ના અંકમાં રમણલાલ જોશીએ તેમની વાર્તા 'રિસાઈ ગયેલો સૂરજ' પ્રગટ કરી. લેખકના મતાનુસાર ઘણી કલાત્મક વાર્તા હતી. છેલ્લા ઘણાં વર્ષોથી આવી વાર્તાઓ ઝાઝી વાંચવા મળેલી નથી એવું રમણલાલ જોશી જણાવે છે અને એક શક્તિશાળી વાર્તાકાર મળ્યાનો આનંદ વ્યક્ત કરે છે. લેખકને કેટલીક વાર પુસ્તકોની પાસે જવું પડે છે તો કેટલીક વાર પુસ્તકો જ સામે ચાલીને રમણલાલ જોશી પાસે આવે છે. જેમકે 'નિરખને' મંજુ ઝવેરીનું પુસ્તક આંગડિયા દ્વારા રમણલાલ જોશીને મળે છે. જ્યારે તેઓ સાવ અજાણ્યા સર્જકના પરિચયમાં આવે છે. ત્યારે સૌપ્રથમ તો તેના સાહિત્યનો તેના સર્જનનો પરિચય મેળવે છે. અને આવા નૂતન આશ્ચર્યકારક પરિચયથી તેઓ આનંદની લાગણી અનુભવે છે.

તો કેટલીકવાર લેખકથી સાહિત્યકૃતિ નહિ પરંતુ સાહિત્યકૃતિના નામથી લેખકની પ્રસિદ્ધિ થઈ હોય, એટલું જ નહિ પણ કૃતિ કે પાત્રના નામથી લેખક ઓળખાવા લાગે એવી કૃતિનો પરિચય પણ રમણલાલ જોશીએ 'ગ્રંથનો પંથ' પુસ્તકમાં પુસ્તક પરિચયરૂપે કરાવ્યો છે. જેમકે ચન્દ્રકાન્ત પંડયાનું 'બાનો ભીખુ' પુસ્તક 'જવાલા અને જયોત' નામે ૧૯૬૫માં પ્રગટ થયું અને એક જ ધડાકે તે સાહિત્યજગતમાં પ્રસિદ્ધ બની ગયા. પછી ૧૯૬૮માં એનું નવસંસ્કરણ 'બાનો ભીખુ' નામે પ્રગટ થયું. એની પાંચ આવૃત્તિઓ થઈ છે. આ પુસ્તકની સાથે લેખકની એવી એકાત્મકતા રહેલી છે કે ચન્દ્રકાન્ત પંડ્યાને બદલે બાનો ભીખુ નામે તે ઓળખાવા લાગ્યા! ભીખુ એ લેખકનું લાડકવાયું નામ. પુસ્તકમાં આલેખાયેલા બાળપણના સંસ્મરણોમાં એમનાં સદ્‌ગત બાનું ચરિત્ર કેન્દ્રસ્થાને છે. વર્ષો પહેલાં આ પુસ્તકનું અવલોકન લખતાં રમણલાલ જોશીએ એને 'માતૃવાત્સલ્યની કવિતા' તરીકે ઓળખાવેલું. એમનું આ પુસ્તક વાંચી એ સમયની મુંબઈ રાજ્યની વિધાનસભાના સ્પિકર

સ્વ. કલ્યાણજી મહેતા એમના બાના દર્શને ગયેલા એવું રમણલાલ જોશીએ નોંધ્યું છે, તેમજ અન્ય સાહિત્યકારોએ પણ મુક્ત મને લેખકની પ્રશંસા કરેલી.

રમણલાલ જોશીએ ગીત-ગઝલ અને કવિતા ક્ષેત્રે પણ પોતાની અવલોકન દૃષ્ટિને વિસ્તારી છે. બાલુભાઈ પટેલનાં 'મોસમ' કાવ્યસંગ્રહ રમણલાલ જોશીની નજરે પડે છે. તેમના માટે આ નામ નવું હતું પણ પછી રચનાઓ જોતાં ગઝલનો અસલી મિજાજ તેમને ગમી ગયો. 'શબ્દલોકના યાત્રી'માં સ્વ. ગની દહીંવાલા વિશે લખેલું ત્યારે યોગાનુયોગ જયન્ત પાઠકને ત્યાં રૂબરૂ મળવાનું થતાં રમણલાલ જોશીએ તેમને અત્યારની પ્રયોગશીલ ગઝલો વિશે પૂછેલું, તેમનો પ્રતિભાવ હતો. 'અબખે આવી ગયેલી ગઝલની બસો વર્ષ પુરાણી પરંપરાથી જુદો જ ચીલો પાડવાના પ્રયત્નો આજના નવોદિત ગઝલકારો કરે છે. પરંતુ એમાં મને સરિયામ નિષ્ફળતા ભાસે છે. કારણ કે જે જૂની ગઝલનાં પ્રયોગો અને પ્રતીકો, શમા-પરવાના, સનમ-સાકી વગેરે ઘસાઈ ગયાં છે છતાં આધુનિક ઉર્દૂ-હિંદી ગઝલ પરંપરાની કેડી પર પગ મૂકીને નવા પ્રયોગો કરે છે. હું આ પ્રયોગોમાં માનું છું. ગુજરાતી ગઝલકારોમાં આજે પણ નવાગઝલકારો પરંપરાનો સૂઝપૂર્વક ઉપયોગ કરી સરસ ગઝલો લખે છે, તે માણું છું, રમણલાલ જોશીએ નોંધ્યું છે કે-'આવા ગઝલકારોમાં શ્રી બાલુભાઈ પટેલની ગણના થાય. ગનીભાઈ હયાત હોય તો 'મોસમ' ની ગઝલો માણી તેમને આનંદોદ્ગાર કાઢ્યો હોત. તે કેટલા બધા રાજી થાત!' રમણલાલ જોશીએ પુસ્તકનું અવલોકન કરતાં જણાવ્યું છે કે શહેરની કૃત્રિમ ચળકાટવાળી નકલી સભ્યતા કવિને પસંદ નથી. એથી વારેવારે એમનું મન વનમાં અને ગામડાં તરફ વળે છે તેમજ અત્યારની જીવનરીતિ પ્રત્યેની ચીડ પણ પ્રસંગોપાત વ્યક્ત થતી દેખાય છે એ આ સંદર્ભમાં સમજી શકાય છે. ગઝલમાં ચમત્કૃતિ અંતે લાવવાનો પ્રયત્ન થયો હોય છે. 'મોસમ'ની ગઝલોમાં એવી પરાકોટિ સાધવાનો સભાન પ્રયત્ન થયો નથી એ નોંધપાત્ર છે.

સુન્દરમ્ ઉમાશંકર પછીના માતબર સર્જકતાવાળા કવિશ્રી રાજેન્દ્ર શાહની કૃતિ 'કવિ જયદેવકૃત 'ગીતગોવિંદ'નો પણ પરિચય રમણલાલ જોશીએ આપ્યો છે. રમણલાલ જોશીએ કહ્યું છે કે, 'ગુજરાતી સાહિત્યમાં સુન્દરમ્ અને રાજેન્દ્ર શાહ એ બે એવા કવિઓ છે જેમણે ક્યારેય કોઈ પોઝીશન સ્વીકારી નથી અને સદૈવ કવિતાને સમર્પિત રહ્યા છે.' 'જન્મદિને' કાવ્યમાં તેમણે કહ્યું છે:

સહુને મુજ અંતરે ધરું,
સહુને અંતર હુંય વિસ્તરું.

તેમનાં ઘણાં કાવ્યોને 'ઉદ્દેશ'માં સ્થાન મળી ચૂકયું છે, એવું રમણલાલ જોશી જણાવે છે. તેઓ રાજેન્દ્ર શાહની વિશેષતા બતાવતાં કહે છે કે 'મૂળ સંસ્કૃત શબ્દોનો વિવેકપૂર્વક વિનિયોગ કરી પ્રવાહી ભાષામાં સરસ સમશ્લોકી અનુવાદ આપણને રાજેન્દ્રભાઈ પાસેથી મળ્યો છે. સાહિત્યરસિકો માટે આ સમાચાર આનંદપ્રદ છે.'[૯]

'આપણે ત્યાં વિવેચનમાં 'ગુણદર્શન' અને 'દોષદર્શન' એ ખોટાં પ્રચાર ચોકઠામાં આવેલા છે. મહત્ત્વની બાબત તે યથાદર્શનની છે. કૃતિની તપાસને અંતે એની સંરચનાને અનુલક્ષીને સર્જકકર્મ જે પ્રતીતિ આપે તેને અવલોકનકારે શબ્દબદ્ધ કરવાની રહે છે.' એવી સ્પષ્ટ સમજ ધરાવતા રમણલાલ જોશી ગ્રંથાવલોકનની પ્રવૃત્તિ દરમિયાન કેવળ 'ગુણદર્શન' કે 'દોષદર્શન' જેવા કોઈ એક અંતિમે જઈને બેસવાને બદલે ગ્રંથનું 'યથાર્થદર્શન' થાય એને આવકાર્ય લખે છે. રમણલાલ જોશી, પુસ્તકના સહૃદયતાપૂર્વકના વાચનને પરિણામે પોતાને પ્રાપ્ત થયેલ આનંદની વહેંચણી કરે છે અને પુસ્તક વિશેના પોતાના પ્રતિભાવો પણ પાઠવે છે. સુસ્મિતા મ્હેડ લિખિત 'વિદ્યાબહેન નીલકંઠ-જીવનની ઝાંખી'માંથી મળતી માહિતીની અધિકૃતતા તથા લેખિકાની પ્રાસાદિક તથા ચિત્રાત્મક શૈલીની નોંધ લઈને અંતે અવલોકનકાર પોતાનો પ્રતિભાવ આપતા કહે છે કે, 'વિદ્યાબહેનના અંગત, કૌટુંબિક અને જાહેર જીવનનું

જે ચિત્ર આ પુસ્તકમાંથી મળે છે તે પ્રેક્ષણીય અને પ્રેરક બને છે. એક લેખિકાએ જૂની પેઢીની સામાન્ય લેખિકા અને સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના પ્રાણરૂપ વ્યક્તિના જીવનનાં સઘળા પાસાઓનું જે તટસ્થ, હકીકત-નિષ્ઠ અને ચિત્રાત્મક સાહિત્યિક શૈલીએ આપતું આલેખન કર્યું તે સાંપ્રતે અતીતને આપેલો ભાવનાઅર્ઘ્ય છે.'[૧૦]

કવિશ્રી સુન્દરમ્‌નાં મરણોત્તર કાવ્યસંગ્રહ 'વરદા' વિશે જણાવતાં ર.જો. કહે છે કે 'વરદા' તો વિલંબનું વરદાન છે!' સુન્દરમ્ પ્રત્યેક ઈંચ કવિ છે. કવિ-સંવિદ્‌નો સંસ્પર્શ સતત અનુભવાય છે. કોઈપણ વિષય હોય, પણ સુન્દરમ્‌ના સ્પર્શથી એ આગવું લાવણ્ય ધરાવે છે. કેવળ ભાવસ્થિતિના આરોહ-અવરોહની દષ્ટિએ પણ 'વરદા'માં રસ પડે છે. તેમની પંક્તિઓ રમણલાલ જોશીએ અહી નોંધી છે.

''હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની
ને જે અસુંદર રહી તેહ સર્વને
મૂકું કરી સુંદર ચાહીચાહી,'[૧૧]

'સુન્દરમ્ સતત એક કવિના 'મૂડ'માં રહે છે અને જે કાંઈ એમની ચેતનાને ઝંકૃત કરી જાય તેને કવિતાનો આકાર આપતાં તે હંમેશા રસૈકલક્ષી દષ્ટિ રાખે છે. સુન્દરમ્ કવિ છે. એટલા જ કળાકાર પણ છે અને છતાં કવિકર્મમાં ક્યાંય આયાસનું નામનિશાન મળે નહીં કવિતાકલામાં અનેક વસ્તુઓ રહેલી હોય છે. પણ એ સૌમાં કદાચ પ્રધાનના ઉર્મિની છે. સુન્દરમ્‌માં પ્રબળ છતાં કલાની દષ્ટિએ પૂરતો સંયત ઊર્મિ-ઉછાળ છે. વિચાર-કલ્પના-ચિંતન કરતાંય રાગવેગ એ સુન્દરમ્‌ની કવિતાનો વિશેષ છે.'[૧૨]

ગ્રંથનું અવલોકન કરતી વેળાએ રમણલાલ જોશી ગુણવિશેષને કે રસસ્થાનોને તેમજ ભાવોને ઉદ્‌ઘાટિત કરી આપે છે. એ બધામાંથી એમનું સમતોલ ગુણાનુરાગી વલણ પ્રગટે છે. અલબત અવલોકનકાર તટસ્થપણે ગુણદર્શી બનીને અવલોકન કરે છે. એ સાથે જ

સૌમ્યતાથી ગ્રંથની મર્યાદાઓ પણ ચીંધી બતાવે છે. ક્યારેક સીધી રીતે તો ક્યારેક આડકતરી રીતે તેઓ કૃતિની સીમાઓનો નિર્દેશ પણ કરે છે. રજની વ્યાસના 'ગુજરાતની અસ્મિતા' સોહામણ પ્રકાશનની સરાહના કરીને કે એની વિવાદાતીત ઉપયોગીતાને સ્વીકારીને તેઓ ગ્રંથના વિવિધ વિભાગોમાં વિગતદોષ દર્શાવે છે અને સાહિત્યવિભાગ સંદર્ભે સ્પષ્ટ પણ કહે છે કે, 'સાહિત્યકારો વિશેની માહિતી લેખકે 'જ્યોતિર્ધરો' અને આપણા શબ્દશિલ્પીઓ એ મથાળાં હેઠળ આપી છે. આ બે વચ્ચે તેમણે ખાસ વિવેક કર્યો નથી. 'જયોતિર્ધરો'ના આરંભે રવિશંકર મહારાજ વિષેના ઉમાશંકરના કાવ્યમાંથી કંડિકા આપી છે, પણ રવિશંકર મહારાજની છબી મૂકી નથી. 'જ્યોતિર્ધરો'માં સમકાલીન સાહિત્યના કેટલાક લેખકો તેમણે લીધા છે. એ જરા વિચિત્ર લાગે છે. આદિલ મન્સૂરી, વિનોદ ભટ્ટ એ બધા જ્યોતિર્ધરો? જે લેખકો લીધા છે એમના પરિચયો પણ ઘણા પાંખા છે. ઉમાશંકરની 'ચેતનાનું સતત સંસ્કરણ થતું રહ્યું છે.' એટલે શું ? એમના એક પણ વિવેચનસંગ્રહનું નામ આપ્યું નથી. જ્ઞાનપીઠ પુરસ્કાર 'નિશીથ' સંગ્રહ માટે મળ્યો હતો અને એનું તેમણે ગંગોત્રી ટ્રસ્ટ રચી દેશપરદેશની કવિતાના અનુવાદનું કાર્ય શરું કરાવેલું એનો ઉલ્લેખ નથી. રાજેન્દ્ર શાહને દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યાનો ઉલ્લેખ નથી. 'દર્શક'ની એકપણ નવલકથાનો ઉલ્લેખ નથી. 'સોક્રેટીસ' અને 'ઝેર તો પીધા છે જાણી જાણી'નો ઉલ્લેખ ન કરવો જોઈએ? હરીન્દ્ર દવેના વિવેચનસંગ્રહનું નામ 'વિવેચનની ક્ષણો' છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પુસ્તકનું નામ 'ભાવના સૃષ્ટિ' છે. 'ભાવનાસર' નહીં. આવું તો બીજું પણ છે. લેખકની મુશ્કેલી એ છે કે પ્રત્યેક સાહિત્યસર્જકના પરિચયમાં કઈ કઈ વિગતો આપવી છે એની નિશ્ચિત પેટર્ન તેમણે તૈયાર કરી નથી, જેથી આડેધડ જે લેખક વિશે જે સૂઝયું તે ટપકાવી લીધું છે. લખાવટમાં શૈલીભેદ પણ જોવા મળે છે.'[૧૩]

એવી જ રીતે જયંતી દલાલની 'આંખને સગપણ આંસુના' નવલકથાને કહેવાની

કુશળતા પાત્રોનું આલેખન ગૌણપાત્રોની પણ માવજત કરી છે તેમજ કુતૂહલ જગાવે તેવું નિરૂપણ અને રસપ્રવાહની દષ્ટિએ સુવાચ્ય કૃતિ તરીકે વધારીને રમણલાલ જોશીએ કૃતિની મર્યાદા પ્રતિ માર્મિક ટકોર પણ કરે છે. 'શીર્ષકમાં આંસુ' છે. કારણ કે જીવનમાં આંસુ છે, પણ નવલકથામાં પારાવાર રુદનો થાય છે તે ઉલ્લેખો ટાળી શકાયા હોત. અમેરિકાના જીવનનું આલેખન છે એટલે 'વ્હીસ્કી' અને 'પેગ' આવે તે સમજી શકાય, પણ એમાં થોડો અતિરેક થયો છે. સીધી મુદ્દાસર વાત કરો એમ કહેવું હોય ત્યારે મોણ નાંખ્યા વગર કહો એમ ઘણી વાર આવે છે. લેખકની આ એક યુક્તિ લઢણ થઈ ગઈ છે.'[૧૪]

રમણલાલ જોશી તટસ્થ પણ પુસ્તક વિશેનો પોતાના અભિપ્રાયો આપે છે ત્યારે કયારેક સીધી રીતે તો કયારેક આડકતરી રીતે પણ લેખનને તેની મર્યાદા પ્રતિ ટકોર કરી જતા દેખાય છે, જેમકે 'સંવેદનાની જાણ'માં નસ્તર ઈસમાઈલીની વાર્તાનું અવલોકન કરતાં જણાવે છે કે: તો, અહીં લેખક કયો આકાર નિપજાવે છે? તે તો એને 'ટૂંકી વાર્તા' કહે છે. પણ ટેકનિકલ રીતે આપણે એને એ નામથી ન ઓળખીએ. આ કથાનકોનું સ્થાન ટુચકા અને લઘુકથા વચ્ચે કયાંક છે. પણ મારી દષ્ટિએ લેબલનું કંઈ મહત્ત્વ નથી.

એવી જ રીતે ધીરેન અવાશિયાના વાર્તાસંગ્રહ 'વાઈડ એન્ગલ' પૂરતો 'વાઈડ' છે- વિસ્તૃત છે હવે કલાત્મક નજાકત સુધી એ વિસ્તરે અને આથી પણ સમૃદ્ધ વાર્તાઓ ધીરેનભાઈ આપે એ શુભેચ્છાઓ'. રમણલાલ જોશી આમ ગ્રંથના ગુણપાસાને પ્રકાશિત કરીને સહજભાવે એની મર્યાદાઓ પણ દર્શાવી છે.

ભગવદ્ગીતામાંથી સમાજની વ્યવહારુતા સમજાવતા પુસ્તકોથી લઈને રોજબરોજના વાસ્તવિક જીવનમાં સમાજનું વેતનમાળખુ, ખેતમજૂરોના પ્રશ્નો, શિક્ષણ, કુટુંબભાવના, યંત્રઉદ્યોગની વિઘાતક અસરો વિગેરે વિશે પ્રસંગોપાત ચર્ચા વિચારણા જેમાં રજૂ થઈ છે તેવું પુસ્તક 'વ્યથા અને વિકલ્પ' માં રજૂ થયેલા નદિની જોશીનું વિચાર વર્તુળ મુકતા રમણલાલ

જોશીએ આવા પુસ્તકને ખૂબ આવકાર્યું છે. એટલું જ નહિ તેઓ જણાવે છે કે: 'ગ્રામસ્વરાજ્યની વાત ગાંધીજીએ આપણને સમજાવેલી, પણ અર્થતંત્રને કેન્દ્રમાં રાખી એના વ્યવહારુ ઉકેલોની દિશામાં પ્રસ્તુત કદાચ એ પ્રકારનું ગુજરાતીમાં પ્રથમ પુસ્તક છે.'[૧૫]

અવલોકનકાર રમણલાલ જોશીએ નંદીની જોશીની વિશેષતા બતાવતા કહ્યું છે કે, 'પુસ્તકની લેખનશૈલી ખાસ નોંધ માગી લે છે. રજૂઆત વૈજ્ઞાનિક, સ્પષ્ટ, સયુક્તિક છે. પોતાની દલીલ તે હકીકતોથી સમર્થિત કરે છે અને વસ્તુલક્ષી વિશદ્ છણાવટ કરે છે. અર્થશાસ્ત્ર ઉપરાંત અન્ય માનવવિદ્યાઓના સંદર્ભોમાં લેખિકાની બહુશ્રુતતા વરતાઈ આવે છે. લખાવટ ઉપદેશાત્મક થયા સિવાય પ્રતીતિજનક નિરૂપણની હોઈ એક સંસ્કારિતાનો પરિવેશ સાદ્યંત વ્યાપી રહેલો અનુભવાશે. આ સમીક્ષાના આરંભે ઉલ્લેખી સાહિત્યિક સુષમાનો પરિચય પણ ક્યારે-ક્યારેક થાય છે- જ્યારે તે સાહિત્યિક સંદર્ભો આપે છે, યથાજરૂરિયાત કાવ્યપંક્તિઓ ટાંકે છે, ટૂંકા પ્રસંગો કે ચિત્રાત્મક વર્ણન આપે છે.'[૧૬]

રમણલાલ જોશીએ કેટલીકવાર પોતાની સાહિત્ય પ્રત્યેનો પક્ષપાત પણ પ્રદર્શિત કરે છે. રઘુવીર ચૌધરીની 'વેણુવત્સલા' તેઓની પ્રિય નવલકથા છે. એટલું જ નહિ અન્ય નવલકથા કે પરંપરાગત નવલકથામાંથી કંઈ વિશેષ છે તેથી જ તો અવલોકનકાર કહે છે કે 'ખાસ તો એનો કલાઘાટ સુરેખ છે અને કથયિત્વ વિશદ્ અને હૃદયસ્પર્શી છે. નવલકથા અને ટૂંકી વાર્તાનાં સ્વરૂપોમાં જે પરિવર્તનો આવ્યાં એમાં આ કે તે રીતિનું અનુકરણ કરવાને બદલે રઘુવીરે પોતીકી શૈલી વિકસાવી. પરંપરામાંથી આવશ્યક એટલું ગ્રહણ કરવું અને સ્વકીય અનુભૂતિને અનુરૂપ નવી અભિવ્યક્તિ-છટાઓ કે ટેકનિકનો વિનિયોગ કરી વ્યક્તિત્વવાળી કૃતિઓ આપવી એવો એમનો અભિગમ રહ્યો છે.'[૧૭] રમણલાલ જોશીનાં અવલોકનોમાં અવારનવાર અવલોકનનું અંગ બનીને કેટલાંક વ્યાપક વિધાનો થતાં રહે છે, જે પેલા પુસ્તકની સામગ્રીને અભિવ્યક્તિને માટે ઉપકારક ભૂમિકા રચે છે. હસુ યાજ્ઞિકના

'વાયોલિનવાદન'નું અવલોકન કરતાં પહેલાં તેઓ સંગીતના માનવજીવન પર પ્રભાવ વિશે વ્યાપક વિધાનો કરીને, જીવનમાં સંગીતનું માહાત્મ્ય વર્ણવે છે, તો 'સ્વરલોક'માં હિંમત કપાસીનો પાને પાને પ્રગટ થતો સંગીત પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે તો 'દિવ્ય આનંદ'માં અનુવાદક રાજેન્દ્ર શાહનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ-દિવ્ય આનંદ વ્યક્ત કરીને રમણલાલ જોશીએ ખરા અર્થમાં સાહિત્યને બિરદાવ્યું છે એમ કહી શકાય.

રમણલાલ જોશી સાહિત્યિક વાતાવરણ અને આંદોલનોથી પરિચિત છે, એટલે જ એમનાં અવલોકનોમાં પણ યથાવકાશ સાહિત્યિક સ્થિતિ-ગતિના નિર્દેશો સહજ રીતે જ આવે છે. કેટલાક વાર્તાસંગ્રહોના અવલોકનો કરતી વખતે તેઓ ગુજરાતી વાર્તાની ગતિવિધિ વિશે યથોચિત અભિપ્રાય આપે છે. જેમકે રજનીકુમાર પંડ્યાના વાર્તાસંગ્રહ 'ચંદ્રદાહ'નું અવલોકન કરતી વખતે તેઓ આધુનિક વાર્તાની તાસીરને તાકતા રહે છે, 'સુરેશ જોષીના ઘટનાતિરોધાનના સિદ્ધાંતોના પ્રસાર-પ્રચાર પછી કોણ જાણે શાથી પણ ટૂંકીવાર્તાના સ્વરૂપમાં ઓટ આવી નથી. ટૂંકીવાર્તામાં ઘટનાહ્રાસની સુરેશની વાત બરોબર હતી, પણ પરિણામ એ આવ્યું કે 'ટૂંકીવાર્તાનો જ હ્રાસ થયો' એવી જ રીતે સુમંત રાવળના વાર્તાસંગ્રહ 'ઘટનાલય' વિશે વાત કરતી વખતે તેઓ લખે છે. સુરેશ જોશીના 'ઘટનાલોપ'ના સિદ્ધાંતોની પ્રતિક્રિયા રૂપે વાર્તામાંથી ઘટનાનો લોપ તો ઠીક, વાર્તાનો લોપ થઈ ગયો. 'ગુજરાતી વાર્તા મેદસ્વી બની ગઈ હતી ત્યારે તેમણે યોગ્ય રીતે જ આંતરઘટનાનો મહિમા કર્યો, પણ એનું વિચિત્ર પરિણામ આવ્યું.' આ ઉપરાંત ધીરેન અવાશિયાની 'વાઈડ એન્ગલ' તથા હરેશ નાગ્રેચાની 'તુ બોલને!' વાર્તાસંગ્રહોના અવલોકન દરમિયાન પણ રમણલાલ જોશી વાર્તાસંદર્ભે આ વાત કરે છે.

પત્રકારત્વ ક્ષેત્રે વિશાળ ખેડાણ કરનાર રમણલાલ જોશી ગ્રંથનો વિશેષ અને ગ્રંથકારનો પરિચય આપતાં તેમની રસળતી શૈલીએ થયેલા આ અવલોકનો, અવલોકનમાં અપેક્ષિત

પ્રત્યાયન ક્ષમતાનો ગુણ પણ ધરાવે છે. પુસ્તકના અવલોકનો પ્રત્યાયનક્ષમ હોવાને કારણે એ વાચકને પુસ્તક સુધી પહોંચાડવામાં અને પુસ્તક પ્રવેશ અપાવવામાં ઉપકારક ભૂમિકા ભજવે છે. અવલોકનકાર અને વાચકનો પુસ્તક સાથે નાતો જોડવાનો પોતાનો આશય પણ પાર પાડી શકે છે. રમણલાલ જોશીની નજર આગળ નિરપેક્ષ કલા સિદ્ધાન્તોની તુલનાએ કૃતિગત કલાતત્ત્વો વધારે રહેતા હોય છે જેથી એમને માટે કૃતિનું સૂક્ષ્મ વિવેચન નહિ પરંતુ વિશદ્ ચિત્રાણ વિશેષ મહત્ત્વનું બને છે. અવલોકનમાં પ્રવૃત્ત રમણલાલ આ વાત સારી રીતે જાણે છે. એટલે તેમના ગ્રંથાવલોકનમાં જે-તે કૃતિના અંતસ્તત્વની તલસ્પર્શી ચર્ચા કે આલોચના થતી નથી. પરિણામે અવલોકનકાર વિવેચક તરીકે પ્રગટ થતા નથી, વળી, ‘રંગતરંગ’ના પાને છપાયેલા આ અવલોકનો સાહિત્યના વિદગ્ધો માટે નહિ પરંતુ સરેરાશ ભાવકો માટે લખાયેલા છે. ‘આ પુસ્તક તમે જોયું? એવા પ્રશ્નાર્થ સાથે રમણલાલ જોશીને આખરે તો, સામાન્ય વાચકોને પુસ્તકો પ્રતિ અભિમુખ કરવા છે અને પુસ્તકોથી પરિચિત કરાવવા છે. રમણલાલ જોશીનું વિવેચન સાહિત્ય તટસ્થ અને સભાનપણે થયેલું તંદુરસ્ત સાહિત્ય વિવેચન છે. પોતે કયાં અને કોના માટે લખે છે કે, શું અને શા માટે લખે છે એ વિશે તેઓ પૂરા સભાન છે. પોતાને પરિષ્કૃત સાહિત્યરુચિના સજ્જ ભાવકો માટે જ નથી લખવું કે પછી પ્રશિષ્ટ સર્જકોની કૃતિઓનું જ અવલોકન નથી કરવું- એ વિશે તેઓ પૂરા સજાગ છે. એક ગ્રંથાવલોકન દરમિયાન એમની એ અંગેની સંપ્રજ્ઞતાનો અંદાજ આવે છે. તેઓ લખે છે, ‘આ પુસ્તક તમે જોયું?’ એ વિભાગમાં માત્ર પ્રસિદ્ધ લેખકોની કૃતિનો પરિચય અપાતો નથી. પ્રસિદ્ધ કૃતિઓ કે સર્જકને જેટલો ન્યાય મળ્યો છે એટલો જ ન્યાય સાહિત્ય જગતમાં પગરવ માંડતા નૂતન સર્જકોને મળ્યો છે, એટલું જ નહિ સાહિત્યક્ષેત્રે ખેડાણની શરુંઆત કરનાર માટે રમણલાલ જોશી પથદર્શક અને પ્રેરણા આપનાર પણ બન્યા છે તો કેટલીકવાર પ્રસિદ્ધ સર્જક હોય કે નવો સર્જક હોય તેની ક્ષતિઓને નિર્ભયપણે રમણલાલ જોશીએ

નિરૂપિત કરી દેખાડી છે. તેમના લેખનમાં ક્યાંય પક્ષપાત કે દંભ દેખાતો નથી. પરંતુ સત્યને ખરા સ્વરૂપમાં ચિત્રિત કરવાની તેઓ તાકાત ધરાવે છે. યોગ્ય વિવેચક તરીકેના કર્તવ્યની ભૂમિકા તેમાણે ખૂબ સારી રીતે ભજવી છે. તેમની વિષય પસંદગીમાં વિવિધતા અને વિશાળતા દેખાય છે. તેમજ પ્રત્યેક સાહિત્ય સ્વરૂપને આવરી લઈને તેણે સાહિત્યક્ષેત્રે વિશાળ યોગદાન આપ્યું છે, રમણલાલ જોશી પોતે દોરેલા નકશા મુજબ નિષ્ઠા અને નિસ્બત સાથે કે સહૃદયતા અને સ્વસ્થતાપૂર્વક ગ્રંથાવલોકનની પ્રવૃત્તિમાં સતત સક્રિય રહ્યા છે. એનું ઐતિહાસિક મૂલ્ય છે. એક સાહિત્યકાર વર્ષો સુધી સાતત્યપૂર્ણ રીતે ગ્રંથના પંથનો પ્રવાસ ખેડે અને પ્રવાસની ફલશ્રુતિ રૂપે પોતાને પ્રાપ્ત થયેલો આનંદ ગ્રંથાવલોકનને નિમિત્તે સહૃદયોને પણ વહેંચતા રહે એનો મહિમા ઓછો નથી, ‘આ પુસ્તક તમે જોયું ?’માં આપેલા પુસ્તકોના પરિચયથી તેમજ સર્જકની વિશેષતા અને મર્યાદાઓના લેખનથી રમણલાલ જોશીએ ભાવક જગતને વાચન પ્રત્યેના રસરુચિ અને વિષય પ્રત્યેના રસ-રુચિને જાગૃત કર્યાં છે. માનવપ્રેમથી પ્રભુપ્રેમ-દિવ્યપ્રેમની વાતોને અવલોકનકારે એવી વિભિન્ન શૈલીમાં અને સહજ રીતે રજૂ કરી છે. ટૂંકા ટૂંકા વાક્યો અને બોલચાલની શૈલી એ રમણલાલ જોશીના અવલોકનની એક નોંધપાત્ર ખાસિયત છે. તેમના અવલોકનોમાં બોલચાલની શૈલી યોજવાનું વલણ વિશેષ છે અને એ કારણે ઘણીવાર લખાણ વાંચતા હોવાને બદલે સાંભળતા હોવાનો અહેસાસ થઈ આવે છે.

‘અક્ષરના આરાધકો’ ભાગ-૧ અને ૨માં રેખાચિત્રો આપીને પત્રકારત્વ ક્ષેત્રે રમણલાલ જોશીએ સાહિત્યની ખૂબ મોટી સેવા કરી છે. પ્રસિદ્ધ સાહિત્યકારોથી માંડીને સાહિત્ય જગતમાં આવેલા નવાસવાં સાહિત્યકારોનો પરિચય રમણલાલ જોશીએ અહીં આપ્યો છે. સાહિત્યકારોને શબ્દોમાં ચિત્રિત કરવા એ ખરેખર તો ખૂબ અઘરું કામ છે, આવું અમૂલ્ય અને અઘરું કામ જ્યારે કોઈ વિવેચકના હાથે થાય ત્યારે તેની વિશેષતા અને ક્ષતિઓનું તોલમાપ ખૂબ જળવાઈ રહેલું હોય એ સ્પષ્ટ છે. અવલોકનકાર રમણલાલ

જોશીએ વિવિધ સાહિત્યકારોનો જે પરિચય આપ્યો છે. તેમાં તેની આગવી નિરૂપણરીતિના દર્શન થાય છે. જેમકે ધીરુભાઈ ઠાકરનો પરિચય આપતા તેઓ જણાવે છે કે 'અમદાવાદમાં પ્રસિદ્ધ એચ.એલ.કોમર્સ કૉલેજની હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં કોઈવાર જઈ ચઢો તો એક ઓરડામાં જાડી ફ્રેમના ચશ્મા પહેરેલા, પાટલુન-બુશર્ટમાં સજ્જ કોઈ પ્રાધ્યાપક જેવી વ્યક્તિને કોઈ લખાણમાં સુધારા-વધારા કરતા જુઓ તો નિશ્ચિત માનજો કે તે ડૉ. ધીરુભાઈ ઠાકર છે.', તો એવી જ રીતે સુશીલા ઝવેરીનો પરિચય આપતાં જણાવે છે કે 'પદ્ધતિપૂર્વકનું શાળા-કૉલેજનું શિક્ષણ લીધું ન હોવા છતાં અનર્ગલ સાહિત્યપ્રીતિથી પોતાની મેળે સ્વાધ્યાય કરી એક પછી એક પુસ્તકો પ્રગટ કરનાર શ્રી સુશીલા ઝવેરી વર્તમાન સ્ત્રી લેખિકાઓમાં ગણનાપાત્ર સ્થાન પામ્યાં છે.' તો કનુભાઈ જાનીનો પરિચય આપતાં કહે છે કે 'લોકવિદ્યાના વર્તમાન વૈજ્ઞાનિક અભ્યાસીઓમાં દૂર દૂર નજર નાખતાં પણ કનુભાઈ જાની ઉપરાંત બીજા નામો ખાસ જડતાં નથી.' તેમજ રમણલાલ જોશીએ કયારેક કાવ્યપંક્તિઓ દ્વારા સાહિત્યકારનો પરિચય આપ્યો છે.

'બનું ધૂપસળી, ખૂણે રહી જળી, ઢળી ખાખમાં
સુગંધ પ્રસરાવું શકય યદિ-સ્વલ્પ કાવ્યો તણી.'

કાવ્યો દ્વારા સુગંધ પ્રસરાવવાની મનીષા સેવનાર શ્રીકાન્ત માહલીકરની કવિતા ભાવનામયતાનું સાચકલું સૌન્દર્ય પ્રગટ કરે છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આમોદ' ૧૯૬૫માં પ્રગટ થયેલો. એ વખતે જ એક સાચા અવાજનો રણકાર સંકળાયેલો.' દરેક સાહિત્યકારનો વિવિધ રીતે પરિચય કરાવનાર રમણલાલ જોશીનો સાહિત્ય પ્રત્યેનો અને સાહિત્યકાર પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કરે છે. ઉપેન્દ્રભાઈ પંડ્યાનો પરિચય આપતાં તેઓ કહે છે. 'સાક્ષરભૂમિ નડિયાદના સાક્ષરોની પરંપરામાં ઉપેન્દ્રભાઈ એના એક ગૌરવશાળી વારસદાર છે. સ્વભાવે તે ઋજુ, વિનમ્ર અને અત્યંત સ્નેહાળ છે. વર્ષોથી એમની મૈત્રી માણી છે. ગોરો વાન,

અસાધારણ ઊંચાઈ અને ચશ્માામાં દેખાતી સ્નેહ-નિર્ઝરતી આંખો એટલે ઉપેન્દ્રભાઈ. હું ભૂલતો ન હોઉં તો એકવાર ગુલાબદાસ બ્રોકરે તેમને ગુજરાતીઓમાં ગ્રીક તરીકે સંબોધેલા! ગ્રીક પ્રજા જ્ઞાન (નોલેજ) કરતાં ડહાપણનું ગૌરવ કરે છે. ઉપેન્દ્રભાઈ માટે એ સર્વથા યોગ્ય છે.'[૧૯] રમણલાલ જોશીએ ઉપેન્દ્ર પંડ્યાના સાહિત્યનું અવલોકન કરીને એક જાગૃત વિવેચક તરીકે સાચા અર્થમાં તેઓની તારીફ કરી છે એટલું જ નહિ તેની સાહિત્યકલાને સાહિત્યના ઈતિહાસમાં સાહિત્ય જગતમાં પણ શ્રેષ્ઠ સ્થાન મળી શકે એવી શ્રેષ્ઠ સર્જકની તેમાં છૂપાયેલી સુપ્ત શક્તિને ભાવકો સમક્ષ પ્રગટ કરી છે અને અવલોકનકાર રમણલાલ જોશી એમ પણ કહે છે કે 'એક સારા કવિના Potentiality સુપ્ત શક્તિ એમનામાં પડેલી છે જ.' તેમના મતે ખાસ કરીને પ્રકૃતિના ભાવચિત્રોના આલેખનમાં તેમની શક્તિનો ઉન્મેષ જોઈ શકાય છે તેમજ તેઓ જાણાવે છે કે, 'તેમની કાવ્ય રુચિ પ્રશિષ્ટ સાહિત્યના પરિશિલનથી ઘડાયેલી છે. 'પંડિત-યુગ' ગાંધીયુગની કવિતાના સંસ્કારો ઝીલીને તે સ્વકીય સંવેદનને અભિવ્યક્તિ આપે છે. ચિત્રાત્મકતા એમને સહજ છે જ છ લીટીની એક રચનામાં તેમણે કેવું સુરેખ ચિત્ર કંડાર્યું છે:

'પેલી ઘેલી જલ રમણી કેશવલિ કૈંક ઉછાળી,
ડોલે ઝૂલે લહર લટકે, ચંદ્રને ન્યાળી ન્યાળી,
હૈયું ના હાથ રહેતા, ચૂપકીથી જઈને,
ચશ ચશી ચૂમી ગાલ,
આવ્યો ધીરે ક્ષિતિજ ઉપરે સૂર્ય જ્યાં ખુશખુશાલ
ત્યાં તો સામે જ ન્હાળી, ચતુર ચમકતો ચંદ્રમા શ્વેત ભાલ,
કેવો તે લજ્જિત બની જઈ થૈ ગયો લાલ લાલ!'[૨૦]

કેટલીકવાર રમણલાલ જોશી સાહિત્યસર્જકનો પરિચય આપવાને બદલે સાહિત્યકૃતિનો વિશેષ પરિચય આપે છે અને આ સાહિત્યકૃતિ જ જાણે કે વ્યક્તિનો પરિચય બની જતો હોય છે, જેમકે ચંદ્રકાન્ત પંડયાનો પરિચય આપતી વખતે તેમની કૃતિ 'બાનો ભીખુ' પુસ્તક લખનાર લેખક પોતે જ 'ભીખુ'ના નામથી ઓળખાવા લાગે છે. રમણલાલ જોશીએ જયારે આ પુસ્તકનું અવલોકન કરેલું ત્યારે તેનું શીર્ષક 'માતૃવાત્સલ્યની કવિતા' આપેલું. કારણ કે અવલોકનકારે તેનું અવલોકન કરતાં તેમાં માણેલો માતૃવાત્સલ્યનો ભાવ સ્પષ્ટપણે નિરૂપિત થયેલો જણાય છે. રમણલાલ જોશીએ 'બાનો ભીખુ'નું અવલોકન કરતી વેળાએ ચન્દ્રકાન્ત પંડ્યાનો એક સર્જક તરીકેનો માતૃવાત્સલ્ય ભાવ પ્રદર્શિત કરતાં જણાવ્યું છે, 'લેખક સંસ્મરણોમાં સચ્ચાઈનું ચુસ્ત પાલન કર્યું હોઈ આ ચિત્રો પ્રીતિકારક બન્યા છે. શીર્ષક પ્રમાણે તે એમાં 'ભીખુ' જ કેન્દ્રસ્થાને આવે, પણ ભીખુને નિમિત્તે કહેવાયેલી કથામાં 'બા' જ કેન્દ્રસ્થાને આવે છે. આ એક માતૃવાત્સલ્યની કવિતા થઈ રહે છે. આજકાલ જ્યારે સ્ત્રીપુરુષના પ્રણયનું આસમાની આલેખન થાય છે ત્યારે માતૃહૃદયની નિર્વ્યાજ પ્રેમની કથા કહેતું આ પુસ્તક હૃદયસ્પર્શી નીવડે છે. લેખકની પાદર્શક સહૃદયતા કથા ઠાઠમાઠ કે આડંબર વિના સાદીસીધી રીતે પ્રગટ થતી દેખાય છે.'[૨૧]

સાહિત્ય અને જીવનવિચારનું સામયિક 'ઉદ્દેશ' ચલાવનારા રમણલાલ જોશીએ સાહિત્યમાં જીવનચિંતનનો હંમેશા આગ્રહ રાખ્યો હોય તેવું લાગે છે. સાહિત્ય માત્ર 'જીવનનો આનંદ' ન ગણતા 'જીવનનું ચિંતન' ગણાવ્યું છે. તેનીજ સાહિત્યની તેમની પસંદગીમાં શ્રી માતાજી અને શ્રી અરવિંદ જેવા મહાન ચિંતકોની પ્રેરણા અને છાયા છે, કૃષ્ણ જેવા આધ્યાત્મિક પાત્રનું વળગણ છે. 'ભગવદ્‌ગીતા' કે 'નારાયણકવચ' જેવાં પુસ્તકોનો સંગાથ છે. એમના સત્વશીલ સાહિત્યએ જગતને માત્ર સાહિત્ય નહિ પરંતુ 'ઉદ્દેશ'ના માધ્યમથી ખૂણે ખૂણેથી વીણીને શ્રેષ્ઠ 'જીવનચિંતન' આપ્યું છે.

તેથી આવા ચિંતનાત્મક, પ્રેરણાત્મક અને સત્વશીલ સાહિત્યસર્જકોની સાહિત્ય જગતમાંથી શોધી કાઢ્યા છે. આવા પ્રકારના લખાણો આપતા મુકુન્દ પી. શાહનો પરિચય આપતાં તેઓ જણાવે છે, 'હું તો પ્રસંગોપાત કહેતો આવ્યો છું કે આજના કાળમાં કાંઈક ઉપદેશાત્મક લાગે છતાં પ્રજાના ચારિત્ર્યનું ગઠન કરે એવાં લખાણો પ્રગટ થવાં જોઈએ. અત્યારે આપણે પૈસા અને સત્તા પાછળ દોટ મૂકી છે. ભવ્ય ભારતીય સંસ્કૃતિનો આપણો દેશ અત્યારે તો કૌભાંડોનો દેશ બની ગયો છે. ભારતીય સંસ્કૃતિના આદર્શો તો ગ્રંથોમાં જ રહ્યા છે. આપણું પ્રજાકીય વ્યક્તિત્વ જાણે બંધાતું નથી. ભારતમાં એકાદ વિવેકાનંદ, શ્રી અરવિંદ કે ગાંધીજી પાકી શકે, પણ સરેરાશ નાગરિક તો સરેરાશ કરતાંય નીચી કક્ષાએ જીવતો દેખાય છે! આ પરિસ્થિતિમાં પ્રજાને પ્રેરણા આપે, માણસોને જીવનમૂલ્યોના પાઠ શીખવે, ચારિત્ર્યગુણો ખીલવે, નીતિમત્તાનાં ધોરણો દઢમૂલ કરે અને સૌથી વિશેષ માણસને દઢ સંકલ્પવાળો, નિયમિત ચોકસાઈવાળો, નિષ્ઠાપૂર્વક કર્તવ્યો અદા કરતો, હતાશા અને નિ:સહાયતા ખંખેરીને જવાબદારીઓ વહન કરતો બનાવે એવા સાહિત્યની ખૂબ જરૂર છે. સ્વ. ચાપશી ઉદ્દેશીનાં આદર્યા અધૂરા પૂરા કરવાની આશા ધરાવનાર એમના 'માનસ-પુત્ર' શ્રી મુકુન્દભાઈ શાહ આ પ્રકારનાં લખાણો કરતાં રહ્યાં છે એ આવકારદાયક જ નહિ પણ આજના સમયમાં અનિવાર્ય પણ છે.'[૨૨]

રમણલાલ જોશીએ મુકુન્દ પી. શાહની સાહિત્યપ્રીતિ પ્રત્યેની લગન અને નિષ્ઠાપૂર્વકના કાર્યની કદર કરી છે તો કેટલીકવાર સાહિત્ય જગતમાં સહજભાવે હૃદયના ઉદ્ગાર અભિવ્યક્ત કરનાર નાના ગજના કવયિત્રી ચન્દા રાવલ જેવા સાહિત્યના જીવને પણ રમણલાલ જોશીએ હૃદયના ઉમળકાથી આવકાર્યો છે. કવયિત્રી પ્રકૃતિ પ્રત્યેનો સાનંદાશ્ચર્યભાવ અવલોકનકારને સ્પર્શી ગયો છે. તેથી તે લખે છે કે, પ્રકૃતિ પ્રત્યેનો સાનંદાશ્ચર્યભાવ અનેક પંક્તિઓમાં પ્રગટ થયો છે, પ્રકૃતિની સાથે માનવભાવો પણ ગૂંથાયા છે. કયાંય પણ આયાસ નથી, સહજભાવે

હૃદયના ઉદ્‌ગાર અભિવ્યક્તિ પામે છે. ભાવનાનો સ્પન્દ તો સતત વરતાય છે. 'મોજમાં', 'સોણલું' જેવી રચનાઓ અત્યંત કલાત્મકતાથી હૃદયને સ્પર્શે છે. કૃષ્ણ-વિરહની વાત ઘણાં કાવ્યોમાં ધ્વનિત થઈ છે. તેમણે વિપુલંભ ગાયો છે. છતાં સમગ્રતયા તે વેદનાને ગોપવીને ઉલ્લાસનો અર્ધ્ય આપે છે.'[૨૩] રમણલાલ જોશીને કેટલીકવાર તેમની કવિતાઓમાં રવીન્દ્રનાથનો પ્રભાવ રાજેન્દ્ર શબ્દની કવિતા દ્વારા પ્રગટ થયેલો દેખાય છે તો ક્યારેક વ્રજભાષા અને હિન્દીભાષાનો વિનિયોગ પણ પ્રદર્શિત થતો જણાય છે તો શ્રીકાન્ત માહલીકરની કવિતાનું અવલોકન કરતાં તેઓને એમની કવિતામાં એક પ્રકારની પરિપકવતા દેખાય છે. સાઠના ગાળાના કવિઓ રાજેન્દ્ર-નિરંજનને પગલે પગલે સૌન્દર્યબોધ અને નગરજીવનની અકળામણ કવિતામાં લઈ આવ્યા હોય એવું લાગે છે. શ્રીકાન્તની કવિતામાં જીવનમાંગલ્ય અને ભાવનામમતાનો સ્પંદ આકર્ષક રહેલો દેખાય છે તેમજ છંદ વિશેની કવિની સ્પષ્ટતાને રમણલાલ જોશીએ આવકારી છે. તો બીજી બાજુ તેમની પાસેથી અપેક્ષાનો અસંતોષ ન વ્યક્ત કરતા અવલોકનકાર નોંધે છે કે, 'પરંતુ કવિતાનો વેગ અસહ્ય રહ્યો હોવાને કારણે તેમના સમોવડિયા કવિઓની સરખામણીમાં તે કાંઈક ઓછું આપી શકયા છે.'[૨૪] અહીં જ અસંતોષ અધૂરો ન રહી જાય અને કવિને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તેથી તેમનો સાહિત્યિક પરિચય આપતા તેઓ કહે છે, 'ટૂંકમાં આ કવિ સમષ્ટિના મુક્ત ગાનમાં લઘુજીવન સ્વર મિલાવી દેવાની અભીપ્સા સેવે છે અને કવિને પરમ બ્રહ્મની છબીરૂપે જુએ છે. આવા ઉચ્ચાશયી કવિતા-સાધક પાસેથી વધુ ઉત્કૃષ્ટ રચનાઓ આપણે મળવાની જ.'[૨૫] જેમની વાતોમાં આખો સમાજ સમાસ પાસે, અનેક સંદર્ભો આપે, પુસ્તકોમાંથી સહજપણે અવતરણો વકતવ્યમાં ગૂંથાતા જાય. આવી તમામ સજ્જતા રમણલાલ જોશીને એક સારા નિબંધકારના લક્ષણો દર્શાવે છે. તેથી તેઓ આવા ઉત્તમ નિબંધકાર ભૂપત વડોદરિયા વિશે રમણલાલ જોશી નોંધે છે, 'વિચારણાના પ્રવાહમાં આવતી ચિંતનકણિકાઓ સમગ્ર વિચાર મિનારની

શોભા વધારે છે. જેમ આ લેખો વાસ્તવિકતા અને સ્વપ્નિલતાની સરહદ પર મળે છે તેમ ફોર્મ પરત્વે લલિતનિબંધ અને જ્ઞાનલક્ષી નિબંધની સરહદ પર પણ મળે જ છે. બોધપ્રધાન નિબંધોમાં પણ લેખકના સૌમ્ય, સૌજન્યશીલ અને સૌહાર્દપૂર્ણ વ્યક્તિત્વની રેખાઓનો અમુક સંસ્પર્શ આહ્લાદક નીવડે છે.'[૨૬]

રમણલાલ જોશીએ સાહિત્યકારનો અનુભવ કે સાહિત્ય વિશેની સર્જકની ભાવના શું છે? એ વિશે પણ કેટલાંક અવતરણો ટાંકીને ભાવક જગતને સાહિત્યકારને સાચો પરિચય કરાવ્યો છે. ભૂપત વડોદરિયાને રમણલાલ જોશીએ જ્યારે પૂછયું કે 'પોતાના લેખનજીવનના અનુભવ વિશે પોતે કેવી લાગણી અનુભવે છે.'[૨૭] ત્યારે એમનો જવાબ અહીં નોંધવા જેવો લાગ્યો છે. 'લેખક થયો ન હોત તો કદાચ હું જીવી જ શકયો ના હોત કેમકે લેખકને એક સૌથી મોટો ફાયદો એ છે કે જીવનના કપરામાં કપરા અનુભવોને કશુંક કલાત્મક રૂપ તે આપી શકે છે. પોતાના જીવનને પછી તે ગમે તેટલું દુ:ખી થયું હોય તો પણ કાચા માલ તરીકે વાપરી શકે છે. જીવનને માણવાની અને સમજવાની એક ક્ષમતા એ લેખનજીવનની મોટી આડપેદાશ છે અને લેખક તરીકે એક મોટો વિશેષાધિકાર જે મળે તે જગતના મહાન સર્જકોની મહેફીલમાં સામેલ થવાની તક મળે તે છે.'[૨૮]

એટલે ખરા અર્થમાં તો સાહિત્યકાર સુખ કે દુ:ખ કોઈપણ પરિસ્થિતિમાં જીવનને માણી શકે છે, જીવનનો સાચો આનંદ અનુભવી શકે છે તેમજ જગતને કશુંક કલાત્મક આપી શકે છે. તો ભાનુપ્રસાદ ત્રિવેદીનો પરિચય આપતા રમણલાલ જોશી તેમની આત્મીયતા મૈત્રી ભાવ રજૂ કરતાં કરતાં સાહિત્યકારનો સાચો પરિચય કરાવે છે. 'ભાનુપ્રસાદ ત્રિવેદી: એક સાચકલાઈથી ધબકતું વ્યક્તિત્વ ગામડાની અસલિયત અકબંધ જાળવી છે અને છતાં શિષ્ટ નાગરિકતાની ઊણપ ન વરતાય. સ્વભાવે અત્યંત પ્રેમાળ, મળવા જેવા માણસ, આ લખું છું એ ક્ષણે 'શાલવન' નજીક હોત તો મળવા દોડ્યો જાઉં એવી લાગણી થાય છે!

આજના ભાવના-વિહોણા કાળમાં ભાનુપ્રસાદ જેવો કવિ અને ખાસ તો 'માણસ' આપણી પાસે છે એ ઓછા આનંદની વાત છે? ગુજરાતી સાહિત્યને તેમની પાસે ઘણી અપેક્ષાઓ છે.'[૨૯]

રમણલાલ જોશીએ પુસ્તકોનું કે સાહિત્યકારોનાં સાહિત્યનું અવલોકન કરતી વખતે વ્યક્તિને- સર્જક તરીકે' જ મૂલવ્યો છે. તેણે ચંદુલાલ સેલારકાનો પરિચય આપતા તેમને 'માણસ ભૂખ્યા માણસ' કહ્યા છે. તેમજ લોકપ્રિય સાહિત્યકાર તરીકે બિરદાવ્યા છે તો 'આપણે ત્યાં લેખકોને જુદાં જુદાં ખાનામાં વહેંચવામાં આવે છે. ફલાણા તો લોકપ્રિય લેખક અને અમુક તે વિદ્વદ્‌પ્રિય લેખ આ બાબત બરાબર નથી.'[૩૦] એ વાક્ય દ્વારા સર્જક પ્રત્યેનો રમણલાલ જોશીનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. સર્જકને એ માત્ર સર્જક તરીકે મૂલવે છે. તેઓ જણાવે છે કે અગાઉ મુનશી, સ્વ. દેસાઈ, મેઘાણી વગેરે લેખકો જેટલા લોકપ્રિય હતા એટલાજ વિદ્વદ્‌પ્રિય પણ હતા. અને તેથી જ તેઓ ભાવકો અને સાહિત્યરસિકોની સમાન ચાહના મેળવી રહ્યા છે એવું રમણલાલ જોશી સ્પષ્ટ કરે છે. જ્યારે તેઓ ભોળાભાઈ પટેલનો પરિચય આપે છે ત્યારે રમણલાલ જોશીના શબ્દો કોઈ વિવેચક કરતાં કવિહૃદયના વિશેષ લાગે છે, 'ભોળાભાઈ પટેલ સ્નેહ અને સૌહાર્દ, નરી નિર્મલ સાહિત્યપ્રીતિનું  પ્રતીક પંચાવન વર્ષના થયા. પૌત્રો-પૌત્રીઓથી વીંટળાયેલા રહે છે. જે વાત્સલ્ય કૌટુમ્બિક દેખાય તે પણ એમના નિર્વ્યાજ સાહિત્યાનુરાગનું સહજ પરિણામ હશે.'[૩૧] આ ઉપરાંત અનુવાદક તરીકે મનસુખલાલ સાવલિયાનો પરિચય આપીને તેની સમશ્લોકી અનુવાદ અને વિષમશ્લોકી અનુવાદ આપવાની કળાને સાહિત્યજગતમાં ભાવકો માટે આવકારી છે. તેઓ મનસુખલાલ સાવલિયાનું છંદો પરનું પ્રભુત્વ, રોળા અને કુંડલિયાનો તેમણે કરેલો ઉપયોગ અવલોકનકારે ધ્યાનાકર્ષક દર્શાવ્યો છે તેમજ તેની વિદ્વતાના વખાણ કર્યાં છે.

રમણલાલ જોશીએ અક્ષરના આરાધકો-૨માં આપેલા અનેકવિધ સર્જકોના પરિચય

ધ્યાનાકર્ષક છે. ગુજરાતીના એક અત્યંત સત્વશીલ અને ભાવનાશાળી કવિ મેઘનાદ ભટ્ટ, ગુજરાતમાં છંદશાસ્ત્રમાં સક્રિય રસ લેનાર રમણીકલાલ મારુ, મધ્યકાલીન સાહિત્યના એક સઘન અભ્યાસી તરીકે હસુ યાજ્ઞિક, કિશોરો માટે જ્ઞાનવિજ્ઞાન અને ચરિત્રાત્મક પુસ્તકો આપનાર શ્રી યશવંત મહેતા, એક સાચા અને સારા કવિ હરિકૃષ્ણ પાઠક, રેખાચિત્રોના સર્જનહાર નાનાભાઈ જેબલિયા, લેખન અને સાહિત્યમાં જીવન રસ ધરાવનાર દિનેશ શાહ, પ્રયોગશીલ અને અદ્યતન સર્જક તરીકે શ્રી કિશોર જાદવ, શક્તિશાળી અને ગુણવત્તાવાળી કૃતિઓ આપનાર શ્રી રામચંદ્ર પટેલ, ગુજરાતીના પીઢ અધ્યાપક ચન્દ્રકાન્ત મહેતા, અગ્રણી નવ્ય વિવેચક તરીકે સુપ્રતિષ્ઠિત સુમન શાહ, નાટકના જીવ લવકુમાર દેસાઈ, છેલ્લા દસકામાં નાટ્યવિવેચન ક્ષેત્રે આધુનિક દષ્ટિનો વિનિયોગ કરનાર કૃષ્ણકાન્ત કડકિયા, સુપ્રસિદ્ધ લેખક સ્વ. ‘જયભિખ્ખુ’ના સુપુત્ર શ્રી કુમારપાળ દેસાઈ, સાંપ્રત ગુજરાતી સાહિત્યમાં નાટક સાહિત્ય પ્રકારમાં અને નાટકના વિવેચનમાં સક્રિય રહેનાર ડૉ. સતીશ વ્યાસ, સાતમા દાયકાના એક અત્યંત શક્તિશાળી કવિ તરીકે માધવ રામાનુજ છંદોબદ્ધ ગઝલો રચનાર હર્ષદ ચંદારાણા, પ્રયોગશીલ અને આધુનિકતાની મુદ્રાવાળી કવિતા રચના સરૂપ ધ્રુવ વગેરેનો વિવિધ રીતે પરિચય કરાવ્યો છે.

આમ તો દરેક ક્ષેત્રમાં ભેદભાવ અને વાડાબંધીઓ જોવા મળતા હોય છે. જયંતી દલાલનો પરિચય કરાવતી વખતે રમણલાલ જોશીએ વાડાબંધી અંગેના તેમના વિચારો જણાવતાં નોંધ્યું છે-‘શ્રી જયંતી દલાલને ગુજરાતી સાહિત્યમાં અત્યારે પ્રવર્તતી વાડાબંધી તદ્દન નાપસંદ છે. પાંચેક વર્ષ પહેલાં એક દૈનિકની મુલાકાતમાં તેમણે કહેલુ: ‘વાડાબંધી છે એ સાચું છે અને એ સાહિત્ય માટે વિઘાતક છે એ પણ સાચું છે. મારી જ વાત કરું તો હું કદી કોઈ પારિતોષિક માટે મારું પુસ્તક મોકલતો નથી. કારણ? એક અગાઉ મેં કહ્યું તેમ હું નિજાનંદ માટે લખું છું અને બે, આજે વાડાબંધીને કારણે કૃતિનિષ્ઠ ઈનામો રહ્યા નથી.

વ્યક્તિનિષ્ઠ ઈનામો રહ્યાં છે.'[૩૨] જયંતી દલાલનો આ અનુભવ સાચો હોઈ શકે, કેમકે વાસ્તવિક રીતે ઘણાં કૃતિનિષ્ઠ સર્જકોની સાહિત્યજગતમાં સરાહન થતી નથી તો કેટલીકવાર કચરા જેવું સાહિત્ય સાહિત્યજગતમાં ઉત્કૃષ્ટ મૂલવણીને કારણે ફૂલેફાલે છે. રમણલાલ જોશીએ કેટલીકવાર અપેક્ષવાદી કે સર્જકોની પણ અહીં ચર્ચા કરી છે.

કાવ્યરસિકો અને વિવેચકોનું ખાસ ધ્યાન ખેંચનાર હરિકૃષ્ણ પાઠકનો પરિચય આપતા રમણલાલ જાણાવે છે કે તેઓ ગીત-ગઝલ અને સોનેટ ક્ષેત્રે ઉત્તમ યોગદાન આપનારા છે તેમજ છંદોવિધાન અને ગદ્યનાવિનિયોગ ક્ષેત્રે પણ તેમનું કાર્ય ધ્યાનાકર્ષક નીવડેલું જણાય છે. તેઓ જણાવે છે કે ખાસ કરીને કાવ્યત્વ જાળવીને ભાષાને બોલચાલના સીમાડા સુધી લઈ આવવાનો હરિકૃષ્ણ પાઠકના પુરુષાર્થને રમણલાલ જોશીએ બિરદાવ્યો છે. તેઓએ વાર્તાકાર તરીકે તેનો સંયમ દાદ માગી લે તેઓ છે એમ જણાવતા વાર્તાકાર તરીકેની વિશેષતા જે રીતે બતાવી છે તે નોંધવા જેવી છે. 'વાર્તારૂપે પોતાના સંવેદનને-અનુભૂતિને આકારબદ્ધ કરવાના એમના પ્રયત્નમાં એમની કાવ્યચેતનાને ધાર નીકળેલી જણાશે. ભાષા અને પ્રતીકનો સૂક્ષ્મ સૂઝભર્યો ઉપયોગ, કથનને વિરોહીત રાખી ધ્વનિમયતાનો આધાર લેવાની કુશળતા અને સામાન્યત: ચિત્રાત્મક શૈલીને કારણે અને ખાસ તો અત્યારે ટૂંકી વાર્તામાં ખાસ કશો ઉપયોગ જોવા મળતો નથી અને લઘુકથાની બોલબાલા છે ત્યારે આ વાર્તાઓનું સર્જક કર્મ સહૃદયોને સંતર્પક નીવડશે. વાર્તાઓના 'થીમ'ની દષ્ટિએ કવિના પ્રથમ સંગ્રહના નિવેદનમાં તેમણે જે કેફીયતનો અણસાર આપ્યો છે એનું અનુસંધાન આપાણું ધ્યાન ખેંચે છે. શૈશવ-ગ્રામ સંસ્કૃતિનો પક્ષપાતી કવિજીવ આ નકલી યંત્રસંસ્કૃતિમાં કેવો અડવો અડવો વિહરે છે એ સાહિત્યરસિકો આનંદપૂર્વક નોંધશે.'[૩૩]

'આજકાલ હાસ્યના લેખકોનો રાફડો ફાટ્યો છે' એવું વિધાન કરનાર રમણલાલ જોશીએ હાસ્યલેખામાં વિશેષ કશું તથ્ય રહેલું ન હોય તેવો ભાવ વ્યક્ત કર્યો છે. 'હાસ્યના

વિભાગોને સંપાદકો અગ્રિમતા આપે છે પણ એમાં સામાન્ય રીતે સસ્તી યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા ચાલું બનાવો વિષે કે ચવાઈ ગયેલા વિષયો અંગે શબ્દ દ્વારા હાસ્યનું નિરૂપણ કરવાનો પ્રયત્ન થાય છે. શબ્દો ઉપર શ્લેષ અને અવળવાણીનો ઉપયોગ કરી સસ્તી મજાકો દ્વારા વાચકોને બે ઘડી મોજ કરાવવાનો એમાં પ્રયત્ન થાય છે. એમાં કોઈ બૌદ્ધિક અભિગમ હોતો નથી.'[૩૪] અવલોકનકારની દ્દષ્ટિએ એ બરાબર છે પરંતુ સાંપ્રત સમયમાં માનવજીવન એટલું વ્યથિત અને મુશ્કેલ બની ગયું છે કે થોડુંઘણું હાસ્યસર્જન લોકોને સાહિત્યાભિમુખ કરીને હળવા બનાવવાનું કાર્ય કરે છે. તો ગુણવત્તાયુક્ત લેખનકાર્ય કરનાર નાનાભાઈ જેબલિયાનો નવલકથાકાર, વાર્તાકાર અને ઈતિહાસકથાકાર તેમજ રેખાચિત્રોને પોતીકી ભાષામાં ચિત્રત કરનાર તરીકે રમણલાલ જોશી 'ધરતીના છોરું' કહે છે કેમકે તેમની કાઠી ભાષાનું કૌવત તેમની કૃતિઓમાં અનાયાસ પ્રગટ થતું જોવા મળે છે તેમજ તેઓ કશું વિચારીને ગણતરીપૂર્વક લખતા નથી. પોતાના અનુભવોને તે સરલ અને વેધકભાષામાં વ્યક્ત કરે છે. તેથી જ તેમની સર્જકશક્તિને બિરદાવતા રમણલાલ જોશી નોંધે છે, 'તેમની કૃતિઓ સ્પર્શે છે. કારણ કે હૃદયથી લખે છે. જે હૃદયમાંથી નીકળે તે જ હૃદયને પહોંચે છે એ આપણે જાણીએ છીએ. શ્રી નાનાભાઈની રચનાઓમાં સૌરાષ્ટ્રની ધરતીની તાજી માદક સુગંધ રેલાય છે. એનો ચાહક વર્ગ પણ મોટો છે. લેખનમાં મૂળભૂત બાબત સચ્ચાઈ છે. બળવંતરાય ઠાકોર અને જે 'ખુદવફાઈ' કહેતા તે આ લેખકમાં છે. તેઓ દૂર ગામડામાં બેઠાં બેઠાં પોતાની રીતે સાહિત્ય અને સંસ્કારની સેવા કરે છે. શહેરી ઝાકઝમાળથી દૂર રહ્યા છે. ગીતા-પ્રોકત 'સ્વધર્મે નિધન શ્રેય:'નું તે પાલન કરે છે. નવલકથા, ટૂંકીવાર્તા જેવા પ્રકારોમાં ઘણા પરિવર્તનો આવ્યાં, પણ નાનાભાઈ જેબલિયા જેવા લેખકો પોતાની રાહે ચાલે છે અને સમાજમાં દુ:ખો, વિડંબનાઓ, હતાશા વગેરેને આત્મસાત કરી પ્રજાની વેદનાને વાચા આપે છે તે પણ ઈચ્છવા યોગ્ય ગણાય. ધરતીમાંથી બળ મેળવવું એ પાછું નવસર્જન કરીને ધરતીને પાછું

આપવું એનો તેમનો ઉપક્રમ પ્રશસ્ય છે.'[૩૫]

આપણે ત્યાં એક એવો ખ્યાલ પ્રવર્તે છે કે સાહિત્યસર્જક અમુક ક્ષેત્ર સાથે જ સંકળાયેલો હોય. પરંતુ રમણલાલ જોશીના મતાનુસાર માણસના વ્યક્તિત્વનાં અનેક પાસાં છે. એનાં રસના અને જીવનકાર્યમાં વિવિધક્ષેત્રો હોય અને છતાં તે કલા અને સાહિત્યસર્જનમાં પણ એટલો જ રસ લેતા હોય. દિનેશ શાહ રાજકારણી હોવા છતાં સાહિત્યસર્જક છે. રમણલાલ જોશીએ તેને મૂલ્યનિષ્ઠ રાજકારણ અને સિદ્ધાંતનિષ્ઠ જાહેરજીવનને વરેલા જાગૃત સંનિષ્ઠ સમાજસેવક તરીકે મૂલવ્યા છે. રાજકારણમાં સક્રિય રસ હોવા છતાં તે હાડે સાહિત્યકાર છે- અત્યંત સંવેદનશીલ સાહિત્યકાર છે. અવલોકનકારે તેમની સાથેની વાતચીતમાં પણ હંમેશા સહજ સાહિત્યિક સુષમાનો અનુભવ કર્યો છે. તેઓ નોંધે છે કે, '૧૯૭૮-૭૯માં નાણામંત્રી તરીકે પ્રથમ બજેટ પ્રવચન આપેલું એમાં પણ તેમણે પન્નાલાલની 'માનવીની ભવાઈ' માંથી અવતરણ આપેલું!' એ ખરેખર લેખકની સાહિત્ય પ્રત્યેની લગન અને આત્મીયતા દર્શાવે છે.

સર્જકના વિવિધ પાસાં દર્શાવતાં અવલોકન કારે સર્જકોના વિવિધ સ્વરૂપોને પણ દર્શાવ્યા છે. ગીત, ગઝલ, વાર્તા, નવલકથા... જેવા અનેકવિધ સાહિત્યની સફર કરનાર રમણલાલ જોશી લોકસાહિત્ય અને તેના સર્જકોને કેમ ભૂલી શકે? સદ્‌ગત ઝવેરચંદ મેઘાણી પછી લોકસાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે જે નવા માણસો આવ્યા એમાં નિષ્ઠાવાન એવા જોરાવરસિંહ જાદવ પ્રત્યે ધ્યાનાકર્ષક રહ્યા છે. તેમના લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને લોકકળાને લગતાં ઘણાં સચિત્ર પ્રકાશનોની નોંધ લીધી છે તો શ્રેષ્ઠ નાટકકાર કે 'નાટકનો જીવ' કહીને ડૉ. લવકુમાર દેસાઈનો પરિચય કરાવ્યો છે. રમણલાલ જોશી નોંધે છે, 'અત્યારે જ્યારે આ સ્વરૂપમાં ઝાઝું કામ થતું નથી ત્યારે અત્યંત નિષ્ઠાપૂર્વક શ્રી લવકુમાર દેસાઈ જેવા જે કામ કરે છે તે સાચે જ અભિનંદનીય છે. તેમના સંખ્યાબંધ અભ્યાસલેખો અને સમીક્ષાઓ

જાણીતાં સામયિકોમાં પ્રગટ થયેલ છે. એમાંથી પણ પસંદગીપૂર્વકના લેખોનો સંગ્રહ કરવો જોઈએ. તેમણે સંપાદનો અને અનુવાદો પણ કર્યાં છે.' એમ નાટ્યક્ષેત્રે નિર્ણાયક તરીકે તેમણે બજાવેલી ફરજો, નાટકના વિવિધ સેમિનારોમાં તેમની ભાગીદારી, નાટ્યશિબિરોનું સંચાલન, નાટક વિશેના વિવિધ પ્રોજેક્ટ અંગેનું કાર્ય વગેરે બાબતોની નોંધ લેતા રમણલાલ જોશીએ નાટકનું તેમનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન અને રસ-રુચિની કદર કરી છે. તો વિવેચનક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર રમણલાલ જોશીના સહકાર્યકર એવા સુમન શાહનો પરિચય કરાવ્યો છે જેમાં રમણલાલ જોશીની આગવી ભાષાશૈલીનાં દર્શન થાય છે, 'ડૉ. સુમન શાહ અગ્રણી નવ્ય વિવેચક તરીકે સુપ્રતિષ્ઠિત છે. આધુનિકતાના પ્રબળ હિમાયતી સુમન શાહનાં અવલોકનો અને વિવેચનાત્મક નુકતેચીનીથી ભલભલા સર્જકોના હાજા ગગડી જતાં, પણ ઉંમરના વધવા સાથે હવે તે થોડા ઠાવકા અને ઠરેલ બન્યા છે. છતાં કોઈ કોઈ વાર તેમનો અસલ મિજાજ પ્રગટ થઈ જાય છે. સુમન શાહની વિવેચક તરીકેની 'ઈમેજ' એવી બંધાઈ છે કે એક કાળે સાહિત્યરસિકો તેમને 'એંગ્રી યંગ ક્રિકેટર' તરીકે જ ઓળખતા. પણ સુમનભાઈ વિવેચક ઉપરાંત એક પ્રયોગશીલ સર્જક પણ છે એ વાત લગભગ વિસરાઈ ગઈ છે.'[૩૬] એવું કહેનાર રમણલાલ જોશી માત્ર વિવેચક તરીકે નહીં પરંતુ શ્રેષ્ઠ સર્જક તરીકે પણ તેમને સત્કારે છે. અમુક સાહિત્યકારોના વલણોથી તે થોડા વાજ આવી ગયા છે એવું રમણલાલ જોશીને લાગે છે અને આ બાબતે ટકોર કરતાં તેઓ કહે છે, 'પરંતુ, સુમન શાહ, તમારી દરકાર લેનારા ગુજરાતમાં અવશ્ય હશે. આ પેસિમિસ્ટ ટેન્ડન્સી, વાંકદેખાપણું-નિરાશાવાદ તમે ક્યાંથી લઈ આવ્યા ?'[૩૭] એવું કહેનાર અવલોકનકારે વ્યક્તિ તરીકે મૂલવતાં સુમન શાહને સ્નેહાળ, વિનમ્ર અને સાહિત્યમૂલ્યોના આગ્રહી કહ્યા છે તેમજ અત્યંત સંવેદનશીલ વ્યક્તિ તરીકે સાહિત્ય જગતમાં બિરદાવ્યા છે. રમણલાલ જોશી પણ તટસ્થ અને પ્રશિષ્ટ વિવેચક હોવાના નાતે સુમન શાહના સાહિત્યિક મૂલ્યોને બરાબર સમજી શકયા

છે અને તેમના ગુણવત્તાયુક્ત સાહિત્યને બિરદાવ્યું છે.

'અક્ષરના આરાધકો' માટે સર્જકોનો પરિચય મંગાવતી વખતે રમણલાલ જોશીને વિવિધ અનુભવો થયેલા એવો પરિચય સાથેનો જ્યોતિબહેન થાનકીનો નોંધવા જેવો છે. 'આવાં સાત્વિક અને સમર્પિત લેખિકા છે. શ્રી જ્યોતિબહેન થાનકી. પ્રકૃતિએ અત્યંત સૌમ્ય અને સૌજન્યશીલ છે. પ્રસિદ્ધિની બિલકુલ ખેવના નથી, ઊલટું તે એનાથી દૂર રહે છે. તેમની આ જીવનરેખા માટે મેં વિગતો મંગાવી તો પહેલાં તેમણે વિનયપૂર્વક પોતાની અનિચ્છા પ્રગટ કરી. અમારી વચ્ચે પત્રવ્યવહાર પણ થયો. તેમણે મારી વાત સ્વીકારી કે 'પ્રસિદ્ધિનો મોહ અને પ્રસિદ્ધિથી દૂર ભાગવું બન્ને એક જ વસ્તુ છે. સાચી સ્થિતિ નિર્લેપતા તે.'[૩૮]

જ્યોતિબહેને શ્રી અરવિંદ અને શ્રીમાતાજીના પ્રભાવ હેઠળ અધ્યાત્મ-રસિક અને પ્રેરણાદાયી સાહિત્ય લખ્યું છે. તેમના સાહિત્યસર્જનની વિશેષતા બતાવતાં 'રંગતરંગમાં' અવલોકનકાર તરીકે રમણલાલ જોશીએ કહેલું કે, 'જીવનને ઊર્ધ્વગામી બનાવવાની પ્રેરણા આપતી જ્યોતિબહેન થાનકીની વાર્તાઓ અત્યારની સસ્તી મનોરંજક વાર્તાઓ સામેનો રચનાત્મક પ્રતિકાર છે અને જવાબ પણ એના ગ્રાહકો આપણે કલ્પીએ એથી થોડાક વધારે રહેવાના!' એ બતાવે છે કે આવા પ્રેરણાદાયી સાહિત્યના ભાવકો અવશ્ય વધારે હોય છે અને એમના જીવનઘડતરમાં આવું મહત્ત્વનો ફાળો આપે છે. એવો રમણલાલ જોશીનો મત સાહિત્યપ્રત્યેની ઉત્કૃષ્ટ નીતિમત્તા અને સત્યશીલ મૂલ્યોની ખેવના દર્શાવે છે. તો બીજી તરફ પરિચય આપવા માટેનો કેટલાક સર્જકોનો ઉમળકો પણ દર્શાવ્યો છે. જ્યારે રમણલાલ જોશીએ 'ફૂલછાબ'ની આ કોલમ માટે જ્યારે પ્રીતિ સેનગુપ્તા પાસેથી ફોન દ્વારા પરિચય મંગાવ્યો ત્યારે તેમને થયેલો આનંદ એમના અવાજમાં રણકતો જોયો. 'ફૂલછાબ'ની આ કોલમમાં તેમનો પરિચય અને સાહિત્યિક બાબતોની નોંધ લેવાય એ બાબત પ્રત્યે લેખિકાનો

આનંદ રમણલાલ જોશીએ નોંધ્યો છે.

નિબંધકાર તરીકે પ્રવીણ દરજીની વિશેષતા જણાવતાં નોંધે છે, 'આ નિબંધોમાં કાવ્યરસિક, ગ્રામજીવનના સાચા ચાહક, બહુશ્રુત અને અત્યારની જીવનરીતિ પ્રત્યે લોકો અસંતોષ વ્યક્ત કરતા એક સંવેદનશીલ માણસની પ્રતિક્રિયા નાજુક-રમણીય શબ્દચિત્રો દ્વારા વ્યક્ત થઈ છે.'[૩૯] કૃતક સસ્તા હાસ્યરસિક નિબંધોને પડે છે આવા સર્જનાત્મક નિબંધોને મૂકવાથી થતો ફરક સમજાવે છે જેની રમણલાલ જોશીએ નોંધ લીધી છે. રમણલાલ જોશીની કલમ અંકાયેલા આ રેખાચિત્રો વાતચીતની લહેકાયુક્ત શૈલીને કારણે વધુ આકર્ષે છે, તો સીધી ગતિ કરતાં ટૂંકા ટૂંકા વાક્યો પણ એનું આકર્ષણકેન્દ્ર બને છે.

રમણલાલ જોશીના 'માણસ' ને ચિત્રિત કરતા શબ્દો, 'ચાહવા જેવા માણસ', 'માણસ ભૂખ્યા માણસ', 'મળવા જેવા', 'માણસા', 'પ્રેમ ભૂખ્યા માણસ' વગેરે માનવીય સંવેદનાનું દ્યોતક છે.

વિવિધ સાહિત્યકારોના અનેકવિધ રીતે પરિચય આપતા રમણલાલ જોશી સાહિત્યકારોનાં શબ્દાંકનો કરતી વખતે સાહિત્યકારોના જન્મ, ઉછેર, અભ્યાસ, વ્યવસાય સાહિત્યના ઘડતર પાછળના પરિબળો, સાહિત્ય પ્રત્યેની લગન વગેરે બાબતોની પોતાની આગવી શૈલીમાં નોંધે છે. જીવનની વિગતો અને એમની સાહિત્યકૃતિઓની માહિતી આપતાં આપતાં એ સાહિત્યકારની મહત્ત્વની ખાસિયતોને પણ રેખાંકિત કરી આપે છે તો કેટલીકવાર સીધી કે આડકતરી રીતે મર્યાદા કે ભલામણ બાબતે પણ નોંધે છે. ટૂંકમાં સાહિત્યકારની વ્યક્તિતા પૂરેપૂરી ઊપસી આવે એ રીતે તેઓ એનું આબાદ આલેખન કરી જાણે છે; જેમકે, ચરિત્ર-નિબંધની કોટિએ પહોંચતા ઉમાશંકર 'હંમેશા એજ તાજગી, ચૈતન્ય-ઉન્મેષ અને બૌદ્ધિક ચમક વરતાય. એજ સ્વસ્થતા અને સૌષ્ઠવ, દેશહિતની સતત ચિંતા, માનવીય ગૌરવની હિમાયત, સાહિત્યાદિ કળાઓમાં અતૂટ-શ્રદ્ધા-સૌથી વિશેષ 'મનુષ્ય'માં તેમને રસ,

મનુષ્ય પ્રત્યે સાચી સંવેદના અને છતાં મનુષ્યને યથાર્થ રીતે પારખવાની સહજ સૂઝ, 'માણસ'માં કેટકેટલું ભર્યું છે તે તેઓ રજેરજ જાણે છે અને છતાં મનુષ્યને તે ચાહે છે. માનવતાનો પરિમલ એમની વાણીમાં સતત ફોર્યા કરે છે. ભાવના અને યથાર્થ એકાકાર થઈ જાય છે.'

આમ રમણલાલ જોશીએ 'શબ્દ લોકના યાત્રીઓ ભાગ-૧-૨' (૧૯૮૩) તથા 'અક્ષરના આરાધકો ભાગ: ૧-૨' (૧૯૯૮) એ ચાર પુસ્તકોમાં ૨૫૬ જેટલા સાહિત્યકારોનાં રેખાચિત્રો આપ્યાં છે. આ રેખાચિત્રો મૂળ તો 'ફૂલછાબ' દૈનિકની 'શબ્દલોકના યાત્રીઓ' નામની એકની કોલમમાં પ્રસિદ્ધ થયેલાં છે.

રમણલાલ જોશીની સાહિત્યકારોની પસંદગી દાદ માગી લે તેવી છે તેમણે માત્ર પ્રસિદ્ધ કે લાગતા વળગતા સાહિત્યકારોના રેખાચિત્રો આપવાનો છીછરો પ્રયોગ ન કરતાં સાહિત્ય જગતના ઊંડાણને તપાસીને મૂળિયાથી ડાળીઓ સુધીમાં ઘણાં સર્જકોનાં રેખાચિત્રો ચિત્રિત કરવાનો પ્રયત્ન કર્યો છે. રમણલાલ જોશી એક બાજુ પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ચન્દ્રવદન મહેતા, જ્યોતીન્દ્ર દવે, કિશનસિંહ ચાવડા, કે.કા.શાસ્ત્રી, મનસુખલાલ ઝવેરી, અનંતરાય રાવળ, પન્નાલાલ પટેલ, હરિવલ્લભ ભાયાણી, મકરન્દ દવે, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, સુરેશ જોષી, આદિલ મન્સુરી, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, વીનેશ અંતાણી વગેરે જેવા પ્રસિદ્ધ કે પ્રતિષ્ઠા સાક્ષરોનાં રેખાચિત્રો દોરે છે, બીજી બાજુ જયેન્દ્ર શેખડીવાળા, યોગેશ જોષી, હર્ષદ ત્રિવેદી, એસ.એસ.રાહી જેવા યુવા સર્જકોને આવકારે છે, તો સાથોસાથ વીણા ઉપાધ્યાય, જે.આર.જોશી, દિનેશભાઈ, જયંત શુકલ જેવા ઓછા પ્રખ્યાત લેખકોને પણ એમની કોલમમાં સ્થાન આપે છે. વિવિધ વર્તમાનપત્રોમાં લખાયેલી કટારોમાં રમણલાલ જોશી સર્જાતા સાહિત્ય કે પછી કશીક પ્રાસંગિક સાહિત્યિક ઘટનાઓ પર પ્રકાશ પાડતા રહ્યા હતા. સમાંતરે કોઈ સાહિત્યકાર વિશે કે પછી

સાહિત્યકૃતિ વિશે પણ એમણે લખ્યું હતું. દૈનિકપત્રોના સરેરાશ વાચકો માટે લખતા હોવાને કારણે લેખક રમણલાલ લેખોની શૈલી અને શીર્ષકો પ્રત્યે પણ પૂરા સજાગ હતા અને તેથી તેણે પોતાની સહજ-સરળ શૈલીમાં આ પ્રકારના લખાણો કર્યાં અને અનેકવિધ શીર્ષકો પણ આપ્યાં.

### ૦ **'ઉદ્દેશ'**

રમણલાલ જોશીએ 'ઉદ્દેશ' માસિક દ્વારા સાહિત્ય જગતને ખૂબ મોટી ભેટ આપી છે. આઝાદીના ચાર દાયકા પછી પણ સાહિત્યજગતમાં સર્વત્ર નિરાશાનું વાતાવરણ જોતા રમણલાલ જોશીએ ખૂબ ઉદાસીનતા  વ્યક્ત કરી છે. જુદા જુદા વર્તમાનપત્રોમાં નિયમિત રીતે લખનાર રમણલાલ જોશીએ ઉમાશંકર દ્વારા પ્રકાશિત 'સંસ્કૃતિ'માં પણ ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે તેમજ 'ઉદ્દેશ' ચલાવવાની પ્રેરણા જ તેઓને 'સંસ્કૃતિ' એ આપી છે. સાહિત્યના સામયિકનું પ્રકાશન કરવું કપરું છે એ જાણવા છતાં પણ એમણે વ્યવસાયિક નિવૃત્તિ બાદ 'ઉદ્દેશ' રૂપે એક સામયિક શરું કરવાનો પડકાર ઝીલ્યો હતો. તમામ પ્રકારની મુશ્કેલીઓથી હતાશ થયા વગર ઊંડા આત્મવિશ્વાસ પૂર્વક રમણલાલ જોશીએ શરું કરેલું ઉદેશ સાહિત્ય જગતમાં ચિરસ્થાયી રહ્યું. સુન્દરમ્ અને ઉમાશંકર આત્મીય એવા ઉમાશંકર જોશીએ 'ઉદ્દેશ'ની જ્યારે ૧૯૯૦માં શરુંઆત કરી ત્યારે તેના શરુંઆતના પેઈજમાંજ સુન્દરમ્‌ની પંક્તિઓ ટાંકી છે:

'હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની,
ને જે અસુન્દર રહી તેહ સર્વને,
મૂકું કરી સુન્દર ચાહી ચાહી.'[૪૦]

'ઉદ્દેશ' માટે આ પંક્તિઓ યથાર્થ પૂરવાર કરનાર રમણલાલ જોશીએ 'ઉદ્દેશ'નો પ્રથમ અંક ઈ.સ.૧૯૯૦ની પંદરમી ઑગષ્ટે પ્રગટ કરેલો. ઉમાશંકરના 'સંસ્કૃતિ'ના આ દર્શને મૂર્ત

કરવા મથતા આ સામયિકનું નામકરણ સુન્દરમ્ કર્યું અને એનો મુદ્રાલેખ રહ્યો 'સર્વભાષા સરસ્વતી'

## ○ ઉદ્દેશ

'ઉદ્દેશ' ના પ્રથમ અંકના ચોથા પેઈજ પર રમણલાલ જોશીએ ટાંકેલી ઉમાશંકરની પંક્તિ જાણે કે રમણલાલ જોશીની પૂર્ણતાને હૃદયસ્પર્શી અને ઉમાશંકરની અધૂરપથી અલિપ્ત રહેવાની ભાવના સ્પષ્ટ કરે છે:

'મારી ન્યૂનતા ના નડી તને
તારી પૂર્ણતા ગૈ અડી મને'[૪૧]

- ઉમાશંકર જોશી

'ઉદ્દેશ' ના પ્રથમ અંકમાં 'સર્વભાષા સરસ્વતી' ના તંત્રી લેખમાં તેમણે પ્રવર્તમાન યુગમાં સાહિત્ય પ્રત્યેનો પોતાનો અનુરાગ અને સાહિત્ય સેવામાં રહેલો અસંતોષ જણાવતા લોકોને સાહિત્યાભિમુખ કરવાનો પ્રયાસ કર્યો છે. સાહિત્ય પ્રત્યેની આકાંક્ષા જગાડતું તેમનું વાક્ય નોંધવા જેવું છે, 'લૌકિક જીવનની હતાશા અને પરલૌકિક જીવનની અશ્રદ્ધા એ બે વચ્ચેની ખાઈ પૂરી કરી શકે એવું નવું ચેતનવંતુ સાહિત્ય તેમણે 'ઉદ્દેશ' દ્વારા સાહિત્યરસિકોને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. તંત્રીલેખમાં તેમણે 'ઉદ્દેશ' નામકરણ અને પસંદ કરેલા મુદ્રાલેખ વિશે લખ્યું છે કે, 'છેવટે આવીને ઊભા રહીએ છીએ આપણે સાહિત્ય આદિ કળાઓ આગળ, શબ્દ વગર કોઈ ઉગારો નથી. આ શબ્દ તે કવિ-મનીષી-ચિંતકનો શબ્દ છે. પછી એ કોઈપણ ભાષામાં લખતા હોય. ઉમાશંકર કહેતા કે ભારતની બધી ભાષા એ ભારતીય ભાષાઓ છે અને ગમે તે ભાષામાં લખનારો લેખક ભારતીય લેખક જ છે. આ સંદર્ભમાં બારમી સદીમાં થઈ ગયેલા કર્ણાટકના નાગવર્માનો એક શ્લોક ઘણાં વર્ષોથી ગમે છે:

**''सर्वज्ञं तद् आहम् वन्दे**

**परमज्योतिः तमोपहम् ।**

**प्रावृत्त यन्सुखात् देवी**

**सर्वभाषा सरस्वती ।।''**[૪૨]

આ જ છે 'ઉદ્દેશ'. 'ઉદ્દેશ'નો એક અર્થ ટૂંકું વકતવ્ય-કથન-દિગ્દર્શન પણ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: एब तूद्देशतः प्रोक्ती विभूतेर्विस्तरो मया-મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી; આ મે જે વિસ્તાર તને કહ્યો તે તો ઉદ્દેશત:- દિગ્દર્શન- સંક્ષેપ માત્ર છે. 'શાકુન્તલ' માં કાલિદાસ એને સ્થાનના અર્થમાં પણ પ્રયોજે છે: અહો प्रवातसुभगोयमुद्देश- અહો, વાયુલહરીઓને લીધે આ સ્થાન કેવું મજાનું છે! બંને અર્થમાં આ ઉપક્રમ...'[૪૩]

'ઉદ્દેશ'નું સાહિત્ય જગતમાં પ્રસ્થાન થયું તેની હૃદયથી શુભેચ્છા ઈચ્છતા મકરન્દ દવે 'ઉદ્દેશને' સંબોધીને કાવ્યપંક્તિ રચી છે:

'ઉદ્દેશ'ને દેશ વિદેશના નડે
ને લોચને કો ભય-લોભ ના ચડે
એને સદા મંગલ-પંથ પ્રેરતી
મેની વચાળે ધ્રુવ તારિકા જડે.'[૪૪]

- મકરન્દ દવે

રમણલાલ જોશી આવા શુભ આશયથી અને વિશાળ ભાવના સાથે 'સાહિત્ય અને જીવનવિચારનું માસિક' 'ઉદ્દેશ' શરું કર્યું અને જીવનપર્યંત ચલાવતા રહ્યા. આયખાના આઠ દાયકા પૂરા કરી ચૂકેલા રમણલાલે 'ઉદ્દેશ' માટે આર્થિક વ્યવસ્થા કરવા ઉપરાંત પ્રૂફ જોવાથી માંડીને તંત્રીલેખ લખવા સુધીની તમામ જવાબદારીઓ છેક સુધી પોતે જ નિભાવેલી, ૧૯૯૦ના પ્રથમ અંકમાં 'સાંપ્રત પ્રવાહો'નાં તંત્રીલેખમાં તેમણે રાજકીય પરિસ્થિતિમાં સર્જાતી

અંધાધૂંધી અને દેશપ્રત્યેની ચિંતા વ્યક્ત કરી છે. તેમજ વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને ચન્દ્રવદન ચી. મહેતાના સાહિત્યિક પ્રદાન અને સહજ વ્યક્તિત્વની વાત કરી છે. તેમજ અન્ય સાહિત્યિક ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. 'ઉદ્દેશ'ના પ્રથમ અંકમાં 'ઉમાશંકરની પ્રથમ પુણ્યતિથિએ' શીર્ષક હેઠળ લખેલા લેખમાં કાવ્ય પંક્તિઓ ટાંકી છે:

''નિસિ દિન બરસત નૈન હમારે
સદા રહતિ વરષા રિતુ હમ પર
જબ તે શ્યામ સિધારો!''[૪૫]

શ્રી કૃષ્ણના મથુરાગમન પછી વિરહ-વેદનાને અભિવ્યક્ત કરતી ગોપીના મુખમાં જે પંક્તિઓ મૂકાઈ હતી. એ ઉમાશંકરને શ્રદ્ધાંજલી અર્પિત કરતા રમણલાલ જોશીએ મૂકી છે. ઉમાશંકર જેવા મનીષીના જવાથી વાગ્દેવી પણ જાણે વ્યથિત બની ગઈ હોય, તેવો ભાવ રમણલાલ જોશી અનુભવે છે. ઉમાશંકરના અવસાન બાદ લખેલા લેખો પૈકી 'ઉમાશંકર ક્યાં શોધીશું ?' એ લેખના અંતમાં લખેલું કે ઉદ્ધવે વૃજમાં જઈ ગોપિકાઓને સ્થૂલ કૃષ્ણને ભૂલીને સર્વત્ર વ્યાપ્ત કૃષ્ણમાં હૃદયને જોડવાનો ઉપદેશ આપેલો રમણલાલ જોશીને એનું સ્મરણ થાય છે. 'સંસ્કૃતિ' પ્રૂફરિડીંગમાં પણ રમણલાલ જોશી ઘણીવાર મદદ કરતા. ઉમાશંકરની પુણ્યતિથિએ લખેલા લેખમાં શબ્દો દ્વારા આપેલી શ્રદ્ધાંજલી, 'વ્યક્તિ ઉમાશંકર અને સાહિત્યકાર ઉમાશંકર એકબીજાની હોડમાં ઊતરે એવી પરિસ્થિતિ છે. માણસ કરતાં માણસના કાર્યો મોટાં હોય એવા દાખલા ઈતિહાસમાં ઘણા મળી આવશે. પણ ઉમાશંકરની બાબતમાં તેમના કાર્યો કરતાંય માણસ ઉમાશંકર વધુ ઉંચેરા લાગ્યા વગર રહેશે નહી. ગરવી ગુજરાતના ગૌરવ સમા આ સારસ્વતનું હોવું એ વિશ્વને સરસ્વતીનો પ્રસાદ છે.' આટલું લખીને ફરી દુ:ખ વ્યક્ત કરતાં તેઓ જણાવે છે. 'પણ ઉપરનો 'હોવું' શબ્દ આજે યોજી શકતો નથી! આજે તો 'નિસિ દિન બરસત નૈત હમારે...'[૪૬]

'ઉદ્દેશ' ના દ્વિતીય અંકમાં 'પ્રકાશના યાત્રીઓ' લેખમાં આઝાદી પછીની દેશની ગતિ અને સ્થિતિ વિશે અસંતોષ વ્યક્ત કર્યો છે. તેઓ જણાવે છે કે, '૧૯૪૭ પછી દેશભરમાં જુદું જ ચિત્ર જોવા મળે છે. આપણી પાસે મબલક માનવશક્તિ છે પણ એને દેશના ઉત્થાનમાં નિયોજી શકે એવો કોઈ નેતા નથી.' અહીં રમણલાલ જોશીએ પ્રજાની નિરાશા, ભગ્નાશપણું અને વ્યર્થતા પ્રજાજીવનને શીર્ણ વિશીર્ણ કરી નાખે છે, એ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમજ આજના રાજકારણને કારણભૂત ગણાવતા તેઓ કહે છે, 'રાજકારણ' એ આજનો શેરીનો શબ્દ છે. રાજકારણ તો મોટી વસ્તુ છે. પણ જે રાજકારણનો પરિચય આપણને થયો છે- થાય છે તે તો અત્યંત નિકૃષ્ટ કોટિની કુત્સિતતા માત્ર છે. સમાજ ટકે છે એના સાત્વિક પ્રજાહિતચિંતક ધુરીણો વડે. સમાજધુરીણો કે ચિંતકો જેટલે અંશે રાજકારણને દોરે તેટલે અંશે પ્રજાજીવનમાં બરકત આવે. રાજકારણને દોરવણી આપવાને બદલે એ સત્તાકારણનાં પ્યાદાં બનવા તરફ હોય ત્યાં પ્રજાજીવનનો જયવારો કયાંથી થાય? ગાંધીજીએ રાજકારણને અધ્યાત્મના એક ઘટકરૂપ બનાવ્યું હતું. આપણે એની ત્રિરાશી ઊંધી માંડી જાણે ગાંધી નામના માણસ આ ભૂમિ પર પાક્યા જ ન હોય એમ વર્તવા માંડ્યું. રાજકીય મુક્તિ ખાસ્સી આપણે મેળવી છે. પણ આર્થિક-સામાજિક મુક્તિ કયાં? સઘળા પ્રકારની મુક્તિ માણસ અંદરથી મુક્ત બને એના ઉપર અવલંબે છે. અંદર કેવડો મોટો ચરુ ઊકળે છે તે તો છેલ્લાં વરસોમાં આપણે પૂરું જોયું જાણ્યું. પોત પ્રકાશવામાં કંઈ મણા રહી નથી. (ઉદ્દેશ સપ્ટેમ્બર ૧૯૯૦-૪૨) (અંક-૨) ૧૯૯૦ ઓકટોબરના ત્રીજા અંકમાં પેઈજ નં. ૮૧માં રમણલાલ જોશીએ 'પશ્ય દેવસ્ય કાવ્યમ્ !' 'પ્રભુનું કાવ્ય' કહ્યું છે. એક વિવેચકનાં હૃદયમાં કવિ હૃદયનાં દર્શન થાય છે. પ્રકૃતિને ચાહનાર કવિહૃદયી રમણલાલ જોશીના શબ્દો જોઈએ તો:-

'આપણી ગતિ શાના તરફ છે એનો વિચાર કરતા નથી. ભારે ધમાલવાળા જીવનમાં

આકાશમાં ફેલાતા રંગો કે ધોધમાર વરસતો વરસાદ કે ઉષાની અરૂણિમા કે સંધ્યાની લાલિમા જોવા માટે આપણે એક ક્ષણ માત્ર પણ થોભતા નથી.'[૪૭] પ્રકૃતિના ચાહક રમણલાલ જોશી આધ્યાત્મિકતાને આત્મસાત કરનારા હતા તેઓએ 'ઉદ્દેશ'માં 'આધ્યાત્મિક સાધનાના વિવિધ માર્ગો' શીર્ષક દ્વારા શંકરાચાર્યનો 'જ્ઞાન' અને 'મનોનિગ્રહ'નો માર્ગ, બુદ્ધનો અહિંસામૂલક, શૂન્યવાદનો માર્ગ, મહાવીરનો શુદ્ધ અહિંસાનો માર્ગ, વલ્લભાચાર્ય અને રામાનુજનો 'ભક્તિમાર્ગ'- પુષ્ટિમાર્ગ', ગીતાનો 'નિષ્કામ કર્મયોગ'- 'જ્ઞાનભક્તિ યોગ' આદિ અનેક માર્ગો વિશે ચર્ચા કરી છે. 'नजानामि धर्मं नच में प्रवृत्ति' જેવા ભાગવદ્‌ગીતા આધારિત લેખો દ્વારા ભાવકોને આધ્યાત્મિક સાહિત્ય પીરસવાનો રમણલાલ જોશીનો પ્રયાસ ઉત્કૃષ્ટ કક્ષાનો છે. તો 'આનન્દો બ્રહ્મેતિઃ' દ્વારા કળાનો આનંદ શું હોઈ શકે? તેનું વર્ણન કર્યું છે. તેઓએ બાહ્ય આનંદને સ્થૂળ અને આંતરિક એટલે કે સૂક્ષ્મ આનંદને સાચો આનંદ ગણ્યો છે. તેમના જ શબ્દો અહીં નોંધવા જેવા છે, 'પ્રતિક્ષણે માનવી અબાધિત, અસીમને અખંડ આનંદ માટે ઝંખે છે.

પરંતુ એને જીવનમાં ગાંભીર્યપૂર્વક લેતો નથી. કવચિત્ એ પેલા ક્ષુલ્લક આનંદથી સંતુષ્ટ બને છે અને પેલી શોધ તરફ એની પીઠ જ રહે છે! કળાનો આનંદ સ્વર્ગીય હોવા છતાં આનંદ પ્રાપ્તિની કળા તો એણે હસ્તગત કરવાની રહે જ છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. 'સચ્ચિદાનંદ' શબ્દમાં સત્ + ચિત્ આનંદ છે. 'આનંદ' છેલ્લો છે એ સપ્રયોજન છે. કારણ કે સત્ અને ચિત્‌ની છેવટની પરિણતિ આનંદમાં જ થઈ જાય છે. કળાનો આનંદ ભરપૂર લઈએ, પણ આનંદની કળા હસ્તગત કરવા પણ કાંઈક કરીઓ તે કેવું ?'[૪૮]

'क्षणार्धमपि व्यर्थ न नेयम्' માં રમણલાલ જોશીએ આપણા ધર્મશાસ્ત્રોમાં રહેલો ભક્તિનો મહિમા બતાવ્યો છે. વેદો, ઉપનિષદો, પતંજલિ યોગદર્શન, રામાયણ, મહાભારત અને ભગવદ્‌ગીતામાં 'ભક્તિ'નું જ નિરૂપણ થયેલું છે. એવું સ્પષ્ટ કરનાર રમણલાલ જોશી

જીવનપર્યંત કૃષ્ણના ભક્ત રહ્યા અને તેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર પણ થયો, તેઓ દઢપણે માનતા હતા કે સુખ, દુ:ખ, ઈચ્છા, લાભ વગેરે છોડી દઈએ એવા સમયની રાહ જોયા વિના આપણા જીવનની અડધી ક્ષણ પણ વ્યર્થ જવા ન દેવી જોઈએ. તેઓ જણાવે છે કે, 'ભગવાન જ એકમાત્ર જીવનનો અર્થ છે, બીજો બધો અનર્થ છે. સઘળી વૈતથ્ય-લીલા છે. સુંદર પંકિત દ્વારા તેમણે જીવનમાં ભક્તિનું મહત્ત્વ બતાવ્યું છે.

'શ્વાસે શ્વાસે 'રામ' કહો, વૃથા શ્વાસ મત ખોય,
ક્યા જાને ઈન શ્વાસકા આના હોય, ન હોય![૪૯]

ડૉ. અરૂણોદય જાનીએ 'ઉદ્દેશ'ને સંબોધીને, 'ઉદ્દેશના' તંત્રી રમણલાલ જોશી વિશે સુંદર સુક્તિની રચના કરી છે.

'साहित्यसृत्रष्टं परिचर्यमाणम्
मानुष्यमूल्यम् विनिवेद्यमानम् ।
उद्देशपत्रं रमणं कवीनाम्
उद्देश साफल्यमियं प्रयायात् ।'[५०]

''સાહિત્યસૃષ્ટિની પરિચર્યા કરનાર, અર્થાતઃ માનવતાના મૂલ્યો વિનિવેદન કરનાર અને કવિઓને આનંદ આપનાર આ 'ઉદ્દેશ' પત્ર પોતાના ઉદ્દેશથી સફળતાને પામો.''[૫૧]

ગુજરાતી સાહિત્યમાં વિવેચક તરીકે સન્માન્ય, યુનિવર્સિટી અધ્યાપનકાર્ય, સાહિત્યક કટારલેખન અને સાહિત્ય અને જીવન વિચારના માસિક 'ઉદ્દેશ' ના સતત સત્તર વર્ષ પર્યત સંપાદનકાર્યથી સાહિત્યજગતમાં સંસ્કૃતિ પુરુષ તરીકે સ્થાન-માનને પામનાર ડૉ. રમણલાલ જોશીને કોઈએ 'સાક્ષરજીવન અને અધ્યાત્મજીવનના ઉપાસક' કહ્યા તો કોઈએ એમને 'પ્રશિષ્ટ રુચિના વિવેચક' કહ્યા, કોઈએ એમને 'મૈત્રી અને ઉમળકાના માણસ' તરીકે ઓળખ્યા તો કોઈને માટે એ 'યથાર્થ અને કૌતુકભર્યા સજ્જન' રહ્યા. 'વિદ્વતાના ભાર વગરના' એ

વ્યક્તિત્વમાં કોઈએ 'શિશુની આંખનો ભોળો અચંબો' જોયો તો એ 'વત્સલ જોશી સાહેબને કોઈએ 'જાગતા વિવેચક-સંપાદક કહી બિરદાવ્યા. વીસમી સદીના છેલ્લા દાયકામાં શરું થયેલા આ સામયિકમાં પરંપરાનું સૂત્ર તો છે જ, સંક્રાતિકાળમાં સર્જાતા જતા સાહિત્યનું પ્રતિબિંબ પણ ઝીલાયું છે. તંત્રી તરીકે રમણલાલ જોશી પૂરા જાગૃત હતા, તેમ ખુલ્લા મનના હતા. કોઈ વાદ કે વાડામાં બંધાવાને બદલે એમણે 'ઉદ્દેશ'ના મંચ પર સૌ કોઈને આવકાર્યા છે, એટલું જ નહીં, કેટલીકવાર તો તેમણે 'ઉદ્દેશ' ને સમૃદ્ધ કરવા લેખકોને લેખો મોકલવા આમંત્રણ પાઠવ્યું છે. વિવિધ વિષયોને આવરી લેતા આ માસિકમાં પ્રકૃતિકાવ્યો, ગઝલો, વિવેચનલેખો, અનુવાદો, કવિ અને લેખકોનો પરિચય, સાહિત્યિક ઘટનાઓ, પુરસ્કૃત સર્જકો અને સર્જકકૃતિઓ વિશે જાણકારી વગેરે અનેકવિધ બાબતોને સાંકળી લેતા લેખો અને કૃતિઓ રજૂ કરવામાં આવી છે. વળી, 'ઉદ્દેશ'માં એમણે સુખ્યાત કે અલ્પ પ્રખ્યાત કલમોને કે પછી જૂની અને નવી પ્રતિભાઓને એકસાથે મૂકી આપી છે. એટલે જ તો 'ઉદ્દેશ'ના અંકોમાં સુન્દરમ્, મકરન્દ દવે, હરિવલ્લભ ભાયાણી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ્, જયન્ત પાઠક, લાભશંકર ઠાકર, ચન્દ્રકાન્ત ટોપીવાળા, ધીરૂ પરીખ, મનુભાઈ પંચોળી, સુરેશ દલાલ, ગુલાબદાસ બ્રોકર જેવા સર્જકો-વિવેચકોની સાથે જ યુવાનો અને નવોદિતોની સાહિત્યકૃતિઓ પણ પ્રગટ થતી રહી છે. ઘડાયેલી કલમોની સાથોસાથ સાહિત્યજગતમાં સર્જનક્ષેત્રે પગલીઓ પાડતા નૂતન સાહિત્યકારોને પણ 'ઉદ્દેશ'માં રમણલાલ જોશીએ આવકાર્યા છે, એટલું જ નહિ તેમના ઘણા લેખોમાં 'નવા પુસ્તકો પર- નવા સર્જકોને પ્રેરણાસ્રોત પૂરો પાડવા વિવેચન વખતે તેની વિશેષતાઓ બતાવવાની પૂર્ણ કોશિશ કરી છે તેમજ લખવા માટે પ્રોત્સાહિત કર્યાં છે. 'ઉદ્દેશ'ના શરુંઆતના પાના પર લખાયેલા તંત્રીલેખો પણ એટલાજ ધ્યાનપાત્ર બન્યા છે. રમણલાલ જોશીએ દોઢ દાયકાથીય વધુ સમય સુધી એકલે હાથે સાતત્યપૂર્વક 'ઉદ્દેશ' પ્રગટ કર્યું અને મૃત્યુ પર્યંત તેઓ એની સાથે જોડાયેલા રહ્યા. ૧૦મી

સપ્ટેમ્બરે એમનું અવસાન થયું અને ૧૫મી સપ્ટેમ્બરે એમની તંત્રીનોંધ સાથે, એમના દ્વારા જ તૈયાર થયેલો 'ઉદ્દેશ' નો અંક પ્રગટ થયો હતો. તેથી એ વાત તદ્દન સ્પષ્ટ છે કે અંતિમ શ્વાસ સુધી 'ઉદ્દેશ' સાથેનો એમનો અનુબંધ અકબંધ રહ્યો હતો. રમણલાલના દેહાવસાન પછી પણ, એમના માનસસંતાન સમું 'ઉદ્દેશ' ચાલતું રહેવું જોઈએ. એવો સૂર અનેક સાહિત્યકારોએ વ્યક્ત કર્યો છે અને ખરેખર એ જ સાચી શ્રદ્ધાંજલી છે તેથી રમણલાલ જોશીના અવસાન બાદ પણ પિતાથીયે વિશેષ નિસબતપૂર્વક તેમના જ્યેષ્ઠ પુત્ર પ્રબોધ ર. જોશીએ 'ઉદ્દેશ'ને નિયમિત સમયે પ્રગટ કરતા રહેવાનો ક્રમ જાળવી રાખ્યો તેમજ તેના આંતર-બાહ્ય કલેવરમાં આમૂલ પરિવર્તન આણીને એમણે 'ઉદ્દેશ'ને વધુ સમૃદ્ધ અને સોહામણું કર્યું છે. 'ઉદ્દેશ' માસિકનું પ્રારંભિક ઉત્કૃષ્ટ પ્રદાન 'સ્મૃતિ અંક' દ્વારા પ્રબોધ ર. જોશીએ કરેલુ. પ્રબોધ ર. જોશીની રમણલાલ જોશીને આજ સાચી શ્રદ્ધાંજલી છે. આ સ્મૃતિ અંકમાં વિવિધ સર્જકો દ્વારા રમણલાલ જોશીનું જે પ્રતિબિંબ ખડું થયું છે. તે જ સાચા સાહિત્યપ્રેમીની આબેહૂબ છબી છે. આ સ્મૃતિઅંક પૂર્વેની માનસિક સ્થિતિ જણાવતા પ્રબોધ ર. જોશીએ પ્રસ્તાવનામાં નોંધ્યું છે, 'આ સ્મૃતિઅંક કરવાનું મનમાં ઠસ્યું ત્યારે એનું કોઈ મૂર્ત સ્વરૂપ મનમાં આવ્યું ન હતું પણ જેમ જેમ લેખો આવતા ગયા તેમ તેમ એ રચાતું ગયું. શૈશવ, શાળાજીવન, કૉલેજકાળ, સાહિત્યદીક્ષાનાં આરંભનાં વર્ષો, અધ્યાપન જીવન, સાહિત્ય જીવન અને અધ્યાત્મ એમ વિવિધ પરિણામોમાં વહેતા એમના જીવન પ્રવાહને અહીં વિવિધ રીતે ઝીલ્યો છે.'[૫૨]

અને ત્યારબાદ ગોઠવણીના રસપ્રદ અનુભવો વિશે તેમણે ઘણાં સર્જકોના સાહિત્યિક લેખોમાંથી વાક્યોના ઉદાહરણો આપ્યા છે. 'મામા' તરીકે સંબોધતા રતિલાલ દવેએ નોંધ્યું છે. 'બરોડા કૉલેજમાં તમે પ્રિન્સિપાલ રોમાન્સના આચાર્યપદ હેઠળ ભણતા. તમે જ્યારે એ બ્રિટિશ પ્રિન્સિપાલના વ્યક્તિત્વ વિશે વાત કરતા ત્યારે હું તો કલ્પના જ કરતો કે એવી

વિભૂતિઓની પાસે ભણવાની મજા કેવી હશે!'[૫૩] વ્યક્તિનાં વ્યક્તિત્વની છબી શબ્દો દ્વારા આબેહૂબ ખડી કરી દેનાર રમણલાલ જોશી માટે તેમના વિદ્યાર્થી આચાર્ય ઈશ્વરભાઈ પટેલ કહે છે કે, 'જેમને મળતાં, પ્રસન્ન મુખાબ્જમાંથી નીકળતો આવકારનો, હૃદયભાવોને મુખરિત કરતો ટહુકો સંભળાય તો તે રમણલાલ જોશી... પ્રધ્યાપક તરીકેની તેમની સજ્જતા ઉત્તમ પ્રકારની, તેથી વિદ્યાર્થીપ્રિય. તેમનો પિરિયડ વર્ગ બહારથી પણ ભરી શકાય. સ્વાધ્યાય અને પ્રવચનમાં કદી પ્રમાદ નહીં.'[૫૪] આવા રમણલાલ જોશી માટે ભોળાભાઈ પટેલના શબ્દો, 'સરસ્વતીચંદ્ર'નું અધ્યાપન એટલે ડૉ. રમણલાલ જોશી.' તેમજ તેઓએ 'મિત્ર' શબ્દ જાણે કે તેમનો પર્યાય બની ગયો હતો. એવું જણાવતા રમણલાલ જોશીનાં 'મૈત્રીના એકધારાં નીર' એવા આચાર્ય ઈશ્વરભાઈ પટેલના શબ્દોને સાર્થક કરી બતાવ્યા છે. તો બીજી બાજુ તુષાર ભટ્ટે તેમને 'તીખા વિવેચક, મીઠા માણસ' કહ્યા છે. કારણ કે સાહિત્ય વિવેચકો ઘણા અંશે પત્રકારત્વમાં તંત્રીના જેવા હોય છે. સારું નરસું બધું જ જોવું પડે અને વાચકને ત્રણ ગળણે ગાળીને પીરસવું પડે. વિવેચક અને તંત્રીના વ્યવસાય એવા છે કે લોકો એમને માન આપે, એમનાથી ડરે, પણ એ લોકપ્રિય બનવાની ખેવના કદી ન સેવી શકે. એમનું વિવેચન માત્ર કોણે લખ્યું છે તે પર આધારિત નથી, કેવું લખાયું છે તેના પર આધારિત છે. વિવેચક ઉપરાંત રમણલાલ મહાવાચક પણ હતા. અને તેથી જ તેનું વિવેચન સૈદ્ધાંતિક અને ઉત્તકૃષ્ટ કક્ષાનું છે. રમણલાલ જોશી તુષાર ભટ્ટના મત મુજબ, 'સર્જાતા સાહિત્ય સાથે સંપર્કમાં રહેનારા અને નિર્ભિક રીતે અભિપ્રાય પ્રગટ કરનારા આંગળીના વેઢે ગણાય તેવા અભ્યાસીઓમાંના એક રહ્યા. તેમણે નિવૃત્તિકાળનો મોટાભાગનો સમય 'ઉદ્દેશ' પાછળ ગાળ્યો.' યશવંત દોશીએ 'ઉદ્દેશ' માટે કહેલું, 'ઉદ્દેશ' એ જૂની અને નવી પ્રતિભાઓને, જાણ અને અજાણ લેખકોને એક અનોખું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. 'ઉદ્દેશ' લોકભોગ્ય પ્રકાશ નથી, પણ એના તંત્રી પોતે જ કહે છે કે આ સામયિકનો ઉદ્દેશ સાહિત્યકારોને અને

સાહિત્યિક પ્રવૃત્તિમાં રસ લેનારાઓને એક વિશિષ્ટ વાચનસામગ્રી પૂરી પાડવાનો છે.'[૫૫] પ્રવીણ દરજીએ તેમના લેખમાં જણાવ્યું છે કે 'ઉદ્દેશ'ના છેલ્લા કેટલાંક અંકોમાં એ જે કંઈ મિતાક્ષરી લખતા હતા તેમાં એક વાત સ્પષ્ટ થતી હતી- જોશી સાહેબે ભીરતથી એમની દિશા બદલી છે. કેમકે 'ઉદ્દેશ'માં પીરસાતા સાહિત્યનો રસ અધ્યાત્મ, ભક્તિ, કૃષ્ણ વગેરે વિષયોનો હતો. તેમજ કૃષ્ણ, માતાજી, અરવિંદ, સુન્દરમ્‌ની આસપાસ એમની ચેતનાનું પરિભ્રમણ વધ્યું હતું. જાણે કે તેઓ જગત છોડીને અધ્યાત્મ સાથે જોડાતા જતા હતા. જીવન પ્રીતિ અને સાહિત્યપ્રીતિ ઉભયને પ્રકટ કરતું એમનું એ સામયિક તેમના જીવનનો એક મહત્ત્વનો મુકામ બની રહે છે. તેમના જીવનના ઉદ્દેશનું સ્પષ્ટ પ્રતિબિંબ 'ઉદ્દેશ'માં ઝીલાયું છે. તેથી જ ધીરુ પરીખે તેમને 'ખુલ્લા દિલના આદમી' કહ્યા છે. તે બીજી બાજુ તેઓ સ્પષ્ટવકતા પણ હતા. જ્યારે લાભશંકર ઠાકરે રમણલાલ જોશીને મળેલા અનામી પત્ર છાપવા કહ્યું છે ત્યારે એમણે સ્પષ્ટ જવાબ આપેલો, નામ-સરનામા વગરનો છે તેથી ન છપાય. તેમ છયાંય તેમણે જ્યારે બીજીવાર છાપવાનો આગ્રહ કર્યો તો રમણલાલ જોશીએ એમને સ્પષ્ટ કરી દીધું કે 'બહુ જ ખરાબ ભાષામાં લખાયો છે પત્ર' કહીને એમણે 'ઉદ્દેશ'માં સ્થાન ન જ આપ્યું. સર્વભાષા સરસ્વતીનો સિદ્ધાંત 'ઉદ્દેશ'માં તાદ્દશ થતો હતો. 'ઉદ્દેશ'માં છાપવાના લેખો માટે તેઓ ખૂબ તટસ્થ અને સ્પષ્ટ હતા એટલા માટે જ ધીરુભાઈ ઠાકરે તેમને 'એકલવીર પુરુષાર્થી કહ્યા છે. 'ઉદ્દેશ' લોકોને લોકો સાથે જોડ્યા છે. એટલે જ ફાધર વર્ગીસ પોલ કહે છે. 'ડૉ. રમણલાલ' અને મને નજીક લાવનાર માધ્યમ 'ઉદ્દેશ' છે. માણસને માણસ સાથે જોડતો શબ્દ એ પ્રેમ છે અને પ્રેમ વિશેની ડૉ. રમણલાલની ફિલસૂફી એમણે 'ઉદ્દેશ'ના એક તંત્રીલેખમાં પ્રગટ કરી છે. 'ઉદ્દેશ'ના ડિસેમ્બર ૨૦૦૫માં અંકમાં તેમણે લખ્યું, 'માણસને સૌથી મોટો ભય મૃત્યુનો છે, એ ભયને ખાળવા માટે તે અમૃત તત્ત્વની શોધ કરે છે. મોટામાં મોટું અ-મૃત તત્ત્વ પ્રેમ છે. એ પ્રેમ એને પેલા ભયની સામે ટકી રહેવાનું બળ આપે છે.' ફાધર વર્ગીસ પોલના મતાનુસાર રમણલાલ જોશી 'ધર્મના અને ભગવાનના ખરા ઉપાસક

હતા.' કેમકે ધર્મ અને ભગવાન સાથેના તેમના સંબંધમાં પણ પ્રેમજ કેન્દ્રસ્થાને હતો. તેથી ૨૦૦૨માં કોમી હુલ્લડ અને હિંસાખોરી થઈ ત્યારે તરત જ માર્ચ ૨૦૦૨માં એમણે 'અત્યારની હિંસાખોરીનો કાયમી ઉકેલ શો ?' નામે એક સ્મરણીય તંત્રીલેખ 'ઉદ્દેશ'માં લખ્યો હતો. 'ધર્મનું જીવાતુભૂત તત્ત્વ પ્રેમ છે પણ કાળે કરીને આપણે એ તત્ત્વમાંથી ખસી ગયા... જો દરેક મનુષ્યમાં આપણે પ્રભુને જોવા માંડીએ તો હત્યા કે ખૂનામરકીનો સવાલ જ ઊભો ન થાય... પ્રભુની લીલાને ન સમજતાં મનુષ્ય આ પ્રકારનું વર્તન કરે છે.' ખરેખર રમણલાલ જોશીની આ વાત મને સ્પર્શી જાય છે, હું પણ એમની સાથે સહમત છું. કારણ કે ખરેખર આજ સાચો અને કાયમી ઉકેલ છે.

'ઉદ્દેશ' હંમેશા નવલેખકોને મોકળું મેદાન આપ્યું છે, નવલેખકો માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. એટલે જ સંધ્યા ભટ્ટે રમણલાલ જોશીને 'નવલેખકોના પથદર્શક' કહ્યા છે. તેઓ જણાવે છે કે, 'મારી પહેલી કવિતા 'ઉદ્દેશ'માં પ્રગટ થયેલી. ત્યારબાદ ક્રમશ: ગુજરાતી સાહિત્યનાં પ્રથમ હરોળના સામયિકોમાં સ્વીકારાતી થઈ. મારું નિરીક્ષણ એવું છે કે, 'ઉદ્દેશ' નવલેખકોને તક આપનારું સામયિક છે. ઘણા નવા કવિઓ, વાર્તાકારો અને વિવેચકોનાં નામ મેં 'ઉદ્દેશ'માં જોયા છે. ક્યારેક કોઈ કૃતિ થોડી નબળી પણ લાગે, પરંતુ આવાં સામાયિકોની હાજરી જરૂરી છે- નવલેખકોની કલમમાં જોમ ભરવા અને તે સંદર્ભમાં જોશી સાહેબ ઘણું કામ કરી ગયા.'[૫૬]

'ઉદ્દેશ'માં તેમણે વિષયવૈવિધ્યને જાળવીને અનેકાનેક કવિ-લેખકોના લેખો-કાવ્યો-કૃતિઓ મુદ્રિત કરેલા તેને કારણે નવોદિતોને અનેક તક ઉપલબ્ધ થઈ હતી. 'ઉદ્દેશ'માં કાવ્યો ઉપરાંત ટૂંકીવાર્તાઓ, ગ્રંથસમીક્ષાઓ અને અન્ય વિવેચકીય લેખોને તેમણે હંમેશા સ્થાન આપેલું. જેને લીધે 'ઉદ્દેશ'નું સ્વરૂપ એક ઉચ્ચસ્તરીય સાહિત્યિક સામયિકરૂપે પ્રતિષ્ઠિત રહ્યું. વધુમાં, તેમના પોતાના લેખો-કૃતિઓ પણ મર્યાદિત રીતે જ તેમણે 'ઉદ્દેશ'માં મૂકેલા, જે

તેમના વિવેકને સૂચિત કરે છે. ગુજરાતી અને સંસ્કૃત સાથે સંકળાયેલા સહુ રસિકોને માટે એક સુંદર 'પ્લેટફોર્મ' ઉદ્દેશ બની રહ્યું. ગઝલકાર રૂસ્વા મઝલૂમીને પણ રમણલાલની લાગણીઓ સ્પર્શી ગઈ હતી તેથી જ તેઓએ રમણલાલ જોશીને 'અચ્છો' માણસ કહ્યો છે અને એ તેઓ જણાવે છે કે રમણભાઈ માટે હું એવું જ કહી શકું...' રમણભાઈ અચ્છો માણસ હતો..' તેઓએ રમણભાઈ માટે બીજા પણ બે સંશોધન વાપર્યા છે. 'ઉમદા માનવ' અને 'મોટા ગજાના સાહિત્યકાર' તેઓને એક શાયર તરીકે પ્રોત્સાહિત કરવાનું ભગીરથ કાર્ય રમણલાલ જોશીએ કર્યું છે. તેઓ પોતાનાં હૃદયની લાગણીઓને વાચા આપતાં કહે છે, 'ગુજરાતની ભૂમિમાં ખ્યાતનામ શાયરો અને લેખકો- સૌ મારા માટે આદરણીય છે પણ રમણભાઈ તરફ મને વિશેષ આદર એટલા માટે છે કે તેઓ ઉમદા માણસ પણ હતા. એમની દૃષ્ટિ માનવરૂપી પારદર્શક જામમાં નજર કરતાં ઊંડે જતી...' અને આમ તે રમણલાલ જોશી માટે એક શેર પણ રજૂ કરે છે.

'હમસે મોહબ્બત કી નુમાઈશ ન હો સકી
હાં, ઈતના જાનતા હું, તુમ્હેં ચાહતા હું મૈં.[૫૭]

'સર્જકોએ તો જાગતા રહેવું જોઈએ' એવું કહેનાર રમણલાલ જોશીને જ્યારે યોગેશ જોશીએ ચિરનિંદ્રામાં પોઢેલા જોયા ત્યારે તેમણે શબ્દો દ્વારા જે કરૂણાંતિકા ઊભી કરી છે કે શાંતિનું સ્મશાન વૈરાગ્ય આસપાસ છવાય જાય છે તો બીજી બાજુ રમણલાલ જોશીના ચહેરા પર દેખાતા જીવનનો સંતોષ વર્ણવ્યો છે. 'રમણલાલ સૂતા હતા. સ્વસ્થ પ્રશાન્ત-પ્રસન્ન રહેશે. ચહેરા પર પીડાની કોઈ જ રેખા નહિ. જીવ નીકળતા કહે છે કે પીડા થતી હોય છે... એવી કોઈ જ પીડાની છાપ ચહેરા પર નહોતી કશુંક અધૂરું રહી ગયાનો, કશુંક ન પામ્યાનો એવો કોઈ જ અસંતોષ ચહેરા પર નહોતો થઈ શકે તેટલું કામ કર્યાનો સરસ જીવન જીવ્યાનો સંતોષ ચહેરા પર દેખાતો હતો. મહર્ષિ અરવિંદ ચીંધ્યા માર્ગની પરમ શાંતિ પ્રસન્ન

ચહેરા પર છવાયેલી હતી....'[૫૮]

શ્રી અરવિંદ અને માતાજીથી પ્રેરિત અધ્યાત્મ માર્ગના પંથી અનંત માર્ગે જ્યારે સિધાવે છે ત્યારે એ અલૌકિક શાંતિ અને અનન્ય કાર્યસિદ્ધિનો સંતોષ તેના ચહેરા પર દેખાય છે. આમ, રમણલાલ જોશીની વિદ્યોપાસના અને સાહિત્યસેવા સાતત્યપૂર્ણ રીતે ચાલતી રહેલી. એના સારાફળરૂપે આપણા આ સમભાવશીલ સાહિત્યકાર દ્વારા ગુજરાતી વિવેચન-સંશોધન અને સંપાદનને તેમ સાહિત્યિક પત્રકારત્વને નોંધપાત્ર પ્રદાન થતું રહ્યું છે અને તેમની સાહિત્ય સાધનાની સાહિત્યજગતમાં યથાસમયે નોંધ પણ લેવાતી રહી છે. અનેક પુરસ્કારો-પારિતોષિકો કે એવોર્ડ્ઝથી એમની સાહિત્યિક પ્રતિભાની કદર પણ કરવામાં આવી છે. એમના વિવેચનગ્રંથ 'વિવેચનની પ્રક્રિયા' ને રાષ્ટ્રીય અકાદમીનો પુરસ્કાર પણ મળ્યો હતો; એમની સુદીર્ઘ સાહિત્યસેવાને અનુલક્ષીને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમને ગૌરવ પુરસ્કાર આપીને નવાજ્યા હતા. તેમ જ તેઓ અનંતરાય રાવળ વિવેચન એવોર્ડથી પુરસ્કૃત થયા હતા અને એમને ગુજરાત રાજ્ય સરકારનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. આ રીતે તેમના સાહિત્ય પ્રદાનની સાહિત્ય જગતમાં સરાહના થઈ છે અને તેમનું સન્માન પણ થયું છે. સુરેશ દલાલે રમણલાલ જોશી માટે સ્મૃતિ અંકમાં લખ્યું છે, બહુ ઓછા માણસો આખી જિંદગી સાહિત્યને સોંપીને જીવતા હોય છે. રમણલાલ જોશી માટે સાહિત્ય સારસર્વસ્વ રહ્યું.' તેઓ રમણલાલ જોશી વિશે કહે છે કે, 'રમણલાલ એટલે ઉમાશંકરની સમજણ અને સુન્દરમ્‌ની શ્રદ્ધા' તેઓને લાગ્યું કે રમણલાલ જોશી કદી ન થાકનારા માણસ હતા. છેલ્લા શ્વાસ સુધી 'ઉદ્દેશ'નું ચીવટપૂર્વક અને ઝીણવટપૂર્વક એટલી હદે જતન કરતા જાણે કે આ રીતે જતન કરીને ઉમાશંકરના 'સંસ્કૃતિ'નું અને સુન્દરમ્‌ના 'દક્ષિણ'નું પોતાની રીતે તર્પણ કરતા હોય. સામયિક ચલાવવાનું કાર્ય ઘણું કપરું હોય છે. છતાં પણ આ કપરી વાતને એ આસાનીથી નિભાવી શકયા. 'સંસ્કૃતિ' સામયિકમાંથી મેળવેલી પ્રેરણા 'ઉદ્દેશ'માં પરિણમી.

'સંસ્કૃતિ' બંધ થઈ ગયું પરંતુ 'ઉદ્દેશ' પોતાની અવિરત ગતિએ ચાલું છે. રમણલાલ જોશીના મૃત્યુ બાદ પ્રબોધ ર. જોશીએ 'ઉદ્દેશ' ચાલું રાખીને ખરેખર તેમના પિતાશ્રીને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે, એ જ ખરેખરું તર્પણ છે. એટલું જ નહિ, 'ઉદ્દેશની ગુણવત્તા અને દેખાવમાં વધારો કર્યો છે. તેમજ 'www.uddesh.com' ની સાઈટ ચાલું કરીને સમગ્ર સાહિત્યરસિકો સુધી 'ઉદ્દેશ'ને પહોંચાડવાનો માર્ગ મોકળો કર્યો છે. 'ઉદ્દેશ' જેવા સામયિકે લોકોને જીવન અને વિચાર અને સાહિત્યનું ભાણું પીરસીને સાહિત્ય રસિકોની ભૂખ સંતોષી છે. આવું વિશાળ કાર્ય કરનાર પ્રબોધ ર.જોશી પાસેથી આપણે અપેક્ષા રાખીએ કે 'ઉદ્દેશ' કદી બંધ ન થાય. રમણલાલ જોશીના આ મહાનસાહિત્યસમા 'ઉદ્દેશ'ને જોતાં 'પલ્લવ'માં રજૂ થયેલી કાવ્યની પંક્તિઓ ટાંકવા જેવી છે જેમાં તેઓએ પોતાના જીવનનું સાર્થકય સાહિત્ય સેવાને જ માન્યું છે.

'ભલે શક્તિ સ્વલ્ય કિરણકિરણે તેજજલતી,
ધરુ તારે પાયે, મુજ જીવન સાર્થકય ગણતો;
પછી પાછી દેતો, મુજ જીવન એકેક કરણે,
ઝગી રે'તી દૈવી, અરપું જનતાના ચરણમાં.'[૫૯]

## ૦ ઉદ્દેશ: ભાવ-પ્રતિભાવ

'સેવાગ્રામથી શોધગ્રામ' વિશે વિશેષ: માટે તંત્રી રમણલાલ જોશીને ઉદ્દેશ વિશે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા કહ્યું છે. 'ઉદ્દેશ' (૨૪૯) જૂન ૨૦૧૧ના અંકમાં શ્રી યશવંત મહેતાએ, એમના વાંચતા-વિચારતા વિભાગમાં, મહારાષ્ટ્રના ગઢચિરોલી જેવા આદિવાસી વિસ્તારમાં ૧૯૬૮ થી સેવાકાર્યમાં જીવન સમર્પિત કરનાર ડૉ. અભય બંગના આત્મકથાત્મક પ્રવચન 'સેવાગ્રામથી શોધગ્રામ' ની વાત, 'અવતરણનું તરણું લઈ તરણ કરનારાઓને.. શીર્ષક કરી છે. એ વિશે વધુ વિગતો આપવાનું મન છે. એવું કહેનાર પ્રકાશ સી. શાહે (ગ્રંથપાલ) અન્ય લેખો અને અનુવાદ વિશે પણ જણાવ્યું છે તો ઉપલેટાના પ્રા. આહમદ

મકરાણીએ 'તમારે વિશ્વવિખ્યાત લેખક બનવું છે?' વિશે પ્રતિભાવ આપતા જણાવ્યું છે. 'ઉદ્દેશ' (૨૪૮) મે, ૨૦૧૧ના અંકમાં વાંચતાં-વિચારતાં વિભાગમાં શ્રી યશવન્ત મહેતાએ 'તમારે વિશ્વવિખ્યાત લેખક બનવું છે?' એ શીર્ષકથી 'બાયોગ્રાફિકલ' સંસ્થા અથવા 'હું ઈઝ હું' સંસ્થા દ્વારા પ્રસિદ્ધિ ઈચ્છુંક ભોળા લોકોને કેવી રીતે પોતાની જાળમાં ફસાવવામાં આવે છે એ વિશે વિગતવાર લખ્યું છે. જુલાઈ ૨૦૦૭માં 'એશિયન અમેરિકન હું ઈઝ હું' દ્વારા મને પણ આવો પત્ર મળેલો જેનો મે કોઈ જ પ્રતિભાવ આપ્યો ન હતો. આવા પત્રો અવારનવાર આવતા રહે છે પણ ધ્યાનથી વાંચતા એ પ્રપંચલીલા સહેલાઈથી સમજી શકાય તેવી હોય છે. મને મળેલા પત્રો આ સાથે મોકલ્યા છે. શ્રી યશવંત મહેતાને એ વાત તરફ ધ્યાન દોરવા માટે, અભિનંદન.'[૬૦]

ઉદ્દેશના વિવિધ ભાવ-પ્રતિભાવોમાં ક્યારેક વિશિષ્ટ લેખોની ઉત્કૃષ્ટતા એવં ગુણગાથા ગવાય છે. તો ક્યારેક કવિ કે લેખકોનાં લખાણમાં કે સંદર્ભમાં રહેલી ભૂલો અંગે પણ લેખકોએ અંગુલિનિર્દેશ કર્યો છે. જેમકે 'ઉદ્દેશ' (૨૪૪) જાન્યુઆરી ૨૦૧૧ના અંકમાં શ્રી અશ્વિન ચંદારાણાએ શ્રી લલિત ત્રિવેદીની એક પદ ગઝલનો આસ્વાદ કરાવ્યો છે. એમાં,

'હું તો નગરનો ઢોલ છું, દાંડી પીટો મને,
ખાલીપણું બીજા તો કશા કામનું નથી.'[૬૧]

-પંક્તિઓમાં કવિ તરીકે શ્યામ સાધુનું નામ અપાયું છે. ખરેખર આ પંક્તિઓ જવાહર બક્ષીની છે.' આવા ભાવ-પ્રતિભાવો જ્યારે પણ તંત્રી શ્રી રમણલાલ જોશીને મળતા તેઓ પોતાની ભૂલો બાબતની આ હકીકત-દોષ તરફ ધ્યાન ખેંચવા બદલ લેખકનો આભાર માનતા. આવો વિશાળ દૃષ્ટિકોણ ધરાવનાર રમણલાલ જોશીએ સાહિત્યના ઊંચા આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખીને ઉચ્ચગુણવત્તાવાળું અને સત્યયુક્ત સાહિત્ય પીરસવાનો હંમેશા આગ્રહ રાખ્યો છે. તેમના 'ઉદ્દેશ'ના લેખોમાં હંમેશા જીવનનું ચિંતન, સત્ય, કલ્પનાની ઉત્તમ

તરાહો કે અભિનવ સાહિત્યને સ્થાન મળ્યું છે. ઉચ્ચગુણવત્તાયુક્ત લેખો તેઓ લેખક પાસે સામેથી પત્ર લખીને મંગાવતા તો કેટલીકવાર અતિશય ભૂલોવાળા કે નિમ્નકક્ષાના લેખો લેખકનો આગ્રહ હોવા છતાં 'ઉદ્દેશ'માં ન આપતા એ તેમની સૌથી મોટી વિશેષતા છે.

જયંત જી. ગાંધી એ (કુસુમાયુધ) 'ઉદ્દેશ' (૨૪૫) ફેબ્રુઆરી ૨૦૧૧ના અંકમાં મુખપૃષ્ઠ પર રોબર્ટ ગ્રેવ્સની કવિતાનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. જે મૂળ કાવ્યના ભાવને દોહરારૂપે મૂકવાનો પ્રયત્ન 'ઉદ્દેશ' ના વાચક માટે હૃદયંગમ બની રહેશે એવું જણાવ્યું છે.

એક અંકમાં જ્યારે 'ગ્રીષ્મ'ની જોડણી ખોટી છપાઈ અને તે પણ મુખપૃષ્ઠ ઉપર 'ઉદ્દેશ'ના વાચક ડંકેશ ઓઝા લખે છે. 'એક હાથમાં આવતાં જ છબરડાથી બધો ઉત્સાહ અને ઉત્તેજના ઓસરી ગયાં.' જેનો પ્રતિભાવ-પ્રત્યુત્તર આપતાં રમણલાલ જોશીના શબ્દો છે. 'હું આ ભૂલને ગંભીર લેખું છું અને સર્વ વાચકોની તથા ગુજરાતી ભાષાની માફી માગું છું. અહીં લેખકની નમ્રતા અને વિશાળતાનાં દર્શન થાય છે તો બીજી બાજુ પ્રતિભાવક ડંકેશ ઓઝા લેખકની આ વિશાળતાને રદિયો આપતાં કહે છે.' ખૂબ આનંદ એટલે થાય છે કે મારા સમકાલીન ગુજરાતીઓ પોતાની ભૂલનો જાહેર એકરાર કરીને પોતાની પારદર્શકતા પ્રગટ કરી રહ્યા છે. સમય ખૂબ કપરો છે. ઘણાં બધાં ક્ષેત્રોમાં પારદર્શકતા જોવા મળતી નથી. કારણ તેના પાયામાં પ્રામાણિકતા અનિવાર્યપણે હોવી આવશ્યક હોય છે. ગુજરાતનું આ ગૌરવ છે અને હું આ મહાનુભાવના ઓવારણાં લઉં છું. ખૂબ ખૂબ રાજી થાઉં છું' આ તબક્કે એ પણ નોંધવું જોઈએ કે ભૂલ થવી માનવીય ઘટના છે. ઘણાં બધાં કારણો તે પાછળ હોઈ શકે છે. તેથી જ કહેવાયું છે કે ભૂલ કરવી એ ભૂલ નથી. પરંતુ ભૂલનો અસ્વીકાર એ જરૂર ભૂલ છે. આવો સ્વીકાર એ આગળની તાજી પ્રતિબદ્ધતાની ખાતરી આપે છે અને તેથી જ આવકાર્ય છે. ૨૦૧૦ જુલાઈના 'ઉદ્દેશ'ના અંકમાં એક લેખ આવેલો 'ટપાલટિકિટોમાં ગુજરાત અને ગુજરાતીઓ' યશવન્ત મહેતાના આ લેખ વિશે શ્રી અશોક

પંડ્યાએ આ બન્ને લેખો વિશે જે પ્રતિભાવ આપ્યો છે તે રજૂ કરવા જેવા છે.

૧. શ્રી યશવન્ત મહેતાએ ટપાલ-ટિકિટોને જે બે પ્રકારમાં મૂકી છે- 'એક તો દેશની વિશિષ્ટ વિભૂતિઓ (આઈકોન્સ)ની બહોળા વપરાશની ટિકિટો અને બીજી સ્મારક (કોમેમોરેટીવ) ટિકિટો- તે બરાબર નથી. રોજ-બ-રોજ ચાલુ વપરાશની ટિકિટો ડેફીનેટીવ તરીકે ઓળખાય છે. આમાં પાંચ-દસ વર્ષે નવા-નવા વિષયો ઉમેરાય છે. શ્રી યશવન્તભાઈ જેને આયકોન્સ તરીકે ઓળખાવે છે. તે ટિકિટોને ક્યારેક સ્પેશ્યલ ડેફિનેટીવ તરીકે ઓળખવામાં આવે છે. બીજો પ્રકાર સ્મારક (કોમેમોરેટીવ) બરાબર છે. ક્રિકેટ બોર્ડમાં પ્રતિનિધિઓ જેમ પોતાના ઝોનના ખેલાડીઓને ઘુસાડવા માગે છે તેમ આમાં પણ બને છે. ખાસ કરીને દક્ષિણનું પ્રભુત્વ વધારે જોઈ શકાય છે. ટપાલ ખાતાની છબી એથી ખરડાઈ છે. ટિકિટોની સાઈઝ પણ અમુક ખાસ કિસ્સાઓમાં ઘણી મોટી હોય છે!

૨. 'ઉદ્દેશ' માં પ્રકાશિત આ લેખોમાં શ્રી સુન્દરમ્ અને શ્રી ઉમાશંકર જોશીની ટપાલ ટિકિટો બહાર પાડવી જોઈએ એવું મંતવ્ય વ્યક્ત થયું તો કહે કે શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના જન્મ શતાબ્દીના અવસરે તેમની ટપાલ ટિકિટ બહાર પડે એ માટે મે અથાગ પ્રયત્નો કર્યા હતા. ગુજરાત રાજ્યના પોસ્ટ માસ્ટર જનરલે અમારી દરખાસ્તને અનુમોદન આપી દિલ્હી મોકલી હતી. લોકસભાના સ્થાનિક સભ્યોએ પણ સારો સહકાર આપ્યો છતાં, કશું વળ્યું નહિ. ગોવર્ધનરામે 'સ્વદેશી'ની ચળવળ વખતે નડિયાદમાં સહકારી ધોરણે 'ગ્રાહક ભંડાર' ખોલી સ્વદેશી વસ્તુઓનું વેચાણ શરું કરાવેલું અને પોતે તેનું સંચાલન કરતા. આ વિગત પણ ધ્યાનમાં ન લેવાઈ. સ્પેશ્યલ કવર આપવાની છેવટે વાત થઈ પણ એ અમને મંજૂર ન હતી.

આ સંદર્ભે અશોક ડી. પંડ્યાએ પણ જાણાવ્યું છે- 'ભલભલા ગુજરાતી લોકનેતાઓ અને સાહિત્યકારોને સ્મારક ટિકિટોમાં સ્થાન નથી મળ્યું. 'સુન્દરમ્, ઉમાશંકરને પણ નહિ!' આમ બધાજ સાહિત્યજગતના સર્જકો અને ભાવકોએ ઉમાશંકર અને સુન્દરમ્ જેવા મહાકવિઓની કાવ્યમહત્તાને સમજી શકાય છે તો કોઈકવાર આવા મહાકવિની નાનકડી જોડણી ભૂલ અંગે પણ ધ્યાન દોર્યું છે. જેમકે જુલાઈ ૨૦૧૦ના 'ઉદ્દેશ' ના અંકમાં શ્રી ભોળાભાઈ પટેલના આ શીર્ષકે આવેલા આલેખો અનન્ય, સુન્દર છે. આનંદ થવો. 'વર્ગ એ સ્વર્ગ' ના પહેલા પ્રસંગમાં મંદાક્રાન્તા છંદમાં ટાંકેલી શ્રી અરવિંદની પંક્તિઓમાંથી પ્રથમ પંક્તિ (જે કો ચાહે ધરણી પરે સ્વર્ગને લાવવાને...') માં લયદોષ છે. 'પરે'માં 'રે' લઘુ જોઈએ. આ છંદની પંક્તિમાં ૧૭ અક્ષરો હોય. દોષવાળી પંક્તિમાં ૧૬ અક્ષરો છે. પાઠાન્તરો એક કરતાં વધારે મૂકી શકાય. એવી ભલામણ પણ કરે છે. તેઓ જાણાવે છે કે 'ઉમાશંકરભાઈ આવી ભૂલ ઊંઘમાં ય ન કરે.' આવી ભૂલો પંક્તિનો લયદોષ કર્ણકલેશ કરાવે છે. તેથી ક્ષુબ્ધતા લયપર્ણીએ આવી ભૂલો અંગે અંગુલિનિર્દેશ કરીને આવી ભૂલો સુધારી લેવા પણ ભલામણ કરી છે. તંત્રીશ્રી રમણલાલ જોશીએ 'ઉદ્દેશ' ના આદર્શને જાળવી રાખ્યો છે. જ્યારે જ્યારે આવી ભૂલો અંગે વાચકો ધ્યાન દોરે છે ત્યારે ત્યારે તેઓ વિશાળ હૃદયથી ભૂલનો સ્વીકાર કરે છે અને ભૂલો સુધારી લેશે એ અંગે પણ વિશ્વાસપૂર્વક જાણાવે છે. કેટલીકવાર શ્રદ્ધાંજલિ આપતાં કાવ્યનો પણ પ્રતિભાવ દ્વારા 'ઉદ્દેશ'ના ભાવ-પ્રતિભાવમાં સમાવેશ થયો છે.

'ઉદ્દેશ' ભાવ-પ્રતિભાવમાં રમણલાલ જોશીના પરમ મિત્ર ગુલાબદાસ બ્રોકરે મૈત્રી સંદર્ભે લખ્યું છે, '...મને તો આનંદ અને ગૌરવ છે. આ રમણલાલ જોશીની મૈત્રી મને મળી છે તેનો અમારી મૈત્રી આજે પચ્ચીસેક વર્ષથી એવી ને એવી ટકી છે. હું તો ઈચ્છું છું કે મારું જીવન રહે ત્યાં સુધી આ મૈત્રી આવીને આવી પ્રેમ ભરી ટકી રહે.' આવા સહૃદયી

મિત્ર ગુલાબદાસ બ્રોકરના મૃત્યુ સમયે હૉસ્પિટલમાં પરથારીવશ વિવેચક રમણલાલ જોશીની પણ સ્થિતિ ખરાબ હતી. જ્યારે તેઓ સાજા થયા અને 'ઉદ્દેશ'નું કાર્ય પુન: શરું કર્યું ત્યારે 'ઉદ્દેશ' સામયિક વિશે રાજેન્દ્ર ઉપાધ્યાયનો પ્રતિભાવ નોંધવા જેવો છે.

વિપરિત સંજોગોમાં અને પ્રતિકૂળ પરિબળો વચ્ચે તેના યુવાતંત્રી શ્રી પ્રબોધ જોશી જોમ અને જિગર, ખંત અને ખુમારી, ઉત્સાહ અને ઉમદા નેમ સાથે 'ઉદ્દેશ' ના સંચાલનતંત્રનું વહન કરે છે. ધૈર્ય અને ધગશ એમનું પીઠબળ છે. તેમની હિંમત અને હૈયાસૂઝ દાદ માંગી લે છે.

સુંદર સફેદ કાગળની ધવલ શ્વેતતા, કાગળની અને પૂઠાની જાડાઈ, સુંદર સુઘડ, આકર્ષક મુદ્રાણ, પ્રથમ નજરે આંખને જચી જાય અને અંતરમાં વસી જાય તેવા ટાઈપ, આકર્ષક ગેટઅપ- એક ભાવક અને વાચકને આથી વધુ શું જોઈએ? સામયિકનાં બે પૂઠાં વચ્ચેની વાચનસામગ્રી સત્વશીલ અને સંતર્પક છે. સાહિત્ય અને જીવન-તત્‌વિષયક વિચારસામગ્રી પીરસતા રહેવું એ 'ઉદ્દેશ' નો ઉદ્‌શ છે. જગતમાં કશું ય નિરુદ્દેશે ક્યાં છે? પારદર્શકતા થકી પૂર્ણતાને આંબવી અને ઉત્કૃષ્ટતા થકી જીવન-સાહિત્યને ઉમદા બનાવી ઉજાગર કરવું એ જ 'ઉદ્દેશ' જીવનચિંતનનું સાહિત્ય જેમાં સમાયેલું છે, ભાવકો-વાચકોને આકર્ષનાર અને સત્વશીલ-શુદ્ધ સાહિત્યનો પરિચય કરાવનાર 'ઉદ્દેશ' અન્ય સામયિકોની સરખામણીમાં ઘાણા લાંબા સમયથી સામાયિકયુક્ત સાહિત્યિક જગતમાં પોતાનું નામ જાળવી શકયું છે એનો યશ રમણલાલ જોશીને મળે જ છે. પરંતુ એમની ગેરહાજરી પછીય તેમના માનસ સંતાન સમું 'ઉદ્દેશ' એ જ ગુણવત્તા લઈને ભાવક-વાચકને આંગણે પ્રતીક્ષા કરતું ઊભું છે, એ કોઈ નાનીસૂની વાત નથી.

'ઉદ્દેશ'ની એક મહત્ત્વની વિશેષતા એ છે કે તેમાં કેટલાંક નવાં પુસ્તકોને પણ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. 'ઉદ્દેશ'ના માધ્યમથી નવા પુસ્તકનાં જ્ઞાનો પ્રચાર પ્રસાર થયો

છે. તેમજ સર્જકોનો પણ પરિચય થયો છે. 'શબ્દ સાથે સંવાદ' એ  રાધેશ્યામ શર્માનું સાહિત્ય વિવેચનાત્મક લેખોનું પુસ્તક છે. શ્રી મોહનલાલ મહેતા 'સોપાન'ની વાર્તાઓએ ડૉ. બળવંત જાનીની સંપાદિત કૃતિ છે. 'વનુ પાંધીની સાગરકથાઓ' એ ડૉ. ધીરેન્દ્ર મહેતાની સંપાદીત કૃતિ છે. 'ઘર સામે સરોવર' એ શ્યામ સાધુની સમગ્ર કવિતાનો સંજુવાળાએ કરેલો સંચય છે. 'કૅમેરા ઑન છે' એ લાભશંકર ઠાકરનો કાવ્યસંગ્રહ છે. 'બજતાં નૂપુર' એ પ્રવીણ દરજીનો લલિત નિબંધનો સંગ્રહ છે. 'આથમતાં અજવાળાં' એ ભગીરથ બ્રહ્મભટ્ટનો નિબંધ સંગ્રહ છે. 'પ્રેમ અને પ્રસન્નતાનો પ્રવાહ' એ ફાધર વર્ગીસ પોલના પુસ્તકમાં 'જીવનમાં પ્રેમ અને પ્રસન્નતાના મહત્ત્વને કેન્દ્રમાં રાખીને લખેલા ૨૩ નિબંધોનો સંગ્રહ છે. આ નિબંધ વૈવિધ્યસભર તો છે જ, ઘણીવાર પ્રાસંગિક વિષયોને શાશ્વત મૂલ્યોની દૃષ્ટિએ મૂલવવાનો પ્રયત્ન પણ નિબંધ સ્વરૂપે અહીં પ્રગટ થાય છે. 'અંચબો'-મોહન પરમારનો પાંચમો વાર્તાસંગ્રહ છે. 'રૂડાં ફૂલડાં' એ ભગવત સુથારનો બાલાવાર્તા સંગ્રહ છે. 'શબ્દનું સાત ભવનું લેણું છે- ભગવતીકુમાર શર્માની ચૂંટેલી કવિતાના રવીન્દ્ર પારેખ દ્વારા થયેલા આ સંપાદનમાં તેમના કાવ્યોસંગ્રહમાંથી સંપાદિત થયેલ છે.

'કાવ્યાનુયોગ- એ દક્ષા વ્યાસ વિવેચનલેખોનો સંગ્રહ છે. 'એકતાનું ઉપનિષદ' ચિનુ મોદીનો ગઝલ સંગ્રહ છે. 'કવિનો અવાજ અને મધુમય પૃથિવીર ધૂલિહ' પ્રવીણ ગઢવીનાં કાવ્યો સંગ્રહાયેલા છે. 'સમજીએ ગઝલનો લય' એ જીતુ ત્રિવેદીના ગઝલના સ્વરૂપ અને બંધારણ વિશે વિશદ્ માહિતી છે. 'એક ડગ આગળ- બે ડગ પાછળ' રઘુવીર ચૌધરીની નવલકથા છે. આમ ઘણાં નવાં પુસ્તકોનો પરિચય ભાવક સુધી પહોંચાડવાનું વિશાળ કાર્ય પણ 'ઉદ્દેશ' દ્વારા થયું છે.

આ ઉપરાંત 'ઉદ્દેશ'માં વિવિધ સાહિત્યિક ઘટનાઓની પણ સમયાંતરે નોંધ લેવાઈ છે. જેમકે ઉમાશંકર જોશીના ૧૦૦મા જન્મદિવસે, ઉમાશંકર જોશી જન્મશતાબ્દી સમિતી

દ્વારા ગુરુવાર તા.૨૧ જુલાઈ ૨૦૧૧ના રોજ, અમદાવાદના રવીન્દ્રનાથ ટાગોર હાલમાં, ઉમાશંકર જોશી વ્યાખ્યાન પ્રાસંગિક પ્રવચનો, એમનાં કાવ્યોનું પઠન અને પત્રવાચન તેમજ તેમના ગીતો અને ગીતો પર આધારિત નૃત્યોની રજૂઆતનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમજ તે પ્રસંગે ઉમાશંકર જોશીના જીવન, સાહિત્ય અને વિચારની થોડીક ઝલક આપતું સુંદર ચિત્ર, સચિત્ર પ્રદર્શન પણ યોજાયું હતું. આ સંદર્ભે તેમની દીકરી સ્વાતિ જોશીના શબ્દો નોંધવા જેવા છે. 'ઉમાશંકરભાઈના સાહિત્યમાં સૌને પોતાની કોઈકને કોઈક વાતનું પ્રતિબિંબ દેખાશે. કારણ કે તે સમાજના પ્રશ્નોમાં ઊંડા ઉતર્યા હતા. પાંચ દાયકાથી પણ વધુ સમય સુધી તેમણે અમદાવાદ, ગુજરાત અને દેશના પ્રશ્નોને વાચા આપતાં, જાહેરજીવનનો ધબકાર ઝીલ્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે ગંગોત્રી ટ્રસ્ટ તરફથી દર વર્ષે ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન યોજવામાં આવશે. ઉપરાંત ગંગોત્રી ટ્રસ્ટ તરફથી ઉમાશંકર જોશી ગુજરાત અભ્યાસ કેન્દ્ર શરું કરવામાં આવશે. જેમાં, ગુજરાતને લગતા તમામ વિષયોના અભ્યાસ-સંશોધન તેમજ પ્રકાશનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે' એવું કહીને ઉમાશંકરના સાહિત્યિક જીવનને બિરદાવ્યું હતું. 'શ્રી ઉમાશંકર જોશીની કાવ્યસૃષ્ટિ'ની ઝલક આપતાં ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે ઉમાશંકરની કવિતાને જેટલીવાર વાંચીએ એટલીવાર પાતાળના પાણીના ઝરાની જેમ નવું નવું મળ્યા કરે, એમની કવિતામાં સૌંદર્ય અને સત્યની સાથે જ કલ્યાણ અધ્યાત્મનો વાવટો ફરકાવ્યો નથી. પણ એથી એવુંય નથી કે એમની કવિતામાં અધ્યાત્મ ઓછો છે. યંત્ર અને તંત્રની વચ્ચે ગૂંગળાયેલા માનવીને પહેલાં તેમણે માનવ થવાનું કહ્યું છે. વીસમી સદીના આપણા સર્વોત્તમ કવિ તરીકે ઓળખાવતા ઉમાશંકરને એમણે કવિ નિરંજન ભગતના શબ્દોમાં 'શીલભદ્ર સારસ્વત' ગણાવ્યા હતા. તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી ભોળાભાઈ પટેલે કહ્યું હતું કે 'ઉમાશંકરભાઈમાં અખિલાઈને પામવાની આગવી દૃષ્ટિ છે. વીસમી સદીમાં એ મૂલ્યોના ચાહક અને વાહક બની રહ્યા એમના મત મુજબ ગાંધીયુગમાં

જન્મ લેવો અને વળી તે સમયે યુવાન હોવું એ એમના માટે સ્વર્ગીય સંજોગ હતો.' આમ ઉમાશંકર જોશી માટે તેમના જીવન સાહિત્યમાં ધબકતુ જીવનનું સત્ય અને ચિંતન પ્રત્યેક માનવને સ્પર્શનારું છે એટલું જ નહિ આવી વિરલ વિભૂતિની અસર રમણલાલ જોશી પર થઈ છે. એ સ્પષ્ટપણે વર્તાઇ આવે છે. ગુજરાત યુનિવર્સિટીના ઓડિટોરિયમને ઉમાશંકર જોશી નામાભિધાન થયેલું. શ્રી ઉમાશંકર જોશી જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા ભાષા-સાહિત્યભવન ખાતે નવનિર્મિત ઓડિટોરિયમ સાથે કવિવર ઉમાશંકર જોશીનું નામ જોડવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઉમાશંકરભાઈએ આ ભાષા-ભવનમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે જ નહિ પણ, ૧૯૬૭થી ૧૯૭૩ ના વર્ષો દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ચોથા કુલપતિ તરીકે પણ સેવાઓ આપેલ. 'ઉમાશંકર જોશી ઓડિટોરીયમને ખુલ્લું મુકતાં યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ તેમના બહુમૂલ્ય સાહિત્યિક પ્રદાનને યાદ કર્યું હતું તેમજ સાહિત્યગોષ્ઠિઓ, ચર્ચા-સેમીનારોનું પણ આયોજન કરેલ. 'ઉદ્દેશ' સામયિકે આવી અદ્‌ભૂત સાહિત્યિક ઘટનાઓને સંગ્રહી છે. તેમજ સમાજના લોકો સુધી પહોચાડવાનો સાર્થક પ્રયત્ન કર્યો છે. આ સિવાય ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધર રણજીતરામ વાવાભાઈ મહેતાની સ્મૃતિમાં પ્રતિવર્ષ આપવામાં આવતો રણજીતરામ સુવર્ણ ચંદ્રક ૨૦૧૦ના વર્ષ માટે સુવિખ્યાત પુરાતત્ત્વવિદ્ અને મંદિર સ્થાપત્યના તજજ્ઞ શ્રી મધુસુદન ઢાંકીને એનાયક કરવામાં આવ્યો. જ્યારે ગુજરાત સાહિત્ય સભા તરફથી પ્રતિવર્ષ આપવામાં આવતો ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક ૨૦૧૦ના વર્ષ માટે જાણીતા કવિ-વાર્તાકાર શ્રી હરિકૃષ્ણ પાઠકને એનાયત કર્યો તેમજ ગુજરાત સરકાર દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કારો પણ તા.૯ જુલાઈ ૨૦૧૧ના રોજ એનાયત કરવામાં આવ્યા, રાજ્ય સરકાર દ્વારા યુવા સાહિત્ય ગૌરવ પુરસ્કાર પણ યુવાન કવિઓને એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત હરીભાઈ કોઠારીના શ્રેષ્ઠ લેખોના પુસ્તક 'હરિના હસ્તાક્ષર' ના વિમોચન પ્રસંગે મુંબઈમાં

કાર્યક્રમ યોજાયેલો જેની પણ 'ઉદ્દેશ'માં નોંધ લેવાઈ છે, સ્નેહમિલન, જયંત પાઠક સ્મૃતિદિન જેવા કાર્યક્રમોનું આયોજન થયેલું જેની 'ઉદ્દેશે' વિગતવાર નોંધ લીધેલ છે.

'જ્ઞાનયજ્ઞ એ શ્રેષ્ઠ યજ્ઞ છે. ભાષાઓના આદાન-પ્રદાનથી સમાજના લોકો એકબીજાની નજીક આવી શકે છે. ગુજરાતી ભાષામાંથી બીજી ભાષાઓમાં આવા ગ્રંથોનો અનુવાદ બીજી ભાષાના સાહિત્ય માટે પણ પ્રેરણારૂપ બને તેવો છે.' નિખિલેશ્વરાનંદજીના આ શબ્દોને સાર્થક કરવાનું કામ રમણલાલ જોશીએ  પોતે પણ કર્યું છે અને આવા કાર્યક્રમોની નોંધ 'ઉદ્દેશ'માં મૂકીને લોકોને પણ પ્રેરિત કર્યાં છે. વડોદરામાં યોજાયેલા ગુજરાતીમાંથી મરાઠી, હિન્દી અને મલયાલમ ભાષામાં અનુવાદિત પાંચ ગ્રંથોનો લોકાર્પણ સમારોહ યોજાયેલો. શ્રી પન્નાલાલ પટેલની ૧૦૦મી જન્મતિથિની ઉજવણી અને એમના નામ સાથે જોડાયેલા માર્ગનો નામકરણવિધિ અંગેની વિશેષ માહિતી પણ 'ઉદ્દેશે' ભાવકો-રસિકો સુધી પહોંચાડવાનો સુપેરે પ્રયત્ન કર્યો છે.

સાહિત્ય વિષયો સિવાય સમાજ ઉપયોગી અને શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રસંગઘટનાની નોંધ પણ 'ઉદ્દેશ'માં લેવાય છે. જેમકે 'પ્રસાર માધ્યમોની બદલાતી ભૂમિકા' વિશે વ્યાખ્યાન, 'પ્રાચીન ભારતમાં ગ્રાહક સુરક્ષા' વિશે વકતવ્ય, વગેરે અનેક બાબતો-વિષયો લઈને 'ઉદ્દેશ'ના માધ્યમથી રમણલાલ જોશીએ સમાજની અને સાહિત્યની ખૂબ મોટી સેવા કરી છે. આ 'ઉદ્દેશ' ને તેમના મૃત્યુ બાદ પણ જીવંત રાખનાર પ્રબોધભાઈ જોશીનું સાચું પિતૃતર્પણ છે. રમણલાલ જોશીની સાહિત્યિક સમાજ પરત્વેની ચિંતા અને સેવાનું આ વિશાળ કાર્ય તેમના સુપુત્રએ ઝીલીને રમણલાલ જોશીના જીવનચિંતનના મહાફળ રૂપ સાહિત્યિક વારસાને બિરદાવ્યો છે.

# પાદટીપ

૧. દિનેશ દેસાઈ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૩૧

૨. રમણલાલ જોશી, 'ગ્રંથનો પંથ', પૃ. ૧૧

૩. એજન, પૃ. ૧૧

૪. એજન, પૃ. ૪૩

૫. એજન, પૃ. ૬૧

૬. એજન, પૃ. ૬૧, ૬૨

૭. એજન, પૃ. ૬૬, ૬૭

૮. રમણલાલ જોશી, 'ગ્રંથની કેડીએ', પૃ. ૫૨

૯. રમણલાલ જોશી, 'ગ્રંથનો પંથ', પૃ. ૯૦

૧૦. એજન, પૃ. ૭૩

૧૧. એજન, પૃ. ૧૦૯

૧૨. એજન, પૃ. ૧૦૯

૧૩. એજન, પૃ. ૨૯

૧૪. નીતિન વડગામા, 'સંગત', પૃ. ૯૧

૧૫. રમણલાલ જોશી, 'ગ્રંથની કેડીએ', પૃ. ૫૨

૧૬. એજન, પૃ. ૭૭

૧૭. એજન, પૃ. ૭૭

૧૮. રમણલાલ જોશી, 'અક્ષરના આરાધકો-૧', પૃ. ૧૫૧

૧૯. એજન, પૃ. ૭૫,૭૬

૨૦. એજન, પૃ. ૭૩

૨૧. એજન, પૃ. ૮૭

૨૨. એજન, પૃ. ૧૦૭

૨૩. એજન, પૃ. ૧૨૨

૨૪. એજન, પૃ. ૧૫૨

૨૫. એજન, પૃ. ૧૫૭

૨૬. એજન, પૃ. ૧૮૫

૨૭. એજન, પૃ. ૧૬૩

૨૮. એજન, પૃ. ૧૬૩

૨૯. એજન, પૃ. ૧૮૩

૩૦. એજન, પૃ. ૧૯૦

૩૧. એજન, પૃ. ૨૩૬

૩૨. રમણલાલ જોશી 'અક્ષરના આરાધકો-૨', પૃ. ૨૦

૩૩. એજન, પૃ. ૫૨

૩૪. એજન, પૃ. ૫૩,૫૪

૩૫. એજન, પૃ. ૬૦

૩૬. એજન, પૃ. ૮૩

૩૭. એજન, પૃ. ૮૫

૩૮. એજન, પૃ. ૧૨૯

૩૯. એજન, પૃ. ૧૪૪

૪૦. www.uddess.com (ઉદ્દેશ અંકો), ઉદ્દેશ : ઓગષ્ટ-૧૯૯૦, તંત્રીલેખ, પૃ. ૩

૪૧. એજન, પૃ. ૪

૪૨. એજન, પૃ. ૬

૪૩. એજન, પૃ. ૬

૪૪. એજન, પૃ. ૬

૪૫. એજન, પૃ. ૧૪

૪૬. એજન, પૃ. ૧૬

૪૭. www.uddess.com (ઉદ્દેશ અંકો), ઉદ્દેશ : ઓગષ્ટ-૧૯૯૦, તંત્રીલેખ, પૃ. ૮૧

૪૮. ઉદ્દેશ : માર્ચ-૧૯૯૧, પૃ. ૨૮૨

૪૯. ઉદ્દેશ : મે-૧૯૯૧, પૃ. ૩૬૨

૫૦. એજન, પૃ. ૩૬૨

૫૧. એજન, પૃ. ૩૬૨

૫૨. એજન, ૧૧૮

૫૩. રતિલાલ દવે, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૨૮

૫૪. આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, ‘ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૧૩૫

૫૫. તુષાર ભટ્ટ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૫૮

૫૬. સંધ્યા ભટ્ટ, ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૨૧૯

૫૭. રૂસ્વ મઝલૂમી, ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૨૨૧

૫૮. યોગેશ જોશી, ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૨૨૪

૫૯. રમણલાલ જોશી, ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૧૧૩

૬૦. www.uddess.com (ઉદ્દેશ : ભાવ પ્રતિભાવ), પ્રા. આહમદ મકરાણી, પૃ. ૨૪૮

૬૧. www.uddess.com (ઉદ્દેશ : ભાવપ્રતિભાવ), ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૧૧, અશ્વિન ચંદારાણા, પૃ. ૨૨૪

# પ્રકરણ-૬
# રમણલાલ જોશીની વિવેચક, સંશોધક, સંપાદક અને સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રની વિશેષતાઓ અને મર્યાદાઓ

આ પ્રકરણમાં પ્રશિષ્ટ રુચિના વિવેચક રમણલાલ જોશીની સાહિત્ય યાત્રાનું સમગ્રલક્ષી અવલોકન કર્યા બાદ તેમાંથી સ્ફૂટ થતી વિશેષતાઓ અને મર્યાદાઓ તારવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સાહિત્યમાં આધુનિક કે અનુઆધુનિક એવા વાદોને બાજુએ રાખી વાડાબંધીથી પર રહી તેમણે કૃતિઓનું મૂલ્યાંકન કર્યું છે. એ સંવેદનો માનવીને બેઠા કરે અને હૈયાને સ્પર્શે તેવા છે.

'સ્વકીય સાહિત્ય પ્રતિભાનું વરદાન પામેલા સ્વ. રમણભાઈ જોશીને એમની સુદીર્ઘ અધ્યાપન પ્રવૃત્તિને કારણે પોતાની શક્તિઓને સોળે કળાએ ખિલવવાનો અવસર મળ્યો. સ્વસ્થ-સમતોલ પરિશીલનદષ્ટિ, નિષ્ઠા, પરિસંવાદો, સાહિત્યસંમેલનો, ભારતીય સાહિત્ય સંમેલનોમાં ઉપસ્થિતિ અને અભ્યાસપત્રો પ્રસ્તુત કરવાની સજ્જતા આ બધાં પરિબળોએ એમને વિવેચન, સંપાદન પ્રવૃત્તિમાં સતત સક્રિય રાખ્યા છે. વર્તમાનપત્રોની સાહિત્યિક કટારોએ તેમને સાંપ્રત સાહિત્યના વિભિન્ન પ્રવાહોનું અવલોકન-મૂલ્યાંકન કરવાની તક આપેલી છે.'[૧]

ભાનુપ્રસાદ પંડ્યાએ રમણલાલ જોશીના સમગ્ર કાર્ય કૌશલ્યની સફળતા અંગે ચર્ચા કરતા તેમની પ્રતિભાનો મહિમા કર્યો છે. ગુજરાતી વિવેચન સાહિત્યને બિરદાવ્યું છે, એટલું જ નહિ પરંતુ વિવેચકને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરુ પાડીને સૈદ્ધાંતિક વિવેચન તરફ અંગુલિનિર્દેશ કરી છે. રમણલાલ જોશી પ્રશિષ્ટ પારદર્શિ વિવેચક હતા. ગુજરાતી ભાષાના સબળ વિવેચકોમાં રમણલાલ જોશી સમર્થ વિવેચક કહી શકાય એ કક્ષાનું વિવેચન આપ્યું છે.

વિવેચક તરીકે રમણલાલ જોશીને જોતા તેમના વિવેચનગ્રંથોમાં રહેલું એમનું ઊંડું વિવેચનાત્મક અધ્યયન સ્પર્શી જાય તેવું છે. એમનું વિવેચન મહદ્ અંશે નીતિમૂલક સાહિત્યના સિદ્ધાંતો, વૈયક્તિકરણની વ્યાખ્યાઓ, રસજ્ઞો-કાવ્યજ્ઞો એ તારવેલા તાત્પર્ય મુજબ  કૃતિમાં સત્ત્વ-તત્ત્વ છે કે કેમ, કલાતત્ત્વને પ્રેરક-અવરોધક કઈ બાબતો છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરે છે. એમના વિવેચનમાં સ્વસ્થતા, સંતુલન, સૂઝ અને સર્વગ્રાહિતા જેવા ગુણો આવકાર્ય અને આસ્વાદ્ય બની રહે છે. તેઓ એક કૃતિ વિશે વિવિધ વિવેચકોનાં મંતવ્યોનાં ખંડન-મંડનમા પ્રવૃત્ત થતા નથી. તેઓ સ્વકીય રસપ્રવૃત્તિથી કૃતિનો રસ ભાવવિશ્વમાં પ્રવેશી તરબતર થાય છે અને એ અર્થમાં તેઓ મૂર્ધન્ય પ્રત્યક્ષ વિવેચક છે.

વિવેચન માટે તેમના સિદ્ધાંતો નિષ્પક્ષપાત, વિવેક સમભાવ અને સમતોલ બુદ્ધિ મુખ્ય છે. તેઓ નીડર વિવેચક છે. એમનું વિવેચન લઘુ અને પ્રસ્તાર બન્ને રીતિઓમાં વિસ્તરે છે. તેઓ કૃતિનું ગુણદર્શન કરે છે. તેમજ સારા-સારને વિવેકપૂર્વક તપાસે છે. આ શાસ્ત્રીયત તેમની પ્રામાણિક (લોજિકલ) વિચારસરણીથી પોષાયેલી છે. તેઓ નિષ્પક્ષ વિવેચક છે. તેમની શૈલી સરળ અને વેધક એટલે કે લક્ષ્યવેધી હોવાથી સાદી રહે છે છતાં વિષયભણી ઓસરી જનારી અને સચોટ છે. કથયિતવ્યને સચોટ રીતે દર્શાવતા રમણલાલ જોશીના વિવેચન સંશોધન, સંપાદન અને પત્રકારત્વ ક્ષેત્રે થયેલા ખેડાણમાં રહેલી વિશેષતા અને મર્યાદાઓને આલેખવાનો અભિગમ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે. પરંતુ આ પ્રકરણમાં એમનાં વિવેચનનું યે વિવેચન છે. એમાણે મબલખ કૃતિઓ, સર્જકો, સાંપ્રત સમકાલીન ઘટનાઓ સંવેદનથી મૂલવવા જાણે યજ્ઞ કર્યો છે ત્યારે આ પ્રકરણમાં એમની મર્યાદાઓને ઓળખવા પ્રયાસ કરે એવી આછી-પાતળી આકૃતિ મનમાં છે. શબ્દની સૌરભ પામતા, પમાડતા આ વિદ્વાન વિવેચક અને સમર્થ સર્જકનું વિવેચન ક્યાં, કેવી રીતે નબળું, ક્ષતિગ્રસ્ત, અતિશયોક્તિવાળું, આડે પાટે રહ્યું છે તે જોવાનો પ્રયાસ આ પ્રકરણમાં કરવાનો છે. સમય, સમાજ અને શબ્દ વચ્ચે જ્યાં વિચારધારા કે વિવેચન વચ્ચે સંકલન તૂટ્યું છે તે નિરૂપવાનો

પ્રયાસ આ પ્રકરણમાં છે.

વિવેચન ક્ષેત્રે વિશાળ લેખન કરનાર રમણલાલ જોશીના 'ગોવર્ધનરામ: એક અધ્યયન' 'વિવેચનની પ્રક્રિયા', 'શબ્દ સેતુ' અને 'પરિમાણ' તેમના કીર્તિદા ગ્રંથો છે. વર્ષો સુધી જે તે દૈનિકોમાં લેખો લખીને તેમણે વિવેચક તરીકેની તેમની શક્તિનો પૂરો હિસાબ આપ્યો છે. વિદ્વત્તાના ભાર વિનાનું વિવેચન કેવું હોઈ શકે તેની પ્રતીતિ તેમની સક્રિય લેખિનીએ, સદૃષ્ટાંત કરેલી છે. 'ગોવર્ધનરામ એક અધ્યયન'થી જે વિવેચન-યાત્રા શરું કરી તે દર્શાવિ છે કે તે ગોવર્ધનરામના 'સાક્ષરજીવન'ને આદર્શ માની ચાલતા, અને સાથે 'અધ્યાત્મજીવન'ના પણ યાત્રી હતા. ગાંધીજી અને ગીતાનો કર્મયોગ ખૂબ કર્યો. સાહિત્ય-શિક્ષણ-પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. ઉમાશંકર અને અનંતરાયની જેમ રમણલાલ તેમના વિવેચનગ્રંથમાં સાહિત્યમિમાંસા ને પુરસ્કારીને વિવેચનલેખો આપતા. વિવેચનમાં તે આધુનિક વિવેચકોની જેમ ઉગ્ર અને કટાક્ષયુક્ત નહોતા બનતા. તેમની આલોચના સમભાવશીલ રહેતી. કૃતિના વસ્તુની સમીક્ષા કરી સૂચના કરતા. કૃતિનિષ્ઠ વિવેચનના આગ્રહી હતા. એવું કહેનાર ડૉ. બહેચરભાઈ પટેલનું ઉદાહરણ નોંધવા જેવું છે. 'મને એકવાર કહ્યું હતું કે હું મોટેભાગે ટી.એસ.એલિયટને અનુસરું છું. કૃતિ સાહિત્ય છે કે નહિ તે માટે સાહિત્યનાં ધોરણો લાગુ પાડવાનાં, પણ પ્રશિષ્ટ કૃતિ છે કે કેમ તે તપાસવા સાહિત્ય ઉપરાંત સાંસ્કૃતિક ધોરણો પણ જોવાનાં. આપણા આદ્ય-વિવેચક નવલરામની જેમ તે ગુણમધુકર-આલોચક હતા. દોષ દર્શાવી સૂચનો કરતા તે પણ મધુરતાથી. નવોદિતોને પ્રોત્સાહન આપવામાં કાકાસાહેબ જેવા ઉદાર હતા. તેમણે સર્જાતા સાહિત્યની આલોચના કરીને સર્જકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે એ સદા 'અક્ષરની આબોહવામાં' રહેતા. આજે એ ક્ષરદેહે નથી પણ અક્ષરદેહે ગુજરાતી સાહિત્ય શિક્ષણ- જગતની આબોહવામાં અનુભવાતા રહેશે.'[૨]

વિવેચન વિશેના એમનાં વકતવ્યો ઘણાં રસપ્રદ બની રહેતાં શુષ્ક લાગતા વિષયને પણ રસપ્રદ બનાવવાની એમની પાસે કળા હતી. ભારતીય અને પાશ્ચાત્ય કાવ્યસિદ્ધાંતોની

ઊંડી સમજ ધરાવતા આ વિવેચકની પાંચ દાયકાની યાત્રા વિવેચન ક્ષેત્રે સ્મરણીય બની રહે છે.

ઉમાશંકર જેવા માર્ગદર્શક અને ગોવર્ધનરામ જેવો અધ્યયન-સંશોધનનો વિષય પસંદ કરનાર રમણલાલ પાસે માર્ગદર્શકે ઘણું ઘણું વંચાવ્યું છે. ગોવર્ધનરામના ગ્રંથો તો હોય જ, પણ એ ઉપરાંત પણ આનુષંગિક ઘણાં પુસ્તકો- અંગ્રેજીનાં પણ, એવું કહેનાર ભોળાભાઈ પટેલે 'ગોવર્ધનરામ: એક અધ્યયન'ના મહાનિબંધ સંદર્ભે રમણલાલ જોશી વિશે નોંધ્યું છે: 'આ મહાનિબંધમાં ગોવર્ધનરામના સમગ્ર સાહિત્યનું મૂલ્યાંકન કરતાં ગોવર્ધનરામ વિષે, ત્યાં સુધીમાં (લગભગ ૧૯૬૦ સુધી) લખાયેલા મહત્ત્વના વિવેચનમાંથી પણ સંશોધકને પસાર થવાનું બન્યું છે તેમના એ મહાનિબંધમાંથી એ પ્રતિફલિત થાય છે. લગભગ બધા વિદ્વાનોના અભિપ્રાયો ટાંકી, એની પણ ચિકિત્સાપૂર્વક મૂલવણી કરતા જઈ સંશોધક રમણલાલ પોતાના અભિપ્રાયો સ્થિર કર્યાં છે. 'ગોવર્ધનરામ: એક અધ્યયન' નામે ૧૯૬૩માં પ્રગટ થયેલા એ મહાનિબંધની અવતરણબહુલતા એની મર્યાદા નહીં, પણ એની એક વિશેષતા છે.'[૩]

નગીનદાસ પારેખે લખ્યું છે કે 'આપણે ત્યાં પીએચ.ડી.ની પદવી માટે કોઈ એક સાહિત્યકારને વિષય કરીને લખાયેલા મહાનિબંધોમાં આ ગ્રંથ એના ઊંચા ધોરણને કારણે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરશે.' તો વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એને 'નમૂનેદાર ગ્રંથ' કહ્યો છે. તો 'તીખા વિવેચક, મીઠા માણસ: રમણલાલ જોશી' તરીકે સંબોધતા તુષાર ભટ્ટે કહ્યું છે, 'વિવેચકોમાંય રમણલાલ જોશી સૌથી કડક આલોચક મનાયા છે. આ કારણે કેટલાક લેખકોને એમની જોડે ફાવતું ન હતું, જ્યારે બીજે છેડે વાચકોને રમણલાલની વાતમાં ઘણો દમ લાગે.' એવું કહીને તેમણે રમણલાલ જોશીની બન્ને બાજુઓને પારદર્શી રીતે સ્પષ્ટ કરી છે. રમણલાલ જોશીનું વ્યક્તિત્વ જ નિરાળું હતું, કોઈને ગમે કે ના ગમે, નિષ્કામ મનોવૃત્તિથી રમણલાલનો ઉદ્દેશ એક જ રહ્યો, ગુજરાતી સાહિત્યમાં વિવેચનનાં નવાં પરિમાણ સ્થાપવાનો. વિવેચન ક્ષેત્રે તેમણે ખૂબ ચીવટપૂર્વક કાર્ય કર્યું છે.

વિવેચક રમણલાલ જોશી માટે તુષાર ભટ્ટે લખ્યું છે; 'એમનું વિવેચન માત્ર કોણે લખ્યું છે તે પર આધારિત નથી, કેવું લખાયું છે તેના પર આધારિત છે. વિવેચકની કામગીરી માટે અનિવાર્ય એવી એક લાક્ષણિકતા રમણલાલ ધરાવે છે. સુરેશ દલાલની કોઈ છેલ્લામાં છેલ્લી રચના હોય કે ત્રણ દાયકા પહેલાંના કોઈ પુસ્તકની વાત હોય, આ વૃદ્ધ માણસ યુવાનને શરમાવે તેવી ચપળતાથી ખુરશીમાંથી ઊભા થાય અને એકાદ કબાટ ખોલી એ ચોપડી લાવે. વિવેચક ઉપરાંત રમણલાલ અવાચક પણ રહ્યાં' એ દ્વારા જાણી શકાય છે કે તેઓ ખરા અર્થમાં વિવેચક હતા, વિવેચનનો દષ્ટિકોણ તેના સ્વભાવવામાં હતો અને તેથી જ તેઓ ખૂબ પારદર્શી રીતે સ્પષ્ટ રીતે અને સચોટ રીતે વિવેચક તરીકેના કાર્યમાં પાર ઉતર્યા છે. નિર્ભિક રીતે અને સ્પષ્ટ શબ્દોમાં પોતાનું મંતવ્ય આપનાર રમણલાલ જોશીનું અવલોકનકાર તરીકેનું વ્યક્તિત્વ તાદશ થાય છે. 'મુખ્યત્વે જોશી સાહેબ વિવેચક' એવું કહેનાર સુમન શાહ રમણલાલ જોશી વિશે નોંધે છે: 'કલાસર્જનનો માનવીય પુરુષાર્થ અકળ અને અપાર છે. વિવેચનાને એ દોડાવ્યા કરે, હંફાવ્યા કરે એના મૂલ્યાંકન માટે અઢળક વિદ્વતાય ઓછી પડે. પરંતુ, એનો સાર એ નથી કે સર્જન સામે વિવેચને હાથ જોડી બેસી રહેવું. જે કંઈ વિદ્વતા હોય તેની પ્રેકટીસ તો થવી જ જોઈએ. કેમકે વિવેચન ધર્મનો પ્રારંભ જ પ્રેકટીસથી થાય છે. જોશી સાહેબ વિવેચક ખરા પણ મુખ્યત્વે પ્રેકટીસન્ગિ ક્રિટિક વધારે.'[૪] વિવેચક તરીકેનો ધર્મ અને કર્મ વિશે બતાવતાં ખરેખર વિવેચક કેવા હોવા જોઈએ અને વિવેચન સાહિત્ય વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરતાં તેઓ કહે છે. 'વિવેચક તરીકે મધ્યસ્થી એવા દાયણ કર્મથી પણ શરું થઈ શકે છે. એ માટે પોતાના દેશકાળના સાહિત્યથી માહિતગાર રહેવું, સમગ્ર પરિદશ્યના નિરીક્ષક રહેવું, પ્રત્યેક વળ-કવળને ઉકેલવા મથવું, વૃત્તિ-વલણોને અવલોકવાં એ જાગૃતિ પણ એટલી જ આવકાર્ય છે. એ જાગૃતિ પછીનાં મૂલ્યાંકનો ભલે અન્તિમ ન હોય પણ જરૂરી હંમેશ હોય છે. જોશીસાહેબની વિવેચનામાં આ સ્વરૂપની ક્રિટિકલ પ્રેકિટસ છે.'

સુમન શાહના મતાનુસાર 'એમણે તર-તમ ભેદની પરવા નથી કરી. નાનામાં નાનાથી માંડીને રમેશ પારેખ જેવા સિદ્ધહસ્તો વિશે લખ્યું છે. સામ્પ્રતમાંના ઉપલબ્ધ પરિદશ્યને એમણે વિવેચકના સમભાવથી જોયું છે. તમને જુદા ને મને જુદો અર્થ બતાવાય એવી દુષ્ટતાનો આશ્રય કદી નહીં. રમણલાલ જોશી એટલે તાલાવેલીના માણસ. રમણલાલ જોશીની સહૃદયતા નાડપારખુ શક્તિ, સામાની શક્તિઓને ઓળખી લેવાની દષ્ટિ, ભરપૂર વત્સલભાવ વગેરે જેવા ગુણોએ તેમને વિવેચક તરીકે બિરદાવ્યા છે. વિવેચન ક્ષેત્રે તેઓએ પોતાની ઉજ્જવલ ગતિ જાળવી રાખી. 'ભારતીય નવલકથા' માં તેમના વ્યાપક રસ-રુચિ અને અભ્યાસ નિષ્ઠાનો ઉત્તમ પરિચય મળી રહે છે. સૂઝપૂર્વકનું સંપાદન કાર્ય કેવું હોઈ શકે તે તેમની 'ગ્રંથકારશ્રેણી' દર્શાવે છે તો 'શબ્દસેતુ', 'સમાન્તર', 'વિવેચનની પ્રક્રિયા' વગેરે તેમના અનેક વિવેચન સંગ્રહોમાં તેમના પૂર્વ-પશ્ચિમના ઊંડા અભ્યાસથી પરિષ્કૃત થયેલી રુચિનો સ્વસ્થ સમતોલ અને તુલનાત્મક દષ્ટિનો અનુભવ થઈ રહે છે. તેમણે ગુજરાતના સાક્ષરો વિશે પણ સઘન-સર્વગ્રાહી નોંધવાળા વિશિષ્ટ ચરિત્રો આપ્યાં છે. 'વિવેચનની પ્રક્રિયા' ને સાહિત્ય અકાદમી, દિલ્હીનું મળેલું પારિતોષિક તેમની વિવેચક તરીકેની શક્તિઓનો રાષ્ટ્રીય સ્તરે થયેલો સ્વીકાર સૂચવે છે. તેમના લખાણોમાં કશું ઉભડક નથી. થોડા મહત્ત્વના મુદ્દાઓ વડે તેઓ આખા પરિસરને ખોલી આપે છે.' પ્રવીણ દરજીને 'તમનામાં એક તરફ તેમને પ્રિય ઉમાશંકર કહે છે તેવા, 'યથાર્થ'નો અનુભવ થઈ રહે છે તો બીજી તરફ સુન્દરમ્‌માં મળતા 'કૌતુક'નો સ્પર્શ અનુભવાય છે.'[૫] અને ખરેખર સર્જનાત્મક ક્ષેત્રે ભલે તેઓ વધુ ન આપી શકયા હોય, પણ વિવેચનના ક્ષેત્રે એમણે પોતાની શક્તિઓનો ઘણો ઉત્કૃષ્ટ પરિચય કરાવ્યો છે. રમણલાલ જોશીનો સાહિત્યિક અભિગમ હંમેશા સકારાત્મક રહ્યો. તેઓએ કવિતાનું સર્જન નથી કર્યું પરંતુ પારદર્શી વિવેચકમાંય કવિજીવનું દર્શન ઘણીવાર થતાં જોવા મળે છે, એ તેમની વિશેષ સિદ્ધિ છે.

રમણલાલ જોશીએ સાહિત્ય વિવેચન, સંશોધન, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે  અનેક ઉપયોગી કાર્યો કર્યાં છે. તેમાં વળી વિવેચન ક્ષેત્રે ને તેમાંય સમકાલીન સાહિત્યના વિવેચનક્ષેત્રે એમની કામગીરી ખાસ ઉલ્લેખવી પડે એવી છે. એમની કલમનું સમર્થન અનેક ખીલતી સાહિત્યિક પ્રતિભાઓને મળતું રહેલું. એ રીતે એમનું જે પુરોહિત કાર્ય છે તે અનેક નવસર્જકો માટે પ્રોત્સાહનરૂપ નીવડેલું છે. ધીરૂભાઈ ઠાકરના શબ્દોમાં જોઈએ તો, 'તેઓ વિવેચનના તત્ત્વ અને તંત્ર ઉભયના અભ્યાસી અને કુશળ પ્રયોજક હતા. તેમનાં વિશદ્ અને સુંગ્રથિત લખાણોમાં તેમની વિદ્વતા દીપી ઊઠતી. તેમના મતાનુસાર વિવેચનની પ્રક્રિયા સમજાવતાં તેમાણે ભાયાણીની માફક ભારતીય સાહિત્યશાસ્ત્રનાં ધોરણો વિવેચનમાં અજમાવવાની હિમાયત કરી છે. અધ્યાપકીય વિવેચનની પરંપરામાં તેમનાં વિવેચનોને માનભર્યું સ્થાન મળી શકે તેમ છે. તે એમની સર્વોચ્ચ સિદ્ધિ છે. રસિક જાનીએ રમણલાલના વિવેચન વિશે તેમજ સાહિત્યિક જીવનની સિદ્ધિ વિશે કહ્યું છે; 'શ્રી રમણલાલ જોશીનું આલેખન કે વિવેચન સૌમ્ય છતાં અર્થપૂર્ણ રહ્યું છે. તેની અનુભૂતિ જીવનના તલસ્પર્શી તાગ અને સાહિત્ય તત્ત્વજ્ઞાન કે કલાતત્ત્વના જ્ઞાનમાંથી સાકાર પામે છે. "Sense is wrought out of experience the knowledge of human life and of the libesal arts." તેમના લેખનમાં અને સાહિત્યિક મૂલ્યાંકન કે રસદર્શનમાં તેમની વિશિષ્ટ મૃદુલ લાક્ષણિકતા સહજ રીતે આવિષ્કાર પામે છે. બોઝવેલનું ડૉ. જોન્સન વિષે આલેખાયેલ મંતવ્ય ડૉ. રમણલાલ જોશીને ખૂબ અનુરૂપ બને છે. ડૉ. જોન્સનની જેમ ડૉ. રમણલાલ જોશી તેમના વિશાળ વાંચન, મનન અને જીવનના ઊંડા અવગાહનને કારણે જ્ઞાનસમૃધ્ધ હતા. અને તેમના મનની સક્રિયતા (Promptitude of mind) અસ્ખલિત બની પ્રબળ શબ્દોમાં વહેતી રહી છે. પુનઃ પુનઃ કહેવાનું મન થાય છે કે આર.એલ.સ્ટેવનસનની જેમ ડૉ. રમણલાલ જોશીનું જીવન શબ્દમય હતું. He lived with words.'[૬]

રસિક જાનીના મતાનુસાર શ્રી રમણલાલ જોશી એક વિદ્વાન, પીઢ સાહિત્યકાર હતા, એક વિચક્ષણ વિવેચક હતા અને એમનું સાહિત્યસર્જન, વિશાળ વૈવિધ્યપૂર્ણ અને વિશિષ્ટ રૂપનું હતું. રમણલાલ જોશીની કલમે ભાષા દ્વારા તેમનું તાત્વિક વિચારદર્શન, સાહિત્યિક-વિવેચન વિશ્લેષણ ઈત્યાદિનું પરિવહન થતું રહ્યું અને સાહિત્યજગતને વિવેચનનું ભાથું મળતું રહ્યું. જેના લખાણો ખૂબ ઓછાં પ્રસિદ્ધ હતાં એવા લાભશંકર ઠાકરને રમણલાલ જેવા પ્રેરણાદાયી વિવેચકે આમંત્રણ આપીને સામેથી લેખો મંગાવ્યા. તેઓ જ્યારે પહેલી જ વાર મળવા ગયા ત્યારે 'એમણે સહજ પ્રેમાદરથી જે ઉમળકો વ્યક્ત કર્યો અને મારાં લખાણો વિશે આદર વ્યક્ત કર્યો એ ક્ષણે અપરિચયની ઔપચારિકતા સાવ ઓગળી ગઈ.'[૭] એવા લાભશંકર પુરોહિતે વિવેચક રમણલાલની વિશેષતા બતાવતા નોંધ્યું છે. 'બહુ ઓછા વિવેચકો બદલાતા જતા પ્રવાહોને પામી વા ઝીલી શકે છે. મોટેભાગે પોતાની લેખન કારકિર્દીને આરંભે જે સાહિત્યિક વલણોથી પોતાનું ચિત્તતંત્ર કે અક્ષરચેતના રસાયા હોય એને જ વશીભૂત રહીને યાવત્ જીવન વિવેચન વ્યાપાર ચાલતો રહેતો હોય છે. રમણભાઈ આમાં અપવાદ હતા. સેવાનિવૃત્તિ પછી પણ એમનો સાંપ્રત પ્રવાહો અને સર્જન પ્રવૃત્તિ સાથેનો અનુબંધ એટલો જ જીવંત અને સક્રિય રહ્યો એટલે સર્જકોની જૂની-નવી પેઢીની પ્રકાશિત થતી રહેલી સાહિત્ય કૃતિઓના પરીક્ષણ-સમીક્ષણમાં એની તાજપ, સ્વકીય અભિપ્રાય અને મૂલ્યદષ્ટિ વર્તાતી જ રહી છે. છેક ઓગણીસો એકાવન-બાવનમાં ગોવર્ધનરામ નિમિત્તે જે સ્વાધ્યાય અને વિવેચના આરંભાયા તે છેક જીવનના છેલ્લા શ્વાસ સુધી લગભગ સાડા પાંચ દાયકા સુધી વહેતાં રહ્યાં. રમણભાઈની શબ્દનિષ્ઠા અને સાહિત્યનિષ્ઠાની આપણને એમાં પ્રતીતિ થવાની.'[૮]

આમ રમણલાલ જોશીનું વિવેચન બદલાતા સાહિત્ય પ્રવાહથી સુપેરે પરિચિત છે અને તેથી જ ઘણાં સાહિત્યકારોએ તેને જાગૃત વિવેચક પણ કહ્યા છે. રમણલાલ જોશીનો

વિદ્યાવ્યાસંગ, બહુશ્રુતતા અભિપ્રાયોની અવિકલતા, અભિવ્યક્તિની તર્કબદ્ધતા અને સાહિત્યની ભિન્ન ભિન્ન વિદ્યાઓનું પરિશીલન: આ બધાં ને કારણે એમની વિવેચના અધિકૃત સ્વીકૃતિ અને સમાદરને પાત્ર રહેશે. પ્રવીણ ક. લહેરીના શબ્દોમાં વિવેચક રમણલાલ જોશી અંગેનું મંતવ્ય જોઈએ તો, 'છેલ્લા ૫૦ વર્ષમાં કોઈપણ નવી સાહિત્યિક કૃતિને ડૉ. રમણલાલ જોશીના વિવેચનનો લાભ મળે તો તે કૃતિનો રસાસ્વાદ અનેરો થઈ જાય છે. ડૉ. રમણલાલ જોશી એક સાક્ષર વિદ્વાન હોવાના નાતે સુંદર વિવેચન કરે તે સહજ ગણી શકાય. સામાન્ય રીતે વિવેચકોની ટીકા લેખક-કવિને નાસીપાસ કરે તેવું બનતું હોય છે. ડૉ. રમણલાલ જોશી ખૂબ તટસ્થતાપૂર્વક પરંતુ સહૃદયી વિવેચન કરતા હોવાથી તેમના વિવેચન દ્વારા લેખકો અને કવિઓને નવી ઊંચાઈ સર કરવાનું પ્રોત્સાહન મળે છે.'[૯] તેમના મત અનુસાર ડૉ. રમણલાલ જોશી દ્વારા ગુજરાતી ભાષાના શિરમોર સમાન સરસ્વતીચંદ્ર ગ્રંથનું જે વિવેચન કરવામાં આવ્યું છે તે ગુજરાતી સાહિત્યનો અમૂલ્ય વારસો બની રહ્યું છે. ખૂબ ઝીણવટભર્યો અભ્યાસ, વિશ્લેષણ, કુશળ દષ્ટિકોણ અને યોગ્ય શબ્દોના સથવારે ડૉ. રમણલાલ જોશીના વિવેચનના લેખો એક આભૂષણરૂપે ઝગમગી ઊઠે છે. ઘણાં બધા પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખનાર રમણલાલ જોશીનું વાચન કેટલું સમૃદ્ધ અને ગહન હતું એ એમની કૃતિનિષ્ઠ વિવેચના દ્વારા સ્પષ્ટ થાય છે. વિવેચકની અદા અને વિવેચન વચ્ચે તેઓ અંતર જુએ છે અને વાંક જોનારાં વિવેચનો નવોદિત સર્જકોની કમર ભાંગી નાખે એવા કિસ્સાઓ પણ બનતા હોય છે ત્યારે સર્જકમાત્રની પીઠ થાબડવાની તેમની વૃત્તિની નોંધ જરૂર લેવી ઘટે. સર્જનને વિવેચનથી ઉચ્ચ ગણતા તેમણે વિવેચનોમાં પણ સર્જનનો આનંદ સ્થાપ્યો છે. રમણલાલ જોશીએ ઘણા વિવેચનો, લેખો, ભાષણોરૂપે આપ્યાં છે તે પણ મધુરતમ્ છે. પરંતુ તેની મર્યાદા પણ છે કે આકાશવાણી વાર્તાલાપો કે સાહિત્યના કાર્યક્રમોનાં અધ્યક્ષીય પ્રવચનોને સમયની મર્યાદા નડતી હોય છે. વિવેચન એવી ભાષાપ્રવિધિ કે ભાષાપ્રવૃત્તિ છે કે એમાં વિવેચક નિરાંતે

વિચારે, વાંચે ને લખે તો જ જે તારણ નીકળે તેના પર વિચાર કરી શકાય. જો કે રમણલાલ જોશી પાસે સાહિત્યને નાણવાની વૈચારિક સમૃદ્ધિ, સિદ્ધાંતોનું જ્ઞાન, બૃહદ્ વાંચન, અધ્યયનની સામગ્રી છે કે સમયની પાબંદીમાં એમનો શબ્દ આવતો જ નથી. રમણલાલ જોશીની 'અક્ષરની આબોહવા' જોતાં વાડાબંધી વગરનો વિવેચક ધર્મ તાદ્દશ થાય છે. હસુ યાજ્ઞિકના શબ્દોમાં વિવેચક રમણલાલ જોશીની વિશેષતા.-

'વળી વિવેચક તરીકેનું મુખ્ય વલણ ગુણદર્શનનું અને પ્રોત્સાહિત કરવાનું ! સ્તંભકાર વિવેચક રમણલાલ જોશીથી જ સાહિત્યની સાચી ગુણગ્રાહી તંદુરસ્ત આબોહવા રચાઈ કોઈ કૃતિ વિશે કે પ્રવાહ પ્રસંગ વિશે લખ્યું હોય તો તે એ લખાણની ઝેરોક્ષ પણ ચીવટથી મોકલે. કેટલા વિવેચકોમાં આટલાં તાટસ્થ્ય, પ્રેમ ને ગુણદર્શક પ્રોત્સાહક વૃત્તિ હશે!'[૧૦] રમણલાલ જોશી માટે સુરેશ દલાલના શબ્દો છે.-

'એમના લખાણમાં એક પ્રકારની ગુણગ્રાહિતાનું દર્શન થાય જે સારું છે એ સાચવી રાખવામાં માનતા. પોતે વિવેચક છે એ નાતે કોઈની ઝાટકણી કાઢવી એમાં એમને રસ નહોતો. પોતે શું જાણ છે એનું પ્રદર્શન કરવાનો પણ એમને મોહ નહોતો. એક દષ્ટિએ જોવા જઈએ તો એ બહુ નસીબદાર માણસ હતા. ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા સર્જક ઉપર એમણે મહાનિબંધ લખ્યો. ગોવર્ધનરામનું સેવજ ન જીવન માટે પૂરતું છે.'[૧૧]

આમ વિવેચક રમણલાલના શબ્દકર્મમાંથી એમનું સાહિત્યિક વ્યક્તિત્વ સારી રીતે પ્રગટ થયું છે. એમાંય વિવેચક તરીકેનું એમનું પાસું વિશેષભાવે ઉપસી આવ્યું છે. 'વિવેચનની પ્રક્રિયા'ને ૧૯૮૪માં દિલ્હી સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે તેમજ તેમના વિવેચન કાર્યની વ્યાપક સ્તરે નોંધ લેવાઈ છે, વિવેચન સાહિત્યમાં રમણલાલ જોશીનું આ યોગદાન ઘણી મોટી સિદ્ધિ છે. રમણલાલ જોશી ભાવકોના અગ્રેસર રહ્યા છે. ભાવકનું ભાવન અને સિદ્ધાંતો દ્વારા પ્રતિપાદિત થતાં સત્વ-તત્વ વચ્ચે જમીન આસમાનનો ફરક છે.

ભાવકરૂપે કૃતિનું ભાવન આનંદોત્પાદક વિશેષ હોય છે. વિવેચન માટે અનુભાવન-અનુસરણન, વારંવાર અભ્યાસ કરવાનો હોય છે. ભાવન પણ બીજા અર્થમાં વિવેચન જ કેમ કે ભાવનાથી થતો આનંદ સિદ્ધાંતોની ચાળણીમાંથી ચળાઈને જ આવતો હોય છે. વિવેચક ભાવકોનો અગ્રેસર છે એવું તેવો યથાર્થ જ કહે છે. ગોવર્ધનરામના વિષય વૈવિધ્યને સૂક્ષ્મ દૃષ્ટિને જોતા રમણલાલ જોશીએ તેમની એક એક બાબતો પર ધ્યાન દોર્યું છે અને આટલા વિશાળ વિષય વૈવિધ્યમાં તેમનું વૈરાગ્ય અને સાહિત્ય સાધનાની અગ્રિમતાને શોધી કાઢી છે. તેમનાં સંસારજીવન વિશેની સતર્કતા વિશે લખતા રમણલાલ જોશીએ તેમની 'જીવન જંજાલ તરફની અરુચિ' ને પણ વ્યક્ત કરી છે. જેમાં એક પારદર્શી અને સ્પષ્ટ વિવેચકના લક્ષણો દૃષ્ટિગોચર થાય છે. તો કેટલીકવાર 'કુટુંબ સંસ્થા' જેવો શબ્દ ઔપચારિકતા બતાવતો હોય તેવું પણ લાગે છે.

ગદ્ય કવિનાં નિકષં વદન્તિ- ગદ્ય તો કવિઓ માટે પણ કસોટીરૂપ કહેવાય. એવું કહેનાર રમણલાલ જોશી ગદ્ય અને પદ્યની રચના અને ભાવના વિશેની સ્પષ્ટતા કરે છે. તેઓના મત પ્રમાણે આપણે ગદ્ય અને પદ્યમાં ભાષાને વહેંચી નાખતા હોય છે. વિચાર સંક્રાન્તિના માધ્યમ તરીકે ભાષાનો વિવિધ રીતે ઉપયોગ કરીએ છીએ પણ બધી વખત એમાં કોઈ અપૂર્વતા, કોઈ રમણીયતા, કોઈ બૌદ્ધિક વ્યવસ્થા, નિરૂપણની નવીનતા, સપ્રમાણતા કે સંવાદિતા આવતાં હોતા નથી. શબ્દો બોલાય છે, લખાય છે, પોતાની વાત બીજાને પહોંચાડવાનો મર્યાદિત ઉદ્દેશ સિદ્ધ થાય છે, પણ એની કોઈ કાયમી અસર થતી નથી. 'ગદ્ય એ તો સાહિત્યનો ઈલાકો છે, કવિતા વાંચવાથી આપણને જે આનંદ મળે તે ગદ્યમાં પણ મળી શકે, પછી કવિતા ભલે ને ગદ્યમાં લખાઈ હોય. મહત્ત્વની વસ્તુ તો 'કાવ્ય તત્ત્વ' છે. આ કાવ્યતત્ત્વને સાહિત્યમાં જોનાર વિવેચક ગદ્ય અને પદ્યનાં સાહિત્ય સ્વરૂપ કરતાં તેમાં રહેલા કાવ્યતત્ત્વને મહત્ત્વ આપીને એક વિવેચકમાં છૂપાયેલા સર્જકના આપણને દર્શન કરાવે છે.

મનસુખલાલ ઝવેરીને એના જમાનાના એમની પેઢીના વિવેચકોમાં એક શક્તિશાળી વિવેચક તરીકે નિર્દેશ્યા છે. તો તેમના માટે 'આખાબોલા' શબ્દ વાપરીને કડક વિવેચક તરીકે સંબોધ્યા છે તો 'શ્રી સુન્દરમ્' સ્નેહ અને સૌહાર્દનું કાવ્ય'માં લેખકે કવિતાપ્રવૃત્તિને એક આધ્યાત્મિક પ્રવૃત્તિ કહી છે. પરંતુ અધ્યાત્મની કવિતા તો જુદી જ ચીજ છે. સુન્દરમ્‌ની કવિતા તેમની ધાર્મિક ભાવના અને આધ્યાત્મિકતા સંદર્ભે અવલોકનકાર જ્યારે વાત કરે છે, ત્યારે સુન્દરમ્ પ્રત્યેના પોતાના મૈત્રીભાવનો પક્ષપાત રહ્યો હોય એવું દેખાય છે. તો નવાઈ નહી. અવલોકનકાર રમણલાલ જોશીની ભાષામાં સ્પષ્ટતા અને પારદર્શીપણું સ્પષ્ટ દેખાય છે, પછી તે ઉમાશંકર જોશીની કે સુંદરમ્‌ની યશગાથા ગાતા હોય કે કોઈ સર્જક કે વિવેચકની મર્યાદા આલેખતા હોય, જેમકે 'શ્રી ચાવડા રમણીય શૈલીના ગદ્યકાર છે. મોં ભાંગી જાય એવી મીઠાઈ જેવી એમની શબ્દાવલી ક્યારેક અરુચિકર પણ નીવડે છે. ઉપરાઉપરી આવતા કલ્પનાચિત્રો પર ગૂંચવાય છે. ત્યારે એનું સાતત્ય ખંડિત થાય છે. ભાવના કે સુંદરતાની કક્ષા ઉપર એકધારા ટકી રહેવું આ શૈલી માટે મુશ્કેલ બને છે. અને ઓસરી પડે છે. શબ્દોના ખખડાટમાં અને વાગ્મિતામાં!' આમ કોઈપણ સર્જકના સર્જનમાં દેખાતી ક્ષતિઓને પણ તેમણે પોતાની સ્પષ્ટ અને સુંવાળી ભાષામાં નિરૂપી છે. પુસ્તકોની ખરીદીમાં પુસ્તકો પ્રત્યેનો તેમનો લગાવ જોવા મળે છે. તેઓ જણાવે છે કે 'પુસ્તકોની ખરીદીમાં આપણે જોઈએ તેટલા જાગૃત નથી. જેમાં તેઓએ ગ્રંથપાલને કેટલીક ભલામણ કરી છે. તેમજ વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. ગ્રંથપાલે પોતાની પસંદગીના જ લેખકના પુસ્તકો નહીં રાખતા તમામ વિષય અને લેખકોના પુસ્તકો રાખવા જોઈએ.' તેવું કહીને પુસ્તકો પ્રત્યેનો પ્રેમ-અહોભાવ બતાવ્યો છે. એટલું જ નહી પુસ્તકોના વિષય બાબતે પણ તેમણે વિશાળતા સેવી છે, તેમજ દરેક ભાવકજગતને ધ્યાનમાં રાખીને પુસ્તકોનો સંગ્રહ કરવાની વાત કરી છે. જે રમણલાલ જોશીના હૃદયની-વિવેચક ભાવકની વિશાળતા દર્શાવે છે. ખરેખર સર્જન-

ભાવન વિશે પણ ચિંતિત કે સતર્ક રહેનાર વિવેચક જ સર્જકને સાચું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર હોય છે. વિવેચકને તટસ્થતાને ત્રાજવે તોલનાર રમણલાલ જોશીને પોતાના અવલોકનમાં વિવેચકનું વિવેચન કરતી વખતે જે વિદ્વત્તા દાખવી છે, તે ખરેખર વિદ્વાન વિવેચકની ઉત્કૃષ્ટ સિદ્ધિ છે. જેમકે 'ધૃતિયુક્ત ઠરેલ વિવેચન' લેખમાં તેઓ તેમના વિવેચન વિશે જણાવે છે કે, 'શ્રી બેટાઈની વિવેચનશૈલી પૂર્વપક્ષ- ઉત્તરપક્ષમાં રાચતી નથી. આત્યંતિકતાનો ક્યારેય પણ પુરસ્કાર કરતી નથી. કૃતિઓના ઝીણવટભર્યા પૃથ્થકરણમાં એને ઝાઝો રસ નથી. એ તો બન્ને બાજુના અભિપ્રાયો કે વલણોનો બરોબર તોલ કરે અને સંયમિત વાણીમાં પોતાનો મત દર્શાવવાનું પસંદ કરે. સામાન્ય રીતે એમાં અત્યુત્સાહ કે આવેગ પ્રવેશતો નથી.' એક અચ્છા વિવેચકને સૂઝે એવાં અને એટલાં પરિણામોના સંદર્ભમાં વિચાર, કૃતિ કે કર્તા વિશે રમણલાલ જોશીએ પોતાના વિવેચન લેખોમાં વસ્તુથી માંડીને વ્યાકરણ લગીના સ્તરોએ ગુણદર્શન અને દોષદર્શન કર્યું કરાવ્યું છે, એમને કોઈપણ અંતિમ નિર્ણય આપવાના અભરખા નથી, એ એક આદર્શ અધ્યાપકના ગૌરવને છાજે એવા નિઃસ્પૃહી અને તટસ્થ છે. વિવેચકો વિશે વિવેચન કરતા રમણલાલ જોશીએ ઘણાં લેખોના અંતે તેમણે તે હજૂય ખૂબ સારું લખે, કે પ્રભુ તેમને વિવેચન લેખો ગ્રંથસ્થ કરે એવી સદ્બુદ્ધિ આપે એવી ભગવાનને પ્રાર્થના કરે છે. એ વાંચતા એવું લાગે છે કે લેખકને ખાસ કરીને વિવેચન સાહિત્યની વિશાળતા વધારવામાં તેમજ ગુણવત્તા વધારવામાં ખૂબ રસ છે. તેમજ સાહિત્ય જગતમાં વિવેચનની સૈદ્ધાંતિકતાનો ભંગ ન થાય અને ઉત્તમ પ્રકારનું વિવેચન વિવેચકો દ્વારા થાય એ બાબતની તેમની સતર્કતા વિવેચકોમાં રમણલાલ જોશીને આગવું સ્થાન અપાવનારી છે. તેઓ જ્યારે કૃતિ ચર્ચા કરતાં હોય, કર્તા વિશે કશુંક કહેતા હોય કે પછી સૈદ્ધાંતિક વિચાર-વિમર્શ કરતા હોય પરંતુ ક્યારેય પણ તેઓ કેવળ ઉપરછલ્લી પરિચયાત્મક ભૂમિકાએથી વાત કરીને અટકી જતા નથી, પરંતુ વિવેચ્ય મુદ્દામાં ઊંડા ઉતરીને એની તલસ્પર્શીને તર્કપૂત

સમાલોચના કરે છે, ઉભડક પણે કશું જ કહેવાને બદલે ઉચિત અભિપ્રાયો કે પર્યાપ્ત પ્રમાણ સાથે જ વાતો કરવાનું તેઓ પસંદ કરે છે. વળી, રમણલાલ જોશી હંમેશા પુરોગામી વિવેચનાને યથાતથ સ્વીકારીને સંતોષ માનવાને બદલે કેટલીકવાર જુદા જ દૃષ્ટિબિંદુથી વિચારે છે અને જુદા ફંટાઈને પોતાનો આગવો અલાયદો મત પણ અવશ્ય રજૂ કરે છે. અલબત પુરોગામીઓથી જુદા પડતી વખતે એમની રજૂઆતમાં ક્યાંય ભાષાનો અનાદર થયેલો નથી દેખાતો. પરંતુ યોગ્ય રજૂઆત દ્વારા સ્પષ્ટ શબ્દોમાં મર્યાદાઓ ચોકકસ બતાવી છે, અને એ જ ખરેખર વિવેચક ધર્મ છે જે તેઓ નિભાવી શક્યા છે. જેમકે 'ગુજરાતની અસ્મિતા'ના સોહામણ પ્રકાશનની સરાહના કરી; તેઓ એ ગ્રંથના વિવિધ વિભાગોમાં વિગતદોષ દર્શાવે છે અને સાહિત્યવિભાગ સંદર્ભે સ્પષ્ટપણે કહે છે કે, 'સાહિત્યકારો વિશષની માહિતી લેખકે 'જ્યોતિર્ધરો' અને 'આપણા શબ્દશિલ્પીઓ' એ મથાળા હેઠળ આપી છે પણ આ બે વચ્ચે તેમણે ખાસ વિવેક કર્યો નથી. 'જ્યોતિર્ધરો' માં સમકાલીન સાહિત્યના કેટલાક લેખકો તેમણે લીધા છે. એ જરા વિચિત્ર લાગે છે. આદિલ મન્સુરી, વિનોદ ભટ્ટ એ બધા જ્યોતિર્ધરો? જે લેખકો લીધા છે એમના પરિચયો પણ ઘણા પાંખા છે.'[૧૨] 'ઉમાશંકરની ચેતનાનું સતત સંસ્કરણ થતું રહ્યું છે.' એટલે શું ? એમના એકપણ વિવેચન સંગ્રહનું નામ આપ્યું નથી. જ્ઞાનપીઠ પુરસ્કાર 'નિશીથ' સંગ્રહ માટે મળ્યો હતો અને તેમણે ગંગોત્રી ટ્રસ્ટ રચી દેશ પરદેશની કવિતાઓનો અનુવાદનું કાર્ય શરું કરાવેલ તેનો ઉલ્લેખ નથી... દર્શકની એકપણ નવલકથાનો ઉલ્લેખ નથી. 'સોક્રેટીસ' અને 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નો ઉલ્લેખ ન કરવો જોઈએ? લેખકની મુશ્કેલી એ છે કે પ્રત્યેક સાહિત્ય સર્જકના પરિચયમાં કઈ કઈ વિગતો આપવી છે તેની નિશ્ચિત પેટર્ન તેમણે તૈયાર કરી નથી, જેથી આડેધડ જે લેખક વિશે જે સૂઝયું તે ટપકાવી લીધું છે.'[૧૩] અહીં વિવેચકના સાહિત્ય પ્રતિ ઊંડા જ્ઞાન અને વિદ્વતાનાં દર્શન થાય છે. પદ્ધતિસરનું કાર્ય કરનાર અને સર્જકની નાની

નાની બાબતો વિશષ નોંધ લેનાર રમણલાલ જોશીનું વિવેચન કાર્ય સર્જકો અને વિવેચકોમાં પ્રેરણાનો સ્રોત છે.

'ગોવર્ધનરામ: એક અધ્યયન' એ મહાનિબંધમાં રમણલાલ જોશીની અભ્યાસ નિષ્ઠા અને સૂઝ ઠેકઠેકાણે દેખાય છે. સંશોધકે ગોવર્ધનરામના મૂલ્યાંકનમાં ઉપકારક નીવડે તેવા 'રાસ્તગોફતાર તથા સત્યપ્રકાશ', 'પ્રજાબંધુ', 'ગુજરાતી', 'આર્યપ્રકાશ', 'વસંત', 'સમાલોચક', 'ઈષ્ટ એન્ડ વેસ્ટ' તથા 'લંડન ટાઈમ્સ' જેવાં સામયિકોના તત્કાલીન અંકોમાંથી પ્રકીર્ણ કૃતિઓનું ઉદ્ધારણ કર્યું છે, તેમજ તે વખતના પ્રત્યાઘાતો સવિવેક રજૂ કર્યાં છે ને ચર્ચ્યા છે. 'શ્રીયુત ગોવર્ધનરામ' ઉપરાંત 'માધવરામ સ્મારિકા', 'સ્નેહમુદ્રા' પરની શ્રી જ.મો.દેસાઈની 'નોટસ', 'નણંદ કે બહેન?', 'સતી ચુની' ને 'સ્મરણાંજલિ' જેવી દટાયેલીને તેથી દુષ્પ્રાપ્ય બનેલી કૃતિઓનોય ઉપયોગ કર્યો છે. આજ સુધી દટાઈ રહેલી 'કુસુમમાળા' પરની ગોવર્ધનરામની હાસિયામાંની અંગત નોંધો નિબંધલેખક તેમના નિબંધમાં અશેષ રૂપે પ્રગટ કરી છે ને તેનો અનુવાદ પણ આપ્યો છે. આ મહાનિબંધની સમીક્ષા કરનાર ઉપેન્દ્ર પંડ્યાએ નોંધ્યું કે, 'વ્યવહારજીવનમાં સંન્યાસની ભાવનાને પ્રબોધતો, ગોવર્ધનરામની ઘણી નાની વયે અંગ્રેજીમાં લખાયેલો સમર્થ નિબંધ "S Rude outline of the General Features of "Practical Asceticism' in my sense of the word'

ઘણો જાણીતો હોવા છતાં તે મૂળરૂપે કે અનુવાદરૂપે અનુપલભ્ય હોવાથી નિબંધલેખક શ્રી જોશીએ એનો વિસ્તૃત સાર ગુજરાતીમાં આપ્યો છે તે પણ આ ગ્રંથનું આકર્ષક અંગ છે.' સમગ્ર નિબંધમાં લોકકલ્યાણની યશોગાથા ગવાઈ છે. ગુજરાતી સાહિત્યમાં સદ્‌ભાગ્યે જે થોડાક લેખકો આપણા અધ્યયનનો વિષય વારંવાર બન્યા છે, તેમાંયે કદાચ ગોવર્ધનરામની સર્વોપરિતા છે. ગોવર્ધનરામ અને તેમની કૃતિઓને લક્ષ્ય કરીને આપણે ત્યાં જે કેટલું ઉત્તમ વિવેચન થયું તે ગુજરાતી વિવેચન સાહિત્યની ઉત્તમ સિદ્ધિરૂપ છે જેના ભાગીદાર રમણલાલ

જોશી છે. તેઓએ આંજી નાંખવાની કે ઉશ્કેરી મૂકવાની કશી પ્રગલ્ભ વૃત્તિ રાખ્યા વિના ગોવર્ધનરામના સહૃદય ભોકતાને તેથી જ સાચા ભાવકની સજાગવૃત્તિથી, સંયમથી, સ્વસ્થતાથી તેમાણે ગોવર્ધનરામજી સર્જનચિંતનલીલા નિહાળી છે. એમ કરતાં ગોવર્ધનરામ વિશેની કેટલીક ચર્ચાઓ હજી ઉભડક હોવાથી એમને ઈષ્ટ લાગ્યું ત્યાં કેટલાક મુદ્દાઓનું પુનરીક્ષણ-પરીક્ષણ કર્યું છે. પણ એમનો આ પ્રયત્ન કેટલીકવાર અવતરણોના પડ વચ્ચે વાસારગ્રાહી રીતિને લીધે દબાઈ કે ઢંકાઈ જઈ પાતળો પડી જતો હોય એવો આભાસ થાય છે. રમણલાલ જોશીએ ગોવર્ધનરામની જીવનકથા આલેખવામાં નિબંધનો ઘણો મોટો ભાગ રાકયો છે. ઉપેન્દ્ર પંડ્યાએ આ ગ્રંથની સમીક્ષા કરતા નોંધ્યું છે: ‘ગોવર્ધનરામનો માનસપ્રદેશ ધીરે ધીરે જેમ ખૂલતો આવે તેમ તેમ એની નીપજરૂપે તે તે સમયે રચાયેલી કૃતિઓની સમીક્ષા થતી રહે એ સ્વાભાવિક ઉપક્રમ છે. આ પદ્ધતિ અંગીકારવામાં કશું ખોટું નથી; પણ એ પ્રયત્નનું પરિણામ એટલું તૃપ્તિકર લાગતું નથી. એ કરતાં નિબંધકારે ગોવર્ધનરામની જીવનકથામાંથી જે ઘટનાઓ મનોવલણો કે વ્યવ્હરણો કૃતિના વિવેચનમાં અનિવાર્ય કે ઉપકારક લાગે તેનો તે તે સ્થળે આધાર લીધો હોત અથવા પાદટીપ પાસેથી આ કામ કઢાવ્યું હોત તો જીવનકથા, વિવેચનથી કંઈક અળગી અને આછી પડી જતી લાગે છે તે ન લાગત.’ નવલરામના ગોવર્ધનરામ વિશેના શબ્દો અહીં નોંધવા જેવા છે. ‘કથાનો સાર આપવાથી ગ્રંથનો ગુણ જણાતો નથી. એમ નથી, પણ કથાપ્રપંચ દરેક વાંચનાર સમજી શકે એવી વસ્તુ હોય છે અને એનું અમૃત ચખાડવું એ પરીક્ષકનું કામ નથી. એ કામમાં ઘણું લંબાણ થાય છે ત્યારે પરીક્ષા કંઈક ઢીલી પડી જાય છે.’ આમ કહીને નિબંધમાં વિસ્તારપૂર્વકના લેખન પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને વિવેચનામાં રહેલી સામાન્ય ક્ષતિ તરફ ધ્યાન દોર્યું છે. ‘આધુનિક વિવેચન’ વિશે તેઓ જણાવે છે કે ‘આધુનિક વિવેચનની વિશિષ્ટતા જૂનાં ઓજારોને પણ નવી રીતે પ્રયોજવામાં રહેલી છે. શૈલીવિજ્ઞાનનો મહિમા સ્થપાતા કૃતિના ભાષાકર્મને

ભાષાશાસ્ત્રીય સજ્જતાપૂર્વક જોવાનું વલણ બળવત્તર બને છે. 'વિવેચનની પ્રક્રિયા' માં આધુનિક વિવેચનની મર્યાદા બતાવતા તેઓ સ્પષ્ટ કરે છે.

- સામાજિક કે અંગત સંબંધોનું મૂલ્યાંકન પર આરોપણ.
- વિવેચનકાર પાસે નિશ્ચિત પરિપ્રેક્ષ્યનો અભાવ 'કલ્પન', 'પ્રતીક', 'લય', 'સંદર્ભ', 'ભાલ્વજગત', 'અભિગમ', આદિ શબ્દોનો ધૂંધળો ઉપયોગ.
- અંગ્રેજી શબ્દોનો વિપુલ ઉપયોગ.
- સૈદ્ધાંતિક ભૂમિકાની સંદિગ્ધતા.

ઉપરોક્ત બાબતો વિવેચનની સ્પષ્ટતા, સ્વચ્છતા અને સચોટતાના આગ્રહી રમણલાલ જોશી વિવેચક પાસેથી ઘણી ઊંચી અપેક્ષા રાખે છે, સચોટતાનો આગ્રહ રાખે છે. એટલે જ તો 'પરિવેશ' વિવેચન સંગ્રહની સફર કરનાર વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી ડૉ. રમણલાલ જોશી માટે કહે છે: 'ડૉ. રમણલાલ જોશી આ જમાનાના પ્રથમ કક્ષાના વિવેચક છે. એમની સફળતાનું રહસ્ય જ્ઞાનસમૃદ્ધિ, જીવનદૃષ્ટિ, ઉદ્યોગ અને સાવધાનીમાંજ નથી; એમની ઊંડી અને શુદ્ધ સંવેદનક્ષમતામાં છે. સાહિત્યપદાર્થ જ તત્ત્વત: ભાવમૂલક અને કલ્પનામૂલક છે. વિવેચક ઉત્તમોત્તમ કવિ કે વાર્તાકારના લોકોત્તર કલ્પના કે સંવેદનને પ્રશંસનીય શક્તિ ડૉ. રમણલાલ જોશીમાં છે. એમણે સાહિત્યપરામર્શનું અભિનંદનીય કાર્ય કર્યું છે.' વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના શબ્દોમાં વિવેચક તરીકે રમણલાલ જોશીનું જે પ્રતિબિંબ ઝીલાયું છે તે યથાર્થ છે.

'સમાજનો બીજો કોઈ વર્ગ ન કરી શકે એ કામ સર્જક કરી શકે છે.'[૧૪] વિવેચક રમણલાલ જોશીના આ શબ્દોએ સર્જકની પીઠ માત્ર થાબડી છે એવું નથી પરંતુ ખરેખર સર્જકની કદર કરી છે એટલું જ નહી પરંતુ તેની પ્રતિષ્ઠા વધારીને સાહિત્ય જગતમાં વિવેચનનું માન અને સર્જનનું સન્માન કર્યું છે. ખરેખર સર્જનકલા અને વિવેચનશાસ્ત્ર એ

પરસ્પર મૈત્રીસંબંધથી ગૂંથાયેલાં છે. કવિ ઉમાશંકર જોશી જેવી વ્યક્તિમતાના એક અંતેવાસી તેમની વિવેચક પ્રતિભા અને શૈલીના આગવા સંદર્ભમાં બરાબર ખીલ્યા છે. અત્યાર સુધીમાં રમણલાલ જોશીના જે કંઈ વિવેચન ગ્રંથો છે. તેમાં ‘વિવેચનની પ્રક્રિયા’ એ શ્રેષ્ઠ વિવેચનગ્રંથ કહી શકાય. એમના સમગ્ર વિવેચન પુરુષાર્થને આ લેખ એક આગવા પરિપ્રેક્ષ્યમાં મૂકી શકે છે. ગુજરાતી સાહિત્ય સાથેનો રમણલાલ જોશીનો ઘરોબો એ ગુજરાતી વિવેચન સમૃદ્ધિનો પાયો છે. તેઓ પ્રવર્તમાન સાહિત્યની આવશ્યક સમીક્ષાઓ આપતા રહીને સમકાલીન ઉપરાંત આધુનિક સાહિત્ય સાથેની પોતાની એક વિવેચક તરીકેની નિસબત પણ સતત વ્યક્ત કરતા રહ્યા છે. ‘અક્ષરની આબોહવા’ તેમજ ‘શબ્દલોકના યાત્રીઓ’ માની તેમની વિવેચન ચર્ચા આની સાક્ષી પૂરે છે. સરજાતા સાહિત્ય સાથે પરંપરાગત પદ્ધતિના ક્યા વિવેચકને સંબંધ હોય? આવા પ્રશ્નોનો જવાબ તો એકમાત્ર રમણલાલ જોશીના નામથી જ આપી શકાય. તેમના વિવેચનમાં સ્પષ્ટતા, સહૃદયતા, રસિકતા, સાહિત્યપ્રીતિ તેમજ સમગ્ર પરિવેશની જાણકારી તેમની એક બૃહદ સંદર્ભ સાહિત્ય પદાર્થનું મૂલ્યાંકન કરવાની શક્તિના દર્શન કરાવે છે તો ક્યારેક તેના ગદ્યમાં વાક્યો રચાતા નથી. પરિચ્છેદો રચાય છે. આવી ધોધમાર પ્રવાહિતા અને વિશદ્તા આપણું ધ્યાન ખેંચે છે તો ક્યારેક તેમના ગદ્યમાં સમાર્જનનો અભાવ વર્તાય છે. વિવેચન ક્ષેત્રે તેમણે ભારતીય ભાષાઓની તથા વિદેશી સાહિત્યની કૃતિઓને પણ એમણે આવકારી છે. તેઓએ વિવેચનની એકનિષ્ઠ ઉપાસની કરી છે અને વિવેચનપ્રવૃત્તિ સાથે સતત કામ પડ્યું છે, પરંતુ એ પણ ખરું કે, એમની પાસેથી સાહિત્યની તત્ત્વચર્ચા કરતા સૈદ્ધાંતિક લેખો પ્રમાણમાં બહુજ ઓછા જોવા મળે છે, મહદઅંશે તો સાહિત્યિક કે શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે અપાયેલા વ્યાખ્યાનો, આકાશવાણીના વાર્તાલાપો, પુસ્તકોની પ્રસ્તાવનાઓ તેમજ પ્રવાહદર્શનના અને અવલોકનના લેખો વિશેષ માત્રામાં મળે છે. વિવેચક રમણલાલ જોશી વિવેચનના શાસ્ત્રથી પણ સુપરિચિત છે અને એટલે પ્રસંગોપાત

તેઓ વિવેચનના તત્ત્વ અને તંત્ર વિશેના પોતાના વિચારો પણ પ્રગટ કરતા રહ્યા છે. વિવેચન અને વિવેચક વિશેનો એમનો ખ્યાલ સ્પષ્ટ કરતાં રમણલાલ એક મુલાકાતમાં જાણાવે છે કે, 'સાહિત્યાચાર્યો કવિતાને અવ્યાખ્યેય ગણે છે. પણ હું તો માનું છું કે કવિતા એ જેમાં કવિની સર્જકની હાજરી વરતાય એક જ રીતે હું કહેવાનું પસંદ કરું કે વિવેચન એ કે જેમાં વિવેચકની હાજરી વરતાય. જુદી જુદી કલાગત અવસ્થિતિઓના પ્રતિભાવો આપતી વિવેચકશક્તિ દ્વારા વિવેચકનો મિજાજ, એની પ્રસન્નતા, એનો ખોફ એના છણકા, એની નારાજી- નાપસંદગી, વિરૂપતા પ્રત્યેની ચીડ એ એક મુખ્ય આસ્વાદ્ય વસ્તુ છે.'

રમણલાલ જોશીએ 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્ય રીદ્ધિ'ની સંપાદિત કૃતિમાં પ્રસ્તાવના લખી છે, જેમાં ઉત્તમલાલનાં 'ગોવર્ધન' રામ વિશેના વિવેચનકાર્ય વધારે વિસ્તારપૂર્વક નિરૂપિત કર્યું હોય તેવું જાણાય છે. જેમકે, 'ઉત્તમલાલના સાહિત્યવિવેચનવિષયક નિબંધોમાં ખાસ ધ્યાન ખેંચે છે. ગોવર્ધનરામ અને એમની કૃતિઓ વિશેના નિબંધો, ગોવર્ધનરામના આજ સુધીના વિવેચકોમાં ઉત્તમલાલનું સ્થાન અનન્ય છે. ગોવર્ધનરામ અને 'સરસ્વતીચંદ્ર' વિષેનાં વિવેચનાત્મક લખાણોમાં ઉત્તમલાલનાં લખાણો કર્તાના આશયને સમસંવેદનાપૂર્વક સમજવા-સમજાવવાના સન્નિષ્ઠ પ્રયાસરૂપ છે. ચિંતનની પ્રૌઢી, વિચારોની સ્પષ્ટતા, વ્યાપક સંદર્ભ યોજના, સ્વકીય દૃષ્ટિબિંદુ, ઝીણી, માર્મિક વિશ્લેષણશક્તિ અને કૃતિના હાર્દમાં પ્રવેશવાની સહજ કુશળતાથી આ લેખો વિશિષ્ટતા ધારણ કરે છે.'[૧૫] અહીં ઉત્તમલાલ ત્રિવેદીની એક વિદ્વાન વિવેચક તરીકે સરાહના કરી છે, તે સર્જક અને વિવેચક સામસામે છેડાના હોવાથી એકબીજા માટે આદરપાત્ર છે. જેમ સર્જકની મર્યાદા હોય છે તેમ વિવેચકની પણ હોય છે. વિવેચકના અભિપ્રાયો, તેમણે ઉપજાવેલા મૂલ્યો, એનાં મંતવ્યો, એનાં તારણો તે કોઈ અફર ત્રિકાલાબાધિત સત્યદર્શન જ હોય છે એવું હંમેશા હોતું નથી. વિવેચકોની એક પેઢીએ આંકેલા મૂલ્યો બીજી પેઢીમાં ઊલટા થઈ જાય છે. વિવેચકોએ તરછોડેલા સર્જકો

બહુમાન પામે છે. તો બહુમાન પામેલા સર્જકો પાછા અલ્પગુણ બની જાય છે. આમ નરી મર્યાદાઓની સૃષ્ટિમાં આપણે વિચરી રહ્યા છીએ એ વાત આપણે સતત ધ્યાનમાં રાખવાની છે. આજે આપણને જે વસ્તુ સાચી લાગતી હોય તે નિર્ભય અને વિનમ્ર રીતે અવશ્ય રજૂ કરીએ છીએ. પરંતુ સમય જતાં એ વાત કંઈ વિશિષ્ટ સત્યને રજૂ કરનારી પણ બની શકતી હોય છે.

કેટલાક વિવેચનો ખરેખર આપણને જીતી લેનારા હોય છે. તે પણ આપણને સર્જનના જેવો આનંદ આપે છે તેનું કારણ વિવેચકનો ઉત્સાહ કે મુગ્ધતા નહી પરંતુ જે કૌશલ્યથી તેણે કૃતિનું સૌન્દર્ય પ્રકટ કરી આપ્યું હોય તે છે. એકના એક તત્ત્વનો સ્ફોટ કરવામાં વિવેચકોની શૈલીની વિશિષ્ટતાઓ જુદી જુદી રીતે પ્રવૃત્ત થાય છે. ત્યાં પણ કહેવું જોઈએ કે વિવેચકની ઉત્તમમાં ઉત્તમશૈલી તો તે કે જે વાચકને વાચકને વધારેમાં વધારે પ્રસાદપૂર્વક અને ઓછામાં ઓછા અંતરાય દ્વારા કૃતિના સૌંદર્ય પાસે લઈ જાય. જે વિવેચન વાચકમાં કેવળ ક્ષોભ મૂકી જાય. તેનામાં કોઈ રાગનું કે દ્વેષનું સિંચન કરવા પ્રયત્ન કરતું લાગે તેમાં કંઈક તત્ત્વની વિકૃતી હોય છે. સર્વગ્રાહી વિવેચક વસ્તુઓનો ઊહ અને અપોહ કરે છે, સાચું અને ખોટું, શુદ્ધ અને વિકૃતિ જુદું તારવે છે, એમ તેને કરવું પડે છે.

રમણલાલ જોશીનું વિવેચન વૈવિધ્યપૂર્ણ વિષયોથી રંગીન છે. કેમકે તેઓ 'પુસ્તક પ્રેમી' છે અને તેના પુસ્તકોની પસંદગીમાં વિવિધતા-રંગીનતા જોવા મળે છે. ઈતિહાસ, વિજ્ઞાન, સંગીત, સાહિત્ય, તત્ત્વજ્ઞાન કે સંસ્કૃતિચિંતન- કોઈપણ વિષયનું પુસ્તક હોય એને લેખક અવલોકન માટે પસંદ કરે છે તો તદ્દન નવોદિત લેખકનું પુસ્તક હોય કે પછી સિદ્ધહસ્ત સર્જકનું હોય- રમણલાલ જોશીએ પોતાના વિવેચનના વિશાળ ફલક પર બધાજ સન્માન્યા છે તેઓ જ્યારે કોઈપણ પુસ્તકને હાથમાં લે છે તો તેના ગુણદર્શન કે દોષદર્શન કરાવવાને બદલે સહૃદયતાપૂર્વક વાચનને પરિણામે પોતાને પ્રાપ્ત થયેલા આનંદની વહેંચણી

કરે છે તેમજ પુસ્તક વિશેનો પોતાના પ્રતિભાવો પણ આપે છે. ગ્રંથનું અવલોકન કરતી વખતે રમણલાલ ગ્રંથના ગુણવિશેષને ઉદ્‌ઘાટિત કરી આપે છે, જેમાંથી એમનું ગુણાનુરાગી વલણ પ્રગટે છે, અલબત, ગ્રંથના ગુણપક્ષને ઉપસાવી આપતા વિવેચક રમણલાલ જોશી યથાવકાશ સૌમ્યભાવે ગ્રંથની મર્યાદાઓ પણ ચીંધતા રહે છે તો ઘણીવાર સર્જકને વધારેને વધારે લેખો લખવાની સલાહ પણ આપતા રહે છે. એ રીતે બહુધા એમના દ્વારા ગ્રંથનું યથાર્થદર્શન થતું જોઈ શકાય છે. ‘વિવેચ્યકૃતિ પરત્વે સાચા ઉમળકા વગર એનો આસ્વાદ શકય નથી.’ એવું માનતા રમણલાલ જોશી કૃતિનું વિવેચન કે અવલોકન કરતી વેળાએ સ્વાભાવિક રીતે જે-તે કૃતિ પરત્વે ઉમળકો દાખવે છે. રમણલાલ જોશીની ભાષા શૈલીમાં ધ્યાનાકર્ષક બાબતે તેમના ટૂંકા ટૂંકા વાક્યો અને બોલચાલની શૈલી એ એમના વિવેચનની આગવી વિશેષતા છે. રસદર્શન મૂલ્યાંકન અને વિશ્લેષણ એ વિવેચક રમણલાલ જોશીનો નિજી ગુણવિશેષ છે. વિવેચન દરમ્યાન તે કૃતિનું હૃદયગમ રીતે વિશ્લેષણાત્મક રસદર્શન કરાવતા રહે છે અને એમ કૃતિના આસ્વાદ્ય અંશોને ઉદ્‌ઘાટિત કરી આપે છે. પોતે વિવેચન કરે છે એવી સહેજ પણ સભાનતા વગર સાહિત્યકૃતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને પોતે લીધેલા રસાનંદની વાત જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિને જાણાવવા પ્રવૃત્ત થાય છે ત્યારે કશુંક કસવાળું વિવેચન એને હાથે બની આવે છે.’ એવી સ્પષ્ટ સમજ ધરાવતા રમણલાલની દૃષ્ટિમાંથી સાહિત્યસૌંદર્ય છટકી જતું નથી. સાહિત્યકૃતિમાંથી નિષ્પન્ન થતાં સૌંદર્યનું મૂલ્ય સ્વીકારતા રમણલાલ જોશી ગુણદોષના ચોકઠામાં અટવાયા વિના મોટેભાગે તો કૃતિનાં સૌંદર્યસ્થાનોને જ ચીંધી બતાવે છે અને એમ કરતાં કરતાં કૃતિ કે કર્તાનું સમતોલ મૂલ્યાંકન કરે છે. એ રમણલાલ જોશીના વિશિષ્ટ વિવેચક તરીકેની પ્રસિદ્ધિનું પ્રતિબિંબ છે. તેમની સરળ ભાષાશૈલી અને નિરૂપણની વિશદ્‌તા વિવેચક તરીકેની ધ્યાનપાત્ર લાક્ષણિકતા છે. જ્યારે જ્યારે તેમને કોઈપણ કૃતિ કે કર્તાના સર્જનમાં કશુંક ખૂટતું દેખાય છે અથવા અતૃપ્તિ

દેખાય છે ત્યારે સાદી-સરળ અને સ્પષ્ટ ભાષામાં કશો પણ અભિનિવેશ દાખવ્યા વિના તટસ્થભાવે રજૂ કરે છે. નિર્ભયતાપૂર્વક તેઓ વિવેચનની રક્ષા કરે છે. એમ કહીએ તો ખોટું નથી. જ્યાં જરૂર જણાય ત્યાં તેઓ સદષ્ટાંત પ્રસંગ કે ભાષા કે નિરૂપણરીતિનો ઉલ્લેખ કરીને સર્જકને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે છે. જેમકે, 'બળવંતરાયને વાર્તાની સૂઝ છે તેટલું કૌશલ નથી, પરિણામે આખો સંગ્રહ એક આશાની લાગણી જન્માવે છે, સંતૃપ્તિની નહીં. આવા એમના સ્પષ્ટ વકતૃત્વનાં અન્ય દષ્ટાંતો પણ એમના વિવેચનમાંથી સહજ રીતે મળી શકે તેમ છે. ઉમાશંકર જોશી જેવા પથદર્શકના હાથે વિવેચન દર્શનની કેડી કંડારનાર રમણલાલ જોશી પંડિતયુગીન વિવેચન પ્રવૃત્તિના એક માત્ર સક્રિય પ્રતિનિધિ છે. તે છતાં તેમનો સામ્પ્રત સાથેનો વિવેચનાત્મક સમ્બન્ધ તેમની આગવી વિશેષતાનો પરિચાયક બને છે. એ, એમના સાહિત્ય-પુરુષાર્થનો ચોકકસ વિકાસ સૂચવે છે. ગુજરાતી વિવેચનાની પરમ્પરાગત પદ્ધતિના આ સક્રિય પ્રતિનિધિએ સામ્પ્રતના વિવેચનની પ્રત્યક્ષ ભૂમિકાએ જે પાનું પાડ્યું છે તે યોગનું સ્વરૂપ જોવું રસપ્રદ નીવડે છે. પરમ્પરા અને પ્રવાહ અથવા પરમ્પરા અને આધુનિકતા કે સમકાલીનતા વિષે દેખાતો વિષમયોગ એમના દાખલામાં કેવી રીતે સુ-યોગ બને છે તેની વૈચારિક ભૂમિકા પર જવું પણ એટલું જ રસપ્રદ નીવડે છે. રમણલાલ જોશીના વિવેચનમાં વિચારની સમૃદ્ધિ સર્વત્ર જોવા મળે છે. આ વિચારો આપણાં શાસ્ત્રો અને અર્વાચીન મનીષીઓનાં વચનોથી તે સમર્થિત કરે છે. ચર્ચાસ્પદ વિષયોની રજૂઆતમાં ઉત્તમલાલ પૂર્વપક્ષની માંડણી અત્યંત તાટસ્થ્યથી કરે છે અને ભિન્નમતપ્રદર્શન સૌમ્યતાથી છતાં સચોટતાથી દર્શાવે છે. પ્રસાદ એ તેમના ગદ્યનો એક મહત્ત્વનો ગુણ છે. કલિષ્ટતા ક્યાંય જોવા નહિ મળે. અંગ્રેજી શબ્દો કે વાક્યોને છૂટથી વિનિયોગ કરે છે, પણ પર્યાયો પણ સાથેજ આપે છે. તેમણે યોજેલા પર્યાયો તેમનું વિષય પ્રભુત્વ અને સૂઝ દર્શાવે છે.

સાહિત્ય જગતમાં રમણલાલ જોશીની સૌથી વિશેષ સિદ્ધિ તેમનું માસિક સામયિક 'ઉદ્દેશ' છે. 'સંસ્કૃતિ'ના આદર્શને મૂર્ત કરવા મથતા રમણલાલ જોશીએ 'ઉદ્દેશ' ને જીવન અને સાહિત્ય ચિંતનનું રસપાન કરાવવાનો જે પ્રયત્ન કર્યો છે, તે ઉત્કૃષ્ટ છે. ઉમાશંકર જોશીનાં 'સંસ્કૃતિ' દ્વારા પ્રેરિત રમણલાલ જોશીએ 'ઉદ્દેશ' ને પોતાના જીવંતકાળ સુધી હિંમતપૂર્વક અવિરત ગતિએ ચાલું રાખ્યું તેમજ 'ઉદ્દેશ'ના લેખોની ગુણવત્તા જાળવવા માટે જે જહેમત ઉઠાવી છે તે ખરેખર દાદ માંગી લે તેવી છે. ગુજરાતી સાહિત્યમાં ખૂબ પ્રસિદ્ધ ઘણાં સામયિકો વર્ષો સુધી ચાલીને બંધ થઈ ગયા પરંતુ 'ઉદ્દેશ' રમણલાલ જોશીના જીવનકાળ સુધી જ નહિ મૃત્યુબાદ પણ સાહિત્ય જગતમાં અમરત્વ મેળવ્યું છે.

'ઉદ્દેશ'ના તેમના લેખોમાં 'આનન્દો બ્રહ્મોત: કળાનો આનંદ, આનંદની કળા' માં જીવનનું ચિંતન ગૂંથીને એક પ્રશિષ્ટ વિવેચક શિષ્ટ સર્જક તરીકે નજરે પડે છે. તેમણે 'કળાનો આનંદ' વર્ણવતા બાહ્ય આનંદને સ્થૂળ અને આંતરિક એટલે કે સૂક્ષ્મ આનંદને સાચો સાશ્વત આનંદ ગણ્યો છે. તેમના જ શબ્દોમાં જોઈએ તો પ્રતિક્ષણે માનવી અબાધિત, અસીમને અખંડ આનંદ માટે ઝંખે છે. પરંતુ એને જીવનમાં ગાંભીયપૂર્વક લેતો નથી. ક્વચિત્ એ પેલા ક્ષુલ્લક આનંદથી સંતુષ્ટ બને છે અને પેલી શોધ તરફ એની પીઠ જ રહે છે! કળાનો આનંદ સ્વર્ગીય હોવા છતાં આનન્દ-પ્રાપ્તિની કળા તો એણે હસ્તગત કરવાની રહે જ છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. 'સચ્ચિદાનંદ' શબ્દમાં સત્+ચિત્+આનંદ છે. 'આનંદ' છેલ્લો છે એ સપ્રયોજન છે. કારણ કે સત્ અને ચિત્ની છેવટની પરિણતિ આનંદમાં જ થઈ જાય છે. કળાનો આનંદ ભરપૂર લઈએ પણ આનંદની કળા હસ્તગત  કરવા પણ કાંઈક કરીએ તો કેવું ?' સાહિત્યમાંથી નિર્વ્યાજ મળતા આનંદના આગ્રહી સૌ કોઈ છે પરંતુ આ આનંદ આપનારી કળા હસ્તગત કરવી એ અદ્વિતીય ઘટના છે. વિવેચકની કલમે સર્જન-આનંદને પામવાની ઉત્કૃષ્ટતા સ્થાન વિવેચકની બહુવિધ પ્રતિભાનું સાક્ષી છે.

સાહિત્યક્ષેત્રે તેમના હૃદયની વિશાળતા તો ત્યાં દેખાય છે કે તેઓ કોઈ વાદ કે વાડામાં બંધાવાને બદલે 'ઉદ્દેશ' ના લેખો માટે તેમણે સૌ કોઈને આવકાર્યા છે. એટલું જ નહિ પરંતુ 'ઉદ્દેશ'ને સમૃદ્ધ કરવા માટે લેખકોને આમંત્રણ પાઠવીને લખાવ્યું છે. વળી તેમણે કોઈ સાહિત્યને કે સર્જકને નાના કે મોટા ગણવાને બદલે દરેકની કદર કરી છે, તેમજ નૂતન સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવાનું કામ પણ તેઓએ નિરંતર કર્યું છે. એટલે જ તો 'ઉદ્દેશ'ના અંકોમાં મનુભાઈ પંચોળી, હરીવલ્લભ ભાયાણી, સુન્દરમ્, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, જયંત પાઠક, લાભશંકર ઠાકર, ચન્દ્રકાન્ત ટોપીવાળા, ગુલાબદાસ બ્રોકર, મકરન્દ દવે, રાધેશ્યામ શર્મા જેવા સર્જકો-વિવેચકોની સાથે સાથે સાહિત્ય ક્ષેત્રે નવી કેડી કંડારનારા સર્જકોને પણ પ્રેરણા, પ્રોત્સાહન અને સાથ આપ્યો છે. વિષયક્ષેત્રે પણ 'ઉદ્દેશ' માં વિવિધ સાહિત્યસ્વરૂપોને સ્થાન આપીને 'ઉદ્દેશ' સૌ કોઈ માટે જીવન અને સાહિત્યચિંતનનું સ્થાન બની ચૂક્યું છે. સાહિત્ય જગતમાં વિવેચન, સંપાદન સંશોધન અને પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર રમણલાલ જોશીના સાહિત્યની સાહિત્યજગતમાં યોગ્ય સમયે નોંધ પણ લેવાતી રહી છે. એટલું જ નહિ અનેક પુરસ્કારો- પારિતોષિકો કે એવોર્ડઝથી એમની સાહિત્યિક પ્રતિભાની કદર પણ થઈ છે. એમના વિવેચન ગ્રંથ 'વિવેચનની પ્રક્રિયા' ને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો; એમની સુદીર્ઘ સાહિત્ય સેવાને અનુલક્ષીને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમને ગૌરવ પુરસ્કાર આપીને નવાજ્યા હતા. તેમજ તેઓ અનંતરાય રાવળ વિવેચન એવોર્ડથી પુરસ્કૃત થયા હતા અને એમને ગુજરાત રાજ્ય સરકારનાં પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. આવી પુરસ્કૃત વિવેચનાઓ કરનાર રમણલાલ જોશીની વિદ્વતાનો આપણને અહીં પરિચય થાય છે. પત્રકારત્વક્ષેત્રે વિશેષ ધ્યાનાકર્ષક તેમનું 'અક્ષરના આરાધકો-૧ અને ૨' છે. રમણલાલ જોશી પાસે સર્જકને ચિત્રિત કરવાની આગવી કુશળતા રહેલી છે. સાહિત્યનું વિવેચન કરનાર વ્યક્તિને પણ સૈદ્ધાંતિક વિવેચન સ્વરૂપે ચિત્રિત કરીને આબેહૂબ

ખડો કરી દે છે. સાહિત્યક્ષેત્રે અલ્પપ્રસિદ્ધ એવા સાહિત્યકાર ડૉ. શિવલાલ જેસલપુરાનો પરિચય આપતાં કહે છે કે, 'ડૉ. શિવલાલ જેસલપુરાએ નિષ્ઠાપૂર્વક અને સાતત્યપૂર્વક જે ઉદ્યમ કર્યો છે એની નોંધ લેવી જોઈએ. એમનો સ્વભાવ પ્રસિદ્ધિથી કાંઈક દૂર રહી રસના વિષયોમાં કામ કર્યાં કરવું એવો હોવાથી તેમનું નામ કદાચે એટલું જાણીતું ન થયું હોય એ સમજી શકાય છે. પણ છેવટે તો માણસનું કામ બોલે છે.'[૧૬]

'માણસનું કામ બોલે છે' વાક્ય જ રમણલાલ જોશીની કર્તવ્યનિષ્ઠાનું પ્રતિબિંબ છે. તેણે હંમેશા અન્યમાં પણ સાચા-નીતિમૂલ્ય કાર્ય પ્રત્યેની સજાગતા બાબતે નોંધ લીધી છે. સર્જક પ્રસિદ્ધ હોય કે અલ્પ પ્રસિદ્ધ 'સર્જક સર્જક છે' એ આપણે નહીં ભૂલવું જોઈએ. મોહનભાઈ શ. પટેલ વિશે પણ તેઓ કહે છે કે, 'પ્રસિદ્ધિથી દૂર રહેવાની પ્રકૃતિને કારણે તેમનું નામ ગાજતું નહિ સંભળાય પણ તેમણે પોતાની રીતે ગુણવત્તાવાળું કામ કર્યું છે.'[૧૭] 'ગુણવત્તા' શબ્દ દ્વારા તેમણે મોહનભાઈ શ. પટેલના સાહિત્ય સર્જનની સરાહના કરી છે. તો ખૂબ ઓછી કૃતિ સર્જનારા સર્જક માત્ર એકાદ કૃતિ માટે પ્રસિદ્ધિ પામ્યા હોય તેની પણ રમણલાલ જોશીએ નોંધ લીધી છે. ચન્દ્રકાન્ત પંડ્યા માત્ર 'બાનો ભીખુ' એક જ પુસ્તક દ્વારા સાહિત્ય જગતમાં પ્રતિષ્ઠિત થયા એટલું જ નહિ પરંતુ અવલોકનકારે એનું શીર્ષક 'માતૃવાત્સલ્યની કવિતા' આપીને એક વિવેચકમાં રહેલા સર્જકનું દર્શન કરાવ્યું છે. 'માતૃવાત્સલ્યની કવિતા' શીર્ષક આપનાર રમણલાલ જોશીનું ચિંતન જોઈએ તો, 'શીર્ષક પ્રમાણે તે એમાં 'ભીખુ' જ કેન્દ્રસ્થાને આવે, પણ ભીખુને નિમિત્તે કહેવાયેલી કથામાં 'બા જ કેન્દ્રસ્થાને આવે છે. આ એક માતૃવાત્સલ્યની કવિતા થઈ રહે છે. આજકાલ જ્યારે સ્ત્રી પુરુષના પ્રાણયનું આસમાની આલેખન થાય છે ત્યારે માતૃહૃદયની નિર્વ્યાજ પ્રેમની કથા કહેતું આ પુસ્તક હૃદયસ્પર્શી નિવડે છે. લેખકની પારદર્શક સહૃદયતા કશા ઠાઠમાઠ કે આડંબર વિના સાદીસીધી રીતે પ્રગટ થતી દેખાય છે.'[૧૮]

રમણલાલ જોશીએ ઉત્કૃષ્ટ સાહિત્યનો હંમેશા આગ્રહ રાખ્યો છે. નમાલા, નિર્બળ, સિદ્ધાંતોને નેવે મૂકીને ખોખલી પ્રતિષ્ઠા ફેલાવનાર સાહિત્ય સામે તેમણે પડકાર ફેકયો છે. તેમના વિવેચનમાં દેશભક્તિ અને ચારિત્ર્ય-સંસ્કારની હંમેશા અપેક્ષા સેવી છે. સાહિત્ય જ જીવનનો ઉત્કર્ષ સાધવાની જડબુટ્ટી સમજનાર રમણલાલ જોશી ક્યાંક ગાંધીવિચાર ધારાને અનુસરતા પણ જણાય છે. તેમણે બે-ચાર સારા સાહિત્યકારની સરાહના કરીને અટકી જવા કરતાં પ્રત્યેક સર્જકની ઉચ્ચગુણવત્તાવાળું નીતિમત્તાવાળું સૈદ્ધાંતિક સાહિત્ય આપે, તેમજ ચારિત્ર્ય ઘડતર કરનારું સાહિત્ય અર્પે એવી અપેક્ષા સેવી છે. એમના શબ્દોમાં એમની કેવા પ્રકારના સાહિત્યની અપેક્ષા છે તે જોઈએ તો, ‘હું તો પ્રસંગોપાત કહેતો આવ્યો છું કે આજના કાળમાં કાંઈક ઉપદેશાત્મક લાગે છતાં પ્રજાના ચારિત્ર્યનું ગઠન કરે એવાં લખાણો પ્રગટ થવાં જોઈએ. અત્યારે આપણે પૈસા અને સત્તા પાછળ દોટ મૂકી છે. ભવ્ય ભારતીય સંસ્કૃતિનો આપણો દેશ અત્યારે તો કૌભાંડોનો દેશ બની ગયો છે. ભારતીય સંસ્કૃતિના આદર્શો તો ગ્રંથોમાં જ રહ્યા છે. આપણું પ્રજાકીય વ્યક્તિત્વ જાણે બંધાતું નથી. ભારતમાં એકાદ વિવેકાનંદ, શ્રી અરવિંદ કે ગાંધીજી પાકી શકે, પણ સરેરાશ નાગરિક તો સરેરાશ કરતાંય નીચી કક્ષાએ જીવતો દેખાય છે! આ પરિસ્થિતિમાં પ્રજાને પ્રેરણા આપે, માણસોને જીવનમૂલ્યોના પાઠ શીખવે, ચારિત્ર્યગુણો ખીલવે, નીતિમત્તાનાં ધોરણો દઢમૂલ કરે અને સૌથી વિશેષ માણસને દઢ સંકલ્પવાળો, નિયમિત, ચોકસાઈવાળો, નિષ્ઠાપૂર્વક કર્તવ્યો અદા કરતો, હતાશા અને નિ:સહાયતા ખંખેરીને જવાબદારીઓ વહન કરતો બતાવે એવા સાહિત્યની ખૂબ જરૂર છે.’[૧૯]

સારા સાહિત્યની ઝંખના સેવતા રમણલાલ જોશીનાં ‘ઉદ્દેશ’ પાછળનો ‘ઉદ્દેશ’ સમજી શકાય તેવો છે. શ્રી અરવિંદ અને માતાજીનો સાહિત્યમાં થયેલો વિનિયોગ, કૃષ્ણ પ્રત્યેનો અનુરાગ અને સુન્દરમ્, ઉમાશંકરની છત્રછાયામાં લખાયેલા વિવેચન કે લેખોમાં પૂછવાનું જ

શું હોય? આવા ઉચ્ચગુણવત્તાવાળા, ચારિત્ર્ય ઘડતર કરનારા સાહિત્ય પ્રદાન કરનાર જયેન્દ્ર ત્રિવેદી વિશે કહે છે કે 'તેઓ પોતાના પ્રેરણાદાયી નિબંધોમાં પ્રજાને જે ચારિત્ર્યગુણો ખીલવવાનું ઉદ્‌બોધે છે એ તેમણે પોતાના જીવનમાં પણ ઉતાર્યું છે, એમ કહીને સર્જકના પારદર્શક વ્યક્તિત્વનું સાહિત્યમાં ઝીલાતું પ્રતિબિંબ કેવું બળવતર હોય છે તેની વાત કરી છે. તેમના મતાનુસાર 'હેતુલક્ષી પ્રેરણાદાયી સાહિત્યની આજે આપણને કદાચ સૌથી વધુ જરૂર છે.' એવું કહેનાર અવલોકનકાર રમણલાલ જોશીએ ઉત્તમ લેખોને 'ઉદ્દેશ' માં યોગ્ય સ્થાન આપ્યું છે અને એવા સર્જકોને લેખો મોકલાવવા ક્યારેક ફોનથી તો ક્યારેક પત્ર દ્વારા આમંત્રણ પણ પાઠવ્યું છે તો બીજી બાજુ અધૂરપ ભરેલા છીછરા કે એ સૈદ્ધાંતિક સાહિત્યિક લેખો નહિ છપાવાતા કારણો પણ સુંદર રીતે સ્પષ્ટ કર્યાં છે. અને તેથી જ 'ઉદ્દેશ' વર્ષોથી તેની ગુણવત્તાને જાળવવામાં ક્યાંય ઊણું ઉતરતું જણાયું નથી. કૃપાશંકર જાનીના સાહિત્યની સફર કરનાર અવલોકનકારે તેમને પ્રકૃતિ, પ્રભુપ્રેમ, પ્રણય અને માનવતાનું ઉચ્ચ સ્વરે ગાન રેલાવનારા અને 'મનુષ્યને જીવનની સાર્થકતાનો માર્ગ ચીંધનારા' કહીને તેમના શ્રેષ્ઠ સાહિત્યની સાબિતી આપી છે. વિવેચક જ્યારે અન્ય વિવેચક વિશે લખે છે ત્યારે તેનો અભિપ્રાય કેટલો પારદર્શી છે તેના પરથી જ વિવેચકની સાચી કસોટી થાય છે. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં ૧૯૪૮માં 'પન્નાલાલ પટેલ' વિશે લઘુતાગ્રંથ તૈયાર કરનાર, વિશિષ્ટ વિવેચક એવા પ્રમોદકુમાર પટેલ માટે વિવેચક રમણલાલ જોશીના શબ્દોજ તેના વિવેચક તરીકેની સિદ્ધિ અને પારદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ છે. જેમકે 'વિવેચક તરીકે પ્રમોદકુમાર તથ્યોના આગ્રહી હતા અને તથ્યને તટસ્થ રીતે રજૂ કરતા. નામૂલ લિરવ્યતે કિગ્ચિત્- જાણે કે તેમનો મુદ્રાલેખ હતો. આધાર વગર તે કશું લખતા નહિ. વિવેચનમાં પણ તાત્ત્વિક સાહિત્યવિચાર તરફ તેમનો ઝોક હતો, પરિણામે તેમના વિવેચન લેખોમાં કોઈને કોઈ તાત્ત્વિક મુદ્દાનું પરામર્શ થયેલું દેખાશે. નિર્મલ સહૃદયત્વ, તર્કપુર:સર રજૂઆત અને પ્રશિષ્ટ ભાષાશૈલીને કારણે તેમના વિવેચન નિબંધો

આહ્‌લાદક નીવડે છે. એક વ્યક્તિ તરીકે પણ પ્રમોદકુમારનું અભિજાત સૌજન્ય સૌને સ્પર્શી જતું.'[૨૦]

આમ રમણલાલ જોશી સર્જક વિશે લખાતા હોય કે વિવેચક વિશે, તેઓએ હંમેશા તટસ્થતાપૂર્વક કાર્ય કરેલ છે. પોતે દોરેલા નકશા મુજબ નિષ્ઠા અને નિસ્બત સાથે કે સહૃદયતા અને સ્વસ્થતાપૂર્વક ગ્રંથાવલોકનની પ્રવૃત્તિમાં સતત સક્રિય રહ્યા છે એનું ઐતિહાસિક મૂલ્ય છે. એક સાહિત્યકાર વર્ષો સુધી સાતત્યપૂર્ણ રીતે 'ગ્રંથના પંથનો' પ્રવાસ ખેડે અને એ પ્રવાસની ફલશ્રુતિ રૂપે પોતાને પ્રાપ્ત થયેલો રસાનંદ ગ્રંથાવલોકનને નિમિત્તે સહૃદયોને પણ વહેંચતા રહે એનો મહિમા ઓછો નથી.

'જનસત્તા' ગ્રુપના પાક્ષિક 'રંગતરંગ' માં રમણલાલ જોશીએ ૧-૭-૮૯થી તા.૧૫-૨-૯૭ સુધી મહત્ત્વનાં પુસ્તકોનાં અવલોકનો લખીને સાહિત્ય ક્ષેત્રે ખૂબ મોટું યોગદાન આપ્યું છે, 'શ્રીમદ ભાગવતીય તત્ત્વજ્ઞાન', 'ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ' જેવા આધ્યાત્મિક પુસ્તકો, પ્રવાસ પુસ્તકો, કવિતા, નિબંધ, પર્યાવરણ વિષયક તેમજ રજની વ્યાસના 'વિશ્વજ્ઞાનકોષ' જેવા પુસ્તકોનો પરિચય આપતા વિવેચકની સાહિત્યક્ષેત્રે કેવી વિશાળ ફલંગ છે, તે જોઈ શકાય છે. ઢગલાબંધ પુસ્તકોના પરિચયમાં આવનાર રમણલાલ જોશીનો દષ્ટિકોણ કેટલો વિશાળ છે તે તેમના વિવેચન ગ્રંથો, સંપાદિત કૃતિઓ અને 'ઉદ્દેશ'ના લેખો પરથી ખ્યાલ આવે છે. તેમની વિષય પરત્વેની પસંદગી અને સાહિત્યની ગહન સમજ તેના વિવેચનમાં ડોકિયુ કર્યા વિના રહેતી નથી. ડૉ. હરીશ દ્વિવેદીના 'જીવનપાથેય'માં 'ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોનું દર્શન કરનાર વિવેચકે 'દષ્ટિ અને સમષ્ટિ' માં દિનેશ શાહની પંક્તિઓ વીણી કાઢી છે.

'ભારત, તારી સમસ્યાઓ કેમ હલ થાય?

કયાંથી હલ થાય?

એ હલ થાય તો, માનો'[૨૧]

દુનિયાની સમસ્યાઓ હલ થઈ ગઈ.' પંક્તિમાં 'દેશપ્રેમ' અને 'દેશદાઝ'નાં દર્શન થાય છે. 'પ્રદૂષિત પર્યાવરણ' (ડૉ. નગીન મોદી)માં પ્રદૂષણ વિષયક થયેલી ચર્ચાને રમણલાલ જોશીએ પોતાના વિવેચનમાં આલેખી છે. એટલું જ નહિ પરંતુ 'લોકજાગૃતિ' બાબતે તેઓએ નોંધ લઈને ડૉ. નગીન મોદી પ્રેરિત અને પ્રોત્સાહિત કરવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે. વિવેચક રમણલાલ જોશીએ પર્યાવરણ પ્રદૂષણને નિવારવાના ઉપાયો સૂચવનાર અને લોકજાગૃતિ ફેલાવનારા સર્જકોના સર્જન પ્રત્યે સમભાવ દર્શાવ્યો છે તેમજ એ સંદર્ભે તેઓ 'જનસત્તા'માં લખાયેલા 'હવે સાહિત્યમાં પણ પ્રદૂષણ' લેખને લક્ષમાં લઈને વિવેચક કહે છે. અત્યારે તો 'પોલ્યુશન ઓફ પીપલ'- માણસોના પ્રદૂષણ- વિશે લખવા જેવું છે!' કારણ કે તેઓના મતે માનવી જો વેળાસર જાગૃત નહિ બને તો જીવન જ એક ખતરો બની જશે. આમ 'પર્યાવરણ પ્રદૂષણ' અને 'સાહિત્યમાં પ્રદૂષણ' ને દૂર કરવા સર્જકો ખૂબ મહત્ત્વનું યોગદાન આપે છે, તેવું કહીને વિવેચક રમણલાલ જોશીએ સાહિત્યજગતમાં સફર કરતાં ને નવાં ઉગતા સર્જકોને બિરદાવ્યા છે.

આ તમામ વિવેચન લેખોમાં વિવેચક તરીકેની નિષ્ઠા પ્રતીત થાય છે. રમણલાલ જોશીએ પ્રત્યેક પુસ્તકને સાદ્યંત વાંચીને જ કલમ ઉપાડી છે એની પ્રતીતિ થાય છે. તેમની પદ્ધતિ પુસ્તકનો સાર આપીને એની સાથે જ ગુણદર્શી વિવેચન કરવાની છે. મર્યાદાઓ પણ તેમણે બહુ સ્પષ્ટ રીતે બતાવી છે, ક્યાંક ભલામણ પણ કરી છે તેમજ વધારે તે વધારે સજક લેખોની અપેક્ષા પણ સેવી છે. ઢગલાબંધ પુસ્તકોનો તેમણે જે પરિચય કરાવ્યો છે એ એક મહત્ત્વનું કાર્ય વિવેચન ક્ષેત્રે લેખાયું છે. લેખકોનાં કથનને ગૃહિત તરીકે સ્વીકારી એમના ગુણપાસાને તે અજવાળીને રજૂ કરે છે, એમાં ક્યારેક પ્રશસ્તિનું પલ્લું નમી પડે છે, તો મોટાભાગે તો વિવેચકની તટસ્થ સ્થિતિનું જ દર્શન થાય છે. વિવેચકનો સાહિત્ય સર્જનની

પસંદગીનો દૃષ્ટિકોણ પણ ખૂબ વિશાળતાયુક્ત અને ઉત્કૃષ્ટ છે તેથી જ તેઓ '૧૯૯૪નાં યાદગાર પુસ્તકો ક્યાં છે?' લેખમાં જણાવે છે કે 'રોજ રોજ સંખ્યાબંધ પુસ્તકો-પુસ્તિકાઓ પ્રગટ થાય છે. કશી રોકટોક વગર ધોળા કાગળ પર કાળું છપાયે જાય છે! પણ એમાં કેટલું સત્વશીલ, સ્વયંસ્ફૂરણા પ્રેરિત એ પ્રશ્ન છે. એમાં પ્રસિદ્ધિની ખેવના પણ કારણભૂત છે. તેમ છતાં પુસ્તકોનાં ગંજમાંથી થોડાં તો આપણે તરત ઊંચકી લઈએ એવાં અવશ્ય નીકળે તો કેટલીકવાર અત્યારના વિવેચકો અંગે ચિંતીત પ્રો. ડૉ. કાન્તિલાલ બ. વ્યાસના 'ગુર્જરી કંઠાભરણ' લેખમાં જણાવ્યું છે.' અત્યારના વિવેચકોને માત્ર સાંપ્રત સાહિત્યમાં જ રસ છે અને આપણા સાહિત્યના પ્રારંભકોનું પાયાનું કામ મનમાં બહું વસતું નથી એ પરિસ્થિતિમાં જે જ્યોતિર્ધરોએ સાહિત્યના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે એમના વિશે સવિસ્તર અભ્યાસ પ્રસ્તુત કરી સદા સ્મરણીય એવા એમના સાહિત્યિક ફાળાનું યોગ્ય મૂલ્યાંકન કરવાનો આશય તેમણે રાખ્યો છે.'[૨૨]

વિવિધ સાહિત્ય સ્વરૂપો, સર્જકો કે વિષયોની ખેવના કર્યાં વિના પોતાને જે કહેવું છે તે અસરકારક રીતે કહેવાય એની કાળજી તેમણે લીધી છે. તેમના અવલોકનમાં ખોટા રંગોની મિલાવટ કરી નથી. રમણલાલ જોશીએ વિશ્વ સાહિત્ય અને ભારતીય સાહિત્યનો જેટલો અભ્યાસ કર્યો છે. તે ગહન અને ઊંડો છે. છતાં અમુક-તમુક સિદ્ધાંતોને વળગી રહેતા નથી. જ્યાં ગુણ દેખાય ત્યાં પીઠ થાબડે છે તો ક્ષતિ જોતા ટપારે છે- ટકોર કરે છે. પરંતુ આક્રોશ કરતાં જણાતા નથી. એમનું સમન્વયીકારી વિવેચન આપણું વિચારભાથું છે. એમના વિચારોમાં સાતત્ય છે, સતત વહેતી પ્રવાહિતા ભાવકને સ્પર્શે તેવી છે, છતાં પુનરાવર્તન નથી, તાજગી છે, ક્યાંક કૃત્રિમતાનો સ્પર્શ થતો નથી. અવલોકનકાર તરીકેની રમણલાલ જોશીની સમગ્ર સફર ભાવકો-વાચકો રસિકજનો માટે પ્રેરણાનો સ્રોત છે, સૈદ્ધાંતિક વિવેચનનો ઉત્તમ નમૂનો છે. વિવેચક તરીકેની વિદ્વતા જેના સાહિત્યને વરી છે તેવા રમણલાલ

જોશીનું વિવેચન પારદર્શી અને સૈદ્ધાંતિક છે. વિવેચન સાહિત્યના ઈતિહાસમાં વિવેચકોની પ્રશંસા સાથે સમયરેખાઓ ગોઠવતા રમણલાલ જોશી ઉમાશંકર જોશીના વિવેચન વિશે લખે છે. 'વિવેચક લેખે ઉમાશંકર આનંદશંકર, રા.વિ. પાઠકના ઉત્તરાધિકારી છે. મૂર્ત કે પ્રત્યક્ષ વિવેચનમાં બળવંતરાય પછી મુખ્ય ફાળો ઉમાશંકર જોશીનો છે.'

સાહિત્યિક વિવેચક તરીકે વિવેચનના સિદ્ધાંતો અને 'વિવેચનની આબોહવા' જેવી વાતો પર ચર્ચા-વિચારણા દર્શાવનાર રમણલાલ જોશીએ 'ષડદર્શન' જેવા પુસ્તકોમાં ન્યાય, વૈશષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, ઉત્તર મીમાંસા- જેવા જીવનની તત્ત્વચિંતનને દર્શાવતા ગહન વિષયો પર જ્યારે ચર્ચા કરી છે ત્યારે આત્મા અને પરમાત્માની વાતો કરનાર શ્રી કૃષ્ણાશ્રયી રમણલાલ જોશીની વિવેચક તરીકેની કલમમાંથી આધ્યાત્મિક અમીરસ ઢોળાતો હોય તેવું ચોકકસ અનુભવી શકાય છે. 'નવધાભક્તિ'માં તેઓએ કહ્યું છે. ભક્તિ એ તો હૃદયની ભાષા છે, આત્માની નવોન્મેષ શાંતિની કલા છે' જેમાં વિવેચકે ધર્મ-ભક્તિ અને હૃદયની ભાષાને વિશેષ મહત્ત્વ આપ્યું છે. એટલું જ નહીં. અહીં વિવેચકમાં સૂતેલી કવિહૃદયી લાગણીઓ ઝળકી ઉઠતી લાગે છે.

ફેબ્રુઆરી (૧૯૯૧)નાં 'ઉદ્દેશ'માં તંત્રીલેખમાં 'આચરણ દ્વારા અભિવ્યક્તિ' અને 'ફૂલની આંખો સજળ' જેવા લેખો દ્વારા તેનું કવિહૃદય-સર્જક હૃદય આપણને ઘણું આપી જાય છે. પરંતુ ખરેખર જેના જીવનના આચરણમાં આધ્યાત્મિકતાની અભિવ્યક્તિ ચમકી ઉઠતી દેખાય છે ત્યારે રમણલાલ જોશી વિવેચક તરીકે જ નહીં મોટાગજાના સર્જક થઈને જાણે આપણી સમક્ષ ખડા થઈ જતા જણાય છે. 'આનન્દો બ્રહ્મોત: કળાનો આનંદ, આનંદની કળા'માં રમણલાલ જોશીએ બાહ્ય આનંદને સ્થૂળ અને આંતરિક એટલે કે સૂક્ષ્મ આનંદને સાચો સાશ્વત આનંદ ગણ્યો છે. 'ઉદ્દેશ'ના આ તંત્રીલેખમાં નોંધાયેલા એમનાં જ શબ્દો અહીં નોંધવા જેવા છે.

'પ્રતિક્ષણે માનવી અબાધિત, અસીમને અખંડ આનંદ માટે ઝંખે છે પરંતુ એને જીવનમાં ગાંભીર્યપૂર્વક લેતો નથી. ક્વચિત્ એ પેલા ક્ષુલ્લક આનંદથી સંતુષ્ટ બને છે અને પેલી શોધ તરફ એની પીઠ જ રહે છે. કળાનો આનંદ સ્વર્ગીય હોવા છતાં આનન્દ-પ્રાપ્તિની કળા તો એણે હસ્તગત કરવાની જ છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. 'સચ્ચિદાનંદ' શબ્દમાં સત્+ચિત્+આનંદ છે. 'આનંદ' છેલ્લો છે એ સપ્રયોજન છે. કારણ કે સત્ અને ચિત્‌ની છેવટની પરિણતિ આનંદમાં જ થઈ જાય છે. કળાનો આનંદ ભરપૂર લઈએ, પણ આનંદની કળા હસ્તગત કરવા પણ કાંઈક કરીએ તો કેવું ?'[૨૩]

અહીં દિવ્ય આનંદને અને આ આનંદ પ્રાપ્ત કરાવનારી કળાને-સર્જકને રમણલાલ જોશીએ હાકલ કરી છે કે આ આનંદ આપનારી કળાજ જો હસ્તગત કરી શકાય તો આપણે સમગ્ર જગતને ઘણો આનંદ આપી શકીએ. અહીં આડકતરી રીતે માત્ર આનંદ માણનારા આપણને સૌ કોઈને સર્જક બનવા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. એક વિવેચક સર્જકધર્મને ચાહે એ તો ખૂબ સ્વાભાવિક કહેવાય. પરંતુ વિવેચક બનવા કરતાં પહેલાં સર્જક બનીને સમાજને આનંદ આપવાનું સૌથી મહત્ત્વનું કાર્ય કરે એવું કહીને તેમણે પોતાના વિવેચક ધર્મને બિરદાવ્યો છે અને સર્જકોને સધિયારો આપ્યો છે તેમજ નવાં ઉગતા-નવસર્જકોને આંગળી પકડીને ઊભા કર્યાં છે. એ એમના વ્યક્તિત્વની સર્વોચ્ચ સિદ્ધિ છે કે જેણે જીવનભર વિવેચક તરીકેનું કાર્ય કર્યું પણ જેના સન્મુખ હંમેશા શ્રીકૃષ્ણનું મૂર્તિમંત ચિત્ર તો જીવનમાં સાક્ષાત્કાર કર્યો છે, જેણે જીવનમાં આ આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો છે, એ આનંદ દરેક સર્જક કળાને જન્મ આપીને પણ અનુભવી શકે છે એવું તેઓ જણાવે છે.

'કવિ દયારામનો અક્ષરદેહ' એ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની કૃતિનું સંપાદન કરનાર રમણલાલ જોશીએ લેખકની વિશેષતા બતાવતા જણાવ્યું છે કે 'ગોવર્ધનરામ નાયકના સ્થૂલદેહ અંગેની ચર્ચા કરવા પ્રવૃત્ત થતા નથી, પણ એના સૂક્ષ્મદેહનું અવલોકન કરવા

પ્રયાસ કરે છે. આ વાત તેમણે શીર્ષકમાં જ સ્પષ્ટ કરી છે. દયારામનો સૂક્ષ્મદેહ એ જ જાણે ચરિત્રનાયકને સ્થાને હોય એમ લાગે છે એવું કહીને તેમણે ગો.મા.ત્રિપાઠીની દયારામ પ્રત્યેનો હકારાત્મક દૃષ્ટિકોણને બિરદાવ્યો છે તો બીજી બાજુ તેઓ એમ પણ જાણાવે છે કે આ પુસ્તકમાં લેખક 'દયારામનું સ્થૂલજીવન દૂષિત હતું કે નહીં તે વિષયે ઉક્ત કારણોને લીધે કેવળ તટસ્થતા અને ઉદાસીનતા રાખી એના ભવ્ય અને મનોહર અક્ષરદેહને' જોવા પ્રયાસ કરે છે.'[૨૪] રમણલાલ જોશીના મતે કોઈપણ લેખકના સ્થૂળજીવનની હકીકતો ગમે તેવી હોય તો પણ એના લખાણમાં ઉચ્ચતા હોઈ શકે છે, જેને લક્ષમાં ન લેવી એ વાચકપક્ષે આત્મઘાત ગણાય તેવું જાણાવીને તેઓ સ્પષ્ટ કરે છે અને તેઓ બીજા વર્ગનાં લેખકોમાં તેનો સમાવેશ કરે છે કે જેમના પુસ્તકોમાં સારા હિતકર વિચારો પ્રકટ કરેલા હોય છે પણ ગમે તે કારણથી તેમનું જીવન રાજસ કે તામસ હોય છે. આ અંગે ભલામણ કરતા રમાણલાલ જોશી તમામ વાચક વર્ગને જાણાવે છે કે 'લેખકોના લેખ સારા હિતકર વિચારોથી પૂર્ણ હોય ને કદાચિત્ તેમનું જીવન બહુ પ્રશંસા કરવા યોગ્ય ન હોય તો તેવા લેખકોના લેખ પણ ન વાંચવા એમને બરાબર લાગતું નથી.'[૨૫] એ દયારામના જીવનની વાસ્તવિકતા પ્રત્યે તેઓ ઉદાસીનતા સેવે છે. રમણલાલ જોશીના સાહિત્યમાં હંમેશા હકારાત્મક દૃષ્ટિકોણ દેખાયો છે. સત્ય ગમે તેટલું કડવું હોય તેઓ સમાજના કોઈ પરંપરાગત પ્રવાહીમાં ઢળી જવાને બદલે સાચી વસ્તુ પ્રત્યે હંમેશા લોકોનું ધ્યાન દોર્યું છે. સાચા લોકોને સાથ-સહકાર આપ્યો છે. ગોવર્ધનરામ મા. ત્રિપાઠીની દયારામ માટેની પ્રશંસાને પોતાના શબ્દોમાં વર્ણવતા રમાણલાલ જોશી જાણાવે છે કે 'દયારામ જેવા કવિએ કેવળ સાંપ્રદાયિકતાથી ભિન્ન રીતે કલાનિર્મિત દ્વારા વૈષ્ણવભક્તિને પ્રજાજીવનમાં પ્રતિષ્ઠિત કરી એ તેમનું જીવનકાર્ય દયારામના સ્થૂલજીવનના દોષોમાં તણાઈ ન જાય એ માટે ગોવર્ધનરામ દયારામના અક્ષરદેહ ઉપર પોતાની વિવેચનપ્રતિભાને કેન્દ્રિત કરે છે અને એ કવિપ્રતિભાનું આંતરદર્શન કરાવે છે.'[૨૬]

અહીં અવલોકનકારે સ્થૂળજીવનથી સૂક્ષ્મજીવન પર હોય છે. એવી હકીકત સ્પષ્ટ કરી છે. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી પ્રત્યે પક્ષપાત ધરાવતા હોય એવું ઘણી જગ્યાએ લાગતું હોવા છતાં તેમની મર્યાદાઓ પણ અવલોકનકારે બહુ સ્પષ્ટ રીતે જણાવી છે. 'દયારામનો અક્ષરદેહ' નાં સંદર્ભે તેઓ જણાવે છે કે 'ગોવર્ધનરામ આ પુસ્તકમાં દયારામના અક્ષરદેહની ચર્ચા કરે છે. પણ તેમણે એ ઉપક્રમ ન રાખ્યો એટલે દયારામને તે સમજ્યા જ નથી અથવા તો દયારામના સ્થૂળ જીવન વિશે તેમને વિરુદ્ધમાં જ કહેવાનું હતું એ જાતનું વલણ બરોબર નથી.'[૨૭]

અહીં રમણલાલ જોશીએ પોતાનો વિવેચકધર્મ બજાવ્યો છે અને માનવતાની રૂએ તેમજ વાચકવર્ગને ધ્યાનમાં રાખીને હકારાત્મક દૃષ્ટિકોણ દ્વારા પોતાની સર્જક તરીકેની ફરજ ઉત્તમ રીતે બજાવી છે તેમજ 'દયારામના અક્ષરદેહને સન્માની શકનાર પણ એમના ક્ષર જીવનને સ્પષ્ટપણે ઉત્તમ કહેવાની તક ન લેનાર ગોવર્ધનરામને તો પછી સાક્ષર કેટલે અંશે ગણવા.'[૨૮] એવું પણ તેઓ કહે છે. વ્યક્તિગત જીવનથી તેમનું આંતરિક જીવન જુદું છે. પરંતુ વાચક કે ભાવકે તેનાં સર્જકધર્મને-આંતરિક જીવનની છાપ જે સાહિત્યમાં ઝીલાઈ છે તેને જ ધ્યાનમાં રાખવી જોઈએ એવું રમણલાલ જોશીના કહેવાનો હેતુ ઘણો વ્યાજબની હોય તેવું લાગે છે, એટલું જ નહી રમણલાલ જોશીની આ બાબત મને ખૂબ સ્પર્શી જાય છે. અન્ય વિવેચકો કરતા રમણલાલ જોશી અલગ તરી આવતા વ્યક્તિ છે. તેમનું વ્યક્તિગત જીવન સૂક્ષ્મ અને સ્થૂળ આ બન્નેમાં ઘણું સામ્ય જોવા મળે છે. નિર્ભયતા, સ્પષ્ટતા, સ્વસ્થતા અને ક્રાંતિકારી વિચારો ધરાવતા હોવા છતાં અન્યની અલગતાને તે વિશાળ હૃદયે સ્વીકારી શકે છે એટલું જ નહિ તેને નહિ સ્વીકારનાર લોકોને પણ સાચી સમજ પ્રત્યે અભિમુખ કરવાનો પ્રયાસ કરે છે.

દયારામના સૂક્ષ્મદેહ વિશે લખનાર ગોવર્ધનરામે તેમના સ્થૂળદેહની કેટલીક બાબતો

પ્રત્યે ઉદાસીનતા સેવનાર લેખકની આ બાબતની ખાસ નોંધ લેતા રમણલાલ જોશીએ ગોવર્ધનરામની અન્ય કૃતિ 'લીલાવતીની જીવનકલા' નું જ્યારે અવલોકન કર્યું ત્યારે તેમાં ગોવર્ધનરામે લીલાવતીની માત્ર સૂક્ષ્મદેહને નજરમાં રાખીને લખેલી કથાની ખાસ નોંધ લીધી છે. અહી લેખકે ઉપસાવેલા લીલાવતીના આંતરચિત્રને પ્રવૃત્ત થતું દર્શાવ્યું છે. રમણલાલ જોશીના મત મુજબ 'લીલાવતીની જીવનકલા' ને તેમણે ચીલાચાલું જીવનકથાની ધાટીથી અલગ દર્શાવ્યું છે. તેમજ અહીં તેઓને ગોવર્ધનરામની લેખનશૈલી પણ ઘણી જગ્યાએ બરાબર લાગી નથી. રમણલાલ જોશી જ્યારે જણાવે છે કે 'પુસ્તકની નાયિકા તે લેખકની પુત્રી લીલાવતી જ માત્ર નથી. પણ અનેક પિતાઓની પુત્રીઓ અહીં નાયિકાને સ્થાને છે.'[૨૯] અહીં રમણલાલ જોશીના વિશાળ દષ્ટિકોણનાં દર્શન થાય છે. કોઈપણ સર્જક માટે રમણલાલ જોશી જ્યારે તેની કૃતિનું અવલોકન કરે છે ત્યારે તેની કૃતિની ઉત્તમ બાબતોને ખૂબ ઉત્સાહપૂર્વક આવકારે છે એટલું જ નહિ તેનું સૂક્ષ્મ અવલોકન કર્યાં બાદ એક એક બાબત વિશે સ્પષ્ટતા કરે છે. જેમકે ઉત્તમલાલના સાહિત્યવિવેચન વિષયક નિબંધો વિશે તેઓ જણાવતા કહે છે કે 'ગોવર્ધનરામના આજ સુધીના વિવેચકોમાં ઉત્તમલાલનું સ્થાન અનન્ય છે. ગોવર્ધનરામ અને 'સરસ્વતીચંદ્ર' વિષેનાં વિવેચનાત્મક લખાણોમાં ઉત્તમલાલના લખાણો કર્તાના આશયને સમસંવેદનાપૂર્વક સમજવા-સમજાવવાના સન્નિષ્ઠ પ્રયાસરૂપ છે. ચિંતનની પ્રૌઢી, વિચારોની સ્પષ્ટતા, વ્યાપક સંદર્ભયોજના, સ્વકીય દષ્ટિબિંદુ, ઝીણી, માર્મિક વિશ્લેષણશક્તિ અને કૃતિના હાર્દમાં પ્રવેશવાની સહજ કુશળતાથી આ લેખો વિશિષ્ટતા ધારણ કરે છે.'[૩૦]

અહીં રમણલાલ જોશીને વિવેચકને તોલવાની સૂક્ષ્મદષ્ટિના દર્શન થાય છે. સર્જકની એક એક બાબત વિવેચકની દષ્ટિથી પર રહેતી નથી, અને ખરેખર એ જ ઉત્તમ અવલોકનકાર છે કે જેનો દષ્ટિકોણ કર્તાને ધ્યાનમાં રાખીને તેની કૃતિને તપાસવાનો હોતો નથી. પરંતુ કૃતિને તપાસતા તેના મય બની જઈને કર્તાને ભૂલી જાય છે અને ત્યારેજ ખરેખર કૃતિનો

સાચો પરિચય મળે છે તેની વિશેષતાઓ તારવી શકાય છે અને મર્યાદાઓ પણ જાણ બહાર રહેતી નથી. રમણલાલ જોશીએ કર્તાને ભૂલી જઈને કૃતિને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે અને તેથી જ તેને સર્જકની વ્યક્તિગત મર્યાદાઓ સ્પર્શી નથી પરંતુ કૃતિગત મર્યાદાઓ કે વિશેષતાઓ વર્ણવવાનું તેઓ ચૂકયા નથી. એ જ તેમની વિશેષતા છે. અહીં રમણલાલ જોશીની વિવેચક, સંશોધક, સંપાદક અને પત્રકારત્વક્ષેત્રની સફર જોતા જે કંઈ વિશેષતાઓ અને મર્યાદાઓ નજર અંદાજ થઈ છે તેને આલેખવાનો પ્રયાસ થયો છે. અહીં તેમની વિશેષતાઓના પ્રમાણમાં તેમની મર્યાદાઓ બહુ ક્ષુલ્લક છે. પારદર્શી વ્યક્તિત્વ ધરાવનાર વ્યક્તિની મર્યાદાઓ પણ વિશેષતા બની જતી હોય છે. જેમકે ગાંધીજીએ પોતાના જીવનમાં ઘાણું ખોટું અને ખરાબ કાર્ય કર્યું હોવા છતાં 'સત્યના પ્રયોગો' લખીને જે સિદ્ધિ હાંસલ કરી છે તે માત્ર ભારત જ નહી વિશ્વક્ષેત્રે તેમને પ્રસિદ્ધિ અપાવી શકી છે, તેમ રમણલાલ જોશીનું વ્યક્તિત્વ પણ સત્યને સ્પષ્ટ રીતે કહેવાનું છે.

અને નેથી જ તેમની સામાન્ય અને ખૂબ ઓછી મર્યાદાઓ જે જોવાનો પ્રયાસ થયો છે તે મર્યાદાઓ પણ વિશેષતા બની જતી હોય છે. તેમણે કયારેય પ્રસિદ્ધ સર્જકો કે નવાં સર્જકો પ્રત્યે ઉલટું અલગ અલગ દૃષ્ટિકોણ સેવ્યો નથી. ઉગતા સૂર્યને પોંખવાનું કાર્ય પણ કર્યું છે. તેમણે સર્જકો પાસેથી વધારેને વધારે લેખો મંગાવીને તેની સર્જન કળાને પોતાના વિવેચન, સંપાદન અને 'ઉદ્દેશ'ના માધ્યમ દ્વારા બિરદાવ્યું છે- ભાવકો સુધી પહોંચાડવાનો ઉમદા પ્રયાસ કર્યો છે. તેમજ તેમની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે હંમેશા શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત પુસ્તકોનો જ આગ્રહ રાખ્યો છે. છીછરા સાહિત્ય પ્રત્યે હંમેશા ઉદાસીનતા સેવી છે. એ બાબત તેમના વિવેચધર્મને સાહિત્ય જગતમાં ઉત્તમ રીતે બિરદાવે છે. ઉમાશંકર જોશીની આ પંક્તિઓ રમણલાલ જોશી માટે સાર્થક લાગે છે.

'મોટાઓની અલ્પતા જોઈ થાકયો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું.'

## પાદટીપ

૧. ભાનુપ્રસાદ પંડ્યા, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૨૮

૨. ડૉ. બહેચરભાઈ પટેલ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૩૯

૩. ભોળાભાઈ પટેલ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૪૫

૪. સુમન શાહ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૬૩

૫. પ્રવીણ દરજી, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૭૦

૬. રસિક જાની, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૧૬

૭. લાભશંકર પુરોહિત, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૨૨

૮. એજન, પૃ. ૨૨૩

૯. પ્રવીણ ક. લહેરી, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૩૪

૧૦. હસુ યાજ્ઞિક, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૩૬

૧૧. સુરેશ દલાલ, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૬૨

૧૨. નીતિન વડગામા, 'સંગત', પૃ. ૮૯, ૯૦

૧૩. એજન, પૃ. ૯૦

૧૪. રમણલાલ જોશી, 'પરિમાણ', પૃ. ૧૭

૧૫. સં. રમણલાલ જોશી, 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ', પૃ. ૧૧, ૧૨

૧૬. સં. રમણલાલ જોશી, 'અક્ષરના આરાધકો-૧', પૃ. ૫૭

૧૭. એજન, પૃ. ૮૨

૧૮. એજન, પૃ. ૮૭

૧૯. એજન, પૃ. ૧૦૬

૨૦. એજન, પૃ. ૨૦

૨૧. રમણલાલ જોશી, 'ગ્રંથની કેડીએ', પૃ. ૧૮

૨૨. રમણલાલ જોશી, 'ગ્રંથનો પંથ', પૃ. ૪૬

૨૩. રમણલાલ જોશી, ઉદ્દેશ : માચ-૧૯૯૧, પૃ. ૨૮૨

૨૪. સં. રમણલાલ જોશી, 'કવિ દયારામનો અક્ષરદેહ', પ્રવેશક, પૃ. ૧

૨૫. એજન, પૃ. ૧

૨૬. એજન, પૃ. ૮

૨૭. એજન, પૃ. ૭

૨૮. એજન, પૃ. ૮

૨૯. સં. રમણલાલ જોશી, 'લીલાવતી જીવનકલા' પૃ. ૮

૩૦. સં. રમણલાલ જોશી, 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ', પૃ. ૧૧

# પ્રકરણ-૭
# ઉપસંહાર

'ગોવર્ધનરામનું સેવન જ જીવન અને સાહિત્ય માટે પૂરતું છે' એવા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ નવલકથાના સર્જક ગોવર્ધનરામ અને તેમના માનસસંતાન સમા પાત્ર 'સરસ્વતીચંદ્ર' નો જેમણે ગહન અભ્યાસ કર્યો છે એવા રમણલાલ જોશીને, ઉમાશંકર જોશીનું મળેલું માર્ગદર્શન અને સાનિધ્ય તેઓના વિવેચનને વિદ્વત્તાના શીખરે પહોંચાડનારનું બન્યું છે. ઉમાશંકર જોશી અને સુન્દરમની છત્રછાયામાં- સાંનિધ્યમાં જેનાં વિવેચને જન્મ લીધો એવા રમણલાલ જોશી માટે સુરેશ દલાલે તેમના વ્યક્તિત્વનો ટૂંકો પરિચય આપતાં જણાવ્યું છે કે 'રમણલાલ એટલે ઉમાશંકરની સમજણ અને સુન્દરમની શ્રદ્ધા' 'કદી ન થાકનારા માણસ' કહીને સુરેશ દલાલે રમણલાલ જોશીની સાહિત્યિક યાત્રાને બિરદાવી છે. જેમણે જીવનને પર્યંત સાહિત્યની સેવા કરી છે, સાહિત્યનું જતન કર્યું અને સાહિત્યની વૃદ્ધિ માટે 'ઉદ્દેશ' ને જીવંત રાખ્યું છે એવા રમણલાલ જોશી ગુજરાતી સાહિત્યનાં વિવેચકોમાં હંમેશા ચિરસ્મરણીય બની રહેશે. તેમના વિવેચનમાં અને જીવનમાં પ્રસિદ્ધ અને પ્રશંસનીય સર્જકોનું પ્રતિબિંબ ઝીલાયેલું દેખાય છે. તેમના સાહિત્યનું ચિંતન હંમેશા ઉચ્ચકોટીનું રહ્યું છે. આવા ઉચ્ચકોટીના સાહિત્યના તેઓએ હંમેશાં આગ્રહ રાખ્યો છે. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ માટે સુન્દરમ્ લખ્યું છે. 'રમણલાલ... કેટલા તો મોટા વિવેચક, કેટલા તો મોટા લેખક, કેટકેટલું એમણે લખ્યું, ગુજરાતી સાહિત્યને આપ્યું! સાહિત્ય જગતમાં એમનો બોલ, એમની આજ્ઞા કોઈ ઉથાપી ન શકે એવો તો એમના વ્યક્તિત્વનો પ્રખર પ્રભાવ!' આ શબ્દો જ તેમના વ્યક્તિગત જીવન અને સાહિત્યિક જીવનની સાબિતી આપનારાં છે. તેમનું આધ્યાત્મિક જીવન પણ અદ્‌ભૂત હતું. કૃષ્ણ તેની રગેરગમાં હતા. જીવનમાં બે વાર તેમને કૃષ્ણનો સાક્ષાત્કાર પણ થયેલો છે. એકવાર રામજીભાઈ કડિયાએ તેમને પૂછેલું. 'રમણભાઈ,

તમે સર્જાતા સાહિત્યના એક ઊંડા અભ્યાસી તથા પ્રખર વિવેચક છો, યુનિવર્સિટી જેવા વિદ્યા જગતના પ્રજ્ઞાપુરુષ છો. તમને મહર્ષિ અરવિન્દના તત્ત્વદર્શનમાં કેવી રીતે રસ જાગ્યો? ત્યારે તેમણે નિખાલસતાથી કહ્યું: 'શ્રી અરવિન્દ દર્શન સમજવું અઘરું છે, અને જીવનના આચરણમાં ઉતારવું તો એથીય અઘરું છે... પણ આપણી સાથે સુન્દરમ્ છે ને! તેમના દ્વારા જેટલું પહોંચાય તેટલું પહોંચવાનું.' શ્રી અરવિંદના અનુયાયી બનવાનો કે કહેવડાવવાનો મોહ તેમણે રાખ્યો નથી છતાં તે યોગદર્શનનો તેમણે અભ્યાસ કર્યો હતો. કવિ સુન્દરમ રૂપી પિયાલો તેમણે ભરપેટ પીધો છે. તેથી તો કવિ સુન્દરમે્ કહેલું: 'મારી સાહિત્યની પ્રવૃત્તિઓના રમણલાલ રખેવાળ છે.' આ સુન્દરમના શબ્દોને તેમણે સુન્દરમ્ ની હાજરીમાં તો સિદ્ધ કર્યાં જ છે. પરંતુ સુન્દરમની ગેરહાજરીમાં પણ સુન્દરમ્ના ઝીણા-ઝીણા અક્ષરો જ્યારે તેમની પુત્રી સુધા સુન્દરમ્ ઉકેલી શકતા ન હતા ત્યારે તેમણે રમણલાલ જોશીની મદદ માગી કેમકે તેઓ પોતે જ અક્ષરો વધારે સારી રીતે ઉકેલી શકે તેમ હતા અને રમણલાલ જોશીએ તેમને દરેક વખતે મદદ કરીને સુન્દરમ્નું ઋણાનુબંધ અદા કર્યું છે. આમ તેઓએ 'સુન્દરમ્ની પ્રતિનિધિ વાર્તાઓ' અને તેમના કાવ્યોના ચયનગ્રંથો પ્રગટ કરીને સાચા અર્થમાં સુન્દરમ્ના સાહિત્યની રખેવાળી કરી છે અને ગુજરાતી સાહિત્ય રસિકોને નવું સાહિત્ય આપ્યું છે, પ્રેરણા આપી છે. આમ તેઓ ગુજરાતી સાહિત્યના હિતરક્ષક, પ્રખર ચિંતક અને અગ્રિમ વિવેચક હતા. યુનિવર્સિટીમાં તેમણે ઘણા વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું છે. કેટલાક ઉચ્ચ પદાધિકારીઓ તેમને ગુરુભાવે નમતા, એવા એ શીલભદ્ર સારસ્વત હતા. છેલ્લા દાયકાઓમાં સર્જાતા સાહિત્યના તેઓ એક ઈતિહાસવિદ્ હતા. શબ્દલોકના આવા રખેવાળની વિદાયનો ખાલીપો સાહિત્યરસિકોને જ નહીં સૌ કોઈને કોરી ખાય તેવો છે. છતાંય ચિરસ્મરણીય બની ચૂકેલા નૂતન સર્જકો માટે પ્રેરણાનો સ્રોત બનેલા રમણલાલ જોશી માટે મનુ રાવળનું દૃષ્ટાંત ટાંકવા જેવું છે.

'૧૯૯૧ના જૂન માસમાં મેં સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી, ગાંધીજીના સંનિષ્ઠ અનુયાયી અને લોકાદરથી સંતનું પદ પામેલા ઉછંગરાવ નવલશંકર ઢેબર લોકલાડીલા 'ઢેબરભાઈ'ની જીવનકથા લખવાનો ઉપક્રમ હાથ ધર્યો હતો. જીવનચરિત્ર લખવાની કોઈ આવડત મને કારગત ન હતી. એટલે હું ત્રણ સાહિત્યકારોને એક પછી એક મળ્યો. ભોળાભાઈ પટેલ, બકુલભાઈ ત્રિપાઠી અને રમણલાલ જોશી ભોળાભાઈએ એક આંગ્લ લેખકનાં જીવનચરિત્ર પરનાં ચાર વ્યાખ્યાનોનું પુસ્તક અને કૃષ્ણ કૃપલાણીનું કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું જીવનચરિત્ર વાંચવાની સલાહ આપી. બકુલભાઈએ પણ ચરિત્રલેખન ઉપર સારું એવું માર્ગદર્શન આપ્યું પણ મેં જ્યારે રમણભાઈને કહ્યું કે સૂંઠને ગાંગડે હું ગાંધી થવા માગતો હોઈ હું કંઈ લેખક નથી કે ઢેબરભાઈનું જીવનચરિત્ર લખી શકું. તેમના અમર શબ્દો આજીવન ભૂલી નહીં શકું. રમણભાઈએ કહ્યું, 'જે લખે તે લેખક' આ ચાર શબ્દોએ લેખનપ્રવૃત્તિમાં મને સાદ્યંત પ્રવૃત્ત કર્યો. રમણભાઈનું ઋણ હું કદાપી પૂરું કરી શકવાનો નથી. ત્યારપછી જ્યારે પણ, જે કંઈ લખવાની હું વાત કરું ત્યારે રમણભાઈ 'લખો' અને 'મોકલો' એ બે શબ્દપ્રયોગથી મને પ્રોત્સાહિત કરતા જ રહ્યા.'[૧]

મનુ રાવળના મત મુજબ તેઓ જણાવે છે કે 'રમણભાઈની સાહિત્યસેવાનું સંપૂર્ણ વર્ણન કરવાની મારી આવડત કે શક્તિ નથી પણ એમના જેવા સાહિત્યકાર અને વિશેષ વિવેચક ગુજરાતી સાહિત્યમાં યુગો સુધી પેદા થશે નહી તે વિષે કોઈ સંદેહ નથી.' આવી વિરલ વિભૂતિ અને ચિરસ્મરણીય સ્થાન સૌ કોઈ ભાવક-રસિક જગતમાં જમાવી શકયા છે એવા રમણલાલ જોશીનું પોતાનું આગવું સર્જન કેમ ચૂકી જવાય! સાહિત્ય અને જીવનવિચારનું માસિક 'ઉદ્દેશ' ૧૫ ઓગસ્ટ ૧૯૯૦ના રોજ શરું થયું અને માસિકને પાંચ વર્ષ પૂર્ણ થયે એના પહેલા પાને ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, કેળવણી, સાંપ્રત, સાંસ્કૃતિક સમસ્યા વગેરે વિશે જુદા જુદા નિબંધો લખવાનું રાખેલ. એ નિબંધોને જુદા જુદા ભાગમાં સંગ્રહિત

કરવામાં આવ્યા છે. આ સંગ્રહિત કૃતિનું નામ છે. 'આદિવચન' જેમાં વિભૂતિવંદના, અધ્યાત્મ-જીવન-સાધના, સાહિત્ય-કેળવણી, સમાજ-લોકશાહી, સાંપ્રત પરિસ્થિતિ, પ્રકૃતિ-ભાવનાસ્પંદ જેવા જુદા જુદા પાંચ વિભાગોમાં આ નિબંધો સમાયેલા છે. વિવિધ વિષયોને આવરી લઈને તેમણે લખેલા આ નિબંધોમાં જીવનનું ચિંતન સમાયેલું છે. જીવનનું સાર્થકય શામાં છે? એવું જાણે કે શોધતા રમણલાલ જોશી 'શ્રી કૃષ્ણ' નિબંધમાં જણાવે છે કે 'ધર્મ-અધ્યાત્મ અંગે જે કંઈ વાંચ્યું-વિચાર્યું એમાંથી એક વાત મનમાં પાકી ગોઠવાઈ ગઈ છે કે સરેરાશ સંસારીજન માટે પ્રેમ, ભક્તિ સિવાય બીજો કોઈ સરળ રસ્તો નથી.'[૨]

આ વાતને જાણે કે રમણલાલ જોશીએ પોતાના જીવનમાં જ ગોઠવી લીધી હતી. શ્રીકૃષ્ણને સર્વસ્વ માનનારા રમણલાલ જોશીએ તેના જીવનપંથમાં અધ્યાત્મની કેડી પર સફર કરવાનું ચાલું જ રાખ્યું હતું. સાહિત્યની સાથે અધ્યાત્મયાત્રા અને સાહિત્યમાં ઝીલાયેલું અધ્યાત્મનું પ્રતિબિંબ સ્પષ્ટ થઈ આવે છે. 'શ્રીકૃષ્ણ' નિબંધમાં 'પ્રેમ' વિષયક ચર્ચા કરતા રમણલાલ જોશીએ 'શ્રીકૃષ્ણ પ્રેમ શું હોય ?' એ પ્રશ્નનો રાધા અને રુકમણિના સ્વપ્નમય સંવાદો દ્વારા જવાબ આપ્યો છે. જે હરકોઈને આકર્ષી જનારો છે. જાણે કે જીવનનું સર્વોચ્ચ સુખ જ આ પ્રેમની દિવ્ય અનુભૂતિ છે. એવું જેણે જીવનમાં અનુભવ્યું છે. તેવા રમણલાલ જોશી તેમના 'સુરદાસ' નિબંધમાં તેની પ્રથમ પંક્તિમાં જ રહેલા કથયિત્વ બતાવતાં કહે છે: 'મેરો મન કહા સુખ પાવે- મારા મનને બીજે ક્યાં સુખ મળે? અને પછી ગંગા છોડીને કૂવો ખોદવા બેસે અથવા તો કામધેનુને છોડીને બકરીને દોહવા બેસે એ જેવો દર્મતિ કોણ હોય ?'[૩]

અહીં રમણલાલ જોશીએ સાચું સુખ પોતાની અંદર પરમાત્મામાં જ રહેલું છે તેવું જણાવીને માણસ સુખ માટે બહાર કેવો, હવાતિયા મારતો હોય છે! એ અધ્યાત્મ વિચારધારાના સૂક્ષ્મચિંતન બિંદુની વાસ્તવિકતાની અહીં પ્રતીતિ થાય છે તો સુન્દરમ્‌ના

સાંનિધ્યમાં જેણે શ્રી અરવિંદ અને માતાજીની દિવ્ય અનુભૂતિનો સ્પર્શ પામવાનો પ્રયત્ન કર્યો છે. એવા રમણલાલ જોશીએ 'શ્રી અરવિંદ' નિબંધમાં તેઓ જાણાવે છે કે 'સમગ્ર જીવન એ યોગ છે.' તેઓ કર્મયોગના વિરોધી નથી. નૈર્ષ્મણ્યનો તેમણે કયારેય મહિમા કર્યો નથી. તેમણે તો પ્રતિપ્રવૃત્ત કર્યું છે કે યોગમાં સ્થિત રહીને કર્મ કરવાનું છે, પ્રભુના ચરણ તરીકે કર્મ કરવાનું છે. કર્મ અને ધર્મ વિષયક ચર્ચા કરતા વિશાળ ગજાના વિવેચક કોઈ મહાન તત્ત્વચિંતક જેવા લાગે છે. 'જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિ:' નિબંધમાં લેખકે મનુષ્યજીવનની કરુણતા વ્યક્ત કરી છે તો 'આનંદો બ્રહ્મતિ: કળાનો આનંદ, આનંદની કળા' નિબંધમાં તેમણે દુન્યવી ચીજોથી મળતા આનંદને નિરર્થળ-સ્થૂળ-ક્ષણિક બતાવ્યો છે. જીવનનો સાચો આનંદ કે જે શાશ્વત છે, જે અવિનાશી છે એવા દિવ્ય આનંદને લેખકે હંમેશા સ્વીકાર્યો છે એટલું જ નહી રસિકો-ભાવકો-વાચકોને પણ આવા દિવ્ય અને પરમ આનંદની પ્રાપ્તિ થાય તેવા હેતુથી પોતાના આધ્યાત્મિક વિચારોને નિબંધમાં ગૂંથીને મૂકયા છે. જીવનમાં લેવાતા તમામ નિર્ણયો માટે કે જીવાતી જીવનશૈલી માટે માણસ જ જવાબદાર છે એવું પોતાના નિબંધમાં પ્રતિપાદિત કરતા રમણલાલ જોશીએ 'સઘળી પરિસ્થિતિનો જીવતો જવાબ: માણસ' નામના નિબંધમાં માણસને જ જવાબદાર ઠેરવ્યો છે. તેઓ પોતાના નિબંધમાં 'આ મહાન દેશમાં, 'માણસો' કયાં ગુમ થઈ ગયા? કયાં છે 'માણસો ?' જેવા પ્રશ્નો દ્વારા હાડ-માંસ સાથે હરીફરી રહેલા માણસોમાં જાણે માનવતા શોધી રહ્યા છે. રમણલાલ જોશીનો 'માનવતા' માટેનો ઉલ્કાપાત, સઘળા સાહિત્ય માટેની ચિંતા, અને ઉત્તમ પુસ્તકોના પ્રકાશન અંગેની વ્યાકુળતા તેના સમગ્ર સાહિત્યની સફર કરતાં ચોકકસ જણાઈ આવે છે. દેશની આર્થિક કે સામાજિક અંધાધૂંધી પાછળ જવાબદાર 'માણસ' ને સારા સાહિત્યની ભૂખ જગાવવા સારું સાહિત્ય પીરસવું- એવું સર્જક જગતે કરવા જેવાં કામ બાબતે તેઓ ઘણીવાર ચિંતીત જણાય છે. તેથી જ તેઓ 'જીવનસાધના: શ્રદ્ધા એક મોટું મૂલ્ય'માં જાણાવે છે કે 'જીવનમાં કશુંક મેળવવાની ઈચ્છા રાખનારને હરહંમેશ ' અહમ્ હું'ને વિનીત કરતા જવાનું છે. સતત

આત્મપરીક્ષા દ્વારા એ શક્ય બને. અંતરના દ્વારે સતત ચોકી પહેરો રાખ્યા વગર એ શી રીતે શક્ય બને? ઠોકરો ખાવાના, ગબડી પડવાના પ્રસંગો પણ આવે, સાધના પ્રવાહ કુંઠિત થતો પણ લાગે, શ્રદ્ધાના પાયા ડગમગતા જણાય, પ્રલોભનોની વણજાર ખેંચાખેંચ કરી મૂકે. પણ જે ખડકની જેમ અડગ ઊભો રહે છે તે જ જીવનની સાચી સાર્થકતાનો અનુભવ કરી શકે છે. પરમતત્ત્વમાં શ્રદ્ધા રાખી અહર્નિશ ઉત્કટતાથી છતાં નિરહંબુદ્ધિએ જે ધ્યેય તરફ ગતિ કરતો રહે છે તે જ જીવનની સાચી ઉપલબ્ધી પામી શકે છે.'[૪]

જીવનમાં આવતી ચડતી-પડતી વચ્ચે પણ તેમની શ્રદ્ધા ડગતી નથી જેનો વિશ્વાસ અખૂટ રહે છે. એવા નક્કર ધ્યેય રાખનારને આત્મપરીક્ષાની અગ્નિપરીક્ષામાંથી પાસ થવું પડે છે અને છતાંય તેઓ ડગતા નથી. આવા ઈશ્વરીય વીર પુરુષોની વાત કરી છે. તેઓ જણાવે છે કે તેમણે અંગ્રેજીમાં વાંચેલું છે કે 'પ્રિય પાત્ર તમોને પ્રિય છે તે એના કારણે નહિ પણ એનામાં જે આત્મતત્ત્વ છે એના કારણે પ્રભુ-પ્રેમ મનુષ્ય-પ્રેમનો વિરોધી નથી પણ કઈ ચેતનામાંથી એ રગવે છે, એની ઉપર આધાર છે. 'અતઃ સાવધાન' નિબંધમાં રમણલાલ જોશીએ ટાંકેલા આ શબ્દોમાં 'માનવીય પ્રેમ' અને 'પ્રભુપ્રેમ'ની વાત કરી છે ત્યારે 'પ્રભુપ્રેમ' જેટલો જ મહત્ત્વનો, ઉચ્ચ કક્ષાનો અને આદર્શ 'માનવપ્રેમ' ને બતાવ્યો છે. પરંતુ આ 'પ્રેમ' જો શુદ્ધ અને આત્માનો આત્મા સાથેનો હોય તો! અહીં લેખકે પ્રેમના ઉચ્ચ આદર્શને દર્શાવ્યો છે, તો 'ભક્ત-વિરહ-કાતર કરૂણામય' નિબંધમાં લેખકે દુન્યવી પ્રેમ અને દૈવી પ્રેમ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો છે. પ્રભુના પ્રેમની એ પુંજી બતાવતાં લેખક કહે છે કે 'એનો પ્રેમ બિનશરતી છે.' તો બીજી બાજુ 'ચક્રનેમિ' નિબંધમાં આ લાગણી માયા શબ્દ વિશેની માયાજાળ સ્પષ્ટ કરતાં લેખક જણાવે છે કે, 'જીવનમાં દરેક વસ્તુની કિંમત ચૂકવવી પડે છે. જે સહેલાઈથી મળે છે. એ સહેલાઈથી ગુમાવાઈ જાય છે. એટલે જીવનની સાધના આ દ્વન્દ્વોથી પર જવામાં રહેલી છે. એની આડેની પારાવાર મુશ્કેલીઓને આપણા દાર્શનિકોએ

'માયા' ને નામે ઓળખાવી છે. આ 'માયા' પણ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થઈ છે અને પરમાત્માની મદદથી જ એને પરાજિત કરવાની છે.'[૫]

દરેક વસ્તુપ્રત્યે માણસનો દષ્ટિકોણ વિધેયાત્મક હોવો જોઈએ એવો આગ્રહ રાખનાર રમણલાલ જોશીનાં વ્યક્તિત્વનાં આદર્શ ગુણનો પણ અહીં પરિચય થાય છે. એક વ્યક્તિ તરીકે, દેશના એક નાગરિક તરીકેની આપણી ફરજ પ્રત્યે આપણને જાગૃત કરતા 'સહિષ્ણુતા' નિબંધમાં તેઓ લખે છે કે, 'એક નાગરિક તરીકે, એક મનુષ્ય તરીકે આપણી પણ જાહેર બાબતોમાં ફરજ છે એ ભૂલવું ન જોઈએ અને ધીરજપૂર્વક સૌમ્યતાથી છતાં આંતિરિક તાકાતથી, જ્યાં હોઈએ ત્યાં જૂઠ અને અસત્યનો સામનો કરવો એ કર્તવ્ય થઈ રહે છે. સામે પક્ષે ક્રાંતિકારી થવાના ભ્રમમાંથી જ્યાં ને ત્યાં સમજ્યે વગર સમજ્યે વિરોધ કરવો તે સહિષ્ણુંતા નથી. જે સાચું હોય, સમાજને ઉત્કર્ષકારક હોય ત્યાં સહકારનો હાથ લંબાવવો જ જોઈએ. વંધ્ય વિરોધ વ્યક્ત અને સમાજને હાનિકારક છે. મનુષ્યનો અભિગમ વિધેયાત્મક હોવો જોઈએ. છેવટે સહિષ્ણુંતા એ સજ્ઞાન પ્રવૃત્તિ છે, માણસની આંતરિક તાકાતમાંથી ઉદ્ભવેલો શીલનો મહાન ગુણ છે. એ સતત સ્મરણમાં રહે તો પ્રજાકીય ઉત્કર્ષમાં વ્યક્તિ પોતાનું યોગદાન આપી શકે.'[૬]

અહીં વ્યક્તિ તરીકે સાચી ફરજ પ્રત્યે અભિમુખ કરવાનો લેખકનો પ્રયત્ન સાર્થક રહેલો જણાય છે. 'પંચમહાવ્રત' નિબંધમાં તેઓએ સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ વ્રતોની વાત કરીને જીવનમાં તેનું મહત્ત્વ બતાવ્યું છે. અહીં ગાંધીજીના આદર્શને જીવનમાં ઉતારવાનો લેખકનો આગ્રહ ઉત્તમ રહ્યો છે. 'અતિથિ દેવો ભવ:'ની ભાવનાને આવકારતા લેખકે 'મધુપર્ક'માં પાંચ દ્રવ્યો: દહીં, ઘી, પાણી, મધ અને ખાંડ આ પાંચના મિશ્રાણથી બનેલો મધુપર્ક અતિથિઓના સત્કારમાં આપણે ઉપયોગ કરીએ છીએ તેવું કહીને તેમણે પોતે પોતાના જીવનમાં આ ભાવનાને ચરિતાર્થ કરી છે. અતિથિઓને તેઓ ખૂબ સત્કાર કરતા એ તેમના જીવનકાર્ય ને તપાસતા અવારનવાર માલૂમ પડે છે. અહીં

રમણલાલ જોશીને પારદર્શી સાહિત્યકાર કહેવાનું મન થાય છે તેનું જીવન અને કવન તેના સાહિત્યમાં જે રીતે પ્રતિબિંબિત થયું છે. તેમાં કયાંય ખોટા બ્રહ્માંડ બરો કે ડોળ કરવાનો પ્રયત્ન નથી તેના વ્યક્તિત્વના તમામ ગુણો સાહિત્યમાં મુખરિત થયા છે, તેઓ જેવા છે તેવું જ તેમણે લખ્યું છે અને તેવું જ તેમનું જીવન છે. 'સાહિત્ય શું માત્ર મનોરંજન માટે છે?' નિબંધમાં લેખકે સસ્તીલોકપ્રિયતા અપાવનાર સાહિત્ય કે શ્રોતાઓના બહિર મનની સપાટી આગળ શબ્દોના છળછળીયા જેવી બાબતો માટે ચિંતા પ્રગટ કરી છે. સસ્તા મનોરંજનથી લોકો ગેલમાં આવી જાય કે તાળીઓનાં ગડગડાટ કરે પરંતુ લેખક કહે છે આવી કવિતાભાસી ઉક્તિઓ સાંભળવામાં કદાચ તત્ક્ષણ આનંદ મળતો હશે પણ એ ઉક્તિ-વૈચિત્ર્ય સાહિત્યિક હોતું નથી, એટલું જ નહી પણ લેખક તો ત્યાં સુધી કહે છે કે એ ઘણીવાર વ્યાકરણની દૃષ્ટિએ દૂષિત હોય છે, આવું કહેતા તે આપણને ચેતવણી આપતા કહે છે કે 'જેમને સાહિત્ય માટે થોડો પણ સાચકલો પ્રેમ હોય એમણે આ માર્ગમાંથી ખસી જવું જોઈએ. સાહિત્ય મનુષ્યચેતનાને ઊંડાણથી સ્પર્શે છે.'[૭]

'આગ્રહ દુરાગ્રહ' નિબંધમાં આગ્રહનું સ્વરૂપ બરાબર ન સમજ્યાને કારણે માણસ દુરાગ્રહી બની જતો હોય એવું જણાવ્યું છે. તેઓના મત મુજબ દુરાગ્રહ એ બિલકુલ ઈચ્છવા યોગ્ય નથી, 'સારી વસ્તુનો આગ્રહ હોય પણ દુરાગ્રહ તો ન જ હોવો જોઈએ' એ કહીને તેઓ જરાવે છે કે જીવનમાં એક જાતની સમાધાનવૃત્તિ પણ જરૂરી છે. માનવીય જીવન જીવવાની કળા કે શૈલી વિશે ચિંતીત લેખકે 'જીવવાનો સાચો આનંદ આપણે અનુભવીએ છીએ ખરા ?' નિબંધમાં આપણી વર્તમાન જીવનપદ્ધતિમાં કયાંય કશીક મુશ્કેલી હોય, તેવું જણાવે છે. તેઓ કહે છે કે, 'આપણી વર્તમાન જીવનપદ્ધતિમાં ક્યાંક કશું બગડ્યું છે. જીવનની દરેક ચીજમાંથી રસ ચૂસવાની કુશળતા ઓછી થઈ ગઈ છે.' આ શબ્દો દ્વારા જીવનને જીવવાની સાદી-સરળ અને છતાં ઉચ્ચગુણવત્તાવાળી જીવનશૈલી વિષયક લેખકે

અહીં ચર્ચા કરી છે. 'શું આપણી કશી નિસબત નથી.' નિબંધમાં તો તેઓ સ્પષ્ટ જણાવે છે કે, 'ચાલે-છે-તેમ ચાલવા દો' વાળી વૃત્તિએ સમાજને ઘણું નુકશાન કર્યું છે. ગમે તે સ્થાને હો, ગમે તે વયના હો, ગમે તે સામાજિક મોભો ધરાવતા હો પણ ભારતીય સમાજના તમે એક ઘટક છો એ ભૂલવાનું નથી. નાગરિકને ના તે તમારી નિસબત હોવી જોઈએ. પરિસ્થિતિમાંથી પલાયન કરી જવું (એસ્કેપ કરવું) સહેલું છે પણ એનો સમગ્ર શક્તિથી સામનો કરવો મુશ્કેલ છે. આ 'મુશ્કેલ' કાર્ય કરવામાં જ માનવીય ગૌરવ રહ્યું છે.'૮

આ ઉપરાંત રમણલાલ જોશીએ 'મૈત્રી', 'પ્રકૃતિ',; સમય' જેવા વિષયોને આવરી લઈને પણ નિબંધો લખ્યા છે. 'પશ્ય દેવસ્ય કાવ્યમ' નિબંધમાં કવિએ પ્રકૃતિને 'પ્રભુનું કાવ્ય' કહ્યું છે. અહીં આપણે તે તરફ દૃષ્ટિપાત નથી કરતાં એ અંગે અંગુલિનિર્દેશ કરતાં કવિ કહે છે. કે 'આપણા સામાજિક રિવાજો અને ધાર્મિક વિધિઓમાં પ્રકૃતિ સાથેના અનુસંધાનની જોગવાઈ હતી. એ બધું તો જાણે ભૂતકાળ બની ગયું છે. આપણે સતત દોડીએ છીએ. આપણી ગતિ શાના તરફ છે એનો વિચાર કરતા નથી. ભારે ધમાલવાળા જીવનમાં આકાશમાં ફેલાતા રંગો કે ધોધમાર વરસતો વરસાદ કે ઉષાની અરુણિમા કે સંધ્યાની લાલિમા જોવા માટે આપણે એક ક્ષણ પણ થોભતા નથી.'૯

'પ્રભુ પ્રેમ' ને જીવનનો આનંદ ગણાવનાર રમણલાલ જોશીએ 'મૈત્રી' નિબંધમાં મૈત્રીને જીવનનો 'સર્વોચ્ચ આનંદ' ગણાવતાં કહે છે કે, 'મૈત્રીમાં હૃદયની ઘણી ગ્રંથિઓ ભેદવાની રહે છે, અહંકારનું વિગલન કરવાનું છે. સામા માણસની ભૂમિકાએ આવીને એને પ્રેમ કરવાનો હોય અને તે પણ કશા બદલાની અપેક્ષા વગર. પ્રેમ ખાતર પ્રેમ, એટલે જ સૌ સંબંધોમાં મૈત્રી સંબંધ સર્વોપરી છે. આમ 'મૈત્રી'ના ઉચ્ચ આદર્શને તેઓએ શબ્દદેહ માત્ર સાહિત્યમાં આકારિત કર્યો છે. એટલું જ નથી. જીવનમાં આ શબ્દ ને સાકાર કર્યો છે. 'રમણલાલ એટલે મૈત્રીના માણસ' એવું કહેવામાં કશીક સાર્થકતા સમાયેલી હોય એવું જરૂર

જણાય છે. ખાસ કરીને 'ઉદ્દેશ'ના માધ્યમ દ્વારા તેઓ અનેક લોકોના સંપર્કમાં આવ્યા નવાં સાહિત્યકારો અને નૂતન સાહિત્યિક ઘટનાઓથી સતત માહિતગાર રહ્યા જેનો લાભ તેઓ 'ઉદ્દેશ'ના માધ્યમ દ્વારા સમગ્ર સાહિત્ય રસિકો સુધી, ભાવકો સુધી પહોંચાડી શકયા, સર્જકોને ફોન કરીને પણ તેમની પાસેથી લેખો મગાવવાના તેમણે પ્રયત્નો કર્યા. 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' રમણલાલ જોશીનું સંપાદન ક્ષેત્રે ખૂબ મહત્ત્વનું યોગદાન છે. આ ગ્રંથકાર શ્રેણી તૈયાર કરવા માટે તેઓ ઘણાં સર્જકોના સંપર્કમાં આવ્યા, કેટલાંય સર્જકો પાસે તેમણે ગ્રંથકાર શ્રેણીમાં સમાવિષ્ટ સર્જકો વિશે લેખો પણ લખાવ્યા. આમ 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' અને 'ઉદ્દેશ' તેમના જીવનના મહત્ત્વના માધ્યમો રહ્યા કે જેના દ્વારા તેમણે સાહિત્યના વિવિધ વિષયો સર્જકોનો પરિચય મેળવ્યો અને ખૂબ વિશાળ સાહિત્યિક સૃષ્ટિમાં પોતાના જીવનનું સાર્થકય જીવનપર્યંત જોઈ શકયા. રમણલાલ જોશી ખૂબ ચોકકસ સ્વભાવના આગ્રહી અભ્યાસનિષ્ઠ અને પ્રતિક્ષણ ઉગતી પ્રતિભા ગણાતા હતા. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રમાં વિવેચક પદે પોતાનું સ્થાન શોભાવનાર તેઓ વિદ્યાર્થીઓને લોહચુંબકની માફક સદા આકર્ષતા રહ્યા મોટી મૂડી સાથે આરંભાયેલું  તેમનું અધ્યાપનકાર્ય આદિથી ઉચ્ચ કોટીનું રહ્યું.

અમદાવાદની ગુજરાતી સાહિત્ય સભાને વર્ષભરનાં પુસ્તકોની સમીક્ષાનું કામ સોંપી વિવેચકપદે પોતાની સંસ્થાની મહોર મારી છે. પોતાના મનનશીલ અધ્યાપનથી, પોતાની વાકછટાથી પોતાની વકતૃત્વશક્તિથી અને અભ્યાસવિષયની તલસ્પર્શી રજૂઆતથી તેમણે વિદ્યાર્થીઓ પર ભૂરકી નાખી દીધી હતી. વિવેચક તરીકેની તેમની પ્રતિભાથી ઉપસેલી તેમની પ્રતિષ્ઠાથી અને મર્મયુક્ત વાકછટાથી તેમ જ મિલનસાર સ્વભાવ તેજસ્વી વ્યક્તિત્વ અને કોઈની શેહ વિના સાચું સંભળાવવાની હિંમતવાન મનુષ્ય તરીકેની તેમની છાપથી પ્રવેશ શોધતા, પાશ્ચાત્ય વિવેચન સાહિત્યનું વાચન પણ એમની રસવૃત્તિને ઘડે છે. સામી વ્યક્તિ પર તેમનો વિશ્વાસ ઠરતો પાશ્ચાત્વ કાવ્યતત્ત્વચિંતકોનો ઊંડો પરિચય કેળવવાની તક એમને

સાંપડી ન હતી અને એમનો રાજસી સ્વભાવ એમને વિવિધ પ્રવૃત્તિઓનાં કેન્દ્રોમાં લઈ ગયો હતો અને ત્યાં તેઓ સારી પ્રતિભા સ્થિત કરી શકે તે માટેની તેમની ઉત્કટ પ્રયત્નશીલતાને કારણે પણ કદાચ તેઓ તાત્ત્વિક અભ્યાસ તરફ ન વળી શકયા હોય તેવું બને. તેમનો સાહિત્ય પ્રત્યેની રુચિ ને તેમના મિત્રો અને તેમનું સાહિત્યનું વાચન- એટલે કે પુસ્તકોની મૈત્રી એ પોષી છે. 'ઉદ્દેશ'ના તેમના કાર્યાલયમાં પુસ્તકોની વચ્ચે નેતા બનીને ઊભેલા રમણલાલ જાણે હારબંધ ગોઠવાયેલા એક એક પુસ્તકને જઈને પૂછતા ન હોય! એવું રેખાંકિત ચિત્ર તેમાના કાર્યાલયની છબીચિત્રમાં દેખાઈ આવે છે. વિદ્વાનો- સર્જકોની વિદ્વતાયુક્ત સાહિત્યકૃતિને ચાહનાર- અવલોકન કરનાર રમણલાલ જોશીએ પુસ્તકોને ખરા દિલથી ચાહ્યા છે.

રમણલાલ જોશી વિશે મહેશ દવેના શબ્દો નોંધવા જેવા છે. 'એમનામાં આછો આછો આધ્યાત્મિક રંગ પણ ખરો. એ સિવાય 'સુન્દરમ્' કે 'મકરન્દભાઈ' સાથે અનુબંધ કેવી રીતે બંધાય. અવારનવાર નંદીગ્રામ અને પોંડિચેરી જતા. રમણલાલ જોશીની પ્રતિભામાં અનેક તત્ત્વો ઓગળી જઈને સાથે રહેતાં હતાં. પંડિત, અધ્યાત્મમાર્ગી, સાહિત્યના પોલિટિકસથી ધીર, કર્મઠ અને સ્નેહાળ સજ્જન. આવી વ્યક્તિઓનો યુગ આથમતો જાય છે. એ યુગના છેલ્લા પ્રતિનિધિઓમાંના રમણલાલ એક હવે ગુજરાતી વિવેચકોમાં એમના જેવા ભાગ્યે જ મળશે.'[૧૦]

સામાન્ય રીતે આપણે એવું સાંભળતા હોઈએ છીએ કે વિવેચક સર્જકને વખોડી કાઢવાનું કામ કરનાર હોય છે. પરંતુ વિવેચક ખરા અર્થમાં સાહિત્યની ઉત્કૃષ્ટતા વધારનારું છે. વિવેચકનો ધર્મ ઉત્કૃષ્ટ સાહિત્ય સમાજ સુધી પહોંચાડવાનો હોય છે, સર્જકને પોતાની ભૂલો તરફ અંગુલિનિર્દેશ કરીને તેમની ભૂલો પ્રત્યે સજાગ કરવાનો હોય છે, તેમજ તેઓની સારી બાબતોને છાવરીને તેમને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડવાનો હોય છે. સુન્દરમ્ વિશે

રમણભાઈના શબ્દો 'ઉદ્દેશ'ના સ્મૃતિગ્રંથમાં રામજીભાઈ કડિયાએ નોંધ્યા છે, જે નોંધવા જેવા છે, 'સુન્દરમ્‌ના હૃદયને સ્પર્શેલા રમણભાઈ કહેતા: આપણને સૌને જાતજાતના વિચારો આવે છે, પણ સુન્દરમ્‌ને આવતા વિચારો- 'મે આઈ કમ ઈન સર ?' કહીને આવતા હોય તેવું લાગે છે.' તેઓ સુન્દરમ્‌ના અંગત મિત્ર હોવાથી જ તેમનાં વિચારો વિશે પણ કહી શકતા હતા અને તેથી રામજીભાઈ કડિયાએ તેમને 'ખુલ્લા મનના માનવી' કહ્યા છે. માતાજીની ખુલ્લા થવાની વાત તેમણે વારંવાર સાંભળી છે અને જીવનમાં ઉતારવાનો પણ પ્રયત્ન કર્યો છે. તેથી જ તેઓ કહેવાની વાત વિના સંકોચ બહુ સ્પષ્ટ કહી દેતા. તેઓ કોઈ દંભ, આડંબર કે ઔપચારિકતા વિના ખુલ્લા મને પોતાનો અભિપ્રાય આપતા.

**૦ 'વિવેચનની પ્રક્રિયા' અને વિવેચક રમણલાલ જોશી વિષયક સુમન શાહના પ્રતિભાવો.**

વિવેચન ક્ષેત્રે રમણલાલ જોશીએ જે કંઈ કાર્ય કર્યું છે તેમાં 'વિવેચનની પ્રક્રિયા' પર તેઓએ વિશેષ પ્રભાવ પાડ્યો છે. સર્જાતા સાહિત્ય સાથે પરમ્પરાગત પદ્ધતિના કોઈ વિવેચકને આજે કશી લેવાદેવા છે ખરા? એવા પ્રશ્નનો જવાબ આજે તો એકમાત્ર રમણલાલ જોશીનું નામ આપીને જ આપી શકાશે. તેઓના શબ્દોમાં જોઈએ તો, 'સાહિત્ય સમગ્ર વિષય બનાવતી સમાહારપ્રધાન અને સર્વલક્ષી પરામ્પરા પ્રાપ્ત વિવેચન પ્રવૃત્તિ આજે અસ્ત થવામાં છે ત્યારે રમણલાલ જોશી જેવા સાતત્યપૂર્ણ સક્રિયતા દાખવતા તેના પ્રતિનિધિનું નામ ઐતિહાસિક મહત્તા પણ પ્રાપ્ત કરે છે.'

પરબ: ૧૯૮૧-૮૨ પૃ.૬૬૯ વિવેચન જ્યારે પતનોન્મુખ દશામાં જ્યારે ગરકાવ થઈ રહ્યું હતું ત્યારે આવા રમણલાલ જોશી જેવા પ્રશિષ્ટ વિવેચકો એ સાહિત્યક્ષેત્રે વિવેચનને ઉજાગર કર્યું છે. કૃતિ અથવા તો તેના કોઈ એક જ લક્ષણને સામગ્રી બનાવીને વિવેચનાને વધુને વધુ સંગીન, ચોકકસ અને ફળદાયી બનાવવાનો પુરુષાર્થ પ્રારંભાઈ ચૂકયો છે. તો

કેટલીકવાર તેઓ રમણલાલ જોશીની મર્યાદા બતાવતા કહે છે, ‘અભીપ્સા’ થી ‘વિનિયોગ’ સુધીના આ અગાઉના છયે વિવેચન સંચયોમાં જે ઊડીને આંખે વળગે તેવી વાત છે. તે એ કે રમણલાલે સિદ્ધાન્ત- વિવેચન બહુ થોડું અને જવલ્લે જ કર્યું છે. સુમન શાહના મતાનુસાર રમણલાલે પોતાના વિવેચનાત્મક પુરુષાર્થ વડે ખુશીથી પોતાને વિશેના એવા અભ્યાસની તક પૂરી પાડી છે. તે નોંધપાત્ર લેખાવું ઘટે, તેમની એવી ખુશીમાં તેમની પોતાની સાહિત્ય સમજ અંગેની તથા વિશેષે તો વિવેચન- સમજને વિશેની ભારોભાર આત્મશ્રદ્ધા પ્રગટી છે. સ્વકીય અધિકૃતતાનો તેમાં એક રણકાર ભળ્યો છે. વિવેચન જગતના આવા વિશાળ પટાંગણમાં પરમ્પરાનો કોઈ પ્રતિનિધિ લગભગ વિપરીત વાતાવરણ વચ્ચે, આમ અડીખમ ઊભો રહે એ ઘટના જ સાહિત્ય ક્ષેત્રના મનોસ્વાસ્થ્યને સૂચવે છે. સુમન શાહે રમણલાલની આ વિવેચનાત્મક કલાને પરમ્પરાગતો અને આધુનિકો વચ્ચેના મિલનનું એક આગવું ‘મિટિંગ પોઈન્ટ’ કહ્યું છે. આ ઉપરાંત સુમન શાહે રમણલાલ જોશીના વિવેચનના ત્રણ તારણો કાઢયા છે અને એ ત્રણ તારણો જ તેમના લેખની નોંધપાત્ર ફળશ્રુતિ છે. એવાં તારણો પર તેઓ અનેક છંદોબદ્ધ રચનાઓની શોધ પછી તેમજ તે તે છંદોનાં કાવ્યોપકારક સામર્થ્યોને માણ્યા-પ્રમાણ્યા પછી આવ્યા છે. એમ ઉમેરવું ઘટે તેઓના મતે સમગ્ર લેખ રમણલાલ જોશીની આવશ્ય સંશોધન અને ઊંડી અધ્યયન વૃત્તિનો સારો એવો પરિચાયક બન્યો છે. તેઓના મતે છેલ્લા દાયકાના સાહિત્યની પ્રયોગશીલતા કે આધુનિકતાની નોંધ લેતા હોય ત્યારે પણ તેઓ માત્ર આધુનિક કૃતિઓને જ સ્પર્શે એમ નથી બનતું. તો બીજે છેડે, તેઓ માત્ર પરમ્પરાગત કૃતિઓને જ વર્ણવે એમેય નથી બનતું. તેમની સમાહારપ્રધાન સર્વલક્ષિતામાં નવોન્મેષ અને ઉન્મેષ બેયને સ્થાન છે અને તેથી જ તેઓ મુનશી કૃત ‘કૃષ્ણાવતાર’ના પાંચમાં ખંડને કે ‘ગોવર્ધનરામની શૈલીની યાદ આપતી વજુભાઈ મહેતાની ‘એક દીપ જલે અંતરમાં જેવી કૃતિઓને ‘સાહિત્યની કોટિએ પહોંચે એવી નવલકથાઓની યાદીમાં સામેલ

કરે છે તો આઠમાં દાયકાની કવિતાની વાત કરતાં રાજેન્દ્ર શાહ કે મનસુખલાલ ઝવેરીને વિશે પણ તેઓએ આ દાયકામાં લખ્યું માટે- નિર્દેશો આપવાનું ચૂકતા નથી. સુમન શાહ જણાવે છે કે 'આવી પ્રચુરતા તદ્વા તદ્વા પ્રવેશેલી નથી, વિવેચકની સમગ્ર પ્રવૃત્તિમાં પડેલા ઈતિહાસ-લક્ષી પરિમાણનું પરિણામ છે.'

રમણલાલ જોશીની કૃતિલક્ષી અને કર્તાલક્ષી વિવેચનવિષયક લેખોની આ તરેહોમાં ઈતિહાસલક્ષિતાનો પ્રવેશ થતાં, પ્રવાહ દર્શન કે વલણવૃત્તિઓની બહુશ: યથાર્થ હકીકતો આપતી નોંધો જેવા લખાણો મળે છે; તો કેટલીકવાર સુમનલાલ શાહ, રમણલાલ જોશીની મર્યાદા તરફ પણે અંગુલિનિર્દેશ કરતા કહે છે', 'આધુનિક વિવેચન' લેખ વિવેચનમાંની આધુનિકતા ચર્ચતો નથી પણ સમકાલીનો અને આધુનિકોના વિવેચનસંગ્રહોનો ટૂંકો લાંબો સાર પીરસી રહેતા 'ગુજરાતી વિવેચન સાહિત્ય: ૧૯૭૮-૭૯' લેખ કરતા, એમાં રજૂ થયેલા મર્યાદાના મુદ્દાને કારણે રણકતો બની રહે છે. જેમકે આધુનિક સર્જકોની તુલનાએ તેઓ આધુનિક વિવેચકોને વિશે અહીં ભારે ફરિયાદો લઈ આવ્યા છે. એમના આ મુદ્દા ગમે તેટલા ચિન્ત્ય અને ચર્ચાસ્પદ હોય તો પણ તે રજૂ કરીને રમણલાલ જોશીએ એક પરમ્પરાગત પદ્ધતિના વિવેચકની હેસિયત ગુજરાતી વિવેચનની પ્રવર્તમાન અવસ્થાની અમુક એક દિશા સામે જાણે રીતસરનો મોરચો માંડ્યો છે. તેઓના વિવેચન વિશે સારાંશ આપતા સુમન શાહ જણાવે છે કે, 'રમણલાલ જોશીના તમામ વિવેચનાત્મક પુરુષાર્થને પ્રમાણવા માટેની એમાં ભૂમિકા છે, તો નવલરામની પ્રારંભાયેલી વિવેચન પરંપરામાં ઉમેરણ સમો એમાં એક વૈયક્તિક ઉદ્રેક પણ છે. જીવન, સાહિત્ય અને સંસ્કૃતિને વ્યાપક સંદર્ભોમાં રાખી, કલાના સર્વસામાન્ય અને સર્વમાન્ય ધોરણોની પીઠીકાએથી કૃતિઓનું નિરીક્ષણ-પરીક્ષણ કરતી આ પરમ્પરાને 'વિવેચન' એટલે છેવટે તો વિવેક' એવી કોઈ નિસ્યન્દની સમજના બિન્દુઓ પામી શકાય. સ્થિર કરી શકાય.'[૧૧]

વિદ્વત્તાયુક્ત વિવેચન કરનાર રમણલાલ જોશીએ સંશોધન ક્ષેત્રે જે સિદ્ધિ દર્શાવી છે તે વિશેષ નોંધવાલાયક છે. ગોવર્ધનરામ ત્રિપાઠીના સમગ્ર વાઙ્મયને, જીવનને એમણે આત્મીયતાથી ઓળખ્યું હતું. એટલું જ નહિ તેમણે આત્મસાત્ કર્યું હતું. સિતાંશુ યશશ્ચંદ્રના મતાનુસાર ગોવર્ધનવાઙ્મય અને જીવન વિષે રમણલાલ જોશીએ જે સર્વગ્રાહી દૃષ્ટિવાળું કામ કર્યું છે, તેનું મૂલ્યાંકન કરવાનું આ સ્થળ નથી. તેઓ જાણાવે છે કે ઉમાશંકર જોશી વિષે પ્રો. ચન્દ્રકાન્ત શેઠ અને નર્મદ અંગે પ્રો. રમણલાલ જોશીએ જે સર્વગ્રાહી દૃષ્ટિવાળું કામ કર્યું છે, તે સહર્ષ સ્મરણમાં આવે એટલું જ નોંધવાનું અહીં બને. તેઓના મતાનુસાર ગુજરાતમાં આવી મર્મજ્ઞ સર્વગ્રાહિનાની એક વિદ્વદ પરંપરા છે. પ્રો. રમણલાલ જોશી એમાંના એક હતા એવું જાણાવીને તેઓએ સંશોધક રમણલાલ જોશીની સરાહના કરી છે. સંશોધનના આ વિષય પાછળનો તેમનો હેતુ નવલકથામાંથી શાસ્ત્રીય દેશોદ્ધારકોને કાંઈ સૂચના મળશે એવો હતો કેમકે તેઓના મતે આપણો પ્રાચીન સાંસ્કૃતિક વારસો, વર્તમાન પરિસ્થિતિ અને પશ્ચિમ એ ત્રિવેણી સંગમના સમયમાં ભારતીયતાની ખોજ એ ગોવર્ધનરામનો મુખ્ય પ્રશ્ન હતો, તેઓએ ગોવર્ધનરામની પશ્ચિમની બુદ્ધિપૂત વિજ્ઞાનદૃષ્ટિ અને સબળ કર્મયોગની સાથે આપણી અધ્યાત્મ-પરંપરાનો જે સમન્વય થતો ચિતર્યો છે. તે હૃદયંગમ છે. રમણલાલ જોશીએ ગોવર્ધનરામને 'જીવનદ્રષ્ટા' અને 'જીવનસ્રષ્ટા' કહ્યા છે. ગોવર્ધનરામ કલાતત્વની ઊંડી સૂઝ તેના સર્જનકાર્યને બિરદાવનારી નીવડી છે, એ વાતમાં બિલકુલ શંકાને સ્થાન નથી. પશ્ચિમી અને પૂર્વની પરંપરાને સમન્વય સ્થાપીને સર્જકોની દૃષ્ટિ પણ એ તરફ જાય અને ભારતની સાચી આત્મસ્થાપના પણ આ માર્ગે થાય એવો વિશાળ ઉદ્દેશ એમની પાછળ રહેતો હતો. રમણલાલ જોશીએ ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા ઊંડી સૂઝ ધરાવનાર, બહુવિધ જ્ઞાન ધરાવનાર અને સર્જન કલાના ઉત્તમ સંન્યાસી તરીકે લેખીને ભારતના અન્ય સર્જકો સાથે તેની સરખામણી પણ કરી છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' અને રવીન્દ્રનાથ ટાગોરની સરખામણી

કરતાં તેઓ જણાવે છે.

'ગુજરાતીમાં જે કાર્ય ગોવર્ધનરામ જેવા મનીષીને હાથે થાય છે તે કાર્ય બંગાળીમાં રવીન્દ્રનાથ જરા જુદી રીતે કરે છે. રવીન્દ્રનાથે પશ્ચિમી માનવતાવાદનો પ્રભાવ ઝીલ્યો છતાં યુરોપના રેનેસાં પછી જે માનવતાવાદ આવ્યો તેનું સીધું પ્રવર્તન તેમનામાં નથી. રવીન્દ્રનાથનો માનવતાવાદ એ આપણી સમગ્ર સાંસ્કૃતિક સમૃદ્ધિને આત્મસાત કર્યા પછી કવિચેતનામાંથી સ્ફૂરી રહેતો આધ્યાત્મિક માનવતાવાદ છે, એમાં ઉપનિષદોનું ધર્મદર્શન, સંસ્કૃત પ્રશિષ્ટ કવિઓનું જીવનદર્શન, વૈષ્ણવી મધુરાભક્તિમાં પ્રગટ થતી માનવહૃદયની આરત- બધું સમરસ થઈ જાય છે. 'ગોરા' અને 'સરસ્વતીચંદ્ર' બન્નેમાં ભારતના આત્માની ખોજ દેખાય છે.'[૧૨]

આકારની દષ્ટિએ 'સરસ્વતીચંદ્ર' નો આકાર આધુનિક સાહિત્યરુચિને અકળાવનારો બતાવ્યો છે. 'પંડિતયુગ' અને 'ગાંધીયુગ'ના વિવેચકોએ એની ચર્ચા કરી છે. આનંદશંકર ધ્રુવ સરસ્વતીચંદ્રને 'પુરાણ' કહે છે. (વિ.મ.ભટ્ટ 'નિકષરેખા' પૃ.૮૧) અને સંસ્કૃત સાહિત્ય મીમાંસકોને અનુસરી ડોલરરાય માંકડ એને 'સકલકથા' કહે છે. (ડોલરરાય માંકડ, 'સંસ્કૃતિ' વર્ષ ૧૦ અંક-૧, પૃ.૨૩) આ મહાનવલના આકારના પ્રશ્નને રામનારાયણ પાઠકે વિગતે ચર્ચ્યો છે. સરસ્વતીચંદ્રને આકાર ન હોય તો એ કૃતિને દૂષણ લાગી જતું નથી તેમ એના સૌંદર્યને કોઈ ખોટ લાગતી નથી. એમ કહી તેઓ વધુમાં જણાવે છે કે સરસ્વતીચંદ્રને એનો આકાર છે. એ આકારને 'મહાનદ'નો આકાર છે. (રા.વિ.પાઠક, 'સાહિત્યલોક', પૃ.૧૩૩-૧૩૪) મહાનદ તે સરસ્વતીચંદ્રને મુખ્ય વાર્તા અને તેમાં મળતી મુખ્ય નદીઓ તે બુદ્ધિધન, ગુણસુંદરી, રત્નનગરી, બહારવટિયા તે મોટીનાની વાર્તા કે પ્રહરીઓ, બળવંતરાય ઠાકોર સરસ્વતીચંદ્રના કથાવસ્તુની ગૂંથણીનો પ્રશ્ન ચર્ચતો અને 'પંચજૂટ જટાકલાવ' રૂપ જુએ છે. (બ.ક.ઠાકોર 'વિવિધ વ્યાખ્યાનો' ગુ.૧., પૃ.૭૬-૭૭) વિજયરાય વૈદ્ય અને 'પ્રેમકથા

નિમિત્તે સંસ્કૃતિકથા' તરીકે વર્ણવે છે તો ઉમાશંકર 'આ સો વરસનું યુગકાવ્ય ગદ્યદેહ સરસ્વતીચંદ્ર રૂપે પ્રગટ્યું. (ઉમાશંકર જોશી 'નિરીક્ષા' પૃ.૨૫૩) એમ કહે છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી આ કથામાં 'બોરોબુદુર'નો આકાર જુએ છે. (વિ.ર.ત્રિવેદી ચુનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિક: એક ૪, પૃ.૧૦૪)

રમણલાલ જોશીએ ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત 'સરસ્વતીચંદ્ર' નું અવલોકન કરતાં ચચયિલા ગૃહસંસારના પ્રશ્નોનું સામર્થ્યપૂર્વક કરેલી ચર્ચાની વિશેષ નોંધ લીધી છે. 'તત્કાલીન સમાજસ્થિતિનું તે વાસ્તવરંગી ચિત્રણ' ખરેખર દયાનાર્દ છે. આ નવલકથામાં ચચયિલા ગૃહ, કુટુંબ અને રાજ્ય તેમજ ધર્મના અધમ અને સમુત્કાન્ત સ્વરૂપો વિશે રમણલાલ જોશીએ વિશેષ ચર્ચા કરી છે. સામાજિક સમ-સંવેદના, રાજકીય ખટપટો, ધર્મના સ્વરૂપ છે. વિષયક વગેરે બાબતો અહીં વિશેષપણે ચર્ચી છે તેમજ તેમણે કરેલા જ્ઞાન-ભક્તિ અને કર્મના ત્રિમાર્ગનો સુંદર સમન્વય કર્યો છે. નવલકથામાં વહેતો જીવંત રસ હરકોઈને સ્પર્શી જાય તેવો છે. રમણલાલ જોશીએ જ્યારે આ કૃતિનું વિવેચન કર્યું છે ત્યારે વિવેચકનો ધર્મ તો તેઓએ ખૂબ વિદ્વતાપૂર્ણ ચૂકવ્યો છે. પરંતુ તેમાં રહેલું સર્જકનો ધળકતો પ્રાણ તેઓને સ્પર્શી ગયો છે. રમણલાલ જોશી વિવેચકની સાથે સર્જક બની જતા હોય, તેવી દ્વિ દષ્ટિથી તેણે પોતાનું કાર્ય કર્યું છે. 'સૌંદર્યદર્શિતા' ના ભોગે તેમણે વિવેચન લેખો આપ્યા હોય એવું કયાંય દેખાતું નથી. તેમના વિવેચનો આસ્વાદમૂલક અવબોધકથાઓ તરીકે જોવાય તે એમને ઈષ્ટ છે. રમણલાલ જોશીના વિવેચનની વિશેષતાઓ મબલખ છે. જ્યારે તેની મર્યાદાઓ મર્યાદિત છે. તેનું કારણ એક અભ્યાસનો વિષય છે. કેમકે અત્યારે ગુજરાતી સાહિત્યમાં વરસ-દહાડે વિવેચનના પુષ્કળ પુસ્તકો પ્રગટ થાય છે જેમાં રમણલાલ જોશીની કૃતિઓ વિશે ય પુસ્તકો પ્રગટ થાય છે તો એમના વિવેચન વિશે પણ કામ થતું જોવા મળે છે. ત્યારે એનો અભ્યાસ રસપ્રદ થઈ પડશે, કિંતુ એક હકીકત દીવા જેવી સ્પષ્ટ છે કે રમણલાલ જોશીનાં વિવેચન પર

થયેલા વિવેચનની કે કૃતિનિષ્ઠ વિવેચનની સ્તુતિ થઈ છે એટલી ટીકા નથી થઈ તે મોટી વાત છે. 'આનંદની ઉજાણી' જેવો શબ્દપ્રયોગ વિવેચનકાર્ય માટે કરતાં ગોવર્ધનરામની ઊંડી વિવેચનસૂઝ અને સાહિત્યરસિકતાની રમણલાલ જોશીએ જે વાત કરી છે, ગોવર્ધન રામ ત્રિપાઠીના વિવેચન વિચારોને જે રીતે વ્યક્ત કર્યાં છે, તે તમામ વિવેચકની વિશિષ્ટતાઓ રમણલાલ જોશીના વિવેચનકાર્યમાં દષ્ટિગોચર થાય છે. તેઓના મતાનુસાર 'જે આનંદ પામવા 'સમર્થ' બને એમ જે કરે છે તે વિવેચક છે' તેમજ વિવેચનમાં 'ગુણદર્શન' ને પ્રધાનતા આપી દોષદર્શન પણ વાચકોની ગુણ વિશેની સમજણ પાકી કરે અને એ દષ્ટિએ ઉપકારક થઈ રહે માટે થતુ હોય છે. એવું જણાવતા રમણલાલ જોશીનો વિવેચન પાછળનો ઉદેશ સ્પષ્ટ થાય છે, તેમના શબ્દોમાં જોઈએ તો જે પુસ્તકોમાં કેવળ લોહ છે તેની પરીક્ષાનો આદર કરવો જ અયોગ્ય છે. જેમાં સુવર્ણ હોય તેનું સુવર્ણ શોધી સુવર્ણલોહાદિનો ભેદ પાડી દેવો એ પરીક્ષકનું કામ છે.'[૧૩] રમણલાલ જોશીના મતાનુસાર વિવેચકનો આદર્શ આચરી બતાવવો એ ઘણું કપરું કામ છે અને આ કપરા કાર્યમાં સાંગોપાંગ પાર ઉતરવાનો રમણલાલ જોશીએ કરેલો પ્રયાસ સામર્થ્યયુક્ત છે. વિવેચક પાસેની ગોવર્ધનરામની અપેક્ષાને પોતાના શબ્દોમાં ચરિતાર્થ કરતા રમણલાલ જોશીના શબ્દો: વિવેચક પાસે 'સૂક્ષ્મદષ્ટિ', 'ગ્રંથકાર ઉપર નહિ' પણ વિવેચ્ય વસ્તુ ઉપર 'અનુકંપા' ન હોય ત્યાં સુધી 'ગુણ જોવાની દષ્ટિ ઉઘડતી જ નથી.' એ સાર્થકતા જણાય છે. આ સંદર્ભે ગોવર્ધન રામના શબ્દો ટાંકવા જેવા છે.: '...સર્વ જાતના ગ્રંથોના પરીક્ષકની બુદ્ધિમાં સર્વ અનુભવનું ગ્રાહકત્વ હોવું જોઈએ અને એ સર્વ દશાના રસની રસિકતા અથવા રસિકતા નહી તો રસજ્ઞતા તો હોવી જ જોઈએ... ...આ સર્વગ્રાહિત્વ અને સર્વરસિકત્વ અથવા સર્વરસજ્ઞત્વ વિના પરીક્ષકની દષ્ટિમાં સૂક્ષ્મતા, શુદ્ધતા અને શક્તિ આવતાં જ નથી, એ પરીક્ષકની પરીક્ષક દષ્ટિ ઉઘડતી નથી.'[૧૪]

આમ વિવેચકની દષ્ટિ વિષયક સર્વગુણસંપન્નતા વિષયક અપેક્ષા સેવનાર ગોવર્ધનરામ

ત્રિપાઠીના શબ્દોને રમણલાલ જોશીએ તેના વિવેચન સાહિત્યમાં સાર્થક કરી બતાવ્યા છે. 'ગોવર્ધનરામનો અભ્યાસ- સંશોધન અર્થે કાર્ય કરનાર રમણલાલ જોશીમાં ગોવર્ધનરામના વ્યક્તિત્વના ઘણાં ગુણોના દર્શન થાય છે. તેમજ વિવેચક માટેનો ગોવર્ધનરામ ત્રિપાઠીનો આદર્શ રમણલાલ જોશીમાં દષ્ટિગોચર  થાય છે. રમણલાલ જોશીએ વિવેચન સાહિત્યના માતબર વિવેચન કર્યું છે. પરંતુ તેઓએ જ કંઈ વિવેચન ક્ષેત્રે ખેડાણ કર્યું છે. તેમાં વિવેચક ધર્મ હંમેશા જળવાયો છે. 'સર્જન ક્ષેત્રે' તેઓએ વિશેષ કાર્ય ન કર્યું હોવા છતાં તેમના વિવેચનમાં કયાંય સર્જકની અવગણના થતી જોવા મળતી નથી. સર્જકને પ્રેરણા અને પ્રોત્સાહન મળે, સર્જક વિવેચકના ડર વગર ઉત્કૃષ્ટ અને સહજ કાર્ય કરી શકે તેની તેઓએ હંમેશા ખેવના કરી છે.

વિદ્યાર્થી અવસ્થાથી જ રમણલાલ જોશીમાં સંપાદનની વૃત્તિ અને શક્તિનું સામર્થ્ય દેખાઈ આવતું હતું. અભ્યાસકાળથી જ તેઓ કૉલેજ મેગેઝિનનું સંપાદન કરતા. તેથી નાનપણથી જ સંપાદન ક્ષેત્રની આ સાહિત્ય સૂઝ રમણલાલ જોશીમાં કેળવાઈ હતી અને ખાસ તો ઉમાશંકર જોશીનાં 'સંસ્કૃતિ' સામયિકનું સંપાદન કરવામાં મદદગાર કરતા 'ઉદ્દેશ'ના સંપાદનમાં સફળ કાર્યકર તરીકે સામયિક જગતના સાહિત્યમાં ગૌરવંતુ કાર્ય કરી શકયા રમણલાલ જોશીનું રામપ્રસાદ બક્ષી સાથે કરેલું સંપાદન 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' (૧૯૭૧) એ મહત્ત્વનું સંપાદન છે. પંડિતયુગના એક સંનિષ્ઠ અભ્યાસી અને વિચારક ઉત્તમલાલ ત્રિવેદીનું વિવેચનકાર્ય સાહિત્યક્ષેત્રની સીમા પૂરતું સિમિત ન રહેતા રાજકારણ અને સાંસ્કૃતિક પ્રવાહો અને અર્થકારણ-સમાજકારણ સુધી વિસ્તર્યું છે તેની રમણલાલ જોશીએ ખાસ નોંધ લીધી છે. ઉત્તમલાલના સાહિત્યવિવેચન વિષયક નિબંધોમાં ખાસ ધ્યાનાકર્ષક 'ગોવર્ધનરામ અને એમની કૃતિઓ વિશેના નિબંધો' છે. જે ગોવર્ધનરામના આજ સુધીના વિવેચકોમાં ઉત્તમલાલનું સ્થાન અનન્ય છે. રમણલાલ જોશીના મતાનુસાર ગોવર્ધનરામ

અને ‘સરસ્વતીચંદ્ર’ વિષેનાં વિવેચનાત્મક લખાણોમાં ઉત્તમલાલનાં લખાણો કર્તાના આશયને સમસંવેદનાપૂર્ણ સમજવા-સમજાવવા સન્નિષ્ઠ પ્રયાસરૂપ છે. તેઓને આકર્ષનારી બાબતો છે, ‘ચિંતનની પ્રૌઢી વિચારીની સ્પષ્ટતા, વ્યાપક સંદર્ભયોજના, સ્વકીય દૃષ્ટિબિંદુ, ઝીણી માર્મિક વિશ્લેષણશક્તિ અને કૃતિના હાર્દમાં પ્રવેશવાની સહજ કુશળતા’ વગેરે બાબતો તેઓને વિશિષ્ટતા અર્પનારા છે. રમણલાલ જોશીની વિશિષ્ટતા એ છે કે તેઓ જ્યારે પણ કોઈ કૃતિ વિશે વિવેચન કર્યું છે ત્યારે તે કૃતિ કે કર્તા વિશેના અન્ય સર્જકો- ભાવકોના અભિપ્રાયો પણ અવશ્ય ટાંકયા છે. સંદર્ભગ્રંથ સાથેના એમના વિવેચનોનો વ્યાપ વિશિષ્ટ અને વિશાળ છે. જે દર્શાવિ છે કે રમણલાલ જોશીએ પુસ્તકોનું અવલોકન કરવાની વિશાળદૃષ્ટિ આત્મસાત કરી છે. ‘પુસ્તકપ્રેમી’ રમણલાલ જોશીએ પુસ્તકોને પોતાની દુનિયા બતાવી છે. કોઈ એક જ વિષય પ્રવાહ અમુક જ સર્જકો કે નિશ્ચિત સાહિત્ય સ્વરૂપ પર કામ કરવાને બદલે ખૂબ વિશાળતાપૂર્વક કાર્ય કર્યું છે. કવિતા, લેખો, નાટકો, વાર્તા, નવલિકા, નવલકથા, વિવેચનો વગેરે વિષય સ્વરૂપો પર તેમણે કાર્ય કર્યું છે તો પ્રસિદ્ધ સર્જકોથી માંડીને સર્જનક્ષેત્રમાં નૂતન પગરવ કરી રહેલા કેટલાય સર્જકોને આંગળી પકડીને સાહિત્યમાં ખેડાણ કરવા પ્રેરિત કર્યાં છે. સર્જકોની સર્જનકૃતિનું વિવેચન કરતી વખતે સર્જકનું હૃદય જાણે એક હાથમાં અને બીજા હાથમાં હૃદય અને સાહિત્યની સંભાળ લેનાર રમણલાલ જોશીએ જ્યારે પણ કશુંક અજુકતુ જણાયું તો ખૂબ સાવચેતીપૂર્વક સર્જકને સ્પષ્ટ રીતે જણાવ્યું છે જેમાં તેની ભાષાની હંમેશા માવજત થયેલી જણાય છે. ક્યાંય અણછાજતા ભાષા પ્રયોગો થયા નથી અને છતાં એમણે કોઈના ખોટા વખાણ પણ કર્યાં નથી. એક વિવેચક માટે સાહિત્યની સાચી અને ઉત્તમ સાહિત્ય સેવા તો એ જ છે કે વિવેચક સર્જકને ધ્યાનમાં રાખીને તેના ગુણ અને દોષ બતાવે તેમજ દોષયુક્ત સાહિત્યને કોઈપણ પ્રકારનો પ્રજાપાત રાખ્યા વગર ખૂબ પારદર્શિતા જળવાવી જોઈએ. જે તેઓએ પોતાના વિવેચનમાં હંમેશા જાળવી છે. ‘ઉદ્દેશ’ના તંત્રી તરીકે તેમણે

કરેલી સાહિત્યની સેવા અનન્ય છે. 'ઉદ્દેશ'ના માધ્યમ દ્વારા તેઓએ ભાવકો અને સર્જકોને જીવનવિચારનું ચિંતન મેળવ્યું છે, તેમજ અર્પ્યુ છે. ભપકાભેર શરું થનારા સાહિત્યિક મેગેઝિનો સમયાંતરે બંધ થઈ જતા ઉમાશંકર જોશી જેવા વિદ્વાન સાહિત્યકારનું 'સંસ્કૃતિ' જેવું મેગેઝિન પણ સાહિત્ય જગતમાં તેની સેવા અર્પી ન શકયુ ત્યારે રમણલાલ જોશીનું 'ઉદ્દેશ' સ્પર્ધાત્મક જગતમાં આજેય અડીખમ ઊભું છે એ કોઈ નાનીસુની સિદ્ધિ છે શું ? એકલે હાથે 'ઉદ્દેશ' શરું કરવું જીવની જેમ તેનું જતન કરવું, આર્થિક ખર્ચને પહોંચી વળવું તેમજ પ્રૂફ જોવાથી માંડીને તંત્રીલેખ સુધીની જબરી જવાબદારી વચ્ચે પણ 'ઉદ્દેશ'નું સાતત્ય જાળવી રાખવું એ ઘણી જ મહત્ત્વની જવાબદારી રમણલાલ જોશીએ એકલે હાથે અદા કરી છે. 'ઉદ્દેશ' માટે રમણલાલ જોશીએ લેખકો પાસે ફોન દ્વારા કે પત્ર દ્વારા નિમંત્રણ પાઠવી ને લખાવ્યું છે. સાહિત્યની અસ્મિતાને જાળવવા અને જાળવી રખાવવા તેમણે ઘણાં લેખકોના લેખો તેના આગ્રહની પરવા કર્યા વિના ભૂલો પ્રત્યે સજાગ કરીને નથી પણ છાપ્યા, એ રમણલાલ જોશીની સાહિત્ય પ્રત્યેની મમતા અને સંનિષ્ઠ ભાવનાના દર્શન કરાવે છે. દોઢ દાયકા સુધી અવિરત ગતિએ, સૈદ્ધાંતિક રીતે અને સાહિત્યની સાત્વિકતા જાળવીને તેઓએ 'ઉદ્દેશ' પ્રગટ કર્યું. મૃત્યુ પર્યંત તેઓ એની સાથે જોડાયેલા રહ્યા. ૧૦મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું અને ૧૫મી સપ્ટેમ્બરે એમની તંત્રીનોંધ સાથે, એમના દ્વારા જ તૈયાર થયેલો 'ઉદ્દેશ'નો અંક પ્રગટ થયો હતો, એ દ્વારા આ બાબત સ્પષ્ટ થાય છે કે તેઓ અંતિમ શ્વાસ સુધી 'ઉદ્દેશ' સાથેનો એમનો અનુબંધ અકબંધ રાખી શકયા હતા. વળી તેમની ઈચ્છા ('ઉદ્દેશ' તેમના મૃત્યુબાદ પણ ચાલે) ને તર્પણ આપતા પ્રબોધ ર. જોશીએ 'ઉદ્દેશ'ને જીવંત રાખ્યું એ સાહિત્યિ જગતમાં સામાયિક ક્ષેત્રે નોંધવા જેવી ઐતિહાસિક ઘટના છે, એટલું જ નહિ 'ઉદ્દેશ' નું જીવનવિચારનું ચિંતન સાતત્યપૂર્ણ રીતે જળવાઈ રહ્યું તેમના લેખોની માવજત-કાળજી આજે પણ ખૂબ સારી રીતે થઈ રહી છે. તેમજ સર્જકો તરફથી આજે પણ વિપુલ માત્રામાં લેખો

સમયાનુસાર ઉપલબ્ધ થાય છે તે કોઈ નાનીસુની વાત નથી. આલ્બેર કામુનું વિધાન છે: 'શબ્દની તાકાત સાહિત્યસર્જન વડે નિખાર પામે છે. પણ કૃતિનો આંતરબાદ ઉભય રસ કૃતિજ્ઞાતા જ પમાડી શકે.' સરજાતા સાહિત્યની નિસબત સમાજના બહોળા સમુહ સાથે પ્રત્યાયનની પણ છે. સર્જકની મદદે આવીને આ કાર્ય વિવેચક ઉપાડી લે છષ ત્યારે સર્જકનો શબ્દ વધુ વ્યાપક બને છે. ગુજરાતી સાહિત્યિ પત્રકારત્વમાં 'અક્ષરની આબોહવા' રેલાવનાર સાક્ષરવર્ય રમણલાલ જોશીએ પત્રકારત્વ ક્ષેત્રે ઘણું મોટું યોગદાન આપ્યું છે. સાહિત્યના શબ્દને- સરજાતા ગુજરાતી તેમજ સમકાલીન સાહિત્યને વિવેચનાત્મક પરિચાયક- આસ્વાદ્ય તરાહમાં પત્રકારત્વના કટારલેખનના માધ્યમ વડે બળવતર બનાવીને ગુજરાતી સાહિત્યિ પત્રકારત્વને રમણલાલ જોશીએ નવી દિશા આપી. તેઓએ 'શબ્દ-પ્રતિશબ્દ' શીર્ષક હેઠળ ૧૯૭૫ થી ૧૯૮૫ ના સમયગાળા દરમ્યાન કરેલું કટાર લેખન ભારે લોકપ્રિય રહ્યું તેમજ ૧૯૮૩ના ચાર વર્ષ દરમિયાન 'ફૂલછાબ'માં દર રવિવારે પ્રગટ થયેલી કટાર 'શબ્દલોકના યાત્રીઓ' એ એમને ખૂબ પ્રસિદ્ધિ અપાવી.

આમ વિવેચન, સંપાદન, સંશોધન અને પત્રકારત્વ એમ વિવિધ ક્ષેત્રોમાં ઉમળકાભેર કામ કરનાર રમણલાલ જોશીનું વ્યક્તિત્વ પણ એવું જ આનંદમયી હતું. આધ્યાત્મિક તત્ત્વચિંતનને અનુસરનાર રમણલાલ જોશી 'કૃષ્ણ'ને પોતાના જીવનનું સર્વસ્વ માનનારા હતા. 'ઉદ્દેશ' ના કાર્યાલયમાં રહેલી શ્રી કૃષ્ણની મૂર્તિમંત છબી જાણે રમણલાલના રોમેરોમમાં ઉતરી ગઈ હતી. તેમને પોતાના જીવનમાં બે વાર કૃષ્ણનો સાક્ષાત્કાર થયેલો તેવું પણ તેમણે જણાવેલ છે. જીવનને જાણકારા અને જીવનને માણનારા રમણલાલ જોશીનું જીવન અત્યંત નિરાળું અને અનોખું હતું. સુન્દરમ સાથેના અંગત સંબંધોએ તેની આધ્યાત્મિક ભાવનાને વધુ તીવ્ર બનાવેલી શ્રી માતાજી અને શ્રી અરવિંદ આશ્રમમાં પોંડીચેરીમાં પોતાનું જીવન વ્યતીત કરનાર સુન્દરમના રંગે રંગાયેલા રમણલાલ જોશી એ આધ્યાત્મિક- સત્યના માર્ગને હંમેશા

સેવ્યો છે. તેમના જીવનની પારદર્શિતા હરકોઈને સ્પર્શી જનારી છે. જીવનનો મર્મ જેણે 'ઉદ્દેશ'ના માધ્યમથી વાચકો-ભાવકો સુધી પહોંચાડવાનો સફળ પ્રયાસ કર્યો છે, એવા રમણલાલ જોશીને માત્ર સાહિત્યિક સમાજ નહિ પરંતુ સૌ કોઈ યાદ કરે તેવા હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેન્ટ ઝેવિયર્સ લોયેલા હાઈસ્કૂલથી અચલાયતન સોસાયટી, વીરાંજલી વન (ગાંધીગ્રામ વોર્ડ) લાયન શણદ મહેતા પાર્ટી પ્લોટ વાળો માર્ગ જે આગળ જતાં વિજય ચાર રસ્તા પછી આવેલ ચાર રસ્તાને મળે છે તેને 'સાહિત્યકાર ડૉ. રમણલાલ જોશી માર્ગ' નામ આપવામાં આવ્યું. આ પ્રસંગે રમણલાલ જોશીની પરિચય પુસ્તિકા (નીતિન વડગામા) નું પણ વિમોચન થયેલું તેમજ સુરેશ દલાલે પ્રસંગને અનુરૂપ રમણલાલ જોશીની સાહિત્યિક સેવા માટે વિશેષ વકતવ્ય આપેલું. આમ ૧૮ મે ૨૦૦૯ને સોમવારે સવારે ૧૧ કલાકે 'સાહિત્યકાર ડૉ. રમણલાલ જેઠાલાલ જોશી' માર્ગનું નામ-સંસ્કરણ અને શ્રી રમણલાલ જોશી સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન થયેલું. સમગ્ર સમાજ યાદ રાખે, હરકોઈ માટે સ્મૃતિચિહ્ન બની ચૂકેલા ડૉ. રમણલાલ જોશી ક્ષરદેહે ભલે ન હોય પણ અક્ષર દેહે હંમેશા જીવિત રહેશે. 'જીવ્યો હું' રમણલાલ જોશીની કાવ્યપંક્તિઓ તેના જીવનનું સાર્થકય દર્શાવે છે.

'ભલે શક્તિ સ્વલ્પ કિરણ કિરણે તેજ જલતી,
ધરું તારે પાયે, મુજ જીવનસાર્થકય ગણતો;
પછી પાછી દેતો, મુજ જીવન એકેક કરણે,
ઝગી રે'તી દેવી, અરયું જનતાના ચરણમાં'[૧૫]

# પાદટીપ

૧. મનુ રાવળ, ઉદ્દેશ : જાન્યુઆરી, ૨૦૦૭, પૃ. ૨૪૪

૨. રમણલાલ જોશી, 'આદિવચન', પૃ. ૪

૩. એજન, પૃ. ૧૦

૪. એજન, પૃ. ૩૯

૫. એજન, પૃ. ૬૧

૬. એજન, પૃ. ૬૩

૭. એજન, પૃ. ૮૬

૮. એજન, પૃ. ૧૩૧

૯. એજન, પૃ. ૧૪૪, ૧૪૫

૧૦. મહેશ દવે, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૨૪૭

૧૧. સુમન શાહ, પરબ : ૧૯૮૧ : ૧૨, પૃ. ૬૮૧

૧૨. ગુજરતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ-૩, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ. ૨૪૦, ૨૪૧

૧૩. એજન, પૃ. ૨૬૩

૧૫. એજન, પૃ. ૨૬૩

૧૬. રમણલાલ જોશી, ઉદ્દેશ : જાન્યુઆરી-૨૦૦૭, પૃ. ૧૩૩

# સંદર્ભસાહિત્ય સૂચિ


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક | વર્ષ |
|---|---|---|---|
| ૧. | અખાનાં કાવ્યો | રમણલાલ જોશી | ૧૯૯૩ |
| ૨. | અખેગીતા | રમણલાલ જોશી | |
| | | ઉમાશંકર જોશી સાથે | ૧૯૬૭ |
| ૩. | અખો | લે. ભુપેન્દ્ર બા. ત્રિવેદી | ૧૯૮૨ |
| | | સં. રમણલાલ જોશી | |
| ૪. | અભીપ્સા | રમણલાલ જોશી | ૧૯૬૮ |
| ૫. | અક્ષરના આરાધકો, ભાગ-૧ | રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૬. | અક્ષરના આરાધકો, ભાગ-૨ | રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૭. | આદિવચન | રમણલાલ જોશી | ૧૯૯૫ |
| ૮. | ઈશ | લે. સુન્દરમ્ | ૧૯૯૫ |
| | | સં. રમણલાલ જોશી | |
| | | (ભોળાભાઈ પટેલ સાથે) | |
| ૯. | ઈશ્વર પેટલીકર | લે. મણિલાલ હ. પટેલ | ૨૦૦૦ |
| | | સં. રમણલાલ જોશી | |
| ૧૦. | ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ | સં. રમણલાલ જોશી | ૧૯૭૧ |
| | | (રામપ્રસાદ બક્ષી સાથે) | |
| ૧૧. | ઉમાશંકર જોશી | લે. હરીન્દ્ર દવે | ૧૯૬૮ |
| | | સં. રમણલાલ જોશી | |

| | | |
|---|---|---|
| ૧૨. ઉશનસ્ | લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૦૦૨ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૩. ઉદ્દેશ (સામયિક) | તંત્રી રમણલાલ જોશી | |
| | આદ્યતંત્રી : પ્રબોધ ર. જોશી | |
| ૧૪. કનૈયાલાલ મુનશી | લે. મનસુખલાલ ઝવેરી | ૧૯૯૮ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૫. કલાપી | લે. હેમંત દેસાઈ | ૧૯૮૬ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૬. કવિ જીવન | લે. નવલરામ લે. પંડ્યા | ૧૯૬૬ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૭. કવિ દયારામનો અક્ષરદેહ | લે. ગોવર્ધનરામ ત્રિપાઠી | ૨૦૦૪ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૮. કાકા કાલેલકર | લે. ચંદ્રકાન્ત મહેતા | ૧૯૯૮ |
| | સં. રમણલાલ જોશી | |
| ૧૯. કાન્ત | લે. દર્શના ધોળકિયા | ૧૯૯૯ |
| | સં. રમણલાલ જોશી | |
| ૨૦. કાવ્ય સંચય-૩ | સં. રમણલાલ જોશી | ૧૯૮૧ |
| | (જયન્ત પાઠક સાથે) | |
| ૨૧. કિશોરલાલ મશરૂવાલા | લે. અમૃતલાલ યાજ્ઞિક | ૧૯૮૦ |
| | સં. રમણલાલ જોશી | |
| ૨૨. કૃષ્ણલાલ શ્રીધરાણી | લે. ચિનુ મોદી | ૧૯૭૯ |
| | સં. રમણલાલ જોશી | |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | ખબરદાર | લે. રમણ સોની<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૨ |
| ૨૪. | ગ્રંથની કેડીએ | વિ. રમણલાલ જોશી | ૨૦૦૩ |
| ૨૫. | ગ્રંથનો પંથ | વિ. રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૨૬. | ગાંધીજી | લે. ચી.ના. પટેલ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૩ |
| ૨૭. | ગુજરાત સાહિત્ય સભા<br>કાર્યવાહી : ૧૯૬૨ | વિ. રમણલાલ જોશી | ૧૯૭૪ |
| ૨૮. | ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ | (ગુજરાતી સાહિત્ય પરિષદ) | ૨૦૦૭ |
| ૨૯. | ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા | ધીરુભાઈ ઠાકર | ૧૯૯૩-૯૪ |
| ૩૦. | ગુલાબદાસ બ્રોકર | લે. અમૃતલાલ યાજ્ઞિક<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૩ |
| ૩૧. | Govardhanram | વિ. રમણલાલ જોશી | ૧૯૭૯ |
| ૩૨. | ગોવર્ધનરામ | વિ. રમણલાલ જોશી | ૧૯૮૦ |
| ૩૩. | ગોવર્ધનરામ એક અધ્યયન | રમણલાલ જોશી | ૧૯૬૩ |
| ૩૪. | ગોવર્ધન પ્રતિભા | સં. રમણલાલ જોશી | ૧૯૮૩ |
| ૩૫. | ચુનીલાલ મડિયા | લે. બળવંત જાની<br>સં. રમણલાલ જોશી | ૨૦૦૦ |
| ૩૬. | ચંદ્રવદન ચી. મહેતા | લે. મોહનભાઈ રા. પટેલ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૧ |

| | | |
|---|---|---|
| ૩૭. જયન્તિ દલાલ | લે. રઘુવીર ચૌધરી<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૧ |
| ૩૮. જયંત ખત્રી | લે. ધીરેન્દ્ર મહેતા<br>સં. રમણલાલ જોશી | ૨૦૦૦ |
| ૩૯. ઝવેરચંદ મેઘાણી | લે. કનુભાઈ જાની<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૩ |
| ૪૦. ડૉ. પ્રબોધ પંડિત | લે. શાન્તિભાઈ આચાર્ય<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૨ |
| ૪૧. દલપતરામ | લે. ડૉ. મધુસુદન પારેખ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૦ |
| ૪૨. દયારામ | લે. ડૉ. પ્રવીણ દરજી<br>સં. રમણલાલ જોશી | ૧૯૭૮ |
| ૪૩. ધૂમકેતુ | લે. નીતિન વડગામા<br>સં. રમણલાલ જોશી | ૨૦૦૫ |
| ૪૪. નર્મદ | લે. ગુલાબદાસ બ્રોકર<br>સં. રમણલાલ જોશી | ૧૯૭૯ |
| ૪૫. ન્હાનાલાલ | લે. જયંત ગાડીત<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૮ |
| ૪૬. નરસિંહરાવ | લે. વ્રજલાલ દવે<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૦ |
| ૪૭. નવલરામ | લે. રમેશ મ. શુકલ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૩ |

| | | |
|---|---|---|
| ૪૮. નંદશંકર | લે. પિનાકીન દવે | ૧૯૭૯ |
| | સં. રમણલાલ જોશી | |
| ૪૯. નાકર | લે. ચિમનલાલ ત્રિવેદી | ૧૯૭૯ |
| | સં. રમણલાલ જોશી | |
| ૫૦. નિરંજન ભગત | લે. સુમન શાહ | ૧૯૮૧ |
| | સં. રમણલાલ જોશી | |
| ૫૧. નિરૂપણ | વિ. રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૫૨. નિષ્પત્તિ | વિ. રમણલાલ જોશી | ૧૯૮૮ |
| ૫૩. પન્નાલાલ પટેલ | લે. ડૉ. પ્રમોદકુમાર પટેલ | ૧૯૯૫ |
| ૫૪. પરબ (સામયિક) | સં. રમણલાલ જોશી | |
| ૫૫. પરિમાણ | વિ. રમણલાલ જોશી | ૧૯૬૯ |
| ૫૬. પરિવેશ | વિ. રમણલાલ જોશી | ૧૯૮૮ |
| ૫૭. પદ્મનાભ | લે. ડૉ. કાન્તીલાલ બ. વ્યાસ | ૧૯૮૨ |
| | સં. રમણલાલ જોશી | |
| ૫૮. પ્રત્યય | સં. રમણલાલ જોશી | ૧૯૭૦ |
| | વિ. રમણલાલ જોશી | |
| ૫૯. પ્રહલાદ પારેખ | લે. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૧૯૯૫ |
| | વિ. રમણલાલ જોશી | |
| ૬૦. પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી | લે. દલસુખ માલવણિયા | ૧૯૭૭ |
| | સં. રમણલાલ જોશી | |
| ૬૧. પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ | વિ. રમણલાલ જોશી | ૧૯૭૭ |

| | | |
|---|---|---|
| ૬૨. પ્રિયકાન્ત મણિઆર | લે. નલિન રાવળ<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૮ |
| ૬૩. ફૂલ ઝરે ગુલમહોર | સં. રમણલાલ જોશી | ૧૯૮૨ |
| ૬૪. બાલમુકુન્દ દવે | લે. અમી રાવલ<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૬૫. ભારતીય નવલકથા : ૧ | વિ. રમણલાલ જોશી | ૧૯૭૪ |
| ૬૬. ભીમ અને કેશવદાસ કાયસ્થ | લે. કે.કા. શાસ્ત્રી<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૧ |
| ૬૭. મનસુખલાલ ઝવેરી | લે. દુષ્યંત પંડ્યા<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૭ |
| ૬૮. મણિલાલ નભુભાઈ | લે.ડૉ. ધીરૂભાઈ ઠાકર | ૧૯૮૦ |
| ૬૯. મીરાં | લે. હસિત હ. બૂચ<br>સં. રમણલાલ જોશી | ૧૯૭૯ |
| ૭૦. રમણલાલ જોશી<br>(પરિચય પુસ્તિકા-૧૦૨૫) | લે. નીતિન વડગામા | |
| ૭૧. રમણભાઈ નીલકંઠ | લે. ચંપૂ વ્યાસ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૧ |
| ૭૨. રમણલાલ વ. દેસાઈ | લે. દીપક મહેતા<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૦ |
| ૭૩. રાજેન્દ્ર શાહ | લે. ધીરુ પરીખ<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૦ |

| | | |
|---|---|---|
| ૭૪. રામનારાયણ વિ. પાઠક | લે. ચંદ્રકાન્ત શેઠ | ૧૯૯૧ |
| | સં. રમણલાલ જોશી | |
| ૭૫. લીલાવતી જીવનકલા | લે. ગોવર્ધનરામ ત્રિપાઠી | ૨૦૦૪ |
| | સં. રમણલાલ જોશી | |
| ૭૬. લોકલીલા | લે. સુન્દરમ્ | |
| | સં. રમણલાલ જોશી | ૧૯૯૫ |
| | (ભોળાભાઈ પટેલ સાથે) | |
| ૭૭. વિનિયોગ | વિ. રમણલાલ જોશી | ૧૯૭૭ |
| ૭૮. વિવેચનની આબોહવા | વિ. રમણલાલ જોશી | ૧૯૮૯ |
| ૭૯. વિવેચનની પ્રક્રિયા | વિ. રમણલાલ જોશી | ૧૯૮૧ |
| ૮૦. શબ્દલોકના યાત્રીઓ, ભાગ-૧ | રમણલાલ જોશી | ૧૯૮૩ |
| ૮૧. શબ્લોકના યાત્રીઓ, ભાગ-૨ | રમણલાલ જોશી | ૧૯૮૩ |
| ૮૨. શબ્દસેતુ | વિ. રમણલાલ જોશી | ૧૯૭૦ |
| ૮૩. શામળ | લે. ડૉ. હસુ યાજ્ઞિક | ૨૦૦૫ |
| | વિ. રમણલાલ જોશી | |
| ૮૪. સમય સુંદર | લે. ડૉ. રમણલાલ પી. શાહ | ૧૯૭૯ |
| | સં. રમણલાલ જોશી | |
| ૮૫. સમાન્તર | વિ. રમણલાલ જોશી | ૧૯૭૯ |
| ૮૬. સંગત | લે. નીતિન વડગામા | |
| ૮૭. 'સ્નેહ રશ્મિ' | વિ. રમણલાલ જોશી | ૧૯૯૦ |
| (પરિચય પુસ્તિકા-૭૬૨) | | |

| | | | |
|---|---|---|---|
| ૮૮. | સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત | લે. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૦ |
| ૮૯. | સ્વામી આનંદ | લે. કૃષ્ણવીર દીક્ષિત<br>સં. રમણલાલ જોશી | ૧૯૮૬ |
| ૯૦. | સુન્દરજી બેટાઇ | લે. દુષ્યંત પંડ્યા<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૯ |
| ૯૧. | સુન્દરમનાં કાવ્યો | સં. રમણલાલ જોશી | ૧૯૯૩ |
| ૯૨. | સુન્દરમ્ (પરિચય પુસ્તિકા-૯૦૨) | વિ. રમણલાલ જોશી | ૧૯૯૬ |
| ૯૩. | સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ | સં. રમણલાલ જોશી | ૨૦૦૩ |
| ૯૪. | સુરેશ જોષી | લે. ચંદ્રકાન્ત ટોપીવાળા<br>સં. રમણલાલ જોશી | ૧૯૯૬ |
| ૯૫. | શ્રી નારાયણ કવચ | સં. રમણલાલ જોશી | ૨૦૦૨ |